યોગદૃષ્ટિ સમુચ્ચય

વ્યાખ્યાનો

ભાગ ૨

વ્યાખ્યાતા

પ.પૂ.આ. શ્રી વિજયભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજ

શ્રી શ્રેયાંસનાથાય નમઃ

૧૪૪૪ શાસ્ત્રોના રચયિતા તર્કસમ્રાટ

પ. પૂ. આચાર્ય પુરંદર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ

યોગદૃષ્ટિ સમુચ્ચય

મહાશાસ્ત્ર પરનાં વ્યાખ્યાનો

ભાગ—૨

વાચનાદાતા

વર્ધમાન તપોનિધિ દર્શનશાસ્ત્રનિપુણમતિ

પ. પૂ. આચાર્ય શ્રી વિજય લલિતપ્રભાનુસૂરીશ્વરજી મહારાજ

પ્રકાશક

દિવ્યદર્શન ટ્રસ્ટ

C/o કુમારપાલ વિ. શાહ, ૬૮, ગુલાલવાડી, મુંબઈ, Pin-400004

અવતરણકાર	સંપાદક
મુનિશ્રી કલ્પરત્ન વિ. મ.	પૂ. મુનિરાજશ્રી પદ્મસેનવિજય મહારાજ

પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૪૨
વીર સં. ૨૫૧૨

કિંમત રૂા. ૩૯-૦૦

આર્થિક સહાયદાતા

* શ્રી હીરસૂરીશ્વર જગદ્‌ગુરૂ શ્વે. મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ જ્ઞાનખાતું. મલાડ, (પૂર્વ) મુંબઈ
* શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન શ્વે. દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ મુંબઈ. બાબુલનાથ જ્ઞાનખાતું.

પ્રાપ્તિસ્થાન—

(૧) કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી,
મુંબઈ-૪૦૦ ૦૦૪.

(૨) ભરતકુમાર ચતુરદાસ
૮૬૮, કાળુશીની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રાક્કથન

(આલેખક : પૂ. મુનિરાજ શ્રી જયસુંદરવિજયજી મ.)

તરણ-તારણ ત્રિલોકનાથ શ્રી જિનેશ્વરદેવનું શાસન અનાદિકાળથી અનંતાનંત જીવો ઉપર ઉપકાર કરતું જ આવ્યું છે. કલિકાલ સર્વજ્ઞ પૂ. આ૦ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ સ્તુતિમાં કહે છે કે "પ્રભુ! તમારું શાસન અનેક કુવાસનાઓના પાશમાંથી મુક્ત કરનારું છે, અને તમારું વાસ્તવિક સ્વરૂપ પણ તમારા શાસનની યથાર્થતાના પ્રભાવે જ અમે પિછાણી શકયા છીએ. માટે અમે એને નમસ્કાર કરીએ છીએ." ખરેખર આ અનુભવનો અમૃતોદ્ગાર છે. કારણ કે વૈષયિક રાગ-દ્વેષની કુવાસનાઓ અને એકાન્તવાદના કુવિકલ્પોવાળી વાસનાઓ, ભગવાનના શાસનની યથાર્થ પિછાણ થયા વિના ટળવી દુષ્કર છે. તાર્કિક શિરોમણિ પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પોતે પણ અનેકાન્તવાદ-ગર્ભિત શ્રી જિનશાસનને પામ્યા બાદ એકાન્તવાદની કુવાસનામાંથી મુક્તિનો અનુભવ કરતા હતા. તેઓશ્રીએ રચેલો આ યોગદૃષ્ટિ-સમુચ્ચય ગ્રન્થ પણ એકાન્તવાદની વાસનાથી મુક્ત કરીને યોગસાધનામાં અત્યન્ત ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી રહ્યો છે. અન્ય એકાન્તવાદી દર્શનોના કેટલાક પદાર્થોનું જૈન દર્શનમાં કયાં કઈ રીતે કેવું સ્થાન છે તે આ ગ્રન્થમાં દેખાડીને તેઓશ્રીએ પોતાના જ્ઞાન-ગર્ભિત વૈરાગ્યનો યથાર્થ પરિચય આપ્યો છે.

પહેલા ભાગની અંદર ઇચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગનો સુંદર વિષય આવ્યો. તદુપરાંત તાત્ત્વિક યોગદૃષ્ટિ પૂર્વેની બાહ્ય ઓઘદૃષ્ટિનું અને આઠે દૃષ્ટિમાં તૃણાગ્નિના દૃષ્ટાન્તથી બોધનું સ્વરૂપ વગેરે વિષયો આવી ગયા છે.

આ બીજા ભાગમાં મિત્રા તારા અને બલાદૃષ્ટિ ઉપરના વિવેચનનો સમાવેશ છે.

પહેલી મિત્રાદૃષ્ટિમાં દર્શન તૃણાગ્નિની પ્રભા જેવું મંદકોટિનું હોય છે. આઠ યોગાંગોમાંથી 'યમ' યોગાંગ આ દૃષ્ટિમાં ઉલ્લસિત થાય છે. 'ખેદ' નામનો દોષ ટળે છે, અને 'અદ્વેષ' ગુણનો ઉન્મેષ થાય છે. ઉપરાંત, જિનભક્તિ, સદ્ગુરુ-સેવા, ભવોદ્વેગ, દ્રવ્યાભિગ્રહપાલન, સિદ્ધાન્તલેખન વગેરે ય યોગબીજોનું આ દૃષ્ટિમાં જીવ સંચયન કરે છે. તેથી અહીં તાત્ત્વિક પ્રથમ ગુણસ્થાનનો આવિર્ભાવ થાય છે.

બીજી તારાદૃષ્ટિમાં છાણના અગ્નિની પ્રભા જેવો બોધ હોય છે. 'નિયમ' નામનું યોગાંગ સાકાર બને છે, 'ઉદ્વેગ' નામનો દોષ ટળે છે, અને 'જિજ્ઞાસા' ગુણ જાગ્રત્ થાય છે. સાથે બીજા ય ગુણો પ્રગટ થવા માંડે છે. ખાસ કરીને યોગના વિષય પર પ્રેમ અને બહુમાન જાગે છે; ભવનો ભય વધતો જાય છે, ઔચિત્યનું આચરણ ચુકાતું નથી. તેમજ 'આપણી' મતિ થોડી છે માટે શિષ્ટ પુરુષો કહે છે તે પ્રમાણ' આવી સદ્બુદ્ધિ જાગે છે.

ત્રીજી બલાદૃષ્ટિમાં બોધ કાષ્ઠાગ્નિના કણિયાની પ્રભા જેવો હોય છે. 'આસન' નામનું ત્રીજું યોગાંગ, 'ક્ષેપ' દોષનો ત્યાગ, અને 'શુશ્રૂષા' ગુણની પ્રાપ્તિ થાય છે. મહાપુરુષોની

તત્ત્વગર્ભિત વાણી સાંભળવા મન તલસતું હોય છે. એનાથી જીવ ઊંડો તત્ત્વબોધ પ્રાપ્ત કરવાની ભૂમિકામાં આવી જાય છે.

પૂજ્યપાદ ગુરુદેવશ્રી આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબે આ ગ્રન્થ ઉપર ગુજરાતી ભાષામાં વાચનાઓ પ્રદાન કરીને બાલ-મધ્યમ-બુધ બધા પ્રકારના જીવો ઉપર ઉપકાર કર્યો છે, એ વાત પ્રથમ ભાગના પ્રકાશન પછી અનેક જિજ્ઞાસુઓ અને મુમુક્ષોએ અનુભવી છે. અનેક ધર્મવિમુખ બાલ જીવો આ ગ્રન્થના વાંચનથી બોધ પામીને વિષય-કષાયોથી પાછા વળી રહ્યા છે, અનેક મધ્યમ જીવો જૈનશાસનના તત્ત્વોને, રહસ્યોને સમજીને એકાન્તવાદની વાસનાથી મુક્ત થયા છે, તથા અનેક બુધ જીવો શ્રી જૈનશાસનની વિશુદ્ધ આરાધનામાં ઉછળતા શુભ ભાવોનો અનુભવ કરનારા થયા છે. વિશેષ કરીને જે લોકો ભોગ-વિલાસપ્રધાન જીવન જીવી રહ્યા હતા તેઓને આ વ્યાખ્યાન-વિવેચન-ગ્રન્થથી જીવન મુખ્યપણે ધર્મપ્રધાન જ જીવવા જેવું છે અને પાપમયજીવન છોડવા જેવું છે એ વાતનું સચોટ ભાન થયું છે. અનેક શાસ્ત્રકાર ભગવંતો કહી ગયા છે કે ચાર પુરુષાર્થમાં અર્થ-કામ બે પુરુષાર્થો હેય છે, અને મોક્ષ પુરુષાર્થ એ ચરમ લક્ષ્ય છે. પણ એ ત્રણેની પ્રાપ્તિ કરાવનાર કોઈ પુરુષાર્થ હોય તો તે એક માત્ર ધર્મપુરુષાર્થ છે. તેથી, ભૌતિક-આધ્યાત્મિક તમામ સુખોના હેતુભૂત એવા એક માત્ર ધર્મની જ સાધના-ઉપાસના મનુષ્યજીવનનું નવનીત છે. ધર્મ જિનભક્તિ-સામાયિક-પ્રતિક્રમણાદિ અનેક ધાર્મિક અનુષ્ઠાનોમાં વસેલો છે. માટે જેમ બને તેમ પાપપ્રવૃત્તિઓ છોડીને જીવનમાં જિનભક્તિ-સામાયિકાદિ સદનુષ્ઠાનો દિન-પ્રતિદિન વધારતા જવું જોઇએ, આત્મસાત્ કરતા જવું જોઇએ, અને એ માટે જરૂરી સમ્યગ્જ્ઞાનનું પણ સમ્પાદન કરતા રહેવું જોઇએ. એ જૈનશાસનના ઉપદેશોનો સાર છે. પૂ૦ ઉપા૦ યશોવિજયજી મ૦ સા૦ જ્ઞાનસારમાં કહે છે કે એક પણ નિર્વાણપદ યાને મુક્તિસાધક સામાયિકાદિ-વચનનું વારંવાર જેનાથી ભાવન-નિદિધ્યાસન થાય એટલું જ્ઞાન પણ ઘણું છે, વધારે જ્ઞાનનો કોઈ આગ્રહ નથી.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આ વ્યાખ્યાનગ્રન્થ દ્વારા જિનભક્તિ-સામાયિકાદિ અનેક પદોનું બુબજ સુંદર ભાવન-નિદિધ્યાસન કરવાની ઉત્તમ સોનેરી તક અને સુબદ્ધ સગવડ પૂરી પાડી છે. આનું કોઈપણ પાનું ખોલીને વાંચવામાં ગરકાવ થઈ જઇએ એટલે દિલમાં અનેકકોટિના શુભ ભાવો ઊછળવા માંડે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનો માત્ર કોરું શુષ્ક-ચર્વિતચર્વણ જેવાં નિરૂપણમાત્ર નથી હોતાં, પરંતુ વાંચનાર કે સાંભળનારના હૈયાં શુભભાવોથી ગદ્ગદ થઈ જાય, એથી સુકૃતોમાં ઉલ્લાસ અને ઉત્સાહ ઊછળવા માંડે તેમજ સંસારના વિષયસુખોની ભયાનકતાનું સચોટ ભાન થઈ જાય, એવાં હોય છે; અને વાસ્તવમાં આવા વ્યાખ્યાનોના પ્રભાવે જ આજ દિન સુધીમાં અનેક બાલ-યુવાન-વૃદ્ધો સંસારસુખોને છોડીને મુક્તિમાર્ગના પથિક બની ચુકયા છે. અબ્યુદ્ગ્રાહિત બુદ્ધિવાળા કોઇપણ વાચકને આ ગ્રન્થ વાંચ્યા પછી ઉપર કહ્યા મુજબનો જાત અનુભવ થયા વિના રહેશે નહિ એમ આત્મવિશ્વાસપૂર્વક કહી શકાય છે. અનેક મુમુક્ષુ આત્માઓએ બકરાર કર્યો છે કે પહેલાં અમે જે સામાયિક વગેરે કરતા હતા, તે લગભગ સંમૂર્છિમની જેમ કરતા હતા, પણ પૂ. ગુરુદેવશ્રીના વ્યાખ્યાનોનું શ્રવણ-વાંચન કર્યા પછી સાચી સમજ મળવાથી હવે એ એવી રીતે થાય છે કેજાણે બીજા બધા રસો ભૂલાઈ

જાય છે, અશુભ ભાવો કે મનની ચંચળતા દૂર ઠેલાઇ જાય છે અને ધર્માનુષ્ઠાનોમાં કોઇ અનેરા ઉત્સાહ–ઉલ્લાસ–સ્ફૂર્ત્તિનો અનુભવ થાય છે. પ્રાયઃ એવું બને છે કે મોટા ભાગના જીવો બીજાઓને જોઇને કે કુલાચારથી કે ગતાનુગતિકતાથી શરૂઆતમાં ઉચિત ઉપયોગ–શૂન્ય–રીતે, કે ટાઇમ પાસ કરવા માટે, અથવા કોઇક આશંસાથી પણ પચ્ચક્ખાણ વગેરે કરતા હોય છે. પરંતુ એવા ભવ્ય–યોગ્ય જીવોને જરાયે બુદ્ધિભેદ ન થાય એ રીતે ઉપદેશ કરનારા મહાપુરુષોનો ભેટો થઈ જાય ત્યારે એમની ઉપયોગશૂન્યતા–આશંસા વગેરે દોષો ટળી જાય છે. સંદર્ભમાં આ પ્રાક્કથન પૂર્ણ થયા પછી આપેલ 'નાણુપંચમી કહાઓ'નો પાઠ અવશ્ય મનનીય છે.

પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે પણ પચ્ચક્ખાણ અષ્ટકના છેલ્લા શ્લોકમાં અવિધિ–આશંસા આદિ દોષોવાળું પણ પચ્ચ૦ 'આ મારા ભગવાનનું કહેલું છે' એવા સાદા ભાવથી, કોઇક આદરથી કરાતું હોવાથી ભવભ્રમણવર્ધક નહીં પણ શુભફલદાયક કહ્યું છે. જો આશંસાપૂર્વકનું અનુષ્ઠાન એકાંતે વિષ–ગરલમય જ બનતું હોત તો પૂજ્ય ઉપા. યશોવિજયજી મહારાજે મુક્તિ–અદ્વેષ બત્રીશીમાં બાધ્યકક્ષાની ફલાશંસાપૂર્વકનું અનુષ્ઠાન પણ તદ્ધેતુ અનુષ્ઠાનમય હોવાનું જે સમર્થન કર્યું છે, તે ન કર્યું હોત. તથા બાધ્ય કક્ષાની ફલાશંસા એટલે કે ધર્મસાધનામાં રાખેલી પાદ્ગલિક ફળની એવી આશંસા કે જે પાછળથી ગુરુની સમજાવટ મળતાં બાધિત થઈ જાય ટળી જાય એવી હોય. માત્ર 'મુક્તિની જ ઇચ્છા–આશંસાથી જે અનુષ્ઠાન કરાય તે જ તદ્ધેતુ અનુષ્ઠાન' આવો જો એકાન્તવાદ હોત તો પૂજ્ય હરિભદ્રસૂરિજી મ. આદિ અનેક શાસ્ત્રકારોએ યોગબિંદુ આદિગ્રન્થમાં મુક્તિ–અદ્વેષરૂપ શુભભાવલેશના યોગથી પણ તદ્ધેતુઅનુષ્ઠાન હોવાનું કહ્યું છે તે ન કહ્યું હોત. સ્પષ્ટ વાત છે કે તદ્ધેતુઅનુષ્ઠાનનું જે સ્વરૂપ શાસ્ત્રકાર ભગવંતોએ સ્વ–સ્વ ગ્રન્થોમાં બતાવ્યું છે, તેના ઉપર જો કદાગ્રહ છોડીને પૂરતું મનન થાય તો કોઇપણ ઉપદેશક બાધ્યકક્ષાની ફલાકાંક્ષાવાળા ચરમાવર્ત્તવર્તી જીવના સામાયિકાદિ અનુષ્ઠાનોને વિષ–ગરલમાં બતવવાની ગંભીર ભૂલ કરી બેસે નહિ. ઉપદેશકોનું ખરું કર્ત્તવ્ય પણ એ જ છે કે બાધ્ય ફલાકાંક્ષાવાળા અનુષ્ઠાનો કરી રહેલા ભવ્ય જીવોને "તમે દુર્ગતિમાં રીબાઇ રીબાઇને મરવાના" વગેરે વગેરે કહીને ભડકાવી મારવાને બદલે તેમનું એ તદ્ધેતુ અનુષ્ઠાન ફલાકાંક્ષાના ત્યાગપૂર્વક અમૃત અનુષ્ઠાનમાં કેમ પરિણમે એ બાબત ઉપર ઉપદેશ હરબ્યાન પૂરતું લક્ષ અપાય. શ્રી જૈનશાસનમાં માત્ર વિષ કે ગર અનુષ્ઠાનની જ ઓળખ આપી નથી કિંતુ તદ્ધેતુ અને અમૃતાનુષ્ઠાનનું પણ સુંદર નિરૂપણ છે, અને તેનું પણ વ્યાખ્યાન–લેખનાદિ દ્વારા જો સર્વત્ર પ્રતિપાદન થતું રહે તો ઘણા શુષ્ક વિવાદોનો અન્ત આવી જાય.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વ્યાખ્યાન ગ્રન્થમાં પાને પાને એવી ભરચક ઉપદેશ–સામગ્રી ભરેલી છે કે જેને વાંચતાં વાંચતાં મુમુક્ષુઓ કોઇક અનેરા આહ્લાદનો અનુભવ કરે છે અને પછી ધર્માનુષ્ઠાનોમાં ખૂબ ખૂબ શુભ ભાવોના ઉછાળા અનુભવતા થઈ જાય છે, અને એવા કોઇક કાળે તેમનું ધર્માનુષ્ઠાન અમૃતાનુષ્ઠાનનો સ્પર્શ કરી જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પોતે મહાન ત્યાગી, શાસ્ત્રગ્રન્થોના તલસ્પર્શી અધ્યેતા અને તપસ્વી તરીકે શ્રી સંઘમાં અનેકોના હૈયામાં વસેલા છે. આજ સુધી કોઇપણ જીવને એમના વૈરાગ્ય ભરપુર

ઉપદેશથી નુકશાન થયાનું સાંભળ્યું નથી કે ભવિષ્યમાં પણ એવું થવાની કોઈ જ શકયતા પણ દેખાતી નથી. કારણ કે તેઓશ્રીએ પોતાના ગુરુદેવશ્રી સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ચરણોની ખરા ભાવથી આજીવન સેવા-ઉપાસના કરીને ખરેખર જૈનશાસનનું હાર્દ પ્રાપ્ત કર્યું છે. જેઓ ગુરુચરણ સેવા દ્વારા જ્ઞાનપ્રાપ્તિ કરે છે, તેમના ઉપદેશમાં કયારેય વિપરીત પ્રરૂપણાની શંકાને સ્થાન હોતું નથી. વ્યાખ્યાન-ગ્રન્થના વાંચકોને પણ આ નિર્ભેળ સત્યની પ્રતીતિ થયા વિના નહિ રહે કે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ સાધુ જીવનમાં વ્યાખ્યાન પૂરતા કે શુષ્ક ચર્ચા કરવા પૂરતા શાસ્ત્ર-ગ્રન્થોનું યા ઉપર ઉપરથી વાંચન કરી લીધું નથી, પરંતુ જુદા જુદા નયોથી બહુમુખી પ્રતિપાદન કરનારા તાત્ત્વિકગ્રન્થોનું દિનરાત માર્મિક પરિશીલન કર્યું છે.

શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ખરેખર જીવનદૃષ્ટિને ઊઘાડવા માટેનું એક દિવ્ય અંજન છે, અને પૂજ્યપાદ ગુરુદેવશ્રી પોતાની વ્યાખ્યાન-વાચના શલાકા દ્વારા અનેક ભવ્યાત્માઓના જ્ઞાન-નેત્રને આંજીને વર્ષોથી આત્મસમૃદ્ધિના દિવ્યદર્શન કરાવી રહ્યા છે. કદાગ્રહથી અપીડિત જીવોને એનાથી સત્ય-અસત્ય, સૂત્ર-ઉત્સૂત્ર, ધર્મ-અધર્મ, યોગ-કુયોગ, મોક્ષ-સંસાર વગેરેના ભેદનું સચોટ ભાન થતું આવ્યું છે.

આજે ઘણા લોકોએ જાણ્યા-સમજ્યા વિના યોગના નામે અનેક મન માન્યા વ્યવહારો ઊભા કર્યા છે. એની મોહક પણ ભ્રામક જાળમાં અનેક જિજ્ઞાસુઓ સામાયિકાદિ પવિત્ર ધર્મ-ક્રિયાઓ પ્રત્યે નફરત-અરુચિ ધરાવતા બનીને દુર્લભબોધિ બની જાય છે, એ કોઇપણ રીતે ઇચ્છનીય નથી. અચરમાવર્ત્તકાળમાં અનંતવાર કરેલી ચારિત્ર ક્રિયાઓ ભલે નિષ્ફળ જતી હોય, પરંતુ ચરમાવર્ત્તમાં આવેલા ભવ્ય જીવો માટે ખાસ કરીને આ કલિયુગમાં સૌથી વધુ ઉપકારી હોય તો તે વીતરાગ-કેવલિભાષિત ધર્મક્રિયાઓ છે. કારણ કે એની આરાધનામાં જોડાવાથી જ મોટા ભાગે જીવો સત્પુરુષોના સમાગમમાં આવીને શુદ્ધધર્મની આરાધનાના માર્ગે પ્રગતિ કરતા થાય છે. શ્રી હેમચન્દ્રસૂરિમહારાજે પણ ત્રિષષ્ઠી૦ ગ્રન્થમાં કહ્યું છે કે ભારેકર્મી જીવો પણ ધર્મસાધનાના માર્ગે આવીને મોક્ષ તરફ પ્રયાણ કરનારા થાય છે. શાસ્ત્ર-ગ્રન્થોમાં જેને ધ્યાન કહેવામાં આવ્યું છે તેના માટે પ્રાચીન ઘણા મહર્ષિઓ પણ કહી ગયા છે કે એ અતિદુષ્કર છે, અને આજે તો તેના મનોરથમાત્ર કરાય છે. એટલે જે કાળમાં સામાન્ય કક્ષાના લોકો એક બાજુ ભૌતિક સગવડો તેમજ ભૌતિક ભોગ-વિલાસોની પાછળ ગાંડાતૂર બન્યા હોય, એ કાળમાં થોડી ઘણી પણ ધર્મમાં શ્રદ્ધા કે રુચિ જેમની ટકી રહી હોય તેવા-ઓને કાયા વગેરેની સુખશીલતા પોષાય એવા ધ્યાનયોગ વગેરેનો ઉપદેશ કરવાને બદલે, જેમાં તન-મન-ધન બધાનો ભોગ દેવો પડે એવા વિવિધ ધર્માનુષ્ઠાનોમાં જોડાવા માટેનો ઉપદેશ દેવાય તે વધુ ઉચિત લાગે છે. ધર્માનુષ્ઠાનોમાં જોડાયા પછી પણ મોટાભાગના લોકો 'ભાવોલ્લાસ જાગતો નથી, મન ઠેકાણે રહેતું નથી'-એની ફરિયાદ કરતા હોય છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આ ફરિયાદની નાબૂદી માટે પહેલેથી પોતાના વ્યાખ્યાનોનો ઝોક ત્યાગ-વૈરાગ્યાદિ સાથે શુભક્રિયાઓમાં જગાડવા લાયક ઉત્તમ ભાવો ઉપર વધારે રાખ્યો છે, અને એ રીતે એમના આ વ્યાખ્યાગ્રન્થમાં અનેક વિશેષતાઓ જોઇ શકાય છે. દા.ત.

પૃષ્ટ ૯ વાલિરાજાનો ઉપશમભાવ.
પૃષ્ઠ ૧૨ કષાયમોક્ષ અને વિષયમોક્ષનું વર્ણન.
પૃષ્ઠ ૧૩ સિદ્ધિયોગે પહોંચાડનાર ઇચ્છાયોગનું પગથિયું.
પૃષ્ઠ ૧૬ સત્કાર્ય–ધર્મપ્રવૃત્તિમાં ખેદ ટાળવા.
પૃષ્ઠ ૧૭ પુદ્ગલાનંદ અને બાહ્ય રસના અનર્થો.
પૃષ્ઠ ૨૦ ધર્મક્રિયામાં ઠરવું એટલે ?
પૃષ્ઠ ૩૨ શ્રી જિન કુશળ ચિંતનના અનેક પ્રકાર.
પૃષ્ઠ ૫૭ યોગબીજની મલિનસાધના બીજરૂપ નહિ.
પૃષ્ઠ ૬૧ આલમ્બન પ્રદાનના ઉપકારરૂપ ભગવાનની કરુણા.
પૃષ્ઠ ૬૮ વિશુદ્ધ સાધનાના ૩ લક્ષણો.
પૃષ્ઠ ૭૬ આહારાદિ સંજ્ઞાઓના નિયન્ત્રણ માટે વિચારણા.
પૃષ્ઠ ૭૭ પ્રભુનું આંતરિક દર્શન.
પૃષ્ઠ ૮૨ ધર્મક્રિયામાં અશુભ આશય કેમ ખરાબ ?
પૃષ્ઠ ૮૩ ફલની આશંસાનો ત્યાગ.
પૃષ્ઠ ૮૮ ચાલુ સાધના વખતે શુભફળનો વિચાર કેવો ?
પૃષ્ઠ ૧૦૩ થી આચાર્યાદિ વૈયાવચ્ચ અને એમાં અંતરંગ ભાવ.
પૃષ્ઠ ૧૧૬ સંસારપર વૈરાગ્યનાં કારણો.
પૃષ્ઠ ૧૨૨ નિયમો અભિગ્રહો શા માટે ?
પૃષ્ઠ ૧૪૦ સાધનાનો શુદ્ધ ઉપાદેયભાવ એટલે ?
પૃષ્ઠ ૧૪૪ જૈનશાસનનો પંચકારણવાદ.
પૃષ્ઠ ૧૫૮ શાસ્ત્રાનુસારે ઉચિત વ્યવહાર.
પૃષ્ઠ ૧૬૭ માનસિક સત્પ્રવૃત્તિ–સદ્વિચારણાનો પુરુષાર્થ.
પૃષ્ઠ ૧૭૭ આચાર ધર્મની મહત્તા.
પૃષ્ઠ ૧૮૨ ધૃતિ આદિ પાંચ ધર્મયોનિ
પૃષ્ઠ ૧૯૭ પરસ્ત્રીદર્શનથી કેમ બચાય ?
પૃષ્ઠ ૨૦૨ પૂજા–સ્તોત્ર–જપ–ધ્યાન–લય.
પૃષ્ઠ ૨૦૯ પરમાત્માના ધ્યાનમાં શું કરવાનું ?
પૃષ્ઠ ૨૨૫ સંસારરસિક–મોક્ષરસિકમાં દૃષ્ટિભેદ.
પૃષ્ઠ ૨૨૯ ગ્લાનસાધુ-સેવા તે પ્રભુ–સેવા.
પૃષ્ઠ ૨૩૪ ક્રિયામાં ભૂલ કરનારને શું કહેવાય ?
પૃષ્ઠ ૨૩૮ 'ઇષ્ટફલસિદ્ધિ' પદની વ્યાખ્યાના શાસ્ત્રપાઠો.
પૃષ્ઠ ૨૪૧ ચિત્તના અધ્યવસાય નિર્મળ કરવાના ઉપાય.
પૃષ્ઠ ૨૪૮ અનુચિત ક્રિયા કેવી ?
પૃષ્ઠ ૨૬૮ શાસ્ત્રઘણું મતિ થોડલી...
પૃષ્ઠ ૨૭૧ શાસ્ત્રવચનોની ગહનતા.
પૃષ્ઠ ૨૭૩ પરસ્થાનદેશનાનાં નુકસાન.

આ અને આવા અનેક બીજા વિષયો ઉપર વિસ્તારથી વર્ણન કરીને પૂજ્યશ્રી શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થની ખુબ જ શાન વધારી રહ્યા છે એમ કહ્યા વિના રહેવાતું નથી. જે કોઈ આ ગ્રન્થનો વિમલબુદ્ધિથી અભ્યાસ–સ્વાધ્યાય કરશે, તેઓને માત્ર તાત્વિક બોધ જ નહિ, કિંતુ શુભ ધર્માનુષ્ઠાનો કરવાની ઘણી પ્રેરણા પ્રાપ્ત થશે, અને ધર્માનુષ્ઠાનો વર્ષોથી આચરનારાઓને એ અનુષ્ઠાનોમાં કોઈક નવો જ રસ જાગશે, નવો જ ભાવોલ્લાસ પ્રગટશે, તેમજ સંસારના સુખો–વિષયો પ્રત્યે ભરપુર વૈરાગ્યભાવ જાગૃત થયાનો અનુભવ પણ થશે.

આ બીજા ભાગમાં પૂજ્યશ્રીએ કોઈપણ વિષય ઉપર વિવેચન કરવામાં કૃપણતા દાખવી નથી. બધે જ જરૂર પૂરતો વિસ્તાર કરાયેલો છે; એટલે આ ભાગમાં ફકત પહેલી–બીજી અને ત્રીજી યોગ દૃષ્ટિઓ ઉપરના વ્યાખ્યાનોનો જ સમાવેશ કરાયો છે. આગળની યોગદૃષ્ટિઓનું વિવરણ હવે પછીના ભાગમાં પ્રગટ થશે.

મુમુક્ષુ-જિજ્ઞાસુ વર્ગ આવા ઉત્તમ ગ્રન્થરત્નના સ્વાધ્યાય દ્વારા શ્રી જિનશાસનના મર્મોને આત્મસાત્ કરીને આત્મશ્રેય સિદ્ધ કરે એવી સદ્ ભાવના.

ગ્રન્થના મુદ્રણમાં અશુદ્ધિઓ ટાળવા માટે જાગૃતિ રખાયેલી હોવા છતાં દૃષ્ટિદોષાદિથી રહી જવા પામી હોય તો તે સુધારીને વાંચવા સજ્જનો કષ્ટ કરે.

આ પાક્કથનના લેખનમાં કોઈ જિનાજ્ઞા વિરુદ્ધ પ્રમાદ થવા પામ્યો હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડમ્.

શ્રી હીરસૂરિ જૈન ઉપાશ્રય.
મલાડ, ભાદરવા વદ ૨

લિ. મુનિ જયસુંદર વિજય

તત્ત્વનું સાચું અવલોકન કરવા માટે, તથા પહેલાથી ૧૪ મા ગુણસ્થાનકોમાં વ્યાપક ધર્મના સ્વરૂપનું સાચું દર્શન પ્રાપ્ત કરવા માટે અને ઉપદેશમાંથી એકાન્તવાદને ટાળવા માટે સતત નજર સમક્ષ રાખવા જેવા અનેક આપ્ત વચનોમાંથી થોડા નીચે અનુવાદ સહિત આપ્યા છે.

શ્રી મહેશ્વરસૂરિવિરચિત પ્રાચીનતમ 'નાણપંચમી કહાઓ' ગ્રન્થ પૃષ્ઠ ૭૫-૭૬ શ્લો. ૪૮૮ થી ૪૯૪

'अह सनियाणं एयं तवचरणं पंचमीए संबद्धं।
संसारपवड्ढणयं काऊणं जुज्जए कहं णु ? ॥४८८॥

અર્થ:-(સવાલ થાય છે કે-) પંચમી સંબદ્ધ આ તપશ્ચર્યા (સૌભાગ્યાદિ હેતુથી દર્શાવેલી તપસ્યા) નિદાનયુક્ત હોવાથી સંસારવર્ધક છે માટે કઈ રીતે ઉચિત ગણાય ? (૪૮૮)

एवं पि हु अजुत्तं जं भणियं सुट्ठु दुट्ठरुट्ठेहिं।
जम्हा पवित्तिहेउं निद्दिट्ठं एवमाईयं ॥४८९॥

અર્થ:-ઉત્તર આ છે કે દુષ્ટ અને રુષ્ટ લોકોએ આવું (ઉપરના શ્લોકમાં કહ્યું તેવું) જે કહ્યું તે અત્યન્ત અયુક્ત છે. કારણ કે (ધર્મમાં) પ્રવૃત્તિ કરાવવા માટે આવા પણ તપો કહ્યા છે. (૪૮૯)

पढमं सनियाणाओ वयाओ जेणेत्थ होइ लोयाणं।
सव्वपवित्ति धम्मे पाएणं तेण न हु दोसो ॥४९०॥

અર્થ:-કારણ કે પ્રથમ તો સનિદાન વ્રતથી જ પ્રાયઃ લોકોની સર્વ પ્રવૃત્તિ ધર્મમાં થતી હોય છે. માટે કોઈ દોષ નથી. (૪૯૦)

सणियाणं पि हु सेयं तवचरणं भावसुद्धि-संजणयं।
पारंपरेण भणियं सुद्धत्तमिमस्स वि सुयंमि ॥४९१॥

અર્થ:-સનિદ્વાન પણ તપશ્ચરણ પરંપરાએ ભાવશુદ્ધિજનક હોવાથી શ્રુતમાં તેનું શુદ્ધપણું કહેવાયું છે. (૪૯૧)

सु(?मु)द्धत्तणेण लोओ सणियाणं ताव चेव पडिवज्जे ।
सत्था(ड्ढा)इवड्ढणेहिं को वि हु तत्तं पि पच्छाओ ॥४९२॥

અર્થ:-મુગ્ધપણાને કારણે લોકો (શરૂમાં) સનિદ્વાનને પણ અપનાવે. પાછળથી શ્રદ્ધાદિ વૃદ્ધિ થવાથી કોઈ તત્ત્વ પણ અપનાવે. (૪૯૨)

अन्नेसु वि कज्जेसुं पाएणं सु(मु)द्धओ इहं लोओ ।
अइगहणम्मि विचित्ते किं पुण धम्मस्स कज्जम्मि ॥४९३॥

અર્થ:-અન્ય કાર્યોમાં પણ પ્રાયઃ લોકો મુગ્ધ હોય છે. તો પછી અતિગહન અને વિચિત્ર એવા ધર્મકાર્ય વિશે તો પૂછવું જ શું? (૪૯૩)

इय नाउण एयं अवमन्नियं दुवियड्ढवयणाइं ।
कायव्वा खलु एसा पंचमिया सुद्धभावेणं ॥४९४॥

અર્થ:-એમ સમજીને, અર્ધદગ્ધોના વચનો અવગણીને આ (કથા ગ્રન્થમાં દર્શાવેલ) પંચમી તપ શુદ્ધભાવથી કરવો. (૪૯૪)

સમ્યક્ત્વ સપ્તતિકા મૂલ અને ટીકા પૃષ્ઠ ૭૫.

मूल—तित्थंकरचलणाराहणेणं जं मज्झ सिज्झइ न कज्जं ।
पत्थेमि तत्थ नन्नं देवविसेसेहिं वयसुद्धी ॥२६॥

ટીકા-यन्मम तीर्थंकरचरणाराधनेन = जिनपदसेवनेन अर्थापत्त्या मनोऽभीष्टोऽर्थो न सिध्यति = न परीपूर्णो भवति तत्र = तस्मिन् प्रयोजने 'अन्यं' देवान्तरं न प्रार्थये = न स्तुतिरूपेण याचे । कैरित्याह-देवविशेषैः = हरि-हर-विरञ्चि-स्कन्दादिभिः । इतरसुरवर्णने सम्यक्त्वमालिन्यं अतस्तीर्थकृत्प्रार्थनामेव करोमीति वचःशुद्धिरिति गाथार्थः ॥

અર્થ:-તીર્થંકરચરણની સેવાથી મારે જે (અર્થાપત્તિથી) મનને અભીષ્ટ અર્થ સિદ્ધ ન થાય, તે પ્રયોજને બીજા કોઈ હરિ-હર-બ્રહ્મા વિષ્ણુ વગેરે દેવો પાસે યાચના કરું નહિ,-કારણ કે બીજા દેવોની સ્તુતિ કરવાથી સમ્યક્ત્વ મલિન થાય. માટે તીર્થંકરને જ પ્રાર્થના કરું.-આ વચનશુદ્ધિ કહેવાય.

શ્રી શ્રાદ્ધવિધિ ગ્રન્થ પૃષ્ઠ ૭૮

मन्त्रः प्रणवपूर्वोऽयं फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु निर्वाणपदकांक्षिभिः ॥

અર્થ:-આ (નમસ્કાર મંત્ર)નું ઇહલૌકિકફલની કામનાવાળાએ ઓંકાર જોડીને ધ્યાન કરવું. મોક્ષપદના ઇચ્છનારાઓએ ઓંકાર જોડ્યા વિના એનું ધ્યાન કરવું.

પૃષ્ઠ ૭૯ ઉપર

जाए वि जो पढिज्जइ जेणं जायस्स होइ फलरिद्धि ।
अवसाणे वि पढिज्जइ जेण मओ सुग्गइं जाइ ॥
आवइहिं पि पढिज्जइ जेण य लंघेइ आवइसयाइं ।
रिद्धिए वि पढिज्जइ जेण य सा जाइ वित्थारं ॥

અર્થ:-જન્મે ત્યારે પણ જે (નમસ્કાર મંત્ર) ગણાય છે કે જેથી જન્મેલાને ફલ-ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. મરણકાળે પણ તે ગણાય છે, જેથી મરેલો સદ્ગતિમાં જાય છે. આપત્તિઓમાં પણ તે ગણાય છે, જેથી સેંકડો આપત્તિઓ ઓળંગી જવાય; તથા ઋદ્ધિમાં પણ તે ગણાય છે, જેથી ઋદ્ધિ વિસ્તારને પામે.

શ્રી ધર્મપરીક્ષા પૃષ્ઠ ૮૦ (કર્ત્તા. ઉપા. યશોવિજય મ.)

अपि य 'मनागपि हि तन्निवृत्तौ तस्याऽपुनर्बन्धकत्वमेव स्याद्' इति (योगबिन्दु श्लो. १८३ वृत्ति) वचनात् मनागपि संसारासंगनिवृत्तौ जीवस्याऽपुनर्बन्धकत्वं सिध्यति तन्निवृत्तिश्च मुक्त्यद्वेषेणाऽपि स्यात्, तस्य च चरमपुद्गलपरावर्त्तव्यवधानेऽपि मोक्षहेतुत्वमुक्तम् ।

અર્થ :- વળી 'થોડી પણ ભવાસંગની નિવૃત્તિ થયે છતે તેનું અપુનર્બન્ધકપણું થઈ જાય છે.' આ યોગબિન્દુવૃત્તિના વચનથી થોડા પણ સંસારાસંગની નિવૃત્તિ થયે છતે જીવમાં અપુનર્બન્ધકપણું સિદ્ધ થાય છે અને મુક્તિના અદ્વેષથી પણ કંઈક સંસારાસંગનિવૃત્તિ થઈ શકે છે. અને મુક્તિ-અદ્વેષને ચરમપુદ્ગલપરાવર્ત્તના વ્યવધાનથી પણ મોક્ષહેતુ કહ્યો છે.

તથા ધર્મપરીક્ષા પૃષ્ઠ ૧૩૩ ઉપર....

किंच, मार्गानुसार्यनुष्ठानमात्रमेव सकामनिर्जरायां बीजम्, अविरतसम्यग्दृष्टयनुरोधात्, न तु तपोमात्रमेवेति न काप्यनुपपत्तिः । अत एव स्फुटे मोक्षाभिलाषत्वेऽपि मिथ्यादृशां प्रबलाऽसद्ग्रहवतां तदभाववतामादिधर्मिकाणामिव फलतो न सकामनिर्जरा, मार्गानुसार्यनुष्ठानाऽभावात्, तदभावेऽपि च स्वाभाविकानुकम्पादिगुणवतां मेघकुमारजीवहस्त्यादीनां फलतः साऽबाधितेति विभावनीयम् ।

અર્થ :- કોઈપણ માર્ગાનુસારી અનુષ્ઠાન સકામનિર્જરાનું બીજ છે. કારણકે અવિરત-સમ્યગ્દૃષ્ટિમાં પણ તે હોય છે. નહિ કે તપમાત્ર જ, તેથી કાંઈ અયુક્તતા નથી. એટલે જ પ્રગટ મોક્ષાભિલાષ હોવા છતાં પણ પ્રબળ અસદ્ગ્રહવાળા મિથ્યાદૃષ્ટિઓને, પ્રબળ અસદ્ગ્રહ વગરના આદિધાર્મિકોને હોય છે એવી સકામનિર્જરા પરિણામે હોતી નથી. કારણે તેમનું માર્ગાનુસારી અનુષ્ઠાન હોતું નથી. મોક્ષાભિલાષ ન હોવા છતાં સ્વાભાવિક અનુકમ્પા વગેરે ગુણોવાળા મેઘકુમારના પૂર્વભવના જીવ હાથી વગેરેને પરિણામે સકામનિર્જરા અબાધિત હોય છે.-આ ઊંડાણથી વિચારવું.

યોગબિન્દુ શ્લો. ૧૪૦

नास्ति येषामयं तत्र तेऽपि धन्याः प्रकीर्त्तिताः ।
भवबीजपरित्यागात् तथा कल्याणभागिनः ॥१४०॥

અર્થ :-જેઓને મુક્તિના વિશે દ્વેષ નથી તેઓને પણ ધન્ય કહ્યા છે અને ભવબીજનો પરિત્યાગ કર્યો હોવાથી કલ્યાણભાગી કહ્યા છે.

આખ્યાનકમણિકોશ-વૃત્તિકાર આમ્રદેવસૂરિમહારાજ પૃ. ૩૧૩ માં નેમનાથ ભગવાન દેશનામાં કહે છે-

धम्मो अत्थो कामो मोक्खो चत्तारि हुंति पुरिसत्था
धम्माओ जेण सेसा ता धम्मो तेसि परमतरो ॥७९॥

અર્થ :-ધર્મ-અર્થ-કામ-મોક્ષ આ ચાર પુરુષાર્થ છે. ધર્મથી જ બાકીના બધા મળે છે માટે ધર્મ એ બધામાં શ્રેષ્ઠ છે.

આ ઉપરાંત ઉપમિતિ૦-ઉત્તરાધ્યયનટીકા વગેરે અનેક શાસ્ત્રોમાં ધર્મ જ પ્રધાન પુરુષાર્થ હોવાનું જણાવાયું છે.

ધર્મરત્નપ્રકરણ શ્લો. ૭૩ સ્વોપજ્ઞ ટીકા [ભાવશ્રાવકનાં લક્ષણો]

उवसमसारवियारो वाहिज्जइ नेय रागदोसेहिं ।
मज्झत्थो हियकामी असग्गहं सव्वहा चयइ ॥७३॥

उपशमः=कषायानुदयः, तत्सारं=तत्प्रधानं विचारयति धर्मादिस्वरूपं यः स 'उपशमसारविचारः' भावश्रावको भवति । कथं पुनरेवंविधः स्यात ? कथं पुनरेवंविधः स्यात ? इत्याह-यतो विचारं कुर्वन् 'बाध्यते' = अभिभूयते नैव राग-द्वेषाभ्याम । तथा हि- 'मयाऽयं पक्षः कक्षीकृतो बहुलोकसमक्षं, बहुभिश्च लोकैः प्रमाणीकृतः तत्कथमिदानीमप्रमाणीकरोमि'-इत्यादिभावनया स्वपक्षानुरागेण न जीयते । तथा ममैष प्रत्यनीको मदीयपक्षदूषकत्वात् । तदेनं जनमध्ये धर्षयामिति सदसद्दूषणोद्भट्टनाक्रोशदानादिप्रवृत्तिहेतुना द्वेषणाऽपि नाभिभूयते, किं तु 'मध्यस्थः' = सर्वत्र तुल्यचित्तो 'हितकामी' = हिताभिलाषी, स्वस्य परस्य चोपकारमिच्छन् 'असद्ग्राहं' = अशोभनाभिनिवेशं सर्वथा 'त्यजति' = मुञ्चति मध्यस्थगीतार्थगुरुवचनेन ।

અર્થ:-[ભાવશ્રાવકનું એક લક્ષણ]

ઉપશમ એટલે કષાયનો ઉદય ન હોવો તે. તેને મુખ્ય કરીને ધર્માદિનું સ્વરૂપ વિચારે તે 'ઉપશમસાર વિચારવાળો' ભાવશ્રાવક હોય છે. કઈ રીતે એ આવો હોય ? તો કહે છે કે વિચાર કરતી વખતે રાગદ્વેષથી પીડાય નહિ. તે આ રીતે કે "મેં અમુક પક્ષ ઘણા લોકોની સમક્ષ માન્યો છે, ઘણા લોકોએ એને પ્રમાણભૂત ગણ્યો છે. હવે હું મારી જાતને અપ્રમાણભૂત શેનો

ઠરાવું ?" ઇત્યાદિ ભાવનાવાળા સ્વપક્ષના અનુરાગથી અભિભૂત ન થાય. તથા–' આ તો મારો દુશ્મન છે કારણ કે એ મારા પક્ષને દોષિત ઠરાવી રહ્યો છે, માટે એને લોકોની વચ્ચે હલકો પાડું '–એવા છતાં–અછતાં દૂષણો પ્રગટ કરીને આક્રોશ વરસાવવાની પ્રવૃત્તિ કરાવે એવા દ્વેષથી પણ (ભાવશ્રાવક) પીડાય નહીં. પણ સર્વત્ર સમાન ચિત્તવાળો હિતને ઇચ્છતો એટલે પોતાનું અને બીજાનું ભલું ઇચ્છતો તે મધ્યસ્થગીતાર્થ ગુરુના વચનથી ખોટા કદાગ્રહનો સર્વથા ત્યાગ કરે છે.

જ્ઞાનસાર (૨૫મો)–માધ્યસ્થ્યાષ્ટક શ્લો. ૨

मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ॥२॥

અર્થ:–મધ્યસ્થ પુરુષનો મનરૂપ વાછરડો યુક્તિરૂપ ગાયની પાછળ દોડે છે. તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાંદરો તેને પુંછડા વડે ખેંચે છે. જ્યાં યુક્તિ હોય ત્યાં મધ્યસ્થનું ચિત્ત આવે અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે–એ અર્થ છે.

[આપણા ઘણા શાસ્ત્રોમાં નીચેનો એક શ્લોક આવે છે.]

आग्रही बत निनीषति युक्तिं यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥

અર્થ:–આગ્રહી પુરુષ જ્યાં પોતાની મતિ ખુંચેલી હોય ત્યાં યુક્તિને તાણી જવા ઝંખે છે. પક્ષપાતવગરના પુરુષની મતિ ત્યાં ઠરે છે જ્યાં યુક્તિ હાજર હોય છે.

યોગદૃષ્ટિસમુચ્ચય શ્લો. ૧૦૧

आगमेनानुमानेन योगाभ्यासरसेन च ।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥१०१॥

અર્થ:–આગમ, અનુમાન અને વિહિતાનુષ્ઠાનાસેવનરૂપ યોગાભ્યાસરસ એમ ત્રણ પ્રકારે બુદ્ધિને વાપરવાથી ઉત્તમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

યોગદૃષ્ટિ. શ્લોક. ૧૨૩

आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः ।
जिज्ञासा तन्निसेवा च सदनुष्ठानलक्षणम् ॥

અર્થ :– ઇષ્ટકૃત્યમાં આદર, તેના આચરણમાં પ્રેમ, નિર્વિઘ્નપણું, તે આચરવાથી પુણ્યના પ્રભાવે સમ્પત્તિનું આગમન, ઇષ્ટકૃત્યસંબંધી જિજ્ઞાસા અને ઇષ્ટોદ્દિત સેવા, આ બધા સદનુષ્ઠાનના લક્ષણ છે.

(કદાગ્રહમુક્ત ઉપદેશકોને શાસ્ત્રાભ્યાસ કરતાં કરતાં આવા અનેક આપ્તવચનો મળી આવશે.)

પ્રકાશકનું સંવેદન

સૂરિ પુરંદર પૂજ્ય આચાર્યશ્રી હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ તો આપણા મહાન ઉપકારી છે. એમણે આપણને આપેલા શ્રુતશાસ્ત્રોનો ઢગલાબંધ મજાનો ખજાનો અણમોલ છે. એમાંય વળી સંસ્કૃત ભાષામાં લગભગ ૨૨૮ શ્લોકોમાં ગુંથાયેલ 'યોગદૃષ્ટિ–સમુચ્ચય' શાસ્ત્ર, જૈન સાહિત્યનો જ નહિ પરંતુ ભારતીય સાહિત્યનો અને સમગ્ર વિશ્વના આધ્યાત્મિક સાહિત્યનો કોહીનુર છે. કેમકે આ શાસ્ત્રમાં આધ્યાત્મિક વિકાસની મહાયાત્રાનો સુરેખ નકશો છે. સંસ્કૃત ભાષાના આ ગ્રંથરત્ન ઉપર ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુ-સૂરીશ્વરજી** મહારાજ સાહેબે ગુજરાતી ભાષામાં અર્થસભર, ગહન પણ સરળ પ્રવાહી શૈલીમાં વાચનાઓ આપીને આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

વિ. સં. ૨૦૩૮ના પૂજ્ય આચાર્યશ્રીએ પાલનપુરના ચોમાસા દરમ્યાન પ્રાતઃકાળે પ્રસન્ન પ્રેરક વાતાવરણમાં શ્રીસંઘ સમક્ષ અર્થ ગંભીર ગ્રંથના ગૂઢ રહસ્યોનું રહસ્યોદ્ઘાટન કરી આપ્યું છે. આ વાચનાઓને અક્ષરશઃ સુપેરે ઝીલી લેવાનું પરમ પૂજ્ય મુનિશ્રી કલ્પ-રત્નવિજયજી મહારાજ સાહેબ તથા સરસ સંપાદન કાર્ય પરમ પૂજ્ય મુનિશ્રી પદ્મસેનવિજયજી મહારાજે કર્યું છે. તથા સુંદર પ્રેસ કોપી તૈયાર કરવાનો ભારે શ્રમ વયોવૃદ્ધ પૂજ્ય મુનિશ્રી હિતેશ્વરવિજયજી મહારાજે કર્યો છે. અને વળી વિદ્વદ્વર્ય મુનિશ્રી જયસુંદરવિજયજી મહારાજ સાહેબે તો આ ગ્રંથનું વિસ્તૃત પ્રાક્કથન લખીને અનોખું પ્રદાન કર્યું છે. ઉપરોકત પૂજ્ય મુનિવર્યોના સૌ સ્વાધ્યાય પ્રેમીઓ ઋણી રહેશે.

દોઢ વર્ષ પૂર્વે યોગદૃષ્ટિસમુચ્ચય–વ્યાખ્યા ગ્રંથનો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો હતો. વાંચકોએ એ મેળવવા માટે સારી એવી પડાપડી કરી હતી. પહેલો ભાગ વાંચીને ઘણાએ જીવનમાં જરૂરી પાયાની ધર્મ-પરિણતિ કેવી જોઈએ એનો અનુભવ કર્યાનું કબુલ્યું છે. ખરેખર શાસ્ત્રીયતા શું છે એ વિષે ઘણાને અપૂર્વ પ્રકાશ લાધ્યો છે. પ. પૂ. તર્ક શિરોમણિ શ્રી હરિભદ્રસૂરિ મહારાજના ગ્રન્થો–એમના વચનો કેટલા બધા ગંભીર અને અનેકાન્તવાદના તાણાવાણાથી કેવા ગુંથાયેલા છે, એ બાબતમાં ઘણાની દૃષ્ટિ સ્વચ્છ બની છે. ઓઘદૃષ્ટિ ટળ્યા પછી યોગદૃષ્ટિમાં આવેલા યોગીઓની જુદી જુદી એક-એક થી ચડિયાતી ભૂમિકાઓ અને તે તે ભૂમિકાનુસાર તેમની માનસિક સ્થિતિ–આચરણ વગેરે કેવા કેવા હોય એ વિષે યોગદૃષ્ટિ–સમુચ્ચય ગ્રન્થમાં ખૂબ જ વિસ્તારથી પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

પહેલા ભાગમાં એ ગ્રન્થ ઉપરના વ્યાખ્યાનોમાં આઠે યોગદૃષ્ટિનાં સંક્ષિપ્ત વિવેચનનો સમાવેશ હતો. હવે બીજા ભાગથી એક એક યોગદૃષ્ટિનું વ્યક્તિગત વિવેચન શરૂ કરાયું છે. આ બીજા ભાગમાં પહેલી–બીજી અને ત્રીજી દૃષ્ટિ ઉપર સંઘહિતૈષી વિશાલમુનિવૃંદાધીશ

પૂ. આચાર્ય ભગવંત તરફથી પોતાની તપઃપૂત શુદ્ધચિન્તનગર્ભિત પવિત્ર વાણીથી જે વિવેચન-આલેખન રજુ થયું છે, તે સ્વચ્છ અને નિખાલસમતિવાળા સહૃદયી અને શાસ્ત્રપ્રેમી તત્ત્વ-જિજ્ઞાસુઓના હૈયાને સ્પર્શી જશે એ વાતમાં કોઈ શંકાને અવકાશ નથી. આવા ઉત્તમ વિવેચન-ગ્રન્થના પ્રકાશનનો લાભ અમારી સંસ્થાને આપવા બદલ અમે પૂજ્યશ્રીના ઋણી બન્યા છીએ.

તેમજ શ્રી હીરસૂરીશ્વરજી જગદ્‌ગુરુ જૈન શ્વે. મૂ. દેરાસર ઉપાશ્રય સંઘ ટ્રસ્ટ-મલાડ, મુંબઈ અને શ્રી સહસ્રફણાપાર્શ્વનાથ જૈન શ્વે. દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ મુંબઈ બાબુલનાથ જ્ઞાનખાતા તરફથી આર્થિક સહયોગ મળ્યો છે. ટ્રસ્ટની ઉદારતા પ્રત્યે અમો આભાર વ્યક્ત કરવા પૂર્વક અનુમોદન કરીએ છીએ.

માનવમાત્રને ભોગી મટીને યોગી બનવાનો, અને યોગીમાંથી અયોગી બનવાનો, જીવ-માંથી શિવ બનવાનો, જીવાત્માને મુક્તાત્મા બનવાનો સંદેશ સુણાવતો આ યોગદૃષ્ટિ-સમુચ્ચય ભાગ-૨ સૌ સ્વાધ્યાય-પ્રેમીઓ માટે એક નજરાણું બની રહેશે.

ધનતેરસ સં. ૨૦૪૧
૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪

પ્રકાશક : દિવ્યદર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા વગેરે

અનુક્રમણિકા

	પા. નં.
મિત્રાદૃષ્ટિ પૂર્વે કર્તવ્ય	૧
મિત્રાદૃષ્ટિ	૨
ઓઘદૃષ્ટિની દુર્દશા	૨
મંદ દર્શનનો પ્રભાવ	૩
ઇચ્છાદ્વિ યોગની ૪ કક્ષા	૩
અહિંસાદ્વિ ૫ ના ૨૦ ભેદ	૪
યોગદૃષ્ટિ એ આંતરિક ભાવ	૫
અહિંસાદ્વિ દ્વરેક યમ ના ચાર પગથિયાં	૬
દર્શન યોગનું પહેલું પગથિયું	૭
ક્રોધના દુઃખદ પરિણામ	૮
વાલિ રાજાનો ઉપશમ ભાવ	૯
શ્રાવક એટલે ?	૧૦
મોક્ષ જોઈએ છે ?	૧૧
સાચી ઇચ્છાથી શુભ પ્રવૃત્તિ	૧૨
અખેદ	૧૪
પ્રભુની ઉપાસનાર્થે અભય જરૂરી	૧૫
સત્કાર્યમાં અખેદ	૧૬
પુદ્ગલાનંદીપણું કેમ તૂટે... ?	૧૬
માનવ-સમય સુવર્ણ રસ જેવો	૧૭
બાહ્યનો રસ જીવને મૂઢ બનાવે	૧૭
યોગદૃષ્ટિમાં દેહદૃષ્ટિ તૂટતી જાય	૧૯
ધર્મક્રિયાર્થે અધર્મી ઉપર ઘૃણા નહિ, દયા	૨૦
કર્મરોગઃ સંસારી જીવની બિમારી	૨૧
સત્વીર્ય-અસત્ વીર્યનાં બીજ	૨૨
પાપકર્મ-ક્ષય, પાપત્યાગ, સુકૃત સદ્ગુણ	૨૨
વંદિત્તુ વિગેરે પાપ-સંતાપનું સૂત્ર	૨૩
તત્ત્વ ઉપર અદ્વેષ જરૂરી	૨૪
ધર્મ માટે કોમળ વિશાળ દિલ જોઇએ	૨૫
૫ યોગ-બીજ (૧) જિનોપાસના	૨૭
યોગ કોને કહેવાય ?	૨૮
પાંચ પ્રકારના યોગ	૨૮
જિનોપાસના ૩ પ્રકારે	૨૯
પૂજા : (૧) દ્રવ્ય સંકોચ, (૨) ભાવ સંકોચ	૩૦
જિનનું કુશળ ચિંતન	૩૨
અરિહંતના બાર ગુણ	૩૨
અરિહંતના લોકોત્તર ગુણો	૩૩
કરુણા ચિંતન માટે દિલ કૂણું જોઈએ	૩૪
સાધનાની ચાવી-શ્રદ્ધાબળ	૩૪
પ્રભુના ઉપકારોનું ચિંતન	૩૫
આરાધનાના કેન્દ્રમાં અરિહંત	૩૬
૫ અવસ્થા ચિંતન	૩૭
અરિહંતના ૩૪ અતિશયો	૩૮
સમવસરણનું ચિંતન	૪૦
પ્રભુના વિહારનું ઐશ્વર્ય	૪૧
માનસિક જિનોપાસના	૪૨
સકલાર્હત્ સ્તોત્ર-આશ્ચર્યકારી ચિંતન	૪૨
વાચિક જિનોપાસના	૪૭
મન-વચનનો વિનિયોગ-અરિહંતમાં	૪૮
કાયિક જિનોપાસના પ્રણામાદ્વિ	૪૮
સાષ્ટાંગ પ્રણામ કેમ નહિ ?	૪૯
Thank you God	૫૦
અમેરીકન મોટર ઉત્પાદકની પ્રાર્થના	૫૦
અરિહંતનો સચોટ ઉપકાર	૫૧
શ્રેણિકનો અર્હદ્ ભક્તિ-રાગ	૫૩

	પા. નં.
સાચી ભક્તિઃ ભાવન રસ	૫૪
વીતરાગ રીઝે છે	૫૫
ભક્ત ઉપર અનુગ્રહ	૫૬
યથાપ્રવૃત્તિકરણ	૫૭
જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ	૬૦
મોક્ષમાં પ્રભુને કરુણા હોવી	૬૧
સંશુદ્ધ યોગબીજ ચરમ પુદ્ગલ પરાવર્તમાં	૬૨
પુદ્ગલ પરાવર્ત એટલે ?	૬૩
તથાભવ્યત્વ	૬૪
તથાભવ્યત્વ પકવવાનાં ૩ સાધનો	૬૫
તીવ્ર મિથ્યાત્વ છતે તત્ત્વ ન ગમે	૬૬
અચરમાવર્તમાં રાગાદિ તીવ્ર	૬૭
વિશુદ્ધ અનુષ્ઠાન માટે ૩ સાધના	૬૮
ઉપાદેય બુદ્ધિ એટલે	૬૯
સમ્યગ્ જ્ઞાન-ઉપયોગ અને અસર	૭૦
અસપત્ન સાધના	૭૦
સ્વાધ્યાય પરમ મંગલ	૭૨
મોહદૃષ્ટિ અને જ્ઞાનદૃષ્ટિ	૭૩
આહારાદિ ૧૦ સંજ્ઞાની ઓળખ	૭૪
સંજ્ઞાઓ કેમ અટકે ?	૭૫
સંજ્ઞાઓ રોકવાની વિચારણા	૭૬
પ્રભુનું આંતરિક દર્શન	૭૭
સંજ્ઞા-નિગ્રહ ૩ પ્રકારે	૭૯
મોક્ષનું કારણ મન	૮૦
અશુભ અનુબંધ દુર્બુદ્ધિ આપે	૮૨
ફળની આશંસાનો ત્યાગ	૮૩
સંગ ત્યાં સંસાર	૮૪
અપવર્ગ એટલે શું ?	૮૪
ગૌતમનો પ્રશસ્ત સ્નેહરાગ	૮૬
પ્રશસ્ત રાગ હેય નથી	૮૭
સાંસારિક ફળની ઇચ્છા યોગ માટે અયોગ્ય	૮૮
સાધના વખતે ફળનો વિચાર કેમ નહિ ?	૮૮
અર્ણિકાપુત્ર આચાર્ય	૯૦
સંશુદ્ધ સાધના કોને પ્રાપ્ત થાય ?	૯૨
સાંખ્ય મત	૯૩
પ્રકૃતિ એટલે સત્વ રજસ્ તમસ્	૯૩
પ્રકૃતિ જડ : પુરુષ ચેતન	૯૪
યોગબીજ (૨) આચાર્યાદિ ચિંતનાદિ	૯૬
સારણા-વારણા	૯૭
શુભગુરુયોગ કેવો અને કેમ ?	૯૮
આચાર્યાદિ વૈયાવચ્ચ	૯૯
ગુરુતત્વનું મહત્ત્વ	૯૯
મનમાં કષાય સંલેખના	૧૦૦
ગુરુ કેમ કરવાના ?	૧૦૦
દ્રવ્યાચાર્ય અને ભાવાચાર્ય	૧૦૨
અંગારમર્દક આચાર્ય	૧૦૨
દ્રવ્યાચાર્ય આદરણીય નહિ	૧૦૩
વૈયાવચ્ચના અદ્ભુત લાભ	૧૦૩
વૈયાવચ્ચથી પુણ્યાનુબંધી પુણ્ય	૧૦૪
આચાર્યના કાર્યો	૧૦૪
માનસિક શાતા	૧૦૫
બંધક સૂરિની નિર્યામણા	૧૦૫
વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ	૧૦૬
વૈયાવચ્ચની વિધિ	૧૦૭
તપ આવો કરવાનો	૧૦૮
વૈયાવચ્ચમાં ચિત્ત-સમાધિ	૧૦૯
ગુણાનુરાગ સેવાથી સક્રિય	૧૧૦
સાકારથી નિરાકારની પ્રાપ્તિ	૧૧૧
વીતરાગની કીકીમાં નિર્વિકારતા	૧૧૧
શુદ્ધાશયથી વૈયાવચ્ચ	૧૧૩
'ચિત્ત-પ્રબંધના' ત્રણ અર્થ	૧૧૩
ઉજ્જુ યોગબીજ...સહજ ભવોદ્વેગ	૧૧૫
વૈરાગ્ય એટલે વિરસતા	
સંસાર-સુખો વિટંબણાભર્યા	૧૧૬
કુમારનંદી સોની	૧૧૭
દુઃખગર્ભિત વૈરાગ્ય ગુણ નહિ	૧૧૯
જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ ગુણ	૧૧૯
સહજ ભવોદ્વેગ	૧૨૦

	પા. નં.
૪થું યોગબીજ દ્રવ્યાભિગ્રહ પાલન	૧૨૧
દ્રવ્યાભિગ્રહ એટલે શું ?	૧૨૧
નિયમનો હેતુ અને ખૂબી	૧૨૨
આશ્રવથી સંસાર, સંવરથી મોક્ષ	૧૨૩
અભિગ્રહ (૧) દ્રવ્ય (૨) ભાવ	૧૨૩
નિયમ એ બંધન નહિ, બંધનથી મુક્તિ છે	૧૨૪
૫ મું યોગબીજ...શાસ્ત્રોપાસના	૧૨૫
૧૪ પૂર્વશાસ્ત્ર	૧૨૫
કાલિકસૂરિના ભાણેજ મુનિનો ગર્વ	૧૨૬
જિનવાણી પૂજ્ય	૧૨૭
શાસ્ત્ર દાન – શાસ્ત્ર શ્રવણ	૧૨૭
વાચના વિધિપૂર્વક શાસ્ત્ર ગ્રહણ	૧૨૮
શાસ્ત્રસેવા : શાસ્ત્રોનું પ્રકાશન	૧૨૯
શાસ્ત્ર-સ્વાધ્યાય	૧૩૦
જાપ કરતાં સ્વાધ્યાય બળવાન	૧૩૦
શાસ્ત્રનું ચિંતન કેવું ?	૧૩૧
ચિંતનના ત્રણ પ્રકાર ને મહા લાભ	૧૩૨
ભાવના એટલે ભાવિતતા	૧૩૩
યોગબીજ-શ્રવણના લાભ	૧૩૪
સંવેગનાં લક્ષણ	૧૩૪
શ્રવણથી પ્રતિપત્તિ સ્થિરાશય	૧૩૫
વિષય-સંજ્ઞાથી સાધના અશુદ્ધ	૧૩૭
નાગકેતુનો અત્યંત ઉપાદેય ભાવ	૧૩૮
મમતા હોય ત્યાં સમતા ન આવે	૧૩૯
મોક્ષ એ શુદ્ધ સાધનાથી મળે	૧૪૦
ઉપાદેયભાવથી મહોદય	૧૪૧
યોગબીજ ગ્રહણકાળ	૧૪૨
ભાવમલ કોને કહેવાય ?	૧૪૩
ભાવમલનો ક્ષય કયાં ?	૧૪૪
પંચકારણવાદ : દૃષ્ટાંતો	૧૪૪
અચરમાવર્તમાં જીવ મૂઢ એટલે ?	૧૪૫
હિતાહિતનું વલણ	૧૪૫

	પા. નં.
હિતાહિતનો ખ્યાલ	૧૪૬
અવળી ચાલ બદલો	૧૪૬
ખપે એટલા કર્મ ખપાવીએ	૧૪૭
મનુષ્ય : યોગબીજ સાધનાનો અધિકારી	૧૪૮
ભાવમલ ક્ષયનાં ત્રણ લક્ષણ	૧૫૦
દુઃખિત ઉપર અત્યંત દયા	૧૫૧
શ્રાવક શ્રાવિકાની દયા	૧૫૨
અત્યંત દયા	૧૫૩
ક્રૂરતાદિ ભાવ રોગ	૧૫૩
માણસની દૃષ્ટિ કયાં જાય ?	૧૫૪
વૈયાવચ્ચી નંદીષેણ મુનિ	૧૫૫
ગુણવાન પર અદ્વેષ	૧૫૬
ઔચિત્ય....આસેવન	૧૫૭
શાસ્ત્રાનુસારે ઉચિત વ્યવહાર	૧૫૮
જગતની પંચાતમાં ગુમાવવાનુ	૧૫૯
સાધુનું ઔચિત્ય	૧૫૯
ધર્મનું મૂળ ઔચિત્યઃ એથી પરમ સુખ	૧૬૦
બોલવામાં ઔચિત્ય	૧૬૧
ભદ્રમૂર્તિ જીવ	૧૬૨
ઉચિત વ્યવહારના આશીર્વાદ	૧૬૨
પુરુષાર્થ : અધમ-મહાનનો	૧૬૩
મહાત્મા કોણ....?	૧૬૪
આચિત્ય પાલનમાં સત્વીર્ય	૧૬૫
દ્રવ્યસ્તવના આલંબને જ ભાવસ્તવ	૧૬૬
વીતરાગ વંદના : એક મહાન યોગ	૧૬૭
ઉત્થાન ક્રમ	૧૬૮
સંકલેશથી ભવવૃદ્ધિ : વિશુદ્ધિથી ભવચ્છેદ	૧૬૯
કૃષ્ણ વાસુદેવની વંદના	૧૬૯
સમાધિ એટલે શું ?	૧૭૦
૩ અવંચક : યોગાવંચકાદિ	૧૭૧
યોગાવંચક	૧૭૩
યોગાવંચકનું ફળ	૧૭૪
ક્રિયાવંચક-ફલાવંચક	૧૭૫

	પા. નં.
અવંચક સમાધિ	૧૭૬
આચારનું મહત્ત્વ	૧૭૭
'સંગ' રોગ કાઢવાની દવા : સત્સંગ	૧૭૮
સાધુની ઓળખ	૧૭૯
ભાવમળના વિકારો	૧૮૧
ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષા વિજ્ઞપ્તિ	
પાંચ ધર્મ યાનિ	૧૮૨
ધૃતિ-શ્રદ્ધા-સુખા	૧૮૩
સાધ્ય-શુદ્ધિથી સાધના શુદ્ધ	૧૮૫
વિવિદિષા	૧૮૫
વિજ્ઞપ્તિ	૧૮૬
નવકાર જાપમાં શ્રદ્ધાદિની યોજના	૧૮૭
ચરમ યથાપ્રવૃત્તિ કરણઃ શુભભાવ	૧૮૮
શુભભાવમાં ઝનુનથી ગ્રંથિભેદ	૧૮૯
ચરમયથાપ્રવૃત્તિકરણ એટલે	૧૯૧
મિથ્યાત્વ એ ગુણસ્થાન કેવી રીતે ?	૧૯૨
બીજી તારા દૃષ્ટિ	૧૯૪
તારા દૃષ્ટિમાં કાંઈક સ્પષ્ટ દર્શન	૧૯૫
વિપુલ જીવોની હિંસામાં આત્મદર્શન કેવું ?	૧૯૬
પાંચ પ્રકારના નિયમ	૧૯૭
શૌચ	૧૯૭
મૈત્રી આદિ ભાવોથી કચરા સાફ	૧૯૮
મનની પવિત્રતા શૌચ લાવે	૧૯૮
જીવની ૩ તામસાદિ પ્રકૃતિ	૧૯૯
સંતોષ	૧૯૯

	પા. નં.
સંતોષના લાભો	૨૦૦
આહારદિ-સંજ્ઞાના પાપ	૨૦૧
પૂજા, સ્તોત્ર, જપ, ધ્યાન, લય	૨૦૨
તપથી મન ઉપર નિયમન	૨૦૩
બૌદ્ધોનો તપનો વિરોધ ને જવાબ-તપ પ્રભાવ	૨૦૩
સ્વાધ્યાય	૨૦૪
સ્વાધ્યાયમાં ચિત્ત કયારે જમે ?	૨૦૫
શાસ્ત્ર-સ્વાધ્યાયથી આત્મ-શુદ્ધિ	૨૦૫
સ્વાધ્યાયના લાભો	૨૦૬
ધ્યાન માટે પવિત્ર મન	૨૦૭
ભગવાનનું ધ્યાન શા માટે ?	૨૦૮
પરમાત્મ-ધ્યાનમાં શું આવે ?	૨૦૯
પાંચ નિયમના ફળ અધ્યાત્મસારમાં	૨૧૦
શૌચથી શરીર-જુગુપ્સા	૨૧૦
સંતોષથી સુખ સિદ્ધિ	૨૧૦
વિષયસુખ કરતાં સંતોષસુખ ઉત્તમ	૨૧૧
સ્વાધ્યાયથી ઈષ્ટ દર્શન	૨૧૧
તપથી શરીર ઇન્દ્રિય કસાય	૨૧૨
નિયમ-પાલન ઇચ્છાદિ રૂપ	૨૧૩
તારા દૃષ્ટિમાં 'ઉદ્વેગ' દોષ-ત્યાગ	૨૧૪
વીર્યાચાર શા માટે ?	૨૧૫
તારા દૃષ્ટિમાં જિજ્ઞાસા ગુણ	૨૧૬
મૂર્તિનો દ્વેષ ભગવાન સુધી પહોંચે	૨૧૭
તત્વનો દ્વેષ મટે તો તત્ત્વજિજ્ઞાસા	૨૧૭
તારા દૃષ્ટિમાં અન્ય ગુણોઃ યોગકથા-પ્રીતિ	૨૧૮
ચાંડાલિ વિદ્યા	૨૧૯
યોગકથા પ્રીતિથી તત્ત્વ મળે	૨૨૦
યોગ મમતા	૨૨૧

	પા. નં.
'ભાવપ્રતિબંધ'–સારતા	૨૨૩
યોગ પર પ્રેમ	૨૨૪
યોગની વાતો તારણહાર	૨૨૫
સંસાર–મોક્ષ રસિક દૃષ્ટિ જુદી	૨૨૫
યોગી પર બહુમાન	૨૨૬
ભક્તિથી યોગી ને પોતાને લાભ	૨૨૭
સાધનામાં આહારાદિનું મહત્ત્વ	૨૨૮
પોતાનો ઉપકાર બે જાતનો	૨૨૯
વૈયાવચ્ચથી બીજા લાભ	૨૩૧
કર્મ–ફળ બે જાતના	૨૩૨
ભક્તિથી હિતોદય બે રીતે	૨૩૩
યોગ સાધે તે યોગી	૨૩૪
ભક્તિથી ક્ષુદ્રોપદ્રવ–હાનિ	૨૩૫
મોક્ષ–આશય વિના ધર્મ થાય ?	૨૩૫
પુત્ર માટે ધર્મ	૨૩૬
'ઇષ્ટ ફળ સિદ્ધિ'નો અર્થ	૨૩૭
ઈષ્ટ ફળ સિદ્ધિના શાસ્ત્ર પાઠો	૨૩૮
ઇષ્ટ ફળ મોક્ષ–સામગ્રી કેમ નહિ	૨૪૦
પ્રાર્થનાથી ઇષ્ટ ફળ મળે ?	૨૪૧
જિન–ભક્તિથી ઉપદ્રવો ટળે	૨૪૨
મંદિરે કેમ જવાનું...?	૨૪૩
તારા દૃષ્ટિમાં વિકાસ	૨૪૪
(૧) ભવનો અત્યંત ભય નહિ	૨૪૪
(૨) ઉચિતમાં કૃત્યહાનિ નહિ	૨૪૫
વૈદ્ય–શેઠાણી	૨૪૬
(૩) અનુચિતમાં આચરણ નહિ	૨૪૮
અનુચિત ક્રિયા કઈ ?	૨૪૮
Return to Religion	૨૪૯
અનુચિત બોલથી નુકશાન	૨૫૦
કુમારપાળ અઠ્ઠોંતેરાજ	૨૫૧
ભગવદ્ ધ્યાનઃ સ્વાધ્યાય જરૂરી	૨૫૩
મન અસ્થિર કેમ થાય ?	૨૫૩
એકાગ્ર મન એ ધ્યાન	૨૫૪
આચાર–પાલનમાં મન સ્થિર	૨૫૫
મનનો માલિક કોણ ?	૨૫૬
તારા દૃષ્ટિમાં જિજ્ઞાસા ગુણ	૨૫૭
ધ્યાનાદિની જિજ્ઞાસા	૨૫૮
મુખ્ય છે આંતરિક પરિણતિ	૨૫૮
મોક્ષની ઇચ્છા એટલે ?	૨૫૯
સંત્રાસ	૨૬૦
જિજ્ઞાસા કેમ વિકસે ?	૨૬૧
સાધનાથી આંતરદોષ ટળે	૨૬૫
સત્પુરુષોની પ્રવૃત્તિ પ્રેક્ટિકલ	૨૬૬
આચરણમાં શિષ્ટ પુરુષો પ્રમાણભૂત	૨૬૭
સમકિત જોરદાર તો સાધના જોરદાર	૨૭૦
શિષ્ય અનુવર્તક હોય	૨૭૧
શાસ્ત્રવચનોની ગહનતા	૨૭૧
વાકયો ૩ પ્રકારે	૨૭૧
પાપદેશના ૫–પ્રકારે	૨૭૩
પરસ્થાન દેશના પાપદેશનાઃ નુકશાન	૨૭૩
અજીતનાથ પ્રભુના સ્તવન–ભાવ	૨૭૪
गुणेहिं साहू अगुणेहिं साहू	૨૭૬
૩ જી બલાદૃષ્ટિ	૨૭૭
સુખાસન	૨૭૮
સૂત્રો યોગમુદ્રાએ જ બોલાય	૨૭૯
પ્રભુમાં મન	૨૭૯
દૃઢ બોધ–પ્રકાશ	૨૮૦
'ક્ષેપ' દોષનો ત્યાગ	૨૮૧

	પા. નં.
આસન-સ્થિરતા	૨૮૧
અસત્ તૃષ્ણા-૩	૨૮૧
અસત્ તૃષ્ણાથી સત્યાનાશ	૨૮૫
પાપની ૪ કક્ષા	૨૮૫
પુણ્ય જેટલો સુખનો માલ મળે	૨૮૬
અત્વરાપૂર્વક ગમન	૨૮૭
સ્થિરતા કયાં કયાં જરૂરી ?	૨૮૮
ધર્મમાં મન ઠરે તો મન સ્થિર	૨૮૮
દૃષ્ટિના અપાય	૨૮૯
મન સ્થિર તો સંસ્કાર ઊંડા	૨૮૯
શુશ્રૂષા	૨૯૦
શુશ્રૂષા પાતાળ-સેર	૨૯૦
શુશ્રૂષા સતત કેમ ચાલે ?	૨૯૧
તત્વ-શુશ્રૂષાનો પ્રભાવ	૨૯૨
શુશ્રૂષાથી તાપસ તર્યા	૨૯૩
શ્રુતજ્ઞાનાવરણ કર્મોનો નાશ	૨૯૪
શુભભાવની પ્રવૃત્તિથી કર્મક્ષય	૨૯૫
સમ્યક્ત્વનો અધિકારી	૨૯૬
અતત્ત્વ પક્ષપાત : દીર્ઘ સંસાર	૨૯૬
ક્ષેપ દોષનો ત્યાગ	૨૯૭
કાલ ક્ષેપનો ત્યાગ	૨૯૭
કુથલી એ પ્રમાદ	૨૯૮
ધર્મની કદર : ધર્મમાં ઢીલ નહિ	૨૯૯
વિક્ષેપ અટકાવવા આલંબનો	૩૦૦
સાધના એ વેપાર : શુભભાવ એ નફો	૩૦૧
નફાના ટકા વધારો	૩૦૧
બૃહત્ગુરુવંદન	૩૦૨
ગુરુવંદન બે પ્રકારે	૩૦૨
શુભ યોગના ઉપાયો	૩૦૩
ઈષ્ટફળસિદ્ધિનું રહસ્ય	૩૦૪
અયોગ્યની ઈચ્છા એ અસમાધિ	૩૦૫
નિષિદ્ધના ત્યાગથી વિઘ્ન નાશ	૩૦૬
નિષિદ્ધ-ત્યાગથી વીતરાગતા	૩૦૭
સંકિલષ્ટ ભોગીની દુર્દશા	૩૦૮
નિરાશંસ સાધના	૩૦૯
અખંડ સાધના	૩૧૦
શુદ્ધિપત્રક	૩૧૧

૧૪૪૪ શાસ્ત્ર–નિર્માતા સુવિહિત શિરોમણિ
પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત

યોગદૃષ્ટિ સમુચ્ચય

'યોગદૃષ્ટિ-સમુચ્ચય' પરનાં વ્યાખ્યાનો ભાગ-૨

मित्रायां दर्शनं मन्दं यम इच्छादिकस्तथा ।
अखेदो देवकार्यादावद्वेषश्चापरत्र तु ॥२१॥

(અર્થ–) મિત્રાદૃષ્ટિમાં દર્શન મંદ હોય છે, યમ તથા ઇચ્છાદિ સ્વરૂપ હોય છે; દેવદર્શનાદિ કાર્યમાં ખેદ નથી હોતો; અને બીજે અ–દ્વેષ (ગુણ) હોય છે.

(ટીકા–)इदानीं प्रतिदृष्टि साकल्येनाङ्गयोजनामुपदर्शयन्नाह,–'मित्रायां' दृष्टौ, 'दर्शनं मन्दं'=स्वल्पो बोधः, तृणाग्निकणोद्योतेन सदृशः । 'यमः' अहिंसादिलक्षणः, 'इच्छादिकस्तथा'; यथोक्तं–'अहिंसासत्यास्तेयब्रह्मचर्याऽपरिग्रहा यमाः' । एते चेच्छा–प्रवृत्ति–स्थैर्य–सिद्धिभेदा इति वक्ष्यति ।

(અર્થ–) હવે દરેક દૃષ્ટિની સાથે તેનાં તેનાં અંગની યોજના બતાવતાં કહે છે 'મિત્રાયાં'... અર્થાત્ મિત્રાદૃષ્ટિમાં 'દર્શન મંદ' એટલે કે ઘાસના અગ્નિના કણના પ્રકાશ–સમાન અતિ અલ્પ બોધ હોય છે. (વળી) 'યમ' અહિંસાદિ સ્વરૂપ હોય છે તથા 'ઇચ્છાદિ' સ્વરૂપ હોય છે. જેમકે, કહ્યું છે 'અહિંસા–સત્ય–અસ્તેય–બ્રહ્મચર્ય–અપરિગ્રહ એ (પાંચ) યમ છે', ને એ ઇચ્છા–પ્રવૃત્તિ–સ્થૈર્ય–સિદ્ધિ' એમ (ચાર)પ્રકારે હોય છે, એ આગળ કહેશે.

વિવેચન :—આની પૂર્વે એ બતાવી ગયા કે આ શાસ્ત્રમાં જેનું વર્ણન કરવાનું છે એ (૧) આઠ યોગદૃષ્ટિ કઇ કઇ (૨) આઠ યોગાંગ કયા કયા ? (૩) ત્યાજ્ય આઠ દોષ કયા કયા ? અને (૪) આદરણીય આઠ ગુણ કયા કયા ?

હવે અહીં ૨૧મી ગાથાથી એ એકેક દૃષ્ટિની સાથે એકેક યોગાંગ, એકેક ત્યાજ્ય દોષ, અને એકેક આદરણીય ગુણનું વર્ણન કરે છે. એથી ખ્યાલ આવે કે તે તે યોગદૃષ્ટિમાં પ્રવેશ કરવા માટે કયો કયો યોગાંગ સિદ્ધ હોવો જોઇએ ? કયો કયો દોષ તજેલો જોઇએ ? અને કયો કયો ગુણ પ્રાપ્ત જોઇએ.

આ પરથી એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે તે તે યોગાંગ તે તે દોષ–ત્યાગ અને તે તે ગુણ–પ્રાપ્તિ તે તે દૃષ્ટિમાં પેસીને પછી નથી કરવાની, કિન્તુ તે તે દૃષ્ટિમાં પેસવા પૂર્વે કરવાની છે. તાત્પર્ય, તેને યોગાંગ સિદ્ધ હોય, તે તે દોષ ત્યજ્યો હોય, અને તે તે ગુણ પ્રાપ્ત કર્યો હોય એને જ તે તે દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

મિત્રાદૃષ્ટિમાં આવવા પૂર્વે કર્તવ્ય :–

દા. ત. પહેલી 'મિત્રા'–દૃષ્ટિમાં આવ્યા પછી 'યમ' યોગાંગ સાધવાનો છે એવું નથી, કિન્તુ મિત્રા–દૃષ્ટિ આવવા પૂર્વે 'યમ' યોગાંગ સાધેલો હોવો જોઇએ. તો જ કહી શકાય કે પહેલી મિત્રાદૃષ્ટિમાં 'યમ' યોગાંગ સિદ્ધ હોય છે. એમ

'ખેદ'દોષનો ત્યાગ પહેલી મિત્રાદૃષ્ટિમાં આવ્યા પછી નથી કરવાનો, કિન્તુ આવવા પૂર્વે કરવાનો છે; જેથી કહી શકાય કે પહેલી મિત્રાદૃષ્ટિમાં પહેલા 'ખેદ'દોષનો ત્યાગ હોય છે. એવું ગુણ અંગે સમજવાનું; અર્થાત્ પહેલો 'અદ્વેષ' ગુણ પ્રાપ્ત કર્યો હોય તો જ પહેલી મિત્રાદૃષ્ટિમાં અવાય.

સારાંશ, જેવો પહેલી મિત્રાદૃષ્ટિનો બોધ પ્રકાશ ખૂલ્યો કે એની સાથે જ એ આત્મામાં 'યમ' યોગાંગ આવેલો જ હોય, 'ખેદ' દોષ તજેલો જ હોય, અને 'અદ્વેષ' ગુણ પ્રાપ્ત જ હોય.

મિત્રાદૃષ્ટિમાં આવ્યા પછી કર્તવ્ય :

હવે આવી મિત્રાદૃષ્ટિમાં આવીને શું કરવાનું ? તો કે બીજી તારા દૃષ્ટિમાં જવા માટે તારા દૃષ્ટિની હરોળના (૧) 'નિયમ' યોગાંગ (૨) ઉદ્વેગદોષ–ત્યાગ, અને (૩) 'જિજ્ઞાસા'–ગુણ સાધવાની મહેનત કરવાની, એ સિદ્ધ થાય, એટલે બીજી તારા દૃષ્ટિના પ્રવેશની સાથોસાથ 'નિયમ' યોગાંગ પણ ચાલુ થાય, 'ઉદ્વેગ' દોષ છૂટી ગયો હોય, અને 'જિજ્ઞાસા' ગુણ ઊભો થઈ ગયો હોય. આમ ક્રમશઃ ૧લી ૨જી–૩જી વગેરે યોગદૃષ્ટિના પ્રવેશની સાથોસાથ ૧લા–૨જા–૩જા વગેરે યોગાંગ ૧લા–૨જા–૩જા વગેરે દોષ–ત્યાગ અને ૧લા–૨જા–૩જા વગેરે ગુણ સિદ્ધ જોઇએ.

આ માટે હવે અહીંથી એકેક દૃષ્ટિની સાથોસાથ જરૂરી તે તે યોગાંગ, તે તે દોષત્યાગ અને તે તે ગુણનું વર્ણન તે તે દૃષ્ટિના વર્ણનની સાથે જ ચાલશે.

મિત્રા–દૃષ્ટિનું વર્ણન

मित्रायां दर्शनं मंदं મિત્રાદૃષ્ટિમાં હવે આછું દર્શન થાય છે. 'દર્શન' એટલે સમ્યક્ બોધ; પણ અહીં બહુ અલ્પ માત્રામાં એ બોધ પ્રગટ થાય છે. આ મિત્રાદૃષ્ટિ પામવા પૂર્વે ઓઘદૃષ્ટિમાં તો તદ્દન અજ્ઞાનતાનું અંધારું હતું. કશું જ આત્મભાન ન મળે. આત્માની જ ખબર નહિ એટલે આત્માની ભવકેદ અને એમાંથી છૂટકારા રૂપ મોક્ષની પણ કશી જ ખબર નહિ. એટલે આત્મા અને મોક્ષનો કશો વિચાર જ શાનો આવે ?

ઓઘદૃષ્ટિમાં વિષયોમાં જ આનંદ–મંગળ :–

ઓઘદૃષ્ટિમાં વિચાર માત્ર કાયા અને ઇંન્દ્રિયોને તુષ્ટિકારક પાદ્ગલિક વિષયોનો, વિષય–સુખોનો, અને તે મેળવવા–સંધરવા–ભોગવવાનો. પછી, "તે ઊંચા વિષય સુખો ઠેઠ કષ્ટમય ચારિત્રના પાલનથી મળે છે? તો લાવો એ ચારિત્ર પણ પાળી લઇએ. થોડા કાળના ચારિત્રકષ્ટથી, દીર્ઘકાળના વિષય–સુખો મળશે ને? તો આ ભાવમાં ખોટું નથી",–એમ કરી ચારિત્રનાં કષ્ટ પણ અપનાવી લીધાં. પરંતુ એ બધું ઓઘદૃષ્ટિના અંધારામાં રહીને! એને તો ભવનો જ આનંદ એટલે ભવાભિનંદી અવસ્થા. એને સંસારના વિષય સુખોમાં જ ચિત્ત ઠરે. 'આ ભવ મીઠા પરલોક કોણે દીઠા? બસ, અહીં આ સુખોમાં આનંદ મંગળ કરો', આ ભવાભિનંદીપણામાં જીવે સૂત્ર ઘડી કાઢેલું.

આવી ઓઘદૃષ્ટિમાં રાચતા જીવને જ્યાં આત્મા મોક્ષ વગેરેનું કશું જ ભાન નહિ, પછી મોક્ષની દૃષ્ટિએ સર્વજ્ઞ ભગવાને કહેલા હેય–

ઉપાદેય પદાર્થનું ય ભાન જ કયાંથી હોય? અરે! આત્મા અને મોક્ષને માનનારા ઇતરદર્શનોએ કહેલા મોક્ષની દૃષ્ટિએ હેય–ઉપાદેય પદાર્થનું ય ભાન પણ કયાંથી હોય?

જૈનેતર દર્શનો સર્વજ્ઞ–પ્રણીત નથી, સર્વજ્ઞનાં બંધન પર રચાયેલા નથી; છતાં પણ આર્યદર્શનો છે, એટલે આત્માને માને છે, વળી આત્માને અનંતકાળથી જન્મ–જરા–મૃત્યુનાં ફાંસલામાં ફસેલો માને છે, ઉપાયથી એનો એમાંથી મોક્ષ–છુટકારો થવાનું માને છે અને છુટકારાના ઉપાયો બતાવે છે. પરંતુ ઓઘદૃષ્ટિવાળાને તો આમાંનું કશું દર્શન નહિ, કશો બોધ નહિ, કશું માનવાનું નહિ.

આત્મા–મોક્ષને માનવાનો પ્રભાવ :–

તે હવે ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી મિત્રા નામની આદ્ય યોગદૃષ્ટિમાં આવે ત્યારે આ આત્માનેમોક્ષઅને હેય–ઉપાદેયપદાર્થનું કાંકઆછું દર્શન થાય છે. એટલે જ અહિંસા, સત્ય વગેરેનો સ્વીકાર કરે છે. અથવા કહો, ભલે ઇતર ધર્મમાં રહીને આત્મા મોક્ષ વગેરેનો આછો પણ બોધ થયો એ માટે અહિંસાદિનો સ્વીકાર થયો, એટલે જીવ પહેલી મિત્રા નામની યોગદૃષ્ટિમાં આવ્યો ગણાય. મિત્રા દૃષ્ટિમાં આછું દર્શન છે, બહુ અલ્પ બોધ છે, પણ એનો પ્રભાવ કેવો છે? અત્યાર સુધી જે સર્વે સર્વા વિષય સુખોમાંજ આનંદ–મંગળ માનતો હતો અને એમાં જ ચિત્ત ઠરતું હતું, તે હવે એને અહીં આત્મતત્ત્વ માન્ય થવાથી ચિંતા ઊભી થાય કે, 'અરે! આ વિષયોના ઘેરાવામાં અને વિષય–સંબધ્ધ મોહમાયામાં મારા આત્માનું શું થાય?' આગળ આ દૃષ્ટિમાં યોગબીજો સંઘરવાની વાત કરવાના છે, તેમાં આ વિચારણા આવશે. આવી અહીં આત્મચિંતા ઊભી થવાથી ઓઘદૃષ્ટિમાં જેમ વિષયોમાં જ આનંદ–મંગળ માનવાનું અને વિષયોમાં જ ચિત્ત ઠરવાનું થતું હતું, તેમાં ફરક પડી જાય છે. અલબત્ વિષયોનો સંબંધ તો છે, પરંતુ એને જ જીવનનું સર્વસ્વ-માની એમાં ચિત્ત સર્વે સર્વા કરવાનું નથી બનતું. 'આ વિષયોના ઘેરાવામાં મારા આત્માનું શું?' એવી અંતરમાં ચિંતા સળગતી થઈ જાય છે. એ જ મિત્રાદૃષ્ટિનું સહેજ આછું દર્શન છે, અતિ અલ્પ પણ સમ્યક્ બોધ છે.

એ મંદ દર્શનના પ્રભાવે અહીં અહિંસા–સત્ય–અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમની પ્રાપ્તિ થાય છે. પાતંજલ દર્શને યમ, નિયમ, આસન, પ્રાણાયામ વગેરે આઠ યોગના અંગ કહ્યાં છે. એ ક્રમશઃ ઉત્તરોત્તર એકેક યોગદૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે. અહીં પહેલી યોગ દૃષ્ટિમાં 'યમ' નામનો યોગાંગ પ્રાપ્ત થાય છે. ત્યારે પ્રશ્ન થાય,

શું પહેલી દૃષ્ટિમાં અહિંસાદિ પાંચ મહાવ્રતો? :–

પ્ર૦—હજી તો જીવ માત્ર પહેલી યોગ દૃષ્ટિમાં આવ્યો છે, ત્યાં શું એને અહિંસાદિનાં મહાવ્રતો આવી જાય? ને જો એમ જ હોય, તો તો એમ જ કહોને કે પાંચ મહાવ્રતધારી સાધુને જ યોગદૃષ્ટિ મળે? ગૃહસ્થોને યોગદૃષ્ટિ નહિ! એટલે એ બધા ઓઘદૃષ્ટિમાં જ રમનારા? અથવા અંશે અહિંસાદિ સ્વીકારનારા અણુવ્રતી શ્રાવકો જ પહેલી યોગદૃષ્ટિ પામનારા? એટલે મોટા ક્ષાયિક સમ્યક્ત્વ ધરનારા શ્રેણિક, કૃષ્ણ જેવા પણ યોગદૃષ્ટિ પામેલા નહિ?

ઉ૦—આ પ્રશ્નના સમાધાન માટે ગ્રંથકાર મહર્ષિએ "યમઃ ઇચ્છાદિકસ્તથા" કહ્યું. એનો ભાવ એ છે કે, અહિંસા, સત્ય વગેરે દરેક યમના ઇચ્છાદિ ચાર પ્રકાર છે, ચાર કક્ષા છે.

ઇચ્છાદિ ૪ કક્ષા :–

ઇચ્છાદિ ૪ કયા? તો કે આ,—ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ. અહિંસા, સત્ય

વગેરે દરેક યમ આ ચાર સ્વરૂપે હોય, અર્થાત્ દા. ત. અહિંસાની ઇચ્છા તે ઇચ્છારૂપ અહિંસા-યમ, અહિંસાની પ્રવૃત્તિ તે પ્રવૃત્તિરૂપ અહિંસા-યમ. અહિંસામાં સ્થૈર્ય તે સ્થૈર્યરૂપ અહિંસા યમ; અને અહિંસાની સિધ્ધિ તે સિધ્ધિરૂપ અહિંસાયમ. આમ દરેક યમના ૪–૪ પ્રકાર. મુખ્યપણે વિચારીએ તો યમ ૪ પ્રકારે,– ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થૈર્યયમ, સિધ્ધિયમ. યમના અવાંતરમાં ઉપર કહ્યું તેમ ઇચ્છા–અહિંસા, પ્રવૃત્તિ–અહિંસા વગેરે એમ ઇચ્છાસત્ય, પ્રવૃત્તિ–સત્ય, સ્થૈર્ય–સત્ય,...વગેરે. આમ અહિંસાદિ પાંચના આ ૪-૪ પ્રકારથી જોતાં વીસ ભેદ થાય. આ હિસાબે જો તમે અહિંસાદિની ઇચ્છા માત્ર કરી, તો ય તમે ઇચ્છા–અહિંસામાં ઇચ્છાયમમાં આવ્યા.

પ્ર૦—અહિંસાની ઇચ્છામાત્ર કરી એમાં અહિંસા-યમ શી રીતે આવ્યો ગણાય? અહિંસાની પ્રવૃત્તિ તો કશી કરી નથી.

ઉ૦–જ્ઞાનીઓની દૃષ્ટિએ સંપૂર્ણ અહિંસા-ધર્મ કે અહિંસાગુણ એ, કે અહિંસા આત્મસાત્ થઈ જાય, આત્માના સ્વભાવમાં ઊતરી જાય, આત્માનો સહજ સ્વભાવ બની જાય; પછી ત્યાં 'હિંસાથી પાપ લાગે, નરકાદિ દુર્ગતિ થાય,' વગેરે ભયથી અહિંસા–પાલન નહિ, કે શાસ્ત્રના હિંસા નિષેધથી અહિંસા–પાલન નહિ, કિન્તુ જીવનો એવો સહજ સ્વભાવ જ બની ગયો કે હિંસાનો દિલમાં ભાવ જ ન ઊઠે. અહિંસાનો જ કુદરતી ભાવ બન્યો રહે. આ અહિંસા એ સિદ્ધિરૂપ અહિંસા છે, ને તે અહિંસાની અંતિમ કક્ષા છે.

પરંતુ તે અહિંસાનો સ્વભાવ ઉપદેશ સાંભળીને પહેલે તબકકે ન આવે, કિન્તુ તે પૂર્વે (૧) અહિંસાની ઇચ્છાપૂર્વક (૨) અહિંસાની પ્રવૃત્તિ કરવી પડે; ને (૩) એમાં આવતાં વિઘ્નો હટાવી એ અહિંસામાં સ્થિર રહેવું પડે. આમ ઇચ્છા–પ્રવૃત્તિ–સ્થૈર્ય એ ત્રણ ક્રિયા કરવી પડે; ને એ બધું અહિંસા–ધર્મની સાધનામાં જ ગણાય. એટલે અહિંસા પાળવાની સાચી ઇચ્છા થઈ,એ પહેલા તબક્કાનો અહિંસા–ધર્મ યાને અહિંસા–યમ આવ્યો કહેવાય.

અહિંસાની ઇચ્છાનું મહત્વ :–

પ્ર૦–અહિંસાની પ્રવૃત્તિ વિના માત્ર ઇચ્છા કરી એટલામાં શી મહત્તા ?

ઉ૦–મહત્તા એ કે અહીં અહિંસાની દિલથી સાચી ઇચ્છા કરે છે, એમાં ગર્ભિત છે કે એના દિલને જીવો પ્રત્યે દયાભાવ આવ્યો અને એથી જીવોની હિંસામાં બધું ખોટું થતું દેખાય છે. અનાદિ કાળના હિંસાના રસિયા જીવને દયાભાવ આવે અને હિંસા ખોટી લાગે, ભયંકર લાગે, અકર્તવ્ય લાગે, અહિંસા કર્તવ્ય લાગે, હિંસા પર ઘૃણા થાય. અહિંસા પાળવાની અંતરની ઇચ્છા થાય, એ કાંઈ સામાન્ય વાત નથી. હિંસા પર ઘૃણા થઈ અને અહિંસાની ઝંખના થઈ એટલે તો હવે ઘર-સંસારમાં હિંસામય આરંભ-સમારંભોમાં એને ચેન ન પડે, દિલ કકળ્યા કરે.

આવો જીવ, કહો, હવે પછી અહિંસાનો મોકો મળે ને એ શકય હોય ત્યાં એની પ્રવૃત્તિ કર્યા વિના રહેવાનો ? ના. એ તો જેને અહિંસાની ઝંખના જ નથી, એને જ હિંસામાં ચેન હોય, હિંસામાં એ નિશ્ચિંતપણે મહાલ્યા કરતો હોય. એને અહિંસાનો મોકો મળે તો ય અહિંસામાં પ્રવૃત્ત ન થાય. એટલે જ કહેવું પડે કે જેને હવે સજ્ઞાન દશા આવી અને અહિંસાની હાર્દિક ઇચ્છા થઈ, એ અહિંસાના પહેલે પગથિયે આવ્યા ગણાય. માટે અહીં પહેલી યોગ દૃષ્ટિમાં અહિંસા યમ મૂકયો તે બરાબર જ છે. એને સાચી ઇચ્છા પછી કયારેક પ્રવૃત્તિ આવવાની છે, અને એ અહિંસાની પ્રવૃત્તિ નિર્વિઘ્નપણે નિશ્ચિતપણે તથા ખૂબ ભાવથી વારંવાર કરતાં કરતાં એક દિવસ એવો આવવાનો કે એને અહિંસાની સિદ્ધિ થવાની. એટલે મૂળ પાયામાં હિંસામાં

અને હિંસામય આરંભ-સમારંભમાં બેચેની હોય, અને અહિંસાની ઉત્કટ ઇચ્છા હોય, એ પહેલી યોગદૃષ્ટિમાં 'અહિંસા' યમ જ છે.

સાધુ ય ક્યારે યોગદૃષ્ટિ ગુમાવે ? :- આ પરથી એ સમજાશે કે, સાધુ પણ જો કોઈ કારણ પ્રસંગે ગૃહસ્થ પાસે આરંભ-સમારંભ કરાવે, અને એમાં થતી જીવોની હિંસા માટે એને બેચેની ન હોય, હિંસામય આરંભ-સમારંભ પ્રત્યે ઘૃણા-અફસોસી ન હોય, 'હાય ! હું સર્વસાવદ્યનો ત્યાગી સાધુ અને હિંસાથી ત્રિવિધ ત્રિવિધે વિરત થયેલો વિરતિધર બનેલો આ હિંસા કરાવી રહ્યો છું ?'-એમ હાયકારો ન થાય, તો સાધુ પણ યોગની માત્ર પહેલી દૃષ્ટિના ય અહિંસાયમથી જાય !

ધ્યાનમાં રાખવાનું છે કે યોગની દૃષ્ટિ એ આત્માના આંતરિક ભાવની વસ્તુ છે. એટલે બહાર વેશ ગમે તેવો ત્યાગીનો, અને બોધ પણ કેટલાય શાસ્ત્રોના હોય, તથા બાહ્યથી કેટલાય ત્યાગ, વ્રત, નિયમ, તપ અને સત્ ક્રિયા ચાલતી હોય, છતાં આ બધું બાહ્ય છે પણ એ વખતે અંતરના ભાવ જો હિંસા પ્રત્યે ને હિંસામય આરંભ-સમારંભ પ્રત્યે ઘૃણા-અફસોસી-હાયકારાના ન રહ્યા, બસ એનો સોસ (અફસોસ) નહિ એમ નિષ્ઠુર રહ્યા, તો યોગદૃષ્ટિની અપેક્ષાએ પહેલી યોગદૃષ્ટિમાં પણ ઊભા રહેવાનું ન બને. એટલે પછી ઓઘ-દૃષ્ટિમાં ફેંકાઈ જવાનું થાય. આ પરથી સમજી રાખવાનું કે **બાહ્ય બીજી સત્ ક્રિયાઓ છતાં જો અંતરના ભાવ બગડયા તો યોગદૃષ્ટિ જાય.**

એટલા જ માટે અંતરના ભાવ ખૂબ સાચવવા સમાલવા જેવા છે. શીલવંતી નારી પોતાના અંતરના ભાવને કેટલા બધા સમાલી રાખે ? 'કલ્યાણો રૂપાળો' એટલું ય મનમાં ન આવવા દે. એને ય શીલનો ભંગ સમજે.

પરપુરુષના રૂપ સ્પર્શ વગેરે પર ભારે ઘૃણા રાખે, તો જ શીલના પવિત્ર ભાવ સાચવી સમાલી શકે.

ત્યારે સાધુ તો માત્ર શીલવંતા જ નહિ, સર્વાંશે બ્રહ્મચર્ય ધારી, ઉપરાંત સર્વાંશે અહિંસા વ્રતધારી, સત્યવ્રતી, સર્વથા અપરિગ્રહી છે, એટલે એમણે એ અહિંસા, સત્ય વગેરે મહા-વ્રતો કેવા સાચવવાના હોય ? એ ત્યાગ કરેલા હિંસા-અસત્ય-સ્તેય (ચોરી)-અબ્રહ્મ અને પરિ-ગ્રહની પ્રત્યે કેટલી બધી જોરદાર ઘૃણા-અફસોસી -હાયકારો રાખનારા હોય ?

શીલવંતી નારીના શીલની મર્યાદાનું દૃષ્ટાન્ત ભૂલવા જેવું નથી.

યોગની પહેલી દૃષ્ટિવાળાને હજી કદાચ હિંસાદિ ચાલુ હોય અહિંસાદિના મહાવ્રત ન હોય, અહિંસાદિની પ્રવૃત્તિ ન હોય, છતાં અહિંસાદિ માટેની ઇચ્છા એવી જોરદાર હોય કે, સંસારમાં કરવા પડતાં પણ હિંસાદિ પાપો પ્રત્યે અંતરમાં હાયકારો-ઘૃણા-અફસોસી વર્તતી હોય. આવો આત્મા, શાસ્ત્રકાર કહે છે કે, અહિંસાયમમાં આવ્યો ગણાય; ને એ જ આત્મા પછી શક્ય એટલી અહિંસાની પ્રવૃત્તિ પણ કરવાનો. આ સૂચવે છે કે કોઈ પણ ધર્મ કે ગુણની તમે સાચી તીવ્ર ઇચ્છા કરો એટલે તમે ધર્મ કે ગુણની સાધનામાં આવ્યા. ઈંગ્રેજી કહેવત છે one who desires, he deserves. "જે જેની સાચી ઇચ્છા કરે છે એ તે વસ્તુ પામવાને લાયક છે."

અહિંસાની ઇચ્છા જેમ યમ, તેમ અહિંસાની પ્રવૃત્તિ એ પણ અહિંસાયમ. એ વારંવાર કરતાં કરતાં એમાં સ્થિરતા આવે એ પણ અહિંસાયમ; અને એ સ્થિરતા એવી આત્મા સાથે એકમેક

થાય, કે પછી આત્મા અહિંસામય થઈ જાય, અહિંસા એ આત્માનો સ્વભાવ જ બની જાય, એ અહિંસાની સિદ્ધિ થઈ કહેવાય. એ પણ અહિંસાયમ છે. અહિંસાયમના ચાર પગથિયા,-પહેલે પગથિયે અહિંસાની સચોટ ઇચ્છા, બીજે ત્રીજે પગથિએ અહિંસાની પ્રવૃતિ તથા અહિંસામાં સ્થિરતા, અને ચોથે પગથિએ અહિંસાની સિદ્ધિ.

આપણામાં ઇચ્છાકક્ષાના યમ કયારે ? :-

અહિંસાની જેમ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, દરેકમાં ચાર કક્ષા,-ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ. દા. ત. સત્યની સચોટ ઇચ્છા, સત્યની પ્રવૃતિ...., બ્રહ્મચર્યની સચોટ ઇચ્છા, બ્રહ્મચર્યની પ્રવૃત્તિ....

આમાં એ જોવાનું કે પ્રથમ ઇચ્છા--કક્ષાના અહિંસાયમ, સત્યયમ વગેરે આપણામાં છે ?

એ માટે આ જોવાનું કે, પ્રતિપક્ષી હિંસા, અસત્ય, અબ્રહ્મ....વગેરે આપણને ખૂંચે છે ને? અંતરથી ગમતા નથી ને ? એના પ્રત્યે ભારે સૂગ જાગી છે ? નફરત-ગ્લાનિ ઊભી થઈ છે ? હાડોહાડ એની અરુચિ છે ? તો જ આપણે વિશ્વાસ લઈ શકીએ કે આપણે ઇચ્છાકક્ષાના અહિંસાદિયમ ધરાવીએ છીએ, ને પહેલી મિત્રા નામની યોગદૃષ્ટિમાં આવ્યા છીએ; પછી ભલે હમણાં સંયોગવશાત્ અહિંસાદિની એવી આપણી પ્રવૃત્તિ ન પણ હોય. આ પરથી એ સમજવાનું છે, કે ઉપર કહી તેવી પ્રતિપક્ષી હિંસાદિની ઘૃણા ન હોય, અરુચિ ન હોય, અને પ્રસંગે અહિંસાદિ આચરી લેતા હોઈએ અર્થાત્ અહિંસાદિની પ્રવુત્તિ હોય, તો ય એ અહિંસાયમ આદિ નહિ ગણાય.

દરેક યમ ચાર કક્ષાએ હોય તેથી પહેલી કક્ષામાં સચોટ ઇચ્છા આવવી જ જોઈએ. પછી

ઇચ્છાપૂર્વકની પ્રવૃત્તિ એ જ બીજી કક્ષા.

પ્રવૃત્તિપૂર્વકની સ્થિરતા એ જ ત્રીજી કક્ષા.

એ ત્રણેયની પરાકાષ્ઠાએ સિદ્ધિ આવે. ત્યાં પછી ઇચ્છાય ન કરવી પડે તેમ ઇચ્છાપૂર્વકની પ્રવૃત્તિ સ્થિરતા ય ન કરવી પડે, કિન્તુ આત્માનો સહજ સ્વભાવ જ અહિંસાદિનો બની જાય. એ તો એવો સ્વભાવ બની જાય, કે પછી તો એની નિકટમાં આવેલા બીજા જીવોમાં ય અહિંસાદિનો વિનિયોગ થાય.

બળદેવ મુનિનો અહિંસા-વિનિયોગ :-

બળદેવ મુનિને આવો અહિંસાનો સ્વભાવ બની ગયેલો. તેથી એ જે જંગલમાં રહેતા, ત્યાં શિકારી પશુઓ એમની નિકટના પ્રદેશમાં આવતાં હિંસા ભૂલી જતા ! અને એવા શાંત કોમળ સ્વભાવના બની જતા, કે ત્યાં એમને જોઈ એમના શિકારરૂપ હરણ-સસલા ભય ન પામતાં ખુશીથી નિર્ભયપણે ત્યાં આવતા, ને એમની સાથે જ મુનિ સામે બેસતા. આ શિકારી સિંહ, વાઘ, વરુ અને શિકારરૂપ હરણિયા, સારંગ, સસલા વગેરે બંને જાણે ભાઈ ભાઈ હોય એવી મિત્રાચારીથી મુનિની સામે બેસી જતા.

કુવલયમાલામાં મહર્ષિનો અહિંસા-વિનિયોગ :-

કુવલયમાળા ચરિત્રમાં આવે છે કે, કુવલય-કુમાર એક સારા મનેલા કોઇક ઘોડા પર બેઠો અને ઘોડાને પગની એડી અડાડી જ્યાં દોડાવવા જાય છે કે એ ઘોડો તરત આકાશમાં ઊડયો ને ક્યાંનો ક્યાં લઈ જાય છે. આ ઘોડો એ દૈવી પ્રયોગ હતો, દેવતાએ કુમારને એક દૂર જંગલમાં જ્યાં કુમારના પૂર્વભવના સંબંધી મહર્ષિ છે ત્યાં લઈ જવો હતો. તેથી દેવતાએ

આ ઘોડાનું રૂપ કરેલું. હવે ઘોડો આકાશમાં ક્યાંનો ક્યાં ચાલ્યો જાય છે, રોકાયો રોકાતો નથી, ત્યારે કુમારે હિંમતથી ઘોડાના પેટમાં છરી ભોંકી દીધી, કે ઘોડો તરત નીચે ઊતરી પડ્યો. કુમારને ઘોડો મર્યો જાણી બહુ દયા આવી ગઇ. પરંતુ આ દેવમાયા જ હતી, એની એને ખબર નહિ.

હવે કુવલયકુમાર જંગલમાં પગે ચાલીને આગળ વધે છે, ત્યાં અમુક અંતરે ગયા પછી આશ્ચર્ય જોયું કે સિંહ ને હરણ, વાઘ ને સારંગ, વરુ ને સસલું, સાપ ને મોર....વગેરે વિરોધી પ્રાણીઓ શાંતપણે સાથે ચાલે છે ! કુમારને થયું ' અહો ! આ શું ? આ એક બીજાને જાણે વૈર જ નથી ! તો નક્કી લાગે છે કે, નજીકમાં કોઇ મહર્ષિ બિરાજમાન હોવા જોઇએ, જેમને અહિંસા સિદ્ધ થઈ હોય એટલે એના પ્રભાવે આ નિકટના પ્રાણીઓમાં હિંસાની વૃત્તિ જ ઊઠતી નથી.' પછી તો આગળ વધતાં જુએ છે કે એક મહર્ષિ બેઠા છે, અને એમની પાસે એક સિંહ બેઠો છે. ત્યાં જઇને ઋષિને પ્રણામ કરી પોતે બેસીને પોતાને કેમ આમ બન્યું એ પૂછે છે.

સારાંશ, પહેલી મિત્રા–દૃષ્ટિમાં અહિંસાદિ પાંચ યમની સાધના બતાવી, એમાં એ અહિંસાદિ યમને ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય, સિદ્ધિ–એમ ચાર કક્ષાના બતાવ્યા. એટલે સમજી શકાશે કે, પહેલી પ્રારંભિક દૃષ્ટિ મિત્રાદૃષ્ટિમાં ભલે સાધુને હોય તેવી સર્વે સર્વા અહિંસાની પ્રવૃત્તિ ન હોય, છતાં એને અહિંસાદિની સાચી ઇચ્છા હોઈ શકે છે; ને તે પણ અહિંસાદિયમ છે.

ગુણની સાચી ઇચ્છાનું કેટલું બધું મહત્વ છે, એ પ્રભુદર્શનની માત્ર ઇચ્છાના ફળથી સમજાય છે.

' દહેરે જાવા મન કરે, ચોથતણું ફળ હોય ' એ શાસ્ત્રાનુસારી વચનમાં ઇચ્છામાત્રનું ય મહત્વ દેખાય છે. હજી તો ઘરમાં આરામથી બેઠો છે ત્યાં કશું પ્રભુદર્શન નથી, એ તો ઊઠી નીકળીને દેરાસર પહોંચી વીતરાગ પ્રભુનાં દર્શન કરશે, ત્યારે દર્શન–યોગ સંપન્ન થશે. પરંતુ જ્યાં એ વીતરાગ પ્રભુનાં દર્શન કરવા માટે દેરાસર જવાની ઇચ્છા કરી જવાનું મન કર્યું કે ' હું પ્રભુ–દર્શનાર્થે દેરાસર જાઉં,' ત્યાં એને 'ચોથ' એટલે કે ચઉત્થ,'ચઉત્થ અભક્ત' ભક્ત એટલે ભોજન. અભક્ત એટલે ભોજન–ત્યાગ. ચઉત્થ એટલે ચાર અર્થાત્ ચાર ટંક ભોજનનો જેમાં ત્યાગ છે એવો તપ, તે ઉપવાસ. ઉપવાસમાં આ પ્રમાણે પચ્ચક્ખાણ કરવાનું હોય છે, 'સૂરે ઉગ્ગએ ચઉત્થ અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ પચ્ચક્ખામિ'='સૂર્ય ઉગ્યાથી ચાર અભક્તાર્થનું અર્થાત્ એક ઉપવાસનું હું પચ્ચક્ખાણ કરું છું.' આ ચાર અભક્ત એવી રીતે કે ઉપવાસની આગળ પાછળ એકાસણું હોય એમાં એકેક ટંક ભોજનત્યાગ થયો તે બે અભક્ત, અને ઉપવાસના દિવસના બંને ભોજનટંક ત્યાગ, એમ કુલ ચાર ભોજનત્યાગ–અભક્ત થયાં. પરંતુ જો આગળ પાછળ એકાસણું ન હોય તો ખાલી 'અભત્તટ્ઠં' પચ્ચક્ખાણ કરાય છે. આમ દેરાસર જવાની ઇચ્છા કરી ત્યાંથી જ ફળ શરુ થઈ ગયું, એ સૂચવે છે કે, દર્શનની ઇચ્છા પણ દર્શન યોગનું પહેલું પગથિયું છે.

વાત એટલી કે, ઇચ્છા શુદ્ધ જોઇએ. ' કેમ દર્શનની ઇચ્છા ?' તો કે કોઈ દુન્યવી લાલચથી નહિ, યા કોઇની હરિફાઇથી નહિ, પણ જિનદર્શન (૧) ઉદ્ધારનો માર્ગ છે. (૨) કલ્યાણમાર્ગ છે; ને (૩) અંતે જિન વીતરાગ બનાવવા દ્વારા મોક્ષ અપાવી જન્મમરણની વિટંબણા બંધ કરનાર છે, એટલે જીવનમાં ખાસ કરવા યોગ્ય આ જિન–દર્શનાદિ છે, માટે દર્શનની ઇચ્છા છે.'

એમ ધર્મની સાચી ઇચ્છામાં બીજી લોભ-લાલચ નહિ, પણ નિરાશંસ-ભાવ જોઇએ.

આ હિસાબે જોઇએ તો, માનો કે, આપણે મહાવીર ભગવાને સિદ્ધ કરેલી ક્ષમાની સિદ્ધિ કરવી છે, તો એની પહેલા એ ક્ષમાના માર્ગે પ્રવૃત્તિ અને એમાં સ્થિરતા કેળવવી પડે; અને આ પ્રવૃત્તિ આવવા પૂર્વે આપણે એ ક્ષમાની શુદ્ધ ઇચ્છા કરવી જોઇએ. જો આ ઇચ્છા સાચી ઇચ્છા હોય, નિરાશંસભાવની સાચી તીવ્ર અભિલાષા હોય, તો આપણે એ ક્ષમાના પહેલે પગથિયે આવ્યા. અર્થાત્ ક્ષમાયમનો પહેલો યોગ સાધ્યો.

અહીં ઇચ્છાદિ ચારને યોગ કહે છે, તેથી યોગ ૪ પ્રકારે-ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિ અર્થાત્ ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થૈર્ય-યોગ અને સિદ્ધિયોગ. અહિંસા સત્ય, દયા, ક્ષમા, ભક્તિ, તપ-ત્યાગ, જ્ઞાન-ધ્યાન વગેરે દરેક સાધનામાં આ ચાર પ્રકારે યોગ કહેવાય. દા. ત. ક્ષમાનો ઇચ્છાયોગ, ક્ષમાનો પ્રવૃત્તિ-યોગ....વગેરે. એટલે મહાવીર ભગવાન ક્ષમાના સિદ્ધિયોગમાં વર્તમાન ગણાય; ને આપણે એજ ક્ષમાના ઇચ્છાયોગમાં આવી શકીએ. પણ ક્યારે? એ ઉચ્ચ ક્ષમાની સાચી ઇચ્છા કરીએ તો જ.

મહાવીર પ્રભુની ક્ષમાની આપણને સાચી ઇચ્છા થઇ કયારે કહેવાય?

આ સમજી લેવા જેવું છે, કેમકે એ કરવી સહેલી નથી; નહિતર તો ઉપલકિયા ઇચ્છાથી પણ ઇચ્છાયોગી બની જઇએ!

ક્ષમાગુણની સાચી ઇચ્છા એ છે, કે જ્યાં પ્રતિપક્ષી ક્રોધ-દોષ પ્રત્યે ઘૃણા હોય, અરુચિ હોય, પોતાને થઇ જતા ક્રોધ માટે હૈયે ભારે બળતરા હોય, 'કેમ આ દોષ ટળે? ને હું ક્ષમા જ પકડી રાખનારો બનું', એવી તમન્ના હોય, એવા કોડ થતા હોય.

ક્રોધ પ્રત્યે નફરતભર્યું દિલ હોય તો જ ક્ષમાની સાચી ઇચ્છા આવી ગણાય.

આવી ઇચ્છાવાળો પછીથી કયાંય ક્રોધમાં ટાપસી ન પૂરે, પોતાના કે બીજાના ક્રોધનાં વખાણ ન કરે, ક્રોધથી લાભ થયો દેખ્યો ત્યાં એમ ન માને કે, 'ચાલો ક્રોધ ફળ્યો,' કેમકે લાભ ક્રોધને આભારી નથી, પરંતુ પોતાના પુણ્યોદયને આભારી છે. કારણ, એ તો ઠીક છે કે પુણ્ય પાધરું હતું એટલે ક્રોધ કરતા સામો દબાયો. જો પુણ્ય ખૂટ્યું હોત તો ખબર પડી જાત કે ક્રોધ કરીને સામાની કેવી લાત ખાવાનો અવસર આવી લાગે છે! ત્યાં ક્રોધ કર્યો ને કયાં સફળ થયો? ક્રોધ કયાં ફળ્યો?

વાસ્તવમાં ક્રોધાદિ દોષો ફળતા નથી; ફળે છે પોતાનો શુભોદય, પુણ્યોદય.

આમ ક્રોધના તો ભયંકર દુઃખદ પરિણામ છે! એમાંય આ લોક કરતાં પરલોકમાં ભયંકર ફળ આવે છે! માટે આ બધું સમજીને ક્રોધ પર ઘૃણા કરવા જેવી છે. એ ઘૃણા હોય તો ક્રોધ-ત્યાગ અને ક્ષમાની સાચી ઇચ્છા જાગે. હવે 'આપણને મહાવીર ભગવાન જેવી ક્ષમાની સાચી ઇચ્છા છે,' એ દાવો કરતાં પહેલાં કહ્યું તેમ જોવું પડે કે ક્રોધ પ્રત્યે એ તીવ્ર ઘૃણા-બળતરા નફરત છે?

અહિંસાદિની પ્રવૃત્તિ તો પછી, પણ અહિંસાદિની ઇચ્છા માત્રને ય અહિંસાદિના યોગમાં ગણી છે. તે કેવી ઇચ્છા? લૂખી પાખી ઇચ્છા? જે ગુણની ઇચ્છા છે, જે ગુણનો રાગ થયો છે, એના પ્રતિપક્ષી દોષનો પણ રાગ અંતરમાં ભર્યો હોય, એવી ગુણની ઇચ્છા એ સાચી ઇચ્છા છે? અહિંસા ય ગમે છે, ને હિંસા ય ગમે છે! હિંસા પર કોઈ નફરત નથી, હિંસાની સૂગ-ગ્લાનિ નથી, ત્યાં અહિંસા ગમી કહેવાય?

સ્ત્રીના દિલમાં પતિય વસ્યો છે, ને પરપુરુષેય વસ્યો છે, તો એ સ્ત્રી પતિ-ભક્તા કહેવાય ? મંત્રીને પોતાના રાજા પર વિશ્વાસ છે, આકર્ષણ છે, અને દુશ્મન રાજા પ્રત્યે ય આકર્ષણ વિશ્વાસ હોય, તો એ પોતાના રાજાનો ભક્ત છે ? તમારો મિત્ર હોવાનો કોઇ દાવો કરે અને એને તમારો દુશ્મન પણ મિત્ર હોય તો શું એ કહેવાતો મિત્ર તમારો વિશ્વાસપાત્ર બને ? વાત આ છે,

અહિંસા ગમતી ત્યારે કહેવાય કે હિંસા હૈયે જરાય ન જ ગમતી હોય, હિંસા પર સૂગ હોય.

બ્રહ્મચર્ય તો જ ગમતું કહેવાય, અને એની તો જ સાચી ઇચ્છા કહેવાય, કે જો અબ્રહ્મ દિલને જરાય ન ગમતું હોય, અબ્રહ્મ પ્રત્યે સૂગ-નારાજગી-નફરત હોય; પછી ભલે બ્રહ્મચર્યની પ્રવૃત્તિ કરવાની તાકાત ન હોવાથી પ્રવૃત્તિ ન આવી હોય; છતાં હૈયામાં તો અબ્રહ્મ એ નરી અવિવેકભરી પશુક્રિયા, બાલિશ ચેષ્ટા, ને પાગલ પ્રવૃત્તિ જ લાગતી હોય. તો જ બ્રહ્મચર્યની સાચી ઇચ્છા થઈ ગણાય, ને એ ઇચ્છા-યોગ-પ્રવૃત્તિયોગ - સ્થૈર્યયોગ - સિદ્ધિયોગમાંનો પહેલો ઇચ્છા યોગરૂપ બને.

મૂળમાં બ્રહ્મચર્ય-અહિંસાદિની ઇચ્છા અબ્રહ્મ-હિંસાદિની તીવ્ર ઘૃણાવાળી જોઇએ.

વાલિરાજાનો ઉપશમભાવ કેવો કા:-

એવી જ કોઈ ઉપશમની જવલંત ઇચ્છા પર વાલિરાજા અણુધાર્યા સંયોગમાં સંયમ અને તપ દ્વારા ઉપશમની સાધના-પ્રવૃત્તિમાં ચડી ગયા હશે, ત્યારે એ ઉપશમની સિદ્ધિવાળા બની ગયા છે.

વાલિમુનિની ઉપશમની જવલંત ઇચ્છા અને સિદ્ધિ પર જરા નજર નાખવા જેવી છે. એ ઇચ્છા કયાં પ્રબળ બની ? આશ્ચર્ય છે કે યુદ્ધ-ભૂમિ પર ! અને તે પણ પોતાને રાવણ પર વિજય મળ્યો છે એના પ્રસંગે !

આમ તો રાવણે જ્યારે વાલિરાજા પર આજ્ઞા માની લેવા આદેશ મોકલ્યો, ત્યારે અલબત્ વાલિ ભારે બળવાન છે, એટલે અભિમાનથી કહેવરાવી શકતે કે, ' બાયલી વાતો રહેવા દે. આજ્ઞા મનાવવાનું જોઇએ તો યુદ્ધના મેદાન પર મળે;' પરંતુ ના, એમણે તો કહેવરાવ્યું કે, 'આપણા પૂર્વજો વચ્ચે મૈત્રીભાવનો સંબંધ હતો, સ્વામિ-સેવક ભાવનો નહિ. માટે જો એ મૈત્રીભાવનો સંબંધ જોઈતો હોય, તો હું એ આપવા તૈયાર છું,' કેમ એમ કહેવરાવ્યું ? કહો, એમના અંતરમાં કાંઇક ઉપશમ ભાવ હતો. પરંતુ રાવણે આ માન્યું નહિ, ને એ વાલિની સામે મોટા લહાવ લશ્કર સાથે લડવા ચાલી આવ્યો. ત્યારે વાલિને બળાત્કારે યુદ્ધ-ભૂમિ પર ઊતરવું પડયું.

ત્યાં પણ એનો ઉપશમ ભાવ કેવો કે એણે રાવણને કહેવરાવ્યું કે 'જુઓ રાવણ ! ઝગડો આપણા બે વચ્ચે છે; છતાં આપણે શ્રાવક છીએ તો યુદ્ધમાં આપણા બંનેના લશ્કર લડીને હજારો પંચેન્દ્રિય માનવી અને પશુઓનો સંહાર શા માટે થવો જોઈએ ? આવા ઘોર સંહારનું પાપ માથે લેવાને બદલે આપણે બંને જ લડી લઇએ.' આમ હજારોનો ઘોર સંહાર ટાળવાની બુદ્ધિ એ ઉપશમ ભાવની હતી.

શ્રાવક જીવન જીવતાં શકય એટલો હિંસામય આરંભ સમારંભ ટાળે એ ઉપશમભાવ છે.

ઉપશમભાવ ન હોય એને ક્રોધ અભિમાન ને લોભનો કષાય એવો અંધ બનાવે છે કે આ વ્યર્થ હિંસાના મહાપાપને દેખવા દેતો નથી. રાવણ– "હું વાલિ મારી આજ્ઞા નથી સ્વીકારતો ? બતાવી દઉં એને" એવા અભિમાન અને ક્રોધના ઉકળાટમાં ધમધમતો હતો. તેથી આ વિચાર એને ન આવ્યો. છતાં હવે વાલિએ કહેવરાવ્યું, શ્રાવકપણાનો ખ્યાલ આવ્યો, ત્યારે એ સમજી ગયો, અને વૈયક્તિક અંગત લડાઈ મંજૂર કરી; કેમકે રાવણના હૈયે ય ખરેખર શ્રાવકપણું યાને ભગવાનના ધર્મની શ્રદ્ધા વસેલી હતી. આ પણ જો ન હોય ને, તો તો કહી દેત, 'અહીં યુદ્ધ-ભૂમિ પર ધર્મની શી વાત કરો છો ?'

આજે ય દુકાન પર બેઠેલો શ્રાવક પણ એને કોઈ 'તમે જૈન છો, ઠગાઈ કરતાં નહિ,' એમ જૈનપણું અને ધર્મ યાદ કરાવે તો કહી દે છે ને કે અહીં દુકાન પર બેઠા છીએ તે વેપાર કરવા બેઠા છીએ, પણ ધર્મ કરવા નહિ ? ધર્મ તો મંદિર-ઉપાશ્રયમાં !' કેમ આમ બોલે છે ? એને સમજ આ છે કે, 'ધર્મ, પુણ્ય-પાપ બધું તો મંદિર–ઉપાશ્રયમાં જોવાનું, ઘર–દુકાનમાં નહિ.' આ માન્યતા કોણ કરાવે છે ? લોભ અને મિથ્યાત્વનો ઉકળાટ કરાવે છે. કેવી અધમ દુર્દશા ! પણ રાવણ સમકિતી શ્રાવક છે, તેથી વાલિ જ્યારે યુદ્ધ-ભૂમિ પર યાદ કરાવે છે, ત્યારે સમજી જાય છે કે–

શ્રાવક એટલે પાપથી ડરનારો અને વ્યર્થ બિનપ્રયોજન હિંસાદિ દુષ્કૃતોને ટાળનારો.

તેથી રાવણે વાલિની વાત મંજૂર કરી, અને શસ્ત્રો સાથે એકલો વાલિ સાથે લડવા આગળ આવ્યો. હજી પણ વાલિનો ઉપશમ ભાવ જુઓ, કે એ રાવણ પર પહેલો શસ્ત્ર ચલાવવા તૈયાર નથી કેમકે, એ રાવણે શસ્ત્ર નથી ચલાવ્યું ત્યાં સુધી એને નિરપરાધી દેખે છે; અને નિરપરાધી ત્રસ જીવને હું મારું નહિ એટલો એનો હિંસા – સંકોચનો નિયમ અને ઉપશમભાવ છે.

અહિંસાની અંતરની ઇચ્છા હિંસા પ્રત્યે ઘૃણા રખાવી શક્ય હિંસા-ત્યાગ કરાવે છે.

અસ્તુ. વાલિએ તો રાવણ પર શસ્ત્ર ચલાવવાની પહેલ ન કરી, પરંતુ રાવણે વાલિ પર શસ્ત્ર ચલાવ્યાં, કિંતુ એ બધા વાલિએ નિષ્ફળ કર્યા. ત્યારે છેવટે રાવણે છેલ્લું શસ્ત્ર ચંદ્રહાસ ખડ્ગ ચલાવ્યું. એ હાથમાં ઊંચું કરી વાલિ સામે દોડ્યો, અને જ્યાં વાલિ પર ઘા કરવા જાય છે ત્યાંજ વાલિએ એક હાથે એનો ખડ્ગવાળો હાથ જ પકડી લીધો, અને બીજા હાથે રાવણને કમરમાંથી પકડીને ઊંચકી પોતાની બગલમાં છત્રીની જેમ આડો દબાવ્યો, અને વિદ્યાબળે આખા જંબૂદ્વીપને રોન મારી !

આટલું બધું વાલિનું બળ ? રાવણ જેવા પહાડી કાયાવાળાને છત્રીના દાંડાની જેમ બગલમાં ઊંચકી લે ? હા, પણ જેને એ અખાડો ને કસરત ખેલ્યાથી બળ નહોતું મળ્યું, પરંતુ પૂર્વ ભવે કરેલી કોઈ અદ્ભુત સાધુ–સેવા, અથાગ જિનભક્તિ, યા કાળી તપસ્યાદિ ધર્મ સાધ્યાથી બળ મળેલું હતું. માટે જ

જીવનમાં ખરો પ્રભાવ ધર્મનો છે. તેથી જ ખાસ કરવા જેવો હોય તો ધર્મ જ છે.

બસ, વાલિએ બગલમાં રાવણ સાથે આકાશ – ગામિની વિદ્યાથી પલકારામાં જંબૂદ્વીપને રોન મારીને પાછો યુદ્ધભૂમિ પર આવી રાવણને પાછો કમરમાંથી ઊંચકી પોતાની સામે ખડો કરી દીધો ! રાવણ નીચી

મૂંડીએ ઊભો છે. અહીં પણ વાલિનો ઉપશમ-ભાવ જુઓ, રાવણે તો તલવારથી એક ઘા ને બે ટૂકડા, એમ વાલિનો સંહાર કરવા ધારેલું; પરંતુ વાલિએ એટલું અગાધ બળ છતાં રાવ-ણને કશો ઘા ન કર્યો ! હૈયામાં કેટલો બધો ઉપશમભાવ હોય, હૈયું કેટલું બધું શાંત ઉપ-શાંત હોય, ત્યારે મારવાનો પ્રયત્ન કરી ચુકેલા દુશ્મનને મારી નાખવાની શક્તિ અને સંયોગ છતાં એ કામ કરવું નથી ! અરે ! એક નાનો શસ્ત્ર-પ્રહાર કે માત્ર ધોલ-ધપાટ પણ કરવી નથી !

વાલિએ ત્યાં રાવણને ' સાળા હરામખોર ! અન્યાયનું લડવા આવ્યો હતો ?' એમ કરી એક સણસણતો તમાચો પણ ન ઠોકયો. અંતરના ક્રોધ પર કેટલો બધો કાબૂ હશે ? છે આપણા જીવ-નમાં આ કાબૂ ? તે પણ જ્યાં આપણી પાસે એથી ય વધુ શક્તિ હોય ત્યાં હલકટ શબ્દ પણ નહિ, ને ધોલ-ધપાટ પણ નહિ !-આ કાબૂ છે ? હૈયામાં ઉપશમભાવ ન હોય, હૈયું શાંત પ્રશાંત ન હોય, પછી અપશબ્દ ધોલધપાટ વગેરે કરવાના ઉકળાટ કામ કરી જાય એમાં નવાઈ નથી.

વાલિની અદ્‌ભુત વાણી :-

વાલિ હવે સામે લજ્જાથી નીચી મૂંડીએ ઊભેલા રાવણને કહે છે,-

" જુઓ રાવણ ! આ ચંદ્રહાસ ખડ્‌ગના પુણ્યે તમને દગો દીધો ! મોટા લહાવ-લશ્કર, લોખંડી બળ, અને ચંદ્રહાસ ખડ્‌ગના પુણ્ય પર ખોટા વિશ્વાસે તણાયા ને દોડ્યા આવ્યા, તો એથી આ નાલેશી વહોરવી પડી. માટે આ

પુણ્યના ભરોસા ખોટા.

પરંતુ હું તમને શું શિખામણ દઉં ? હું ય આ અગાધ બળ, રાજ્યપાટ, અને આયુષ્યના પુણ્ય પર ખોટા વિશ્વાસે તણાઈ પાપ સંસારમાં બેઠો રહ્યો છું ! તો તમારા દાખલાથી

શિખામણ તો મારે લેવા જેવી છે કે, આ પુણ્યાઇના ભરોસા ખોટા.

" માટે જુઓ, હું તો હવે દગાખોર પુણ્ય અને સંસારનો ત્યાગ કરું છું, અને ભાઇ સુગ્રીવને રાજ્ય સોંપી દઈ તમારી આજ્ઞા નીચે રહેવા કહી દઉં છું, તેમજ આ મારી કુંવારી બેન તમને વરાવી દઉં છું. તમે એને પરણી લો, અને ભાઈ સુગ્રીવની ખબર રાખજો કે એવા માંધાતા અનાડી એને સતાવે નહિ."

વાલિ રાજાનો આ કેટલો બધો ઊંચો ઉપ-શમ ભાવ ! અનાડીપણું કરનાર રાવણ પર પણ હૈયું જો શાંત પ્રશાંત ન બન્યું હોય તો ત્યાં આ શબ્દો, આ સંસાર-ત્યાગ, આ ક્ષમા ને આ ઉદારતા કરાય ?

હૈયામાં એક બાજુ ક્રોધ અભિમાન ને હિંસા પર કેટલી બધી ઘૃણા હોય, નફરત હોય, અને ઉચ્ચ કોટિના ઉપશમભાવ અને અહિંસાની કેટલી ઉચ્ચ સાચી ઇચ્છા-તમન્ના હોય ! ત્યારે આ ક્ષમા ઉદારતા અને અવસર આવ્યે સર્વ ત્યાગ બને ? હજી વધુ ઉપશમ જુઓ,-

વાલિમુનિનો જ્વલંત તપ સાથે ઉપશમ :-

બસ, વાલિએ ત્યાંજ ચારિત્ર લઇ લીધું અને હવે કડક સંયમ અને ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ અઠ્ઠાઈ પાખમણ અને માસખમણ સુધીની ઘોર તપસ્યા સાથે નૈષ્ઠિક અહિંસા કરુણાભાવ અને ઉપશમભાવના ઉચ્ચ અભ્યાસમાં લાગી ગયા.

મોક્ષ જોઇએ છે ? તો કષાયમોક્ષ વિષયમોક્ષની સાચી ઇચ્છા કરો.

જ્ઞાનીઓ કહે છે, પહેલાં અહીં હિંસા-ક્રોધ માન વગેરે પાપોથી મોક્ષનો અર્થાત્ છૂટકારાનો અનુભવ કરો. એ કરશો તો અહીંજ ઉપરના મોક્ષનો અનુભવ થશે.

અહીંના આ કષાય-મોક્ષ અને વિષય-મોક્ષની સાચી ઇચ્છા પણ એક મહાન યોગ-સાધના છે; કેમકે સાચી ઇચ્છામાંથી શુભ પ્રવૃત્તિ આવે છે, અને સિદ્ધિ સંપજે છે.

વાલિમુનિએ ઘોર તપસ્યા, મોટા ભાગે કાયોત્સર્ગ ધ્યાન, અને કડક સંયમની પ્રવૃત્તિથી ઉપશમભાવની સિદ્ધિ કરી લીધી છે, બીજી બાજુ એમને અવધિજ્ઞાન અને અનેકાનેક લબ્ધિઓ ઊભી થઈ ગઈ છે! એટલે હવે એનો પડઘો કેવોક પડયો તે જુઓ. ક્રમશઃ જ્યારે એકવાર એજ રાવણે અષ્ટાપદ પર્વત પરથી જતાં જોે કે તીર્થના હિસાબે જ એનું વિમાન અચકાયું, પણ એ અચકામણે રાવણે નીચે જોયું તો વાલિમુનિને ધ્યાનમાં ઊભેલા જોયા;એટલે માની લીધું કે વાલિએ મારું વિમાન અચકાવ્યું; એમ માનીને એ ખોટા વિચારે ચડયો કે ' અરે વાલિ ! હજી પણ તું મારા પર દ્વેષ રાખે છે ? ને મારું વિમાન અટકાવે છે ? તો લે હવે હું આખા અષ્ટાપદ સાથે તને ઊંચકીને લવણ સમુદ્રમાં ફેંકું છું ! જોઇ લે હવે.'

એમ કરી પોતે નીચે ઊતરી અષ્ટાપદની નીચે જઇ જમીન ખોદીને અષ્ટાપદના મૂળ નીચે પેસીને ૧૦૦૦ વિદ્યાનું સ્મરણ કરી માથા પર આખો અષ્ટાપદ ઉપાડવા જાય છે.

ત્યારે કેવો એનો આ જાલિમ કષાય-આવેશ કે એના અંધાપામાં એ વાલિથી પોતાની પૂર્વે થયેલી દુર્દશાય જોવી ભૂલી ગયો ! અને અષ્ટાપદને દરિયામાં ફેંકતાં જે પર્વત પરનાં નાના-મોટા અગણિત જીવોનો સંહાર, મહામુનિનો સંહાર, અને ભરત ચક્રીએ સ્થાપેલા મહા-તીર્થનો નાશ પણ જોવું ભૂલી ગયો !

ક્રોધ ને ક્રોધ માણસને કેવો અંધ બનાવે છે કે એને ભયંકર પાપાચરણમાં પાપ ન દેખાય ! ઉલ્ટું કર્તવ્યતા દેખાય !

ત્યારે રાવણના આ ભયંકર કષાયની સામે વાલી મહર્ષિની અહીં ઉપશમ અને અહિંસાની સિદ્ધિ શું કામ કરે છે તે જુઓ,—

મહર્ષિ, જ્યાં રાવણે પર્વતને સહેજ હલાવ્યો ત્યાં, ' આ શું થયું ? ' એ જોવા અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે, તો રાવણની દ્વેષ અને અભિમાનભરી ચેષ્ટા જોઈ ! વિચારે છે કે

વાલિમુનિની ભવ્ય વિચારણા :-

"અહો ! આ રાવણ મારા પરના દ્વેષથી આખા અષ્ટાપદને માથા પર ઊંચકી જઈ લવણ સમુદ્રમાં ફેંકવા ધારે છે ! આમાં તો મહાન તીર્થનો નાશ થાય ! ઉપરાંત પર્વત પર રહેલા અપાર જીવોનો નાશ થાય ! મને એકલાને ઊંચકીને સમુદ્રમાં નાખ્યો હોત તો તો કોઇ સવાલ નહોતો, કેમકે મને મારી કાયા પર પણ મમત્વ નથી. તેથી મારી રક્ષા મારો બચાવ કરવા ન તો કાંઇ વિચારત કે ન કશો પ્રયત્ન કરત. પરંતુ તીર્થનાશ અને અપાર જીવહિંસા થતી કેમ જોઇ રહેવાય ?

" અલબત્ મારા શરીર પર પણ નિસ્પૃહ એવા મને ક્રોધ ઊઠતો નથી, કિન્તુ આ મહાનાશ અટકાવવા મારે રાવણને જરાક શિક્ષા કરવી જોઇએ."

શું છે આ ? મહર્ષિએ ઉપશમની એવી સિદ્ધિ કરી છે, એટલે રાવણ પર ઉકળાટ થતો નથી, ગુસ્સો નથી આવતો, કે એને મારી નાખવાની ઇચ્છા થતી નથી ! કેવી ઉપશમ-

અહિંસાની સાધના અને સિદ્ધિ ! એમણે તીર્થ-નાશ અને જીવ-સંહાર અટકાવવા-પૂરતું રાવણને એના ભયંકર દુષ્કૃતથી પાછો વાળવા સહેજ પગનો અંગૂઠો પર્વતની ભૂમિ પર દબાવ્યો. આ તો મહાન લબ્ધિધરના અંગૂઠાના દબાણનો ભાર ! એટલે પર્વત નીચે દબાયો. રાવણને એની નીચે દબાતાં લોહીની ઉલટી સાથે મોટી ચીસ પડી ગઇ, રાવ પડી ગઇ, તેથી એનું નામ આમ તો દશાનન હતું પણ હવે રાવણ નામ પડી ગયું. ઝટ એ બહાર નીકળી ગયો, અને સમજી ગયો કે ' આ મહર્ષિએ જ તીર્થનાશ અટકાવવા પર્વતને દબાવેલો, તેથી જ એવા મહાન લબ્ધિધર તપસ્વીની લબ્ધિ આગળ મારી હજારો વિદ્યાઓ પણ બિચારી શું કરી શકે ? એ તો મહાત્મા દયાળુ કે પર્વતને ધીરે ધીરે દબાવ્યો હશે, તેથી હું બહાર જીવતો નીકળવા પામ્યો ! નહિતર તો એમણે પર્વતને જો એકી કલમે જ જોરથી દબાવ્યો હોત, તો તો મારા શરીરનો પર્વતની નીચે રોટલો જ થઇ ગયો હોત. રાવણ ખૂબ પસ્તાયો, ઉપર આવી મહાત્માના ચરણમાં પડી ગયો.

રાવણ કેવા શબ્દોમાં ક્ષમા માગે છે:-

પગમાં પડી આંસુભરી આંખે ક્ષમા માગે છે કે " પ્રભુ ! અનાડી એવા મારો અપરાધ ક્ષમા કરો. આપે તો પહેલાં પણ આપની અગાધ શક્તિ છતાં, ને હું ગુનેગાર છતાં, મને દયાથી જીવતો છોડયો હતો ! છતાં હું મૂઢ આ ભયંકર અપકૃત્ય કરવા તૈયાર થયો. તો અહીં પણ મારી પર દયા રાખી. પર્વત નીચે રહેલ મને પર્વતની નીચે જ કચરી ન નાખ્યો ! કેવી આપની અદ્‌ભુત કરુણા ! અને કેવા આપ સમતાના સાગર ! ત્યારે કેવો હું અધમાધમ ! હું ક્ષમા માગું છું. ધન્ય આપના ઉદાર ચરિતને ! "

આ વાત છે, – વાલિ મહર્ષિએ ક્ષમાની ઉપશમની સિદ્ધિ કરેલી, તેથી એમના રુંવાડામાંય ગુસ્સો અભિમાન વગેરે લેશ પણ સ્ફુરતા નથી. આવા ચોથા નંબરનાં સિદ્ધિયોગે પહોંચાડનાર કોણ ? તો કે પહેલાં પગથિયાનો યોગ ઇચ્છાયોગ પહોંચાડે છે. પણ આટલું ધ્યાન રાખવાનું છે કે, —

(૧) એક તો એ અહિંસાદિની ઇચ્છા એના પ્રતિપક્ષી હિંસાદિપ્રત્યે અત્યંત ઘૃણા-અરુચિવાળી જોઇએ. આ હિંસાની ઘૃણા એટલે આપણા જીવલેણ દુશ્મનની પણ હિંસા પ્રત્યે ઘૃણા. એની હિંસાય તદ્દન અકાર્ય જ લાગે; અને

(૨) બીજું એ, કે એ અહિંસાદિની ઇચ્છા બીજા પગથિયાના પ્રવૃત્તિયોગની તમન્ના-તત્પરતાવાળી જોઇએ. ' ના અહિંસાદિની ઇચ્છા તો છે, પણ અહિંસાદિની પ્રવૃત્તિ માટે તાલાવેલી નથી, પરવા નથી, કાં તો એઢીપણું છે, યા તો વિષયરાગ બહુ છે, તો પણ આવી મોળી ઇચ્છા આત્માને પ્રવૃત્તિ તરફ નહિ તાણે.'

પ્રબળ ઇચ્છા સહેજે જ્યાં શક્યતા હોય ત્યાં ઇચ્છિતમાં પ્રવૃત્તિ કરાવે.

'આ અહિંસા આદિ ઉદ્ધારનો માર્ગ છે, આ જ કલ્યાણનું સાધન છે,'–એમ હાડોહાડ લાગી જાય એટલે સહેજે સાચી ઇચ્છા, પ્રબળ ઇચ્છા થાય. પછી ત્યાં હિંસાદિ પ્રત્યે ઘૃણા તો ગર્ભિત જ હોય. કેમકે, મનને લાગી ગયું છે કે, ' હિંસાદિ એ સંસાર કૂવામાં ડૂબ્યા રહેવાનો ધંધો છે, સંસાર-સાગરમાં વધુ ભમવાનો માર્ગ છે. સંસાર-કૂવામાંથી ઉદ્ધાર કરવો હોય, સંસાર-સાગર પાર કરી જવો હોય, તો અહિંસા આદિ જ કર્તવ્ય છે.'

અહીં સુધી પહેલી દૃષ્ટિમાં પહેલા યોગાંગ ' યમ 'ની વિચારણા કરી. હવે પહેલો દ્વેષત્યાગ એટલે કે અખેદની તથા પહેલા ગુણ ' અદ્વેષ ' ગુણની વિચારણા કરીએ.

અખેદ

(ટીકા–) अखेदो देवकार्यादौ, आदिशब्दाद् गुरुकार्यादिपरिग्रहः । तथातथोपनत एतस्मिंस्तथापरितोषान्न खेदोऽत्र, अपि तु प्रवृत्तिरेव शिरोगुरुत्वादिदोषभावेऽपि भवाभिनन्दिनो भोगकार्यवत् । अद्वेषश्चामत्सरश्च । अपरत्र त्वदेवकार्यादौ, तथातत्त्ववेदितया मात्सर्यवीर्यबीजभावेऽपि तद्भावाङ्कुरानुदयात्, तत्त्वानुष्ठानमधिकृत्य कर्मण्यस्याशयः । अतोऽस्यापरत्र न चिन्ता, तद्भावेऽपि करुणांशबीजस्यैवेषत्स्फुरणमिति ॥

અર્થ :—

'અખેદ' દેવકાર્યાદિમાં હોય. (આમાં) 'આદિ' શબ્દથી ગુરુકાર્ય વગેરે લેવાના. તેથી તેવી રીતે આ (દેવકાર્યાદિ)માં અર્પિત હોઈ મન પરિતુષ્ટ હોવાથી, અહીં ખેદ (ગ્લાનિ-કંટાળો) નથી હોતો, કિન્તુ પ્રવૃત્તિજ થાય છે. જેમકે ભવાભિનંદીને માથું ભારે હોવું વગેરે તકલીફ હોવા છતાં ભોગકાર્યમાં (પ્રવૃત્તિ થાય છે, ને મન તુષ્ટ હોય છે.) અને

'અદ્વેષ' એ અમત્સર છે, (માત્સર્ય–અસૂયા ન હોય.) (કોના પ્રત્યે ?) દેવકાર્યાદિ ન કરતા હોય એના પ્રત્યે; કેમકે પોતે એવો તત્ત્વવેદી છે. અલબત્ એનામાં માત્સર્યવીર્યનું બીજ તો પડેલું છે, છતાં માત્સર્યભાવનો અંકુર નથી ઊગતો. એનો તો આશય તાત્ત્વિક અનુષ્ઠાનને આશ્રીને કાર્ય બજાવવામાં હોય છે. એટલે એને બીજાઓનો વિચાર નથી હોતો. કદાચ વિચાર આવી જાય (કે 'આ લોકો કેમ દેવકાર્યાદિ નથી કરતા ?') તો પણ એમના પર (દ્વેષ નહિ કિન્તુ) કરુણા વીર્યનું જ બીજ કાંઇક સ્ફુરાયમાન થાય છે. (બીજમાંથી કરુણાનો કાંઇક અંકુર ઊગે છે.)

અખેદ

વિવેચન :—

પહેલી મિત્રાદૃષ્ટિમાં અહિંસાદિ યમ આવ્યા. એમ ખેદ નામનો દોષ ટળેલો હોય છે. અહીં શેમાં ખેદ નહિ ? તો કે "अखेदो देवकार्यादौ" ઇષ્ટ દેવના કાર્ય આદિમાં ખેદ નહિ. 'આદિ' પદથી ગુરુ–કાર્ય વગેરેમાં ખેદ નહીં. ઇષ્ટદેવકાર્ય એટલે દેવાધિદેવનાં કાર્ય, દર્શન–વંદન–પૂજન વગેરે કાર્ય. એમાં ખેદ નહિ.

ખેદ એટલે વ્યાકુળતા, થાક, અનુત્સાહ. આનંદઘનજી મહારાજે સંભવનાથ પ્રભુના સ્તવનમાં કહ્યું ને –

'સેવન કારણ પહેલી ભૂમિકા,
અભય–અદ્વેષ–અખેદ.
ખેદ પ્રવર્તે કરતાં થાકીએ રે....'

કવિએ ભગવાનની સેવા કરવાની લાયકાત માટે ભૂમિકા સર્જવાનું બતાવ્યું, અને એમાં પહેલી ભૂમિકામાં અભય, અદ્વેષ અને અખેદ ગુણ કેળવવાનું કહ્યું. ત્યાં કહ્યું 'ભય ચંચળતા હો ચિત્ત પરિણામની,' આ હિસાબે 'અભય' એટલે ચિત્ત પરિણામની સ્થિરતા, સ્થિર ચિત્ત, સ્વસ્થ ચિત્ત. એ હોય તો પ્રભુની ઉપાસના વફાદારીથી થાય. વફાદારી એટલે ચિત્ત પ્રભુમાં જોડાયું, તે ઉપાસના દરમિયાન પ્રભુમાં જ રહે, બીજામાં જાય નહિ. જો બીજામાં જાય તો વફાદારી ન રહી. એ કુલટા સ્ત્રી જેવું થયું. કુલટાની પતિમાં વફાદારી નથી, તેથી એનું ચિત્ત પતિને મૂકી પરપુરુષમાં જાય છે; ત્યારે સુશીલ સ્ત્રીની પતિ પ્રત્યે વફાદારી હોય છે, એટલે પતિને મન સમર્પ્યું તે સમર્પ્યું, પછી દુનિયાના કોઇ જ પુરુષમાં મન લઈ જવાની વાત નહિ, ફપાળો મોટો ઇન્દ્ર આવે તો પણ નહિ. સીતાજીને રાવણે

બહુ લલચાવ્યા, રાવણની પટ્ટરાણી મંદોદરી આવીને કરગરી કે-'તું પતિનું માની જા, પટ્ટરાણી બની જા, અમે હજાર રાણીઓ તારી દાસીની જેમ સેવા કરશું;' પરંતુ સીતાજીની રામ પ્રત્યે વફાદારી હતી, તેથી હરામ રાવણને મનમાંય ધરવો! પછી સામું જોવાની તો વાતેય ક્યાં? રાવણ જો મનમાં જ ન આવે, પછી એની સીતાજીને અનુકૂળ કરવાની પાછળ ગમે તેટલી મોટી લાલચો હોય, તોય એ એને મન ધૂળ જેવી લાગે.

બસ, મનને આવું તૈયાર કરવાનું છે. ભગવાનની ઉપાસનામાં બેઠા એટલે મન એમને સોંપ્યું. એ મન પછી બીજે ક્યાંય લઈ જવું નથી, આવો પક્કો નિર્ધાર રહે. આ અભયનો નિર્ધાર છે, ચિત્ત-સ્વસ્થતાનો નિર્ધાર છે.

'નમુત્થુણં' સૂત્રના 'અભયદયાણં' પદમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ અર્થ કર્યો છે કે 'અભયં ચિત્તસ્વાસ્થ્યં.' આગળ 'બોહિદયાણં'માં બોહિ-બોધિનો અર્થ કર્યો તત્ત્વ-બોધ, અને એ મળવા માટે પૂર્વના અભયદયાણં આદિ ૪ પદથી અભય, ચક્ષુ, માર્ગ, અને શરણ જરૂરી બતાવ્યા; અને ગણધર ભગવાને આ સૂત્રથી અરિહંત ભગવાનને આ પાંચેના દાતા તરીકે સ્તુતિ કરી.

પ્ર૦-તત્ત્વબોધ માટે પહેલે પગથિયે અભય યાને ચિત્તસ્વાસ્થ્ય કેમ જરૂરી?

ઉ૦-ચિત્તસ્વાસ્થ્ય જરૂરી એટલા માટે, કે જો ચિત્ત અસ્વસ્થ ચંચળ વિહ્વળ હોય, અનંતાનુબંધી કષાયોની પકડમાં પકડાયેલું હોય, એમાં ય નિર્ભીક વિષયરાગવાળું હોય, તો પછી એનામાં 'ચક્ષુ' અર્થાત્ ધર્મના આકર્ષણરૂપી આંખ જ ન આવે. જેમ દારૂનો નશો, એમ વિષયોનો આવેશ, ધર્મનું કશું મૂલ્યાંકન જ ન કરવા દે. ધર્મનું કશું આકર્ષણ ન થવા દે, પછી આગળ 'માર્ગ' 'શરણ' 'બોધિ' આવવાની તો વાતેય શી? એટલે અહીં પહેલે પગથિયે 'અભય' યાને ચિત્ત-સ્વાસ્થ્ય જરૂરી ગણ્યું.

પ્રભુની ઉપાસના કરવી છે, તો પહેલું-અભય લાવો. ચિત્તની ચંચળતા-વિહ્વળતા છોડી ચિત્તને સ્વસ્થ બનાવો. સેવનકારણ પહેલી ભૂમિકા અભય-અદ્વેષ-અખેદ. 'અદ્વેષ'ની વાત અહીં આગળ ઉપર કરવાના છે, પહેલાં અખેદની વાત કરે છે. 'અખેદો દેવકાર્યાદૌ' દેવકાર્ય-દેવદર્શન-પૂજા; ગુરુકાર્ય-સાધુસેવા વગેરે; આ સત્ કૃત્યોમાં ખેદ નહિ, અર્થાત્ એવો કોઈ થાક-કંટાળો-ખિન્નતા નહિ કે જેથી એ સત્કાર્ય કરવામાં ઊલટ જ ન જાગે. જો ઊલટ ન હોય તો કદાચ કરે તોય એ વેઠ પતાવવાની માફક પૂજા કરે. સ્તવનમાં કવિએ આ જ કહ્યું 'ખેદ પ્રવર્તિ કરતાં થાકીએ.' જરૂર પ્રશ્ન થાય,-

અહિંસાદિ સાથે અખેદ કેમ જોઇએ? :-

પ્ર૦-અહિંસાદિ-'યમ'ની સાથે અખેદ કેમ જરૂરી માન્યો?

ઉ૦-અહિંસાદિ-'યમ'માં આવ્યો એ જીવ મોક્ષદૃષ્ટિવાળો બન્યો છે; અને મોક્ષની દિશા, હિંસાદિ પાપો તરફ નફરત જાગે તો જ લાગે છે; ને એટલે જ એ અહિંસાદિ યમમાં આવે છે. હવે અહીં સવાલ થાય કે, ભલે પાપ છોડ્યા, એટલે કે પાપમાંથી નિવૃત્તિ કરી, પરંતુ પછી ત્યાં પ્રવૃત્તિ શી કરવાની? તો કે દેવપૂજા ગુરુપાસ્તિ વગેરે સત્કાર્યની પ્રવૃત્તિ આદરવાની; તેથી જ અહિંસાદિના ભાવ ટકે અને વધે. હવે જ્યારે દેવપૂજાદિ સત્કાર્ય કરવાના છે તો તે ઊલટ-ઉમંગથી જ કરવા જોઇએ ને? એ માટે ખેદ-કંટાળો-થાક ન જોઇએ. ખેદાદિ હોય તો સત્કાર્યમાં ભલીવાર ન આવે. કહે છે ને? કે 'રોતો જાય એ મુઆની ખબર લઇ આવે.' સત્કાર્ય કરવું જ છે, કરવું જરૂરી જ માન્યું છે, કેમકે-હાથ પર જો સત્કાર્યો નહિ હોય તો

દુન્યવી પ્રવૃત્તિ જ રહેવાની, અને એમાં અહિંસાદિ યમ નહિ સચવાય; એટલે જ્યારે સત્કાર્ય કરવા જ છે, તો તો ખેદ-થાક-કંટાળો લાવ્યા વિના ઊલટથી કાં ન સાધવા?

પ્ર૦–પણ સત્કાર્ય-ધર્મપ્રવૃત્તિ કરવાની આવે ત્યારે કયારેક ખેદ–અનુત્સાહ આવી જાય તો શું કરવું?

ઉ૦–ખેદ ન આવવા દેવા આ સમજી રાખવું કે 'જો સત્કાર્ય પર ખેદ લાવીશ, તો એમાં ભવાભિનંદીપણું જોર મારી જશે; પછી યોગની પહેલી દૃષ્ટિ પણ ઊડી જશે! જ્યારે ભવાભિનંદીપણું એટલે કે ભવનો આનંદ નથી રાખવો તો મોક્ષ-દૃષ્ટિ ઊભી રાખવી જોઈશે, અને મોક્ષ-સાધક દેવપૂજનાદિ સત્કાર્યનો ઉમંગ-ઊલટ-ઉત્સાહ ઊભા જ રાખવા જોઈશે. ત્યાં પછી ખેદ-થાક-કંટાળો ન પાલવે.'

મુખ્ય વાત આ છે કે, જીવ ભવાભિનંદીપણાની ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવે છે, ત્યારે અનાદિકાળથી જે માત્ર દેહનું મમત્વ હતું, એના બદલે હવે આત્માનું મમત્વ ઊભું થાય છે. એ આત્મ-મમત્વ જાગ્યા પછી સ્વાભાવિક છે કે, આત્માને હિતકારી દેવકાર્ય-ગુરુકાર્ય વગેરેની ઝંખના હોય, ઉત્સાહ હોય. પછી ત્યાં ખેદ શાનો હોય? એ તો

'तथा तथा उपनतः एतस्मिन् तथापरितोषात् न खेदः, अपि तु प्रवृत्तिरेव।'

અર્થાત્ જેમ જેમ એ દેવકાર્યાદિમાં જોડાઈને અર્પિત થતો જાય છે, તેમ તેમ ખેદ નહિ, પણ આત્માનંદ અનુભવે છે. એને દેવકાર્યાદિનો રસ જાગે છે, ને તેથી પ્રવૃત્તિ વધે છે; પછી દેવકાર્યાદિ ધર્મક્રિયા કરવાની આવે ત્યાં ખેદ-કંટાળો ન આવે, તો જ રસ જાગ્યો છે એમ કહેવાય. એ રસ જગાડનાર અને ખેદ ન થવા દેનાર પહેલી યોગ-દૃષ્ટિનો બોધ પ્રકાશ છે.

સ્વાત્માનું માપ કાઢોઃ-

આ પરથી આપણા આત્માની સ્થિતિનું માપ કાઢી શકીએ છીએ કે દેવદર્શન-પૂજનનો સમય આવ્યો, સાધુ-સેવાનો અવસર આવ્યો, કોઇ દાન-પરોપકાર કરવાનો મોકો આવ્યો, ત્યાં મનને થાક લાગે છે? 'આ કરવાનું આવ્યું, કરો ભાઈ કરો. કરવું પડશે જ,'–એમ દીનતા આવે છે? તો સમજવું પડે કે દુનિયાના કામોમાં આવું કશું નથી થતું. ત્યાં વિષયોમાં–દુન્યવી કાર્યોમાં તો દિલ પ્રસન્ન-પ્રફુલ્લિત-ઉલ્લાસભર્યું બને છે. તો પછી અહીં આત્મહિતની પ્રવૃત્તિ કરવાની આવી તે વખતે નીસાસો–ખેદ–દીનતા–ગ્લાનિ થાય છે. એ યોગદૃષ્ટિના બોધ–પ્રકાશનો અભાવ સૂચવે છે.

દેવકાર્યોમાં ખેદ કોણ લાવે છે? દુન્યવી કાર્યોનો વધારે પડતો રસ એ ખેદ લાવે છે.

બાહ્ય પદાર્થોનો બાહ્ય પ્રવૃત્તિનો વધારે પડતો રસ આત્મહિતની વસ્તુનો અને આત્મહિતની પ્રવૃત્તિનો રસ નથી જાગવા દેતો. એટલે એમાં ખેદ-ગ્લાનિ-વ્યાકુળતા જ આવીને ઊભી રહેવાની. બીજા શબ્દોમાં કહીએ તો,

પુદ્ગલાનંદી જીવ આત્માનંદી ન બની શકે.

પ્ર૦–પણ આ પુદ્ગલાનંદીપણું શી રીતે તૂટે? બાહ્યનો રસ કેમ મીટે? એ તો અનંતા કાળથી જીવને લાગેલ છે.

ઉ૦–પુદ્ગલાનંદીના અપાયો–નુકસાનો ખૂબ વિચારાય, ને એની ભડક લાગે, તો એ પુદ્ગલનો આનંદ ને એનો રસ, બાહ્યનો રસ ઓછો થાય. એ અપાયો આ છે,—

પુદ્ગલાનંદ અને બાહ્ય રસના અપાયો (અનર્થો) :-

માનવ-સમય એ સુવર્ણ રસ :-

(૧) પુદ્ગલની પલોજણમાં ને બાહ્યની ગુંથામણમાં અમૂલ્ય માનવસમય વેડફાઇ જાય છે.

માનવસમય તો સુવર્ણરસ જેવો છે. સુવર્ણરસના એકેક ટીંપાથી ઢગલો સોનું બનાવી શકાય; એમ માનવસમયની એકેક ક્ષણથી ઉત્તમ અધ્યવસાય, પ્રશસ્ત વિચારસરણી, પવિત્ર બોલ યાને આત્મહિતની પવિત્ર કરણી દ્વારા ઢગલો પુણ્યાનુબંધી પુણ્ય અને લખલૂટ પાપ-ક્ષય કરી શકાય છે. એને જડ પુદ્ગલ અને બાહ્યભાવમાં વેડફી નાખતા અરેરાટી ન થાય?

માણસ ક્યાંકથી તુંબડી ભરી સુવર્ણરસ લઈ આવ્યો હોય અને રસ્તામાં પગ કીચડિયા થયેલા તેને સુવર્ણરસથી ધોવા બેસે, તો પાસે ઊભેલો શાણો માણસ એને ધમકાવે નહિ? કહે ને કે 'મૂરખ! સુવર્ણરસ પગ ધોવા ઢોળી નાખવાનો? લે રાખ એ; પગ ધોવા પાણી લાવી આપું.' ત્યાં જો પેલો એને ન ગણકારે ને સુવર્ણરસથી પગ ધોતો ઢોળતો જાય, તો એ મૂરખને તો કાંઈ અફસોસી નહિ, પણ શાણાને કેવો આંચકો લાગે? એમ આપણે સુવર્ણરસ સમો માનવ-સમય પુદ્ગલાનંદી પ્રવૃત્તિમાં અને વિકથા કુથલી વગેરે પ્રમાદો તથા બાહ્ય ભાવમાં વેડફી નાખીયે, ત્યારે શાણા ગુરુઓને કેટલો આંચકો લાગે? આપણને એના દુઃખદ પરિણા-મોનો વિચાર ખરો?

(૨) ઉત્તમ આલંબનોનું મૂલ્યાંકન ભૂલાય.

(૨) બીજું નુકસાન એ છે કે, પુદ્ગલાનંદ અને પ્રમાદના રસથી, અહીં માનવભવે આર્ય દેશમાં મળેલા શુભ આલંબનોનું અગણિત મૂલ્ય, કાંઈ સમજીએ છીએ? જો સમજતા હોઇએ તો એનો લાભ લીધા વિના રહેવાય? પણ મૂલ્યાંકન ભૂલી જવાય છે, ને તેથી દિલમાં આ દેવાધિદેવ, સદ્ગુરુઓ, શાસ્ત્રો, કલ્યાણ પ્રવૃત્તિઓ વગેરેની હૈયામાં એક પ્રકારની એવી ઉપેક્ષા અવગણના થાય છે કે ભવાંતરે કદાચ આ આલંબનો મળવાની લાયકાત ન રહે.

એટલે જ એ પુદ્ગલાનંદ, એ પ્રમાદ, અને એ બાહ્યભાવના ભારે અપાયોની મનને જો ભડક લગાડાય, તો એનો રસ ઓછો થઇ દેવકાર્યાદિ પ્રવૃત્તિનો રસ જાગે, ને તો એમાં ખેદ ન આવે.

બાહ્યનો રસ જીવને કેવો મૂઢ બનાવે છે! દા.ત. રસ્તા પરથી જતો હશે તો આડાઅવળા ડાફોડિયાં મારતો દુકાનોના પાટિયા વાંચશે! શું મળવાનું એમાંથી? ભલા આદમી! વાંચવું જ છે તો પાટિયા પરના નામ વાંચવાને બદલે મનથી 'નમો અરિહંતાણં' અક્ષરો વાંચ ને? પણ આનો રસ હોય તો વાંચે ને? આનો રસ નથી એટલે કદાચ નવકારની નવકારવાળી ગણતો હશે તે પણ પહેલેથી જ ખેદ સાથે! ને રસ વિના! એથી નવકારવાળી ગણતાં વચમાં વચમાં મનથી દુન્યવી કેઇ અક્ષરો વાંચશે! અને કેઇ વિચારો કરશે!

આ શેના જેવું છે? ભૂંડને મેલાનો રસ, તે ખીરનું કૂંડું એની સામે પડયું હોય છતાં, એની સામે નહિ જુએ, એમાં મોં નહિ નાખે! એની તો નજર જ મેલા સામે; ને એ મળ્યું કે, ઝટ નાખે મોં એમાં! બસ, પુદ્ગલાનંદી અને બાહ્ય ભાવવાળા તથા બાહ્ય રસવાળા જીવની આવી દુર્દશા હોય છે. ઉત્તમ તારક આલંબનો તરફ નજર જ નહિ! એમાં પ્રવૃત્તિ નહિ! ને પૌદ્ગલિક વસ્તુઓ અને બાહ્ય તરફ જ નજર, ને એમાં જ પ્રવૃત્તિ! એટલે પછી દેવદર્શનાદિ દેવકાર્યો કે ગુરુ-સેવાદિ ગુરુકાર્યો

વગેરે કરવાના આવે ત્યારે એનો રસ નહિ! તેથી ખેદગ્લાનિથી પ્રવૃત્તિ કરે એમાં નવાઇ નથી.

ત્યારે પુદ્ગલાનંદીપણામાંથી બહાર નીકળી યોગદૃષ્ટિના પ્રકાશને પામેલા જીવને હવે આત્મહિતની પ્રવૃત્તિ તરફ દૃષ્ટિ જાગી છે, તેથી તો એ અહિંસાદિયમની સાધના કરે છે. એટલે અહિંસાદિને ઉપદેશનાર દેવ-ગુરુનાં ભક્તિ-કાર્યમાં એને ખેદ નથી હોતો. કદાચ બીજી કશી ઉપાધિ હોય તો પણ અહીં દેવકાર્યાદિમાં એને ખેદ-ગ્લાનિ નહિ થાય. એટલો એમાં એને રસ હોય છે, આત્માનંદ હોય છે.

ટીકાકાર આ માટે અહીં ભવાભિનંદીનો દાખલો આપતાં કહે છે કે, જેમ ભવાભિનંદી જીવને માથું ભારે હોય કે એવો કોઇ વ્યાધિ હોય છતાં ભોગનો રસ એવો હોય છે કે, ભોગની પ્રવૃત્તિ કરવામાં એને ખેદ નથી હોતો, ગ્લાનિ નથી હોતી. દેખાય છે ને કે માથું દુખતું હોય તોય પિક્ચર જોવા રસથી જાય છે. એ રીતે યોગદૃષ્ટિ પામેલાને બીજી-ત્રીજી સાંસારિક વ્યથા કે શારીરિક અસ્વસ્થતા છતાં, દેવકાર્ય આદિમાં વધુ ને વધુ અર્પિત થઈ એવો આત્માનંદ અનુભવે છે કે એમાં એને ખેદ-ગ્લાનિ થતી નથી.

મોક્ષદૃષ્ટિ ખૂલ્યા પછી સહજરુચિ કાયાનાં કલ્યાણ પર નહિ, કિન્તુ આત્માના કલ્યાણ ઉપર જાય.

એટલે પછી આત્મકલ્યાણરૂપ દેવકાર્યાદિ ઉપસ્થિત થાય ત્યાં ખેદ-થાક-ગ્લાનિ શાના આવે?

અ-દ્વેષ ગુણ

જેવો અખેદ એ દ્વેષ-ત્યાગ, તેવો અહીં 'અદ્વેષ' ગુણ પણ પ્રગટ થાય છે. આ અંગે ટીકામાં લખે છે,-

શ્લોક ૨૧ (ટીકા)-અદ્વેષશ્ચામત્સરશ્ચ, અપરત્ર ત્વદેવકાર્યાદૌ, તથાતત્ત્વવેદિતયા માત્સર્ય-વીર્યબીજભાવેઽપિ તદ્ભાવાઙ્ગકુરાનુદયાત્તત્ત્વાનુ-ષ્ઠાનમધિકૃત્ય કર્મણ્યસ્યાશયઃ। અતોઽસ્યાપરત્ર ન ચિન્તા, તદ્ભાવેઽપિ કરુણાંશબીજસ્યૈવેષત્સ્ફુ-રણમિતિ।

અર્થ :—વળી 'અદ્વેષ' અમાત્સર્ય હોય, બીજી બાજુ દેવકાર્યાદિ વિનાના લોક પર. કેમકે તેવા પ્રકારનો તત્ત્વવેદી બન્યો હોવાથી,-અલ્પ-બત્-હજી માત્સર્યની શક્તિનું બીજ રહ્યું છે-છતાં માત્સર્યના ભાવનો અંકુરો પ્રગટ થતો નથી; (કેમકે) હવે એનો આશય એનું દૃઢ તત્ત્વાનુ-ષ્ઠાનને આશ્રીને ક્રિયામાં પ્રવર્તી રહ્યું છે. તેથી એને બીજી બાજુનો વિચાર નથી હોતો. કદાચ વિચાર આવી જાય તો ત્યાં કરુણાના જ અંશનું સહેજ સ્ફુરણ હોય છે, (માત્સર્યના અંશનું નહિ.)

વિવેચનઃ—

યોગની પહેલી મિત્રાદૃષ્ટિમાં અહિંસાદિ પાંચ યમ પ્રવર્તવા સાથે દેવદર્શનાદિ કાર્યોમાં અખેદ હોય છે, ખેદ નામનો દોષ નથી હોતો; કેમકે, દેવ-ગુરુ વગેરેના કાર્યમાં લાગવાનું આવે ત્યારે એવા આત્મિક આનંદનો અનુભવ કર્યો હોય છે કે, એના સુસંસ્કારોથી, એવાં કાર્ય ઉપસ્થિત થતાં, આનંદ હોય, ખેદ ગ્લાનિ શાની હોય?

જેમકે સંસારરસિયા જીવને સંસારના વિષયભોગ-સુખભોગનો પ્રસંગ ઊભો થાય, એ વખતે ભલે ને માથું ભારે હોય, દુખતું હોય, કે એવી બીજી કોઈ તકલીફ આવી પડી હોય, તો પણ સુખ ભોગના કાર્યમાં વિના ગ્લાનિએ આનંદથી પ્રવર્તે છે.

આ બધી વસ્તુ પહેલાં વિચારી લીધી છે. હવે પહેલી દૃષ્ટિમાં 'અદ્વેષ' નામનો ગુણ પ્રગટ થયો હોય છે એ ગુણનો વિચાર કરીએ.

અહીં 'દ્વેષ' એટલે માત્સર્ય–અસૂયા–અસહિષ્ણુતા શેની પ્રત્યે? તો કે 'અપરત્ર' અર્થાત્ દેવકાર્યાદિથી પરવારેલા અને એકલા સાંસારિક કાર્યોમાં રચ્યાપચ્યા રહેનારા ઉપર દ્વેષ–ઘૃણા–અસૂયા નથી થતી કે 'આવા ઉત્તમ દેવકાર્યાદિને છોડીને આ લોકો શું જોઈને એકલા સાંસારિક પાપ કાર્યોમાં રચ્યાપચ્યા રહેતા હોય છે?'

ધર્મથી પરવારેલા પર દ્વેષ કેમ નહિ?

બીજાઓ પ્રત્યે આવી ઘૃણા ન થવાનું કારણ પોતે ભવાભિનંદીપણું છોડ્યું એટલે તત્ત્વવેદી–તત્ત્વજ્ઞ બન્યો છે, આત્મતત્ત્વ તરફ દૃષ્ટિવાળો બન્યો છે. સંસારરસિયા ભવાભિનંદી જીવને તો સંસાર–વિષયોનો જ એકરસ, એટલે 'કાયાને મજા કયાં મળે છે?' એટલું જ જોવાનું હોય છે. પોતાના અંદરવાળા આત્માનો કશો વિચાર જ નહિ.

(૧) પહેલું તત્ત્વવેદીપણું:—

પરંતુ હવે યોગદૃષ્ટિમાં પ્રવેશ કર્યો એટલે એવો આંધળો સંસારરસ–વિષયરસ, ને આંધળી દેહદૃષ્ટિ પડતી મૂકી છે; એટલે પોતે એ અંદરવાળાના જે હિતકારી તત્ત્વ દેવકાર્યાદિ, એનો રસ ધરાવે છે. તેથી આવો તત્ત્વવેદી છે, આ તત્ત્વ જુએ છે કે જે જીવો હજી ઓઘદૃષ્ટિમાં છે, યોગદૃષ્ટિમાં આવ્યા જ નથી, એમને સહેજે આ દેવકાર્યાદિ પ્રવૃત્તિ ન જ સૂઝે. એના પર ઘૃણા શી કરવાની? તાવવાળાને ભૂખ નહિ એટલે ખાય નહિ, તો એના ઉપર દ્વેષ કોણ કરે છે?

તત્ત્વવેદી એટલે કોઈ મોટો વિદ્વાન જ બન્યો હોય એવું નહિ, પરંતુ 'પોતાનાથી નીચેની ભૂમિકા પર રહેલા હોય એની એ ભૂમિકા પ્રમાણે જ કાર્યવાહી હોય' એવા તત્ત્વની સમજદારીવાળો. આ સમજદારી હોય તેથી સહેજે નીચેવાળા પ્રત્યે દ્વેષ–ઘૃણા–માત્સર્ય ન થાય.

દા. ત. પોતે ઓછો બિમાર હોય, તો એને બીજા વધુ બિમાર પર દ્વેષ–ઘૃણા કયાં થાય છે, કે 'આ કેમ બહુ તાવ, ખાંસી, અન્ન–અરુચિ વગેરેમાં પડ્યો રહે છે?' કેમકે એ તત્ત્વ સમજે છે કે, 'વધુ બિમારી હોય એમાં એ બહુ તાવ વગેરે કાર્યો રહે જ, એ સ્વાભાવિક છે.'

સાચું તત્ત્વવેદીપણું આ કે ધર્મહીનને વધુ બિમાર સમજી એના પર ઘૃણા ન કરો.

(૨) બીજું તત્ત્વવેદીપણું એ છે કે પોતે જે આત્મહિતકારી–પરલોકહિતકારી દેવદર્શન–પૂજન આદિ કાર્ય કરવાના રાખ્યા છે, એમાં એનો આત્મા ઠરે છે. એટલે એ ઠરવાના આનંદમાં એને બીજાના દોષોનો વિચાર કરવાની કુરસદ જ નથી. જેમ ધમધોકાર વેપારની પ્રવૃત્તિમાં લાગ્યો હોય એ એમાં એવો ઠર્યો હોય છે કે, એને બીજા વેપાર નહિ કરનારને એદીના બાદશાહ બની ઘરમાં બેસી રહેનાર કે બહાર રામાટામા કરનારાનો વિચાર કરવાની કુરસદ જ કયાં હોય છે? એ તો પોતાના વેપારમાં જ ઠર્યો હોય છે, રચ્યો પચ્યો રહે છે, પછી પેલા એદીનો વિચાર જ નહિ તેથી એના પર શા સારુ દ્વેષ ઘૃણા કરવા જવાનું રહે?

બસ, આ રીતે યોગદૃષ્ટિમાં આવી એને–યોગ્ય દેવદર્શન પૂજન વગેરે સત્ કાર્યોમાં ઠરનારાને ઓઘદૃષ્ટિ યાને ભવાભિનંદી દૃષ્ટિમાં રહેલાનો વિચાર કરવાની કુરસદેય નથી હોતી. એટલે એ પોતાના દેવદર્શનાદિ કાર્યોમાં મસ્ત હોય છે.

આ સાચું તત્ત્વવેદીપણું છે, કે જે દેવદર્શનાદિની પ્રવૃત્તિ કરે એમાં ઠરે.

ધર્મ–ક્રિયામાં ઠર્યા વિના એના ઊંચા ફળ ન મળે; તેમજ એનાથી એવી આત્મ–પ્રગતિ ન થાય.

સંસારરસિયો જીવ જો સાંસારિક મનગમતી પ્રવૃત્તિમાં ઠરે છે, તો ધર્મરસિયો જીવ ધર્મની પ્રવૃત્તિમાં ઠરે નહિ? જો ન ઠરે તો એ ધર્મ-રસિયો છે?

'ધર્મ–ક્રિયામાં ઠરવું' એટલે એમાં મન બંધાવું. એમાં મન બંધાય તો આત્મામાં એના સારા સંસ્કાર પડે. બીજ જમીનમાં બંધાય છે તો એના પર અંકુર વગેરે ઉત્પન્ન થાય છે. એમ ધર્મ–ક્રિયામાં મન બંધાય તો આગળ વિશેષ ધર્મસર્જન થાય. એટલે દરેકે દરેક પ્રભુભક્તિ, સાધુસેવા, ત્યાગ, તપ વગેરે ધર્મ–સાધના કરતાં અંતરાત્મા એમાં ઠરવો જોઈએ. એ ખાસ લક્ષ રાખવાનું છે, પછી ભલે બીજી સાંસારિક ઉપાધિઓ વળગી હોય. માટે તો દૃષ્ટાંત આપ્યું ને કે, ભવાભિનંદી જીવને માથું ભારે લાગે વગેરે તકલીફ હોય તોય સુખભોગમાં એનું મન ઠરે છે ને?

આવા તત્ત્વવેદીને ધર્મ–પ્રવૃત્તિમાં મસ્તી હોય. પછી એ મસ્તી મૂકી એ બીજા ધર્મહીનનો વિચાર કરી એમના પર ઘૃણા ઈર્ષ્યા કરી શું કામ દુઃખી પડે? અહીં પ્રશ્ન થાય,

પ્ર.–તો શું એવા હજી માત્ર પહેલી યોગ-દૃષ્ટિમાં આવેલાના આત્મામાંથી માત્સર્ય–ઈર્ષ્યા–અસૂયા સાવ નીકળી ગયા છે?

ઉ.–ના, હજી એનામાં માત્સર્યનું બીજ પડેલું છે, પરંતુ અત્યારે દેવકાર્યાદિ ધર્મ–પ્રવૃત્તિમાં એને મસ્તી એવી હોય છે કે, એ બીજ એમ જ દબાયેલ–દટાયેલ જ રહે છે. એમાંથી પ્રગટ માત્સર્યનો અંકુરો નથી ઊઠતો. એને પોતાની ધર્મ–પ્રવૃત્તિમાં મસ્તી મગ્નતા ન હોય તો બીજાનો વિચાર કરવા જાય ને? તો બીજાનો વિચાર કરી દુઃખી પડે ને? અહીં મસ્તી જ એવી છે કે બીજાનો વિચાર કરવાને સમય જ નથી.

અલબત્ પહેલી યોગદૃષ્ટિવાળો એવો મહા-યોગી નથી, કે ધર્મ પ્રવૃત્તિમાં એવો તલ્લીન બનેલો ને એમાં ઓતપ્રોત થઈ ગયો હોય કે એમાં એને બીજાનો વિચાર જ ન આવે. એ પ્રારંભિક યોગી છે, એટલે બીજાનો વિચાર આવી પણ જાય. તો પ્રશ્ન થાય,

પ્ર.–બીજાનો વિચાર જો આવે, તો ત્યાં એ બીજાની ધર્મહીન અધમદશા જોઈ એના પર ઘૃણા નહિ થાય?

ઉ.–ના, બીજા અધમ ઉપર જેમ ઘૃણા એ અપ્રશસ્ત ભાવ છે, એમ બીજા પર દયા–કરુણા એ પ્રશસ્ત ભાવ છે. તેથી અધમ ઉપર અહીં ઘૃણાને બદલે દયા આવે છે, એનું કારણ એ છે કે, આત્મા ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવ્યો છે, ને તત્ત્વવેદી બન્યો છે. એને શરીર કરતાં જુદી જાતના આત્મતત્ત્વ પર દૃષ્ટિ ગઈ છે, અને એમાં શું પોતાના કે શું બીજાના આત્માની કાયા–માયાના મોહમાં જે અનંતા ભવભ્રમણમાં ભયંકર ખરાબીઓ થઈ છે, એનો ખ્યાલ આવ્યો છે. આમ બીજાની પણ આવી ભયંકર ખરાબીઓને જોનાર તત્ત્વવેદી એમના પર ઈર્ષ્યા ઘૃણા શાનો કરે?

દા. ત. તમે તંદુરસ્ત છો અને કોઈ બિમાર સંબંધીની ખબર પૂછવા હોસ્પિટલમાં જાઓ, ને ત્યાં મહારોગીઓને રોગથી પીડાતા દુઃખી જુઓ, ત્યાં એમના પર કશી ઈર્ષ્યા કે ઘૃણા નથી થતી, એમની દયા આવે છે. બસ, એ જ પ્રમાણે અહીં આપણે અહિંસાદિયમ અને દેવ-કાર્યાદિ સુકૃત પામ્યા એ કાંઈક આરોગ્ય પામ્યા, પણ બીજાઓ એ ન પામવાથી હિંસાદિ આરંભ સમારંભનાં અને મોહમાયાનાં કાર્યોમાં મગ્નતા-

રૂપી રોગોમાં પીડાઈ દુખિત થઈ રહ્યા છે, તો એમને જોઈને આપણે જો તત્ત્ववેદી છીએ તો આપણને એમના પર દયા આવે, ઈર્ષ્યા–ઘૃણા દ્વેષ શાનો આવે ?

સંસારના પાપીને રોગી તરીકે જુઓ તો એના પર દયા આવે, દ્વેષ નહિ.

માટે અહીં પહેલી દૃષ્ટિમાં 'અદ્વેષ' ગુણ મૂક્યો. અહિંસાદિયમ કે દેવકાર્યાદિ તત્ત્વાનુષ્ઠાનને આશ્રીને પોતાને ખેદ નથી, પણ એને આદરવાનો આશય છે, અને "અપરત્ર" એટલે કે, એ વિનાના બીજા જીવોની એને દયા આવે છે, દ્વેષ નહિ. સમજે છે કે મારે કોઈ પૂર્વ જન્મની સાધનાથી મોહનીય કર્મ મોળા પડ્યા એટલે મને આ અહિંસાદિ સૂઝે; પણ આ બિચારાઓને પૂર્વે એવી સાધના ન હોય તેથી કર્મ મોળા ન પડ્યા હોય, એટલે અહીં ધર્મ ન સૂઝે.

કર્મ એ રોગ છે, સંસારી જીવની બિમારી છે.

'મારે સહેજ ઓછી બિમારી, તો બીજાને વધારે.' તો હોસ્પિટલની દુનિયામાં ઓછી બિમારીવાળો અધિક બિમારીવાળાની ઉપર કયાં ઈર્ષ્યા ઘૃણા દ્વેષ કરવા જાય છે ?

આ 'અદ્વેષ' ગુણ પરથી સમજવાનું છે કે, પહેલી યોગદૃષ્ટિમાં આ ગુણનું વિધાન કરીને એ સૂચવી રહ્યા છે, કે તમે થોડા પણ અહિંસા વગેરે ગુણ અને દેવદર્શનાદિ ધર્મક્રિયા આદરતા હો, તો તમને એ નહિ આદરનાર ઉપર દ્વેષ–ઘૃણા–અસૂયા કરવાનો કોઈ અધિકાર નથી. અધિકાર દયા ચિંતવવાનો છે. તો જ તમને ગુણ અને ધર્મ પચ્યો ગણાય. તો જ તમે યોગદૃષ્ટિમાં આવ્યા ગણાઓ; નહિતર તો દ્વેષ ઘૃણા વગેરેથી તો ઓઘદૃષ્ટિમાં જ ફસેલા ગણાઓ.

શુભ દૃષ્ટિવાળા બનવા રહેવું છે ? તો દિલ દરિયાવ વિશાળ અને ઉમદા બનાવવું જોઈશે, પણ સાંકડું અને ક્ષુદ્ર નહિ.

સંસારી જીવમાં બે પ્રકારના વીર્યનાં બીજ પડેલા છે, (૧) કરુણાદિ સત્ વીર્યનું બીજ, અને (૨) દ્વેષ–અસૂયાદિ અસત્ વીર્યનું બીજ. અહીં પહેલી યોગદૃષ્ટિમાં જીવ આવ્યો, ત્યાં અસત્ વીર્યનું બીજ–એ ખૂણે પડ્યું રહે છે, એમાંથી અંકુર નથી પ્રગટતો, અર્થાત્ દ્વેષ–ઈર્ષ્યાદિનું વીર્ય સ્ફુરાયમાન થતું નથી, પણ કાંઈક કરુણાના સત્‌વીર્યનું સ્ફુરણ થાય છે.

એટલું ધ્યાનમાં રહે કે,

સત્ વીર્ય એ આત્માનો સ્વભાવ છે. જ્યારે અસત્ વીર્ય આત્મા પર લાગેલા ઘાતી કર્મનો પ્રભાવ છે.

એટલે જ ઘાતી કર્મ સર્વથા નષ્ટ થઈ ગયા પછા ભવસ્થ કેવળજ્ઞાની અને અભવસ્થ સિદ્ધ ભગવંતોમાં અસદ્ વીર્યનું બીજ પણ નથી હોતું; કેમકે એમનાં કર્મ ગયા, તો પછી લેશ પણ અસત્ વીર્યના સ્ફુરણની વાતે ય શી ? એટલે જ આપણે તત્ત્ववેદી બની, એ કર્મના પ્રભાવ નીચે ન આવતાં, દ્વેષ ઈર્ષ્યાદિના અસત્ વીર્યના પુરુષાર્થને રોકવાનો છે, અને કરુણાના સત્ વીર્યનો પુરુષાર્થ જગાડવાનો છે. આ કરીએ તો જ આપણે યોગદૃષ્ટિના બોધપ્રકાશમાં છીએ, નહિતર ઈર્ષ્યા–દ્વેષ–વગેરેના વીર્ય સ્ફુરણથી તો આપણે હજી ઓઘદૃષ્ટિના ભવાભિનંદીપણાના અંધકારમાં જ આથડતા રહેવાના.

'દૃષ્ટિ' એ માનસિક વલણ છે. મનનું વલણ જો ફરે, તો માત્ર ધર્મ પ્રવૃત્તિમાં જ નહિ, પણ સાંસારિક જીવનમાંય એની અસર પડે છે. હૃદયમાં બોધ–પ્રકાશ જાગ્યા પછી આ સદ્ દૃષ્ટિનું માનસિક વલણ ઊભું થવું જ જોઈએ,

ને એની અસર સાંસારિક જીવન પર પણ પડવી જ જોઈએ. તો જ અજ્ઞાનના અંધકારમાં રહેલા પશુ કે અનાર્યો કરતાં આપણામાં કાંઈકે વિશેષતા આવી ગણાય. ત્યાં પછી પેલાના જેવા ઈર્ષ્યા–દ્વેષ વગેરે દોષોથી આપણે ન પીડાતા હોઈએ.

વલણ સુધરે તો જ પશુ કરતાં સારા.

સદ્દ દૃષ્ટિનો બોધ–પ્રકાશ એવો છે કે, જે આત્મા અને ધર્મ મળ્યાના આનંદમાં (૧) ન એનો ખેદ–કંટાળો, કે (૨) ન બીજા બોધ દૃષ્ટિના અંધકારમાં પડેલા પર બેદ–દ્વેષ. કારણ એક જ, હવે તત્ત્વવેદીપણાથી તારક તત્ત્વો પર મમતા જાગી ગઈ છે; પછી એ તારક તત્ત્વ ભલે એક નવકાર ગણવાનો ધર્મયોગ હોય, કે અલ્પ સાધુસેવાનો ધર્મ–યોગ હોય, એની પર પણ મમતા છે. આમ મમતા નાના મોટા બધા ધર્મ–યોગોની હોય, એટલે એક યોગ સાધતાં બીજા યોગની ઉપેક્ષા અવગણના ન હોય. દા. ત. સાધુ ઉપવાસ કરીને સ્વાધ્યાયને ન અવગણે, સાધુ–સેવાને ન ચૂકે. સમજે છે કે, આ કાયા અંતે પડતી મૂકવાની છે.

કાયા જ્યાં સુધી નથી પડી ગઈ ત્યાંસુધી એના દ્વારા (૧) પાપકર્મ-ક્ષય, (૨) પાપ-ત્યાગ, અને (૩) સુકૃત-સદ્દગુણ-કમાઈ કરી લેવાની છે.

માટે આવશ્યક શક્ય ધર્મયોગ એક પણ નહિ ચૂકવાનો. એટલે એમાં બેદ ન હોય; અને જે બિચારા ધર્મ–યોગ નથી સાધતા, એ કર્મ-પીડિત છે, તેથી એમના પર દ્વેષ–સૂગ–ઈર્ષ્યા ન કરાય, પણ એમની દયા જ આવે.

આ બીજાઓ પર દ્વેષ ન આવવા દેવા માટે અસલ તો પોતાની ધર્મસાધનામાં જ મન રાખવાનું છે, તો જ એ સાધનાની વફાદારી છે. બીજામાં મન લઈજ જવાનું નથી. પછી શું કામ એની ધર્મ–હીનતા દેખીને એના પર દ્વેષ કરવાનો હોય?

બીજાની હલકાઈના વિચાર એ મનમાં કચરા છે.

જ્યારે આપણને શ્રેષ્ઠ ભગવાન મળ્યા છે, શ્રેષ્ઠ ધર્મમાર્ગ મળ્યો છે, પછી એની જ વફાદારી રાખી મનમાં એ રત્નો જ રાખવાના હોય. મનમાં પરદ્વેષના કચરા શા સારુ ઘાલવા? પોતે જે દેવદર્શન પૂજન આદિ ધર્માનુષ્ઠાન લઈને બેઠો છે, એમાં જ મન રાખવું; મન બીજે ત્રીજે શું કામ લઈ જવું? ક્રિયાની વફાદારી હોય તો જ આ બને. નહિતર તો, દા. ત. પ્રતિક્રમણમાં 'વંદિત્તુ' કે 'શાંતિ' વગેરે બોલવાનો આદેશ પોતાને ન મળ્યો, અને બીજાને મળ્યો, તો ત્યાં એ સાંભળવામાં મન રાખવાનું છે. એના બદલે ઈર્ષ્યાથી સામો બોલવામાં ભૂલે છે કયાં? એજ જો જોયા કરશે, તો પોતાની ધર્મક્રિયાની વફાદારી ન રહી, મન એમાંથી નીકળી પરદ્વેષમાં ગયું! એમાં ગુમાવવાનું કેટલું બધું? ત્યારે પૂછો,—

પ્ર૦— સામો સૂત્ર બોલવામાં ભૂલો કરતો હોય, તો એને નહિ સુધરાવવી? સુધરાવવી હોય તો મન એના પર લઈ જ જવું પડે ને?

ઉ૦— આ ડહાપણ વાપરતા પહેલાં એ જુઓ, કે એ વખતે તમને તમારી સૂત્રપદો ધારવાની અને એના ભાવ ભાવવાની વસ્તુ લક્ષમાં રહે છે? કે સામો કયાં ભૂલે છે એજ લક્ષમાં રહે છે? જો સામાની ભૂલજ લક્ષમાં રહે છે, તો તમે મનમાં પોતાની આરાધનાના સારા માલને બદલે પરદ્વેષના કચરા જ ઘાલ્યા! કહેતા નહિ,

પ્ર૦– તો શું બીજાનું ભૂલ ભરેલું સૂત્ર-ઉચ્ચારણ ચલાવી લેવું?

ઉ૦–ના, ચલાવી ન લેવું, કિન્તુ પોતે

પોતાને જે શુદ્ધ સૂત્ર આવડે છે, એ જ મનમાં ધારવાનું. પોતે પોતાની સ્થિતિ જોવાની કે, 'જો હું બીજે ક્યાં ભૂલે છે એ જોતો બેસું, તો (૧) એક બાજુ એના પર મને ઘૃણા થાય છે, અને (૨) બીજી બાજુ મારે સૂત્રના ભાવ ભાવવાના રહી જાય છે, દા. ત. 'વંદિત્તુ' સૂત્રમાં સ્વાત્માના દુષ્કૃતોના સંતાપના ભાવ ભાવવાના છે; એના બદલે પરના સંતાપ મનમાં ઘાલવાનું થાય છે! હું કાંઈ એવો મહાયોગી નથી, કે પરના દોષ જોઈને એના પર મને દ્વેષ અરુચિ ન થાય, તેમજ મારા પોતાના દુષ્કૃતોના સંતાપ ઊભા રહે.'

એટલે જ શાસ્ત્રકારે ઠીક જ કહ્યું કે, પહેલી યોગ દૃષ્ટિમાં 'અપરત્ર અદ્વેષ' જોઈએ. અર્થાત્ બીજા ભૂલ કરનાર પર દ્વેષ ન જોઈએ. આ માટે આ વિચારવું કે,

"સ્વદોષ-સંતાપ એ ઝવેરાત છે, ને પરસંતાપ એ ઉકરડા છે," મનમાં ઝવેરાત મૂકી ઉકરડો શા સારુ ઘાલવો?

'દુનિયામાં કોઈ અબૂઝ માણસ પણ એવો નહિ હોય કે જે પરઘરના કચરા પોતાના ઘરમાં ઘાલે. તો શું હું એનાથી ય ગયો?"

વિચારીએ તો દેખાય કે, 'વંદિત્તુ' વગેરે પાપસંતાપ અને દુષ્કૃત-ગર્હાના સૂત્રના, યા 'નમુત્થુણં' વગેરે પ્રભુભક્તિનાં સૂત્રના એકેક પદ ઝવેરાત છે. 'વંદિત્તુ' સૂત્રના પદે પદે દુષ્કૃત ગર્હા થઈ થઈને અદ્ભુત પાપક્ષયનું ઝવેરાત મળે છે. ત્યારે 'નમુત્થુણં' સૂત્ર જોવાના પદે પદે પ્રભુની અવ્વલ અવ્વલ વિશેષતા પર હૈયું ઓવારી જવાથી મહાન સુકૃતાનુ મોદનનું ઝવેરાત કમાવાનું મળે છે. દેખોને કે 'નમુત્થુણં અરિહંતાણં, એક પદમાં નજર સામે અરિહંતના અષ્ટ પ્રાતિહાર્ય આવે, સમવસરણની શોભા નજર સામે આવે, તો હૈયું કેવું આલ્હાદ અને પ્રભુ પર અહોભાવથી ભરાઈ જાય? એમ 'ભગવંતાણં' પદથી પ્રભુનું વિહાર વખતનું અને મુકામ વખતનું ભવ્ય ઐશ્વર્ય કેવું કે નજર સામે આવે!

વિહાર અને મુકામ વખતનું પ્રભુનું ઐશ્વર્ય વિચારવા જેવું છે.

પ્રભુના વિહારનું ઐશ્વર્ય -

વિહાર વખતે પ્રભુના ઐશ્વર્યમાં સોનાના ચકચકતા નવ કમલ પર પ્રભુ ચાલી રહેલા દેખાય, બે બાજુના ઝાડ પ્રભુને નમતા દેખાય, પ્રભુના મુખ પાછળ ભામંડલ ઝગારા મારતું દેખાય, ચામર વીંજાતા દેખાય, ઉપર આકાશમાં ત્રણ છત્ર અને સિંહાસન ચાલતા દેખાય. તેમ જ પંખેરા પ્રદક્ષિણા ઘુમરી દેતા દેખાય. શું આ અદ્ભુત નથી? શું આના પર દિલ ઓવારી ન જાય?

પ્રભુની છાવણીનું ઐશ્વર્ય :-

ત્યારે પ્રભુ જ્યાં મુકામ કરે, ત્યાં છાવણી શિબિર કેવી ગોઠવાઈ જાય? રત્નોના સિંહાસન પર પ્રભુ બિરાજ્યાં છે, માથે મોતીના ઝુંબખડાવાળા ત્રણ છત્ર છે. મસ્તક પાછળ ભામંડલ ઝગમગે છે, બે બાજુ ચામર ઢળે છે, આખી છાવણીને ઢાંકે એવું આકાશમાં અશોક વૃક્ષ છે, જઘન્યથી ક્રોડ દેવતા હાજર છે. તેય હરખ ભર્યા ગુણગાન ગીત-સંગીત નૃત્ય-રાસ ગરબા વગેરે કરી રહ્યા છે, આજુબાજુના ગામડે ગામડેથી ટોળાબંધ લોકો પ્રભુનાં દર્શનાર્થે આવી રહ્યા છે, ગગનમાં ઊંચે દેવદુંદુભિ બજી રહી છે, હજારો સાધુ-સાધ્વીનો પરિવાર પ્રભુની ઉપાસના કરી રહ્યો છે. આ બધો ઠાઠ નજરમાં લાવવાની મજા કેવી? મનના પરિણામ કેવા નિર્મળ થાય?

પ્રભુને તું'હી તું'હી કરવાનું એટલે?

'નમુત્થુણં'નાં પદ પદમાં ભરેલા આ ઝવે-

રાત મનમાં લાવવાનું મૂકી, 'બીજે બોલવામાં કયાં ભૂલે છે?' એવા પરદોષના ચિંતનના કચરા મનમાં કોણ ઘાલે? અને પરદોષનો જો વિચારજ નહિ, તો એના પર દ્વેષ શાનો આવે? અને અસલમાં ભગવાન પર રાગ વધારવાનો છે, પ્રભુ તુંહી તુંહી તુંહી તુંહી કરવાનું છે. અર્થાત્ પ્રભુને કહીએ 'પ્રભુ! તુંજ મારો ત્રાતા, તુંજ ભ્રાતા, તુંજ પિતા, ને તુંજ મારો તારણ-હાર છે. મારે તારો જ એક આધાર છે, તું જ મારો બેલી છો. મારે તો ખાન પણ તું, ને પાન પણ તું, બધું મારું સર્વસ્વ પ્રભુ! તું જ છે.'

આમ ભગવાન પર અથાગ રાગ થાય, એટલે એમનાં દર્શન-પૂજા વગેરેની એવી ઝંખના હોય, કે ત્યાં બેદ્ય ન થાય. તેમજ બીજી પણ પ્રભુએ કહેલી ધર્મ-પ્રવૃત્તિમાંય પ્રભુ પરના તુંહી તુંહીમાં પ્રગટેલ અથાગ રાગથી આનંદ ઉત્સાહ હોય, એટલે બેદ્ય થવાને અવકાશ જ નહિ; તેમજ બીજાનો વિચાર કરવાને ફુરસદ જ નહિ કે જેથી એમના પર દ્વેષ આવે. કદાચ વિચાર આવે, તોય બીજાઓને પ્રભુના પ્યારા બાળકો સમજી એમની ત્રુટિઓ પર એમના પ્રત્યે દ્વેષ ન થાય, સૂગ ન થાય, અદ્વેષ ઊભો રહે, કરુણા ચિંતવાય.

અદ્વેષ=તત્ત્વનો અદ્વેષ

અહીં અદ્વેષ બીજાઓ પર કહ્યો, એમાં તત્ત્વ પર પણ અદ્વેષ સમજી લેવાનો છે. કેમકે આગળ બીજી યોગદૃષ્ટિઓમાં આ અદ્વેષ પર ખડા થતા જિજ્ઞાસા-શુશ્રૂષા-શ્રવણ વગેરે ગુણોનો વિચાર કરીએ તો જેમ જિજ્ઞાસા શાની? તો કે તત્ત્વની, શુશ્રૂષા=સાંભળવાની ધગશ, તો શું સાંભળવાની? તો કે તત્ત્વ: પછી શ્રવણ શાનું? તો કે તત્ત્વનું. આમ એ જિજ્ઞાસાદિ બધું તત્ત્વ અંગેનું, તો પછી આરંભમાં અદ્વેષ પણ કોનો? તો કે તત્ત્વનો 'અદ્વેષ', એમ સમજી રાખવાનું છે.

પહેલે પગથિએ તત્ત્વ પર અદ્વેષ જરૂરી છે, કેમકે જીવને અનાદિકાળથી તત્ત્વ પર દ્વેષ છે, અરુચિ છે. ભવાભિનંદી પુદ્ગલાનંદી જીવને જડ પુદ્ગલનો-જડ વિષયોનો જ રસ. એને વળી આત્મતત્ત્વની રુચિ શાની હોય? એનો તો એને અણગમો-અરુચિ-દ્વેષ જ હોય. એ ટળ્યા વિના આત્મતત્ત્વની જિજ્ઞાસા થાય જ શાની? પરંતુ હવે પહેલી યોગદૃષ્ટિમાં પ્રવેશ કરે ત્યાં આત્મદશા હવે કાંઈક સુધરી છે, આત્મા તરફ દૃષ્ટિ ગઈ છે, તેથી આત્મતત્ત્વ તરફનો દ્વેષ મટી ગયો હોય છે, એટલે હવે બીજી યોગદૃષ્ટિમાં એના પર આત્મતત્ત્વની જિજ્ઞાસા પ્રગટે છે.

પ્ર૦-જો તત્ત્વનો અદ્વેષ લેવો છે, તો અહીં 'અપરત્ર અદ્વેષ' એટલે બીજા ધર્મ નહિ કરનારા પર અદ્વેષ કેમ લીધો?

ઉ૦-એજ સૂચક છે, કે તત્ત્વ પરનો દ્વેષ-અરુચિ કાઢવી છે? તો, એ તોજ જશે કે, ધર્મ નહિ કરનાર પર અરુચિ-સૂગ-તિરસ્કાર વગેરે કરવાનું બંધ કરો. એનું કારણ એ છે કે, અધર્મી પર દ્વેષ અરુચિ-તિરસ્કાર, એ ભવાભિનંદીપણું ખેંચી લાવે છે, અંધકારમય ઓઘદૃષ્ટિ લાવે છે, પછી ત્યાં તત્ત્વ પર પ્રીતિ કયાંથી રહે? માટે કહો,

તત્ત્વના અદ્વેષ પહેલાં અતત્ત્વજ્ઞ પર અદ્વેષ જરૂરી છે.

ને એ નહિ, એટલે તત્ત્વ પર દ્વેષ અરુચિ આવવાની.

સારાંશ, જીવ ચરમાવર્ત કાળમાં આવે ત્યાં આત્મા પર, પરલોક પર અને મોક્ષ તરફ દૃષ્ટિ જવાથી દેવકાર્યાદિ ધર્મ ગમે છે, એવી આત્મચિંતા થાય છે. અને એનું અનુસંધાન ધર્મ નહિ કરનારા બીજાઓ પરની દયા સાથે લાગે છે, દ્વેષ સાથે નહિ. બીજાઓની ચિંતા સાથે નહિ, કારણ કે અહીં પોતાના આત્માન

ચિંતા એવી ઊભી થઈ છે કે, પરચિંતા પડતી મૂકાય છે; તેમજ નથી ને કદાચ પર તરફ દૃષ્ટિ ગઈ તો હવે હૃદય એવું કૂણું થયું છે કે, બીજાઓ પર હવે અચરમાવર્ત કાળની જેમ દ્વેષ ન ઊઠે, દયા જ આવી જાય.

ધર્મહીન પર દયાની આત્મદશા આવે તો જ જિનશાસનમાં પ્રવેશ મળે છે.

'ઉપમિતિભવ પ્રપંચા' કથામાં આવે છે કે જીવ દ્રમક ભિખારી લોકનગરમાં વિષયોની ભીખ માગતો ભટકતો હતો. એમાં એને કર્મે વિવર યાને દ્વાર આપ્યું; કર્મપરિણતિ એવી મોળી પડી, કે એને જિનશાસનના રજવાડામાં સુસ્થિત (તીર્થંકર) મહારાજાની કૃપા-દૃષ્ટિથી પ્રવેશ મળ્યો. આમ તો પૂર્વ કર્મ વિવર આપ્યા વિના પોતે જૈનશાસનના કિલ્લામાં ગમે તે રીતે ઘુસી ગયો હતો, અને અત્યારે પણ કેટલાક ભિખારીઓ કર્મે વિવર આપ્યા વિના એમજ ઘુસી ગયા દેખાય છે; પરંતુ તે બાહ્યથી પ્રવેશ દેખાય એટલું જ, પરંતુ આભ્યન્તરથી ખરો પ્રવેશ નહિ; એટલે કિલ્લામાંથી હકાલપટ્ટી થાય છે.

કર્મે વિવર આપ્યું હોય અને જિનશાસનમાં દાખલ થયા હોય, એનાં હૃદય હવે બીજા કર્મપીડિત જીવો તરફ ક્રૂર કઠોર રહી શકે નહિ. તત્ત્વ પરનો દ્વેષ મીટ્યે તત્ત્વની રુચિ થવાની ભૂમિકા ઊભી થાય, ત્યાં તત્ત્વની વિમુખ જીવો પર ક્રૂરતા – કઠોરતા – દ્વેષ થઈ શકે નહિ.

જૈનશાસન આ માગે છે,– તમે ધર્મ કરવા તૈયાર થયા છો ? તો તમારું હૃદય કોમળ અને વિશાળ બનવું જ જોઈએ, જેથી ધર્મ નહિ કરનાર પર દ્વેષ ન આવે. જો આ દ્વેષ આવે છે, તો તમે-ધર્મ તત્ત્વ સમજ્યા જ નથી, ધર્મતત્ત્વ ગમ્યું, એટલે તમારા વિશાળ હૃદિયાવ દિલમાં એ ધર્મ નહિ કરનારાઓ કર્મ-પીડિત તરીકે સમાઇ જાય. ધર્મતત્ત્વ ગમ્યું એના સાથે કર્મ તત્ત્વની શિરજોરી ખ્યાલમાં આવી જાય કે, જીવોની સામે ધર્મ પડયો છે, પરંતુ કર્મ એવાં બળવાન છે કે, એ જીવોને ગળચીમાંથી પકડી રાખીને ધર્મ રુચવા દેતા નથી. મારે વળી કર્મની શિરજોરી કાંઇક મોળી પડી લાગે છે, તેથી ધર્મ તરફ દિલ ખેંચાય છે; પણ તેથી કાંઈ જગતના બધા જીવોની એવી સ્થિતિ ન હોય. એમને કર્મ પીડતા હોય એટલે એ બિચારા ધર્મ તરફ ન ઝૂકે. ઇસ્પિતાલમાં દરદીના ખાટલા તો ઘણા પડયા હોય, પણ એમાંથી કોક કોકને કાંઇક આરોગ્ય પ્રાપ્ત થાય, ત્યારે એ કાંઇક આરોગ્ય પામનારો એમ નથી માની લેતો કે બધાને આવું આરોગ્ય મળી ગયું. એ તો એમને રોગમાં પીડાતા જુએ છે તેથી એ એને બિચારા લાગે છે, દ્વેષ કરવા યોગ્ય નહિ.

હવે અહીં પહેલી યોગદૃષ્ટિમાં આવેલો એક અગત્યનું કામ શું કરે તે બતાવવા ગાથા ૨૨ મી કહે છે,–

करोति योगबीजाना–
मुपादानमिह स्थितः ।
अवन्ध्यमोक्षहेतूना–
मिति योगविदोः विदुः ॥२२॥

અર્થ:– અહીં રહેલો યોગબીજોનો સંગ્રહ કરે છે, જે મોક્ષનાં અચૂક હેતુઓ છે; એમ યોગના વિદ્વાનો સમજે છે.

ટીકા :––અસ્યાં દૃષ્ટૌ વ્યવસ્થિતો યોગી યત્સાધયતિ તદભિધિત્સયાહ 'करोति' तत्वकरणेन 'योगबिजानां' वक्ष्यमाणलक्षणानां 'उपादानं'

ग्रहणम्, 'इह स्थितो' मित्रायां दृष्टौ मत्रो योगीत्यर्थः। किंविशिष्टानां योगबीजानामित्याह अवन्ध्यमोक्षहेतूनां इति। न हि योगबीजं न योगफलं नाम, योगश्च मोक्षफल इति। 'इति योगविदो'–विशिष्टा एव योगाचार्याः, 'विदु' रिति जानते ॥२२॥

અર્થ :–

આ દૃષ્ટિમાં રહેલો યોગી જે સાધે છે તે બતાવવાની ઇચ્છાથી કહે છે,– 'કરોતિ યોગ०....'

'કરોતિ' એટલે કે તત્ત્વકરણથી કરે છે, યોગબીજોનું જેનું સ્વરૂપ આગળ કહેવાશે તેમનું 'ઉપાદાન' અર્થાત્ ગ્રહણ 'ઇહ સ્થિતઃ' અર્થાત્ મિત્રાદૃષ્ટિમાં રહેલો મૈત્ર યોગી. એ યોગબીજો કેવાં? તો કે 'અવન્ધ્ય મોક્ષ હેતુ' અર્થાત્ મોક્ષનાં અવંધ્ય=અચૂક કારણ. યોગનું બીજ જે હોય એ યોગરૂપી ફળવાળું ન હોય એમ બને જ નહિ; અને 'યોગ' છે મોક્ષફળ આપનાર. એમ, 'યોગવિદ્'= વિશિષ્ટ જ યોગાચાર્યો 'વિદુઃ' અર્થાત્ જાણે છે. સમજે છે.

વિવેચન :–

પહેલી યોગદૃષ્ટિમાં આવેલો અલબત્ અહિંસાદિ યમની સાધના કરે છે, પરંતુ યોગ–સાધના માટે શું કરે? તે બતાવવા કહે છે કે યોગના બીજોનું ગ્રહણ કરે છે. ખેડૂત ખેતરમાં બિયારણની વાવણી કરે તે પહેલાં બિયારણ લેવું કરે છે. પાસે બિયારણનો સંગ્રહ જ ન હોય તો શાનું વાવેતર કરે? એવું અહીં યોગ–સાધના પૂર્વે યોગ–બીજોનો સંગ્રહ ન કર્યો હોય તો યોગનો પાક નિપજાવવાનું વાવેતર શાનું થાય? એટલા માટે યોગના અભિલાષીને યોગબીજોની આરાધના બહુ ગમે. કહો કે યોગબીજોની આરાધના, યોગીના કુળમાં જે જનમ્યો હોય, અર્થાત્ જે 'કુલયોગી' હોય, તેને જ સૂઝે છે. પૂર્વે કહી આવ્યા તેમ જે 'ગોત્રયોગી' છે, અર્થાત્ ગોત્રમાં માત્ર યોગીનું નામ ચાલે એટલું જ, પરંતુ જેમનામાં યોગીઓને યોગ્ય આચાર કશા જ નથી, એવા ગોત્રયોગીને યોગબીજ–સંગ્રહ જેવું કશું કરવાનું જ હોતું નથી. ત્યારે જેમના કુળમાં તેવા આચારો છે, એવા 'કુલયોગી'માં યોગબીજનો સંગ્રહ કરવાનું હોય છે. એ પછી યોગ–સાધના કરવા માંડે ત્યારે 'પ્રવૃત્તચક્ર' યોગી ગણાય છે; અને યોગ સિદ્ધ થાય ત્યારે 'નિષ્પન્ન યોગી' બને છે.

તો કુલયોગી યોગબીજોનું ગ્રહણ કરે, અંતઃકરણના ભાવથી બીજગ્રહણ કરે, એ યોગ–બીજની સાધનામાં મનનો અંતઃપ્રવેશ થાય એ રીતે કરે. સાધનામાં મનનો અંતઃપ્રવેશ એટલે મન બસ સાધનામાં; મનમાં બસ સાધના જ સાધના. મનના કોઈ ખૂણામાં સાધના સિવાય કશું નહિ. એવું કરણ એવી સાધના એ તત્ત્વ-કરણ કહેવાય. દા. ત. પહેલા યોગબીજ તરીકે હવે કહેશે 'जिनेषु कुशलं चित्तं' જિનેન્દ્ર ભગવાન વિષે પોતાના ચિત્તથી કુશળ ચિંતન; તો મનમાં આ ચિંતન જ ચાલે. એ ચાલતી વખતે વચમાં વચમાં બીજા કશાનું ચિંતન નહિ, એવું જિનેન્દ્ર ભગવાનનું સ્થિર અખંડ ચિંતન એ તત્ત્વકરણ કહેવાય. એ યોગબીજ કયાં કયાં? એમાં પહેલા યોગબીજ માટે ૨૩ મી ગાથા છે :—

૫ યોગબીજ : ૧. જિનોપાસના

जिनेषु कुशलं चित्तं,
तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं–
योगबीजमनुत्तमम् ॥२३॥

અર્થ :—જિનેન્દ્ર ભગવાન અંગેનું કુશળ ચિંતન, એમ એમને જ નમસ્કાર, તથા એમને જ પ્રણામાદિ એ બધુંય વળી સંશુદ્ધ, એ શ્રેષ્ઠ યોગબીજ છે.

ટીકાઃ–સામ્પ્રતં યોગબીજાન્યુપન્યસ્યન્નાહ– 'जिनेषु' भगवदर्हत्सु 'कुशलं चित्तं' द्वेषाद्यभावेन प्रीत्यादिमत्, अनेन मनोयोगवृत्तिमाह । 'तन्नमस्कार एव च'—जिननमस्कार एव च तथा मनोयोगप्रेरित इति, अनेन तु वाग्योगवृत्तिम् । 'प्रणामादि च पञ्चाङ्गादिलक्षणं; आदिशब्दान्मण्डलादिग्रहः 'संशुद्धं' इत्यसंशुद्धव्यवच्छेदार्थमेतत् तस्य सामान्येन यथाप्रवृत्तिकरणभेदत्वात्तस्य च योगबीजत्वानुपपत्तेः । एतत्सर्वमेव सामस्त्यप्रत्येकभावाभ्यां 'योगबीजं'–मोक्षयोजकानुष्ठान कारणम् 'अनुत्तमम्' इति सर्वप्रधानं विषयप्राधान्यादिति ॥२३॥

અર્થ :—હવે યોગબીજોને રજુ કરતાં કહે છે 'जिनेषु....' ગાથા. 'जिनेषु' એટલે ભગવાન અરિહંતો વિષે. 'કુશળ ચિત્ત' એટલે દ્વેષાદિના અભાવથી પ્રીતિ આદિવાળું ચિત્ત. આનાથી મનોયોગનો વ્યાપાર સૂચવે છે. 'तन्नमस्कार एव च' એટલે જિન નમસ્કાર જ, તેવા પ્રકારના મનોયોગથી પ્રેરિત આનાથી વાગ્યોગનો વ્યાપાર કહે છે. 'પ્રણામાદિ ચ' એટલે પંચાંગ (પ્રણિપાત) આદિસ્વરૂપ (પ્રણામ આદિ). આમાં 'આદિ' શબ્દથી માંડલું (પટ્ટ) વગેરે લેવું (એ કાયયોગ વ્યાપાર) 'સંશુદ્ધ' એ શબ્દ અ–સંશુદ્ધના નિષેધ માટે છે; કેમકે સામાન્યથી પ્રણામાદિ તો (અશુદ્ધ આશયવાળો ય હોય અને તે તો) યથાપ્રવૃત્તિકરણનો પ્રકાર છે, ને તેમાં યોગબીજપણું ઘટતું નથી. આ (માનસિક–વાચિક–કાયિક) બધા સમસ્તપણે અને પ્રત્યેકપણે યોગબીજ છે, અર્થાત્ મોક્ષ સાથે જોડી આપનાર અનુષ્ઠાનના કારણ છે. તે 'અનુત્તમ' છે એટલે કે (જેનાથી બીજું કોઈ બીજ ઉત્તમ નથી એવું) સર્વ બીજોમાં પ્રધાન બીજ છે, કેમકે (એમાં ઉપાસના કરતાં ઉપાસ્ય) વિષયની પ્રધાનતા છે. (અને ઉપાસ્ય વિષય તરીકે જિનેન્દ્રદેવ હોવાથી એ સર્વોત્તમ છે)

વિવેચનઃ—

આ ગાથામાં પહેલા યોગ–બીજ તરીકે જિનેન્દ્રદેવની ઉપાસનાને લઇ એનું વર્ણન કરે છે. આ ઉપાસના કરો એ યોગબીજનું ગ્રહણ થયું. જિનેશ્વર ભગવાનની મન–વચન–કાયાથી ઉપાસના કરવાની. મનથી પ્રભુનું કુશળ ચિંતન, વચનથી પ્રભુને નમસ્કાર–સ્તુતિ આદિરૂપી વાચિક ઉપાસના, અને કાયાથી પ્રણામ આદિ એ ત્રિવિધ સંવિશુદ્ધ ઉપાસના, અરિહંત પરમાત્માની કરતો રહે, એ યોગબીજ ગ્રહણ કરે છે એમ કહેવાય.

યોગબીજ તરીકે અહીં આ પાંચ યોગબીજોનું વર્ણન કરવાના છે,—

(૧) જિનભક્તિ–જિનોપાસના (૨) આચાર્યાદિ–વૈયાવચ્ચ, (૩) સહજ ભવોદ્વેગ, (૪) દ્રવ્ય અભિગ્રહો, અને (૫) શાસ્ત્ર–ઉપાસના.

આ પાંચેય યોગની પ્રાપ્તિના સચોટ કારણો છે, તેથી આ પાંચને યોગબીજ કહેવાય છે. બીજ એટલે કારણ, તેથી મોક્ષ–સાધક યોગો જીવનમાં લાવવા હોય એણે આ યોગબીજોની અવશ્ય આરાધના કરવી જોઈએ.

યોગ શું ચીજ છે ?

'मोक्षेण योजनाद् योगः'

મોક્ષ સાથે યોજી આપે તેને યોગ કહેવાય. 'યોગબિંદુ' શાસ્ત્રમાં પાંચ પ્રકારના યોગ બતાવ્યા છે,—

'अध्यात्मं, भावना, ध्यानं
समता, वृत्ति–संक्षयः ।'

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમત્વ, અને વૃત્તિ–સંક્ષય,–આ પાંચ યોગ છે; ને તે ક્રમશઃ પ્રાપ્ત થાય છે. એમાં પહેલાં અધ્યાત્મ-યોગ પ્રાપ્ત થાય, પછી ભાવનાયોગ આવે, પછી ધ્યાનયોગ, પછી સમત્વયોગ, અને છેલ્લે વૃત્તિ-સંક્ષયયોગ આવે.

(૧) 'અધ્યાત્મયોગ' એટલે પરાર્થવૃત્તિવાળા અને મૈત્રી–કરુણાદિ ભાવ–સંપન્ન વ્રતધારીનું જીવ–અજીવાદિ તત્ત્વનું ચિંતન. એ આવે એટલે વિષય-ચિંતન અટકે.

(૨) 'ભાવનાયોગ' એટલે વારંવારના એ તત્ત્વચિંતનથી પોતાના મનને–આત્માને ભાવિત કરવો તે; જેમકે કસ્તૂરીનું બારદાન કસ્તૂરીથી ભાવિત થાય છે. એમ તત્ત્વથી ભાવિત થયેલો આત્મા બધુંય જ્ઞેય–હેય–ઉપાદેય દૃષ્ટિથી મૂલવવાનો. તેથી આર્તધ્યાન અટકે.

(૩) ધ્યાનયોગ એટલે તત્ત્વભાવિત થયેલ આત્માનું ધર્મધ્યાન–શુકલધ્યાન.

(૪) સમત્વયોગ એટલે ધ્યાનારૂઢ આત્માનો કંકર કે કંચન, કાચ કે રત્ન, જીવન કે મરણ, શત્રુ કે મિત્ર, વગેરે પ્રતિસ્પર્ધી ઉભય પર સમભાવ. દા.ત. કંકર પર અરુચિ નહિ, કંચન પર રુચિ નહિ. શત્રુ અળખામણો નહિ, મિત્ર વહાલો નહિ. બંને પ્રત્યે સમદૃષ્ટિ યાને અનાસક્તિ.

(૫) વૃત્તિ–સંક્ષય એટલે મનોવૃત્તિનો ક્ષય. એમ વચનવૃત્તિ અને કાયવૃત્તિનો ક્ષય.

આ પાંચ યોગ પૈકી પહેલા અધ્યાત્મ–યોગમાં આવવા માટે એ યોગના બીજોનું ગ્રહણ કરવું પડે, યોગબીજોની સાધના કરવી પડે. એથી આત્મા સ્થિર અને ભાવિત થઈ અધ્યાત્મયોગનો પક્ષપાતી અને આરાધક બને. યોગબીજોને 'વ્યવહાર' કહીએ તો યોગ એ 'નિશ્ચય' છે. વ્યવહારથી નિશ્ચય પ્રાપ્ત થાય; કેમકે નિશ્ચયની સાધના સ્થિર મનથી જ કરાય; અને મન સ્થિર તો જ બને કે વ્યવહારનું ખૂબ આલંબન રાખ્યું હોય, વ્યવહારની ખૂબ સાધના કરી હોય. યોગબીજોની બહુ સાધના કર્યાથી મન સ્થિર બને છે, ને એથી યોગ–સાધનાની યોગ્યતા ઊભી થાય છે. ઉપા૦ યશોવિજયજી મહારાજે અમૃતવેલિની સજ્ઝાયમાં કહ્યું કે–

'ઉચિત વ્યવહાર–અવલંબને,
સ્થિર કરી મનઃ પરિણામ રે;
ભાવીયે શુદ્ધ નય(નિશ્ચય) ભાવના
પાવનાશયતણું ધામ રે.'

શ્રાવકે અને સાધુને યોગ્ય જે આચાર–વ્યવહાર એનું આલંબન કરી, અર્થાત્ એની ખૂબ જ આરાધના કરીને મનના પરિણામ સ્થિર કરવા. 'સ્થિર' એવા કે પછી એ ચંચળ થઈ ઇંદ્રિયવિષયોમાં જાય નહિ, ભટકે નહિ, પણ પવિત્ર આચાર અને પવિત્ર ધ્યેયમાં સ્થિર રહે. એ કરીને પછી શુદ્ધ નય અર્થાત્ નિશ્ચયનયની ભાવના કરવી કે, "આ આચાર પણ અંતિમ સાધ્ય નથી, અંતિમ સાધ્ય તો શુદ્ધ અનંત-જ્ઞાનાદિમય મારો આત્મા છે, એ શુદ્ધ આત્મ-સ્વરૂપ પ્રગટ થાય ત્યારે આ આચારો છૂટી

જવાના છે. એ અંતિમ સાધ્ય લક્ષમાં રાખીને વર્તમાન આચારો પર એવી મમતા ન કરું કે, એવો અટકી ન પડું કે, અંતિમ સાધ્ય મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જ ભૂલી જવાય. છતાં એટલું તો પાકું સમજી રાખું કે, અંતિમ સાધ્યે પહોંચાશે તે આ ધર્મ–આચારોના જ વ્યવહારથી અને પાલનથી જ પહોંચાશે; પણ નહિ કે દુન્યવી પાપાચારોના સેવનથી. માટે ધર્મ–આચારો એવા આદરું કે, મારું મન આમાં જ સ્થિર થઈ જાય.” યોગ–બીજોનું ખૂબ ખૂબ સેવન કરી મનને એવું સ્થિર બનાવવાનું છે કે, જેથી યોગબીજો સિવાયની અતાત્વિક દુન્યવી બાબતો ને ઇંદ્રિય–વિષયોમાં મન દોડે નહિ. એટલે પછી અધ્યાત્મયોગની ભૂમિકા ઊભી થાય. સ્થિર મનથી અધ્યાત્મયોગના તત્ત્વચિંતનનો રસ ઊભો થાય, પક્ષપાત ઊભો થાય, લાયકાત ઊભી થાય.

હવે અહીં શાસ્ત્રકાર પહેલા યોગબીજનું વર્ણન કરવા ‘જિનેષુ કુશલં ચિત્તં’ ગાથા કહે છે.

પહેલું યોગબીજ જિનભક્તિ–જિનોપાસના છે, એ મન–વચન–કાયા એમ ત્રણે કરણથી કરવાની છે.

(૧) મનથી જિનેશ્વરદેવનું કુશળ ચિંતન,

(૨) વચનથી એમને સ્તુતિ, નમસ્કાર,

(૩) કાયાથી એમને પ્રણામ પૂજા આદિ.

આ ત્રણેય સંશુદ્ધ–વિશુદ્ધ આરાધના છે. સંશુદ્ધના ૩ લક્ષણ આગળ કહેશે તે જાળવીને મન–વચન–કાયાથી જિનોપાસના કરવાની; અને તે ‘અનુત્તમ’ યોગબીજ છે. અનુત્તમ એટલે જેનાથી વધીને ચડિયાતું બીજું કોઇ યોગબીજ નથી. પહેલા નંબરનું યાને શ્રેષ્ઠ યોગબીજ જિનોપાસના છે. બીજા યોગબીજ એનાથી નીચેના છે.

જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ હોવાનું કારણ કે—

(૧) પછીના આચાર્યાદિ–વૈયાવચ્ચ વગેરે યોગબીજોને બતાવનાર જિનેશ્વર ભગવાન છે, તેથી યોગબીજોની સાધના કરતા પહેલાં આ અનંત ઉપકારી જિનેશ્વરદેવની કૃતજ્ઞતારૂપે એમની ઉપાસના પહેલી કરવી જોઈએ. કૃતજ્ઞતા વિનાની બધી ય સાધના નિષ્ફળ.

(૨) જિનેશ્વરદેવનું આલંબન રાખ્યાથી બીજી બધી સાધનાઓ તેજસ્વી બને છે, માલવાળી બને છે; નહિતર તે વિના તો બધી નિર્માલ્ય બને. એ જિનનું આલંબન લેવા માટે જિનોપાસના પહેલી કરવાની; ને એ સર્વોત્તમ યોગબીજ છે.

(૩) જિનોપાસના સર્વોત્તમ યોગબીજ હોવાનું એક કારણ એ છે, કે આચાર્યાદિ–વૈયાવચ્ચ વગેરે બીજાં યોગબીજોની સાધના કરતાં કરતાં વીતરાગની નિકટ નિકટ થવાનું છે; માટે વીતરાગ જિનની ઉપાસના તો પહેલી કરવી જ જોઈએ. એમની ઉપાસના કરતાં કરતાં વીતરાગ નજર સામે ને નજર સામે રહ્યા કરે, એટલે બીજાં યોગબીજોની સાધનામાં વીતરાગની ને વીતરાગતાની નિકટ થવાનું લક્ષ સલામત રહે.

(૪) ચોથું કારણ,–જિન વીતરાગ આપણા ઇષ્ટ દેવ છે, ને દરેક ધર્મમાં પોતાના ઇષ્ટ દેવને તો પહેલાં યાદ કરાય છે; ઇષ્ટ દેવની ઉપાસના પહેલી કરવામાં આવે છે; અને એ શ્રેષ્ઠ ઉપાસના છે; કેમકે ઇષ્ટ દેવાધિદેવના અચિંત્ય પ્રભાવે જ સર્વ સિદ્ધિઓ થાય છે.

આમ જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ પૂરવાર થાય છે. આ જિનેન્દ્રદેવની ઉપાસના એટલે પૂજાભક્તિ કરવાની, એમાં પૂજા એ શી વસ્તુ છે એના માટે આ જ શાસ્ત્રકારે શ્રી લલિત-વિસ્તરા શાસ્ત્રમાં સુંદર વ્યાખ્યા આપી છે. ત્યાં કહ્યું છે,–

'पूजा द्रव्य–भाव संकोचः'

પૂજા બે પ્રકારે,– (૧) દ્રવ્યસંકોચ અને (૨) ભાવસંકોચ

(૧) દ્રવ્ય–સંકોચમાં બે ચીજ સંકોચવાની આવે. (૧) બાહ્ય દ્રવ્યો, અને (૨) શરીર, શરીરના અંગો. ભગવાનની દ્રવ્ય પૂજા માટે

(૧) પોતાના ઉપભોગના દ્રવ્યોમાંથી સંકોચ કરીને પરમાત્માના ચરણે અર્પણ કરવા માટે દૂધ, ચંદન, કેશર, પુષ્પ, ધૂપ, ઘી, વગેરે તેમજ વસ્ત્ર આભૂષણ વગેરે દ્રવ્યો લવાય. એમ

(૨) પ્રભુની પૂજા માટે પોતાના ગમે તેમ રહેલા ગાત્રને સંકોચીને વિશિષ્ટ મુદ્રા–આસનમાં ગોઠવે; દા. ત. • સૂત્રો સ્તુતિ સ્તવન બોલતાં હાથની અંજલિ યોગમુદ્રાએ જોડે, બે ઢીંચણ જમીન પર સ્થાપે, હાથની કોણી પેટ ઉપર રાખે; ઊભા હોય ત્યારે બે પગ વચ્ચે અંતર આગળમાં ૪ આંગળ અને પાછળમાં તેથી સહેજ ઓછું અંતર રાખે, મોં આંખ માત્ર પ્રભુ તરફ જ, બાકીની ત્રણ દિશામાં લઈ જવાનો ત્યાગ રાખે. આ બધા કાયિક સંકોચ. • વાચિક સંકોચમાં વચનને સંકોચી સૂત્ર–સ્તુતિ–સ્તવન સિવાયનું બોલવાનું બંધ રાખે. • મનઃ સંકોચમાં મનને બહારના પદાર્થોમાંથી સંકોચીને માત્ર પ્રભુ–પૂજામાં જ રાખે. એમાંય દ્રવ્ય પૂજા પત્યા પછી મનને એમાંથી સંકોચીને માત્ર ભાવ પૂજામાં જ રાખે. આ બધી દ્રવ્ય–સંકોચ રૂપ પૂજા થઈ...

(૨) હવે ભાવ–સંકોચમાં શું શું આવે એ જોઇએ,–

પરમાત્માની ભાવથી પૂજા થાને ભાવ–ભક્તિ કરવા માટે પોતાના આત્માના ભાવનો સંકોચ કરવાનો છે. આત્માના ભાવ એટલે કે માન–બહુમાન મમતા – લાગણી પ્રેમ–આદર વગેરે જગતના જડ ચેતન પદાર્થ ઉપર પથરાયેલાં છે, પૈસા, માલ–મિલકત, મકાન–દુકાન, એમ પત્ની – સંતાન સગાં–સ્નેહી–પરિવાર વગેરે પર કેટલો બધો પ્રેમ છે ? એકલો પ્રેમ જ નહિ પણ એના માટે માન છે, લાગણી–મમતા–બહુમાન છે. એ ભાવને એમાંથી સંકોચી લઈને હવે માત્ર પરમાત્મા પર એ માન –બહુમાન લાગણી–મમતા વગેરેના ભાવ જોડવાના છે. શ્રદ્ધા–પ્રીતિ ભક્તિ જેવી પરમાત્મા પર, એવી દુન્યવી વસ્તુ પર નહિ. આ ભાવ, સંકોચ કરાય એ પરમાત્માની ભાવથી પૂજા છે. મનને મુંઝવણ થાય કે,–

પ્ર૦–દુન્યવી માયા પર અનંતા અનંત કાળથી લાગેલા આ ભાવ એના પરથી ઊઠીને પરમાત્મા પર શી રીતે લાગે ?

ઉ૦– બંને વચ્ચેનો મોટો ફરક દેખીને દિલના ભાવ ભગવાન પર સહેજે લાગે. બાળક રમતપ્રિય હોય છે, એને ભણવું નથી ગમતું. પરંતુ તોય માબાપના એને શાળામાં જોડવાના પ્રયત્નથી કાળે કરીને એજ બાળકને રખડપટ્ટી અને ભણતર વચ્ચે મોટો ફરક માલુમ પડતાં રમત પરની પ્રીતિ ઉઠાવી લઈ ને ભણતર પર પ્રીતિ લગાડે છે ને ? એમ અહીં દુન્યવી માયા એક ભવની, ને તે પણ જીવને સ્વસ્થતા ચૂકાવી અસ્વસ્થ બનાવનારી, ને અંતે ભવમાં ભટકાવનારી છે. ત્યારે, પરમાત્મા ભવોભવના સગા, ને અહીં પણ અસ્વસ્થતા મિટાવી જીવને સ્વસ્થ બનાવનારા, અને પરભવે સદ્ગતિ પમાડનારા ! આવો મોટો ફરક સમજાય તો સહેજે મોહ–માયા પરથી લાગણી–મમતા–માન–બહુમાન વગેરે ભાવ ઊઠીને પરમાત્મા પર લાગી શકે.

એમ દુન્યવી માયા વિશ્વાસઘાતક દેખાયાથી પણ એના પરથી ભાવ ઊઠી જાય, દુકાનનો નોકર વર્ષોથી કામ કરતો દેખાતો હોય પરંતુ કોઈ અણધારી પળે જો દેખાઇ જાય કે 'એ આપણા હરિફ વેપારીમાં ભળી ગયો છે, અને

આપણને મોટો ધક્કો પહોંચાડી રહ્યો છે,' તો તરતજ એના પરથી વર્ષોના જમાવેલ લાગણી–મમતા–વિશ્વાસ....વગેરે ભાવ ઊઠી જ જાય છે ને ? બસ, એવું દુન્યવી માયા વિશ્વાસઘાતક તરીકે ઓળખાઈ જાય, એમ દેખાઇ જાય કે– 'એ આપણી પુણ્યમૂડી ખાઈ રહી છે ! ને એજ પાપના ગંજ આત્મામાં ઠાલવી રહી છે ! જેના પરિણામે દુઃખદ દુર્ગતિઓમાં ભટકવું પડશે,'– તો હવે એના પર સદ્‌ભાવ રહે ? પ્રેમ–મમતા –લાગણી રહે ? ના, એ સદ્‌ભાવ–બહુમાન–શ્રદ્ધા વગેરે તો હવે અનંત ઉપકારી પરમાત્મા પર જ જામી જાય.

આ ભાવસંકોચ મહત્વનો છે. દ્રવ્યસંકોચમાં મનને સંકોચીને પરમાત્મામાં એકાગ્ર પણ કર્યું, પરંતુ અંતરમાં પ્રભુ પર જો પેલા મમતા–લાગણી–પ્રેમ–શ્રદ્ધાદિના ભાવ નથી તો માત્ર દ્રવ્યપૂજા થઇ, ભાવપૂજા નહિ.

આ સામાન્યથી જિનોપાસનાની વિચારણા થઇ. પરમાત્મા શ્રેષ્ઠ હોવાથી અને શ્રેષ્ઠ ઉપકારી હોવાથી અહીં યોગબીજોની આરાધનામાં પહેલા સર્વોત્તમ યોગ બીજ તરીકે જિનેન્દ્ર પરમાત્માની મન–વચન–કાયા ત્રિકરણથી કરાતી ભક્તિને લીધી. એટલે જ અહીં કહ્યું "જિનેષુ કુશલં ચિત્તં, તન્નમસ્કાર એવ હિ..." વગેરે.

આમાં જિનની ત્રિવિધ ઉપાસના લીધી,– માનસિક, વાચિક, અને કાયિક. એમાં પહેલી માનસિક ઉપાસનામાં જિનેશ્વર ભગવાનને વિષે કુશળ ચિત્ત લગાડવું અર્થાત્ મનથી એ પ્રભુનું કુશળ ચિંતન કરવું, એ કહે છે.

જિનના કુશળ ચિંતનમાં શું શું આવે ?

(૧) જિન એટલે કે અરિહંતે ૧૮ દોષ કેવા કેવા ટાળ્યા, અને ૧૨ ગુણ કેવા કેવા સિદ્ધ કર્યા, એની વિચારણા એ કુશળ ચિંતન.

(૨) અરિહંત પરમાત્માનું (i) સ્વરૂપ કેવું ? (ii) એમનું જીવન અને સાધના કેવી કેવી ? (iii) એમનામાં લોકોત્તરગુણો કેવાં કેવાં ? (iv) એમના ઉપકાર કેવાં કેવાં ? (v) પ્રભુની ૩ અવસ્થા કેવી કેવી ? તેમજ (vi) પ્રભુનો અચિંત્ય પ્રભાવ–શક્તિ–કરુણા કેવી કેવી ? આની વિચારણા એ કુશળ ચિંતન.

(૩) પ્રભુના ૩૪ અતિશય કેવા કેવા ? ને વાણીના ૩૫ ગુણ કેવા કેવા ?

(૪) અરિહંત પ્રભુનાં સમવસરણની શોભા વિશેષતા કેવી કેવી ?

(૫) અરિહંત પ્રભુનું વિહારમાં ઐશ્વર્ય કેવું કેવું ?

(૬) અરિહંત પ્રભુ સમવસરણ પર દેશના દઈ ને હવે મુકામ કરે ત્યાં જે પડાવ પડે એની શોભા કેવી કેવી ?....વગેરે આ બધાની બહુમાન-ભરી વિચારણા કરાય.

(૭) એવી રીતે સ્તવનો–સ્તોત્રો–સ્તુતિઓ વગેરેના ભાવ લઈને ચિંતન કરી શકાય એ 'जिनेषु कुशलं चित्तं' અર્થાત્ જિનેન્દ્ર અરિ-હંત ભગવાનનું કુશળ ચિંતન કહેવાય.

આ મુદ્દાઓનો બહુ ટૂંકમાં વિચાર કરીએ તો ચિંતવાય કે,

(૧) ૧૮ દોષત્યાગધર ચિંતન :–અરિહંત પ્રભુએ ચાર ઘાતી કર્મના સર્વ નાશથી કેવા આ ૧૮ દોષ ટાળ્યા છે,–જ્ઞાનાવરણ–દર્શના-વરણ અને અંતરાયકર્મના નાશથી અજ્ઞાન, નિદ્રા, તથા ૫. દાનાદિ અંતરાયો, એમ ૭ દોષ; તથા મોહનીય કર્મના નાશથી મિથ્યાત્વ–અવિરતિ–રાગ દ્વેષ–કામ એ ૫, અને હાસ્યાદિ ૬, એ ૧૧, એમ કુલ ૭+૧૧=૧૮ દોષ. એમ તો બીજા પણ કેવળજ્ઞાની ભગવંતોએ આ ૧૮ દોષ ટાળ્યા હોય છે. પરંતુ તે બુદ્ધબોધિત બનીને, અરિહંત પ્રભુનું આલંબન લઈને. ત્યારે અરિહંત પ્રભુએ સ્વયંબુદ્ધ બનીને અને અરિહંતનું આલંબન લીધા વિના ૧૮ દોષ ટાળ્યા છે. એ અરિહંત પ્રભુની વિશેષતા છે.

૧૨ ગુણ પર ચિંતન :–અરિહંતના ૧૨ ગુણમાં જ મુખ્ય અતિશયો, જ્ઞાનાતિશય, પૂજા-તિશય, વચનાતિશય અને અપાયાપગમઅતિ-શય, તથા ૮ પ્રાતિહાર્ય. એમાં નીચેથી ઉપર ઉપર જોતાં,–૧. સિંહાસન, ૨. ચામર, ૩. ભામંડલ, ૪. છત્રત્રય, ૫. અશોકવૃક્ષ, ૬. પુષ્પ–વૃષ્ટિ, ૭. દિવ્યધ્વનિ, ને ૮. દેવદુંદુભિ. એનું ચિંતન કરાય કે અહો ! અરિહંત ભગવાન કેવા લોકો-ત્તમ બાર ગુણે ગુણવંતા છે.

(૨) (i) અરિહંતનાં સ્વરૂપ પર ચિંતનઃ—

પ્રભુમાં શુદ્ધ પરમાત્મપણું–વીતરાગતા, વિશ્વ-પર અનન્ય ઉપકારકતા, ત્રિભુવનપતિપણું, જગત્ગુરુત્વ....વગેરે ચિંતવવાનું.

(ii) અરિહંતનાં જીવન સાધના પર ચિંતનઃ–પરમાત્માનું અલૌકિક જીવન અને સાધના. એમાં ચિંતવવાનું કે પ્રભુ પૂર્વના ત્રીજાભવે અતિ વિશુદ્ધ સમ્યક્ત્વ સાથે વિશ્વના જીવમાત્રને કર્મ અને તજ્જનિત પીડાઓમાંથી છોડાવવાની અને મોક્ષમાર્ગના રસિક બનાવ-વાની કરુણા ચિંતવવાપૂર્વક ૨૦ સ્થાનકની

કેવી અદ્‌ભુત આરાધના કરે છે. પછી સ્વર્ગે (કોઇકિ નરકે) જઈ એમના આ ભવમાં માતાના ઉદરમાં આવતાં જ, જગતભરના જીવોને શાતા-આનંદનો અનુભવ થાય છે! ઇંદ્રિ દેવલોકમાં બહુ વિનયપૂર્વક શક્રસ્તવથી પ્રભુની સ્તુતિ કરે છે! ને માતાને ૧૪ મહાસ્વપ્ન આવે છે! પ્રભુ જનમતાં ત્રણે લોકમાં અજવાળું અને આનંદ પ્રસરી જાય છે! ૫૬ દિક્કુમારીઓ અને ૬૪ ઇંદ્રો-કરોડો દેવો સાથે પ્રભુનો જન્માભિષેક ઊજવે છે! જનમથી પ્રભુ મહાવિરાગી, અને રાજ્યાદિ પ્રત્યે જળકમળવત્ અનાસક્ત હોય છે. તેમજ ચારિત્ર લઇને ઉત્કૃષ્ટ અહિંસા-સંયમ-તપની આરાધના કરે છે. રાતદિવસ લગભગ કાયોત્સર્ગ-ધ્યાનમાં રહે છે, ઉગ્ર પરીસહ-ઉપસર્ગો સમતાથી સહન કરે છે, સાધનાના અંતે ૪ ઘાતી કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પામી, તીર્થંકર બનીને ધર્મશાસન અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. પોતે હવે કૃતકૃત્ય થયા છતાં જગત પર વિચરતા રહી ધર્મ પ્રસારવાની મહાન કરુણા કરે છે. અંતે આયુષ્ય વગેરે બાકીના ૪ અઘાતી કર્મોનો નાશ કરી મોક્ષ પામે છે.

(iii) **અરિહંત પ્રભુના લોકોત્તર ગુણો પર ચિંતન**:-અહો કેવો પ્રભુનો મહાવૈરાગ્ય! ઉચ્ચ સમ્યકત્વ! લોકોત્તર મૈત્રી-કરૂણાદિ! કેવી અદ્‌ભુત ગંભીરતા, પરાર્થવ્યસનિતા અને ઉદારતા! પ્રભુમાં કેવીક શુદ્ધ કર્મક્ષયાર્થિતા, સહિષ્ણુતા, સ્થિતપ્રજ્ઞતા, સાધના નિશ્ચળતા!.... વગેરે વગેરે અસાધારણ ગુણો ચિંતવાય. દા. ત.

મહાવીર ભગવાનનો જનમથી મહાવૈરાગ્ય દેખીને પિતા સિદ્ધાર્થ રાજાને મુંઝવણ હતી કે આમની આગળ લગ્નની વાત કેમ મૂકવી? પ્રભુની ગંભીરતા એવી કે જનમથી અવધિજ્ઞાની એટલે બીજાઓના છૂપા દોષ દેખવા છતાં પોતાના મનમાં કે મુખ પર એના પ્રત્યે સૂગ ન આવવા દે! તેમ માતાપિતા નિશાળે ભણવા લઈ જાય છતાં વિરોધ નહિ! ત્યારે મહાવીર પ્રભુનો સાધનામાં નિશ્ચળતાનો ગુણ કેવો, કે સંગમ દેવતાએ એક રાતમાં ઘોરાતિ-ઘોર ૨૦ ઉપસર્ગ કર્યા, એમાં માથે ભારેખમ કાળચક્ર પછાડયું ત્યાં ધરણી ધ્રૂજી ઊઠી પણ પ્રભુ અડોલ હતા! વળી સંગમદેવતા ૬ મહિના સુધી ભયંકર ઉપદ્રવો કરતો પૂંઠે પડયો, પરંતુ પ્રભુ અલૌકિક સહિષ્ણુતા રાખી પોતાની સાધનામાંથી ડગ્યા નહિ! અંતે સંગમ હારી થાકીને જાય છે. ત્યારે પ્રભુનો કરુણાગુણ કેવો કે, પ્રભુએ સંગમની ભાવી ભયંકર દુર્દશા વિચારી એ દયાથી એમનું હૃદય દ્રવી ઊઠયું! ને આંખ આંસુથી ભીની થઇ ગઈ! 'અરે! આ બિચારો જીવ મારું નિમિત્ત પામીને કેવાંક જાલિમ કર્મ બાંધી ગયો! અરેરેરે! એનું ભવિષ્યમાં શું થશે? નરકાદિના કેવા ભયંકર દુઃખ પામશે!' છે આમાં પોતાને વેઠવા પડેલા જાલિમ કષ્ટનો વિચાર કે, 'હાય! મારે કેટલું બધું સહવું પડયું?' ના, પોતાને તો જાણે કશું દુઃખદ બન્યું જ નથી! એવી સંગમના ભાવી દુઃખ પર ચિંતા! એક પ્રશ્ન,-

દયાનો વિચાર સામાના જુલ્મ વખતે કેમ નહિ?:-

પ્ર૦-પ્રભુએ 'પોતાના નિમિત્તે સંગમ દેવતા બિચારો કર્મ બાંધી ગયો' એવો દયાનો વિચાર ઉપસર્ગો પત્યા પછી કર્યો. એના કરતાં પહેલાં જ કેમ વિચાર કરીને એને પાપથી બચાવી ન લીધો?

ઉ૦-એ એટલા માટે, કે પહેલા પ્રભુની ઉપસર્ગ-સહનની અને કષાય-ઉપશમની સાધના ચાલતી હતી, એ ભયંકર કષ્ટમય સાધનામાં જાત પર કઠોર દિલ રાખવું પડે,

ત્યારે સામા પર દયા ચિંતવવી હોય તો દિલને અતિ કોમળ બનાવવું પડે.

કષાયો દબાવવા મનમાં કઠોરતા જોઈએ.

કરુણા ચિંતવવા મનમાં સામા જીવ પ્રત્યે કૃણાશ જોઈએ.

કષાય – નિગ્રહ વખતે એ કૃણાશ કેમ બને? વળી પ્રભુને સહન કરવાનું આવી પડયે સહિષ્ણુતા ગુણ એવો હોય છે, કે ત્યાં સમભાવમાં જ રહેવાની લગન; પોતાની ચિત્ત-સમાધિ જાળવવાની જ તત્પરતા; એટલે ત્યાં 'સામો શું કરે છે? શાનો જુલ્મ કરે છે?' એવો પરનો કશો વિચાર જ નહિઃ તેથી ઉપસર્ગ-સહનની સાધનાના કાળમાં પોતાના આત્માનો વિચાર હોવાથી સામાની પરિસ્થિતિનો વિચાર ક્યાંથી કરે? **આરાધક આત્માને દુઃખ વખતે પોતાના આત્માને સમભાવમાં રાખવાનો જ વિચાર હોય, પણ દુઃખદાતા પરનો વિચાર નહિ.**

બીજી વાત એ છે, કે સંગમને પાપથી બચાવવાનું પ્રભુથી શક્ય નહોતું; કેમકે એ જીવદળ જ ભયંકર પાપ-પરિણતિવાળું હતું.

ત્યારે, પ્રભુનો મૈત્રી-વાત્સલ્ય અને પરાર્થ-વ્યસનિતા ગુણ કેવો, કે ગોવાળિયો પ્રભુના કાનમાં ખીલા ઠોકવા આવ્યો ત્યારે, પોતાનું માથું સજ્જડ સ્થિર રાખી એને ખીલો ઠોકવામાં સહાયતા કરી! પૂછો,—

પ્ર૦–પ્રભુ આટલી ઉચ્ચ સાધના શી રીતે કરી શક્યા?

ઉ૦–પ્રભુ આગળ જઈને કેવળજ્ઞાન પછી આરાધનામાં લાગેલા જગતને શિખવાડવાના છે, કે—

ઘોર કષ્ટમય સાધનાની એક ચાવીઃ શ્રદ્ધાબળ :-

"जाए सद्धाए निक्खन्तो तमेवाणुपालिज्जा"

અર્થાત્ "જે શ્રદ્ધા વૈરાગ્યાદિથી ચારિત્ર લીધું છે, તે શ્રદ્ધા વૈરાગ્યાદિનું પછીથી બરાબર જતન કરજે;" તો પછી આવું જગતને શિખવાડતા પહેલાં પોતાના જીવનમાં તો એને ઉતારે જ ને? એટલા માટે તો 'નમુત્થુણ'માં 'धम्मनायगाणं' પદથી પ્રભુની સ્તુતિ કરી ત્યાં એનો અર્થ આ કર્યો, ,કે 'પ્રભુ પહેલાં પોતાના જીવનમાં ધર્મ ઉતારીને પછી લોકને ધર્મમાં દોરનારા હોય છે. માટે જ ધર્મના એ સાચા નાયક છે.' 'ગુરુ ઘરબારી ને ચેલા બ્રહ્મચારી'નો ઘાટ અહીં વીતરાગમાં કે વીતરાગના શાસનમાં નહિ. એટલે પ્રભુની નજર સામે 'जाए सद्धाए....'નું સૂત્ર રમતું હોય એટલે ચારિત્ર ગ્રહણના કાળે જે જ્વલંત શ્રદ્ધા-વૈરાગ્ય હોય એને ચારિત્રપાલનના કાળે અકબંધ સાચવી જ લેવાનો હોય, પછી ચારિત્રની સાધના કરતાં ઘોર ઉપસર્ગ આવે તોય શું? ને તપ તપે તોય શું? સાધનાને અખંડ જાળવે એ સહજ છે એટલે જ પરીષહ-ઉપસર્ગની સતત ધારામાં ક્યારેય દીનતાથી એ વિચાર જ નહિ, કે-" આ કષ્ટ હજી ક્યાં સુધી ચાલશે?'

કષ્ટમય સાધનાની બીજી ચાવીઃ વીતરાગતાનું લક્ષઃ—

ઘોર કષ્ટ સહવા પાછળ વળી આ એક બીજી ચાવી છે, રહસ્ય છે, કે સંયમ-તપની બધીય સાધનામાં વીતરાગ થવાનું લક્ષ્ય છે. એ વીતરાગતા રાગને તોડતા જવાથી જ ઊભી થાય. એટલે ઘોર કાયકષ્ટ વખતે આ પાકું લક્ષ છે કે, 'રખે આમાં કાયા પર લેશ પણ રાગ-મમતા ન થઈ જાય તેમ કષ્ટ પર દ્વેષ ન થઈ જાય! નહિતર વીતરાગતાના માર્ગે આગળ નહિ વધાય.'

આ બધું 'जिनेषु कुशलं चित्त'માં વિચારવાનું છે. ત્યારે પ્રભુનો 'શુદ્ધ કર્મક્ષયાર્થિતાનો

લોકોત્તરગુણ કેટલો બધો ઉચ્ચ કોટિનો, કે આર્યદેશમાં વિચરતાં પ્રભુને લાગ્યું, કે અહીં એટલા બધા ભારે કષ્ટ આવતા નથી, તો મારે ભારે કર્મનો ક્ષય શી રીતે થશે ?

ભારે કર્મ ભારે કષ્ટ સહ્યાથી જાય.

તેથી પ્રભુ અનાર્યદેશમાં વિચરવા ગયા ! ને ત્યાં છ મહિના સુધી ભયંકર ત્રાસ સહન કર્યાં ! અનાડી લોકો અપમાન કરે, તિરસ્કાર કરે, લાકડી મારે, ઢેફા મારે, પ્રભુ પર શિકારી કૂતરા છોડે ! એકવાર તો પ્રભુને ફાંસીના માંચડેય ચડાવી દીધેલા ! અહીં એક પ્રશ્ન–

પ્ર૦–એ અનાડી લોકોએ પ્રભુની આશાતના કરી ઘોર કર્મ બાંધ્યા હશે જ. તો પ્રભુએ શા માટે એ દેશમાં જઈ પેલાઓને કર્મ બાંધવાનું નિમિત્ત આપ્યું ? પ્રભુ તો કરુણાના સાગર હતા, તો આમાં પ્રભુને અનાડીઓની દયા ન આવી કે હું ત્યાં જઈશ તો એ લોકો ત્રાસ આપી બિચારા કર્મ બાંધશે ?

ઉ૦–અનાડી કોને કહેવાય ? જે જાલિમ પાપપરિણતિ, મોહપરિણતિ અને અજ્ઞાનતાવાળા હોય. એવા જીવો પોતાની એ પાપપરિણતિથી જ પાપકર્મ બાંધે છે. જો પોતાની જ તેવી પાપપરિણતિ આદિને લઈને પાપ બાંધે છે, તો તેથી એમ ન કહેવાય કે પ્રભુએ એમને પાપકર્મ બંધાવ્યા. ત્યારે બીજી બાજુ પ્રભુને તીવ્ર કર્મક્ષયની પોતાની સાધના કરવી છે, એ વખતે કષ્ટદાતા પરની સામે ન જોવાય કે હું તો કષ્ટ વેઠી લઉં, પરંતુ એ બિચારો ડૂબી જશે !

આત્માર્થીપણું આ, કે કષ્ટ આવે તે વેઠી લેવાના ભાગેડુ નહિ થવાનું, તેમજ કષ્ટ સ્વતઃ ઊભા કરીને પણ વેઠતા જવાનું.

પરીષહ–ઉપસર્ગમાં કષ્ટ આવી પડે છે. ત્યાગ–તપસ્યા વગેરેથી જાતે કષ્ટ ઊભા કરાય છે. મહાવીર પ્રભુ એ કરતા. ચંડકોશિક નાગના આંગણે બીજાઓએ ના પાડવા છતાં, પ્રભુ જાતે સમજીને જ ગયા, અને નાગે પગે બચકાં ભર્યાં તે સ્વેચ્છાથી સહ્યાં ! ઝેરની પીડાય સહી હશે.

ત્યાં વીર પ્રભુનો કરુણાગુણ કેવો !

કે પોતાને મારી નાખવા ઇચ્છનાર એ નાગને કરુણાથી કહે છે 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !' અહીં સાપ હવે ડાહ્યો થઈ ગયો, સમતામાં આવી ગયો, તો હવે લોકો તરફથી એને ઉપદ્રવ ન આવે એ માટે પ્રભુ કરુણાથી ત્યાંજ પંદર દિવસ સુધી–સાપ કીડીઓથી ચવાતો જીવ્યો ત્યાં સુધી,–કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા !

આ બધી જિનેન્દ્ર પ્રભુના લોકોત્તર ગુણોના ચિંતનની વાત થઈ. એમ,

પ્રભુના ઉપકારોનું ચિંતન

(૪) પ્રભુના ઉપકારોનું ચિંતન આ રીતે કરવાનું કે,

(i) 'પ્રભો ! આપે મોહ અને અજ્ઞાનના ઘોર અંધકારમાં ડૂબી ગયેલા જગતને જીવ–અજીવ વગેરે, જ્ઞેય–હેય–ઉપાદેય તત્ત્વોનો કેટલો ભવ્ય બોધ–પ્રકાશ આપ્યો ! વળી

(ii) ઉત્માર્ગે આથડતા જગતને સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્રનો કેવો શુદ્ધ અને સચોટ મોક્ષ-માર્ગ આપ્યો ! કેવો જ્ઞાનાચારાદિ પંચાચારનો, અધ્યાત્માદિ પાંચ યોગનો, મિત્રા-તારાઆદિ ૮ યોગદૃષ્ટિનો, માર્ગાનુસારી ગુણોનો, શ્રાવક-ધર્મની યોગ્યતાના ૨૧ ગુણોનો, ચારિત્રની યોગ્યતાના ૧૬ ગુણોનો,....વગેરે વગેરે સન્માર્ગ આપ્યો ! વળી

(iii) પ્રભુ આપે સ્યાદ્વાદ, નયવાદ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની મહાસત્તા....વગેરેના કેવા ભવ્ય સિદ્ધાન્ત આપ્યા !

અરિહંતનો આલંબન–દાનનો અનન્ય ઉપકારઃ–

(iv) 'ત્યારે પ્રભુ! આપ આરાધક જીવોને જે આલંબન બનવાનો ઉપકાર કરો છો તે તો કોઈ અનન્ય અને અવર્ણનીય ઉપકાર છે.'

આ આલંબન–દાનનો ઉપકાર ખાસ અને ખૂબ વિચારવા જેવો છે. અરિહંત પ્રભુનાં જે દર્શન–પૂજન–સત્કાર–સન્માન–સ્તુતિ ગુણગાન, સ્મરણ–જાપ–ધ્યાન–વંદના–પ્રાર્થના–પ્રશંસા–આજ્ઞાપાલન વગેરે કરીએ, એ અરિહંતના જ કરીએ તો જ લોકોત્તર ફળ મળે, અને બીજા દેવદેવીના કરીએ તો તુચ્છ ફળ મળે. એટલે દર્શન–પૂજન...વગેરે વગેરે કરવાનો પુરુષાર્થ તો આપણે જાતે કરીએ, પરંતુ એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે, એમાં ઉપકાર–પ્રભાવ પ્રભુનો છે, કેમકે પ્રભુ અરિહંત એમાં વિષય બને છે, અર્થાત્ પ્રભુ અરિહંત તરીકે એમાં આલંબન આપે છે તો જ એ દર્શનાદિનાં અલૌકિક ફળ નીપજે છે. જો પ્રભુ અરિહંત ન બન્યા હોત ને દર્શનાદિ માટે આપણને ન મળ્યા હોત, તો આપણે અરિહંતનાં દર્શન, અરિહંતના પૂજન, વગેરે બધું અરિહંતનું ક્યાંથી કરી શકવાના હતા?



દર્શનાદિ બધી આરાધનાઓમાં અરિહંત કેન્દ્રમાં છે તોજ એ બધી દર્શન આદિ આરાધનાઓના અલૌકિક ફળ મળે છે.

કેન્દ્રમાંથી અરિહંતને ઉઠાવી લો અને કોઈ રાજા, મહારાજા, કોઇ દેવતા, કે કોઇ મિથ્યાદૃષ્ટિ દેવ–ગુરુને સ્થાપી, એ દર્શનાદિ બધું કરો, તો ભલે તુચ્છ લૌકિક ફળ મળે, પણ કાંઈ એનાથી પેલા જેવાં અલૌકિક ફળ ન મળે. દર્શન અરિહંતનું કરો, તો છમાસી ઉપવાસનું ફળ છે, એ શું કોઈ સમ્રાટનાં યા દેવના કે ઇતર કલ્પિત ભગવાનનાં દર્શનથી મળે ખરું? લાખ રૂપિયાનો મુગટ આદીશ્વરદાદાને ચડાવો, તો જે અદ્‌ભુત ફળ મળે, એ શું કોઈ સમ્રાટને કે કોઈ ઇતર દેવ–મૂર્તિને મુગટ પહેરાવવાથી મળે? હરગીજ નહિ.

એમ સ્મરણ, ધ્યાન, ક્રિયા તો એકસરખી, પરંતુ જો એ અરિહંત દેવના સ્મરણની કે ધ્યાનની ક્રિયા હોય તો એનું અનુપમ ફળ, અને અન્ય દેવી–દેવતાના હોય તો મામુલી ફળ મળે. એમ ગુણગાન દેવી દેવતાના કરો તો, એનાં માત્ર આ જનમમાં ફાસકુસિયાં ફળ, પણ ગુણગાન વીતરાગ અરિહંત દેવના ગાઓ, ગજબના ફળ! કહ્યું ને?—

"ગગનતણું જિમ નહિ માન,
તિમ અનંતગુણ જિનગુણગાન"

આરાધનાની ક્રિયા કરતાં આરાધ્ય વિષયનું મહત્ત્વઃ—

આ બધું જોતાં સમજાય છે કે, દર્શન–વંદન–પૂજન–પ્રાર્થના–ગુણગાન, સ્મરણ–ધ્યાન વગેરે ક્રિયામાં મહત્ત્વ ક્રિયા કરતાં એના વિષયનું યાને આલંબનનું છે. દર્શન–વંદન આદિનો વિષય અરિહંત છે, માટે એ દર્શનાદિનું ઊંચું ફળ; જે એજ દર્શન–વંદનાદિ ક્રિયા બીજા

મિથ્યાત્વી દેવી દેવની કરો તો એવું ફળ નહિ. ઊંચા સ્વર્ગ અને મોક્ષ સુધીનાં ફળ નીપજે છે તે પૂજન-સ્તવન-ધ્યાન આદિ વીતરાગ અરિહંત પ્રભુના કરો તો જ મળે છે. એ સૂચવે છે કે, એક માત્ર અરિહંતનો એવો કોઇ અચિંત્ય પ્રભાવ છે કે એમને ભજીએ તો અનુપમ ફળ મળે છે. એમનું જ આલંબન લઈ કરાતા દર્શનાદિનું અનુપમ ફળ છે.

આ રીતે જિનેન્દ્ર ભગવાનના ઉપકારોનું ચિંતન પણ 'જિનેષુ કુશલ ચિત્તં' છે.

જિનેન્દ્ર દેવની ત્રણ અવસ્થાનું ચિંતન

જિનેષુ કુશલં ચિત્તં કરવાનો વળી એક પ્રકાર જિનેન્દ્ર ભગવાનની ત્રણ અવસ્થાનું ચિંતન કરવાનો છે. દેવવંદન ભાષ્યમાં મંદિરમાં સાચવવાના નિસીહિ વગેરે ૧૦ ત્રિકમાં પાંચમું ત્રિક છે,-'અવસ્થા-ચિંતન.' પ્રભુની દ્રવ્ય-પૂજા કરી ગભારાની બહાર આવી પ્રભુની સામે બાજુમાં ઊભા રહી પ્રભુની આ ત્રણ અવસ્થાનું ચિંતન કરવાનું છે,-

(૧) પિંડસ્થ અવસ્થા,

(૨) પદસ્થ અવસ્થા, અને

(૩) રૂપાતીત અવસ્થા.

એમાંય પિંડસ્થ અવસ્થા ત્રણ પ્રકારે છે, પિંડસ્થ એટલે પ્રભુના પિંડમાં યાને કાયામાં રહેલી અવસ્થા, તે ત્રણ પ્રકારની,-

જન્મ અવસ્થા,

રાજ્ય-અવસ્થા, અને

શ્રમણ-અવસ્થા.

જન્મ અવસ્થામાં આ ચિંતવીએ કે, "પ્રભુ ! તમે પૂર્વના ત્રીજા ભવે સમ્યક્ત્વ, વીસ સ્થાનક અને સર્વજીવ કરુણાની કેવી અદ્ભુત અને નિર્મળ સાધના કરીને તીર્થંકર નામકર્મ આદિ ઉત્કૃષ્ટ પુણ્ય-સમૂહ કમાઈ આવ્યા ! કે અહીં માતાના ઉદરમાં આવતાં વિશ્વના જીવોને શાતાનો અનુભવ થાય ! વળી ઇન્દ્રનું સિંહાસન ડોલે ! જનમતાં પૂર્વ દિક્-કુમારીઓ અને ૬૪ ઇન્દ્રો ઉત્સવ ઊજવે ! મેરુ-શિખર પર જન્માભિષેક કોડો દેવતાઓ નાચી નાચીને કરે ! આવા મહાસન્માન છતાં પ્રભુ આપને લેશ પણ અભિમાન ન થાય ! કેવીક અલૌકિક આપની આત્મજાગૃતિ !

"આપની રાજ્યાવસ્થા કેવીક અદ્ભુત કે જ્યાં લોકોનું કલ્યાણ થાય ! વળી એટલા ઉચ્ચ વૈભવો અને વિષયોમાં પણ પ્રભુ ! આપને લેશ પણ આસક્તિ નહિ ! જલ-કમળવત્ આપનો આત્મા નિર્લેપ ! કેટલો બધો ઊંચો આપનો વૈરાગ્ય ! ભવનિર્વેદ !

"ત્યારે પ્રભુ ! આપની શ્રમણ-અવસ્થા તો એટલી બધી લોકોત્તર કોટિની ! કે એવી અવસ્થા બનાવવાનું બીજાનું ગજુ નહિ. પહેલું તો આપ શ્રમણ-અવસ્થામાં પ્રવેશ કરો તે પૂર્વે ૧૨ મહિના સુધી રોજ ૧ કોડ ૮ લાખ સોનૈયા જેટલું દાન દઈને પ્રવેશ કરો છો ! આપના દીક્ષાના વરઘોડામાં ઇન્દ્રો અને દેવતાઓ સામેલ ! દીક્ષા લેતાં 'કરેમિ સામાઈઅં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ"ની પ્રતિજ્ઞા કરતી વખતે મોહ અને કષાયોને તથા હિંસાદિ પાપોને એવો પડકાર ફેંકો છો કે, પછીથી ઘોર ઉપસર્ગોમાં પણ એ મોહાદિની ઊઠવાની મજાલ નહિ. એટલી ઉપસર્ગ-પરીહોની ફોજ ઊતરી પડે તે વખતે પણ આપના ચિત્તમાં લેશ પણ ખેદનો વિકલ્પ નહિ ! આમેય સંયમનો ઉપયોગ વર્ષો સુધી ચોવીસે કલાક માટે જાગતો ! તેમાંય ઘોર તપસ્યા ચાલુ, અને શું દિવસે કે શું રાત્રે જમીન પર પલાંઠી માંડીને બેસવાની વાત નહિ ! મોટા ભાગે ઊભા ઊભા કાયોત્સર્ગ ધ્યાન જ ચાલુ ! પ્રભુ ! કેવીક આપની

બીજા કોઈ ધર્મના ફિરસ્તામાં આ ન જોવા મળે એવી આ કઠોર સાધના ! વળી પરીસહ –ઉપસર્ગોમાં આવી પડેલા કષ્ટોમાં આપની કેવીક સહિષ્ણુતા ! અને નવાં કષ્ટ ઊભા કરી સહન કરવાની વૃત્તિ ! એમાંય 'આ ઠંડી બહુ પડી, કષ્ટ ભારે, ક્યારે આ કષ્ટ પૂરું થશે, સામો માણસ અનાડી મળ્યો'... આવો કોઇજ વિકલ્પ નહિ, એ દૃષ્ટિએ કેટલી અદ્‌ભુત નિર્વિકલ્પ દશા ! પ્રભુ ! આપનું બધું જ લોકોત્તર !

આ પિંડસ્થ–અવસ્થાનું ચિંતન થયું..

(૨) **'પદસ્થ - અવસ્થા'** એટલે તીર્થંકર પદ પ્રાપ્ત કર્યા પછીની અવસ્થા. એમાં પ્રભુનું સમવસરણાદિ ઐશ્વર્ય વિચારવાનું. અનુપમ ઐશ્વર્યમાં વીતરાગતા, નિર્વિકારતા કેવી ! એ ચિંતવવાનું, અને પ્રભુથી કરાતા ઉપકારો, જેવા કે જગતને તત્ત્વપ્રકાશ–દ્વાન, ધર્મશાસન–દ્વાન, મોક્ષમાર્ગ - દ્વાન, આલંબન–દ્વાન, વગેરે ચિંતવવાના; તથા નામ–સ્થાપના –દ્રવ્ય–ભાવથી પ્રભુ કેવા કેવા ઉપકાર કરે છે! એ ચિંતવાય.

(૩) **રૂપાતીત અવસ્થામાં** પ્રભુ નિર્વાણ પામીને રૂપાતીત બન્યા ત્યારે કેવી અનંત જ્ઞાનમય અને અનંત સુખમય, અક્ષય, અવ્યાબાધ વગેરે સ્થિતિ પામ્યા ! એ ચિંતવવાનું.

આ બધું ચિંતવતાં મનને એમ થાય કે જો જગત પર અરિહંત જેવું તત્ત્વ ન હોત તો આપણું અને જગતના જીવોનું શું થાત ? સૂક્ષ્મ એકેંદ્રિય સુધીના જીવોનું જ્ઞાન, સૂક્ષ્મ અહિંસાનો ઉપદેશ, નવ તત્ત્વ, કર્મ વિજ્ઞાન, અનેકાંતવાદ–સિદ્ધાન્ત, ઊર્ધ્વ–અધો–તિર્છા લોકની ઓળખ,.. વગેરે વગેરે અરિહંત વિના કોણ આપત ?

આમ જિનેષુ કુશલં ચિંતન કરતાં એવા મહાન સુસંસ્કાર પડે કે એ સહેલાઈથી યોગમાં લઈ જાય. માટે આ જિનેન્દ્ર ચિંતનને ઉત્તમ યોગબીજ યાને યોગનું કારણ કહ્યું. યોગબીજ સેવો એટલે યોગ આવ્યા વિના રહે નહિ. એટલાજ માટે જિનેન્દ્ર ભગવાનના કુશળ ચિંતન કેવી કેવી રીતે કરાય એના વિવિધ પ્રકારો વિચારીએ છીએ.

એટલું ધ્યાનમાં રહે કે આ વિચારણાઓ આનંદ અહોભાવ સાથે ગળગળા થઈને કરવાની છે, કેમકે એમ જ એ હૃદયસ્પર્શી બને છે, ને આત્મા એમાં તન્મય થાય છે.

૩૪ અતિશયો

"જિનેષુ કુશલં ચિત્તં" જિનેશ્વર અરિહંત ભગવાનનું કુશળ ચિંતન એ શ્રેષ્ઠ યોગબીજ છે, ને એ ચિંતનમાં પૂર્વે કહ્યું તેમ અરિહંત ભગવાનની ત્રણ અવસ્થાઓની જેમ ૩૪ અતિશય પર વિચારણા કરાય. 'અતિશય' એટલે સર્વોત્તમ વિશિષ્ટતાઓ. આ ૩૪ અતિશયો યાદ રાખવા માટે આ વિભાગથી ચિંતવી શકાય,– ૪ મૂળ અર્થાત્ જન્મસિદ્ધ અતિશયો; ૧૧ કર્મક્ષયકૃત અતિશયો; અને ૧૯ દેવકૃત અતિશયો; ૪ + ૧૧ + ૧૯ = ૩૪ કુલ અતિશય. ૧૯ દેવકૃતમાં નીચે દર્શાવેલ વિભાગ સ્થૂલ છે; કેમકે એક વિભાગના બીજામાં ય હોય.

૩૪ અતિશય

૪ જન્મસિદ્ધ

૧ અદ્‌ભુતરૂપ–લાવણ્ય,
૨ અદ્‌ભુત કાયા : પ્રસ્વેદ નહિ, રોગ નહિ, લોહી સફેદ, માંસ મનોહર,....
૩ શ્વાસ કમળ જેવો સુગંધિત,
૪ આહાર–નિહાર–વિધિ અદૃશ્ય.

૧૯ દેવકૃત અતિશય

૮ સમવસરણના

૧ સમવસરણ
૨ અશોક વૃક્ષ
૩ ચતુર્મુખ દેશના
૪ સિંહાસન
૫ ચામર
૬ દેવદુંદુભિ
૭ છત્ર ત્રય
૮ પુષ્પવૃષ્ટિ.

સ્થિરતા પડાવમાં

૧ સુગંધિત જળવૃષ્ટિ
૨ અનુકૂળ વાયુ
૩ ધર્મચક્ર
૪ કેશ રોમ નખ ન વધે.

વિહારમાં

૧ ચાલતાં નવ સુવર્ણ કમળ,
૨ રત્નધ્વજ,
૩ વૃક્ષો નમે,
૪ કાંટા ઊંધા થાય,
૫ જગને પંખી પ્રદક્ષિણા દે
૬ સાથે જઘન્યથી કોડ દેવતા
૭ છ ઋતુ અનુકૂળ

૧૧ કર્મક્ષયકૃત

૧. ભામંડલ,
૨. સમવસરણમાં કોટિગમે દેવો સમાય,
૩. જોજનગામિની વાણી,
૪. દેવ મનુષ્ય તિર્યંચ સૌ સૌની ભાષામાં સમજે

એમ ૪ + ૭ ઉપદ્રવનાશ = ૧૧

૭ ઉપદ્રવનાશ

૧. પરસ્પર વૈર વિરોધ શાંત,
૨. મારી-મરકી વગેરે ન રહે,
૩. તીડ ઉંદરાદિના ઉપદ્રવ નહિ,
૪. અતિવૃષ્ટિ નહિ,
૫. અનાવૃષ્ટિ નહિ,
૬. દુકાળ નહિ,
૭. સ્વચક્ર-પરચક્રભય (આંતર બળવો કે પરરાજાનું આક્રમણ) નહિ.

યાદ રાખવા પૂરતાજ આ સ્થૂલ વિભાગ છે. બાકી તો પ્રભુ સ્થિરતા કરે ત્યાં પણ સમવસરણ પરના અશોક વૃક્ષ વગેરે પ્રાતિહાર્ય હોય, જઘન્યથી ૧ કોડ દેવ રાત દિવસ સેવામાં હોય...વગેરે.

આ ૩૪ અતિશયોમાંના એકેકને માનસિક કલ્પનાથી નજર સામે લાવવાના તથા મનથી હુબહુ જોવાના, અને ત્યાં દિલ ગદ્‌ગદ કરી, અહોભાવ અનુભવવાનો કે, 'અહો! અહો! અરિહંત પ્રભુનો આ કેવો કેવો અદ્‌ભુત અતિશય!'

આ અતિશયોની અંતર્ગત બીજા પણ અવાંતર અતિશય વિચારાય. દા.ત.

(૧) પ્રભુ ગર્ભમાં આવે ત્યારથી એમને નિર્મળ અવધિજ્ઞાન.

(૨) ગર્ભમાં આવતાં માતાને ૧૪ મહાસ્વપ્ન.

(૩) માતાનું પેટ બીજી ગર્ભવતી સ્ત્રીઓની જેમ ગર્ભથી ઊંચું ન દેખાય.

(૪) પ્રભુને સ્તનપાન નહિ, અંગૂઠામાં ઇંદ્ર-સંચારિત અમૃતનું પાન કરવાનું.

(૫) સૂતિકર્મ-દિક્કુમારીકાઓ કરે.

(૬) જન્મથી અનંતબળ (વીર પ્રભુએ ઇંદ્ર-શંકા નિવારવા પગનો અંગૂઠો મેરુને અડાડી લાખ જોજનના ઊંચા મેરુ પર્વતને ડોલાવ્યો!)

(૭) પ્રભુનાં પાંચે (ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ) કલ્યાણકો વખતે વિશ્વના સર્વ જીવોને ક્ષણભર શાતાનો અનુભવ થાય, ને નિર્વાણ પ્રસંગ વિના ત્રણે લોકમાં પ્રકાશ પ્રસરી જાય.

(૮) કલ્યાણક વખતે ઇંદ્રના સ્થિર સિંહાસન હાલી કંપી ઊઠે.

(૯) દીક્ષા-ગ્રહણના એક વર્ષ પૂર્વે ૯ લોકાંતિક દેવ ધર્મતીર્થ પ્રવર્તાવવા વિનંતિ કરે. અને ત્યારથી

(૧૦) એક વરસભર પ્રભુ રોજ પ્રભાતે ૧ કોડ ૮ લાખ સોનૈયાની કિંમતનું દાન કરે.

(૧૧) ચારિત્ર જીવનમાં સૂવાની તો વાત જ નહિ, પણ જમીન પર પલાંઠી માંડીને બેસવાનીય વાત નહિ! ન દિવસે, ન રાતે!

અરિહંત પ્રભુ દેશના આપે એમાં ૩૫ અતિશય હોય છે, અહીં કેટલાક વિચારીએ. દા.ત.

(૧) પ્રભુ બોલે એ માલકોશ વગેરે રાગમાં બોલે ! પ્રભુ શું કહે છે એ ન વિચારે તો પણ માત્ર આ સંગીતમય વાણી જ એટલી બધી મીઠી કે કલાકો જ શું, દિવસો અને છ મહિના એકધારું સાંભળતાં એના અસીમ આનંદમાં ન ભૂખ લાગે, ન તરસ લાગે, ન થાક, ન નિદ્રા ! ત્યારે વાણી સાંભળવા સાથે જો એના તત્ત્વ સમજમાં લેવાય, ત્યારે તો કેટલો આનંદ ? એમ,

(૨) પ્રભુની વાણી સર્વેને પોતપોતાની ભાષામાં સમજાય, ચાહ્ય એ મનુષ્ય હો, દેવ હો, કે તિર્યંચ હો.

(૩) પ્રભુની વાણી હજારોના સંશય એકી સાથે ફેડે.

(૪) વાણીમાં કોઈ ભાષા–દોષ નહિ, બલકે ગુણભરી અને અલંકારિક ભાષા હોય....વગેરે વગેરે ૩૫ અતિશયો ભગવાનની દેશનાવાણીમાં હોય. આ ચિંતવતાં મનને થાય કે ' અહો ! અહો ! અરિહંત પરમાત્માનો કેવોક વચનાતિશય ! જે બીજામાં ન મળે. (૪-૫-૬) ' જિનેષુ કુશળ ચિત્તં, '–એટલે કે માનસિક જિનોપાસનામાં એમનું કુશળ ચિંતન,–એમના સમવસરણ, વિહાર, અને મુકામના ઐશ્વર્યનું આપણા મન સામે જાણે હુબહુ બનતું હોય એમ, કરી શકાય. જેમકે,

(૪) સમવસરણનું ચિંતન કરાય કે,–

જાણે પ્રભુ પધારવાના છે, એ પૂર્વે દેવતા જોજન ઉપરની ભૂમિ સ્વચ્છ કરી સુગંધિત જળ વૃષ્ટિ કરે છે, ત્યાં જોજન વિસ્તારનું સમવસરણ માંડે છે, જમીન પરના ઝાડોને કિલ્લામણા ન પહોંચે એ રીતે ઝાડથી ઊંચે આકાશમાં અદ્ધર પહેલો જોજનલાંબો–પહોળો મોટો ચાંદીનો કિલ્લો ઊભો કરે છે. એમાં પહોંચવા માટે ચારે દિશામાં બહુ ઓછા ચડાવવાળી ૧૦–૧૦ હજાર પગથિયાની કિલ્લાથી નીચે જમીનને અડે એવી ત્રાંસી સીડી મૂકે છે. ચાંદીના કિલ્લાને માથે હરીફરી શકાય એવી સપાટી રચે છે, એ સપાટી પર વચમાં સોનાનો કિલ્લો ઊભો કરે છે, ચાંદીના કિલ્લા પરથી એમાં ચડી શકાય એવા ૫–૫ હજાર પગથિયા રચે છે. એ સોનાના કિલ્લા પર પણ સપાટી, અને વચમાં રત્નનો કિલ્લો રચે છે. એમાં ચડવા માટે ૫–૫ હજાર પગથિયા અને એના પર પણ સપાટી, એના પર મધ્યમાં ઊંચું અશોકવૃક્ષ રચે છે. જે જોજનના સમવસરણ આખાને ઢાંકે છે. અશોકવૃક્ષનાં થડની ચારે બાજુ પ્રભુને બેસવા રત્નના સિંહાસન અને નીચે પગ મૂકવા રત્નમય પાદપીઠ રચે છે. પ્રભુના માથે નીચેથી ઉપર ઉપરનું મોટું એવા ૩ છત્ર અદ્ધર રહે છે.

ત્યાં ચાંદીના કિલ્લા પર વાહનો મૂકાય છે, સોનાના કિલ્લા પર શહેરના અને જંગલના પંચેન્દ્રિયતિર્યંચો ગોઠવાઈ જાય છે, અને રત્નનાં કિલ્લા પર સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાની ૪, અને ભવનપતિ–વ્યંતર–જ્યોતિષી અને વૈમાનિકના દેવદેવીઓની ૮, એમ કુલ ૧૨ પર્ષદા ગોઠવાય છે.

હવે એમ ચિંતવવાનું કે, જાણે પ્રભુ પરિવાર સાથે પધાર્યા અને ઇંદ્ર એમને વંદન કરી હાથ જોડી વિનંતી કરે છે, કે, ' પ્રભુ ! ધર્મતીર્થ પ્રવર્તાવવા કૃપા કરો. ભગવન્ ! અમને બોધ આપવા અમારા પર અનુગ્રહ કરો. ' ત્યાં પછી જાણે પ્રભુ સમવસરણ પર ચડીને ઉપરના કિલ્લાના પૂર્વદિશાના દરવાજેથી પ્રવેશ કરે છે, અને પૂર્વ સન્મુખના સિંહાસન પર ' નમોતિત્થસ્સ ' કહીને બિરાજમાન થાય છે. બરાબર એજ વખતે બાકીની ત્રણ દિશાના સિંહાસન પર પ્રભુના જેવા આબેહૂબ બિંબ ગોઠવાઈ જાય છે ! તે જીવંત જેવા અને બોલતા

દેખાય છે! એ દરેક પ્રભુને બે બાજુ ચામર વિંજાય છે. એ સમવસરણ પર સુગંધિત નાના પુષ્પોની ઝરમર ઝરમર વૃષ્ટિ થયા કરે છે, અને પ્રભુની સંગીતમય વાણીમાં સૂર પૂરનારી દિવ્ય-ધ્વનિ દેવતાઓની બંસરીમાંથી નીકળે છે. પ્રભુની વાણી શું દેવો, શું મનુષ્યો, કે શું તિર્યંચો ઊંચા કાને ખૂબજ રસ આલ્હાદ અને તન્મયતા સાથે સાંભળે છે! એમાંય તિર્યંચો વળી પોતાના શિકારભૂત તિર્યંચો સાથે મૈત્રીભાવ–અત્યંત સ્નેહભાવ રાખીને સાંભળે છે! સમવસરણની આગળ બહુ ઊંચો રત્નમય ધર્મધ્વજ ઊભો રહે છે. આ બધું સમવસરણનું ઐશ્વર્ય મનથી ચિંતવવાનું.

(૫) અરિહંત પ્રભુનું વિહારનું ઐશ્વર્ય આ રીતે ચિંતવવું કે,

'જાણે આપણે નજર સામે જોઈ રહ્યા છીએ કે, ભગવાન પરિવાર સાથે વિહાર કરી રહ્યા છે. જેમાં દેવતાઓ પ્રભુના ચરણ મેલી ધરતી પર ન અડવા દેતાં ચરણની નીચે માખણ જેવા મુલાયમ પણ સોનાના નવ કમળ સ્થાપે છે. એમાં બે કમળ પગ નીચે હોય, આગળ પગ મૂકવા બે કમળ તૈયાર હોય, અને પાછળ પગ મૂકેલા પાંચ કમળ હોય. એમાં ખૂબી એ થાય કે, જેમ જેમ પ્રભુ આગળ ચાલે તેમ તેમ ઠેઠ પાછળના બબ્બે કમળ અદૃશ્ય થતા જાય અને પ્રભુની આગળ બબ્બે કમળ ગોઠવાતા જાય.

વળી પ્રભુનું ઐશ્વર્ય કેવું કે, રસ્તા પરના ઝાડ નમતા જાય! કાંટા ઊંધા થઈ જાય! પ્રભુને બે બાજુ ચામર વિંજાતા રહે! પ્રભુના માથા પર આકાશમાં ત્રણ છત્ર ચાલતા રહે! એમ ઉપર સિંહાસન ચાલતું રહે! આકાશમાં પંખેરા પ્રભુને ધુમરી દેતા રહે! પ્રભુની પાછળ સાધુઓ, શ્રાવકો, સાધ્વીઓ, શ્રાવિકાઓ ઉપરાંત જઘન્યથી ક્રોડ દેવતા પ્રભુની સાથે ચાલતા હોય! એ દેવો શું જેમ કોઈની સ્મશાનયાત્રામાં મૂંગા મૂંગા ડાઘુઓ ચાલે એમ મૂંગા મૂંગા ચાલતા હશે? ના, કોઈ દેવ–સમૂહ ગીત ગાતો, કોઈ વાજિંત્ર બજાવતો, તે પણ અનેક જાતના વાજિંત્ર બજાવતો, કોઈ નૃત્ય કરતો, કોઈ રાસ લેતો, કોઈ પ્રભુની બિરુદાવલિ પોકારતો...એમ પ્રભુની ભક્તિ કરતો કરતો ચાલે છે. પાછું બહુ ઊંચે આકાશમાં દેવદુંદુભિ, નગારા–પીપુડીની જેમ વાગી રહી હોય છે. જેથી 'ધર્મનરેસર આયા ગાજે,' માઇલો સુધી લોકોને ખબર પડે, કે દુનિયાના સમ્રાટ ચક્રવર્તી કરતાં પણ કોઈ અતિશય મોટા દેવાંશી ધર્મચક્રવર્તી આવી રહ્યા છે! એટલે લોકોના ટોળેટોળા રસ્તા પર જોવા આવી રહ્યા છે. આ બધું પ્રભુના વિહારનું ઐશ્વર્ય જાણે આપણી સામે બનતું ચિંતવવું.

(૬) પ્રભુના મુકામ(સ્થિરતા)નું ઐશ્વર્ય:—

એમ, પ્રભુનો જ્યાં પડાવ પડે એનું ઐશ્વર્ય આ રીતે જાણે આપણી સામે આબેહુબ બનતું ચિંતવવાનું કે, જાણે દેવતાઓ પહેલા પ્રભુના પડાવની ભૂમિ સાફ સ્વચ્છ કરી એના પર સુગંધિત ઝરમર જલ વર્ષા કરી દે છે! ત્યાં પ્રભુને બેસવા પેલું આકાશે ચાલતું સિંહાસન એક ક્ષણમાં નીચે ઊતરી ગોઠવાઇ જાય છે! એના પર પ્રભુ બિરાજમાન થાય છે. ત્યાં માથે પેલા આકાશમાં ચાલતા ત્રણ છત્ર નીચે આવી પ્રભુના મસ્તક પર ગોઠવાઈ જાય છે! આખી પડાવ–ભૂમિ પર ઊંચે અશોકવૃક્ષ વિસ્તરેલું રહે છે! જઘન્યથી ક્રોડ દેવતાઓ વિહારની જેમ અહીં પણ અતિ હરખભર્યા ગીત, નૃત્ય, રાસ, વાજિંત્ર બિરુદાવલિ વગેરેથી વાતાવરણને ખૂબજ પ્રસન્નતાભર્યું અને આલ્હાદક બનાવી દેતા હોય છે! ગામડે ગામડેથી હાથી, ઘોડા,

ઊંટગાડી વગેરેમાં બેસી અને કેટલાય વળી પગપાળા ચાલતા હજારો લોકો પ્રભુના દર્શનાર્થે આવી રહ્યા છે. એ આ પડાવનું ભવ્ય દૃશ્ય જોઈ ચમત્કાર પામી જઈને પ્રભુનું મુખારવિંદ જોતાં તો પાગલ જેવા થઈ જાય છે! આવી લોકોત્તર શોભાવાળા પ્રભુને જોઈ અતિ વિસ્મય, ભારે અહોભાવ અને અત્યંત બહુમાન—ગદ્‌ગદતા સાથે ઝૂકી પડે છે.

(૭) માનસિક જિનોપાસના સ્તવન—સ્તોત્રોના ભાવ ચિંતવીને :—

'માતા મરુદેવીનાનંદ' સ્તવન પર ચિંતન :—

'જિનેષુ કુશલં ચિત્તં (ચિંતન)' જેમ આ રીતે કરાય, એમ સ્તવનો—સ્તોત્રો—સ્તુતિઓના ભાવ લઈને પણ કરાય. દા.ત. 'માતા મરુદેવાના નંદ' સ્તવન છે, એની ૬ ગાથા છે, એ પરથી એની કડીએ કડીના ભાવ સંકલનાબદ્ધ જોડીને આમ ચિંતન થાય,—

(૧) હે મરુદેવા માતાના નંદ ઋષભદેવ પ્રભુ! તમારી મૂર્તિ જોઈને મારું તો મન લોભાઈ જાય છે; કેમકે તમારી મૂર્તિના રૂપની પાછળ તમારી ૫૦૦ ધનુષની કંચનવર્ણી કાયાનું રૂપ જ અલૌકિક હતું. એનું કારણ પૂર્વભવમાં તમે સર્વ જીવો પ્રત્યે કરુણાની ખાણ કરુણાના સાગર બન્યા હતા. તેથી તીર્થંકર નામકર્મ અને બીજી ઉત્કૃષ્ટ પુણ્ય—સંપત્તિ દ્વારા અદ્‌ભુત કાયા મળે એમાં નવાઈ નથી! પણ પ્રભુ!

(૨) એવી અલૌકિક કાયા મેળવીને આપે કામ કેવું અલૌકિક કર્યું! ત્રણ ગઢના સમવસરણ પર બેસી જોજનગામિની મીઠી વાણી વરસાવી.

(૩) એના પર મુગ્ધ થઈ રંભા—ઉર્વશી અપ્સરા ઊડીને પગમાં ઝાંઝરના ઝંકાર સાથે નાચવા જ મંડી પડી.

(૪) તે પણ પાછી મૂંગી નાચતી નહિ, કિન્તુ બોલતી—ગાતી જાય છે કે, હે પ્રભુ! તમે જ બ્રહ્મા છો, તમે જ વિધાતા છો, તમે જગતના તારણહાર છો, તમારા જેવો જગતમાં કોઈ દેવ નથી કે જે અરવડિયાનો આધાર હોય.

(૫) પ્રભુ! તમે જ ભ્રાતા, તમે જ ત્રાતા, તમે જ જગતના સાચા દેવાધિદેવ છો. દેવો—મનુષ્ય—ઇંદ્રો—રાજાઓ વગેરે તમારા ચરણની સેવા કરે છે.

(૬) હે સિદ્ધાચળ તીર્થના રાજા ઋષભજિણંદ! માણેક મુનિ તમારી કીર્તિ ગાય છે, કે 'તમે જ ભવોદ્ધારક પ્રભુ! અમારા ભવોભવના ફાંદાને ટાળી દો.'

આમ એકેક સ્તવનની કડીઓના ભાવ સંકલનાબદ્ધ જોડીને ચિંતન કરી શકાય.

"સકલાર્હત્ સ્તોત્ર પરથી ચિંતન"

એમ સ્તોત્ર તરીકે સકલાર્હત્—સ્તોત્રના એકેક શ્લોકના (ચિત્રરૂપે) ભાવનું અને ગાથા-ગાથાના ભાવ વચ્ચે અનુસંધાનનું ચિંતન કરી શકાય. દા.ત. (ગાથા—૧) હું એ 'આર્હન્ત્ય' અરિહંતપણાનું પ્રણિધાન કરું છું કે, જે સમસ્ત અરિહંતોમાં પ્રતિષ્ઠિત છે, જે મોક્ષ લક્ષ્મીનું સ્થાન છે, અને જે અધો—મધ્ય—અને ઉર્ધ્વલોક પર પ્રભુત્વ ધરાવે છે, એને ચિત્રરૂપે જોવા માટે સમવસરણસ્થ અનંતા અરિહંતોમાં અરિહંતપણાની એક પ્રકારની જ્યોતિ—શક્તિ વ્યાપેલી જોવાની. એમાં મોક્ષ—લક્ષ્મી, લોહચૂંબકથી લોઢું ખેંચાય એમ, ખેંચાતી જોવાની; ને એ અરિહંતપણાની જ્યોતિ—શક્તિ ત્રણે લોક પર પ્રભુત્વ ધરનારી અર્થાત્ ત્રણેલોકમાંનાં સુખનું સંચાલન કરનારી જોવાની. એજ ત્રિલોકના સુખ પર સંચાલક તરીકે વર્ચસ્વ ધરાવે છે.

(ગાથા–૨) એ અરિહંતપણાના આધારભૂત જે અરિહંતો નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ એ ચાર નિક્ષેપાથી ત્રિલોકના જીવોને પાવન–પવિત્ર–નિર્મળ કરે છે, સર્વ ક્ષેત્ર સર્વકાળમાં રહેલા એમની હું ઉપાસના કરું છું.

એમાં નજર સામે ચિત્ર એવું લાવવાનું કે જાણે મોટા અક્ષરે અરિહંત નામ લખેલું છે. એની પાછળ અરિહંતની મોટી આકૃતિ મૂર્તિ છે; એની પાછળ દ્રવ્ય અરિહંત અર્થાત્ કેવળજ્ઞાન પૂર્વેના અથવા મોક્ષ પામેલા અરિહંત છે; એમની પાછળ ભાવ અરિહંત એટલે કે સમવસરણ પર કે તે વિના વિહારમાં ચાલતા, યા મુકામે બિરાજમાન અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અરિહંત છે; અને આ ચારેય અરિહંત ત્રણે લોકના લોકોને દર્શન–વંદન–પૂજન–જપ–સ્મરણ–ધ્યાન–આજ્ઞાપાલન....વગેરે દ્વારા પવિત્ર નિર્મળ કરી રહ્યા છે, તે યાવત્....મોક્ષ સુધીની નિર્મળતા કરાવી રહ્યા છે.

હવે આ અરિહંતોમાં આ યુગના ચોવીસ ભગવાનની સ્તુતિ શરુ થાય છે.

(૧) ત્યાં પ્રથમ જિનઋષભદેવ ભગવાનને પહેલા રાજા, પહેલા સાધુ અને પહેલા તીર્થંકર તરીકે જોવાના છે. તે આપણી નજર સામે ત્રણ ઊભા કોલમના પહેલા કોલમમાં (i) સૌથી ઉપર સિંહાસન પર ઋષભદેવને રાજા તરીકે જોવાના, એમની નીચે નીચે અસંખ્ય રાજાઓ છે. (ii) બીજા કોલમમાં સૌથી ઊંચે ઋષભદેવ મુનિ તરીકે છે. એમની નીચે નીચે અસંખ્ય મુનિઓ છે. (iii) ત્રીજા કોલમમાં સૌથી ઊંચે સમવસરણ પર ઋષભદેવ પ્રભુ છે. એમની નીચે નીચે ૨૩ તીર્થંકર સમવસરણ પર બિરાજમાન જોવાના. આ ત્રણે કોલમમાં પ્રભુ રાજા–મુનિ–તીર્થંકર તરીકે સૌથી ઉપરમાં દેખાય એટલે સહેજે સમજાય કે પ્રભુ પ્રથમ છે.

(૨) હવે અજિતનાથ ભગવાનની સ્તુતિની કડી જોડવા માટે આ જોવાનું કે એ અરિહંત કેમ બન્યા? તો કે, એ કેવળજ્ઞાનથી સૂર્ય સમા બન્યા, અને ભવ્ય જીવોરૂપી બિડાયેલા કમળોને વિકસિત કરે છે. પછી આ કેવળજ્ઞાનરૂપી અરિસામાં ત્રણે કાળનું આખું જગત પ્રતિબિંબિત છે એ જોવાનું. એટલા જ માટે કે,

(૩) (ત્રીજા ભગવાનની સ્તુતિનું અનુસંધાન આ રીતે કે) કેવળજ્ઞાનમાં લોકાલોક દૃષ્ટ હોવાથી (અરિહંત સંભવનાથ) વિશ્વના ભવ્ય જીવોરૂપી બાગને નવપલ્લવિત કરવાને નીક સમી ધર્મવાણી વહેવડાવે છે. ચિત્ર સ્પષ્ટ છે, પ્રભુની વાણી જાણે નીક, સામે બેઠેલા ભવ્ય જીવો છોડવા જેવા, ને એમના કાન એ મૂળિયાં જેવા, એમાં જઈને એ વાણી રેડાય છે. તેથી ભવ્ય જીવોના મુખ–હૈયાં વગેરે પ્રફુલ્લિત થઈ ઊઠે છે.

(૪) હવે આ વાણી એટલી બધી ચાલી, કે એનો મોટો સમુદ્ર થઈ ગયો. એ સમુદ્ર શાનો? અનેકાંતમત, અનેકાંત સિદ્ધાન્તનો. એમાં ભરતી લાવવા માટે હવે અરિહંત ભગવાન (અભિનંદન સ્વામી) ચંદ્ર સમાન છે. ભગવાન પામ્યાથી ભક્તના દિલમાંના અનેકાંત સિદ્ધાન્તની ભરતી એટલે કે પદાર્થો પર વ્યાપકતા વધતી ચાલે છે. ચિત્ર સ્પષ્ટ છે.

(૫) આવા અનેકાંતમાં ભરતી લાવનાર અરિહંત (સુમતિનાથ) ભગવાનને જોઈ મુગ્ધ થનાર દેવતાઓ દોડી આવીને પ્રભુના ચરણમાં પડી જાય છે. તેથી એમના મસ્તકના મુગટો ય નમે છે. એના કિરણોથી પ્રભુના નખની લાલ-કાન્તિ ઓર ઉત્તેજિત થઈ ગઈ! કેમ જાણે મુગટ એ છરીની ધાર કાઢનારી શાણનો અગ્ર ભાગ! તે એનાથી છરીની ધાર ઉત્તેજિત થાય એમ પ્રભુના નખની કાન્તિ ઉત્તેજિત થઈ ગઈ. ચિત્ર સમજાય એવું છે.

(૬) હવે આ નખની વધી ગયેલી લાલ કાન્તિ ઉપર (અરિહંત) લાલવર્ણના પદ્મપ્રભ સ્વામી)માં ભળી ગઈ; તેથી વધી ગયેલી લાલાશ એ જાણે અંતરંગ શત્રુઓ કામક્રોધાદિની સામે ગુસ્સાની લાલાશ ન હોય ! તેથી આંતરશત્રુઓ ભાગી ગયા.

(૬) એ શત્રુ ભાગી જવાથી અરિહંત (સુપાર્શ્વનાથ) ભગવાન વીતરાગ તીર્થંકર થયા, અને ઇંદ્રો ચરણસેવામાં આવી ગયા. ત્યાં (ધર્મદેશના આપવાની ઇંદ્રોની વિનંતિથી પ્રભુએ દેશના આપીને ગણધર તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.) પ્રભુ આ ચતુર્વિધ સંઘરૂપી ગગનને ઉદ્યોતિત કરનાર સૂર્ય જેવા દીપ્યા.

(૮) પણ પ્રભુ માત્ર પ્રકાશદાયી સૂર્ય નહિ, કિન્તુ, શીતલતા-વર્ષી ચંદ્ર જેવા પણ છે. એ અરિહંત (ચંદ્રપ્રભ સ્વામી)ની ચંદ્રકિરણો જેવી સફેદ મૂર્તિ શાથી ? કહો, પ્રભુએ શુક્લધ્યાન ધ્યાયેલું, એની જ જાણે મૂર્તિ ન બનાવી હોય ? એમ લાગે છે. તેથી ઉજ્જવલ વર્ણની હોય એ સહજ છે.

(૯) એ અરિહંત (સુવિધિનાથ) પ્રભુના શુકલધ્યાને કામ શું કર્યું ? તો કે, એક બાજુ કેવળજ્ઞાનની એવી જ્યોતિ-શોભા ઊભી કરી, કે જેનાથી પ્રભુ કરામલકવત્-હાથમાં રહેલા આમળાની જેમ વિશ્વને સાક્ષાત્ જુએ છે, અને બીજી બાજુ પ્રભુ અચિંત્ય મહિમા (પ્રભાવ)ના નિધિ છે. (આ મહિમા એવો કે તમે અરિહંતને સહેજ મનમાં લાવો, ને અચિંત્ય લાભ મળે.) કહ્યું છે,—

'जिनेन्द्र ! पूजितो भक्त्या
संस्तुतः प्रस्तुतोऽथवा ।
ध्यातस्त्वं यैः क्षणं वाऽपि
सिद्धिस्तेषां महोदया ॥'

અર્થાત્ હે જિનેંદ્રદેવ ! તમને ભક્તિથી પૂજે, અથવા તમારી સારી સ્તવના કરે, કે પરિચય કરે, અથવા તમને દરેક બાબતમાં આગળ કરે, અથવા એક ક્ષણ પણ તમારું ધ્યાન કરે, તમને ધ્યાનમાં લે, મનમાં લાવે, એ લોકોને મહાન ઉદય કરનારી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કમઠ તાપસના બળતા લાકડામાંથી બહાર કઢાયેલ સાપને પાર્શ્વકુમાર દ્વારા સેવક પાસે એક અપાવેલ નવકારમાં 'અરિહંત' શબ્દ પર એટલે કે માત્ર નામનિક્ષેપાથી અરિહંત પર એનું ધ્યાન રહ્યું તો એણે ધરણેંદ્રપણાની અચિંત્ય (કલ્પનામાં નહિ એવી) સિદ્ધિ પ્રાપ્ત કરી ! જે એના મહાન ઉદયને કરનારી છે.

(૧૦) અરિહંત (શીતલનાથ) ભગવાનનો એક મહિમા આ છે કે, પ્રભુ જાણે એક નવી જાતના મેઘ, તે વર્ષીને જીવોમાં પરમ આનંદનો કંદ ઊગાડી દે છે ! તે શું વર્ષે છે ? તો કે એમાંથી સ્યાદ્વાદ-સિદ્ધાન્તનું અમૃત વરસ્યા કરે છે ! પ્રભુને જુઓ તો ય સ્યાદ્વાદ સિદ્ધાન્ત દેખાય, ને પ્રભુને સાંભળો તો ય એજ સિદ્ધાન્ત મળે ! પ્રભુને જોતાં સ્યાદ્વાદ કેમ દેખાય ? તો કે પ્રભુનું જીવન અને સ્વરૂપ જ એવું છે, કે જેમાંથી સ્યાદ્વાદ ઝરે ! દા.ત. (શીતલનાથ) પ્રભુ ઉપદ્રવ કરનારા જીવો પ્રત્યે કોમળ, અને પોતાના કર્મ પ્રત્યે કઠોર ! પ્રભુ સમવસરણની લીલા ધરનારા, છતાં મહા સંયમી ! મહા નિષ્પરિગ્રહી ! પ્રભુ કેવળજ્ઞાનાદિ અને અનંત સુખનો ઉપભોગ કરનારા, છતાં અભોગી ! પ્રભુ જગતભરની સ્ત્રીઓને જોનારા, તથા ઇંદ્રાણીઓ પ્રભુને જોવામાં લીન, છતાં પ્રભુ મહા બ્રહ્મચારી ! પ્રભુ શૈલેશીના મહાયોગવાળા, છતાં અયોગી ! વિશ્વના જડ-ચેતન પ્રત્યે પ્રભુ ઉદાસીન, છતાં ચેતન જીવો પર અનન્ય કરુણા કરનારા ! ....ઇત્યાદિ.

(૧૧) આવા અરિહંત (શ્રેયાંસનાથ) ભગ-

વાન શી અનન્ય કરુણા કરે છે? તો કે એમનાં દર્શનરૂપી ઔષધમાત્રથી જીવોના ભવના રોગ ભાગે છે! અર્થાત્ એ પ્રભુ માત્ર દર્શન આપવાની કરુણા કરી ભવરોગથી પીડાતા ભવ્યજીવોના એ રોગ નાબૂદ કરનારા વૈદ્ય બને છે! ખૂબી કેવી છે કે, છતાં એ પ્રભુ મોક્ષ-લક્ષ્મીના પતિ બનીને અહીં હાજર નથી પણ મોક્ષમાં બિરાજમાન છે! તોય એમની મૂર્તિનું દર્શન ભવરોગ હટાવી દે છે!

(૧૨) આવા અરિહંત (વાસુપૂજ્ય સ્વામી) મોક્ષ-સ્વામી બન્યા, તે એકલી જાતનું કરીને નહિ, પણ વિશ્વોપકારક તીર્થંકર નામ કર્મ ઊભું કરી તીર્થંકર બની જગતના જીવોને તારીને મોક્ષ-સ્વામી બન્યા. એવા તીર્થંકર બન્યા, માટે સુર અસુર અને મનુષ્યોથી પૂજ્ય બન્યા. પૂજાતિશય થયો.

(૧૩) અરિહંત (વિમલનાથ) ભગવાન ઉપકારક તીર્થંકર નામવાળા બન્યા તે વચનાતિશયથી ઉપકારક બનીને. એમનાં વચનો જાણે કતક-વનસ્પતિનું ચૂર્ણ! એ ચૂર્ણ મેલા પાણીમાં પડે અને પાણી નિર્મળ થાય, એમ પ્રભુનાં વચનો જગતના જીવોના મલિન ચિત્તમાં પડે ને ચિત્ત નિર્મળ થવાનું કારણ બને છે.

(૧૪) અરિહંત(અનંતનાથ) ભગવાન વાણીથી જગતના જીવોના ચિત્ત નિર્મળ કરે, એમાં પ્રભુની કરુણા કેટલી? તો કે સ્વયંભૂરમણ સમુદ્રની સાથે વિશાળતામાં સ્પર્ધા-હરિફાઈ કરે (અને એનેય ટપી જાય) એટલી બધી કરુણા! એ કરુણારસરૂપી પાણીથી અમને અનંત સુખસંપત્તિ ઉગાડી આપો. (અહીં સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્ય જોજનના પાણીનો સમૂહ, એના કરતાં અનંતગુણો પ્રભુની કરુણાનો સમૂહ, કેમકે અનંતાનંતકાળ માટે અરિહંત પ્રભુ પોતાના નામ-સ્થાપના-દ્રવ્ય દ્વારા અનંતાનંત જીવોના કલ્યાણ કરવા સ્વરૂપ કરુણા કરી રહ્યા છે. દા.ત. સર્વ કાળના જીવો 'નમો અરિહંતાણં' બોલે તેમાં ભૂત-ભવિષ્ય-વર્તમાનના સમસ્ત અનંત અરિહંતોને નમસ્કાર કરવાનો લાભ મેળવી શકે છે. આમાં દરેકે દરેક અરિહંત સર્વ કાળના અનંતાનંત જીવોને નમસ્કારનો વિષય બનવા દ્વારા કલ્યાણ કરુણા કરનારા બન્યા! આવી અનંત કરુણાવાળા અનંતનાથ ભગવાન કરુણારૂપી જલથી અમારામાં સુખસંપત્તિ ઉગાડી આપો.

(૧૫) ઇષ્ટ સર્વ સુખ-સંપત્તિ આપવામાં અરિહંત (ધર્મનાથ) ભગવાન તો કલ્પવૃક્ષ સમાન છે; કેમકે એ સુખ-સંપત્તિના ઉપાયભૂત ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કરે છે.(પ્રભુએ કેવોક અદ્ભૂત ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો! તો કે (૧) દાનાદિ ચતુર્વિધ ધર્મ,-દાન-શીલ-તપ-ભાવના ધર્મ; (૨) સમ્યગ્દર્શનાદિ ત્રિવિધ મોક્ષમાર્ગ,-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધર્મ; (૩) અધ્યાત્માદિ યોગાત્મક ધર્મ,- 'અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા વૃત્તિસંક્ષયઃ;' (૪) સાશ્રવ-નિરાશ્રવ-ધર્મ;-આરંભ-સમારંભવાળો જિનપૂજા, સંઘયાત્રા, સાધર્મિક ભક્તિ વગેરે ધર્મ તે આશ્રવવાળો ધર્મ યાને સાશ્રવ ધર્મ; અને મુનિનો નિરારંભ ધર્મ તે નિરાશ્રવ ધર્મ. આ ચાર પ્રકારના ધર્મને દેનાર પ્રભુ કલ્પવૃક્ષ સમાન છે.)

(૧૬) આવા ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ કરતી વખતે અરિહંત (શાંતિનાથ) ભગવાનની અમૃત જેવી વાણીની જ્યોત્સનાથી દિશાઓનાં મુખ ઉજ્જવળ થઇ રહ્યાં છે, અને જીવોના અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઈ રહ્યા છે.

(૧૭) આ અજ્ઞાનનો અંધકાર માત્ર મનુષ્યોનો નહિ, પણ દેવતાઓ અને તિર્યંચોનો પણ નષ્ટ કરનાર વચનાતિશય વગેરે અતિશયોની સમૃદ્ધિથી અરિહંત (કુંથુનાથ) ભગવાન સંપન્ન છે. એટલા જ માટે ભગવાન સુરેંદ્રો અસુરેંદ્રો અને મોટા રાજાઓના પણ એકમાત્ર નાથ છે.

(ઇંદ્રો શું કામ પ્રભુને નાથ બનાવે)? તો કે ઇંદ્રો અવધિજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ હોય છે. એમનાથી વિશિષ્ટ ચડિયાતા અનંત જ્ઞાન આદિ અતિશયોની ઋદ્ધિવાળા હોય એમને જ પોતાના એક નાથ તરીકે સ્વીકારે; કેમકે એમનાથી જ પોતાને એ અનંત જ્ઞાનાદિ પ્રાપ્ત થવાના છે, એમ સમજે છે.

(૧૮) આવા તો એક માત્ર અરિહંત ભગવાન જ હોય. બીજા ધર્મના દેવો બજવા જેવા છે, ત્યારે અરિહંત (અરનાથ) ભગવાન ચોથા આરા રૂપી ગગનમાં સૂર્ય સમાન છે. ઉપા૦ યશોવિજયજી મહારાજે સ્તવનમાં ગાયું,–

'તે બહુ (ઇતર દેવો) બજુઆ તગતગે,
તું દિનકર તેજ સ્વરૂપ હો....
શ્રી શીતલ જિન ભેટીએ."

આવા અરિહંત ભગવાન જ ચતુર્થ પુરુષાર્થ મોક્ષ–પુરુષાર્થ મોક્ષલક્ષ્મીના વિલાસને આપી શકે. બીજા દેવો બજવા જેવા, તે એમની પાસે મોક્ષ અને મોક્ષમાર્ગ સુધી પહોંચે એવો પ્રકાશ જ ક્યાં છે કે જગતને બતાવી શકે કે મોક્ષ આવો અને મોક્ષમાર્ગ આવો? અરનાથ ભગવાન સૂર્યજેવા, તે બતાવી શકે અને આપી શકે છે.

(૧૯)જગત ઉપર આવા સૂર્ય સમાન અને મોક્ષશ્રી આપનાર અરિહંત (મલ્લિનાથ) ભગવાન પ્રગટ થાય, એમનો પ્રભાવ કેવો, કે સુરેંદ્રો – અસુરેંદ્રો અને મોટા રાજાઓ જાણે મોર! અને પ્રભુ જાણે મેઘ! તે જેમ નવા મેઘને પ્રાપ્ત થતાં મોરને આનંદનો પાર નહિ, તે કેકારવ કરી મૂકે, એમ આ ઇંદ્રો અરિહંત પ્રભુને પામીને અતિશય આનંદમાં આવી જઈ પ્રભુની સ્તુતિઓના ગર્જારવ કરી મૂકે છે. એ સ્તુતિમાં એવું ભાવે છે કે 'પ્રભુ! ખરેખર તમે જ કર્મવૃક્ષોને ઊખેડી નાખવા માટે મલ્લહાથી જેવા છો. (કેમકે મલ્લહાથી જેવો આપનો દેશના–ગર્જારવ કર્મોને ઊખેડી નાખે છે. બીજા દેવો પાસે એવો સકલ વિશ્વ–પ્રકાશ, સત્ય તત્ત્વ–પ્રકાશ, ને સાચો માર્ગ–પ્રકાશ જ નહિ, તે કર્મોનું મૂળમાંથી ઉન્મૂલન કરનારું શું બતાવી શકે? એ તો વીતરાગ સર્વજ્ઞ અરિહંત દેવ જ બતાવી શકે.)

(૨૦) એટલે જ અરિહંત (મુનિસુવ્રતસ્વામી) ભગવાન જ્યારે કર્મોનું ઉન્મૂલન કરનારી દેશના આપે છે, ત્યારે એ દેશના–વચનો મહામોહની નિદ્રામાં સૂતેલા જગતને જગાડવા માટે પ્રભાતનું કામ કરે છે! વહાણું વાય, પ્રભાતનો પ્રકાશ નીકળે, અને ઊંઘતાઓ ઊઠી જાય, એમ અરિહંતનાં દેશના–વચનો પ્રગટે, અને જગતનાં ભવ્ય જીવો મોહ–નિદ્રામાંથી જાગી જાય છે.

(૨૧) એવા અદ્ભુત વચને પ્રભાતને જાણી કેમ જાણે 'આપણે જાગવામાં મોડું થયું,' તે શરમાઈને ભવ્ય જીવો ઊઠીને તરત અરિહંત (નમિનાથ) ભગવાનનાં ચરણમાં લોટી પડે છે. એ વખતે પ્રભુનાં ચરણ–નખના કિરણો એ જીવના મસ્તક પર પાણીના કુવારાની જેમ પડે છે! તે કેમ જાણે જીવોને પ્રભાતે ઊઠીને નિર્મળ કરનારું સ્નાન મળ્યું! સ્નાન પછી ધર્મભાવનાનો નાસ્તો અને કર્મનાશની તુષ્ટિપુષ્ટિ જોઇએ, તો

(૨૨) આવા અરિહંત (નેમનાથ) ભગવાન યદુવંશના પદ કોડ યાદવોના તારણહાર, તે, જેમ ચંદ્રમા ઉદય પામીને સમુદ્રને ભરતીથી હિલોળે ચડાવે એમ, યદુવંશરૂપી સમુદ્રને ધર્મભાવનાની ભરતીના હિલોળે ચડાવનાર પ્રભુ ચંદ્ર જેવા છે! અને ત્યાં પ્રભુ જેમ કાન્તિથી ચંદ્ર જેવા શીતળ, તેમ પ્રતાપથી અગ્નિ જેવા ધગધગતા પણ હોવાથી એ ભક્તોના કર્મ–લાકડાંને બાળી નાખે છે; અને કર્મ ગયા એટલે તુષ્ટિપુષ્ટિ થવાથી રિષ્ટ–અનર્થ–આપત્તિઓ પણ

નષ્ટ થઈ જાય એ સહજ છે. એ રિષ્ટ-નાશક ભગવાન જ છે.

(૨૩) ખૂબી પાછી એવી છે કે, આવા અરિહંત પ્રભુ ભક્તોને પોતાનું આલંબન આપી ભક્તોને ધર્મની ભરતી અને કર્મનો નાશ કરી આપવા છતાં એ અરિહંત (પાર્શ્વનાથ) ભગવાન સ્વયં દુશ્મન કમઠ અને ભક્ત ધરણેન્દ્ર પ્રત્યે તુલ્ય (સમાન) મનોવૃત્તિવાળા છે. 'પ્રભુઃ તુલ્યમનોવૃત્તિઃ' ન ભક્ત પર રાગ, કે ન દુશ્મન પર દ્વેષ! કેમકે પોતે વીતરાગ છે.

(૨૪) એવા અરિહંત (મહાવીર સ્વામી) ભગવાન વીતરાગ થવાથી જ એ અહીં કૈવલ્યલક્ષ્મી અને તીર્થંકરત્વ-લક્ષ્મીથી સંપન્ન બન્યા છે, અને પછીથી મોક્ષરૂપી સરોવરમાં રાજહંસ જેવા બનેલા છે.

વળી એ તો એ કરુણાશીલ ભગવાન જ હોય કે જે પોતાના પ્રત્યે ભયંકર અપરાધ કરનાર સંગમ દેવતા જેવા પર એની ભાવી ભયંકર દુઃખદ દુર્દશા જોઈ કરુણાનું આંસુ પાડે! નહિતર જગતમાં કયા ધર્મના ફિરસ્તા આવા જોવા મળે?

આમ એકેક શ્લોકના ભાવની સાથે પછી પછીના શ્લોકના ભાવને કોઈ યોગ્ય સંબંધ કલ્પીને જોડી દેવાય, એટલે સળંગ દીર્ઘ ચિંતન ચાલી શકે.

સુલસાને પ્રભુનું અનન્ય આકર્ષણ કેમ?—

આ હિસાબે હજારો સ્તવન-સ્તોત્ર-સ્તુતિ ચૈત્યવંદનો પરથી 'જિનેષુ કુશલં ચિત્તં' અરિહંત પ્રભુનું કુશળ ચિંતન લગાવવું હોય તો કેટલું બધું લગાવી શકાય? મહાવીર પ્રભુ અંગેના આવા જ કોઈ ભરચક ચિંતન મહાસમ્યગ્દૃષ્ટિ સુલસા-શ્રાવિકાના મનમાં ચાલતા હશે, તેથી જ અંબડ પરિવ્રાજકે એના સમ્યક્ત્વની પરીક્ષા કરવા વિદ્યાના બળે નગરના એકેક દરવાજે બ્રહ્મા, મહાદેવ, વિષ્ણુ અને રૂપમા તીર્થંકરના જીવંતરૂપ વિકૂર્વેલા, નગરનું લોક જોવા દોડેલું, પરંતુ સુલસા નહિ ગયેલી. કારણ, એક તો સમ્યક્ત્વ-રત્ન મેલું થાય, અને બીજું એ કે એને અરિહંત મહાવીર ભગવાનનું એ બધી વિશેષતાઓથી એટલું બધું આકર્ષણ હતું કે પ્રભુના પેલા ભરચક ચિંતનમાંથી બીજું જોવા-વિચારવાની ફુરસદ જ કયાં હતી? અરિહંતની તે તે વિશેષતાઓ આગળ આ મિથ્યાત્વી દેવોના વૈભવ સૂર્ય સામે બજવા જેવા લાગે. એ જોવાનું મન જ શાનું થાય?

સુલસાનું મન અરિહંતની એ ભરચક અનન્ય વિશેષતાઓનાં કુશળ ચિંતનથી અરિહંત મહાવીર પ્રભુમાં એકાકાર થઈ ગયું હતું, મનમાં પ્રભુ પર અત્યંત બહુમાન-પ્રીતિ-ભક્તિ-મમતા વસી ગઈ હતી, તેથી ઇતર દેવોનું લેશ પણ એને આકર્ષણ શાનું થાય?

ચિંતન કુશળ એટલે? :-

અહીં ચિંતનને કુશળ કેમ કહ્યું? આટલા જ માટે કે કુશળ એટલે પ્રીતિ આદિવાળું નિઃસ્પૃહ ચિંતન, પણ જૈનશાસ્ત્ર ભણાવનાર મિથ્યાદૃષ્ટિ પંડિતોને જેવું અરિહંત પ્રત્યે અરુચિ-અશ્રદ્ધાવાળું અને પૈસા-પ્રતિષ્ઠાના લોભવાળું ચિંતન હોય તેવું નહિ.

વીતરાગ જિનેન્દ્ર ભગવાનની ઉપાસના એ પહેલા નંબરનું શ્રેષ્ઠ યોગબીજ છે. એમાં અહીં સુધી એમના કુશળ ચિંતનથી મનોયોગની વૃત્તિ બતાવી. હવે વચનયોગની વૃત્તિ બતાવવા કહે છે,

—'तन्नमस्कार एव च'

(૨) નમસ્કાર : વાચિક જિનોપાસના

'નમસ્કાર' એટલે વાચિક સ્તુતિ, જિનેન્દ્ર

ભગવાનની સ્તુતિભર્યા શ્લોકો બોલાય એ નમસ્કાર કહેવાય; દા.ત. ભક્તામર–કલ્યાણમંદિર વગેરેના શ્લોકો. શાસ્ત્રો આવા એકથી માંડી ૧૦૮ શ્લોકોથી સ્તુતિ નમસ્કાર કરવાનું કહે છે. આ સ્તુતિ–નમસ્કાર પણ પેલા કુશળ ચિંતનથી પ્રેરિત હોય, એટલે કે–

(૧) પૂર્વે વિસ્તારથી બતાવ્યું તે અરિહંતનું સ્વરૂપ–જીવન–સાધના–ગુણો–ઉપકારો–અતિશયો અને ત્રિવિધ અવસ્થાનાં ઐશ્વર્ય આ સ્તુતિ–નમસ્કારમાં ગવાયેલા હોય. આ એક પ્રકારે સ્તુતિ નમસ્કાર. આ ઉપરાંત,

(૨) ભગવાનના સ્તુતિ–નમસ્કારમાં આત્મનિંદા અર્થાત્ આપણા પોતાના દોષોની ગર્હા પણ આવે. દા.ત. કલ્યાણમંદિર સ્તોત્રમાં પાછળના **'અસ્મિન્નપારભવવારિનિધૌ મુનીશ....જન્માન્તરેऽપિ તવ પાદયુગં ન દેવ....'** વગેરે શ્લોકોમાં સ્તુતિકારની પોતાની આત્મનિંદા છે. એમ સ્તવનોમાં પણ ભરચક સ્વાત્મનિંદા આવે છે.

(૩) એવી જ રીતે વાચિક સ્તુતિમાં પ્રાર્થના પણ આવે, દા.ત. 'ઉવસગ્ગહરં' સ્તોત્રની ગાથામાં પ્રાર્થના કરી કે 'તા દેવ ! દિજ્જ બોહિં,' કલ્યાણમંદિરમાં 'દુઃખાંકુરોદ્દલન તત્પરતાં વિધેહિ, 'લોગસ્સ'માં–'તિત્થયરા મે પસીયંતુ, આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમ દિંતુ'.....વગેરે. આમ સ્તુતિમાં ગુણગાનાદિ ૩ આવે!

જેમ મનથી જિનેન્દ્રનું કુશળ ચિંતન મનને પવિત્ર કરે છે, મહાકિંમતી મનની પ્રાપ્તિને સફળ કરે છે, એમ વચનથી જિનેન્દ્ર સ્તુતિ–ગુણગાનરૂપી નમસ્કાર જીભને અને વચનયોગને પવિત્ર કરે છે, અને મહા કિ મતી માનવ વચનશક્તિ મળી એને સફળ કરે છે. આ નિરંતર યાદ રાખવા જેવું છે કે જો આપણને શ્રેષ્ઠ મન–વચનની શક્તિ મળી છે, તો એનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા જ જોઇએ.

મન–વચનના શ્રેષ્ઠ વિનિયોગ (ઉપયોગ)નું સર્વોચ્ચ પાત્ર વીતરાગ અરિહંત ભગવાન છે.

એમનાથી વધીને સારું કોઈ બીજું પાત્ર નથી. તેથી મન–વચનનો વિનિયોગ આ સર્વશ્રેષ્ઠ પાત્ર અરિહંતમાં જ કરવો જોઈએ.

જો આ ધ્યાનમાં રહે તો મનમાં બીજા ત્રીજા લફરાં પેસે જ નહિ, કે જે પેસીને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સુધીનાં દુર્ધ્યાન ઊભાં કરીને તિર્યંચ–નરક ગતિના ઘોર પાપ બંધાવે છે.

ત્યારે ક્યાસ કાઢો કે રોજના રોજ સવારથી સાંજ સુધીમાં મનમાં અરિહંત કેટલીવાર આવે છે? અને બીજું ત્રીજું કેટલું આવે છે? આ જોતાં શું હૈયે આંચકો ન લાગે કે 'અરરર! હાઇકલાસ મનનો આટલો બધો ગટરકલાસ ઉપયોગ? એમ વચનમાં ક્યાસ કાઢો કે શ્રેષ્ઠ વચન શક્તિથી શ્રેષ્ઠ અરિહંતગુણગાનમાં કેટલો હાઇકલાસ સદુપયોગ? અને પાપભાષણ તથા વિકથા કુથલી વગેરેમાં કેટલો અદ્ધળક ગટરકલાસ દુરુપયોગ?....આટલી અરિહંતમાં વચનયોગની વૃત્તિની વાત થઇ.

(૩) કાયિક જિનોપાસના : પ્રણામાદિ

હવે અરિહંતમાં કાયયોગની વૃત્તિ બતાવવા કહે છે, **'પ્રણામાદિ ચ સંશુદ્ધમ્'** અર્થાત્ જિનેન્દ્ર ભગવાનને વિશુદ્ધ પ્રણામ આદિ કાયયોગથી ઉપાસના કરવી એ શ્રેષ્ઠ યોગબીજ છે. અહીં 'સંશુદ્ધ' પદ માત્ર પ્રણામાદિને લગાડવાનું નથી, પરંતુ કુશળ ચિત્ત(ચિંતન)ને પણ લગાડવાનું છે, ને નમસ્કારને પણ લગાડવાનું છે. એટલે સંશુદ્ધ કુશળ ચિંતન, અને સંશુદ્ધ નમસ્કાર, તથા સંશુદ્ધ પ્રણામાદિ એ શ્રેષ્ઠ યોગબીજ છે, એ ફલિત થયું.

'પ્રણામ' કાયાથી ત્રણ પ્રકારે,-(૧) અંજલિબદ્ધ પ્રણામ, (૨) અર્ધાવનત પ્રણામ, અને (૩) (મસ્તક, બે હાથ, બે ઢીંચણ જમીનને અડાડીને) પંચાંગ પ્રણિપાત. જિનમંદિર પાસેથી પસાર થતા હોઈએ ત્યારે પણ પ્રભુને ઉદ્દેશીને અંજલિબદ્ધ પ્રણામ કરવાનો; અને બે હાથ કશું ઊંચકવામાં રોકાયેલા હોય તો કમમાં કમ માથું નમાવી, 'નમોજિણાણં' બોલવાનું. અહીં પંચાગ પ્રણામ કહ્યો, પણ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ન કહ્યો.

સાષ્ટાંગ પ્રણામ કેમ નહિ? : જયણાઃ—

કેમકે જૈન શાસનમાં આંધળિયા નથી, દરેક ક્રિયા જયણાવાળી કરવાની બતાવી છે. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા માટે જમીન પર લાંબા-પાટ પડવું પડે, તે પહેલાં એટલી લાંબી જમીન અને આખું શરીર જીવરક્ષાર્થે પૂંજવા-પ્રમાર્જવાનું કયાં બને? ત્યારે પંચાંગ પ્રણામમાં આ સાચવી શકાય.

કાયાથી પ્રણામ કહ્યો એમાં બીજી જિનોપાસનાઓ આવે; દા.ત. પ્રભુનાં દર્શને જવું, અષ્ટપ્રકારી પૂજા કરવી, પ્રભુને આભૂષણ વગેરે અર્પિત કરવા, મંદિર-નિર્માણ, મંદિર-શોભા, જીર્ણોદ્ધાર, સંઘયાત્રા, બીજાઓને જિનભક્તિમાં જોડવા માટે અનેક પ્રકારના પ્રભાવનાદિ કાર્ય કરવા,....વગેરે આવે. આમાં એકમાત્ર દર્શનનો પણ કેટલો બધો મહિમા બતાવ્યો, કે 'દહેરે જાવા મન કરે ચઉત્થતણું ફળ હોય' વીતરાગનાં દર્શને જવાનું મન કર્યું, ત્યાં એક ઉપવાસનું ફળ! પછી દર્શન માટે ઊભો થાય ત્યાં છઠ્ઠનું! અને મંદિર તરફ ડગલું માંડે ત્યાં અઠ્ઠમનું ફળ!... ચાલ્યો, યાવત્ મંદિરે બહારથી પ્રભુ-દર્શન થયું, ત્યાં માસખમણનું ફળ! ત્યારે બીજી જિનભક્તિઓનાં તો કેવાં કેવાં અદ્ભુત ફળ!

વાત એક છે,-આપણી કાયા ધર્મની બાબતમાં હરામ હાડકાં કરનારી છે, એને જિનેન્દ્ર ભગવાનની અનેકાનેક પ્રકારની ઉપાસનામાં લગાવી આખા હાડકાની બનાવવી છે. જો આ ભાવના હોય તો જગતમાં કાયા અનંતાને નમી છે, એને અહીં પ્રભુ આગળ નમતી ને નમતી રાખો, વારંવાર પ્રણામ કરતી રાખો. એમ મન-વચનને પણ જિનભક્તિમાં લગાવ્યા રાખો.

જિનોપાસનામાં 'મંડલાદિ' પણ આવે, અર્થાત્ સિદ્ધચક્રપટ્ટ જેવા પ્રભુના ચિત્રપટ્ટ, અક્ષરપટ્ટ બનાવી રોજ એના પર સ્તોત્રપાઠ, પૂજન, ધ્યાન...વગેરે આવે. એથી એ પટ્ટની આપણા અંતરમાં ધારણા થાય. પછી ગમે ત્યાં, ગમે ત્યારે, આંખ મીંચીને એને હુબહુ કલ્પનામાં નજર સામે લાવી એમાં મન જોડી શકાય. આર્તધ્યાન અને સંકલ્પ-વિકલ્પો અટકાવવા આ પટ્ટધારણા બહુ ઉપયોગી થાય, કેમકે ચિત્ત આમાં રોકાયાથી પેલા આર્તધ્યાન વગેરે સહેજે અટકી જાય.

મન-વચન-કાયાથી જિનોપાસના તેને સુલભ અને સુકર સુંદર છે, જેના દિલમાં પ્રભુનો અનંત ઉપકાર વસેલો છે.

ભાઈનો 'પ્રભુનો આભાર' :-

વિલાયતમાં એક ભાઈને ૩૫-૪૦ વર્ષની ઉંમરમાં ઘણી મરી ગયેા. પોતાનું અને ૩-૪ છોકરાનું ભરણ-પોષણ કેમ કરવું? એ આપત્તિ ઊભી થઈ. એક માનસશાસ્ત્રીને કહે,-

'આ પ્રભુનો કેવો ન્યાય, કે છોકરા વિનાનાંને ત્યાં ધનના ઢગલા! ને મારે ખાવાના ફાંફાં!'

ત્યારે પેલો માનસશાસ્ત્રી કહે,- 'આ તમે પ્રભુને શું સમજો છો?' એને પૈસાના કાટલાથી જ જોખો છો? પ્રભુનો બીજો કોઈ ઉપકાર જ નથી? જુઓ જીવને સત્ત્વ ખીલવવાનો અવસર આપવો એ પણ પ્રભુનો મહાન ઉપકાર છે; કેમકે,

સત્ત્વ ખીલ્યાથી જ માણસ સાચો સુખી થઈ શકે છે.

નિઃસત્ત્વને તો છતે પૈસે દુઃખ; કેમકે સત્ત્વ નથી એટલે કાંક સાંભળ્યું યા બન્યું, ત્યાં ચિંતા-સંતાપનો પાર નહિ. માટે સત્ત્વવાળો જ સુખી. તમને અત્યારે ઈશ્વરે અવસર આપ્યો છે. સત્ત્વ ખીલવો. લ્યો, આ થોડા પૈસા, બિસ્કીટની નાની હાટડી કરો, પણ જોજો પ્રભુનો ઉપકાર વીસરતા નહિ.' ઉભયકાળ પ્રાર્થના કરજો.

બસ, પેલી બાઇએ એમ કર્યું, અને સવાર-સાંજ પ્રાર્થના ઉપરાંત ડગલે ને પગલે ઇચ્છિત બનવા પર પ્રભુના ઉપકારને યાદ કરી 'Thank you god' કરે છે. એમાં તો એને નાની હાટડીમાંથી આગળ વધતાં મોટો સ્ટોર થઈ ગયો.

ફરીથી પેલો માનસશાસ્ત્રી એ બાઇને પૂછે છે. 'કેમ ચાલે છે?'

ત્યારે બાઈ કહે 'શું પૂછો છો? પ્રભુના ઉપકારથી ડગલે ને પગલે ન ધાર્યાં કાર્ય સિદ્ધ થતાં આવે છે. માટે તો હું દહાડામાં દોઢસો વાર પ્રભુનો આભાર માનું છું. કાર્યે કાર્યે 'Thank you god' કરું છું. એકેક ઘરાક આવે, લમણાફોડ સહેજ પણ કરાવ્યા વિના માલ લઈ જાય, ત્યાં મારા મનને થાય કે, 'પ્રભુના ઉપકાર વિના આ કેમ બને?' તેથી સહેજે ઘરાકે ઘરાકે 'ભગવાન! તમારો આભાર,' થઈ જ જાય છે.

આમ, અરિહંત ભગવાનના અનંત ઉપકાર આપણા મન પર વસ્યા હોય, તો પછી મનથી જિનેષુ કુશલ ચિંતન, વાણીથી સ્તોત્રાદિપાઠ, અને કાયાથી પ્રણામ પૂજાદિ સહેજે સહેજે ને વારંવાર થાય. પૂછો,-

આપણી કાર્યસિદ્ધિમાં અરિહંતનો ઉપકાર: ?—

પ્ર૦—આપણા પર પ્રભુએ માર્ગ આપ્યાનો ઉપકાર તો ખરો, પરંતુ આપણા કાર્ય સિદ્ધ થયાં એમાં પ્રભુનો ઉપકાર શી રીતે?

ઉ૦-' લલિતવિસ્તરા' શાસ્ત્ર કહે છે, એક શુભ અધ્યવસાય થાય, એ પણ ભગવાનના પ્રભાવે થાય છે. લખ્યું છે,

'शुभाध्यवसायस्यापि भगवत्प्रसादलभ्यत्वम्'

પછી સદ્ગતિ મળે, સારી સાધના મળે, એ બધું ભગવાનના પ્રભાવે મળે છે. માટે તો ગણધર મહારાજ ભગવાનને 'ચક્ષુના દાતા, માર્ગના દાતા, શરણના દાતા, બોધિના દાતા,' વગેરે તરીકે સ્તવે છે. પણ આપણને આપણા પુરુષાર્થનું ગુમાન છે, ત્યાં આપણે 'દિલમાં અરિહંતને રાખ્યા, માટે પુરુષાર્થ કરવા પામ્યા,' એ જોવું નથી, તેથી અરિહંતનો ઉપકાર દેખાતો નથી. અરિહંતનો વાતેવાતે ઉપકાર ન દેખાય પછી અરિહંત પ્રત્યે વાતેવાતે કૃતજ્ઞતા બજાવવાનું પણ શાનું યાદ આવે? 'સવારે ચહા-દૂધ પામીએ તે અરિહંતના ઉપકારથી,' જોએમ યાદ આવે તો પહેલાં પ્રભુના પ્રક્ષાલ માટે દૂધ લઈ જવાનું મન થાય. ત્યારે આજે પશ્ચિમવાળા ઈશ્વરનો વાતે વાતે ઉપકાર માની, જુઓ, કેવાં અચિંત્ય કાર્ય સિદ્ધ કરે છે? એનો એક દાખલો,-

અમેરિકન મોટર-ઉત્પાદકની પ્રાર્થના:—

અમેરિકામાં એક મોટર-કંપનીના મોટા શ્રીમંત માલિકનો અકસ્માતમાં પગ ખોટકાઈ ગયો. તે આમ તો મોટરમાં જ ફરે, પરંતુ એકવાર એક સાંકડી ગલીમાં દોઢપગે ચાલવું પડ્યું. ત્યાં સામેથી એક પાદરી આવતો હતો.

એણે પૂછ્યું; 'કેમ આમ ચાલો છો?'

પેલાએ કહ્યું " અકસ્માત્ થયો. હોસ્પિટલમાં સારવાર લીધી, હવે ડો. કહે છે વધુ

સુધારો નહિ થાય. ઈશ્વરનો આભાર માનો કે જીવતા રહી ગયા."

પાદરી કહે, "સુધારો પુરેપુરો થઈ શકે."

શી રીતે ?

"તમે ઈશ્વરને પ્રાર્થના કરો."

આ મોટરકંપનીનો માલિક પૈસાના અભિમાનથી કહે "અક્કલ વિનાની વાત, હું ઈશ્વરને માનતો જ નથી."

પાદરી કહે "માનો યા નહિ, જુઓ આ ઈશ્વરના ઉપકારથી અસાધ્ય જેવાં કાર્ય સિદ્ધ થયાં છે એના દાખલા," એમ કહી એવા દાખલાઓની ડાયરી બતાવી. ત્યારે આ શ્રીમંત આભો બની ગયો, પીગળ્યો, કહે છે "એમ છે ? તો હું ઈશ્વરને માનીને પ્રાર્થના કરીશ."

પાદરી કહે "હાં, પણ જુઓ એક પ્રયોગ-અખતરા તરીકે ઈશ્વરને પાર્થના કરશો તો ફળ નહિ આવે. હૃદયથી 'ખરેખર ઈશ્વર છે જ' એવી શ્રદ્ધા કરીને અને 'એ સુખી કરે જ છે' એવો નિર્ધાર રાખીને પ્રાર્થના કરશો તો જરૂર ફળશે."

બસ, ઘરે જઈ એણે દિવસમાં બેવાર એકાંતમાં ઘુંટણીએ પડી આવી પ્રાર્થના શરુ કરી,– 'ઓ મારા પ્રભુ ! જુઓ હું મારી ફેકટરીમાં મોટરો બનાવી ઘરાકોને વેચું છું. એમાં કોક ઘરાકની મોટર ખોટકાય, તો લાવીને મને કહે છે, 'આ મોટર તમારી ફેકટરીમાં બની છે. એ ખોટકાઈ છે, એને રીપેર કરી આપો,' તો હું વિના ચાર્જે મફત રીપેર કરી આપું છું. હવે જુઓ પ્રભુ ! આ મારું શરીર તમારી ફેક્ટરીમાં બન્યું છે, તો તમે રીપેર કરી આપો. મને પાકો વિશ્વાસ છે કે જ્યારે મારા જેવો નાનો માણસ સમજે છે કે 'મારી કંપનીની મોટર મારે રીપેર કરી આપવા હું કર્તવ્યબદ્ધ છું, તો મારે રીપેર કરી આપવી જ જોઈએ,' ત્યારે પ્રભુ ! તમે તો જગતના સૌથી મોટા માણસોથી પણ મોટા છો, એટલે કર્તવ્યબદ્ધ તરીકે તમે મારો પગ સાજો કરી આપશો જ એવો મને પાકો વિશ્વાસ છે." બસ, કહેવાની જરૂર નથી કે, પ્રાર્થનાથી પહેલે મહિને અડધો સાજો. બીજા મહિને પોણો, અને ત્રીજા મહિને સંપૂર્ણ સાજો થઈ ગયો ! કોઇ માલિસ નહિ, દવા નહિ, કસરત નહિ, માત્ર 'જે કાંઈ સારું થાય એ ઈશ્વરના ઉપકારથી થાય છે, ઈશ્વરના ઉપકારથી બધું જ સારું થાય છે,' –આ શ્રદ્ધા ઉપર પ્રાર્થના કરીને પગ સાજો કરી લીધો. આવા તો ત્યાં અનેક દાખલા બનેલા પુસ્તકોમાં નોંધાયેલા પડ્યા છે.

અરિહંતના સચોટ ઉપકાર

ત્યારે આપણા શાસ્ત્રો તો અરિહંત પ્રભુનો ભારોભાર ઉપકાર કહે છે જ. શ્રી 'પંચસૂત્ર' શાસ્ત્ર કહે છે. "અચિંત-સત્તિજુત્તા હિ તે મહાનુભાવા ભગવંતો વીયરાયા સવ્વણ્ણુ..." અર્થાત્ તે વીતરાગ સર્વજ્ઞ ભગવાન અચિંત્ય શક્તિવાળા છે. શક્તિ એટલે પ્રભાવ, ઉપકાર.

'જયવીયરાય' સૂત્રમાં કહ્યું,–"હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં ! ભવનિવ્વઓ...." અર્થાત્ "હે વીતરાગ જગત્ગુરુ ભગવાન ! મારા દિલમાં વિજય પામો, મને તમારા પ્રભાવથી ભવનિર્વેદ હો, માર્ગાનુસારિતા હો, ઇષ્ટફળ-સિદ્ધિ હો...." આમાં પણ ભગવાનનો આ બધું પમાડવાનો પ્રભાવ માન્યો, ઉપકાર માન્યો.

'ઉપમિતિ' શાસ્ત્રમાં તો સ્પષ્ટ સ્પષ્ટ લખ્યું છે કે, 'જીવ નિગોદમાંથી બહાર નીકળે છે તેય અરિહંતના ઉપકારથી. શાસનમાં પ્રવેશ પામે છે તે સુસ્થિત (તીર્થંકર)મહારાજની કૃપા દૃષ્ટિથી...'

આમ, શાસ્ત્રો અરિહંતનો ઠામ ઠામ ઉપકાર હોવાનું માન્ય કરે છે એટલું જ નહિ, પણ અરિહંતથી ઉપકાર થયાના દાખલા પણ બતાવે છે, જેમકે,—

આચાર્ય ભગવાન શ્રી માનતુંગસૂરિજી મહારાજનું પારખું કરવા રાજાએ એમને ૪૪ બેડીથી બાંધી ઓરડામાં પૂર્યા, એમણે અરિહંત સ્તુતિના ૪૪ ગાથાના 'ભક્તામર સ્તોત્ર'–ની ત્યાંજ રચના કરીને બેડીઓ તોડી નાખી ! શું હતું આ સ્તોત્રમાં ? નીતરતી અરિહંત ઋષભદેવ ભગવાનની સ્તવના. ત્યાં સ્તવનાના વિષયભૂત અરિહંતનો એવો અચિંત્ય પ્રભાવ પડ્યો કે બેડીઓ તૂટી ! એ જ અરિહંતનો ઉપકાર થયો. અહીં પૂછો,–

પ્ર૦– અરિહંત તો મોક્ષમાં જઈ બેઠા છે, એમને કૃતકૃત્ય થયા હોવાથી હવે કોઈ કૃત્ય કરવાનું રહેતું નથી, તો ઉપકાર કરવા ક્યાં આવ્યા ?

ઉ૦– એજ ખૂબી છે, કે 'સૂરિજીએ બીજાની સ્તવના નહિ કરતાં અરિહંતની જ સ્તવના કરી, તો જ આ કાર્ય થયું,' –એ સૂચવે છે કે અરિહંત દેવનો કોઇ અચિંત્ય પ્રભાવ છે, કે એમની સ્તવના અને એમનું ધ્યાન કરો, તો આ ઇચ્છિત ચમત્કારિક ફળ મળે છે ! આ પ્રભાવ એ એમનો મહાન ઉપકાર જ છે.

ધ્રુવના તારાનો ઉપકાર :–

ઉપકાર કાંઈ જાતે ક્રિયાથીજ કરવાનો નથી હોતો. ધ્રુવનો તારો સ્થિર છે, એ કાંઇ ક્રિયા નથી કરતો, છતાં ખલાસી એને લક્ષમાં રાખી પોતાની દૃષ્ટિ દિશા નક્કી કરીને રાત્રે નાવ હંકારે છે, ને ઇષ્ટ સ્થાને પહોંચી જાય છે. ત્યાં ધ્રુવના તારાનો મહાન ઉપકાર સમજે છે, ને તે ખોટું નથી.

શંખેશ્વર દાદાનો ઉપકાર :–

પૂર્વે ગાડા જોડીને યાત્રિકો શંખેશ્વરજી જતા, જો ભૂલા પડતા તો ત્યાં 'હે શંખેશ્વરનાથ ! હવે તમારું શરણ છે,' ને તેથી રીતે કોઈ ઘોડેસ્વાર વગેરે આવી માર્ગ ચડાવી જતો ! આમાં શંખેશ્વર ભગવાનનો ઉપકાર નહિ ?

પાકીસ્તાની વખતે નવકારનો ઉપકાર :–

કલકત્તામાં પહેલી પાકીસ્તાનીની ગૂંડાગીરી શરુ થઈ. ગૂંડાઓએ કત્લેઆમ ચલાવી. એક શ્રાવકોના માળા પર તવાઈ આવી. પહેલાં સામેના માળાના લોખંડી બારણા–ગૂંડાઓએ તોડી માળામાં ખૂનરેજી ચલાવેલી, હવે આ માળામાં લાકડાના બારણા તોડવા મંડ્યાં. પરંતુ માળાના શ્રાવકો ગળગળા થઈને 'નમો અરિહંતાણું' રટતા બેઠા, એના પ્રભાવે બારણા–તો ન તૂટ્યા, પણ બારણા પર પેટ્રોલના કાકડા છાંટી સળગાવવા પ્રયત્ન કર્યા તે ય નિષ્ફળ ગયા ! ને એટલામાં મીલીટરીની બે મોટર લોરી આવી ગઈ ! ગૂંડા ભાગી ગયા.

નવકાર કેવી રીતે ગણાય ?:–

પ્ર૦ –એમ તો અમે ય નવકાર તો ગણીયે છીએ. છતાં કેમ અવસરે આવું કામ થતું દેખાતું નથી ?

ઉ૦ –નવકાર કેવી રીતે ગણાય છે એ વિચારણીય છે. ઉપરોક્ત પાકીસ્તાની ગૂંડાઓના હુમલા વખતે નવકાર કેવી રીતે ગણાયા હશે એ જોવા જેવું છે. પહેલું તો એવી ઉચ્ચ શ્રદ્ધા અને શરણભાવ સાથે, કે 'નવકાર જ તારણહાર છે, માટે મારે કોઇનુંય શરણ હોય, કોઇનો ય આશરો હોય, તો તે નવકારનો જ આશરો છે.' બીજું ત્યાં ગૂંડાના આક્રમણ વખતે આવા નવકારનું સ્મરણ પણ, સામે

કરપીણ રીતે કપાઈ મરવાનો ભય નિવારવા, ખૂબજ ગદ્‌ગદ્‌ દિલે અર્થાત્‌ ગળગળા થઈને કરાયેલું, નવકારના શબ્દોનું ઉચ્ચારણ ભારે-ખમ રીતે અને ગળગળા અવાજ સાથે કરા-યેલું. એટલે જ એનો અદ્‌ભુત પ્રભાવ એવો પડ્યો કે તરત મીલિટરી પોલિસની બે લોરીઓ આવી ગઈ !

બળેલા સર્પ પર નવકારનો ઉપકાર :-

કમઠ તાપસના બળતા લાકડામાંથી પાર્શ્વ-કુમાર વડે બહાર કઢાયેલો અર્ધદગ્ધસાપ નવકાર-શ્રવણમાં મરીને નાગકુમાર દેવલોકમાં ઇંદ્ર થયો ! કહો, એ શ્રવણ આવું શ્રદ્ધા શરણગ્રહણ અને ગદ્‌ગદ ગળગળા દિલથી કરાયેલું તેથી. તો બોલો, આપણે હજારો કે લાખો નવકાર ગણ્યા એમાં આ રીતે કેટલા નવકાર ગણાયેલા ? એનું દેવાળું હોય, પછી અવસરે એ કામ શી રીતે આપે ?

વાત આ છે,- 'જિનેષુ કુશલં ચિત્તં'.... વગેરે મનોયોગ, વચનયોગ અને કાયયોગથી કરાતી અર્હદ્‌-ઉપાસના અરિહંત ઉપરની હાર્દિક પ્રીત-ભક્તિ-બહુમાનથી કરાવી જોઇએ.

મગધ સમ્રાટ શ્રેણિકનો અર્હદ્‌ભક્તિરાગ :-

શ્રેણિક મહારાજામાં આ હતું. તેથી અરિ-હંતના શાસન અને સંઘ પર પણ એમને અથાગ ભક્તિરાગ હતો. દેવતાએ એની પરીક્ષા કરવા મહાવીર ભગવાનને ચંદનનું વિલેપન કરતાં દેવમાયાથી રાજાને એવું દેખાડ્યું કે જાણે વિષાનું વિલેપન કરી રહ્યો છે ! ત્યાં તરતજ સમવસ-રણ પર ભરીસભામાં શરમ રાખ્યા વિના શ્રેણિક સડાક કરતા ઊભા થઈ 'હરામી ! આ શું કરી રહ્યો છે ? પ્રભુની ઘોર આશાતના ?' એમ બોલતાં એને રોકવા દોડ્યા ! દેવ ખુશ થયો કે 'વાહ કેવોક અરિહંત-પ્રેમ !' બીજા પ્રસંગે દેવતા સાધુરૂપ કરી તળાવના કાંઠે માછલા પકડનાર માછીમાર તરીકે તળાવ પર જાળ નાખી ઊભો છે, ત્યાં શ્રેણિકે કહ્યું 'અરે ! સાધુ થઈને આ ધંધો ?' પેલો કહે. 'હું એકલો જ થોડો આવો છું, બીજા આવા મારા જેવા ઘણા છે,' ત્યાં શ્રેણિક ધમકાવીને કહે, 'ખબરદાર ! જો આવું બોલ્યો છે તો ? તું પતિત એટલે આખી દુનિયા પતિત ? કાં તો સાધુવેશ મૂકી દે, ચાલ રોજી આપું, અથવા આ ધંધો મૂકી દે.' સાધુ પર ભક્તિરાગ હતો, એટલે સાધુનું ભૂંડું સાંભળવા તૈયાર નહોતા.

એમ શ્રેણિકને અરિહંતના શાસનનો પણ અપાર રાગ હતો, એટલે પોતાની પાકટ ઉંમરે અભયકુમારને રાજ્યગાદી સોંપી નિવૃત્તિ લેવાની ઇચ્છાથી એને જ્યારે કહે છે,-'હવે આ રાજ્ય-ગાદી સંભાળી લે,' ત્યારે અભયકુમાર પ્રભુને પૂછી આવી કહે છે,-

' ઉદાયન રાજા દીક્ષિત થયા છે. એ પ્રભુના શાસનમાં છેલ્લા રાજર્ષિ છે. તેથી હું જો રાજા થાઉં તો મને દીક્ષા ન મળે; ને એ ન મળે તો મારો આ ઉત્તમ જનમ એળે ! વળી રાજ્ય-શ્રી એ નરકશ્રી, એટલે રાજા થઈને મારી નરકગતિ જ થાય. મહાવીર પ્રભુના ભક્ત આપ, આપનો દીકરો રાજા થઈને નરકે જાય એવું ઇચ્છો છો ? જો ના, તો મને હમણાં જ દીક્ષાની રજા આપી દો.'

મહારાજા શ્રેણિકને પ્રભુના શાસન પર અતિશય રાગ હતો; તેથી પુત્ર અભયકુમાર રાજ્યને બદલે શાસનના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઇચ્છે છે, તો એમણે ખુશીથી એની રજા આપી દીધી ! પછી ભલે પોતાને મોટી ઉંમરે રાજ્યભાર ખેંચવો પડે, તેમ મહાલાયક

પુત્ર અભયકુમાર પછી પુત્ર કોણિક મહા-નાલાયક છે એના તરફથી નાલાયકીનો ભય રહે ! આ કશું ન ગણકારતાં, અહીં મંત્રીપણે અભય-કુમાર રાજા જેવો રાજ્યભાર અદ્‌ભુત વહન કરતો હતો, તેમજ કોણિક વગેરે ડાંડ ઉપર પણ ભારે વર્ચસ્વ રાખી રહ્યો હતો; આવા અભયકુમારને દીક્ષાની સંમતિ આપી દીધી ! કેમકે પ્રભુ પર અથાગ રાગ ઉપરાંત પ્રભુના શાસન પર પણ અથાગ ભક્તિરાગ હતો. શ્રેણિ-કનો અહોદ્‌ભુતભક્તિરાગ કેવો કે અભયની દીક્ષા પછી કોણિક વડે એ શ્રેણિક જેલમાં પૂરાઈ કોરડા ખાય છે, ત્યાં માને છે 'મારા ભગવાને કહ્યું છે કે આ કોણિક નથી મરાવતો, મારાં કર્મ જ મરાવે છે,' ને કોરડા મારનાર સિપાઈને ઉપરથી પોતે આશ્વાસન આપે છે !

શ્રેણિક અને કૃષ્ણ મહારાજા અરિહંતદેવ પ્રત્યે એવા ભક્તિરાગથી ભાવિત હતા, કે એમાં એમણે દુન્યવી વિષયોસે કૂચા જેવો લેખી મહાવૈરાગ્ય જળહળાવેલો ! તો જાણો છો એના ફળમાં શું પામ્યા ? ક્ષાયિક સમકિત અને અરિહંત બનવાનું પુણ્ય ઊભું કર્યું ! અને પછીના ત્રીજા અરિહંત-ભવે ગર્ભથી જ મહા-વિરાગી અને અવધિજ્ઞાની બની ગર્ભમાં આવ-તાવેંત ઇંદ્રોના પૂજ્ય બનશે ! જનમતાં મેરુ પર અભિષેકના સત્કાર સન્માન પામશે ! અને પૂર્વ ભવે ચારિત્રનો કોઈ અભ્યાસ નહિ, છતાં અહીં ઉત્કૃષ્ટ ચારિત્ર ! અને એમાં મહિના અને વર્ષોના વર્ષ સતત ધ્યાન-યોગ્ય શ્રુતજ્ઞાનાવરણના ભારે ક્ષયોપશમ દ્વારા અદ્‌ભુત શ્રુતજ્ઞાન પામશે ! આ બધો શાનો પ્રતાપ ? કહો, પૂર્વ ભવે અથાગ અરિહંત-ભક્તિથી ભાવિત બનેલા, આત્મામાં ભાવિતતા યાને ભાવન રસ ઊભો કરેલો, એનો.

યોગના પ્રથમ બીજ તરીકે મન-વચન-કાયાથી જિનોપાસના કરવાની તે જિનેન્દ્રદેવ પ્રત્યે આ ભક્તિ-ભાવિતતા ઊભી કરવાનો પ્રયત્ન કરવાનો છે. તો જ એ સાચી ભક્તિ બને. ઉપા૦ યશોવિજયજી મહારાજે શ્રી પદ્મપ્રભ સ્વામીના સ્તવનમાં કહ્યું,–

'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો.
રસ હોય તિહાં દોય રીઝે જી;
રસ ને રીઝ બેહુ હોડાહોડ શું,
મનના મનોરથ સીઝે જી.'

આ સ્તવનમાં પહેલાં એ કહ્યું કે, 'હે પદ્મપ્રભજિન ! આપ તો અળગા દૂર મોક્ષમાં જઈ વસ્યા. આપની સાથે સ્નેહ-પ્રીત-ભક્તિ કેવી રીતે કરવી ? ત્યાંથી ન કોઈ આપનો કાગળ આવે, કે અહીંથી ત્યાં આપની પાસે આવેલા કોઈ પાછા ન ફરે, કે જે આપનો કોઇ સંદેશો લઈ આવે; તેમ અમારો ય સંદેશો આપને કહે નહિ. સંદેશો નહિ સહી, તો અમારે જાતે આપને આવી મળવા કોઈ વાટ વિશેષ પણ જતી નથી, એટલે આપને આવી મળવાનું દુર્લભ છે. પછી વીતરાગ એવા આપના પર સ્નેહ રાખવાનું કેટલું બધું કષ્ટમય છે ? વળી આમેય આપ રહ્યા વીતરાગ, તેથી અમારા પર રાગસ્નેહ કરો નહિ; એટલે અમારે સ્નેહ કરવો તે તો એકપાક્ષિક સ્નેહ થાય. એમાં અમારી કિંમત શી રહે ? આ તો એના જેવું છે કે, કોઈ જનમાં ઘોડેસ્વારો હોય, એમના ઘોડા હરિફાઈથી એવા દોડતા હોય છે, કે પોતાના સ્વારનો પણ વિચાર નથી કરતા કે 'આવી દોટમાં આ સ્વાર મારી પીઠ પર છે.' એમ આપ વીતરાગતામાં દોડ્યા જતા મન પર લેતા નથી કે આ ભક્ત મારા પર સ્નેહ કરી રહ્યો છે. પછી અમારે આપના પર સ્નેહ શી રીતે કરવો ?

આમ કવિએ પહેલાં કહીને, હવે તાગ કાઢ્યો

કે, 'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો,' અર્થાત્ મને હવે સમજાયું કે, વીતરાગ પર સ્નેહ સ્નેહ શું કહે છે? સ્નેહભરી ભક્તિ કોઈ રૂબરૂ મળીને કરવાની વસ્તુ નથી, કિન્તુ વીતરાગ પરના સ્નેહથી આપણા હૈયામાં ભાવન-રસ યાને ભાવિતતા ઊભી કરવી એ સાચી ભક્તિ છે. કસ્તૂરી બાંધેલું કપડું, કસ્તૂરીની સુવાસથી ભાવિત થાય છે. ભાવિતતાથી કપડાની પૂમેપૂમ સુવાસિત બને છે. એમ વીતરાગ પરના સ્નેહથી દિલ ભાવિત થાય ત્યાં દિલનો ખૂણેખૂણો વીતરાગના સ્નેહથી વાસિત બને. એજ સાચી ભક્તિ છે. અહીં પ્રશ્ન થાય,—

પ્ર૦—આવીય વીતરાગ પર સ્નેહભરી ભક્તિથી ભાવિત થઇને પણ કરવાનું શું? કેમકે એથી વીતરાગ તો કાંઈ રીઝતા નથી.

ઉ૦—વીતરાગ રીઝે છે, પરંતુ આ રીઝ રાગરૂપ નથી સમજવાની, કિન્તુ વીતરાગનાં નજરમાં(જ્ઞાનમાં) આપણું ઊંચું મૂલ્ય હોય એ પારમાર્થિક રીઝ સમજવાની છે. દુકાનમાં પાંચ નોકર હોય, પરંતુ જે નોકર શેઠને ખૂબ જ વફાદાર હોય, કામચોર ન હોય, અને બક્ષીસ બોનસ વગેરેનો નિસ્પૃહી હોય, એનું શેઠની નજરમાં ઊંચું મૂલ્ય હોય છે. આજ શેઠની સાચી રીઝ છે, કેમકે એજ ઊંચું મૂલ્યાંકન નોકરના ખ્યાલમાં આવતાં એની શેઠ પર વફાદારી પ્રેમ ઓર વધે છે! એ હિસાબે પછી શેઠનું મૂલ્યાંકન વધે છે. એ વધે એટલે નોકરનો પ્રેમ એથી વળી વૃદ્ધિ પામે છે. આમ મૂલ્યાંકન અને પ્રેમ વચ્ચે હોડાહોડ હરીફાઈ ચાલે છે. જે જતે દહાડે નોકરને શેઠ બનાવી દે છે. નોકરનું ઊંચું મૂલ્યાંકન કરનાર શેઠ નોકરને મૂડી આપી જુદી દુકાન કરાવી શેઠ બનાવી દે, શેઠની આજ સાચી રીઝ છે. બાકી બાહ્ય રીઝ-રાજીપો તો બધાય નોકર પર દેખાડે છે, પણ તેથી નોકરોનું વળ્યું શું?

શ્રેણિકના પિતાને સો પુત્રો હતા, પરંતુ એમાંથી એકમાત્ર શ્રેણિક રાજ્યધુરાને વહન કરવા માટે સુયોગ્ય લાગતા હતા. જુદી જુદી પરીક્ષાઓથી એમણે શ્રેણિકને બીજા પુત્રોની સાથે ચકાસેલા એમાં એકલા શ્રેણિક જ ઉત્તીર્ણ (પાસ) નીવડેલા. પરંતુ 'શ્રેણિકને રાજા બનાવવાનો છે,' એવું બીજા પુત્રો જાણી ન જાય માટે પિતા રાજા પુત્ર શ્રેણિક પર બાહ્યથી પ્રેમ માન નહોતા દેખાડતા; કેમકે, રાજ્ય-ખટપટ (પોલિટિક્સ)નો મામલો એવો, કે બીજાઓ કદાચ એમ જાણી જાય તો શ્રેણિકને કદાચ ઝેર વગેરેથી મારી નાખે! કહો, આ હિસાબે શ્રેણિક પ્રત્યે અવમાન દેખાડનાર પિતાને શ્રેણિક પર રીઝ ખરી કે નહિ? ખરી. પરંતુ તે હૈયામાં એના ઊંચા મૂલ્યાંકનરૂપ રીઝ; અને એ ઊંચા મૂલ્યાંકને અવસરે પિતાએ શ્રેણિકને રાજા બનાવી દીધો. બસ વીતરાગ ભગવાન આપણા પર રીઝે નહિ, રાગ ન કરે, પરંતુ આપણા દિલ વીતરાગ પરના પ્રેમથી ભાવિત હોય, દિલમાં ભક્તિ-ભાવિતતારૂપી ભક્તિ હોય, તો વીતરાગના જ્ઞાનમાં આપણું ઊંચું મૂલ્યાંકન છે. વીતરાગનું જ્ઞાન આપણને યોગ્ય તરીકે જુએ; પછી એ જાણીને ભક્ત દિલમાં વીતરાગ તરફ રાગ-સ્નેહ ઓર વધી જાય! એ વધે ત્યાં વીતરાગના જ્ઞાનમાં ભક્તનું મૂલ્યાંકન ઓર વધે. વીતરાગની ભક્ત પ્રત્યે આજ સાચી રીઝ, આ પારમાર્થિક રીઝ, અને ભક્તની પ્રભુ પ્રત્યે આ પ્રેમથી ભાવિતતા યાને ભાવનરસરૂપી ભક્તિ, એ બે હોડાહોડ હરિફાઈથી વધતા જાય છે. જેમાં અંતે ભક્તની વીતરાગ પ્રત્યે ભક્તિ, વીતરાગ સાથે એકરસ બની વીતરાગતામાં પરિણમે છે.

સારાંશ, જિનોપાસના આવી ભાવનરસ-ભક્તિરૂપ બનાવવાની છે. એમાં માનસિક ઉપાસનામાં અર્થાત્ જિનેશ્વર ભગવાનના કુશળ ચિંતનમાં સાર કહીએ તો, 'પ્રભુ! તુંહી તુંહી તુંહી....' લાગ્યા કરે. એટલે? આ, કે 'નાથ

અરિહંત ! મારે સાચો પિતા ગણું તો તું જ છે, પાલન કરે તે પિતા, એક વીતરાગ અરિહંત જ જીવને સમાધિ આપીને તથા પરલોક સદ્ગતિ આપીને અને અંતે મોક્ષ આપીને જીવનું સાચું પાલન કરે છે ! એમ હે પ્રભુ ! તું જ સાચી માતા છે, જે અનુપમ વાત્સલ્ય આપે છે. તુજ સાચો સ્નેહી-સાચો મિત્ર છે, સાચો બેલી છે, તું જ મારી ચક્ષુ છે, મારુ મન છે, ઈષ્ટ દેવ છે, મારુ ઐશ્વર્ય મારું માન, મારી મતિ, યાવત્ મારા પ્રાણ પણ પ્રભુ તું જ છે. પ્રભુ ! તું જ સાચો અનાથનો નાથ છે. તું જ જગતનો રક્ષણહાર છે, તું જ સદ્ગતિ અને મોક્ષનો દાતા છે.'-

-આમ પ્રભુ પ્રત્યે 'તુંહી તુંહી તુંહી' થયા કરે, એ જિનેષુ ઉત્તમ કુશલ ચિંતન છે.

વાચિક નમસ્કારમાંય પ્રભુને સ્તવીએ કે 'પ્રભુ ! આપનું ગૃહસ્થ-જીવન પણ કેટલું બધું મહા-વૈરાગ્ય, પ્રશાંતતા, સૌમ્યતા, જ્ઞાનમય પ્રવૃત્તિ-ઉચ્ચ કોટિની ગંભીરતા,....વગેરે વગેરે ગુણોથી મઘમઘતું ! આપ રાજકુળમાં જન્મેલા છતાં આપને સ્વયં કશા મજેનાં ખાનપાનના, કશા જરીયાન વસ્ત્ર અલંકારાદિના કે કશા વાહન-સ્વારીના રાગ નહિ. આપને એ બધું ખવરાવવું, વાહનમાં બેસાડવા, વગેરે માટે કેટલાં મનામણાં કરવા પડે. સાધન સગવડ ઘણી ઊંચી ! પણ પ્રભુ આપનું દિલ એમાં કયાંય ઠરે નહિ, અટકી ન પડે ! દિલને કયાંય રસ નહિ, ઉમળકો નહિ ! ત્યારે અમારે વગર મનામણાંએ દિલ જાતે જ એ બધા વિષયોમાં ખેંચાયા કરે; એમાં ઠરે; એના રસ ઉમળકા ભારે ! તુચ્છ તુચ્છ-વિષયોમાં પણ અમારું મન અટકી પડે છે ! ઠરી બેસે છે !

ધન્ય મારા વીરપ્રભુ ! ધન્ય તમારા વૈરાગ્ય-તરબોળ જીવનને ! એનાથી પ્રભાવિત પિતા સિદ્ધાર્થ રાજા સમરવીર રાજા તરફથી પોતાની સુપુત્રી યશોદાકુમારી માટે વર્ધમાનકુમારનું માગું આવતાં વિમાસણમાં પડે છે કે 'મહા-વિરાગી વર્ધમાનકુમાર આગળ લગ્નની વાત મૂકવી કેવી રીતે ?'

પ્ર૦-પ્રભુને ઘરવાસમાં સારા દુન્યવી વિષયો ભોગવવા મનામણાં કરવા પડતા છતાં પ્રભુને જો એનો રસ નથી, તો એ સ્વીકારે જ શા માટે ?

ઉ૦-વિરાગી પણ પ્રભુ ભક્ત પર અનુગ્રહ કરનારા હોય છે, તેથી એનું મન સાચવવા-વધારવા એ સ્વીકારે છે. દેખો ઋષભદેવ નાના બાળ હતા, પિતા નાભિ-કુલકરના બોળામાં બેઠા હતા, અને ઇંદ્ર પ્રભુના વંશનું નામ સ્થાપવા હાથમાં શેરડી સાંઠો લઈને પ્રભુ પાસે આવ્યા. બાળ પ્રભુને પૂછે છે,- 'આ આશો ?' ત્યાં પ્રભુએ એ લેવા હાથ લંબાવ્યો, ને શેરડી હાથમાં લીધી ! ત્યાં શું પ્રભુને એનો રસ હતો ? શું શેરડી ખાવાની લાલસા ઉમળકો જાગ્યો ? ના, ઉત્કટ વિષય-વૈરાગ્યમાં વિષયોના રસ શા ? ને ઉમળકા શા ? ઇંદ્ર પ્રભુભક્ત છે, એના પર અનુગ્રહ કરવા પ્રભુએ શેરડી સાંઠો લઈ એનું મન સાચવ્યું...

વાત આ છે કે,-

દુન્યવી વિષયોના રસ મોળા પડે ત્યારે વીતરાગ જિનેન્દ્ર ભગવાનમાં રસ ઊભા થાય.

વિષયોની પ્રીતિ મોળી પડે ત્યારે પ્રભુની પ્રત્યે સારી પ્રીતિ-ભક્તિ ઊભી થાય, ભાવન-રસ ઊભો થાય.

ત્યાં મનમાં 'પ્રભુ ! તુંહી તુંહી....' થયા કરે, વચનથી પ્રભુના મહાવૈરાગ્યાદિના ગુણ ગવાય, અને કાયાથી વીતરાગને પ્રણામ આદિ પવિત્ર ક્રિયાઓ થાય.

૨૩ મી ગાથામાં 'પ્રણામાદિ ચ' પછી 'સંશુદ્ધ' પદ મૂકીને સૂચવે છે કે 'કુશલચિત્ત' 'નમસ્કારાદિ' અને 'પ્રણામાદિ' એ ત્રણે ય સંશુદ્ધ જોઈએ. એટલે કેવું કયા લક્ષણવાળું ? એ આગળ ૨૫ મા શ્લોકમાં બતાવવાના છે. આમ સંશુદ્ધ કહીને અશુદ્ધની બાદબાકી કરી; અર્થાત સૂચવ્યું કે એ કુશળ ચિંતનાદિ મલિન ન જોઈએ. બાપ દીકરાને બજારમાંથી શુદ્ધ સોનું ખરીદી લાવવા કહે, એટલે એ કથનમાં ગર્ભિત જ છે,કે મલિન ભેળસેળવાળું યા બનાવટી સોનું નહિ લાવવાનું. એમ અહીં સંશુદ્ધ યોગબીજ સાધવાનું કહ્યું એમાં ગર્ભિત જ છે, કે અશુદ્ધ મલિન યોગબીજ–સાધના નહિ કરવાની...

પ્ર૦–તો શું યોગદૃષ્ટિવાળાને મલિન યોગબીજ સાધના હોય છે ?

ઉ૦–ના, મલિન બીજ–સાધના ઓઘદૃષ્ટિમાં ભવાભિનંદી જીવને હોય, યોગદૃષ્ટિવાળાને નહિ; એટલે શાસ્ત્રકાર મહર્ષિ અહીં ચેતવે છે, કે 'જોજો મલિન બીજ–સાધના કરતા નહિ, નહિતર ઓઘદૃષ્ટિમાં મુકાઇ જશો.' એવી બીજ–સાધના સામાન્યથી અ–ચરમ યથાપ્રવૃત્તિ કરણનો પ્રકાર છે. પૂર્વે કહી આવ્યા છીએ કે જીવને અનંતા યથાપ્રવૃત્તિકરણ થાય છે, એટલે કે નદી ઘોળ–પાષાણ ન્યાયથી સહેજે સહેજે શુભ ભાવ આવી જાય છે, બાસ ચાહીને શુભ ભાવ લાવવાનો પ્રયત્ન નથી હોતો. નદીમાં ઘોળાતો અથડાતો–કૂટાતો પાષાણ કોઇથી ઘડાયા વિના સહેજે સહેજે ગોળ થઇ જાય છે, એમ અહીં ઇરાદા પૂર્વકના શુભ ભાવના પ્રયત્ન વિના સહેજે સહેજે શુભ ભાવ જાગી જાય છે; એને યથાપ્રવૃત્તિ–કરણ કહે છે. એવું સંસારમાં અ–ચરમાવર્તમાં અનંતીવાર બને છે; તે અનંતા અ–ચરમ યથાપ્રવૃત્તિકરણ ઓઘદૃષ્ટિમાં બને છે. એ પછી ચરમ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ ચરમાવર્તમાં આવે પછી એનો શુભ ભાવ વધીને અપૂર્વકરણનો ભાવ થાય છે, ને કામ આગળ વધે છે. આ ચરમ યથાપ્રવૃત્તિકરણ જીવને ઓઘદૃષ્ટિમાંથી બહાર કાઢી પહેલી યોગદૃષ્ટિમાં મૂકે છે.

આ ચરમની પૂર્વેના સામાન્યથી યથાપ્રવૃત્તિ કરણમાં જિનેન્દ્રપૂજા ભક્તિ આદિ યોગબીજો સાધવાનો શુભ ભાવ આવે, પરંતુ તે સાધના સાંસારિક વિષયોની લાલસાથી કરાતી હોઇ મલિન હોય, અશુદ્ધ હોય; એટલે કહેવાય કે આવી મલિન બીજસાધનાનો ભાવ એ સામાન્ય અર્થાત્ અ–ચરમ યથાપ્રવૃત્તિ-કરણનો ભાવ છે, યથાપ્રવૃત્તિકરણનો જ એક પ્રકાર છે.–

પ્ર૦–તો શું એવી મલિન સાધના એ યોગબીજની સાધના છે ? યોગબીજરૂપ છે ?

ઉ૦–ના, વાસ્તવમાં એ યોગબીજની સાધના જ નથી; એ યોગબીજરૂપ છે જ નહિ; કેમકે એનામાં યોગબીજરૂપતા ઘટી શકતી નથી. એનું કારણ સ્પષ્ટ છે. એવી મલિન બીજ–સાધનામાંથી આગળ યોગ પેદા થતો જ નથી, પછી એને યોગબીજ શાનું કહેવાય ? 'બીજ' એટલે તો 'કારણ' કે જેમાંથી કાર્ય જન્મે. અહીં જેમાંથી યોગરૂપ કાર્ય જ ન જન્મે, એને યોગનું કારણ યાને યોગબીજ શાનું કહેવાય ?

આ ઉપરથી ખ્યાલમાં લેવા જેવું છે કે, 'જિનેષુ કુશલં ચિત્તં' જિનેન્દ્ર ભગવાનનું કુશળ ચિંતન કરતા હોઇએ, વળી એમની નમસ્કાર–સ્તુતિ બોલતા હોઈએ, કે એમને પ્રણામ આદિ કાયિક સાધના કરતા હોઈએ, તેટલા માત્રથી કુલાઈ જવા જેવું નથી, કે સંતોષ માનવા જેવો નથી, કે 'હું ધર્મ કરું છું;' કેમકે જો એ ચિંતનાદિ સાધના અશુદ્ધ હોય, તો યોગબીજરૂપ યાને ધર્મરૂપ નથી બનતી. માટે સાધનાની સાથે આ બાસ જોતા રહેવાનું

કે, 'એ સંશુદ્ધ-વિશુદ્ધ સાધના થાય છે ને? સાધનાને અશુદ્ધ કરનારા તત્ત્વ એમાં નથી સેવાતા ને?' જો આ ખ્યાલ ન રાખીએ તો 'હીરો ઘોઘે જઈ આવ્યા, જેવું થાય. સાધના કરવાની મહેનત કરીએ-કરીએ ને એ એળે જાય! અનંતી દ્રવ્યક્રિયાઓ આમ જ નિષ્ફળ ગઈ. એનાથી અધમ ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળીને ઊંચી યોગદૃષ્ટિમાં ન આવ્યા; ઓઘદૃષ્ટિમાં જ રમતા રહ્યા. માટે સમજી જ રાખવાનું કે, વિશુદ્ધ જ યોગબીજ સધાય, એજ વાસ્તવિક યોજબીજરૂપ બને છે.

અહીં જે માનસિક-વાચિક-કાયિક જિનોપાસનાને યોગબીજ કહ્યું, એના પર પ્રશ્ન થાય,-

પ્ર૦-કુશલ જિનચિંતન, જિનનમસ્કારાદિ તથા જિનપ્રણામાદિ એ ત્રણે ભેગા મળીને જ યોજબીજ બને? કે પ્રત્યેક પણ યોગબીજ બની શકે? દા.ત. જિનસ્તુતિ ન કરતા હોઈએ અને એકલું જિનચિંતન કરતા હોઈએ તો તે પણ યોગબીજ બને?

ઉ૦-શાસ્ત્ર કહે છે 'સામસ્ત્ય-પ્રત્યેક ભાવાભ્યાં યોજબીજ' અર્થાત્

એ ત્રણ ચિંતનાદિ ભેગા મળીને પણ યોગબીજ છે; તેમજ એમાંના પ્રત્યેક પણ યોગબીજ છે; એટલે કે મોક્ષયોજક અનુષ્ઠાનનું કારણ છે.

(૧) અહીં માનસિક, વાચિક, કાયિક, ત્રણે પ્રકારની જિનોપાસના ભેગી મળીને યોગબીજરૂપ થાય, એમાં તો નવાઈ નથી. પરંતુ એ ત્રણમાંથી એકેક પણ યોગબીજરૂપ એટલા માટે બને છે કે, એટલુંય જો જીવનમાં લાવ્યા તો એ યોગદૃષ્ટિના ઓઘ-પ્રકાશથી જ લાવ્યા હોઈએ, અને એ આત્માને આગળ વધારી ત્રણે પ્રકારની યોગબીજ-સાધનામાં લઈ જાય છે. દા.ત. કોઈ જીવ કર્મવશ સાંસારિક બહુ જંજાળમાં અટવાયેલો પ્રભુના સ્તુતિ-સ્તોત્રો ભણવા નથી પામતો, કે જિનમંદિરે જઈ પ્રભુને પ્રણામ પૂજાદિ કરવા નથી પામતો; પરંતુ જો એ વારેવારે જિનેન્દ્ર ભગવાનનું કુશળચિંતન કરે છે, તો શું એનું એ ચિંતન નિષ્ફળ જશે? ના, એજ એને અવસર મળતાં વાચિક કાયિક જિનોપાસનામાં લગાડી દેશે.

એમ માનો કે જેને એટલો જિનચિંતન કરવા જેવો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નથી, પરંતુ જે પ્રભુના સ્તુતિ સ્તોત્રો પ્રેમથી ભણે છે, તો એ એને જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કરી આપી જિનચિંતનમાં લાવી મૂકે છે. એમ જે માત્ર કાયિક જિનોપાસના જ કરી શકે છે તેને પણ જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ જગાડીને એ જિનચિંતનાદિ સુલભ કરી આપે છે. આમ જિનચિંતનાદિ પ્રત્યેક પણ યોજબીજરૂપ હોવાનો એક હેતુ વિચાર્યો.

પ્રત્યેકમાં પણ યોગબીજત્વનું બીજું સમાધાન :-

આ તો એકેક યોગબીજ બીજા યોગબીજને ખેંચી લાવે એ દૃષ્ટિએ વાત થઈ. પરંતુ 'યોગબીજ' એટલે યોગનું કારણ; અર્થાત્ 'યોગ' એ મોક્ષ-યોજક અનુષ્ઠાન હોવાથી, અને એવાં યોગરૂપ અનુષ્ઠાન અધ્યાત્મ-ભાવના-ધ્યાન વગેરે હોવાથી, એ બીજો અધ્યાત્માદિયોગનું કારણ બને છે. આ બીજોમાં જિનેષુ કુશલચિંતન વગેરે પ્રત્યેક બીજ પણ એટલે કે દા.ત. એકલી જિનેન્દ્ર દેવના કુશલ ચિંતનની માનસિક જિનોપાસના કરી શકતો હોય ને ખૂબ કરતો હોય, તોય તે અધ્યાત્મયોગ પામી શકે છે. એમ એકલી સ્તુતિ-સ્તોત્રાદિ વાચિક જિનોપાસના ખૂબ કરતો હોય, તો તેનામાં પણ અધ્યાત્મયોગ પમાડવાની તાકાત છે. છતાં

એક યોગબીજથી કાર્ય થાય ત્યાં બીજા બે નકામા નથી.

પ્ર૦–માત્ર એકેક યોગબીજથી અધ્યાત્મ-યોગની પ્રાપ્તિ થઈ શકતી હોય, તો પછી ત્રણેય યોગબીજની સાધના શું કામ કરે?

ઉ૦–ત્રિવિધ જિનોપાસનાની સાધના એટલા માટે આવશ્યક સમજે છે કે એમાંની એકવિધ સાધના કરતી વખતે બીજી બે પ્રકારની સાધનાની ઉપેક્ષા ન થઈ જાય. એક પ્રકારની સાધના કરે છે તે જિનેન્દ્ર ભગવાન પરના પ્રેમથી કરે છે. ત્યારે જો ભગવાન પર પ્રેમ છે, તો શું એમના એકલા માનસિક ચિંતનનો તો આદર કરે, પણ વાચિક સ્તુતિ–સ્તોત્રાદિની પરવા ન કરે? યા એમની કાયિક પ્રણામ–પૂજા વગેરે ઉપાસનાની પરવા ન કરે? સંયોગવશાત્ બીજી બે પ્રકારની સાધના ન કરી શકે એ જુદી વાત; બાકી એના હૈયે તો એ બેઠેલી જ હોય.

જેને ભગવાન ગમે છે એને ભગવાનનાં ચિંતને ય ગમે; સ્તુતિ સ્તોત્રાદિય ગમે અને પ્રણામ–પૂજાદિ પણ ગમે જ.

માટે બાકીની બે પ્રકારની સાધના એના માટે નકામી નથી. એનો પ્રેમ, બહુમાન જાગતો રાખવા દ્વારા એ પણ ઉપયોગી છે. જિનેન્દ્ર દેવની એકવિધ સાધના કરતાં મનને થાય કે 'બીજી પણ સાધના ક્યારે કરું;' તો જ જિનેન્દ્ર-દેવ પર પ્રેમ ગણાય. જેમની સગાઇ થઈ એવા યુવક–યુવતી પરસ્પરનું ચિંતન કરતાં ચાહે જ છે કે 'ક્યારે વાત કરવા પામું.'

બીજી વાત એ છે કે, કોઈ જીવવિશેષે એક જ પ્રકારની જિનોપાસના એને 'યોગ' અર્થાત્ અધ્યાત્મયોગ પમાડી દે એમ બને; પરંતુ સામાન્યથી જીવો માટે ત્રિવિધ જિનોપાસના જરૂરી જ છે. એનું કારણ એ છે, કે ભગવાનનું મનથી ચિંતન, વચનથી ગુણગાન અને કાયાથી પ્રણામ–પૂજાદિ ખૂબ સેવાતા જાય એટલે મન, વચન, કાયા, ત્રણેયમાંથી એકેય બાહ્યમાં ન જવાથી અધ્યાત્મ–યોગ સુલભ બને છે. આમ ત્રણેય પ્રકારની ઉપાસના ભેગી મળીને (સામસ્ત્યેન) યોગનું કારણ કહેવાય. પરંતુ જીવવિશેષે એક પ્રકારની પણ જિનોપાસના યોગ પમાડી શકે છે, તેથી એ દૃષ્ટિએ પ્રત્યેક ઉપાસના પણ યોગ–કારણ કહી શકાય.

બેવડી સાવધાની, (૧) શક્યનો સંતોષ નહિ, ને (૨) અશક્યની ઉપેક્ષા નહિ.

આ પરથી આ ખ્યાલ રાખવાનો, કે એક જ પ્રકારની જિનોપાસના બની શકતી હોય, તોય એનો સંતોષ નહિ માનવાનો, ને બાકીની બે પ્રકારની જિનોપાસનાની એવી ઉપેક્ષા નહિ કરવાની કે 'આ બે ન હોય તોય ચાલે,' કેમકે જિનોપાસનાની એવી ઉપેક્ષા કરવામાં જિનોપાસેનાનો પ્રેમ ઘવાય; અને એ ઘવાય એટલે જિનેન્દ્રદેવ ઉપરનો પ્રેમ ઘવાય. ત્યારે મૂળ પાયામાં ભગવાન પરનો જ પ્રેમ જો ઘવાયો તો પછી એમની સાધના–ઉપાસનાની કિંમત શી રહે?

જેને ભગવાન નથી ગમતા એને એમની કશીય સાધના વાસ્તવમાં નથી ગમતી.

*

'યોગબીજં અનુત્તમં'

જિનોપાસના કેમ શ્રેષ્ઠ યોગબીજ:-

અહીં ગાથામાં આ જિનોપાસના સ્વરૂપ યોગબીજને 'અનુત્તમ' કહ્યું. 'અનુત્તમ' એ બહુવ્રીહિ સમાસ-પદ હોવાથી એનો અર્થ 'જેનાથી ઉત્તમ બીજું કોઈ નથી તે,' એવો થાય. અર્થાત્ બધાં યોગબીજોમાં આ જિનોપાસના એ શ્રેષ્ઠ યોગબીજ છે. અહીં ખાસ સમજવાનું આ છે કે બીજી 'આચાર્ય-વૈયાવચ્ચ' વગેરે સાધનાઓરૂપી યોગબીજો કરતાં આ જિનોપાસનારૂપી યોગબીજને જે ઉત્તમ શ્રેષ્ઠ કહ્યું, તે કોઈ ઉપાસનાની ક્રિયાની વિશેષતાને લઈને નહિ, કિન્તુ એના વિષયની વિશેષતાને લઈને કહ્યું. જિનોપાસનાની ક્રિયાનો વિષય 'જિનેન્દ્ર ભગવાન' છે. આચાર્ય-વૈયાવચ્ચ આદિની ક્રિયાનો વિષય 'આચાર્ય આદિ' છે. એમાં વિષયભૂત આચાર્ય આદિ કરતાં જિનેન્દ્રદેવ એ ઉત્તમ છે, એ સ્પષ્ટ છે. એથી જ એવા ઉત્તમોત્તમ જિનેન્દ્રદેવની ઉપાસના પણ ઉત્તમ હોય શ્રેષ્ઠ હોય એમાં નવાઈ નથી.

ઉપાસના કરતા ઉપાસ્યની મહત્તા :

પૂર્વે પણ જોઈ આવ્યા છીએ કે વંદન-પૂજા સન્માન-સ્મરણ-ધ્યાન-વગેરે ઉપાસના બીજા દેવદેવી વગેરેની કરો એના કરતાં જો અરિહંત જિનેન્દ્ર ભગવાનની કરો, તો એનાં અમાપ અને અલૌકિક ફળ છે! એ સૂચવે છે કે, તમારી વંદનાદિ ક્રિયાની મહત્તા કરતાં એ વંદનાદિ કોને કરો છો એ મહત્ત્વનું છે. અર્થાત ક્રિયા કરતાં ક્રિયાના વિષયની ખાસ મહત્તા છે, પ્રધાનતા છે. એટલે કે ઉપાસ્ય જિનેન્દ્ર ભગવાનની મહત્તા છે. કહો કે-

ઉપાસ્યની મહત્તાને લીધે જ ઉપાસનાની મહત્તા છે.

આ 'વિષયની મહત્તા' જો બરાબર ખ્યાલમાં લેવાય, તો બે લાભ,-

(૧) સાધકને પોતાની સાધનાનું અભિમાન ન થાય; તેમજ

(૨) સાધનાના વિષયભૂત જિનેન્દ્ર-દેવનો અમાપ ઉપકાર ન ભૂલાય.

એટલે જ્યારે વંદનાદિના વિષયભૂત અરિહંતનો અપ્રતીમ અનન્ય ઉપકાર માનવો જ જોઈએ; તો પછી અરિહંત તો વીતરાગ છે, એ કશું કરે નહિં, એવી વાહિયાત ભ્રમણામાં રહી અરિહંતનો અથાગ ઉપકાર માનવાનું ભૂલી જવાય છે, એ યોગ્ય નથી. આપણે મન, વચન કે કાયાથી જે કંઈ શુભ કાર્ય કરીએ એમાં મુખ્ય ઉપકાર અરિહંત ભગવાનનો છે. ઉપાધ્યાયજી મહારાજ પ્રભુની સ્તવના કરતાં કહે છે,-

'મુખ્ય હેતુ તું મોક્ષનો'

'પ્રભુ ! તું મોક્ષનો મોક્ષ-સાધક કોઈ પણ યોગનો મુખ્ય હેતુ છે, અસાધારણ કારણ છે; કેમકે એ મોક્ષસાધક યોગની મહત્તા, એમાં વિષયભૂત તું પ્રધાન છે માટે છે.- અર્થાત્ હે વીતરાગ પ્રભુ ! તારા જ પ્રભાવે એ મહાન વંદનાદિયોગ મોક્ષ-સાધક બને છે. તારા બદલે જો સરાગી દેવની વંદનાદિસાધના કરું તો એ કોઈ મોક્ષ સાધક ન બને. એ ભગવાનનો જ પ્રભાવ એ જ ભગવાનનો ઉપકાર છે, ભગવાનની કરુણા છે; એટલે હવે જો પ્રશ્ન કરવામાં આવે કે,

પ્ર૦-ભગવાન મોક્ષમાં બેઠા કરુણા કરે ?

ઉ૦-તો આનું સમાધાન આ જ હોય કે, હા, ભગવાન મોક્ષમાં બેઠા પણ વંદનાદિ-

શુભયોગમાં આલંબન બની મુખ્ય ઉપકાર મુખ્ય કરુણા કરે છે, ત્યાં જે સમાધાનમાં હસી કઢાય કે 'હેં હેં હેં ! મોક્ષ પામેલા ભગવાન કરુણા કરે ? કેવી મૂર્ખાઈ ભરી માન્યતા ?' તો આ સમાધાન જૈન શાસ્ત્રોની અનભિજ્ઞતાનું સૂચક છે. જૈન શાસ્ત્રકારો જ્યારે સર્વે મોક્ષ યોગમાં અરિહંત ભગવાનને અસાધારણ કારણ કહે છે, તો પછી એવા અરિહંત ભગવાનનો યોગ-સાધનામાં ઉપકાર ન માનવો, કરુણા ન માનવી, એ શું શાસ્ત્રાનુસારી કથન છે ? કે શાસ્ત્રવિરુદ્ધ કથન ?

અલબત્ (૨) મોક્ષમાં ભગવાનને ક્ષાયોપશમિક કરુણા નથી, પરંતુ એમ તો ભગવાન તીર્થસ્થાપે છે, મોક્ષમાર્ગ આપે છે, ત્યારે પણ એમનામાં ક્ષાયોપશમિક કરુણા નથી, તો તેથી શું ભગવાને તીર્થસ્થાપવાની ને મોક્ષમાર્ગ આપવાની કરુણા કરી એમ ન કહેવું ? કહેશો,-

પ્ર૦-પરંતુ કરુણા કરી એમ કહેવું એ તો ઉપચારભાષા ને ?

ઉ૦-તો ઉપચારભાષા કહીને શું તમારે જૈનેતર કાનજી મતમાં જવું છે ? એ જૈનેતર મત તો ભગવાનનો ઉપકાર નથી માનતો, ભગવાનની કરુણા નથી માનતો. ત્યારે જૈન મત તો કહે છે,- ભગવાન મોક્ષમાર્ગના માત્ર ઉપદેશક તરીકે જ નહિ, કિન્તુ મોક્ષમાર્ગના દાતા તરીકે ય ઉપકારી છે, તેમજ મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનની આરાધના તરીકે જિનોપાસનાના વિષય યાને આલંબન તરીકે પણ જિનેન્દ્રદેવ અનન્ય ઉપકારી છે. પછી ભલે મોક્ષમાં બેઠેલાં ભગવાનનું આલંબન કર્યું, તો તે પણ ઉપકારી છે.

આ આલંબન આપવાનો ઉપકાર એ ભગવાનની કરુણા જ છે.

માટે જ ગણધર ભગવાન સ્તુતિ કરે છે, 'અભયદયાણું ચક્ખુદયાણું' 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' અર્થાત્ 'સિદ્ધ થયેલા પ્રભુ મને સિદ્ધિ આપો.' શું સિદ્ધ થયેલા સિદ્ધિ આપે ? હા, જો ન આપતા હોય તો આ વચન નિરર્થક ઠરે ! મોટા ગણધર મહારાજા નિરર્થક વચન બોલે નહિ. સિદ્ધ બનેલા પણ વંદનાદિ-સાધનાનો વિષય બનીને સિદ્ધિ આપે જ છે, ત્યારે તો અહીં સમર્થ શાસ્ત્રકાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જિનોપાસનાને સર્વોત્તમ યોગજ કહી તેમાં ઉપાસના કરતાં એના વિષયભૂત જિનેન્દ્ર દેવની જ પ્રધાનતા મહત્તા કહે છે; એ અણસમજનું નથી કહેતા. કેમકે, એમ પ્રભુને લઈને જ આ ઉપાસના ઉત્તમ યાને શ્રેષ્ઠ યોગજ બને છે. તો પછી એમાં સર્વપ્રધાન કહીને જિનેન્દ્ર દેવનો કેટલો બધો મુખ્ય ઉપકાર માન્યો ! શાસ્ત્રકાર આ ઉપકારને કરુણા કહે છે. આમ સિદ્ધ ભગવાનની કરુણા જો શાસ્ત્રકારોને ઇષ્ટ છે, માન્ય છે, તો એ કરુણાની ઠેકડી ઉડાડવી એ કેવું ઘોર પાપ ? ત્યારે જો જિનની ઉપાસનાને આપણા આત્માની ઉપકારક માનીએ છીએ, તો શું જિન આપણા ઉપકારક નથી ? કહો કે, મુખ્ય ઉપકાર જિનનો છે.

ઉપાસના જિનની જ કરીએ છીએ, ઉપાસનાનો વિષય જિનને જ બનાવીએ છીએ, તો જ એ ઉપાસના ઉચ્ચ ફળદાયી બને છે, માટે જ જિનેન્દ્ર દેવોનો પરમ ઉપકાર છે, પરમ કરુણા છે.

એટલે જિનેન્દ્રદેવ મહાવીર ભગવાન અત્યારે મોક્ષમાં બિરાજમાન છે, છતાં એમની વિવિધ ઉપાસનામાં એ આલંબન આપવાની અનન્ય કરુણા કરી જ રહ્યા છે. એટલે જ સિદ્ધની કરુણાનો ઇન્કાર કરવો એ કૃતઘ્નતા છે.

(ટીકા-)यदा चैतद् भवति तदयमभिधातुमाह-

चरमे पुद्गलावर्ते
तथाभव्यत्वपाकतः ।
संशुद्धमेतन्नियमा-
न्नान्यदाधीति तद्विदः ॥२४॥

(ટીકા-) "चरमे पुद्गलावर्ते" इति पुद्गलानामावर्तास्तथा तथा तत्तद्ग्रहणसंत्यागाभ्यामिति पुद्गलावर्ताः "एते ह्यनादौ संसारे तथाभव्यत्वाक्षिप्ताः कस्यचित्कियन्तोऽपि" इति वचनप्रामाण्याच्चरमादि चरमावर्ताभिधानात् । अत्रापि कारणमाह "तथाभव्यत्वपाकतः" इति तथाभव्यत्वपाकेन ततस्तस्मान्मिथ्यात्वकटुकत्वनिवृत्त्या मनाक् माधुर्यसिद्धेः संशुद्धमेतज्जिनेषु कुशलादि चित्तम् । नियमान्नियमेन तथाभव्यत्वपाकभावेन कर्मणा तथा, अन्यदा (था) संशुद्धवदसंशुद्धानुपपत्तेः । अत एवाह "नान्यदापि" नान्यस्मिन्नपि काले पाक् पश्चाच्च क्लिष्टाशयविशुद्धतराशययोगात् । इति तद्विदः-इत्येवं योगविदोऽभिदधति ॥२४॥

અર્થ :- આ (સંશુદ્ધ સાધના) કયારે થાય તેનો સમય કહેવા માટે ગાથા ૨૪ મી કહે છે.

ગાથા ૨૪ મીનો અર્થ :-

ચરમ પુદ્ગલ પરાવર્તમાં તથાભવ્યત્વનાં પરિપાક થવા દ્વારા આ યોગબીજ નિયમા સંશુદ્ધ પ્રાપ્ત થાય. કિન્તુ બીજા સમયે (અર્થાત્ અ-ચરમ પુદ્ગલ-પરાવર્તમાં) નહિ. એમ તેના જાણકારો કહે છે.

ટીકા અર્થ :- 'ચરમે પુદ્ગલાવર્તે' અર્થાત્ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં એ કહ્યું એમાં પુદ્ગલોમાં આવર્તો, તે તે પ્રકારે (ઔદારિકાદિ) પુદ્ગલોનું (સમસ્તનું) ગ્રહણ અને ત્યાગ કરવાથી થાય; અને આ પરાવર્તો અનાદિ સંસારમાં તથાભવ્યત્વથી આકર્ષાયેલા કોઇક અમુક નિયત જીવને (ધારીને) કેટલાય થાય,' એવા પ્રમાણભૂત આગમ-વચનથી. 'ચરમ'પદથી ચરમાવર્ત કહેવો છે. આમાં પણ કારણ આ કહે છે, તથાભવ્યત્વનો પરિપાક થવાથી અર્થાત્ તથાભવ્યત્વ પાકવાને લીધે તે જીવમાંથી તીવ્ર મિથ્યાત્વની કડવાશ નીકળી જવાથી કાંઇક અંશે મંદમિથ્યાત્વની મધુરતા પ્રાપ્ત થાય છે. (તેથી) આ જિનેષુ કુશળ ચિત્ત આદિ સંશુદ્ધ પ્રાપ્ત થાય છે. તે પણ તથાભવ્યત્વના પરિપાકવશ કર્મોનો અનુકૂળ વિપાક થવાથી નિયમાત્ (અવશ્ય) સંશુદ્ધ પ્રાપ્ત થાય છે; અન્યથા સંશુદ્ધની જેમ અસંશુદ્ધની પણ ઉપાસના ન બની શકે. એટલા જ માટે કહે છે કે, 'નાન્યદાપિ' અર્થાત્ ચરમાવર્ત સિવાયના બીજા કાળે પણ (સંશુદ્ધ) નહિ; કેમકે, ચરમાવર્તની પૂર્વકાળે જીવનો આશય સંકિલષ્ટ હોય છે, તથા પછીના મોક્ષ-કાળે અત્યંત વિશુદ્ધ (ક્ષાયિક) ભાવ હોય છે. આ પ્રમાણે યોગના વિદ્વાનો કહે છે.

વિવેચન :—

સંશુદ્ધ યોગબીજનું ગ્રહણ કયારે બને ? એ માટે અહીં કહે છે, અ-ચરમાવર્ત કાળમાં નહિ.

'ચરમાવર્ત કાળ' એટલે છેલ્લો પુદ્ગલ પરાવર્તકાળ. સંસારમાં પુદ્ગલપરાવર્તો અનંતા વીતી ગયા, હવે જેને મોક્ષ પામવા પૂર્વે સંસારમાં એક જ પુદ્ગલપરાવર્તકાળ બાકી છે, એ છેલ્લો ચરમ પુદ્ગલ પરાવર્તકાળ કહેવાય; એને સંક્ષેપમાં 'ચરમાવર્તકાળ' કહેવાય. કાળનું 'પુદ્ગલ પરાવર્તકાળ' નામ એટલા માટે છે કે, એટલા કાળમાં જગતના પુદ્ગલોનો આવર્ત થઈ જાય છે.

'પુદ્ગલોનો આવર્ત' એટલે ?

અજીવ પુદ્ગલોની ૮ વર્ગણા છે. પુદ્ગલોના અણુ છૂટા અણુ, દ્વયણુક, ત્રયણુક.... વગેરે તો જીવને કશા કામમાં આવતા નથી, પરંતુ અનંતા અણુઓના સ્કન્ધ બને એ ઉપયોગમાં આવી શકે છે. આ સ્કન્ધને વર્ગણા કહે છે. કેમકે, એ સ્કન્ધોનું આઠ વિભાગમાં વર્ગીકરણ કરેલું છે, દા. ત. ઔદારિક સ્કન્ધ, વૈક્રિય સ્કન્ધ,....વગેરે. આમ સ્કન્ધોનું આઠમાં વર્ગીકરણ થયું હોવાથી એ સ્કન્ધોને ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા,....વગેરે કહે છે.

જીવને ઉપયોગી પુદ્ગલની આવી આઠ વર્ગણાઓ છે.

(૧) ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા, (૩) આહારક વર્ગણા, (૪) તૈજસ વર્ગણા, (૫) ભાષા વર્ગણા, (૬) શ્વાસોશ્વાસ વર્ગણા, (૭) મનોવર્ગણા અને (૮) કાર્મણ વર્ગણા.

(૧) ઔદારિક વર્ગણામાંથી મનુષ્ય-તિર્યંચ (એકેન્દ્રિય પૃથ્વીકાયાદિથી માંડીને પંચેન્દ્રિય તિર્યંચ)ના શરીર બને છે. આમ માટી, પાણી, અગ્નિ, વાયુ, ઝાડપાન, વિકલેન્દ્રિય...એ પણ ઔદારિક વર્ગણાનાં શરીર છે.

(૨) વૈક્રિય વર્ગણાથી વૈક્રિય લબ્ધિથી મનુષ્ય તિર્યંચ દ્વારા બનાવાતા વૈક્રિય શરીર તથા દેવતા-નારકીનાં મૂળ શરીર બને છે.

(૩) આહારક વર્ગણાથી ૧૪ પૂર્વધર અને આહારક લબ્ધિધર મહામુનિ દ્વારા એ લબ્ધિથી બનાવાતુ શરીર બને છે. એમને ૧૪ પૂર્વશાસ્ત્રના ચિંતનમાં ક્યારેક શંકા પડે, તો તેનું નિરાકરણ મેળવવા માટે, અથવા વિચરતા ભગવાનની સમવસરણની શોભા જોવા માટે, લબ્ધિથી આહારક શરીર બનાવી વિચરતા તીર્થંકર ભગવાન પાસે મોકલે છે. આ શરીર એટલા બધા સૂક્ષ્મ પુદ્ગલોનું બનેલું હોય છે, કે એ અહીંથી વચ્ચેના મોટા પહાડોમાંથી, કાચમાંથી પ્રકાશ પસાર થાય એમ પસાર થઇ જાય છે, ને કામ કરી આવે છે.

(૪) તૈજસ વર્ગણાથી તૈજસ શરીર બને છે. એ સંસારી જીવની કાયમ સાથે જ હોય છે. તે આહાર પચાવવાનું તથા શરીરમાં ગરમી રાખવાનું કામ કરે છે.

(૫) ભાષા વર્ગણામાંથી જીવના કાયયોગ અને વચનયોગના બળે શબ્દ બને છે, જે ઉચ્ચારણરૂપે પ્રગટ થાય છે.

(૬) શ્વાસોશ્વાસ વર્ગણામાંથી જીવનો શ્વાસ અને પ્રાણ બને છે.

(૭) મનોવર્ગણામાંથી, ભાષા પુદ્ગલમાંથી શબ્દની જેમ, કાયયોગ મનોયોગના બળે મન બને છે, જે વિચારણારૂપે હોય છે.

(૮) કાર્મણ વર્ગણામાંથી આશ્રવ-સેવન દ્વારા જીવથી એ ગ્રહીત થાય એટલે કર્મરૂપે બને છે, અને જીવ સાથે ચોંટી જાય છે. જેમ કપડા પર તેલના ડાઘાની ચિકાશ હોય તો પ્રતિ સમય વાતાવરણની રજ ખેંચાયા કરે ને કપડા સાથે ચોંટ્યા જ કરે છે, ને ડાઘો વિસ્તરે છે; એમ જીવમાં રાગદ્વેષાદિની ચિકાશ હોય તો પ્રતિસમય વાતાવરણમાંથી કાર્મણ વર્ગણાની રજ ખેંચાયા કરી જીવ સાથે ચોંટ્યા કરે છે, અને તે વખતે જ તે કર્મરૂપ બને છે. આ કર્મના જ્ઞાનાવરણ દર્શનાવરણ....વગેરે વિભાગ પડે છે, જે પાકે ત્યારે જ્ઞાન રોકવું વગેરે ફળ બતાવે છે.

આ વર્ગણાઓ ઔદારિક પછી વૈક્રિયથી માંડીને ઉત્તરોત્તર અનંત અનંત અણુઓ ઉમેરાઈને બનેલી હોય છે, પરંતુ માપમાં સૂક્ષ્મ સૂક્ષ્મતર હોય છે. આ જગતમાં કુદરતની જે વિચિત્રતા અજબ ગજબ જોવા મળે છે, એમાંની આ એક વિચિત્રતા સમજવી. બીજું સમજવાનું એ છે, કે આ વર્ગણાઓ અને એના અણુઓ સુદ્ધાં તે તે રૂપે શાશ્વત નથી. એમાં પરિવર્તનો

થાય છે. અણુના પણ રૂપ-રસાદિ ગુણો પલટાઈને અન્યરૂપે થાય છે. દા. ત. ઔદારિક વર્ગણાનો મટી વૈક્રિય વર્ગણાનો યા કાર્મણ વગેરે વર્ગણાનો અણુ બને છે, પછી વર્ગણા પણ ઔદારિકની મટી વૈક્રિય વગેરેની થાય એમાં નવાઇ નથી.

'પુદ્ગલ-પરાવર્ત કાળ' એટલે ?

બસ, આ હિસાબે અહીં પુદ્ગલ-પરાવર્ત આ રીતે સમજવાનો છે કે, કોઈ એક જીવ જગતના સઘળા ય ગ્રાહ્ય પરમાણુઓને ઔદારિક વર્ગણારૂપે ભોગવે, સઘળાયને વૈક્રિયરૂપે ભોગવે, એમ આહારક સિવાયની તૈજસ વગેરે રૂપે ભોગવતા વિશ્વના સમસ્તે સમસ્ત ગ્રાહ્ય પુદ્ગલ અણુઓ સાતે વર્ગણારૂપે ભોગવાઇ જાય. એમાં જે કાળ લાગે તેને 'બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત' કહે છે. આ બાદર આવર્તમાં તો કોઈ નિયત જીવને અમુક અણુ ઔદારિકરૂપે ભોગવાયા પછી, એ જો કુદરતની વિચિત્રતાથી દા. ત. તૈજસરૂપે બનીને જીવના ભોગવટામાં આવ્યા, તો એટલા અણુના સાતે વર્ગણારૂપે બનીને ભોગવવાના હિસાબમાં તૈજસરૂપ ભોગવટાની ગણતરીમાં આવી ગયા; પરંતુ 'સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કાળ'નો હિસાબ એવો છે કે, એક કોઈ નિયત જીવ વિશ્વભરના ગ્રાહ્ય સમસ્ત અણુઓને પહેલાં માત્ર ઔદારિકરૂપે ભોગવી લે, પછી સમસ્તને વૈક્રિયરૂપે ભોગવી લે, પછી સમસ્ત અણુને તૈજસરૂપે,...એમ ક્રમસર ભોગવતાં છેલ્લે કાર્મણ વર્ગણારૂપે સમસ્તને ભોગવી લે, એમાં જે કાળ લાગે તે 'સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કાળ' કહેવાય. આમાં એક કોઇ નિયત જીવની દૃષ્ટિએ એને એના એજ અણુઓના મફતિયા આવર્ત કરવા પડે. મફતિયા આવર્ત એટલે એના એ ઔદારિકરૂપે ફરી ફરીને આવર્ત–પુનરાવર્તન પામી પામીને ભોગવવાનું બને; પરંતુ એ કાળ સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત કાળ માપવાના લેખામાં ન ગણાય.

સારાંશ, આ એક જ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કાળ બનવાનું શે બને ? એટલે એનો જંગી કાળ કેટલો બધો કલ્પનાતીત મોટો ! સંસારમાં ભટકતા જીવને આવા પણ અતિ જંગી પુદ્ગલ પરાવર્ત કાળ અનંતાનંત વીતી ગયા ! જીવને એ સમસ્ત અ–ચરમાવર્ત કાળમાં ક્યાંય સંશુદ્ધ 'યોગબીજ'–જિનોપાસના વગેરેની પ્રાપ્તિ ન થઈ. અલબત્ જીવે એ કાળમાં અનંતવાર ચારિત્ર લીધાં પાળ્યાં, તો એમાં જિનોપાસના વગેરે યોગબીજો સેવ્યાં ખરા, પરંતુ તે અશુદ્ધ આશયથી એટલે મલિન સેવ્યા, જેને ખરેખર યોગબીજ યાને યોગ–કારણ જ ન કહેવાય.

વિશુદ્ધ આશય ચરમાવર્તકાળમાં આવીને મોક્ષ-દૃષ્ટિ જાગ્યા પછી જ પ્રાપ્ત થાય; અને એવો આશય અનંતાનંત પણ અ–ચરમાવર્ત કાળમાં ક્યારેય જાગતો જ નથી. એ તો ચરમાવર્ત કાળમાં જ જાગે છે. તેથી અહીં કહ્યું, એવા વિશુદ્ધ આશયવાળાં યોગબીજ ચરમાવર્ત કાળમાં જ આરાધવા મળે છે.

તથાભવ્યત્વ પરિપાક :

સંશુદ્ધ યોગબીજ, ચરમાવર્તકાળમાં પણ આવવા માત્રથી પ્રાપ્ત ન થાય, કિન્તુ એમાં પણ તથાભવ્યત્વનો પરિપાક થાય ત્યારે થાય. તથાભવ્યત્વ એ વૈયક્તિક ભવ્યત્વ છે. સામાન્યથી બધા ભવ્યોમાં ભવ્યત્વ સરખું હોય; પરંતુ ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની યોગ્યતા, એ દરેકે દરેક ભવ્યમાં જુદી જુદી જાતની હોય; કેમકે એ યોગ્યતા પાકે છે તે વ્યક્તિ–વ્યક્તિએ (૧) જુદા જુદા કાળે પાકે છે, (૨) જુદા જુદા નિમિત્ત પામીને પાકે છે, તેમજ (૩) આરાધનાના જુદા જુદા પ્રકાર સેવીને અને (૪) જુદા જુદા વેગથી પાકે છે. કોઈ કોઈને ઝટપટ પાકે, તો કોઈને ધીરે ધીરે પાકે. આ સૂચવે છે કે, મૂળમાં દરેકમાં યોગ્યતા વિશેષરૂપે જુદી જુદી. દા. ત. મહાવીર ભગવાન પ્રથમ ભવમાં ગામ-

મુખી નયસાર, તે સહેજ વાતમાં જંગલમાં સમ્યક્ત્વ પામ્યા ! તે ય એવું જોરદાર કે પછી એ ત્રીજા ભવે ભરત ચક્રવર્તી પુત્ર મરીચિને પ્રભુનું સમવસરણ જોવા માત્રમાં વૈરાગ્ય થયો ! અને ત્યાં જ ચારિત્ર પામ્યા ! આ કેવી વેગબંધ પ્રાપ્તિ ! પરંતુ ત્યાં એ જ ભવમાં પડ્યા તો બંને ગુમાવ્યું. ભવોના ભવો સુધી જૈન ધર્મ જ ન પામ્યા ! આવી પરિસ્થિતિ જોતાં માનવું પડે કે, મૂળમાં એમનું ભવ્યત્વ અર્થાત્ મોક્ષ ગમન-યોગ્યતા જુદી જ ભાતની, તે એનો પાક આવા ચોક્કસ રૂપના કાળે, એવા એવા પ્રકારે, અને તે તે કાળે ઉત્થાન પામીને થાય.

તથાભવ્યત્વ પકવવાનાં ૩ સાધન

તથાભવ્યત્વનો પરિપાક થતો જાય તેમ તેમ આત્માને હિતકર વસ્તુ સદ્ગુણો આદરાતા જાય, સદનુષ્ઠાનો આચરાતા જાય, ને સુકૃતો પ્રાપ્ત થતા જાય. સવાલ થાય,

પ્ર૦- તથાભવ્યત્વનો પરિપાક કરવો હોય તો શું કરવું જોઈએ ?

ઉ૦- 'શ્રી પંચસૂત્ર' શાસ્ત્રે કહ્યું છે, અનાદિનું તથાભવ્યત્વ પકવનારા ત્રણ સાધન છે,-

(૧) આરહંતાદિ ૪ શરણનો સ્વીકાર,

(૨) જન્મ-જન્માન્તરના દુષ્કૃતોની ગર્હા-સંતાપ, તથા

(૩) સુકૃતોનું આસેવન.

આ ત્રણ સાધનોમાં ખૂબ જ ઉત્સાહ સાથે ધીખતો ઉદ્યમ કરતા રહેવું જોઈએ, તો જ તથાભવ્યત્વ પાકતું આવે.

(૧) ચાર શરણનો દિલથી સ્વીકાર કરીએ એમાં એ સમજ રાખવાની છે, કે જગતમાં જન્મ પામીને કરવા જેવું હોય તો આ અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, ને સાધુમહારાજોએ કર્યું તે કરવા જેવું છે. એમણે શું કર્યું ? તો કે સર્વજ્ઞ ભગવાને ભાખેલો શુદ્ધધર્મ કર્યો. તો મારે પણ એ શુદ્ધધર્મ જ કર્તવ્ય હો, જીવનમાં એ ચારનું જ આલંબન હો. એ જ મારા તારણહાર. એમનાથી જ મારું ભલું થવાનું. એ જ આ જગતમાં સારભૂત છે, બાકી દુન્યવી વૈભવ વિષયો-સત્તા-સન્માન-કીર્તિ વગેરે તદ્દન અસાર છે; કેમકે આ જીવનના અંતે અવશ્ય ખોવાઈ જનારા અને જીવનભર જીવને પાપ કર્મો અને પાપાનુબંધોનો ભરચક ભાર આપનારા. માટે શરણ-આધાર-આલંબન હો, તો એ અસારનું નહિ, પણ અરિહંતાદિ ચારનું. હૈયાનો વિશ્વાસ એમના પર જ.

શરણસ્વીકાર એટલે ? :

શરણસ્વીકારથી તથાભવ્યત્વ પાકે :

(૧) આમ આ શરણનો ભાવ આવે એટલે સહેજે તથાભવ્યત્વ યાને મોક્ષ-યોગ્યતા પાકવા માંડે, અને 'એ શરણભૂત અરિહંતાદિએ જે કર્યું તે જ મારે કરવા યોગ્ય છે,' એવો ભાવ ઊભો થાય છે. સુશીલ પત્ની પતિને કહે છે, 'મારે તમે જ શરણભૂત છો;' એ શું સમજીને કહે છે ? શું કેવળ સ્વાર્થની માયાથી કહે છે કે 'તમારે જ મને નભાવવાની છે ?' ના, સમજે છે કે,-(૧) સ્ત્રી અવતાર છે એટલે શીલની રક્ષામાં સહાયતા ને અંકુશની જરૂર છે; તેમજ (૨) માયારહિત પતિવ્રતા ધર્મ-પતિસેવાથી હલકા અવતાર અટકાવવા છે; એટલે માત્ર પતિનું શરણ ધરીને પતિમાં સમર્પિત થવું છે, પતિની ઇચ્છા એ પોતાની ઇચ્છા, પતિની રુચિ એ પોતાની રુચિ, પતિને રસ એ પોતાને રસ, પતિને ગમતું-અણગમતું એ પોતાને ગમતું-

અણગમતું....એવું જીવન બનાવવાની પોતાની ઉમેદ છે, એ જ 'મારે તો તમારું શરણ છે,'- એ કહેવાનો ભાવ છે.

બસ, અરિહંત ચારનું શરણ પકડવાનું છે તે આ સમજ ને ઉમેદ સાથે. અલબત્ અમલમાં ઓછું બને, પણ ઉમેદ પેલી સુશીલ બાઈ જેવી હોય. આનાથી તથાભવ્યત્વ પાકે જ, એમાં નવાઇ નથી; કેમકે, એ શરણરૂપ એ સમજ અને ઉમેદનું ફળ આ, કે જીવનમાં સદ્ગુણ-સુકૃત-સાધનાને અવકાશ મળે છે. એ ફળથી કારણની કલ્પના થાય કે શરણસ્વીકારથી તથાભવ્યત્વ પાકતું રહ્યું છે.

એમ, દુષ્કૃત-ગર્હા-સંતાપથી તથાભવ્યત્વ પાકે.

એનું કારણ એ છે કે, તથાભવ્યત્વ એ મોક્ષગમનની યોગ્યતાસ્વરૂપ છે, અર્થાત્ સંસારભાવ નષ્ટ કરવાની યોગ્યતા રૂપ છે. અને સંસારભાવ હર્ષ હોંશથી સેવેલા દુષ્કૃતો ઉપર નભે છે, તેથી જો એ દુષ્કૃતોની હવે ગર્હા સંતાપ થાય એટલે સહજ છે કે જીવ પર એનું દબાણ વર્ચસ્વ ઓછું થઈ જાય, એટલે સંસારભાવ નષ્ટ થવાની ભૂમિકા ઊભી થાય, મોક્ષે જવાની યોગ્યતા સક્રિય થવા માંડે, વિકસવા માંડે, અર્થાત્ તથાભવ્યત્વ પાકવા માંડે, આ એનું બીજું સાધન. યાદ રાખો,-

દુષ્કૃત-ગર્હા એ સંસારભાવ નષ્ટ કરવાની ભૂમિકા છે, તથાભવ્યત્વનો પરિપાક છે.

(૩) સુકૃતાસેવનથી તથાભવ્યત્વ પાકે.

તથાભવ્યત્વ પકવવા ત્રીજું સાધન 'સુકૃત-આસેવન' એટલે કે (૧) પરના ઠેઠ જિનવચનાનુસારી જે દયાદિ ગુણો અને અનુષ્ઠાનોથી માંડી ઉપર ઉપરના અરિહંત સિદ્ધના જે સ્વયંસિદ્ધત્વ-બુદ્ધત્વાદિ ગુણો અને જગદુદ્ધારકત્વાદિ ઉપકાર આદિ, એની અનુમોદના; અને (૨) એની પોષક સ્વકીય સુકૃત-સાધનાઓનું યથાશક્તિ આસેવન તથા આચરિત સ્વસુકૃતોની અનુમોદના. સ્વ-પર સુકૃતોની અનુમોદના આવે એટલે સહજ છે કે તથાભવ્યત્વ અર્થાત્ મોક્ષગમન-યોગ્યતા સક્રિય થવા માંડે, એનો પરિપાક થતો જાય; કેમકે મોક્ષ એટલે એ સદ્ગુણો-સુકૃતોની પરાકાષ્ઠા છે; તો એની પ્રાથમિક અવસ્થાથી એ પરાકાષ્ઠાની નિકટ નિકટ જવાનું થાય એજ તથાભવ્યત્વનો પરિપાક છે.

તીવ્ર મિથ્યાત્વની કટુતા તત્ત્વ ન રુચવા દે :-

આ બધું ચરમાવર્તમાં જ થાય; કેમકે પૂર્વે અ-ચરમાવર્ત કાળમાં આત્મામાં તીવ્ર મિથ્યાત્વની કટુતા હોય છે. આ કટુતા એવી, કે આત્મા-પરમાત્મા-તત્ત્વની કશી વાત જ ગમે નહિ, એ જાણવાની કશી ભૂખ જ નહિ. ભૂખ છે જડપુદ્ગલની વાતોની. વ્યાખ્યાનમાં રાજા-રાણી વગેરેની વાતો આવે તો કાન ઊંચા થાય! ઉત્સાહથી સાંભળે! પણ તત્ત્વની વાત ચાલી તો ઝોકાં ખાય! જેમ તાવની કડવાશથી મોંને સારું કશું રુચે નહિ, એમ તીવ્ર મિથ્યાત્વની કટુતામાં મનને આત્મા - પરમાત્મા - નવતત્ત્વ વગેરેની કશી વાત રુચે નહિ. ત્યાં અચરમાવર્ત કાળમાં ભવ્ય જીવમાં તથાભવ્યત્વ તો પડેલું છે, પરંતુ તદ્દન સુષુપ્ત, કિંતુ સક્રિય નહિ.

મંદ મિથ્યાત્વની મધુરતાએ તત્ત્વ રુચે :-

ત્યારે ચરમાવર્તકાળમાં તથાભવ્યત્વ પાકવાથી તે તીવ્ર મિથ્યાત્વ મંદ બનવાથી આત્મામાં કડવાશ મટી કાંઇક મધુરતા ઊભી થાય છે. આ મધુરતાથી સંશુદ્ધ જિનકુશળચિંતન આદિ યોગબીજ અવશ્ય ઊભા થાય છે. 'અવશ્ય' એટલા

માટે કહ્યું કે મૂળમાં તથાભવ્યત્વ પાકે એટલે મધુરતાને લીધે સહેજે સત્કર્મો-અનુષ્ઠાનોમાં વિશુદ્ધતા આવે જ. ભવ રોગ પાકવા માંડે એટલે સહેજે આરોગ્યના કંઈક આછા સત્ લક્ષણ પ્રગટતા જાય.

અન્યથા સંશુદ્ધવદ્ અસંશુદ્ધતાનુપપત્તે :-

નહિતર તો જે ચરમાવર્તમાં આવવા છતાં ને તથાભવ્યત્વ પાકવા છતાં સાધનામાં સંશુદ્ધતા ન જ આવતી હોય, તો પૂર્વકાળ અચરમાવર્તમાની સાધનામાં અસંશુદ્ધતા શી ? શુદ્ધની અપેક્ષાએ જ અશુદ્ધતા હોય છે. એક શુદ્ધ-ચોકખું-ઊજળું છે, તો જ એની અપેક્ષાએ બીજું મલિન દેખાય છે. એમ ચરમાવર્તમાં શુદ્ધ સાધના મળે છે, એની અપેક્ષાએ પૂર્વકાળની સાધનાઓ અશુદ્ધ ગણાય છે. પરંતુ જો ચરમાવર્તની સાધના શુદ્ધ ન હોય તો પૂર્વકાળની અશુદ્ધ શી ?' માટે કહો, અચરમાવર્ત-કાળમાં તથાભવ્યત્વ તદ્દન અપક્વ એટલે કે સુષુપ્ત પડયું હોય છે, તે ચરમાવર્તમાં પાકવા માંડે છે, તેથી સંશુદ્ધ સાધના પ્રાપ્ત થાય છે.

પત્થરમાંથી પ્રતિમા બનવાની યોગ્યતા છે, પરંતુ કારીગરના હાથમાં આવ્યા પહેલાં તો એ પત્થરમાં વિશુદ્ધ ઘડતર જેવું કાંઈ નથી. હોંશિયાર કારીગરના હાથમાં આવે એટલે એને શુદ્ધ ઘડતર મળે છે. એમ અચરમાવર્તકાળમાં તથાભવ્યત્વ સુષુપ્ત નિષ્ક્રિય છે, એટલે શુદ્ધ ઘડતર કશું જ નહિ; પણ ચરમાવર્તના હાથમાં જીવ આવે પછી શુદ્ધ ઘડતર યાને સંશુદ્ધ યોગબીજની સાધના થતી આવે.

અચરમાવર્તમાં માત્ર સંક્લિષ્ટતા :-

આમ એ નક્કી થયું કે સંશુદ્ધ યોગબીજની સાધના ચરમાવર્તકાળમાં જ હોય, તે પૂર્વે કે પછી નહિ. પૂર્વે એટલે અચરમાવર્તકાળમાં સંશુદ્ધ એટલા માટે નહિ કે ત્યાં જીવને મનનો આશય ક્લિષ્ટ-હોય છે, રાગદ્વેષના સંક્લેશથી વ્યાપ્ત હોય છે. ત્યારે ચરમાવર્તકાળ પછીના મોક્ષકાળમાં સંશુદ્ધ સાધના એટલા માટે નહિ કે ત્યાં આશય અત્યંત વિશુદ્ધ સિદ્ધ થઈ ગયો હોવાથી, ત્યાં સાધના જ ન હોય, તો પછી વિશુદ્ધ સાધના શી ? સંશુદ્ધ-વિશુદ્ધ સાધના આવે તો ચરમાવર્તકાળમાં જ આવે. આ વિશુદ્ધિ માટે અ-સંક્લિષ્ટતા જરૂરી છે, ને તે અસંક્લિષ્ટતા અચરમાવર્તકાળમાં હોતી નથી. ત્યાં તો સંક્લિષ્ટતા અર્થાત્ રાગદ્વિના તીવ્ર સંક્લેશ જ પ્રવર્તી રહ્યા હોય છે. માટે તો કહ્યું કે એ કાળમાં અનંતીવાર ચારિત્ર પણ લે, અને એની કડક ક્રિયાઓ ય કરે, પરંતુ તે બધી જ સંક્લેશવાળી હોઈને દ્રવ્ય-ક્રિયાઓ છે, ત્યાં ભાવક્રિયાનું નામ નિશાન નહિ; કેમકે જીવને આત્મા-મોક્ષ-પરમાત્મા વગેરે સમ્યક્ તત્ત્વો હજી સહેજ પણ ખૂલ્યા જ નથી. એટલે એ શુદ્ધ પુદ્ગલાનંદી હોય છે, ને એમાં જડ પુદ્ગલની પાછળ નકરા રાગ-દ્વેષના સંક્લેશો ચાલુ હોય છે. એક નવકાર પણ ગણે તો ય તે પૌદ્ગલિક સુખ લેવા માટે જ ગણતો હોય. હૈયાના કોઈ ખૂણામાં મોક્ષની ગંધ જ નહિ; મોક્ષનો લેશપણ રસ જ નહિ, લેખું જ નહિ, ગણતરી જ નહિ. ત્યારે વિચારવા જેવું છે કે જડપુદ્ગલોની પાછળ એકલા રાગદ્વેષના સંક્લેશ જ હૈયે રમતા હોય ત્યાં આત્મજ્ઞતા-આત્મભાન કયાં ? મોક્ષની લેશ પણ ભૂખ જ કયાં ? વર્તમાન જીવન જે જીવી રહ્યા છો તેને તપાસવા જેવું છે કે જીવનમાં જો નિઃસંકોચ પુદ્ગલરાગ જ કરવાનો રાખ્યો છે, તો જીવ ચરમાવર્તકાળમાં છે ? કે અચરમાવર્ત કાળમાં ?

સાધના–વિશુદ્ધિનાં ૩ સાધન

(ટીકા) एवमस्य समयमभिधाय एतदभिधित्सया त्वाऽऽह,-

(મૂલ) उपादेयधियात्यन्तं
संज्ञाविष्कम्भणान्वितम् ।
फलाभिसन्धिरहितं
संशुद्धं ह्येतदीदृशम् ॥२५॥

(ટીકા) 'उपादेयधिया' = उपादेयबुद्ध्या, 'अत्यन्तं' सर्वान्यापोहेन, तथा परिपाकात सम्यग्ज्ञानपूर्वकयत्नेन ।

અર્થ :- એ પ્રમાણે સંશુદ્ધ યોગબીજનો સમય કહીને સંશુદ્ધ કેવું એ કહેવાની ઇચ્છાથી કહે છે, ' ઉપાદેયધિયા '....ગાથા. (ગાથાર્થ :-) (૧) અત્યંત ઉપાદેયબુદ્ધિથી, (૨) સંજ્ઞાઓની અટકાયત સાથે, (૩) ફળની આશંસા વિના (આરાધાય) તે આવું સંશુદ્ધ હોય છે.

બીજ ક્યારે મળે એનો સમય (ચરમાવર્ત-કાળ) બતાવ્યો, હવે એજ સંશુદ્ધ કેવા સ્વરૂપનું હોય, એ કહેવાની ઇચ્છાથી આ ' ઉપાદેયધિયાત્યન્તં....' ગાથા કહે છે. 'ઉપાદેયધિયા' એટલે ઉપાદેય બુદ્ધિથી, 'અત્યંત' એટલે કે બીજું બધું પડતું મૂકીને; તથાભવ્યત્વ પરિપાકના લીધે સમ્યગ્જ્ઞાન પૂર્વકના યત્નથી. (અત્યંત ઉપાદેય બને.)

વિવેચન :—

' સંશુદ્ધ' અર્થાત્ સારી રીતે શુદ્ધ યોગબીજ ચરમાવર્તમાં તથાભવ્યત્વના પરિપાકથી મળે, એ વાત ગત ગાથામાં બતાવી. હવે એ સંશુદ્ધ કેવા પ્રકારનું હોય એટલે કે યોગબીજ 'જિનનું કુશળ ચિંતન'.... વગેરે કેવી કેવી વિશેષતાવાળું હોય તો સંશુદ્ધ કહેવાય એ હવે બતાવે છે.

અહીં યોગબીજ સંશુદ્ધ હોવા માટેનાં ત્રણ લક્ષણ કહીને ગ્રંથકાર સૂચવે છે કે કોઇ પણ ધર્મસાધના સંશુદ્ધ યાને વિશુદ્ધ હોવા માટે આ ત્રણ લક્ષણ જરૂરી છે; કેમકે એ લક્ષણ જ એવા સ્વરૂપનાં છે કે માત્ર યોગબીજ જ શું, દરેક દરેક સાધનામાં લાગુ થાય છે, બધે જ ઉપયોગી બને એવાં છે. એટલે એમ કહેવાય કે—

વિશુદ્ધ સાધનાનાં ૩ લક્ષણ

કોઇપણ યોગબીજાદિ ધર્મસાધના સંશુદ્ધ વિશુદ્ધ હોવાની ૩ શરત છે,

(૧) અત્યંત ઉપાદેય બુદ્ધિથી એ કરાતી હોય,

(૨) આહારાદિ સંજ્ઞાઓની અટકાયત સાથે કરાતી હોય, અને

(૩) ફળની આશંસા – ઝંખના વિના આચરાતી હોય.

(૧) અત્યંત ઉપાદેય બુદ્ધિ

આમાં પહેલી શરત આ, કે સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરાતી હોય. એનો ભાવ આ છે કે આપણા દિલમાં સાધના પ્રત્યે અત્યંત કર્તવ્યભાવ જોઇએ. સાધના જો દિલને અત્યંત કર્તવ્ય જ ન લાગે અને સાધના કરાયે જાય, તો એ સંમૂર્છિમ ક્રિયા જેવી થાય. અહીં પૂછો,—

પ્ર૦–સાધના કરતો હોય અને એ અત્યંત કર્તવ્ય ન લાગતી હોય એવું બને ?

ઉ૦–હા, જીવનમાં જે રાબેતા મુજબની ક્રિયા થઇ જાય, રોજ કરીએ છીએ એમ કરવાની એટલું જ મનને હોય, અર્થાત્ રોજનો એ કરવાનો અભ્યાસ પડી ગયો એટલે કરે, પરંતુ આ મારું ઉત્તમ કર્તવ્ય છે એવું મનમાં કશું આવે નહિ. દા. ત. સવાર પડી જાગ્યા એટલે નવકાર ગણવાના તે ગણવાના, દહેરે જઇ

આવવાનું તે જઇ આવવાનું. બસ, આટલા હિસાબથી નવકાર ગણી લે પરંતુ એ ગણતી વખતે મનમાં બીજા વિચારના લોચા ચાલતા હોય, તેમજ દહેરે જતાં ને પ્રભુદર્શન કરતાં પણ બીજા–ત્રીજા વિચારો ચાલતા હોય, તો એ ક્રિયા કાંઈ અત્યંત કર્તવ્ય બુદ્ધિથી કરી ન કહેવાય. એ તો ગતાનુગતિક સંમૂર્છિમ ક્રિયા થઈ ગણાય.

ત્યારે આવી સંમૂર્છિમ ક્રિયાનો બહુ અર્થ-નહિ. અલબત્ ક્રિયાનો એક અભ્યાસ પડે એટલું જ, પરંતુ એ સાધના દ્વારા આત્મામાં શુભ સંસ્કારની મૂડી ન ઊભી થાય. તેમ એવા નોંધપાત્ર પુણ્યાનુબંધી પુણ્યનો અને એવી કર્મનિર્જરા – પાપક્ષયનો લાભ ન મળે.

નક્કર સુસંસ્કારો, પુણ્યાનુબંધી પુણ્ય અને પાપક્ષય માટે તો ધર્મ–સાધનામાં સર્વે-સર્વા તન્મયતા જોઇએ, હૈયાની ગદ્‌ગદતા જોઇએ, દિલમાં ભાવ ઉછળઉછળા થતા હોવા જોઈ એ. આ માટે શાસ્ત્રકાર અહીં કહે છે કે સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરો.

અત્યંત ઉપાદેય બુદ્ધિનો અહીં અર્થ કરે છે.

ઉપાદેયબુદ્ધિ કેવી હોય ? :–

સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરાય એનો અર્થ એ, કે સમ્યગ્‌જ્ઞાન પૂર્વકના પ્રયત્નથી કરાય. આમાં સમ્યગ્‌જ્ઞાન આ કે સાધનાનું સ્વરૂપ, સાધનાની વિધિ, અને સાધનાના લાભ જ્ઞાત હોય. ઉપરાંત આ સમજ હોય કે 'આ સાધના મારા આત્માની તારણહાર છે, અનેકોને એણે તાર્યા છે, ઉચ્ચ માનવ અવતારે જીવનમાં આ સારભૂત છે...' ઇત્યાદિ મનમાં સચોટ બેઠેલું હોય; તેથી જ સાધનાનો પ્રયત્ન થાય, ઉદ્યમ થાય, પુરુષાર્થ થાય એ પણ સાધનાની વિધિ સમજીને એના શકય અમલ સાથે થાય, એ સાધનાનો સમ્યગ્‌જ્ઞાન પૂર્વકનો પ્રયત્ન કહેવાય.

આ પરથી સમજવા જેવું છે કે, શાસ્ત્રકાર ઉપાદેય બુદ્ધિથી સાધના કરવાનું કોને કહે છે? એટલે, દા. ત. જિનોપાસનાની સાધનામાં દેવ-દર્શન કરીએ, અને મનને માની લઇએ કે 'આ હું ઉપાદેય કર્તવ્ય માનીને કરું છું,' તો એટલા માત્રથી એ ઉપાદેય બુદ્ધિથી કરી નહિ ગણાય; કિન્તુ એની સાથે ઉપર કહ્યું તેમ જિનદર્શનનું સ્વરૂપ, એની વિધિ, અને એના લાભોની જાણકારી હોવી જોઈ એ. જો આ જાણવાની કશી પરવા જ ન હોય, ગરજ જ ન હોય, તો ઉપાદેય બુદ્ધિથી વિશુદ્ધ દર્શનસાધના કરી નહિ ગણાય.

દુનિયામાં જો પગાર માટે નોકર શેઠની સેવાને કર્તવ્ય માને છે, તો એ કેવી રીતે કરે છે ? જો સેવાનું સ્વરૂપ એને ખબર ન હોય, એની વિધિ ન જાણતો હોય તો એ કેવી સેવા કરે? ને જો વેઠ ઉતારે તો શેઠ કેટલો સમય એની સેવા સ્વીકારે ? પણ કહો, ત્યાં તો નોકર જ બરાબર જાતે સમજીને સેવા કરે છે. શેઠને કલ્પના હોય એના કરતાં સારી રીતે સેવા કરવાની એ ધગશ અને પ્રયત્ન રાખે છે; તો જ કહેવાય કે, એ બરાબર કર્તવ્ય સમજીને સેવા કરે છે. તો પછી અહીં જિનેંદ્રદેવની દર્શન–વંદન–પૂજન વગેરે સાધના સેવા કરવી છે તે બાલી મનમાં માને કે, 'હું આ કર્તવ્ય માનું છું, ઉપાદેય માનું છું,' પણ ગુરુ પાસેથી ન એનું સ્વરૂપ સમજવાનું, ન એની વિધિ સમજવી, તેમજ ન એનું પ્રયોજન–ફળ–લાભ સમજવા કોઈ કોશીશ કરે, ને એમજ ડફેડાવ્યે જાય, તો 'એણે સાધનાને કર્તવ્ય–ઉપાદેય માની' એમ શી રીતે કહેવાય ?

સારાંશ, દર્શન–વંદન – પૂજનાદિ સાધના એના સમ્યગ્ બોધવાળી જોઇએ; ને તે પણ એક વાર ગુરુ પાસેથી બોધ તો મેળવી લીધો, પણ એ સાધના બજાવતી વખતે એનાં સ્વરૂપ વિધિ, વગેરેનો કશો વિચાર ન હોય, બગજ

બીજે રખડતું હોય, ને સાધના યંત્રની જેમ થયે જતી હોય, તો તે પણ સમ્યક્ જ્ઞાનવાળી સાધના ન કહેવાય.

સમ્યક્જ્ઞાન એટલે ઉપયોગ અને અસર :–

આ ઉપરાંત પણ જો એ સાધના વિધિસર પણ કરવા છતાં કોરા શુષ્ક દિલથી કરતો હોય, તો ય તે સમ્યક્જ્ઞાન પૂર્વકની નહિ ગણાય; કેમકે 'સમ્યક્જ્ઞાન'નો અર્થ એ છે, કે એ હૃદયને અસર કરનારું, ભાવુક હૃદયને ભાવિત બનાવનારું, ગદ્ગદ બનાવનારું જ્ઞાન હોય. પ્રિય સારા મેમાનની ભક્તિ કેવી રીતે થાય છે? ગદ્ગદ થઈને. તોજ કહેવાય છે કે એને મેમાનની બરાબર ઓળખ છે; એ બરાબર સમજીને ભક્તિ કરે છે. એમ અહીં સાધના સમ્યગ્જ્ઞાન પૂર્વકની ત્યારે કહેવાય, કે દિલ એમાં ગદ્ગદ હોય; ને એ કરવા માટે સાધના તારણહાર અને જીવનના સારરૂપ હાડોહાડ લાગતી હોય.

આટલેથી પણ બસ નથી, કેમકે સાધનાને ઉપાદેય બુદ્ધિથી એટલે કે એનું સ્વરૂપ–વિધિ–લાભ વગેરે સમજી, તથા એને તારણહાર ને સારભૂત સમજીને પણ કરતો તો હોય, પરંતુ મનમાં વચમાં વચમાં બીજા–ત્રીજા વિચાર લાવતો હોય તો સાધનામાં સળંગ ઉપયોગ ન રહેવાથી એનાથી પ્રગતિ ન થાય, આત્મામાં એના નક્કર સંસ્કાર ન પડે. માટે અહીં કહ્યું ઉપાદેય બુદ્ધિ પણ **અત્યંત** ઉપાદેય બુદ્ધિ જોઈએ.

અત્યંત ઉપાદેય બુદ્ધિ એટલે :–

એ જ, કે સાધનાના સમ્યગ્ બોધવાળા પ્રયત્નની સાથે મગજમાંથી મન–વચન–કાયામાંથી "અત્યન્ત = સર્વાન્યાપોહેન" અર્થાત્ સાધના સિવાયનું બીજું બધું બાદ કરીને પ્રયત્ન ચાલતો હોય. જો બીજું–ત્રીજું મનમાં આવતું હોય, વચનથી બોલાતું હોય, યા કાયાથી ચાલતું હોય, તો તેવી સાધના તો ખંડિત અને ચંચળ મનની કહેવાય; ને,

ચંચળ મનની સાધના એ તો છાર પર લીંપણ જેવી છે.

જમીન પર છાર–રાખ છવાઇ ગઈ હોય, ને એનાં પર છાણમાટીથી લિંપણ કરે, તો એ કેટલું ટકે? કહો, જમીન સાથે એની સગાઇ જ ન થાય. એમ ચંચળ મનથી સાધના કરાય તેની સ્વકીય આત્મ-ભૂમિ સાથે સગાઈ જ ન થાય. અહીં આટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે, કે

અસપત્ન સાધના જરૂરી :–

સાધના વખતે બીજા ત્રીજા દુન્યવી વિચાર, બોલ, કે કાયિક પ્રવૃત્તિ તો નહિ, પણ બીજી સાધનાના પણ વિચાર નહિ જોઈએ, કે બોલ યા પ્રવૃત્તિ ન જોઈએ. દા. ત. ભગવાનને અભિષેક પૂજા કરતો હોય, ને તે વખતે મનમાં લાવે કે 'મારે આ અભિષેક પતાવીને પછી ભગવાનની હાઇકલાસ આંગી રચવી છે,' યા ચૈત્યવંદન કરતો હોય એ વખતે સાથિયો ચીતરતો રહે, તો આમાં પણ ચાલુ સાધના અખંડ ન રહી, ખંડિત ચંચળ થઈ ગઈ! શાસ્ત્ર ચાલુ સાધનામાં બીજી સાધનાના શુભ વિચારને પણ 'સપત્ની' શોકયરૂપ ગણે છે. સાધના અસંપત્ન થવી જોઇએ.

ત્યારે વિચારો કે જ્યાં ચાલુ સાધનામાં બીજી સાધનાના શુભ વિચાર પણ લાવવાના નથી, પછી ત્યાં દુન્યવી વાત–વસ્તુના વિચાર તો લવાય જ શાના? મતલબ, ચાલુ સાધના સિવાયનું બીજા બધું મગજમાંથી બાદ થઈ જવું જોઈએ; ન એનો વિચાર, ન એનો બોલ, કે ન એની કશી કાયિક પ્રવૃત્તિ. સાધના ભેળસેળિયા

નહિ. પણ તદ્દન નિર્ભેળ ચાલવી જોઈએ. ત્યારે જ ચાલુ સાધનાની વફાદારી રહે,–'સાધના અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરીએ છીએ' એમ કહેવાય.

ભેળસેળિયા સાધનાથી ચિરંજીવી સંસ્કાર ન પડે.

પ્ર૦–સાધનામાં આવી તન્મયતા શી રીતે આવે? બીજી શુદ્ધ સાધનાનો ય વિચાર ન આવે? કઠણ કામ નથી?

ઉ૦–ના, જો આ સાધનાને તારણહાર માનીએ ને દુન્યવી વાતવસ્તુ–વિચારને મારણહાર માનીએ, ઝેર રૂપ દેખીએ તો એમાં, તથા બીજી સાધનાના વિચારને ભેળસેળ કરનારી સમજીએ તો એમાં મન ન જાય, અને ચાલુ સાધનાને માનવભવનો એક ઉત્તમ લહાવો સમજીએ, તો ચિત્ત એમાં સ્થિર રહે, તન્મય રહે.

નાનામાં નાની પણ સાધના નિરાશંસ ભાવે અને તન્મય ચિત્તે તથા ગદ્ગદ થઈ ને થાય એ સાચી જિનોપાસના છે.

'જેમને અસંખ્ય ઇન્દ્રોએ પૂજ્યા એવા જિનેશ્વર ભગવાનની ઉપાસના કરવાનો દુર્લભ લાભ મને મળે છે? આજની શોધાયેલી દુનિયામાં ૩૫૦ કોડ માનવોમાંથી ૩૪૯॥ કોડ માનવો જૈનધર્મ પામવામાંથી બાદ છે; માત્ર અડધો કોડ માનવોને જૈન ધર્મ મળ્યો છે. એમાં મારો નંબર લાગીને મને આ જિનેન્દ્ર ભગવાન આરાધવા મળ્યા! વાહ! ધન્ય જીવન મારે! આ અતિ દુર્લભ લાભ મળ્યો, એ મારો કેટલો ઉચ્ચ કોટિનો પુણ્યોદય? આવો અતિ અમૂલ્ય લાભ જો સાધનાને આ રીતે અત્યંત ઉપાદેય બુદ્ધિથી કરતાં મળતો હોય, તો એ મારે ધન્ય ઘડી, ધન્ય અવતાર!' આ વિચારથી સાધનામાં એકાગ્રતા ભેળસેળરહિત તન્મયતા અને ગદ્ગદતા આવે.

કમઠ–સર્પની નવકારમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ :–

નવકાર તો આપણે ય ગણીએ છીએ; પરંતુ કમઠ તાપસના લાકડામાં અર્ધ બળેલા સાપે નવકાર સાંભળ્યો, ને એ સીધો નાગકુમાર દેવલોકનો ઇંદ્ર ધરણેન્દ્ર શી રીતે બની બેઠો? કહો, એના નવકાર-ધ્યાનમાં પાવર હતો. એ પાવર આ જ, કે એણે અત્યંત ઉપાદેય બુધ્ધિથી નવકાર–ધ્યાનની સાધના કરી. ત્યાં પછી પોતાની કાયામાં બળવાથી ઊઠેલી લહાયો પણ ભૂલી ગયો! મનને 'હાય! બહુ બળતરા' ન લાગવા દીધું! એટલું બધું મનને નવકારમાં તન્મય ને ગદ્ગદ કરી દીધું! નવકારના અક્ષરો પર ભારે અહોભાવ લાવ્યો કે 'અહો અહો! આ કેટલું બધું અદ્ભુત શ્રવણ!' નવકારનો અર્થ તો સમજતો નથી, છતાં નવકારના અક્ષર પર આ અહોભાવે એની નવકાર–સાધના અત્યંત ઉપાદેય બુધ્ધિવાળી બની ગઈ, ને

એ અત્યંત ઉપાદેયબુદ્ધિથી નવકાર–શ્રવણની સાધનાનું ઇનામ ધરણેન્દ્ર પદની પ્રાપ્તિ!

ઇંદ્રભૂતિને અત્યંત ઉપાદેયબુદ્ધિથી જિનવચનનાં શ્રવણનું ઇનામ ગણધર પદ!

નવકાર – સ્મરણ રોજ કરવા છતાં ચારિત્ર લેવાનું મન કેમ થતું નથી? કહો, એવા અહોભાવ અને ગદ્ગદતાથી નવકાર ગણાતો નથી. નહિતર, નવકારના પાંચે પરમેષ્ઠીમાં વિશેષતા હોય તો મૂળમાં ચારિત્રથી છે. માટે તો પાંચમા સાધુપદ પછી છટ્ઠું કોઈ પરમેષ્ઠિ પદ નથી. આવા ચારિત્રમય પંચપરમેષ્ઠીને રોજ યાદ કરીએ, ને ચારિત્રનું મન ન થાય? આપણે

ત્યાં જૈનેતરો, જુઓ. કેટલામાં ચારિત્ર પામી ગયા છે? બ્રાહ્મણ ઇંદ્રિભૂતિ ગૌતમને પોતાના સંશયનું મહાવીર ભગવાને સમાધાન કર્યું એટલા પર કેવો અહોભાવ થયો! કહો, ભગવાનનું દર્શન અને સમાધાનનું શ્રવણ એવી અત્યંત ઉપાદેયબુદ્ધિથી કર્યું, ને એવા ગદ્‌ગદભાવથી કર્યું, કે ત્યાં ઊઠીને એમણે પ્રભુપાસે ચારિત્ર લઈ લીધું! તે પછી પણ ભગવાને સંભળાવેલ "ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા" એ ત્રિપદીનું શ્રવણ ભારે અહોભાવ સાથે એટલી બધી ઉચ્ચ અત્યંત ઉપાદેય બુધ્ધિથી કર્યું, કે ત્યાં જ એમને અંતર્મુહુર્તમાં વિશાળ મહાસાગરસમા '૧૪ પૂર્વ શાસ્ત્રો'ને આખી દ્વાદશાંગીનો જ્ઞાન–પ્રકાશ ઝગમગી ઊઠ્યો!

જૈનેતર ચારિત્ર પામી જાય! ને જૈન ન પામે? કારણ, અત્યંત ઉપાદેય-બુદ્ધિ નહિ.

કોઇપણ ધર્મસાધના કરીએ પરંતુ એ કેવી અત્યંત ઉપાદેય–બુધ્ધિથી કરવાની એની આ વાત છે. એ સાધના કરતી વખતે એ સિવાયનું બીજું બધું ભુલાઈ જાય, ને એ જ મનમાં રમ્યા કરે, એવી એમાં તન્મય સ્થિતિ જોઇએ. ત્યાં બીજી સાધના પણ મનમાં ન આવે, કેમકે એ શોક્યનું કામ કરે છે. એટલે એ પ્રસ્તુત સાધનાનું આકર્ષણ ઓછું કરે. ઘણીને શોક્ય-પત્ની આકર્ષે એટલે બીજી તરફ ધણીનું આકર્ષણ મંદ પડે. એમ એક સાધના વખતે બીજી સાધનાના વિચારમાં એનું આકર્ષણ સાબિત થાય છે. એ આવ્યું એટલે ચાલુ સાધના પરનું આકર્ષણ ઘટ્યું, એના પર કર્તવ્ય–બુધ્ધિ અત્યંત ન રહી; પરંતુ,

'ચાલુ સાધનામાં તન્મય થઈ અનંતા કેવળજ્ઞાન પામી ગયા' જો આ વિચારીએ તો અત્યંત તન્મયતા આવે.

એથી ચાલુ સાધના પર અત્યંત કર્તવ્ય-બુદ્ધિ જાગીને આ સાધનામાં સર્વહિત દેખાય, સર્વ દુઃખોનો નાશ દેખાય, સર્વ આનંદ સમજાય. આ હોય તો સાધના વખતે બીજો વિચાર મનમાં ઊઠે નહિ, એવી સાધનામાં નિશ્ચળતા આવે છે.

આ જ હિસાબે માનો કે સાધુ વિહાર કરીને સ્થાને પહોંચ્યા. ત્યાં એ ભલે ને થાકયા પાકયા છે, છતાં કોઇ આરામી કે ટહેલ–ટપ્પામાં સમય ન લગાડતાં સ્વાધ્યાયમાં લાગી જવાના! કેમકે સમજે છે કે,

'સ્વાધ્યાયઃ પરમં મંગલં'

આજે ઈતરો પણ બહારગામ જવું હોય, યા કોઇ મહત્વનું કામ કરવું હોય, તો પણ પહેલાં ગીતા વગેરેનો સ્વાધ્યાય કરી લે છે. જૈન ધર્મમાં પણ મુનિઓને ગોચરી લાવી વાપરતા પહેલાં સ્વાધ્યાય કરવાનું કહેલ છે. ગઈ કાલ કરતાં આજે જુદા મુકામમાં સૂવાનું હોય તો 'ધમ્મો મંગલ'નો સ્વાધ્યાય કરવાનો હોય છે. સાધુ શ્રાવકને ધંધાર્થે નીકળતા પહેલાં નવકાર, ઉવસગ્ગહરં વગેરેનો સ્વાધ્યાય કરવાનો હોય છે. સાધુ આવા પરમ મંગળરૂપ સ્વાધ્યાયને કર્તવ્ય સમજતો હોય તો એ છોડીને આરામી કે વાતોચીતો યા ડાફોળિયાં વગેરેની, જ્ઞાન–દર્શન – ચારિત્ર સિવાયની, પ્રવૃત્તિમાં પડી સ્વાધ્યાય શાનો ગુમાવે? સ્વાધ્યાય પર અત્યંત કર્તવ્ય બુદ્ધિ હોય ત્યાં વાતોચીતો વગેરેને તો ઝેર સમજે.

તથાભવ્યત્વ પકવતા રહોઃ મોહદૃષ્ટિ મૂકી જ્ઞાનદૃષ્ટિ રાખોઃ-

આવી અત્યંત ઉપાદેય–બુદ્ધિ એ શાનું ફળ છે? તથાભવ્યત્વ પાકવા માંડયું એનું. એટલે જ તથાભવ્યત્વ પકવવાનાં, ચતુઃશરણ – સ્વીકાર, દુષ્કૃત ગર્હા અને સુકૃત – આસેવન, એ

ત્રણ સાધનનો રોજ ત્રિકાળ અને કોઈ રાગ દ્વેષના સંકલેશ વખતે વારંવાર ઉપયોગ કરવાનો છે. એમ કરતાં કરતાં તથાભવ્યત્વને વધુ ને વધુ પકવતા રહો, તો યોગબીજ આદિ દરેક ધર્મસાધના અત્યંત કર્તવ્ય બુદ્ધિથી કરાતી રહેશે. તેમજ મોહદૃષ્ટિ પડતી મૂકાઈને યોગદૃષ્ટિરૂપ જ્ઞાનદૃષ્ટિ જાગ્રત્ થઈ રહેશે. એના પ્રભાવે ય સાધના અત્યંત કર્તવ્ય બુદ્ધિથી કરાતી રહેશે.

યોગદૃષ્ટિ ચરમાવર્ત – કાળમાં અને તથા–ભવ્યત્વના પરિપાક પર પ્રાપ્ત થવાનું કેમ કહ્યું? આટલા જ માટે, કે અચરમાવર્ત–કાળમાં સદા અને ચરમાવર્ત વખતે પણ તથાભવ્યત્વ અપકવ હોય ત્યાંસુધી જીવને એકલી મોહદૃષ્ટિ હોય છે. મોહદૃષ્ટિ યોગદૃષ્ટિને ન આવવા દે. એ તો જ્ઞાનદૃષ્ટિ આવે તો જ યોગદૃષ્ટિમાં પ્રવેશ મળે.

મોહદૃષ્ટિ માત્ર બાહ્ય શરીર ઇંદ્રિયોને અને એના જ હિતને જોનારી હોય છે.

જ્ઞાનદૃષ્ટિ અંદરવાળા આત્માને અને એનાં હિતને જોનારી હોય છે.

અત્યંત ઉપાદેય બુદ્ધિનો પ્રભાવ :–

મોહદૃષ્ટિ અનાદિની ચાલી આવે છે. એ બહુ બંધી છે. આમ તો જ્ઞાનદૃષ્ટિ જાગે એટલે મોહદૃષ્ટિ દબાય; પરંતુ જ્ઞાનદૃષ્ટિ જગાડ્યા પછી પણ જો મોહદૃષ્ટિ ઊઠવા દીધી, તો જ્ઞાનદૃષ્ટિ ક્ષણવાર માટે અદૃશ્ય થઈ જવાની. દા.ત. પ્રભુનું દર્શન કરતાં કરતાં જો પોતાનાં કે બીજાનાં કપડા પર નજર ગઈ, તો જ્ઞાનદૃષ્ટિ ઊડી સમજો. ત્યાં મોહદૃષ્ટિ જાગવાની. પરંતુ જો દર્શન – સાધના અત્યંત ઉપાદેય–બુદ્ધિથી કરાતી હોય, તો પછી બીજામાં મન જાય જ નહિ. અરે! વિઘ્ન પણ આવે, તો ય પાછા ન પડાય; કેમકે સમજ છે કે 'આ સાધના તો મારે જે ઊછળતી પ્રીતિ-ભક્તિનાં રાગથી થઈ રહી છે, તો એ તો મારે ભાવી અનંતકાળ સુધારનારી છે! એની પ્રીતિ-ભક્તિનો રાગ એ દુન્યવી વિષયની પ્રીતિભક્તિ સામે મહાન મૂડીરૂપ બની રહેલ છે. એનાથી ઊભા થતા ઢગલો શુભ અનુબંધ(સંસ્કાર)ભાવી ભવોમાં ધર્મનો સહજ પ્રીતિરાગ – ભક્તિરાગ ઊભો કરશે.' આમ અત્યંત ઉપાદેયબુદ્ધિના પ્રભાવે વિઘ્નોની સામે પોતાની સાધનામાં નિશ્ચળતા રહેવાની.

(૨) સંજ્ઞાની અટકાયત

(ટીકા–) संज्ञाविष्कम्भणान्वितं=क्षयोपशमवैचित्र्यादाहारादिसंज्ञोदयाभावयुक्तम् । संज्ञा आहारादिभेदेन दश । तथा चार्षम् ,– "कइविहा णं भन्ते ! सन्ना पन्नत्ता ? गोयमा !– दसविहा, आहारसन्ना, भयसन्ना, मेहुणसन्ना, परिग्गहसन्ना, कोहसन्ना, माणसन्ना, मायासन्ना, लोभसन्ना, ओहसन्ना, लोगसन्ना" इति एतत्संप्रयुक्ताशयानुष्ठानं सुन्दरमप्यभ्युदयाय, न निःश्रेयसोपपत्तये, परिशुद्ध्यभावाद् । भवभोगनिःस्पृहाशयप्रभवमेतदिति योगिनः ।

અર્થ :– 'संज्ञा–विष्कंभणान्वित' એટલે ક્ષયોપશમની વિચિત્રતાથી આહારાદિ સંજ્ઞાઓના ઉદયના અભાવથી યુક્ત. (આવું અનુષ્ઠાન એ સંશુદ્ધ સાધના.) સંજ્ઞા આહારાદિ પ્રકારે દશ છે. તથા ઋષિવચન છે, "ભગવન્! સંજ્ઞાઓ કેટલી કહી છે? ગૌતમ! દશ પ્રકારે, આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા. ઓઘસંજ્ઞા, અને લોકસંજ્ઞા." આનાથી યુક્ત આશયવાળું અનુષ્ઠાન સુંદર હોવા છતાં (એ માત્ર) સ્વર્ગાદિ અભ્યુદય પમાડે, પણ મોક્ષ ન પમાડે, કેમકે અનુષ્ઠાનના આશયમાં વિશુદ્ધિ નથી. મોક્ષ તો ભવના ભોગની નિસ્પૃહતાવાળા આશયમાંથી જન્મે છે; એમ યોગીઓ કહે છે.

(૨) સંજ્ઞાની અટકાયત

વિવેચન :–યોગબીજની સાધના અને તદનુસાર કોઈપણ ધર્મ–સાધના સંશુદ્ધ આરાધવી હોય, તો પહેલી શરત, પહેલો ઉપાય આ કહ્યો કે સાધના અત્યંત ઉપાદેય–બુદ્ધિથી આરાધાય. હવે બીજી શરત બીજો ઉપાય આ કહે છે, કે સાધના વખતે આહારાદિ પાપસંજ્ઞાઓની અટકાયત રખાય; આહારસંજ્ઞા વગેરે સાધનાકાળમાં ઊઠવી ન જોઇએ. અર્થાત્ ચાલુ સાધનામાં પાપસંજ્ઞાની દખલગીરી ન જોઈએ. નહિતર એ સાધનામાં ચિત્તની તન્મયતા, સાધનાનો રંગ–અને જોસ બગાડી નાખે. સાધના સ્વચ્છ પાણી જેવી છે, પરંતુ સંજ્ઞાઓ એમાં મેલા રંગના ભૂકા જેવી છે. પાણીમાં મેલો રંગ પડે, પાણી બગડી જાય.

સંજ્ઞાઓ દશ પ્રકારની છે. એના માટે આ મહર્ષિ–વચન છે, કે–

"ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહાવીર પરમાત્માને પૂછે છે કે " ભગવન્ ! સંજ્ઞાઓ કેટલા પ્રકારની ?

ભગવાન કહે છે, ગૌતમ ! આહારાદિ દશ પ્રકારની સંજ્ઞાઓ છે. તે આ રીતે, કે–

આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, ક્રોધસંજ્ઞા, માનસંજ્ઞા, માયાસંજ્ઞા, લોભસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા."

આ સંજ્ઞાઓ એટલે તેની બણજ છે, લગન છે, લાગણી છે, લેશ્યા છે.

૧૦ સંજ્ઞાઓની ઓળખ

(૧) આહાર સંજ્ઞા એટલે ખાવાની બણજ ....ખાવાની લેશ્યા. ભલેને ખાઇને પેટ ભરાઈ ગયું હોય, તો પણ પછી બે ગરમાગરમ ભજિયાં આવ્યા તો એ ખાવાનું મન થઈ જાય; અથવા સ્નેહીનો માણસ આવી કહે છે, 'ચાલો જમણ છે, તમને બોલાવ્યા છે,' તો મનને બેદ થાય કે 'હાય ! વહેલા કયાં બાઈ લીધું ? હવે જમણમાં જઇને શું ખવાય ?' આ વિચાર બાવાની લગનના લીધે આવે છે.

અથવા ઉપવાસ હોય ને મનને દીનતા થાય કે, 'આજે બાવાનું નથી,' તે સવારથી મોં પર સુસ્તી આવે. આ બધું આહાર – સંજ્ઞાની લપ છે. ત્યાં મનને એમ ન થાય કે, 'હાશ ! સારું થયું જમી લીધું. હવે ભજિયાની કે જમણની ગુલામી નહિ કરવી પડે. એ સારું થયું. ઉપવાસ છે, તે આજે આહાર–સંજ્ઞાની ગુલામી ટળી ! 'ના, જીવને આહારની સંજ્ઞા ચાલુ રહેવામાં કે ઊઠવામાં કશું બોટું લાગતું નથી ! એટલે જ ધર્મસાધના પ્રભુભક્તિ કરતો હોય, માળા ગણતો હોય, ત્યાં મૂઢ મન વચ્ચે વચ્ચે યાદ કરે છે કે, 'હવે જમવાનો ટાઈમ થઈ ગયો છે.' એમ સત્તરભેદી પૂજા હોય ત્યાં બુશી માને કે 'ચાલો ૧૮ મો ભેદ જમણનો ય રાખ્યો છે, સારું થયું. !' એમ

(૨) ભયસંજ્ઞામાં ધર્મ–સાધના વખતે મનમાં કોઈ ને કોઈ ભય સ્ફુરી આવે. દા. ત. 'મંદિર બહાર જોડા મૂક્યા છે, તે કોઈ ઊપાડી તો નહિ જાય ?....યા તપસ્યામાં શરીરના લોહી માંસ સુકાઈ તો નહિ જાય ?' અથવા 'પોષધ પ્રતિક્રમણ કરવા જાઉં છું તો મને કોઈ ભગતડો યા ધરમઘેલો તો નહિ કહે ?'....'દાન કરું છું પણ તકતી નહિ લાગે તો ?'....આવા આવા મનને ભય રહે.

(૩) મૈથુન-સંજ્ઞા યાને વિષયસંજ્ઞા એટલે મનગમતા રૂપ, રસ, સ્પર્શ વગેરેની બણજ, એના તરફ ઝોક. પ્રતિક્રમણ કરતો હોય અને મનને થાય 'પેલી બારી ખૂલે તો સારું, પવન આવે,' અથવા 'હાશ, બારી પાસે જગા મળી, સારું થયું ! પવન ઠંડો સારો આવે છે.' શાસ્ત્ર-સ્વાધ્યાય કરતો હોય ને મધુરા સંગીત

વાજિંત્રનો સૂર આવે તો મન એમાં જઈ આનંદ અનુભવે; યા સાધના વખતે સ્ત્રી દેખી એનાં રૂપ કે અંગોપાંગ તરફ આકર્ષાય.

(૪) **પરિગ્રહસંજ્ઞામાં** ધર્મસાધના વખતે મનને એમ થાય, કે 'આમાં બહુ ખરચો નથી કરવો'....'મોટા તપમાં યા ઉપધાનમાં પ્રભાવના સારી મળવાની છે'...'આજે પોષધ છે તો દુકાને કમાવાનું રહી જશે પણ કાલે વધારે કમાઈ લઈશ'.... વગેરે.

(૫) **ક્રોધાદિ કષાયોની સંજ્ઞા** એવી, કે ધર્મ-સાધના વખતે સહેજ સહેજમાં ક્રોધ અભિમાન વગેરે ઊડી આવે. દા. ત. પોતે પ્રભુનાં દર્શન કરવા ઊભો છે, ને વચમાં કોઈ આડુ આવ્યું પ્રભુ દેખાતા બંધ થયા, ત્યાં મનને ગુસ્સો ચડી આવે કે 'આ કેવો નાલાયક છે કે બીજાનાં દર્શન ઢાંકે છે! પોતે સ્તવન ગાતો હોય પછીથી બીજાએ સારા કંઠે સ્તવન ઉપાડ્યું, ત્યાં એના પર અરુચિ થાય. એમ,

(૬) **માનસંજ્ઞામાં** ધર્મસાધના વખતે દા. ત. સાધર્મિક જમણ જમાડતાં મનને એમ થાય, કે 'પેલાના જમણને આંટી મારું' સાધુ વ્યાખ્યાન કરતો હોય ત્યાં એને ય એમ થાય, કે 'બીજાનાં વ્યાખ્યાન ભુલાવી દઉં.' આ માનસંજ્ઞાનું નાટક છે.

(૭) **માયાસંજ્ઞામાં** ધર્મ કરતી વખતે એક યા બીજા પ્રકારની માયા ખેલાય. દા. ત., તપ-શક્તિ વધારે હોય, પણ ઓછો તપ કરી બહુમાં ખપાવે, યથાશક્તિમાં ખપાવે. સુકૃતમાં પૈસા કોઈના હોય, પણ પોતે જશ લે, કે-'મેં પૈસા સારા ખરચ્યા'. પોતાના ઘર દેરાસરની આવક હોય ને બહારગામ બીજા દેરાસરમાં પોતાની રકમ તરીકે ભેટ મોકલે. આવું માયાસંજ્ઞાનું તોફાન છે.

(૮) **લોભસંજ્ઞામાં**, ધર્મસાધના કરતી વખતે એક યા બીજા પ્રકારના માનપાન યા પૈસા-ચીજ-વસ્તુનો લોભ ઊઠે, લોભના તૃષ્ણાના કે મમતાના વિચાર આવે. દા. ત. 'પૂજા ભણાવું છું, યા જમણ જમાડું છું, પણ જશ મળે તો સારું;'... 'તપસ્યા કરું છું, સોલ પહોરી પોષધ, ઉપધાન કરું છું, પણ પ્રભાવના સારી મળે તો સારું;'... 'પુસ્તકો બહાર પાડું, સંસ્થા સ્થાપું ને મારા ભક્તો વધી જાય, અહીં યશ ને બહાર કીર્તિ ફેલાય તો સારું;'...આ બધા લોભ-સંજ્ઞાના ખેલ છે.

(૯) **ઓઘસંજ્ઞા** એટલે ગતાનુગતિકતા. ધર્મ-સાધના કરે પણ એમાં વિધિ-વિધાન વગેરે જાણવા-આદરવાની કશી ગરજ ન હોય. બીજા અજ્ઞાનીઓ કરે છે તેમ ચીલાચીલે કર્યે જાય. આત્મહિતનો ય વિચાર નહિ કે 'આ સાધના કરું ને મારા આત્માનું હિત થાય.' એ તો રાબેતા મુજબ કર્યે જાય. તાત્પર્ય, નિર્વિચાર સાધના.

(૧૦) **લોકસંજ્ઞામાં**, ધર્મ કરે પણ લોકની વાહવાહ લેવા પૂરતો કરે, લોકોમાં સારા દેખાવા કરે, લોકને સારું મનાવવા ધર્મ કરે. અથવા સાધના અંગે શાસ્ત્ર શું કહે છે તે ન જુએ, પણ લોકો કેમ ચલાવે છે એના આધારે પોતે ચલાવે. આ લોક સંજ્ઞાની ગુલામી છે.

આ દસેય પ્રકારની સંજ્ઞાઓ પાપસંજ્ઞાઓ છે, ધર્મ-સાધનાને અને સાધનાની આંતરિક પરિણતિને એ બગાડી નાખે છે. માટે અહીં સંશુદ્ધ-વિશુદ્ધ સાધના માટે આ બીજી શરત મૂકી, બીજો ઉપાય મૂક્યો, કે-સંજ્ઞાઓની અટકાયત જોઈએ.

સંજ્ઞાની અટકાયત શી રીતે કરવી ?

સંજ્ઞાની અટકાયત કરવા માટે આ વિચારવું, કે—(૧) શાસ્ત્રકાર યોગબીજની સાધના આપણે વિશુદ્ધ કંચન જેવી કરીએ એમ ઇચ્છે છે; તેથી આપણે એવી જ કરવી જોઈએ, ને એ માટે શાસ્ત્રે કહ્યા પ્રમાણે સંજ્ઞા અટકાવવી જ જોઈએ.'

(૨) વળી એમ વિચારવું કે ' આપણે યોગબીજની સાધના કરી યોગસાધનામાં જઈ અંતે વીતરાગ થવું છે, વિષય-કષાય-મુક્ત થવું છે, તો સાધનાની વચમાં કષાયોની અને કષાયના નિમિત્તભૂત વિષયોની લાગણી લગન કેમ લવાય ? મારા ભગવાને રુડા માનવ-અવતારે, કષાયો અને વિષયો આત્માનું નિકંદન કાઢનારા હોવાથી આમે ય સેવવાની ના પાડી છે, તો ધર્મસાધનામાં તો મારે એ બાસ નહિ સેવવા.'

(૩) વળી આત્માની ધિટ્ઠાઈ નિર્લજ્જતા વિચારવી. દા.ત. 'જ્યારે પ્રભુભક્તિ કરતો હોઉં, ત્યારે પ્રભુની સમક્ષમાં જ વિષય-કષાયો સેવું ? તો એ મારી કેટલી બધી ધિટ્ઠાઈ ! કેમ જાણે 'પ્રભુ ! તમે ભલે ના પાડી, પણ હું તો અહીં તમારી સમક્ષ પણ એ સેવવાનો,-એવી ધૃષ્ટતા -બેઅદબી-નિર્લજ્જતા કરું ? ના, સંજ્ઞાને તો યોગ્ય શુભ વિચારથી પહેલેથી જ અટકાવી દઉં. દા. ત. સાધના વખતે,—

(૧) આહારસંજ્ઞા રોકવા વિચાર :-

આહારસંજ્ઞા ઊઠી તો એમ વિચારું, કે-

' ભૂંડા જીવ ! આત્માના હિતની સાધના લઇ બેઠો ત્યાં કુટિલ કાયાના હિત જોવાનાં ?

પવિત્ર સાધના વખતે તુચ્છ ખાવા પીવાનું શું વિચારે ?

પ્રભુનાં ભજન વખતે પાપી ભોજન-કથા ?

આ સંસારમાં પૂર્વભવોમાં અને આ ભવોમાં પણ કેટલું ખાધું ને પીધું ? તો એની તૃષ્ણાનો અંત આવ્યો ? આ જ જનમમાં ૪૦ વર્ષોમાં રોજની ૪-૪ રોટલી લેખે લગભગ ૫૬ હજાર તો રોટલીઓ ખાઈ નાખી ! ને રોજના ૪ લીટર પાણીના હિસાબે ૫૬ હજાર લીટર પાણી પી નાખ્યું ! છતાં ખાનપાનની લગન ન મટી, એવી રાક્ષસી લગનને અહીં પવિત્ર આત્મ-હિતની સાધનાની વચ્ચે લાવે ?'

(૨) ભયસંજ્ઞાને અટકાવવા એમ વિચારવું કે, ' આત્મહિતની સાધનાનાં અમાપ ફળની આગળ પૌદ્ગલિક ચીજ-વસ્તુ જેનો તું ભય રાખે છે, એ તુચ્છ છે. તુચ્છના ભયથી લાખ રૂપિયાની સાધના શા માટે કલુષિત કરું ? એમાં તો સાધનાના મહાલાભના ટકા કપાઇ જશે.'

(૩) વિષયસંજ્ઞા રોકવા એ વિચારાય, કે-વિષયોની સેવા તો આત્માની ભાવશત્રુભૂત ઇંદ્રિયોને સાલિયાણાં છે.

શાસ્ત્રો ઇંદ્રિયોને ભાવશત્રુ કહે છે. શત્રુને સાલિયાણાં-ભરાય ? એથી તો શત્રુ પગભર રહી આપણું નિકંદન કાઢતો જ રહે. વળી (૨) જો આત્માની હિત-સાધનાથી સંસારથી તરવું છે, તો એ સાધના વખતે સાંસારિક વિષયો મનમાં લવાય ? એથી તો સંસારથી ઉદ્ધાર કરનારી વૈરાગ્ય-ભાવના ભોળી પડી જશે, નિસ્સાર બની જશે ! તો તારો ઉદ્ધાર કયારે ? કયાં કેવી રીતે ?

દુન્યવી વિષયોના રસ અને રંગે રંગાયો જીવ ભવમાં ભટકી રહ્યો છે,

એ રસ-રંગ ઓછા કરવા તો ધર્મ-સાધનાથી ધર્મના રસ અને રંગ ઊભા કરવા છે.

'ધર્મ સાધતી વખતે પણ વિષયના રસ-રંગ પોષીશ, તો પછી ધર્મના રસ-રંગ કયારે ઉભા કરીશ ? કયા જન્મારે વિષયોના રસ અને રંગ ભોળા પાડી શકવાનો ?'-આવા હૃદયસ્પર્શી વિચારથી વિષયસંજ્ઞાને ભોળી પાડી શકાય.

(૪) પરિગ્રહ-સંજ્ઞા અટકાવવા માટે પણ એમ વિચારાય, કે ' કોડોની કિંમતની આ રત્ન જેવી ધર્મ-સાધના વખતે તાંબિયા પૈસા તુલ્ય પરિગ્રહમાં શું ભોં ઘાલવું ? બોલે છે ને ?-

" પત્થર જેવા પૈસા, ને સોના જેવા પ્રભુ !
બોલો તમને કોણ ચારું, પૈસા કે પ્રભુ ?'

ચક્રવર્તીઓએ છ ખંડની સમૃદ્ધિ છોડી, ને શાલિભદ્રે દેવતાઈ નિત્ય નવી ૯૯ પેટીઓના વૈભવ છોડી ચારિત્ર લીધા છે, તો તું ધર્મ–સાધના વખતે તુચ્છ પરિગ્રહની સંજ્ઞા ન છોડી શકે ?' આમ સમજાવીને મન પરિગ્રહમાંથી વાળી લેવાય.

નિદ્રાસંજ્ઞા કેમ અટકે ? :–

એમ, નિદ્રાસંજ્ઞા પણ ધર્મસાધનામાં દખલ કરતી હોય, દા. ત. માળા ગણતાં કે પ્રતિક્રમણ વખતે મનને એમ થાય, કે 'આ ઝટ પૂરું કરીને સૂઈ જવું છે, આરામ કરવો છે,' તો એ સંજ્ઞા રોકવા એમ વિચારાય, કે–

'અરે ! આ સાધનાના આત્માનંદમાંથી હું પુદ્ગલના પાપાનંદમાં ક્યાં પેઠો ?

ભગવાન ઋષભદેવ સ્વામી ચારિત્ર લઈને એક હજાર વર્ષ સુધી દિવસે કે રાતે જમીન પર પલાંઠી મારીને બેઠા નથી ! ત્યાં સૂવાની કે આરામની વાત નહી. હજાર વરસ મોટા ભાગે કાઉસ્સગ્ગ–ધ્યાનમાં ખડાખડા રહ્યા છે. તો હું આટલી ટૂંકી ધર્મસાધનામાં નિદ્રા આરામીની ભાવના વિના ન રહી શકું ?' ધર્મસાધનામાં પણ એની સામે નિદ્રા–આરામીની ભાવના એ સાધના કરતાં પણ નિદ્રા–આરામીના વધુ પડતા રાગને સૂચવે છે. તો,

નિદ્રા–સંજ્ઞા એના ગાઢ સંસ્કાર-ગાઢ અશુભાનુબંધ પાડશે ? એ લઈને તું ક્યાં જઈશ ?

એના કેવા કટુ વિપાક ? ને એ મને ભવાંતરે શી રીતે આત્માના આનંદમાં કે ધીખતી ધર્મસાધનામાં ઠરવા દેશે ? અરે ! આ સંજ્ઞાઓના સંસ્કાર ધર્મરુચિ જ મહિ જાગવા દે'....ઇત્યાદિ વિચારીને નિદ્રાસંજ્ઞા અટકાવાય. એમ

(૫) ક્રોધસંજ્ઞા અટકાવવા

(i) સામાને ન્યાય અપાય,

(ii) ઉપબૃંહણા થાય. દા.ત. આપણા પ્રભુ–દર્શને કોઈ આડે આવી ઊભો, ત્યાં વિચારાય, કે 'એને પણ પ્રભુદર્શનનો હક છે.' વળી

(iii) ઉપબૃંહણામાં 'જગતના ક્રોડો જીવો દુનિયાનાં દર્શનમાં પડ્યા છે. ત્યારે આ ભાગ્યવાન છે, કે પ્રભુનાં દર્શને આવ્યો છે !' એમ એની ઉપબૃંહણા થાય. સામાના ધર્મની ઉપબૃંહણા–સમર્થન–અનુમોદના એ સમ્યગ્દર્શનને પખાડનાર ને નિર્મળ કરનાર એક આચાર છે.

દર્શનમાં કોઈ આડે આવ્યો ત્યારે આ ઉપબૃંહણા કમાવાની તક મળી, સમ્યક્ત્વ નિર્મળ કરવાની તક મળી. તો

ઉપબૃંહણાનો એ શુભ અધ્યવસાય કમાવાનો મૂકી કષાયનો મલિન અધ્યવસાય કોણ કરે ?

પ્રભુનું આંતરિક દર્શન

(iv) બીજી રીતે એમ વિચારાય, કે 'ચાલો, ભાઈ આડે આવ્યા તો હું આંખ મીંચી પ્રભુનું માનસિક દર્શન કરું. એમાં 'મેં ખુલ્લી આંખે દર્શન કેવાં કર્યા અને પ્રભુની મુખમુદ્રા કેટલી યાદ રહી, એનું પારખું થશે' આમેય પ્રભુનાં ખરેખર દર્શન કરવા હોય, તો પહેલાં ૧ – ૧॥ મિનિટ પલકારા માર્યા વિનાની આંખે પ્રભુને બરાબર જોઈ લેવા. પછી આંખ મીંચી મનથી જાણે હુબહુ પ્રભુને જોવાના. બાહ્ય દર્શન કરતાં એમ આંતરિક દર્શન કરવામાં આ વિશેષતા છે, કે બાહ્યદર્શનમાં પ્રભુ સિવાય આજુબાજુનું પણ દેખાયા કરે છે; ત્યારે આંખ મીંચી એટલે એ બધું દેખાતું બંધ થયું ! હવે આંતરિકમાં તો આપણે ધારીએ એટલું જ દેખાય. તેથી જો આપણે સામે માત્ર પ્રભુ ધારીએ તો પ્રભુ જ દેખાય, અને બીજું બધું બહારનું દેખાતું બંધ થઈ જાય. બાહ્ય કે આંતરિક દર્શનમાં ખાસ જોવાની છે પ્રભુની ચક્ષુ, ચક્ષુમાંય કીકી, અને કીકીમાંય નિર્વિકારતા ઉદાસીનતા જોવાની. આમ આંખ મીંચી અંદરમાં દર્શન કરવા

માંડીએ ત્યાં બહારના આડે ઊભેલા પર ગુસ્સો કરવાની જરૂર જ ન રહે. બલ્કે એ ઉપકારી લાગે કે એણે આપણને આંતરિક દર્શનની તક આપી !

બાહ્ય ક્રિયામાંથી આંતરિક ક્રિયામાં જઈએ તો જ કાંઇક આત્મામાં પામી શકીએ.

નહિતર તો કહેવાય છે ને, કે ' સાપ ખાય ને મુખડું થોથું ' કોઇને સાપ કરડે તો ગામડામાં કહેવાય છે કે 'એને સાપે ખાધો.' સાપે ખાધો પણ સાપના મુખમા શુ આવ્યું ? થોથું, કશું જ નહિ. એમ અહીં બાહ્ય પ્રભુ દર્શન આદિ ક્રિયા તો કરી, પણ અંતરમાં શું આવ્યું ? કહો, જો અંતરમાં કશું લાવવું જ નથી, તો શાનું આવે ?

સામાયિક લઇને બેઠા, બાહ્ય ક્રિયા તો કરી, પરંતુ એ વખતે આંતરિક સામાયિક એટલે કે સમભાવને લાવનારી આંતરક્રિયા કરવાની છે. દા. ત. એ ક્રિયા એટલે શાસ્ત્ર-સ્વાધ્યાયની ક્રિયા, અંદરમાં એવા અહોભાવ અને ગદ્‌ગદતા સાથે હૃદયસ્પર્શી અને વૈરાગ્યભીની થાય. કે એની સામે દુન્યવી વિષયો તુચ્છ લાગે, ને એના પ્રત્યે સમભાવ આવે, -કશું ઈષ્ટ નહિ, કશું અનિષ્ટ નહિ. પૂણિયો શ્રાવક આવાંજ કોક આંતરિક સામાયિક કરતો હશે, ત્યારે તો ત્રિલોકનાથ મહાવીર ભગવાને શ્રીમુખે એની પ્રશંસા કરી હશે ને ?

ધર્મસાધના વખતે સંજ્ઞાઓની અટકાયત માટે બાહ્ય સાધનામાંથી આમ આંતરિક સાધનામાં જવાનું છે. આંતરિક સાધનામાં જઈએ ત્યાં આહારાદિ કે ક્રોધાદિ સંજ્ઞા અટકાવવી જ પડે.

જો બાહ્ય ક્રિયા હોય પણ આંતરિક ક્રિયા તરીકે એને અનુરૂપ ચિત્તપરિણામરૂપ ક્રિયા ન હોય, તો બાહ્ય ક્રિયાની કશી કિંમત નથી. જ્ઞાનવિમળસૂરિ મહારાજ સીમંધર ભગવાનની આગળ આત્મનિવેદનમાં કહે છે—

"અક્રિય સાધે જે ક્રિયાજી,
તે નાવે તિલમાત;
મદ અજ્ઞાન ટળે જેહથીજી,
તે નહિ નાણની વાત."

અંતરથી અક્રિય અર્થાત્ ક્રિયા રહિત હોય, આંતરિક રીતે ક્રિયાને અનુરૂપ ચિત્તપરિણામ વિનાનો હોય, અને માત્ર બાહ્યથી ક્રિયા સાધતો હોય, તે ક્રિયા એકતલમાત્ર જેટલી ય કિંમતની નથી. ત્યારે આંતરિક ક્રિયાથી ને આંતરતેવા શુભ પરિણામથી અંતરના મદ (અભિમાન) અને અજ્ઞાન ટળે એવી જ્ઞાનયુક્ત ક્રિયાની વાત ન થાય; અર્થાત્ એના લાભના લેખા ન મંડાય ! વાત પણ સાચી છે. બળદ પણ ઘાણીને આંટા માર્યા કરે, પરંતુ અંદરમાં તલ જ ન નાખ્યા હોય તો તેલ કયાંથી નીકળે ? એમ બાહ્યથી ધર્મક્રિયા કર્યા કરીએ પણ અંદરમાં આંતરિક એના પરિણામ જ ન ઊભા કરાય તો ફળ શું ઊભું થાય ? જો આંતરિક ક્રિયાનુરૂપ પરિણામ યાને શુભ અધ્યવસાય ચાલુ ન હોય તો ઉલટું બાહ્ય ક્રિયામાં બીજા ત્રીજા વિચારની કેટલીય દખલ આવ્યા કરે. પેલા વણિકની વાત આવે છે ને ?

વણિક માત્ર બાહ્ય સામાયિકમાં :-

વાણિયો ઘરમાં સામાયિક લઈને બેઠેલો. બહારમાં દુકાન હતી. ઘરાક આવી બૂમ મારે છે, 'શેઠ નથી ?'

અંદરમાં છોકરાની વહુ સસરા સામે નજર નાખી ને પછી કહે છે, 'શેઠ મોચીવાડે ગયા છે.'

સસરો આ સાંભળી મનમાં સમસમ્યો. સામાયિક પુરું કરી વહુને પૂછે છે, ' કેમ વહુબા ! બોલતાં બહુ આવડે છે ? હું મોચીવાડે ગયો હતો ? કે અહીં જ મર્યો હતો ?'

વહુ કહે, "બાપુ ! માફ કરજો, તમે શરીરના બોખાથી અહીં હતા, પરંતુ મનથી મોચીવાડે હતા. કેમકે મેં જોયું કે તમારી નજર ફાટેલા જોડા પર હતી. તેથી મેં ધાર્યું કે તમે

વિચારતા હશો કે 'હું મોચીવાડે જઇશ, ત્યાં મોચી જોડો સાંધવાના ચાર પૈસા માગશે, હું બે પૈસા આપવા કહીશ. એ નહિ માને તો કાંઈ નહિ, એ નહિ તો એનો ભાઈ, બીજા મોચી પાસે જઇશ....' આમ મનથી તો બાપુ તમે મોચીવાડે જ ને ?"

સસરો ડાહ્યો હતો, તરત કબૂલ કરતાં કહે છે, 'વહુ ! સાચી વાત છે તમારી. હું ભૂલ્યો. ધન્ય તમારી બુદ્ધિને ! ને મને સાવધાન કરવાની તમારી હિંમતને !'

વહુ કહે, 'બાપુ બાહ્યથી ધર્મક્રિયા કરીએ, પરંતુ મનથી બહારમાં ફરીએ, તો બાહ્ય ક્રિયા માત્રથી અંતરાત્મા પર સારી અસર શી રીતે પડે ? સાચી પુણ્ય કમાઈ શી રીતે થાય ? દાદા પ્રતાપ મારા માતાપિતાના, કે પોતે મન પરોવીને ભાવથી ધર્મક્રિયા કરતા ને મને પણ એ રીતે ધર્મ કરવા સમજાવતા. તમારી ઉંમર થઈ પણ આવી ને આવી છાર પર લીંપણ જેવી ક્રિયા જિંદગીના છેવાડા સુધી ચાલે તો પરભવે કયા સારા સંસ્કારની મૂડી લઈ જવાની રહે ? માટે મહેરબાની કરી ધર્મ કરતી વખતે બહારમાં મન ન લઈ જઓ; ન લઈ જવાનો નિર્ધાર રાખો, તો મન બહારમાં નહિ જાય.' સસરાએ સ્વીકારી લીધું.

વાત આ છે,—બાહ્ય ક્રિયા કરતી વખતે આંતરિક ક્રિયા ચાલુ રાખો. અર્થાત્ અભ્યંતરમાં તેને છાજતા શુભ અધ્યવસાય પ્રવર્તતા રહે એવું કરો.

શુભ પરિણામને કોણ રોકે છે ? આહારાદિ કે ક્રોધાદિ સંજ્ઞાની વિચારણા.

તેથી આંતરિક સાધનામાં જવા માટે સંજ્ઞા-નિગ્રહ કરવાનો—એ માટે સાધનાકાળ સિવાય પણ એનો અભ્યાસ પાડવો જોઇએ.

સંજ્ઞા-નિગ્રહ માટે ચાલુ જીવનમાં ૩ મહાન કર્તવ્ય-

(૧) દુન્યવી ઈષ્ટ લાગતા વિષયોની ઘૃણાનો અભ્યાસ જોઇએ.

(૨) અહંત્વ-ક્રોધ-લોભાદિ કષાયો પર શક્ય એટલો અંકુશનો અભ્યાસ જોઇએ; તથા

(૩) ક્ષુધાદિ પરિષહોમાં દીન બન્યા સિવાય ઉત્સાહથી એ સહવાનો અભ્યાસ પાડયે જવાની ખાસ આવશ્યકતા છે;

જેથી સાધના-કાળે સંજ્ઞાઓથી હારી ન જઇએ, સંજ્ઞાઓ ઊઠીને આપણા પર ચઢી બેસે નહિ, તેમ સંજ્ઞા ઊઠવા જાય કે તરત દબાવી દેવાની જાગૃતિ અને બળ રહે.

આ તો સાધના વખતે ક્રોધ-સંજ્ઞામાં, દા. ત. પ્રભુ દર્શન વખતે કોઈ આડો ઊભો, એ વખતે થતા ગુસ્સામાં, શું કરવું એનો એક દાખલો લીધો. એમ ક્રોધના બીજા પણ પ્રસંગે બને, દા. ત. સાધર્મિક જમણ જમાડી રહ્યા છીએ, એ વખતે કોઇ બોલતું સંભળાયું, કે 'જમાડયું, જમાડયું બાપનું બુધવારું ? ડાલડાના લાડુ જમાડે છે !' ત્યાં ગુસ્સો ચડવા જાય કે 'આવાને શા જમાડવા હતા ?' પરંતુ એ વખતે એમ વિચારવું, કે 'જીવો કર્મવશ છે, કર્મના માર્યા આમ પણ બોલે. મારે તો સારા ચોકખા ઘીની મિઠાઈ જમાડવાના સુકૃતનો લાભ મળી જ ચુક્યો છે. પછી કોઇ ગમે તેમ બોલે, તેથી કાંઇ સુકૃતના લાભના ટકા કપાઇ જતા નથી.' આવું ગુસ્સાના બીજા પ્રસંગમાં પણ (૧) ધર્મસાધનાના નક્કર લાભ સિદ્ધ થવાનો સંતોષ માનીને,—અને (૨) જીવોની કર્મવશતા-પર દયા વિચારીને ગુસ્સો અટકાવી શકાય. એમ,

(૬) માનસંજ્ઞા અટકાવવા માટે :-

આ વિચારાય, કે દા. ત. 'સાધર્મિક જમણ જમાડતાં અભિમાન આવ્યું કે 'બીજાના જમણને આંટી મારે એવું આ મારું જમણ છે,' ત્યાં એ વિચારવાનું, કે 'જીવ ! તને આ મહાન

પુણ્યાનુબંધી પુણ્યકર્માણીની 'સાધર્મિક વાત્સલ્ય'–જેવી મહાન સાધના મળી છે, તો એથી તારે તુચ્છ વાહવાહ અને બીજાની હલકાઈ કમાવવી છે ? વાહવાહ તો ચાર દિનકી ચાંદની પણ પુણ્ય અહીં વટવાઈ ગયેથી, પછી પુણ્ય વિના ઘોર અંધેરી રાત. **બીજાની ઇર્ષ્યામાં તારું જુનું સત્તાગત** (સિલિકમાં રહેલ) **પુણ્ય પણ પાતળું પડી જશે.'**

મોક્ષનું કારણ મન જ કેમ ? :–

એમ માન સંજ્ઞામાં વ્યાખ્યાનકારને એમ થાય, કે બીજાના વ્યાખ્યાનને આંટી મારું,' તો એ અભિમાન રોકવા એમ વિચારવું કે 'આ વ્યાખ્યાનમાં મહાન પરોપકારનું સુકૃત–અદ્‌ભૂત કર્મ–નિર્જરા અને પુણ્યને બદલે માન–કષાયને પલ્લે શા માટે પાડું ? આ તો આંધળી દળે, ને કૂતરું ચાટી જાય જેવો ઘાટ થશે ! વળી વ્યાખ્યાન તો પૂર્વ પુરુષો જે ઉચ્ચ કોટિના કરતા, એમાનું તારી પાસે શું છે ? તીર્થંકર ભગવાનનાં–પ્રવચન કેવાં ? છતાં–એમને અભિમાન નહિ, ને તારે અભિમાન ?' એમ વિચારી અભિમાન અટકાવાય. એવું સુકૃતનું કે સંપત્તિનું અભિમાન આવે, ત્યાં પૂર્વ પુરુષોનાં અવ્વલ સુકૃત–સંપત્તિ વિચારી અભિમાન રોકી શકાય અથવા એમ વિચારાય કે 'છેવટે તો મન એવ મનુષ્યાણાં કારણં કારણં બંધમોક્ષયોઃ–અંતે તો શુદ્ધ મન જ મોક્ષ અપાવનાર છે; કેમકે જે શુકલ ધ્યાનથી જ કેવળજ્ઞાન અને પછી મોક્ષ મળે છે, એ શુકલધ્યાન શુદ્ધ મનનું જ કાર્ય છે. એટલે આ આવ્યું, કે

મલિન મનથી સંસાર; અને શુદ્ધ મનથી મોક્ષ. ત્યારે અનાદિના મલિન મનને શુદ્ધ કરવા માટે અહીં આ પવિત્ર સાધનામાં અવસર મળ્યો છે, તો પછી શા માટે એમાં જ મારે અભિમાન કરીને મનને વધારે મલિન કરવાની મૂર્ખાઈ કરવી ? આમ વિચારી અભિમાનને દબાવી મહાન નમ્રતા–મૃદુતા–લઘુતાનો ભાવ લાવી શકાય. એમ

(૭) માયાસંજ્ઞા અટકાવવા માટે,–

આ વિચારવું, કે "માયા તો ભવોની માતા છે,' એ સંસારના અનેક ભવોનું સર્જન કરનારી ! પવિત્ર ધર્મસાધના કરું છું તે ભવોને ટૂંકા કરવા માટે, દા.ત. ૧૦૦ ભવના ૫૦ કરવા માટે. એના બદલે માયાથી ૧૦૦ ના ૩૦૦ ભવ કાં કરું ? ધર્મસાધનામાં માયા તો ઝેર છે, એવું કે સાધનાનું–ધર્મનું ચૈતન્ય જ નષ્ટ કરી નાખે !

"આધ્યાત્મિક ઉન્નતિના પાયામાં જ્ઞાની ભગવંતો માયાનો ત્યાગ, ઋજુતા–સરળતા–નિખાલસતા અત્યંત જરૂરી કહે છે."

"માટે તો વૈયાવચ્ચી બાહુ–સુબાહુમુનિની આચાર્યે કરેલી પ્રશંસા પીઠ–મહાપીઠ મુનિ સહી ન શકયા, અને અંતરમાં ઇર્ષ્યા થઈ, છતાં બહાર દેખાવ અનુમોદના કરવાનો કર્યો,–એ આચાર્ય આગળ માયા કરી, તો છટ્ઠે ગુણઠાણેથી નીચે ઊતરી પડયા ! ને સ્ત્રીવેદ બાંધી બ્રાહ્મી સુંદરીનો સ્ત્રી અવતાર પામ્યા ! આ આત્મા કેટલા ઊંચા ! અને એમની સાધના કેટલી બધી ઊંચી હતી ! કે એ ત્યાંથી તો સૌથી ઊંચા અનુત્તર વિમાનમાં દેવ થયેલા ! છતાં સહેજ માયાએ એમની શરમ ન રાખી ! નીચેના ગુણઠાણે ઉતારી સ્ત્રીવેદ બંધાવ્યું ! તો માયા આપણી શરમ રાખશે ?" આમ વિચારી માયા અટકાવવી દબાવવી. એમ

(૮) લોભ સંજ્ઞા અટકાવવા માટે,–

આ વિચારવું, કે–

"લોભ એ પાપનો બાપ છે ! એક લોભ અનેક પાપોને ખેંચી લાવે.

"ધર્મસાધના એ ધર્મની સેવા છે, સેવા

નિષ્કામ ભાવે નિર્લોભતાથી કરાય એનાં અમાપ ફળ ! તો એને મૂકીને અહીંના તુચ્છ ફળનો લોભ શો કરવો ? વળી ઉમદા ધર્મ-સાધના કરીએ ને સાથે લોભની કુટીલ પાપ-સંજ્ઞાને પોષીએ? ઇત્યાદિ વિચારથી તુચ્છ લોભ પડતા મૂકાય.

(૯) ઓઘસંજ્ઞા રોકવા માટે,—

ધર્મ-સાધનામાં ઓઘસંજ્ઞા હોય એટલે કે ગતાનુગતિકતાથી ધર્મ-સાધના કરાતી હોય, તે ઓઘસંજ્ઞા રોકવા માટે આ વિચારવું કે

'ધર્મસાધના અનાદિના મલમલિન આત્માને ઉજ્જવલ બનાવવા માટે છે, પરંતુ એ ઉજળામણ ગતાનુગતિક ક્રિયાથી નહિ આવે; કેમકે

'ગતાનુગતિકતામાં આત્મદૃષ્ટિ નથી.'

'ઓઘસંજ્ઞામાં આત્માનો જડ માયામાંથી બહાર નીકળવાનો ને આત્માને પાવનકારી તરીકે ધર્મસાધના આદરવાનો ચિત્તોપયોગ નથી, તો આમ ચિત્તોપયોગ વિના ક્રિયાનો પુરુષાર્થ શા માટે વેડફી નાખું ?'

'મને મહાકિંમતી મન મળ્યું છે. એ પાપ ક્રિયામાં સજાગ રહેવા માટે, અને ધર્મમાં સંમૂર્છિમ બન્યા રહેવા માટે નહિ, કિન્તુ ધર્મસાધનામાં ઉપયોગવંતા બન્યા રહેવા માટે મળ્યું છે.'

'મનનો આ સદુપયોગ ન કરું તો ફરીથી મન મળવાની લાયકાત ન રહે, એટલે ભવાંતરે સંમૂર્છિમ અસંજ્ઞીના ભવ મળે !'

આ વિચારથી ઓઘસંજ્ઞા ટળે.

(૧૦) લોક-સંજ્ઞા અટકાવવા આ વિચાર જોઇએ, કે

'આત્માના ભવોની લાંબી પરંપરા છેદી નાખવા માટે સમર્થ એવી ધર્મસાધના જો લોકને રીઝવવા કરું, લોકોમાં સારા મનાવા માટે કરું, તો અરે! પેલું ભવોચ્છેદનું મહાન ફળ મળવાનું ઊડી જાય. દેખીતી વાત છે, કે—

'જો ધર્મસાધનાનું ફળ લોકરંજન અહીં જ લઇ લેવું છે, તો એમાં તો સાધના અહીં જ વટાવાઈ ગઈ ! હવે ભાવી ફળ તરીકે ભવોચ્છેદ ન મળે.'

ધર્મ-સાધના કરતી વખતે ખરી રીતે મનને આ ભાવ જોઇએ, કે 'આનાથી આ લોકને રીઝવવાથી શું ? અનંતજ્ઞાની અનંતા સિદ્ધોને રીઝવું, અર્થાત્ એમનાં જ્ઞાનમાં હું આનાથી યોગ્ય દેખાઉં; પણ તે લોકરંજનની ભાવના છોડું તો જ બને. માટે જ ઉપા૦ યશોવિજયજી મહારાજે લોકરંજનની સામે કહ્યું,

"લોક લોકોત્તર વાત,
રીઝ છે દોઇ જૂઇરી,
રીઝવવો એક સાંઈ
લોક તે વાત કરે રી."

અર્થાત્ લોકની રીઝ અને લોકોત્તર રીઝ યાને ભગવાનની રીઝ (પ્રસાદ કૃપા) એ બે જુદી જાતની રીઝ છે. કેમકે લોકની રીઝ મેળવવી મુશ્કેલ છે. ત્યાં જ કવિએ લખ્યું કે, "લોક તે દુરારાધ્ય"..કારણ લોકોમાં કોઇ એક રુચિના, તો કોઈ બીજી રુચિના હોય છે. એ બધાને એક સરખી રીતે એક પ્રકારની પ્રવૃત્તિથી શી રીતે રીઝવી શકાય ? વળી એના એજ માણસની આજે રુચિ અમુક, અને કાલે કાંક સાંભળે-કરે તો મન ફરી જતાં રુચિ ફરી જાય ! એટલે લોકને ખુશ કરવા એ કઠીન છે; તેમજ એમાંથી કશું નક્કર સારું ફળ પણ મળતું નથી. જ્યારે, ભગવાનને રીઝવવાનું તો સરળ; કેમકે ભગવાનની રુચિ એક જ પ્રકારની, અને તે

પણ ફેરફાર નહીં પામનારી; ઉપરાંત નક્કર સારું ફળ આપનારી. માટે કવિએ કહ્યું કે "મારે તો રીઝવવો એક સાંઇ." લોકો તો વાતોડિયા છે, આજે કંઈ વાત કરે, અને કાલે બીજી વાત કરે. એના પર મદાર ન રખાય. એમ વિચારી લોકસંજ્ઞાનો ત્યાગ રાખવો.

સારાંશ, ધર્મસાધના–યોગબીજસાધનામાં સંજ્ઞાની દખલ ન જોઇએ. અહીં પ્રશ્ન થાય,—

પ્ર૦–રુડી યોગબીજની, દા. ત. જિનેશ્વર ભગવાનની ભક્તિ–ઉપાસનાની સુંદર સાધના કરે છે, એમાં અનાદિના અભ્યાસવશ સંજ્ઞાની દખલ થઈ એટલામાં શું સાધના સુંદર ન રહી? શું એ નિષ્ફળ જાય?

ઉ૦–સાધના સુંદર ખરી, છતાં આહારાદિ પાપસંજ્ઞા ઊઠી એટલે ચિત્તનો આશય બગડ્યો. ભગવદ્–ભક્તિરાગનો આશય–અધ્યવસાય હતો, તે આહાર–વિષયાદિના રાગમય બન્યો. આવા આશયવાળી અનુષ્ઠાન–સાધના ભલે જિનોપાસનાની હોવાથી સુંદર ખરી, અને સ્વર્ગાદિ ફળ પણ આપે એ દૃષ્ટિએ નિષ્ફળ પણ નહિ, પરંતુ મોક્ષ ફળ ન આપી શકે. એ સંજ્ઞાના આશય–અધ્યવસાયવાળું અનુષ્ઠાન સ્વર્ગાદિ પ્રાપ્તિ માટે થાય; કેમકે અનુષ્ઠાન ત્રણ લોકના રાજા તીર્થંકર ભગવાનની સ્વીય રુચિથી આદરેલી ભક્તિનું અનુષ્ઠાન છે, એટલે એ નિષ્ફળ શાનું જાય? ફળ તો મળે, પણ સ્વર્ગાદિ દુન્યવી ફળ મળે. મોક્ષ ફળ નહિ. કારણ એ છે, કે આશયની નિર્મળતા નથી.

ધર્મક્રિયામાં અશુભ આશય કેમ ખરાબ?:—

પ્ર૦–આશય નિર્મળ ન હોય ત્યાં પણ ધર્મસાધનાથી સ્વર્ગ મળે, તો એમાં ખોટું શું?

ઉ૦–ખોટું એ કે સ્વર્ગ તો પાપાનુબંધી પુણ્યની ક્રિયાથી પણ મળી શકે છે. દા. ત. સ્વર્ગ સુખની લાલસાથી અભવી જેવા પણ ચારિત્ર પાળે છે, ને પાપાનુબંધી પુણ્ય ઉપાર્જી સ્વર્ગમાં જાય છે. શુભ ક્રિયાનું એ મહત્ત્વ છે, કે એથી પુણ્ય બંધાય; પરંતુ સાથે આશય ખોટો એટલે પુણ્યની સાથે અનુબંધ અશુભ બંધાય, કે જેના વિપાક ખતરનાક!

પુણ્યકર્મ સ્વર્ગ આપે, અને સાથેના અશુભ અનુબંધ ત્યાં દુર્બુદ્ધિ આપે.

એટલે સ્વર્ગસુખ ભોગવી લીધા પછી કેમ? તો કે એ દુર્બુદ્ધિથી આચરેલાં પાપાચરણ અને ઉપાર્જેલાં પાપકર્મોથી ભવચક્રમાં ભટકવાનું! ત્યાં કાંઈ મોક્ષ ન મળે કે મોક્ષાનુકુળ સદ્બુદ્ધિ ન મળે. આમ સ્વર્ગફળ મળ્યાની શી કિંમત? શી વિશેષતા રહી?

ત્યારે મોક્ષફળ ન મળવાનું કારણ એ છે, કે મોક્ષ તો આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, અર્થાત્ નિર્વિકારતા – વીતરાગતામય શુદ્ધ ભાવનું સ્વરૂપ છે. એટલો બધો ઉત્કૃષ્ટ વિશુદ્ધ ભાવ ક્યારે પ્રગટ થાય? કહો, પાયામાં ભાવની યાને આશયની વિશુદ્ધિ શરુ કરી હોય ત્યારે. એટલે જ કહેવાય કે,–

મોક્ષ–પ્રાપ્તિ માટે ચિત્તના વિશુદ્ધ આશયનું બહુ મહત્ત્વ છે. અને આશય પૌદ્ગલિક વિષયથી પરાઙ્મુખ હોય, અને આત્મા તથા આત્મિક ગુણની સન્મુખ હોય, એ જ વિશુદ્ધ આશય કહેવાય.

એમ, અધિક અધિક વિશુદ્ધ બનતાં પરાકાષ્ઠાએ શુદ્ધ આત્મમય વીતરાગતાની વિશુદ્ધિ બની જાય.

હવે સંજ્ઞાઓનો આશય જોઇએ તો પૌદ્ગલિક વિષય–સન્મુખ છે, વિષયો તરફ ઝોકવાળો છે, એટલે મલિન છે. એ ક્યાંથી અધિક અધિક વિશુદ્ધ થવાનો હતો, કે જેથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ રૂપ મોક્ષ તરફ લઈ જાય?

મોક્ષમાં તો વિષયોના રાગાદિનો ને ભોગનો કોઈ આશય નથી. વિષયોના ભોગ એ ભવની–સંસારની વસ્તુ છે. ભવના ભોગ છે, ભવમાં અર્થાત્ સંસારમાં એની સ્પૃહા રહે છે. ભવભોગની સ્પૃહા એ મલિન આશય છે. ભવભોગની નિસ્પૃહા હોય ત્યાં વિશુદ્ધ આશય આવે, ને એ આગળ આગળ વિશુદ્ધતર વિશુતમ બનતાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ વીતરાગતાનો આશય અને મોક્ષ જન્મે. માટે કહેવાય, કે

મોક્ષ તો ભવભોગની નિસ્પૃહામાંથી જન્મે છે.

સારાંશ, મોક્ષની ભૂમિકા એ જ કે ભવભોગની નિસ્પૃહા હોય. જ્યારે મોક્ષમાં લેશપણ વિષયાસક્તિ નથી, તદ્દન અનાસકત ભાવ છે, તો પછી એનો પ્રારંભ ભવભોગની આસક્તિ–આકર્ષણમાંથી શી રીતે થાય ? માટે યોગબીજ –સાધના વખતે સંજ્ઞાઓના આશય યાને ભવભોગના આશય ન નભે. એ મલિન આશય છે. સાધના મોક્ષ માટે કરવી છે, એટલે પરમ વિશુદ્ધિ માટે કરવી છે; ત્યાં આશયની મલિનતા કેમ ચાલી શકે ?

પ્ર૦ – આશય ભવના ભોગનો અનાદિનો હોઈ એની મૂળભૂત સંજ્ઞાઓ કેમ અટકે ?

ઉ૦ – સંજ્ઞાઓ રોકવાનું અઘરું નથી, રોકવાની આ ચાવી છે, – ખાતાં અલગ પાડી દો. જેટલા ભવના ભોગ એ બધા ઇંદ્રિયોના ખાતાના છે. ઇંદ્રિયો સાથેની ભાગીદારી બંધ કરો. દુન્યવી વેપારમાં ભાગીદાર વિશ્વાસઘાતી અને બેનગીમાં ઘણું લૂંટી ગયો માલમ પડે, તો તરત જ એની ભાગીદારી બંધ કરી દેવાય છે ને ? બસ, ઇંદ્રિયોએ જનમ જનમ આત્માનો વિશ્વાસ ઘાત કર્યો છે, આત્માનું ઘણું પુણ્ય અને ઘણી ગુણ–સમૃદ્ધિ લૂંટી છે. એટલે ઇંદ્રિયોને વિશ્વાસઘાતી ભાગીદાર તરીકે સમજી જઈ આત્મા એનું ખાતું અલગ પાડી દે, તો સંજ્ઞાઓ પર નિગ્રહ કરવો સરળ પડે; ને ધર્મ સાધનામાં એની દખલગીરી સહેજે અટકાવી શકે.

(૩) ફળની આશંસાનો ત્યાગ

(ટીકા–) 'फलाभिसंधिरहितं'=भवान्तर्गत-फलाभिसन्ध्यभावेन । आह,– 'असम्भव्येव संज्ञाविष्कम्भणे पूर्वोदितफलाभिसन्धिः ।' सत्यमेतत् तद्भवान्तर्गतफलमधिकृत्य, इह तु तदन्यभवान्तर्गतमपि सामानिकादिलक्षणफलमधिकृत्य गृह्यते, तदभिसन्धेरसुन्दरत्वात्तदुपात्तस्यास्य स्वतः प्रतिबन्धसारत्वतः । एतद्रहितं चेदमपवर्गसाधनं, स्वप्रतिबन्धसारं तु तत्स्थानस्थितिकार्येव तथास्वभावत्वात् , गौतमभगवद्बहुमानवत् ।

અર્થ :—

(સંશુદ્ધ યોગબીજ માટે ત્રીજું જરૂરી) 'ફલાભિસંધિરહિતં' અર્થાત્ ભવાન્તર્ગત યાને સંસારમાં સમાવિષ્ટ ફળની આશંસા ન હોવી. એનાથી સંશુદ્ધ બને. પ્રશ્ન થાય, કે સંજ્ઞાની અટકાયત થવાથી તો પૂર્વોકત ફળની આશંસાનો સંભવ જ નથી ને ? (પછી કેમ આ જુદું કહ્યું ?) ઉત્તર એ છે, કે (જુદું ન કહેવું) એ વાત સાચી છે, પરંતુ સંજ્ઞાની અટકાયત થતાં તે ભવમાં અંતર્ગત ફળની આશંસા ન થાય એને આશ્રીને (સાચું.) પરંતુ અહીં આ ત્રીજા ઉપાયમાં આ ભવ સિવાયના (પછીના) બીજા ભવમાં અંતર્ગત સામાનિક દેવાદિ સ્વરૂપ ફળને આશ્રીને આશંસાનો નિષેધ લેવાનો છે. કેમકે એવા ફળની આશંસા સારી નથી; કારણ એવી આશંસાથી મળેલું ફળ (મોક્ષ પ્રત્યે) સ્વતઃ પ્રતિબંધક છે. એવી આશંસાથી રહિત હોય તે યોગબીજ મોક્ષનું સાધન બને. સ્વતઃ પ્રતિબંધ કરનારી સાધના તો તેના તે જ સ્થાનમાં પકડી રાખે; કેમકે, એનો સ્વભાવ જ એવો

હોય છે, જેમ ગૌતમસ્વામીને ભગવાન પર બહુમાને (ત્યાં જ પકડી રાખ્યા પણ કેવળજ્ઞાન પમાડનારી શ્રેણિપર ન ચડવા દીધા.)

વિવેચન :—

સાધના સંશુદ્ધ હોવા માટે ત્રીજી શરત; ત્રીજો ઉપાય,–ફલાભિસન્ધિનો ત્યાગ છે. અર્થાત્ ભવાન્તર્ગત ફળની આશંસા નહિ રાખવાની. તાત્પર્ય, 'સાધનાથી મને પૈસા મળો, માન મળો... પરલોકે દેવતાઈ સુખ મળો;...' વગેરે સાંસારિક ફળની આશંસા ન રખાય, ફળની અપેક્ષા નહિ રાખવી જોઇએ. સાધના દ્વારા પૌદ્ગલિક લૌકિક ફળની આશંસા કરવી એ બેહુંદુ છે; કેમકે સાધના વીતરાગ ભગવાનની કરીએ એ વખતે સાંસારિક ફળની કામના રાખીએ એમાં દિલ મુખ્ય પણે સાંસારિક ફળ પર ચોંટે છે, વીતરાગ પર નહિ. પછી વીતરાગની સાધનાથી વીતરાગતા અને મોક્ષ તરફ આગળ વધવાનું થાય જ ક્યાંથી ? એ તો વીતરાગ પર મુખ્ય પણે દિલ ચોંટે તો જ બને.

મૂળ વાત આ છે, કે

સંગ ભૂંડો છે, સંગ છે ત્યાં સંસાર છે; સંગ નથી ત્યાં મોક્ષ છે.

ભવની અંતર્ગત પદાર્થોની કામના એટલે આસક્તિ થઈ, એ સંગ ઊભો થયો. જો એ સંગ ન ઊભો કરીએ, તો વીતરાગ તો એવા પ્રભાવવંતા છે, કે એમનાં આલંબને બધાય સંગ છૂટી જાય. કેમકે જોઇએ તો દેખાય કે વીતરાગ કેવલજ્ઞાની ભગવાન ત્રણેય જગતનું સારું – નરસું જુએ છે. છતાં એમને સારું જોઇને કોઈ મલકાટ ખરો ? નરસું જોઇને કોઇ ઉકળાટ ખરો ? ના, બંનેમાંથી કશું જ નહિ; કેમકે એમણે ઇષ્ટ વિષયોનો સંગ– આસક્તિ રાખી જ નથી. આવા વીતરાગને જોઇને તો એમ થાય કે 'મારા આ પ્રભુ મોટા વૈભવી અસંખ્ય ઇન્દ્ર–ઇન્દ્રાણીઓને ને એમના વૈભવ વિલાસને સાક્ષાત્ જુએ, છતાં એમને સંગ, નહિ, તો હું સામાન્ય વિષયોના સંગમાં પડું ને તે ધર્મ સાધનાને વટાવીને ?'

વાત આ છે કે સાધના વખતે આ સંગ આ વિષયાસક્તિ, ન ઊભી થાય એ માટે પહેલેથી જ સાધના સિવાયના કાળમાં આ પરિસ્થિતિ ઊભી કરવાની ભારે કોશીશ જોઈએ. આ તો દેરાસરનાં પગથિયા સુધી બાહ્યની એટલે કે સાંસારિક સંગની વાતો કરવાનું કે બાહ્ય લફરાં મનમાં પલોટવાનું ચાલુ હોય, પછી મંદિરમાં પેસી સીધો શી રીતે વીતરાગમાં અને અસંગમાં આવી શકવાનો ? આ કોણ કરાવે છે ? બાહ્ય પર યાને સાંસારિક પદાર્થો પર વધુ પડતી મમતા અને આસક્તિ એ ખતરનાક છે. એટલે ખરેખર તો એ ઓછી કરી વીતરાગ ભગવાન પાસે જતાં પહેલાં કમમાં કમ દશ મિનિટ પણ મનને બહારમાંથી ખેંચી વીતરાગ પર જોડાય તો પછી મંદિરમાં વીતરાગ પ્રભુમાં દિલ ઠરે.

ધ્યાનમાં રહે–

અપવર્ગ એટલે ? મોક્ષ પામવાની હાર્દિક ઇચ્છા પર જ સાધના ફળવાની, ને મોક્ષની ઇચ્છા એટલે અપવર્ગની ઇચ્છા. મોક્ષને 'અપવર્ગ' કહે છે. સ્થૂલભાષાથી જોઇએ તો 'અપવર્ગ' એટલે જેમાં 'પ'વર્ગ નથી તે. મૂલાક્ષરમાં 'ક' વર્ગ 'ચ' વર્ગ એમ 'પ'વર્ગ છે. એમાં પાંચ અક્ષર છે; પ – ફ – બ – ભ – મ. 'પ' એટલે પાપ. 'ફ' એટલે કે ફીકર, 'બ' એટલે કે બાધા – પીડા. 'ભ' એટલે કે ભય, ને પલટાતા ભાવ; અને 'મ' એટલે કે મરણ. એ પાંચનો વર્ગ 'પ' વર્ગ જ્યાં નથી તે અ-પવર્ગ છે, મોક્ષ છે. શબ્દ–વ્યુત્પત્તિથી જોઈએ તો 'અપ'=અપગત યાને નીકળી ગયું છે 'વર્ગ' ઊંચ – નીચપદ, પલટાતા ભાવ, વગેરેનું વર્ગીકરણ જેમાંથી, તેને અપવર્ગ – કહેવાય, મોક્ષ કહેવાય.

આવા અપવર્ગ અર્થાત્ પલટાતા અને ચડ-ઊતર થતા ભાવોથી રહિત, માટે જ સંગરહિત મોક્ષની ઇચ્છા – ઝંખનાવાળો શું યોગબીજની સાધના વખતે સાંસારિક પદાર્થોની આશંસાને ને પદાર્થોના સંગને પોષી, સાધનાને અશુદ્ધ–મલિન બનાવે ? ના, માટે જ સાધના વખતે દુન્યવી કોઇપણ ફળનો ઇરાદો નહિ રાખવાનો. અહીં પ્રશ્ન થાય,–

પ્ર૦ – પૂર્વે સંજ્ઞાઓની અટકાયત કહી, તે કરી દીધી હોય એમાં વિષય – પરિગ્રહની સંજ્ઞા ય બંધ થઈ. પછી સાંસારિક ફળની આશંસા થવી સંભવિત જ કચાં છે, તે એનો ત્યાગ એક જુદા ઉપાય તરીકે કહેવો પડે ?

ઉ૦ – વાત સાચી છે, પરંતુ સંજ્ઞાની અટકાયતમાં આ જનમના સાંસારિક ફળની આશંસાનો તો નિષેધ થઈ ગયો એટલે એને આશ્રીને જુદો ત્રીજો ઉપાય ન બતાવવો પડે; કિન્તુ આ સિવાયના બીજા ભાવી ભવના સામાનિક દેવપણું વગેરે ફળની આશંસાનો નિષેધ કરવા ફળાશંસાના ત્યાગને એક જુદા ઉપાય તરીકે બતાવવો જરૂરી જ છે.

પ્ર૦ – ઠીક છે, ભવાન્તરના સ્વાર્ગાદિ ફળની આશંસા ન કરવા આ ત્રીજો ઉપાય પણ જરૂરી હો, કિન્તુ ભવાન્તરનું એ સ્વર્ગાદિ ફળ આગળ જતાં મોક્ષ ફળની પ્રત્યે શા માટે બાધક હોય ? અને જો બાધક ન હોય તો એવા ફલની આશંસા છતાં ધર્મ–સાધનાની સંશુદ્ધતામાં કચાં વાંધો આવે ?

ઉ૦ – સ્વાર્ગાદિ ફળ એ પણ ભવાન્તર્ગત ફળ છે, સંસારની અન્તર્ગત સંસારમાં સમાવિષ્ટ યાને સાંસારિક ફળ છે; એટલે એની ય આશંસા સુંદર નથી; કેમકે એ આશંસિત સ્વર્ગાદિ મોક્ષભાવની પ્રત્યે સ્વતઃ બાધક બને છે. મોક્ષ ફળ તો ભવભોગ–નિસ્પૃહ સાધનાનું છે. એની પ્રત્યે ભવભોગસ્પૃહા – આશંસા સ્વતઃ બાધક બને છે. સ્વર્ગની સ્પૃહા સ્વર્ગનો રાગ એ ભવભોગનો રાગ છે. એ હોય ત્યાં મોક્ષનો રાગ ન ઊભો રહે એ સહજ છે. પૂછો,

પ્ર૦ – એમ તો ફળની આશંસા વિના નિરાશસંભાવે આરાધના કરે અને સ્વર્ગમાં જાય, તો ત્યાં ભવભોગ તો મળવાના; તો શું તેથી એ ય એને આગળ પર મોક્ષ – બાધક નહિ બને ?

ઉ૦ –ના, એણે સ્વર્ગની પૂર્વે આંશસા નથી કરી, તેથી વાસ્તવમાં સ્વર્ગસુખ યાને ભવભોગની એવી આસક્તિ નથી લઈ આવ્યો, કે જે મોક્ષ-બાધક બને. મૂળમાં ભવભોગની આશંસા જ સ્વતઃ મોક્ષબાધક છે. કેમકે મોક્ષ માટે નિર્મળ આશય જોઇએ, અને ભવભોગની આશંસા એક મલિન આશય છે. એટલે એ સહેજે પેલા નિર્મળ આશયને ઊભો થતો અટકાવે જ. એ સ્વતઃ બાધક ગણાય. દા. ત. ક્રોધનો ભાવ ક્ષમાના ભાવનો સ્વતઃ બાધક; એટલે એ હોય ત્યાંસુધી ક્ષમાનો ભાવ આવવા જ ન દે. એમ, સંસાર-સુખની ચાહના સાંસારિક વિષયોની આકાંક્ષા, એ મોક્ષયોગ્ય નિર્મળ આશયની સ્વતઃ બાધક ગણાય, તેથી એ સ્વર્ગમાં પણ નિર્મળ આશય ન આવવા દે. જુઓ,–

બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂર્વના ત્રીજા ભવે ચારિત્ર સારું પાળેલું; અને તપસ્યા જોરદાર કરેલી; પરંતુ ત્યાં સનત્કુમાર ચક્રવર્તીની પટ્ટરાણી એમને નમસ્કાર કરતાં એના સુંવાળા કેશની લટ આગળ લચી પડી, ને એમના પગને સ્પર્શી ગઈ. તો એમનું મન વિહ્વળ બન્યું; 'જેના કેશ આવા મુલાયમ, એનું શરીર કેવું કે મુલાયમ અને ગોરું ગુલાબી હશે !' એવા ચિંતનમાં આગળ વધ્યો; 'જો આટલી બધી ચારિત્ર અને તપની કઠોર સાધના પછી જો આ સુખ ન મળે, તો શું કામનું ?' એમ વિચારી ચક્રવર્તીના સુખ લેવાનું નિયાણું કર્યું', ભવ-

ભોગની તીવ્ર આશંસા કરી. આ આશંસા નહોતી કરી ત્યાં સુધી આશય નિર્મળ હતો, મોક્ષને અનુકૂળ હતો, પરંતુ હવે આશય બગાડ્યો, મલિન કર્યો, ત્યાં વાત ખલાસ થઈ ગઈ. એ મરીને દેવલોકમાં ગયો, પણ ત્યાં આશય મલિન, તે મરીને અહીં બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો તો ય આશય મલિન, તે જીવનભર મોક્ષને પ્રતિકૂળ આશય બન્યો રહ્યો. તો મરીને સાતમી નરકમાં ગયો.

વાત આ છે; મલિન આશય એ નિર્મળ આશય પ્રત્યે સ્વતઃ અર્થાત્ સ્વ–સ્વરૂપથી જ બાધક છે, એટલે જીવને એ આગળ ન વધવા દે. પોતાની સ્થિતિમાં જ પકડી રાખે. આ નિયમ છે,–

જે ભાવ જેનો સ્વતઃ સ્વરૂપથી બાધક હોય અને જીવથી જે છૂટે એવો ન હોય, એ ભાવ એને એની એ જ સ્થિતિમાં રાખી મૂકે છે પેલા બાધ્ય ભાવમાં જવા નથી દેતો.

આનો દાખલો ગણધર ગૌતમસ્વામીજી મહારાજનો મહાવીરપ્રભુ પર બહુમાન યાને સ્નેહયુક્ત ભક્તિનો ભાવ. એ સ્વતઃ વીતરાગ ભાવનો બાધક હતો, તેમજ પ્રભુની હાજરી સુધી ગૌતમ મહારાજથી એ છૂટે તેમ નહોતો, તેથી એ ભાવે એમને એની એ જ છાદ્મસ્થતાની સ્થિતિમાં રોકી રાખ્યા, પણ વીતરાગતા માટેની ધ્યાન શ્રેણી પર ન ચડવા દીધા. અલબત એટલું અહીં સમજવાનું છે કે શ્રી ગૌતમ સ્વામીજી મહારાજને કોઈ ભવભોગની સ્પૃહા–આશંસા નહોતી, છતાં એમને જે વીર ભગવાન પર સ્નેહ હતો, એ

ભવાન્તર્ગત ભાવ હતો, મોક્ષાન્તર્ગત ભાવ નહિ.

મોક્ષાન્તર્ગત ભાવ તો વીતરાગતાનો ભાવ કહેવાય, અને એની ભૂમિકાનો ભાવ કષાયનિગ્રહનો ભાવ ગણાય. ગૌતમ સ્વામીજીને પ્રભુ પર પ્રશસ્ત સ્નેહ યાને પ્રશસ્ત કષાયનો ભાવ હતો. પ્રશસ્ત કેવી રીતે ?

ગૌતમસ્વામી અષ્ટાપદ પરના ૧૫૦૦ તાપસોને બૂઝવી સાધુ બનાવી વીર પ્રભુ પાસે લઈ આવ્યા ત્યાં સુધીમાં તો એ તાપસો કેવળજ્ઞાન પામી ગયા હતા, એ પ્રભુ પાસેથી જાણી, પોતાને કેવળજ્ઞાન નહિ એનો ખેદ કરે છે. ત્યારે એમને આશ્વાસન આપવા,–

વીરપ્રભુ પર ગૌતમનો સ્નેહરાગ પ્રશસ્ત બે કારણે :–

(૧) ભગવાને ગૌતમ મહારાજને કહ્યું, "ગોયમા ! ચિરસંસટ્ઠોસિ, ચિરપરિચિઓસિ" "ગૌતમ ! તું મારે દીર્ઘકાળથી સંબંધમાં છું, ચિરકાળથી મારા પરિચયવાળો છું, એટલે તને મારા પર ગાઢ સ્નેહ છે; તેથી તારામાં વીતરાગતા અને કેવલજ્ઞાન આવતાં અટકે છે. પણ તું ચિંતા ન કર, ખેદ ન કર, કે 'હું જેને દીક્ષા આપું તે બધાને કેવલજ્ઞાન, અને મને જ કેવલજ્ઞાન નહિ !'– આવો ખેદ ન કરીશ, કેમકે અંતે તું અને હું બંને તુલ્ય સિદ્ધ થવાના છીએ."

અહીં જોવાની ખૂબી છે, કે પ્રભુએ સ્નેહ હોવાથી કેવલજ્ઞાન ન થવા બદલ ખેદ ન કરવાનું કહ્યું, પરંતુ 'તું સ્નેહ છોડી દે' એમ ન કહ્યું. કારણ ? પ્રશસ્તરાગ હેય નથી. પ્રભુએ ગૌતમસ્વામીને એ સ્નેહરાગ છોડી દેવા ન કહ્યું એ જ સૂચવે છે કે એ સ્નેહરાગ પ્રશસ્ત હતો.

(૨) પ્રશસ્તતાનું બીજું કારણ એ, કે ગૌતમ મહારાજનો ભગવાન ઉપર સ્નેહરાગ નિઃસ્વાર્થભાવનો હતો નિરાશંસભાવના ઘરનો એ સ્નેહરાગ હતો, તેમજ વીતરાગ દેવાધિદેવ પરનો એ રાગ હતો, તેથી પણ એ પ્રશસ્ત હતો.

પ્ર૦ – ભલે પ્રશસ્ત રાગ, પણ એ વીતરાગતાને અટકાવતો હોવાથી ત્યાજ્ય તો ખરો

જ ને ? તો પ્રભુએ 'એને છોડ' એમ કેમ ન કહ્યું ?

ઉ૦ – દેવ–ગુરુ–ધર્મ ઉપરનો પ્રશસ્ત રાગ ત્યાજ્ય નથી, માટે એ છોડવાની જરૂર નથી; કેમકે એજ રાગ વધી જતાં જીવને દેવ-ગુરુ–ધર્મ સાથે એટલો બધો એકાકાર બનાવી દે છે કે જીવને પરમાત્મભાવસાથેનો ભેદભાવ ભુલાવી દે છે. કહો કે એ પ્રશસ્તરાગનો ભાવ પરાકાષ્ઠાએ પહોંચી પરમાત્મભાવમાં જઈ પરિણમે છે; ને એ અહીંયા ગણધર ગૌતમ મહારાજને પ્રભુપરનાં પ્રશસ્તરાગમાં દેખાય છે. એ પ્રશસ્તરાગના લીધે પ્રભુનું નિર્વાણ સાંભળતાં એમને ખેદ થયો; અને ખેદમાં પ્રભુએ આવા સમયે મને કેમ આઘો મોકલ્યો, એ વિચારતા પ્રભુના વીતરાગતામય પરમાત્મભાવ પર એમની નજર ગઈ, અને પ્રભુના પરમાત્મભાવ પરથી પોતાના પરમાત્મભાવ પર નજર ગઈ, અને પ્રભુ પરનાં રાગમાંથી મહાવૈરાગ્ય અને આગળ વધતાં **પ્રભુ સાથેનાં સંભેદ પ્રણિધાનમાંથી અભેદ પ્રણિધાનમાં ચડી ગયા !** ને વીતરાગતાએ પહોંચી ત્યાંજ કેવલજ્ઞાન પામ્યા.

આવો પ્રભુનાં નિર્વાણનો પ્રસંગ નહોતો બન્યો ત્યાં સુધી પ્રભુ પરનાં બહુમાનમાં પ્રભુ પરના સ્નેહયુક્ત ભક્તિભાવમાં સ્થિર હતા, એટલે એમને આગળ અપૂર્વકરણ વગેરેના ભાવમાં ચડવાનું નહોતું થતું. કહો, કે પ્રભુ–સાથેનાં ભેદજ્ઞાન–ભેદધ્યાનમાંથી અભેદ–ધ્યાનમાં જવાનું થતું નહોતું. બાકી પ્રભુપરનો રાગયુક્ત ભક્તિભાવ પ્રશસ્ત કોટિનો હોઈ ત્યાજ્ય નહીં પણ આદરણીય છે. છતાં પણ એ પ્રશસ્ત કષાયનો ભાવ હોવાથી મોક્ષાન્તર્ગત ભાવ ન કહેવાય, પણ ભવાન્તર્ગત ભાવ જ કહેવાય. એણે શ્રી ગૌતમ મહારાજને એની એજ સ્થિતિમાં રોકી રાખ્યા.

આ દૃષ્ટાન્તથી અહીં સૂચવે છે, કે ભવ-ભોગના ફળની આશંસા જીવને એ જ સ્થિતિમાં રોકી રાખે છે; પછી ભલે એવી આશંસા–વાલી ધર્મસાધનાથી એ જીવ સ્વર્ગમાં ગયો; તો ત્યાં પણ એ ભવભોગની સ્પૃહામાં રહે છે, પૂર્વની આશંસાના સંસ્કાર એને ભવાન્તર્ગત ભાવમાંજ રોકી રાખે છે, મોક્ષાન્તર્ગત ભાવની ભૂમિકામાં જવા નથી દેતા. માટે સંશુદ્ધ સાધનાનો ત્રીજો જરૂરી ઉપાય 'ફલાભિસંધિનો ત્યાગ' યાને 'સાંસારિક ફળની આશંસાનો ત્યાગ' મૂક્યો.

(ટીકા–) एवंभूतस्यैव योगनिष्पादकत्वात्। न ह्यशालिबीजात् कालेनापि शाल्यङ्कुरः। एतत्त्वभिन्नग्रन्थेरपि तदेवं भवति चरमयथाप्रवृत्तिकरणसामर्थ्येन तथाविधक्षयोपशमसारत्वादप्रमत्ततयतेः सरागस्यैव वीतरागभावकल्पम्। यथाहुर्योगाचार्याः। 'योगबीजचित्तं भवसमुद्रनिमग्नस्येषदुन्मज्जनाभोगः तत्सक्त्यतिशयशैथिल्यकारी प्रकृतेः प्रथमविप्रियेक्षा तदाकूतकारिणी मुज्जासमागमोपायनं (च इत) चेतस्तदुचितचिन्तासमावेशकृद्ग्रन्थिपर्वतपरमवज्रं नियमात्तद्भेदकारि भवचारकपलायनकालघण्टातदपसारकारिणी समासेनें त्यादि। अतः संशुद्धं ह्येतदीदृशमेतदिति जिनकुशलचिन्तादिति। एतच्च तथाविधकालादिभावेन तत्तत्स्वभावतया फलपाकारम्भसदृशमिति॥

અર્થ :—

એવા પ્રકારનું (સંશુદ્ધ યોગબીજ) જ યોગનું ઉત્પાદક બનતું હોવાથી (યોગદ્વારા અપવર્ગ-મોક્ષનું સાધન બની શકે). ડાંગર સિવાયના ધાન્યના બીજમાંથી કાળે કરીને પણ ડાંગરનો અંકુર પેદા થાય નહિ. આ (સંશુદ્ધ યોગબીજ) તો ગ્રન્થિભેદ ન કર્યો હોય તેને પણ થાય છે; કિન્તુ ત્યારે (ચરમ યથાપ્રવૃત્તિકરણ

વખતે) જ થાય છે, (તે પૂર્વે નહિ);' કેમકે ચરમ યથાપ્રવૃતિકરણના સામર્થ્યથી તેવા પ્રકારનો પ્રબળ ક્ષયોપશમ (ત્યારે) થયો હોય છે. જેવી રીતે અપ્રમત્ત યતિ સરાગી હોવા છતાં એમને વીતરાગભાવ સમાન સમર્થ ક્ષયોપશમ હોય છે. તેથી એ વીતરાગભાવનું સચોટ સાધન બને છે. જેમકે યોગાચાર્યો કહે છે, – 'યોગબીજનું ચિત્ત ભવસમુદ્રમાં પડેલાને કંઇક ઊંચે આવવાના અનુભવ સ્વરૂપ છે, તે અનુભવ ભવ–આસક્તિની શક્તિને શિથિલ કરનારો છે, (અનાદિ) પ્રકૃતિનું પહેલું વિપ્રિય (વિરોધી) દર્શન છે, અને તે તેના અભિપ્રાયને અનુસરનારું છે. આ યોગબીજનું ચિત્ત મોક્ષના સમાગમનું ભેટણું છે. મોક્ષની ઉચિત ચિંતાના સમાવેશને કરનારું છે, ગ્રન્થિપર્વને ભેદી નાખનાર પરમ વજ્રસમાન છે. નિયમા તેના ભેદને કરે છે. સંક્ષેપમાં ભવકારાગારમાંથી પલાયન કરાવનાર કાળઘંટ સમાન એ યોગબીજચિત્ત છે. એ પ્રકૃતિવિરોધી દર્શન છે. એ ભવમાંથી છૂટકારો કરાવનાર છે... ઇત્યાદિ. એટલા માટે જ સંશુદ્ધ જિનકુશળચિત્ત વગેરે (યોગબીજ) એવું છે, અર્થાત્ તેવા પ્રકારના કાળ આદિ નિમિત્તથી તેવા તેવા પ્રકારના સ્વભાવે કરીને ફળપાકના પ્રારંભ સમાન છે.

વિવેચન :—

"યોગબીજની સાધના ત્રણ લક્ષણવાળી હોય તો 'સંશુદ્ધ' સાધના ગણાય," એમ કહ્યું.– આવું સંશુદ્ધ સાધેલું યોગ-બીજ હોય, તે જ યોગને લાવી શકે. છેલ્લે કારણ કહ્યું છે, કે સાંસારિક ફળની આશંસાથી જો જિનેન્દ્રભક્તિ સ્વરૂપમાં આગળ કહેશે તે સ્વરૂપ યોગબીજ સાધે, તો આશંસા ચાહનાં સાંસારિક ફળની છે, તેથી તો ચિત્ત મુખ્યપણે એમાં જ જવાનું. મન એમાં લાગવાનું નથી, તેથી એ યોગપ્રાપ્તિ માટે અશક્ત–અયોગ્ય જ બની જવાનું.

સાંસારિક ફળની આશંસા છતે યોગની અયોગ્યતા છે.

કેમકે, યોગમાં પ્રથમ કક્ષાનો યોગ છે અધ્યાત્મ યાને શ્રદ્ધાયુક્ત જીવાજીવાદિ તત્ત્વનું ચિંતન; ને એમાં તો સાંસારિક વિષયો જે આશ્રવ તત્ત્વ ગણાય, એના પ્રત્યે તો પાકી નફરત જોઇએ. તો જ આશ્રવ તત્ત્વની હેય તરીકે યાને ત્યાજ્ય તરીકે શ્રદ્ધા કરી ગણાય. જે હેય છે એના પ્રત્યે તો અભાવ હોય. એના બદલે જો એની આશંસા – ચાહના કરે, એનો પ્રેમ કરે, તો તો એણે શું એ હેય માન્યું ? કે આદરણીય માન્યું ? એટલે આ આવ્યું કે અધ્યાત્મયોગ માટે જરૂરી જે આશ્રવતત્ત્વની શ્રદ્ધા એની પ્રત્યે સાંસારિક ફળની આશંસા વિરોધી છે, તેથી એવી આંશસા અને આશંસાવાળું અશુદ્ધ–મલિન યોગબીજ યોગને ઉત્પન્ન ન જ કરી શકે. એ તો આશંસા વિનાનું વિશુદ્ધ યોગબીજ હોય તે જ યોગને ઉત્પન્ન કરી શકે; કેમકે યોગને અનુરૂપ બીજ હોય તે જ યોગોત્પાદક બને. દા. ત. ડાંગરને અનુરૂપ ડાંગર–બીજ ગણાય, તો ડાંગરબીજમાંથી ડાંગરનો અંકુર ઊગે, પણ ઘઉં–બાજરી વગેરે બીજા ધાન્યના બીજમાંથી ડાંગર અંકુર ન ઊગે. અહીં એક મજેનો ઉપયોગી પ્રશ્ન ઊભો થાય છે,—

ચાલુ સાધના વખતે સાધ્ય-શુભ-ફળનો વિચાર યોગ્ય છે ? :—

પ્ર૦ – સાધનામાં સાંસારિક ફળની આશંસા –વિચાર ન કરાય, તો શું મોક્ષફળનો વિચાર કરાય ? કે ન કરાય ?

ઉ૦ – પ્રશ્ન મજેનો છે, એનું સમાધાન એ છે, કે મોક્ષની આશંસા, મોક્ષ-ઉદ્દેશનો વિચાર જરૂર કરવાનો, પરંતુ તે સાધના શરૂ

કરવા પૂર્વે, શરુ કરતી વખતે અવશ્ય કરવાનો જેથી બીજા ભળતા ઉદ્દેશ મનમાં ન આવે; પરંતુ તે વિચાર ત્યારે જ કરવાનો, કિન્તુ સાધના ચાલુ કર્યા પછી નહિ; કેમકે સાધના વખતે સાધ્યફળનો વિચાર કરવા જતાં સાધનામાં વેગ, જુસ્સો, ને તન્મયતા લાવવાનું મોળું પડી જાય. એ તો એકલી શુદ્ધ સાધનામાં જ મન ઓતપ્રોત રખાય, તો જ એમાં જુસ્સો વેગ, ને તન્મયતા રાખી શકાય.

પ્ર૦ – પણ જે લક્ષ્ય હોય, દા. ત. મોક્ષનું, તો એની દિશામાં પ્રયત્ન રહે એ માટે તો લક્ષ્યનો વિચાર જોઈએ ને ?

ઉ૦ – એનો વિચાર તો સાધના શરુ કરતાં પહેલાં લક્ષ્ય નક્કી કર્યું એની સાથે નક્કી થઈ જ જાય. દા. ત. મોક્ષનું લક્ષ્ય છે. એટલે વીતરાગતાનું લક્ષ્ય છે, તો મનને નક્કી કરાય કે મારે આ સાધના કરવાની છે તે વીતરાગતાના બાધક કોઇ પણ સાંસારિક વસ્તુના રાગથી લાલસાથી નથી કરવાની. એમ, દા. ત. યોગબીજની સાધનાનું લક્ષ્ય અધ્યાત્મ-યોગમાં જવાનું રાખ્યું છે, તો મનને નક્કી કરાય, કે મારે આ સાધના કરવાની છે તે અધ્યાત્મયોગ એટલે વ્રતયુક્ત તત્ત્વ ચિંતનમાં જવા માટે કરવાની છે; તેથી એના બાધક અવિરતિના રાગ અને અતાત્ત્વિક વિકલ્પોથી બચતા રહેવાનું છે. આમ આ વસ્તુ નક્કી કરીને સાધનામાં જોડાયા, પછી તો એ લક્ષ્યના મંત્રજાપ કર્યા વિના શુદ્ધ સાધનામાં તન્મય થવાનું રખાશે. દા. ત. મોક્ષનો ઉદ્દેશ નક્કી કરી લઇ, જિનોપાસનામાં જિનભક્તિમાં જિનેન્દ્ર-દર્શન-પૂજન કરાય એટલે તેમાં જ તન્મયતા રાખવી છે. તો વચમાં વચમાં એ વિચાર ન લવાય, કે ' આ કરીને મારે મોક્ષ જોઇએ છે, મારે મોક્ષ જોઇએ છે,' કેમકે એમ વિચાર લાવવા જતાં વીતરાગના, ખૂબ જ અહોભાવભર્યું અને આ પ્રભુ અનન્ય શરણરૂપ મલ્યાની ગદ્ગદતાથી ભર્યું, દર્શન કરવાની અને એમાં તન્મય થવાની વસ્તુ ન બને. સાધના દરમિયાન સાધ્યના વારંવાર વિચાર સાધનાનો પ્રબળ ન બનાવી શકે. એ તો સાધનાના વિચાર ને સાધનાની લગન જ સાધનાને જોરદાર બનાવી શકે. જુઓ એના દાખલા,–

મહાવીર ભગવાન પર સંગમ દેવતા ઘોર ઉપસર્ગના જુલ્મ વરસાવી રહ્યો હતો, ત્યારે ભગવાને એની દયાનો વિચાર ન કર્યો, કે 'આ બિચારો આવા ઉપસર્ગ કરીને ભયંકર કર્મ બાંધી રહ્યો છે, તો એનું શું થશે ?' આવી ચિંતા ન કરતાં પ્રભુએ સમભાવ સાથે ઉપસર્ગસહનની સાધનામાં અડગતા કેળવી. અડગતા એ, કે ન તો ઉપસર્ગ પર દ્વેષ–કંટાળો–અરુચિ, કે ન તો ઉપસર્ગ કરનાર પર દ્વેષ–અરુચિ કરવાની. સાધનામાં તન્મયતાનો હિસાબ છે. સાધના છે ચારિત્ર લેતી વખતે જે ભીષ્મ પ્રતિજ્ઞા કરી છે, કે ' કરેમિ સામાઇયં' અને ' સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ,' અર્થાત્ ' સમભાવની ક્રિયા કરું છું' અને ' સમસ્ત પાપયુક્ત વ્યાપારનો ત્યાગ કરું છું,' એ પ્રતિજ્ઞાના પાલનની સાધના. એટલે એ પાલનમાં જ તન્મયતા રાખવાની છે. એ માટે આત્મા સાથે એકમેક બનેલા શરીર પર ભારે અશાતાના પ્રસંગ આવે ત્યાં સહેજ પણ ક્રોધપાપ, અહંત્વપાપ વગેરે ન ઊઠે, એ માટે મન ભારે મક્કમ કરવું પડે. મનને ક્ષમા–નમ્રતા..... આદિમાં ખૂબ જ ડૂબાડૂબ રાખવું પડે. હવે અહીં જો મોક્ષ–ફળનો, કે સામા જીવની દયાનો વિચાર કરવો હોય, તો મન એમાં લઈ જવું પડે. એ કેમ બને ? દુઃખોની ઝડી વરસતી હોય ને ક્ષમા નમ્રતા આદિ અખંડ જાળવવા છે, એટલે મન એમાં જ ભારે સ્થિર કરી રાખવાનું કામ જ કરવું પડે.

અર્ણિકાપુત્ર આચાર્યને કેવળજ્ઞાન પામેલા પુષ્પચૂલા સાધ્વીએ કહ્યું છે, કે 'તમને ગંગાનદી પાર કરતાં કેવળજ્ઞાન થશે.' એટલે એ નાવડામાં ગંગા પાર કરી રહ્યા છે. ત્યાં દુશ્મન દેવતાએ નાવડું ડોલંડોલ કરી, નાવમાં બેઠેલા લોકોના મનમાં ભ્રાન્તિ ઊભી કરી, કે 'આ માથામૂંડિયા સાધુના અપશકુને નાવ ડોલંડોલ થઈ છે,' તેથી લોકોએ એમને ઊંચકીને ગંગામાં ઊંચે ઉછાળ્યા ! અને એ વખતે વૈરીદેવતાએ આચાર્યને નીચે પડતાં ભાલાની અણીપર ઝીલ્યા. આચાર્ય ભાલે પરોવાયા.

હવે અહીં આચાર્યે ફળનો વિચાર ન કર્યો કે 'મારે કેવળજ્ઞાન જોઇએ છે,મોક્ષ જોઇએ છે'તો આ શું આવ્યું ? એમણે તો પોતાની સંયમની સાધનાનો જ વિચાર રાખ્યો. તે આ રીતે, કે અરે ! મારે સંયમ પાળવું છે, ને અહીં મારું શરીર લોકોને અને ભાલો ભોંકનારને અસંયમમાં–હિંસામા નિમિત્ત થઇ રહ્યું છે !, તેમજ શરીરમાંથી લોહી ટપકીને નીચે પાણીના અસંખ્ય જીવોની હિંસામાં નિમિત્ત થઇ રહ્યું છે ! કેવો હું હીન ભાગી ! ધન્ય છે તે સિદ્ધ ભગવંતોને, કે જેમણે શરીર જ રાખ્યું નથી, તો કોઇને ય પાપ ક્રિયામાં કે દુઃખમાં નિમિત્ત થતા નથી !' એમ કરી શરીર પર અને પોતાના અહંત્વ પર રાગ–આસક્તિ લેશ પણ એટલે કે અસંયમ ન થાય, તેમજ ક્રોધ–દ્વેષ આદિ અસંયમ ન થાય, એવી મક્કમતામાં મન લગાવ્યું. તાત્પર્ય, સંયમની સાધનામાં તન્મય બન્યા, તો ત્યાં શુકલ ધ્યાનની ધારાએ ચડી કેવળજ્ઞાન પામ્યા. આમ એ સાધ્ય ફળની આશંસા–ઝંખનામાં મન ન લઈ જતાં સાધનામાં જ તન્મય બન્યા.

નાગકેતૂ મહાન શ્રાવક પ્રભુની પુષ્પપૂજા કરતા હતાં. પૂજા શુદ્ધ કરવા પૂર્વે એને મોક્ષની આકાંક્ષા છે. મોક્ષનું લક્ષ્ય નક્કી છે પરંતુ સાધના કાળે સાધનાનો જ વિચાર છે. જિનભક્તિની સાધના છે, હવે સાધના–કાળમાં પ્રભુને પુષ્પ ચડાવવા કરંડિયામાંથી પુષ્પ લેતાં લેતાં અંદરનો છૂપાયેલ સાપ હાથે કરડયો, ત્યાં જિનભક્તિના ભાવના સાધના જરાય મોળી ન પડે, ઉલટું વધતી રહે, એ માટે એમણે સર્પદંશથી પીડાવાળા પોતાના શરીર પરથી આસક્તિ ઉઠાવી લીધી. શરીરની પીડા મનને ખેંચવા જાય, પરંતુ પરમાત્મામાં જ મન એવું લગાવ્યું છે કે મન શરીર પર ખેંચાય જ નહિ. એમ અનાસકત યોગમાં ચડી ત્યાંજ કેવળજ્ઞાન પામ્યા! જો આ જિનપૂજાની સાધના વખતે 'આ પૂજાથી મારે મોક્ષ જોઇએ છે, મારે મોક્ષ જોઈએ છે,' એવો ફળનો વિચાર ફળની આશંસા કરવા રહે, તો ભકિતભાવની સાધનામાં જોસ લાવવામાં મન તન્મય શી રીતે બને ? એ તો પરમાત્મભક્તિની સાધના એટલે, જેમ નવી પરણેલી રૂપાળી શ્રીમંત કન્યાની આરાધનામાં પતિ એનામાં જ તન્મય થાય, એમ પરમાત્મામાં જ તન્મય થવાનું. ત્યાં પછી પોતાના કષ્ટ–દુઃખ–સગવડ કે માન–અહંત્વ કશાનો વિચાર નહિ. નાગકેતુ એ રીતે ભકિતમાં એકાકાર બની પરમાત્મામાં ને પરમાત્મભાવમાં તન્મય થયા, તો પોતાના શરીર–અહંત્વ વગેરે પ્રત્યે તદ્દન અનાસકત બની ગયા, ને અનાસકત યોગથી વીતરાગ બની કેવળજ્ઞાન પામે એમાં નવાઈ નથી.

મોક્ષ માટેની કોઇપણ સાધના તેજસ્વી બનાવી અનાસક્ત યોગની સાધના રૂપ બનાવવી પડે. એટલે કેવળજ્ઞાન થાય. અર્ણિકાપુત્ર આચાર્યે એમ બનાવ્યું, નાગકેતુએ એમ બનાવ્યું, મરુદેવા માતાએ પણ એમ જ કર્યું.

એમણે હાથીના હોદ્દે બેઠા પુત્ર ઋષભદેવ ભગવંતની સમવસરણ-શોભા જોઈને આનંદ તો માન્યો કે,–'વાહ ! મારા દીકરાને આ સંપત્તિ !' પણ એમને મનમાં સહેજ ઓછું આવ્યું, 'દીકરો,– હું એની પાછળ હજાર વર્ષ રોઈ, હવે એની સામે આવું છું, તો મને બોલાવતો નથી ? એક દેવતાને ય મને સામે લેવા મોકલતો નથી ?' એમ સહેજ મનને દુઃખ લાગ્યું, પરંતુ ત્યાં તરત જ મન વાળ્યું, 'દીકરાને જો મને બોલાવવી હોત તો એ ઘર છોડીને જંગલના કષ્ટ સહેવા શું કામ જાત ? શું કામ હજાર વર્ષ જંગલમાં ભટકાવાના કષ્ટ ઉપાડત ? એ તો ઘરમાં જ મને બોલાવતો બેસી રહેત. પણ મને છોડીને ગયો, કેમકે એને હું કે બીજા કોઈ બોલાવવા લાયક, રાગ કરવા લાયક લાગ્યા જ નહિ, તેથી એ છોડી ગયો. એ સૂચવે છે, કે સૌના માટે કોઈ પોતાના કરીને રાગ કરવા લાયક છે જ નહિ. આપણાથી સૌ અન્ય છે, જુદા છે.....એમ મરુદેવા અન્યત્વ ભાવનામાં ચડ્યા, તો બીજા જીવો તો શું ? પણ પોતાના શરીર પ્રત્યે ય અન્યત્વ ભાવનામાં ચડતાં અનાસક્ત યોગમાં ચડ્યા, ને ત્યાંજ કેવળજ્ઞાન પામી ગયા ! વાત આ છે,– <u>સાધના–કાળમાં ફળનો વિચાર ન કરતાં સાધનાને જોરદાર બનાવો, એમાં જોસ વધારો.</u>

આમાં એક સામાન્ય સમજ (Common Sense) ની પણ આ વાત છે, કે સાધનાની વફાદારી રાખવી હોય તો, જેમ બીજા કશાનો વિચાર નહિ, એમ સાધ્ય ફળનો ય વિચાર નહિ કરવો. દા. ત. છોકરો ભણતો હોય, ત્યારે 'મારે ભણીને આ થવું છે, તે થવું છે' વગેરે વિચાર કર્યા કરે, તો એને ભણતરમાં એવું જોરદાર ચિત્ત અને એકાગ્રતા–તન્મયતા નહિ રહે. તેમ હીરાનું 'સોર્ટિંગ' યાને વળવાર જુદા પાડવાનું શીખતો હોય ત્યાં ફળનો વિચાર કર્યા કરે તો એ કામમાં નિષ્ણાત નહિ થઈ શકે. એ તો

વિદ્યાના કે હુન્નરના અભ્યાસમાં જ એકતાન થાય, એ જ એમાં હોશિયાર થઈ શકે.

સાધનાનો વિચાર એટલે સાધનાનો જ વિચાર ચાલવો જોઈએ.

બરેબરા વિનયી શિષ્યો ગુરુના અનેક પ્રકારે વિનયને સાધવામાં મશગુલ હોય છે. ત્યાં ફળનો વિચાર કરતા નથી બેસતા, કે 'મારે આ કરીને ગુરુ–પ્રેમ મેળવવો છે.' એ તો પહેલેથી મનને નક્કી કરી લીધું હોય છે, કે 'વિનય કરીને મારે ગુરુપ્રેમ–ગુરુકૃપા જોઈએ છે, કર્મક્ષયનો લાભ જોઈએ છે.' પણ પછી વિનય આચરતી વખતે ફળનો કશો વિચાર નહિ. માત્ર 'સારામાં સારો વિનય ધર્મ બજાવવું'' એ જ એક વિચાર જાગ્રત્ હોય છે, તો જ એ વિનયમાં આગળ આગળ પ્રગતિ સાધે છે.

દેવપાલનો પ્રસંગ કહ્યો છે. જંગલમાં ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી ગઈ, તો ભગવાનની ભક્તિમાં પ્રસંગ આવ્યે કસોટીમાં, સાત દિવસ ભક્તિ ન મળતાં ભૂખ્યો રહીને, પાર ઊતર્યો. તો ચક્રેશ્વરીદેવી કહે છે 'ભક્તિના બદલામાં માગે તે આપું.' ત્યાં આ કહે છે, 'ભક્તિના બદલામાં મને ભક્તિ આપ' કેમ આ માગ્યું ? કહો, એની ભક્તિની સાધના જ ભક્તિની ક્રિયાની વફાદારી સાથે ચાલતી, નિષ્કામભાવની ભક્તિ ચાલતી, ફળની કશી આશંસા નહોતી, તેથી ભક્તિ જ માગી.

તો એવી ફળાશંસા વિનાની નિરાશંસ ભાવની ભક્તિનું ફળ કેવું મળ્યું ? દેવી કહે છે, 'તું મારું આપ્યું નહિ લે, પરંતુ આ તારી ઉત્કૃષ્ટ પ્રભુની ભક્તિથી ઊભું થયેલ પુણ્ય

આ ભવમાં ફળવાનું છે, તે તને આજથી સાતમે દિવસે આ નગરનો રાજા બનાવશે'!

કેમ ઉત્કૃષ્ટ પુણ્ય ?

કહો, ફળનો વિચાર નહોતો, તેથી ભક્તિ જોરદાર ચાલતી; એણે ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કરી આપેલું.

ગૌતમસ્વામી મહારાજ પ્રભુની વાણી કેવી રીતે સાંભળતા ? તો કહ્યું 'વિમ્હિય હિયઓ સુણઈ સવ્વ' અર્થાત્ પોતે આખી દ્વાદશાંગી અને ૧૪ પૂર્વોના રચયિતા છતાં જાણે પોતે કશું નથી જાણતા, અને 'અહો ! ભગવાન આવું કશુંક અવનવું અદ્ભુત કહે છે !' એમ વિસ્મય સાથે સાંભળતા. આ રીતે સાંભળવાનું કયારે બને ? શ્રવણની સાધના વખતે 'મારે આ શ્રવણથી કર્મ ખપાવવા છે, મારે મોક્ષ જોઈએ છે, મારે મોક્ષ જોઇએ છે, એમ ફળનો વિચાર સાધના-કાળમાં લાવી લાવીને ન બને. એ તો શ્રવણ એટલે બસ શ્રવણ; એમાં ફળનો વિચાર લાવ્યા વિના અહોભાવ, ગદ્ગદભાવ અને એકાકારતા સાથે શ્રવણ-સાધના કરવાની હોય. તો જ જાણે નવું જ અને અદ્ભુત સાંભળવા મળી રહ્યું છે એમ વિસ્મિત હૃદયે સાંભળવાનું બને. સારાંશ જેમ સાંસારિક પદાર્થની જરીકે આશંસા રાખ્યા વિના ધર્મની સાધના કરવાની. એમ સાધના-કાળમાં મોક્ષાદિ ફળનો પણ વિચાર કરતા નહિ બેસવાનું. ફળનો નિર્ણય તો સાધના શરુ કરતાં પહેલાં કરી દીધો. હવે સાધના કાળમાં સાધનાને વધુને વધુ નિર્મળ તથા તેજસ્વી બનાવવાનો જ વિચાર રાખવાનો.

સંશુદ્ધ સાધના કોને પ્રાપ્ત થાય ?

હવે અહીં 'અત્યંત ઉપાદેય બુદ્ધિ સંપન્નતા....' વગેરે ત્રણ લક્ષણવાળી યોગબીજની સંશુદ્ધ સાધના કોને પ્રાપ્ત થાય ? એ બતાવવા ટીકાકાર મહર્ષિ લખે છે, કે એ સંશુદ્ધ સાધના 'અભિન્નગ્રન્થિ' એટલે કે જેણે હજી ગ્રન્થિભેદ નથી કર્યો, એવા જીવને પણ ચરમ યથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી પ્રાપ્ત થાય છે. અલ્પત્ અહીં ગ્રન્થિભેદ નથી કર્યો એટલે પ્રશ્ન થાય,—

પ્ર૦ – સમ્યક્ત્વ પ્રાપ્ત નહિ એટલે મિથ્યાત્વ હોવા છતાં સંશુદ્ધ પરિણામ કેમ થાય ?

ઉ૦ – સમ્યક્ત્વ અને એને પમાડનાર અપૂર્વકરણના શુભ પરિણામની ભૂમિકારૂપે કર્મોનો તથાવિધ ક્ષયોપશમ એવો ઊભો થાય છે કે એના બળ ઉપર સંશુદ્ધ પરિણામ અને સંશુદ્ધ સાધના આવી શકે છે. આ તથાવિધ કર્મ-ક્ષયોપશમ ચરમ યથાપ્રવૃત્તિકરણના શુભ અધ્યવસાયના સામર્થ્યથી ઊભો થાય છે. યથાપ્રવૃત્તિકરણ ચરમ એટલે કે છેલ્લું. અર્થાત્ જેની પછી હવે અપૂર્વકરણ આવવાનું છે. એટલે આ ચરમ યથાપ્રવૃત્તિકરણના અધ્યવસાય પૂર્વના યથાપ્રવૃત્તિકરણના અધ્યવસાય કરતાં ઊંચી કોટિના હોય, એ સ્વાભાવિક છે, અને એ મોહનીયકર્મ આદિના તેવા ક્ષયોપશમથી ઊભા થાય છે, એટલે જ એના બળ ઉપર સંશુદ્ધ પરિણામ આવી શકે છે.

પ્ર૦– મિથ્યાત્વ ઉદયમાં છે એટલે મલિન-અશુદ્ધ પરિણામ હોય ત્યાં વિશુદ્ધ પરિણામ કેવી રીતે ?

ઉ૦ – જુઓ, સાતમે ગુણઠાણે રહેલા અપ્રમત મુનિ હજી વીતરાગ નથી બન્યા, વીતરાગ તો દશમાં ગુણઠાણા પછી ૧૧ મે કે ૧૨ મે ગુણઠાણે બનેલા હોય, તેથી ૭ મે ગુણઠાણે

હજી રાગનો ઉદય છે, છતાં એમની અપ્રમત્તતા એવી છે, કે જાણે એ વીતરાગ જેવા છે. જિનશાસનમાં અપ્રમત્ત ભાવને એટલો બધો ઉચ્ચ કોટિનો બતાવ્યો છે, કે ત્યાં સંશય ભ્રમ, વિસ્મરણ, ધર્મમાં અનુત્સાહ કે તેવા પ્રકારના રાગ-દ્વેષ વગેરે ન હોય, શુદ્ધ ધર્મ-અનુષ્ઠાન સ્વાધ્યાય આદિ પણ એવા સહજ ભાવે ચાલતા હોય, કે એમાં એવી આતુરતા ન થાય કે આના પછી આ કરું, આ કરું. એટલો બધો એમાં આત્મા ઠરેલો હોય, શુભની પણ આતુરતાને જિનશાસન પ્રમાદભાવ કહે છે. માટે તો જુઓ,-

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે,

આહારક લબ્ધિવાળા ૧૪ પૂર્વધર આહારક શરીર બનાવે એમાં આહારક શરીર-નામકર્મ ઉદયમાં આવે અને તે દઠ્ઠા પ્રમત્ત ગુણઠાણે ઉદયમાં આવે, આહારકશરીર નામકર્મની પુણ્ય પ્રકૃત્તિ બંધાય ૭ મે ગુણઠાણે, કેમકે ઉચ્ચ પુણ્ય બાંધવા માટે અપ્રમત્તભાવ જોઈએ. ત્યારે એ ઉદયમાં આવે દઠ્ઠા ગુણઠાણે કેમકે એ ઉદયમાં આવીને કામ કરવું છે આહારક શરીર બનાવવાનું, અને એ બનાવવામાં જીવનો પ્રમાદભાવ છે એમ જ્ઞાનીઓ દેખે છે.

ત્યારે જ્યાં ૭ મા ગુણઠાણે આટલી પણ શુભની ય આતુરતાનો રાગભાવ નથી, એવા ૭ મા ગુણઠાણે રહેલા અપ્રમત્તમુનિ કહો વાસ્તવમાં સરાગી હોવા છતાં વીતરાગ જેવા હોય છે, બસ એ જ રીતે ચરમ યથાપ્રવૃત્ત-કરણમાં મિથ્યાત્વની મંદતાથી એવી અલ્પાંશે મધુરતા ઊભી થાય છે કે ત્યા સંશુદ્ધ બીજસાધના આવી શકે છે, પછી ભલે વાસ્તવમાં મિથ્યાત્વ જનિત મલિનતા હોય. આના પર સાંખ્ય યોગાચાર્યની સંમતિ બતાવે છે, એ કહે છે,-

સાંખ્યમતની સંમતિઃ—

યોગબીજનું ચિત્ત એ ભવસમુદ્રમાં ડૂબેલાને એમાંથી અલ્પ અંશે ઊંચે આવવા જેવો અનુભવ છે.

સાંખ્યમતે ચેતન આત્માને પુરુષ કહે છે, અને એ કૂટસ્થ નિત્ય માન્યો છે, એટલે કે એનામાં શુદ્ધ ચૈતન્ય હોવાથી બીજા કોઇ પણ કર્તૃત્વ-ભોકતૃત્વ સુખ-દુઃખ વગેરે ધર્મ નથી હોતા. એ બધા ધર્મ સત્ત્વ - રજસ્ - તમસ ત્રિગુણાત્મક પ્રકૃતિતત્ત્વના છે; પરંતુ પુરુષ-આત્માનું પ્રકૃતિમાં પ્રતિબિંબ પડવાથી એ પ્રકૃતિના ધર્મોને પોતાના માની લે છે.

સાંખ્યમતે પુરુષ-આત્મા અસલમાં સદાને માટે શુદ્ધ- મુક્ત - નિરંજન- નિરાકાર. તે કદીય અશુદ્ધ થાય નહિ, કોઇથી બંધાય નહિ, કશું કરે નહિ, કશું ભોગવે નહિ. તો પછી આ બધી દેખાતી ઘટમાળ શી રીતે ચાલે છે ? તો કે પ્રકૃતિનો વળગાડ વળગ્યો છે, તેથી ચાલે છે. સત્ત્વ,રજસ અને તમસ્, આ ત્રણ ગુણોનો એક સમૂહ એનું નામ પ્રકૃતિ. એ સામ્યાવસ્થાપન્ન હોય ત્યાં સુધી પ્રકૃતિ. એમાં જ્યારે વિષમ અવસ્થા હોય, ત્યારે એ મહત્ તત્ત્વ બને.

વિષમાવસ્થામાં જ્યારે તમોગુણનો વધારો હોય, ત્યારે તામસભાવો પ્રગટ થાય. તામસભાવોમાં કામ- ક્રોધ-લોભ, મોહ-માયા, મદ-મત્સર અભિમાન, ક્ષુદ્રતા - સ્વાર્થાંધતા- વૈરાનુબંધ લક્ષ્મીની મમતા-આસક્તિ....વગેરે વગેરે દોષો આવે. આ તમોગુણના અતિરેકનાં સર્જન છે. એથી ઉલટું,

સત્ત્વગુણનો અતિરેક થાય ત્યારે સાત્ત્વિક ભાવો પ્રગટ થાય; અને એમાં દયા-ક્ષમા-નમ્રતા

શાંતતા, અહિંસા–સત્ય–ન્યાયનીતિ,–ત્યાગ–બ્રહ્મચર્ય–સંયમ, પ્રભુભક્તિ–સાધુસેવા–પરોપકાર, મૈત્રી–પ્રમોદ–કરુણા વગેરે વગેરે સદ્‌ગુણો પ્રગટ થાય.

રજો ગુણ મધ્યમાં છે, એ ચલનસ્વભાવ છે, તેથી એ પ્રવૃત્તિ કરાવે; તે પણ જેનો અતિરેક હોય એના પક્ષે રહી એને અનુરૂપ પ્રવૃત્તિ કરાવે. દા. ત. તમોગુણનો અતિરેક હોય ત્યારે રાજસ ગુણના બળે વિષયોમાં ઇન્દ્રિયોની દોડધામ કરાવે હિંસામય દુષ્કૃત્યો કરાવે, અસત્ય–અપ્રિય વચનો બોલાવે, ચોરીઓ લૂંટફાટ કરાવે, મોટા પરિગ્રહો વગેરેની પ્રવૃત્તિ થાય. પરંતુ સત્ત્વગુણ જોરમાં હોય ત્યારે રાજસભાવના બળે દયા–દાન–જિનભક્તિનાં અનેકવિધ અનુષ્ઠાનોને અનેક ધાર્મિક પ્રવૃતિઓ, તથા ધર્મ સાધનાઓ થાય.

પ્ર૦–મૂળમાં પ્રકૃતિ જ જ્ઞાતા દ્રષ્ટા કર્તા ભોક્તા, વગેરે છે, તો પછી એથી પુરુષને શું ? પુરુષ તો તદ્દન નિર્લેપ છે, અને છતાં પુરુષ–આત્મા જ્ઞાતા દ્રષ્ટા વગેરે કેમ કહેવાય છે ?

ઉ૦–આનો જવાબ આ છે, કે પ્રકૃત્તિ સ્વચ્છ અરીસા જેવી છે, એમાં પુરુષ પ્રતિબિંબિત થાય છે; અને જેમ કોઇ અરીસા પર ડાઘડુઘ હોય તો અરીસામાં પોતાના મુખનું પ્રતિબિંબ જોનારો માની લે છે, કે 'મારા મુખ પર ડાઘડુઘ છે;' કિન્તુ વાસ્તવમાં મુખ સ્વચ્છ છે. એમ પુરુષ પણ અકર્ત્તા અભોક્તા છે. પુરુષના આ ભ્રમથી જડ વિષયના સુખ પોતાના માની એમાં લયલીન રહે છે. હવે જ્યારે યોગબીજ ઊભું થાય છે, ત્યારે એને કાંઇક ભાન થાય છે કે 'પ્રકૃતિથી હું જુદો ને આ વિષયસુખો તો પ્રકૃતિના ઘરના છે, એટલે મારા પોતાનાં નહિ.' ત્યારે એ ભેદજ્ઞાનથી એ કાંઇક વિરકત બને છે, આ વિવેકખ્યાતિ કહેવાય છે. આનું નામ ભવ સમુદ્રમાં અલ્પાંશે ઊંચે આવવાનું થયું. ભવસમુદ્રમાં સર્વેસર્વા ડૂબેલાપણું આ જ છે કે જડ વિષય–સુખોને પોતાની ચીજ માની એમાં સર્વેસર્વા લયલીનતા હોય. હવે જ્યારે એનાથી કંઇક પણ ઊભગવાનું થયું, તો એ સર્વેસર્વા લયલીનતાની માત્રા ઓછી થઈ, ને એ જ ભવસમુદ્રમાં કાંઇક ઊંચે આવવાનું થયું કહેવાય.

આ થવાથી પૂર્વે પુરુષ જડ પ્રકૃતિ પર પૂર્ણ યાને અત્યંત આસકત હતો, જડ આસકિતનો પુરુષ પર જે પ્રભાવ હતો, તે હવે આસકિતના પ્રભાવમાં શિથિલતા નબળાઈ આવે છે. અસલમાં પ્રકૃતિ જ કર્તા–જ્ઞાતા – ભોકતા વગેરે બને છે, પરંતુ પુરુષ પ્રકૃતિ સાથેની એકમેકતાથી માની લે છે કે 'ચેતન એવો હું જ કર્તા છું, જ્ઞાતા છું, ભોકતા છું,...'વગેરે પરંતુ હવે યોગબીજનું ચિત્ત ઊભું થવાથી કાંઇક ભાન થાય છે કે "આ કર્તૃત્વ જ્ઞાતૃત્વ ભોકતૃત્વ વગેરે ધાંધલ મારી નહિ, કિન્તુ જડ પ્રકૃતિની છે. 'પ્રકૃતેરહં પૃથક્' અર્થાત્ પ્રકૃતિ હું તો જુદો જ છું, અને પ્રકૃતિ મારી પ્રિય નહિ, કેમકે એ આ કર્તૃત્વ આદિથી મારો સંસાર સરજે છે.' આમ પુરુષને પ્રકૃતિમાં વિપ્રિયતાની કાંઇક 'ઇક્ષા'યાને દર્શન થાય છે. એ તો જ થાય કે 'પહેલાં પ્રકૃતિ સાથે પોતે અભિન્ન છે એમ સમજી અર્થાત્ પ્રકૃતિથી પોતાનો અભેદ સમજી પ્રકૃતિનાં સર્જન અને ઉપભોગમાં જે પ્રિયતાનું દર્શન કરતો હતો, ને રસ રાખતો હતો, તેનાથી એનો સંસાર નિરવધિ–અમર્યાદિત ઊભો રહે તે જોઈ ભડક પામે. એથી હવે પ્રકૃતિ વિપ્રિય લાગે, અપ્રિય લાગે.

કૂટસ્થાનિત્ય પુરુષમાં વિપ્રિયતા–દર્શન કેમ :—

પ્ર૦– પુરુષ તો કૂટસ્થ નિત્ય અને માત્ર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હોઈ, એ નિર્ગુણ–નિર્ધર્મક હોવાથી એમાં જ્ઞાન–દર્શનાદિ ગુણધર્મ હોતા જ નથી, તો એ વિપ્રિયતાનું દર્શન કેમ કરી શકે ? વિપ્રિયતાનો અનુભવ કેમ કરી શકે ? અનુભવ તો પ્રકૃતિનો ધર્મ છે.

ઉ૦–વાત સાચી છે. પરંતુ આ દર્શન પણ પ્રકૃતિ જ કરે છે, પરંતુ હવે તે પુરુષના પ્રતિનિધિ તરીકે દર્શન કરે છે; એટલે જ્યાં પુરુષની પ્રકૃતિથી જુદાઈ જોઈ, તો એનો અભિપ્રાય હવે પ્રકૃતિના કર્તૃત્વ–ભોકતૃત્વાદિ ધર્મથી પુરુષની અલિપ્તતાનો રહેશે, ને તેથી પ્રકૃતિ હવે તે અભિપ્રાયને અનુકૂળ પ્રવૃત્તિ કરનારી બનશે; જે અંતે પુરુષના સર્વ મોક્ષને નિપજાવશે. આનું મૂળ કારણ યોગબીજ–ચિત્ત છે; માટે કહેવાય કે યોગબીજ–ચિત્ત એ મોક્ષસમાગમનાં ભેટણારૂપ આમન્ત્રણરૂપ ચિત્ત છે.

આ યોગબીજ–ચિત્ત યોગને ઉચિત ગુણો, ધર્મ, અને કાર્યવાહીની ચિંતાનો પોતાનામાં સમાવેશ કરનારું બને છે. એટલે ચિત્ત માત્ર યોગબીજનો જ વિચાર કરીને બેસી રહેનારું નહિ, નહિતર તો એ કાયમ માટે માત્ર યોગબીજની અવસ્થામાં જ રહે, આગળ યોગ તરફ વધી જ શકે નહિ, કિન્તુ ઉપરની કક્ષાના ભાવ, ગુણ, ધર્મ વગેરેના વિચાર કરનારું પણ હોય છે; તેથી જ એ ચિત્ત ગ્રન્થિ–પર્વતને ભેદવા માટે પરમ વજ્ર સમાન બને છે.

'ગ્રન્થિ' તીવ્રરાગના સંક્લેશની ગાંઠરૂપ છે, ને એ નાની સૂની નહિ, પણ જાણે મોટી પર્વત જેવી અભેદ્ય હોય છે ! આવા મોટા રાગ–કલેશને પણ તોડવાની તાકાત યોગબીજના ચિત્તમાં છે, ચિંતનમાં છે. એટલે એને અહીં વજ્રની ઉપમા આપી. ઈન્દ્રનું વજ્ર મોટા પર્વતને ય ભેદી નાખે, એમ આ યોગબીજનું ચિત્ત એટલી બધી તાકાતવાળું હોય છે કે એ અનાદિના તીવ્ર વિષયરાગના સંક્લેશની ગાંઠને અવશ્ય ભેદી નાખે છે !

આ હિસાબે સમજો, કે જીવને યોગબીજનું ચિત્ત ઊભુ થયું એટલે તો હવે અનંત અનંત કાળથી ચાલી આવેલા સંસારરૂપી કારાગાર–કેદખાનામાંથી નીકળી પલાયન થઇ જવાના સમયનો જાણે ઘંટ વાગ્યો! તેથી યોગબીજના ચિત્તને ભવ–ચારક પલાયન કાળઘંટા કહેવાય. 'ચારક' એટલે કેદખાનું. વાત સાચી છે,––અનાદિ અનંતકાળથી સંસાર જે ચાલી આવ્યો છે, તે તીવ્ર વિષયરાગના સંક્લેશ પર ચાલી આવ્યો છે, એમાં હવે મંદતા આવે, અને યોગબીજ–ચિત્ત તરીકે જો પરમાત્મભક્તિનું ચિત્ત બને, તો હવે કાંઈ પૂર્વની જેમ અનંતાનંત સંસાર–ભ્રમણ રહે નહિ. એનું જ નામ હવે અમિત સંસારવાસની કેદમાંથી છૂટકારાના સમયનું એલાન. એટલે યોગાચાર્યના મતે પુરુષ(આત્મા)ને પ્રકૃતિમાં જે 'વિપ્રિયેક્ષા' થઈ અર્થાત્ 'પ્રકૃતેરહં પૃથક્' 'પ્રકૃતિ કરતાં હું (પુરુષ) જુદો' એવું ભેદદર્શન થયું. એ જીવને સંસારમાંથી ટૂંક સમયમાં અપસારકારી બને છે, મુક્ત કરનાર બને છે.

ફળ પાકનો પ્રારંભ બીજથી :–

ગ્રન્થકાર મહર્ષિ આ પ્રમાણે પાતંજલ યોગના આચાર્યોની સંમતિ દર્શાવી કહે છે, કે 'સંશુદ્ધં હિ એતદ્ ઇદૃશમ્' આજિનકુશલ્લચિંતન આદિ પૂર્વોક્ત અત્યન્ત ઉપાદેય બુદ્ધિ આદિ ત્રણ વિશેષતાઓથી સંશુદ્ધ હોય, એ 'ઇદૃશ' યાને આવું હોય છે. અહીં ટીકામાં 'ઇદૃશ'નો ભાવ બતાવતાં કહે છે, કે એવું 'સંશુદ્ધ જિનકુશળ– ચિંતનાદિ' એ ફળ પાકવાના આરંભ સમાન છે. બીજ પકવીને આગળ ફળ નીપજાવવાનું છે, તેના પૂર્વે પાક–વિધિ ચાલવાની છે. દા. ત. ચોખાનો

ભાત કરવા માટે ચોખા ચૂલે ચડાવ્યા, તો એમાં હવે પાકવાની પ્રક્રિયા ચાલે છે; અર્થાત્ એ ચોખા ક્રમસર ચડવા માંડે છે, ને અંતે પૂરા ચડી ભાત તૈયાર થાય છે. એ ચોખાનો ફળપાક થયો. આ ફળપાકનો પ્રારંભ કયાંથી થયો ? તો કે ચૂલે ગરમ પાણીમાં ચોખા ઓર્યા ત્યારથી શરુ થઈ ગયો; કેમકે અગ્નિ અને ગરમ પાણીનો યોગ જ ચોખાને પૂરા પાકવા સુધી લઇ જાય છે; એ બતાવે છે, કે પાકનો પ્રારંભ ચોખાને એ બંનેનો યોગ મળ્યો તે સમયથી શરુ થઈ ગયો.

બસ, આ રીતે જ સંશુદ્ધ જિનકુશળ ચિંતન આદિને યોગ્ય તેવા પ્રકારના કાળ, ઉપાદાનની યોગ્યતા વગેરે સામગ્રી મળવાથી યોગરૂપ ફળનો પાક થવાનો આરંભ થઈ જાય છે. અગર સવાલ થાય, કે 'એવું કેમ, કે તથાવિધ કાળ આદિ સામગ્રી આવી મળે ત્યારે પાકનો પ્રારંભ થયો ?' એનો જવાબ એ છે, કે તેવા પ્રકારનો સ્વભાવ જ છે કે તેવી તેવી સામગ્રીમાં તેવા તેવા કાર્ય પ્રારંભ થઇ જ જાય. દા. ત. ઉપર કહ્યું તેમ ચોખાને અગ્નિ પાણીનો યોગ વગેરે સામગ્રી મળે ત્યાં પાકનો અર્થાત્ ચોખા ચડવાની પ્રક્રિયાનો પ્રારંભ થઇ જ જાય, એવો એ સામગ્રીનો સ્વભાવ જ છે.

૨. યોગબીજ : આચાર્યાદિ – ચિંતનાદિ

(ટીકા)-न चेदमेव केवल योगबिजमिति तदनन्तराभिधित्सयाह–

(ટીકા)—आचार्यादिष्वपि ह्येतद्
विशुद्धं भावयोगिषु ॥
वैयावृत्यं च विधिव–
च्छुद्धाशय विशेषतः ॥ २६ ॥

(ટીકા)–'आचार्यादिष्वपि' आचार्योपाध्याय तपस्व्यादिष्वपि एतदेव कुशलचित्तादि विशुद्धं=संशुद्धमेवेत्यर्थः । किंविशिष्टेषु ? आह "भावयोगिषु" न द्रव्याचार्यादिष्वधर्मजलक्षणेषु कूटरूपे खल्वकूटबुद्धेरप्यसुन्दरत्वात् ।

(અર્થ :–) માત્ર આ જ એકલું યોગબીજ નથી, એટલે બીજું બીજ કહેવાની ઇચ્છાથી કહે છે,– 'आचार्यादिष्वपि'....

(ગાથાર્થ –) આચાર્યાદિને વિષે પણ આ વિશુદ્ધ (કુશળ ચિત્તાદિ), તે પણ ભાવાચાર્યાદિને વિષે (કરવું જોઈએ.), અને વિધિપૂર્વક તથા શુદ્ધ આશય વિશેષથી વૈયાવચ્ચ (કરવી જોઈએ).

(ટીકાર્થ) :–આચાર્યાદિને વિષે પણ એટલે કે આચાર્ય ઉપાધ્યાય તપસ્વી આદિને વિષે પણ આ જ કુશળ ચિન્તન આદિ (એ યોગબીજ છે, અને તે પણ) વિશુદ્ધ એટલે કે સંશુદ્ધ જ (જોઈએ). કેવા પ્રકારના (આચાર્યાદિને વિષે ?) તો કે 'ભાવયોગીઓને વિષે,' કિન્તુ અધર્મ માંથી બનેલા દ્રવ્યાચાર્યાદિને વિષે નહિ; કેમકે જૂઠા સ્વરૂપવાળી વસ્તુમાં સાચા તરીકેની બુદ્ધિ સુંદર નથી (ગણાતી).

વિવેચન :—

દેવપૂજામાં ગુરુભક્તિ ન સમાય?:-

જિનોપાસનાને સર્વોત્તમ યોગબીજ તરીકે બતાવી, પણ માત્ર એ જ યોગબીજ છે, એવું સમજવાનું નથી; કેમકે બીજા પણ યોગબીજ છે. તેથી હવે બીજા યોગબીજનું વર્ણન કરે છે, ને કહે છે, કે–

આચાર્યાદિનું કુશળ ચિંતન આદિ પણ યોગબીજ છે.

આચાર્યાદિ કહ્યું એમાં 'આદિ' એટલે ઉપાધ્યાય તપસ્વી વગેરેનું પણ કુશળ ચિંતન કરાય, એમને વાચિક નમસ્કાર તથા પ્રણામ

પૂજા વગેરેથી કાયિક ઉપાસના કરાય, એ આચાર્યાદિની ઉપાસનાનું બીજું યોગબીજ છે. આચાર્યાદિના કુશળ ચિંતનમાં એમના સદ્ગુણો–સાધનાઓ–સુકૃતોનું ચિંતન આવે. જગત પર એમના ઉપકારોનું ચિંતન આવે. દા. ત. જીવોને ધર્મોપદેશ આપી કેવા પાપ છોડાવી ધર્માત્મા બનાવે છે ! કુદેવ કુગુરુ કુધર્મની અંધશ્રદ્ધાના કેવા ઝેર ઓકાવે છે ! નાસ્તિકતા અને અર્થ–કામલંપટતાથી નરક તરફ દોટ મૂકનારાને કેવા મહા આસ્તિક તથા સમ્યગ્દૃષ્ટિ બનાવી સ્વર્ગ–મોક્ષગામી બનાવે છે ! વળી પોતાની પવિત્ર ધર્મસાધના સંયમ સાધના વગેરેથી ભવ્ય જીવોને કેવા પ્રભાવિત કરે છે....આ બધું ચિંતવવાનું આવે. એમ મહાન પૂર્વાચાર્યો આદિના પ્રભાવક પ્રસંગો અને આત્મપરાક્રમો ચિંતવાય.

વાચિક ઉપાસનામાં 'નમો આયરિયાણં' 'નમો ઉવજ્ઝાયાણં' 'નમોલોએ સવ્વસાહૂણં' નો બોલીને જાપ, એમના સ્તોત્રો, ને ગુણગાન આદિ આવે.

કાયિક ઉપાસનામાં એમને વંદના, સુપાત્રદાન, સત્કાર-સન્માનાદિ આવે. આ ત્રિવિધ આચાર્યાદિ ઉપાસના શુદ્ધ મનથી નિરાશ સંભાવે અને ઉછળતા ભાવોલ્લાસથી કરવાની. પહેલી યોગદૃષ્ટિમાં આવેલો સાધક યોગી દેહદૃષ્ટિ, પુદ્ગલાનંદીપણું અને મોહમાયાની ઘેલછાને પડતી મૂકી આત્મ–દૃષ્ટિવાળો, આત્મહિતના રસવાળો, અને ભગવદ્–ભજન વગેરેના પક્ષપાતવાળો બન્યો છે. એટલે સહેજે એ દેવપૂજકની જેમ ગુરુ–પૂજક પણ બને.

પ્ર.—દેવાધિદેવ પરમાત્મામાં તો બધું સમાઈ જાય; તો પછી એમની ઉપાસના કરીએ એમાં ગુરુની ઉપાસના ન આવી જાય ?

ઉ.—દેવાધિદેવ જિનેશ્વર ભગવાન અત્યારે આપણને પરોક્ષ છે, પ્રત્યક્ષ આપણી નજર સામે વિદ્યમાન નથી. તેથી ન તો આપણને ભગવાનની વાણી સાક્ષાત્ સાંભળવા મળે, કે ન તો આપણને ભગવાન તરફથી સારણા વારણા મળે.

સારણા-વારણા એટલે ?

'સારણા' એટલે સ્મારણા; આપણે આપણા રોજિંદા કે પ્રાસંગિક કર્તવ્યો ભૂલતા હોઈએ, યા આપણા વ્રત–નિયમોના કે સદ્ગુણોના પાલનમાં સ્ખલના કરતા હોઈએ, તો આપણને યાદ કરાવે કે 'આ તારું કર્તવ્ય છે, આ તારા વ્રત નિયમ છે, એ ન ભૂલ !'

'વારણા' એટલે આપણે માર્ગ ભૂલી ઉન્માર્ગે જતા હોઈએ, આપણને ન શોભે એવા કાર્યમાં, એવી વાણીમાં, એવી વિચારણામાં પડતા હોઈએ તો એ કરતાં આપણને વારે, રોકે.

હવે આપણે અહીં કર્તવ્ય ભૂલતા હોઈએ, કે અકાર્યમાં પડતા હોઈએ તો સારણા–વારણા કરવા કાંઇ ભગવાન નથી આવતા; તેમજ એ વિના આપણને ચાલે એવું નથી, કેમકે અનાદિના કુસંસ્કારવશ અને કર્મપરાધીન આપણે સત્કાર્યો–સત્કર્તવ્યો–સદ્ગુણો વગેરેમાં સદા સ્થિર જ રહેનારા અને આગળ પ્રગતિશીલ બનનારા હોતા નથી. એટલે એ માટે તો આપણને મોટાની વારંવાર પ્રેરણાની જરૂર હોય છે. એમ, એજ અનાદિ કુસંસ્કારવશ અને કર્મ-વશ આપણે ઉન્માર્ગે જનારા, તથા દ્વેષો અને દુષ્કૃત્યોના સેવનમાં પડનારા હોઈએ છીએ, ત્યાં આપણને કોઇ મોટા રોકે એ પણ અત્યંત જરૂરી છે. ત્યારે દેવાધિદેવ જિનેશ્વર ભગવાન તો આપણને પ્રત્યક્ષ નથી. ભગવાન મંદિરમાં પ્રત્યક્ષ છે, તે મૌન છે, આપણને કાંઈ કહેતા નથી. એટલે જ સારણા–વારણા કરનાર ગુરુતત્ત્વની જરૂર છે. ગુરુ પ્રત્યક્ષ છે, આપણને હિતવાણી સંભળાવે, ધર્મનો ઉપદેશ આપે, સારણા–વારણા કરે–તે પણ ૨૪ કલાકમાં જ્યારે જ્યારે જરૂર પડે, કે પ્રસંગ આવે, ત્યારે ત્યારે, ગુરુનો યોગ હાજર જ હોય,

એટલે ગુરુ–તત્ત્વની તો પહેલી જરૂર પડે. એટલા જ માટે પ્રભુની બધી પૂજા–સ્તવના કર્યા પછી ચૈત્યવંદનમાં અંતે 'જયવીયરાય' સૂત્રમાં પહેલું આ માગ્યું, "સુહગુરુ જોગો, તવ્વયણ સેવણા, 'શુભ ગુરુનો યોગ અને તદ્વચન સેવા.' 'આભવમખંડા' એટલે કે આ જીવન પર્યંત, યા સંસારના અંતપર્યંત, અખંડ મળો." અને પછી આ માગ્યું કે "હે વીતરાગ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં" અર્થાત્ મારે ભવે ભવે તમારા ચરણની સેવા મળો. એકમાં સંસાર પર્યંત મળો કહ્યું, બીજામાં ભવે ભવે મળો કહ્યું. બંનેનો ભાવ સરખો છે. આ બોલીએ ત્યારે 'પ્રણિધાન' એટલે કે જે બોલીને માગીએ છીએ એમાં મનનું સ્થાપન જોઈએ. 'ભવે ભવે' બોલીએ ત્યારે.

'ભવે ભવે માંગીએ'નું ચિત્ર :–

મનની સામે ભવભવના વર્તુલ આવે, આ ભવનું એક વર્તુલ, એમાં આપણે છીએ ને આપણી સામે ભગવાન છે, ને એમની સેવામાં આપણે છીએ. પછી આ વર્તુલની આગળ આગળ વર્તુલો છે, જેના છેક છેડે મોક્ષ છે. આ વર્તુલોમાં કલ્પનાથી ભગવાન મળ્યા છે, ને આપણે એમની સેવામાં છીએ,–એમ પ્રણિધાન કરવું જોઈએ, મનનો નિર્ધાર કરવાનો.

આ જો રોજ ને રોજ કરીએ, તો એમાં નવનવો પ્રકાશ મળે, અને એમાં આનંદ પણ કોઈ ઓર આવે. તેમજ પ્રણિધાનનો પ્રભાવ છે કે ગુરુયોગ અને પ્રભુચરણ–સેવાને યોગ્ય સદ્ગતિ પણ મળે; અને સદ્ગતિ મળે એટલે કેટકેટલું સારું મળે! એટલે કહો, પ્રભુ પાસે આ એક 'ગુરુયોગ અને જિનચરણ–સેવા માગીએ એમાં કેટકેટલું મળે? કહો, 'એ દેવી આગળ આંધળાની માગણી જેવું છે, એક માગણીમાં સત્તર વાનાં મળે.'

આંધળાની માગણી જેવી ભવે ભવે શરણ લેવાની માગણી :–

એક આંધળાએ દેવી આગળ લાંઘણો ખેંચી 'ભૂખ્યો ભૂખ્યો મરીશ પણ તારા પ્રસન્ન થયા વિના નહિ જાઉં, ૨૧ ઉપવાસે દેવી રીઝી કહે છે 'માગ, એક જ વસ્તુ માગે તે આપીશ!' આંધળો કહે, 'થોભ જરા પૂછી આવું.' ગયો વણિક પાસે, સલાહ લઈ આવીને માગે છે– 'ઝવેરાત–સોનાના દાગીનાઓથી ભરચક શણગારેલી મારી પુત્રવધુને સોના જેવા મહેલના સાતમા માળે એના દીકરાને સોનાના હિંડોળામાં હીંચતી હું જોઉં.' દેવી સ્તબ્ધ થઈ ગઈ! વરદાન પ્રમાણે આપ્યું, આંધળાએ આમાં કેટકેટલું માગ્યું? જોવાને આંખ માગી, વળી પત્ની માગી. એ પત્નીને દીકરો માગ્યો, એ દીકરાને વહુ માગી, એ વહુને પણ દિકરો માગ્યો, સોના જેવો સાત માળનો મહેલ માગ્યો, પુત્રવધુને સોનાના ને હીરા–માણેક–મોતીના અલંકાર માગ્યા, ત્યારે એવા મહેલના માલિક તરીકે પોતાને સારા ઘરની કન્યા પત્ની તરીકે મળે એ માટે દુનિયામાં એની મોટી શાખ અને એ માટે ભરપૂર ધન પણ જોઈએ તો તે પણ પેટામાં માગી લીધું! એક માગણીમાં ૧૭ માગણી!

એવી આ 'ભવે ભવે ગુરુઓની અને પ્રભુચરણની સેવા મળો,' એ માગણી છે–એમાં સદ્ગતિ, વિપુલ નક્કર સાધના–સામગ્રી, ચરણ–સેવા કરવા માટે ઉચ્ચ ચિત્ત–સમાધિનું બળ, અને વિઘ્નોનો અભાવ...વગેરે વગેરે અવાંતરરૂપે કેટકેટલું માગી લીધું! આ તો પ્રાસંગિક વાત થઈ.

બીજ-૨. આચાર્યાદિ-વૈયાવચ્ચ

બીજું બીજ આચાર્યાદિમાં કુશળ ચિંતનાદિ તથા વૈયાવચ્ચની આરાધના છે. આ આચાર્યાદિ એ ગુરુતત્ત્વ છે. એની જીવનમાં શી જરૂર છે? તો કે પહેલાં જોઈ આવ્યા તેમ આચાર્યાદિ આપણને હિતની આરાધનામાં જોડવા અને અહિતકર વિરાધનાથી બચાવવા માટે છે, કેમકે આપણે આત્મહિતની યાને ધર્મની આરાધનામાં ભૂલકણા સ્વભાવવાળા છીએ, એટલે એ ઝટ ભૂલીએ! ત્યારે વિરાધનાની બાબતમાં ચકોર જાગ્રત છીએ, કશું ભૂલનારા નહિ! ધર્મની વિરાધના થાય છે ઇંદ્રિયોના પાપે. ઇંદ્રિયો એના વિષયોમાં લીન બની ધર્મની વિરાધના કરાવે છે, ને આપણે ઇષ્ટ ઇંદ્રિય-વિષયો પકડવામાં કયાંય ભૂલતા નથી. અરે! વીતરાગનું દર્શન કરતા હોઈએ પણ બાજુમાં રૂપાળું રમકડું આવ્યું તો ઝટ એનું મુખ ને શરીર જોઈ લેવાય છે! તે પણ મુખ બરાબર યાદ રહી જાય, એમ જોઈ લેવાય છે! ત્યારે હજી કદાચ, ભગવાનનું મુખ એવું યાદ ન આવે! આ આપણી સ્થિતિ છે, 'ધર્મમાં ભૂલકણા, કર્મમાં ચકોર!' માટે ગુરુતત્ત્વ અર્થાત્ આચાર્યાદિ આપણા માથે જોઈએ.

ગુરુતત્ત્વનું કેમ આટલું-બધું મહત્ત્વ?

કારણ સ્પષ્ટ છે-

જીવમાં મોટામાં મોટો અવગુણ અહંકાર-આપમતિ અને સ્વેચ્છાચારનો છે.

એને નાથવો-દબાવવો-ટાળવો મહાકઠિન છે. હજી ઘોર તપસ્યા કરવી સહેલી, પરીસહ-ઉપસર્ગ સહવા સહેલા, પણ અહંકારાદિ મૂકી દેવા બહુ મુશ્કેલ છે. જુઓ,-

જિનકલ્પ પહેલાં સંલેખના એટલે?

એક મુનિ જિનકલ્પ-ચારિત્ર સ્વીકારવાની ઇચ્છા બતાવે છે. આચાર્ય મહારાજ કહે છે, પહેલાં સંલેખના કરો. 'સંલેખના' એટલે એમાં તન-મનને ઘસી નાખવા પડે, કાયાની સુખશીલતા અને મનની કાયરતા ફગાવી દેવી પડે, કહો, તન તોડી નાખવું પડે, ને મન મોડી નાખવું પડે. કપરા માર્ગે ચાલતાં-મનને 'નથી ફાવતું' ન રખાય. ગમે તેવા ભારે કષ્ટ પરીસહ મનને ફવરાવવા પડે. તેય સહેજ પણ ખેદ-અરુચિથી નહિ, કિન્તુ ખુશીથી વધાવી લેવા પડે. ત્યારે મન મોડી નાખ્યું કહેવાય.

એમ કાયાને તપસ્યાથી કસે. (૧) ઉપવાસ-છટ્ઠ-અઠ્ઠમ...વગેરે કર્યે જાય. (૨) પારણે વિગઈ-રસોનો સંક્ષેપ કરે, ત્યાગ શોધે. (૩) બીજા અભિગ્રહો ધારે. (૪) રોગમાં દવા ન લે. (૫) નિર્દોષ ભિક્ષા ન મળે તો દિવસોના દિવસો ઉપવાસ ખેંચે. ડાંસ-મચ્છર વગેરે પરીસહો સહે. એમ કરી કરી કાયાને કસે. રાતના પહેલાં મકાનમાં, પછી બહાર આંગણામાં, પછી ગામ બહાર, પછી સ્મશાનમાં, જંગલમાં...કાયોત્સર્ગ ધ્યાનમાં રહે. આટલી કષ્ટમય સાધનામાં પણ સૂત્ર-અર્થનું ઘીખતું પારાયણ દિવસ-રાત ચાલુ! આ બધે મનની મક્કમતા એવી કેળવે, કે કયાંય મન ન બગડે. મનને કોઈ અરતિ-ખેદ-કંટાળો, કે કોઈ ઉપદ્રવ આવે તો સહેજ પણ ક્રોધ, માન વગેરે કષાય ન થાય, એમ કાયાને કસે. એ તન તોડી નાખ્યું કહેવાય, તન-મન ઘસી નાખ્યા એ સંલેખના કરી કહેવાય.

મન કેવા મક્કમ કર્યા હોય? ગમે તેવી બિમારીમાં પણ દવા નહિ! તમને એમ લાગશે કે

દવા વિના તાવ મટે?-

પ્ર૦-તાવ આવી ગયો તો દવા વિના કેમ ચાલે?

ઉ૦-શાસ્ત્ર કહે છે, નવો તાવ આવે ત્યારે

પહેલાં અટ્ઠમ કરવો. કેમ એમ ? કારણ એ જ કે પેટના દોષને લીધે કુદરત એને પકાવવા તાવ લાવે છે. ત્રણ દિવસ ભૂખ્યા રહો એટલે દોષ બળી જાય. માટે તો આયુર્વેદ શાસ્ત્ર પણ કહે છે,-

' अभिनवे ज्वरोद्दीर्णे विषं जानीहि भेषजम् ।'

' નવા તાવમાં દવાને ય ઝેર સમજ.' ત્યારે ત્રણ ઉપવાસ કરે એટલે વાત-પિત્ત-કફના દોષ બળી જવાથી તાવ વગેરે સહજતાથી શાંત થઈ જાય. દવાની જરૂર જ શી ?

બીજી વાત એ છે, કે એવા યોગી પુરુષનો આહાર જ બહુ અલ્પ, એટલે રોગ થવાને કારણ જ ન મળે. તમને લાગશે,-

અલ્પ આહારથી કેમ ચાલે ?

પ્ર૦-બહુ અલ્પ આહારથી કેમ ચાલે ?

ઉ૦-આ સમજથી ચાલે કે, ' કહેવત છે સોળે સાન, વીસે વાન-સોળ વરસની ઉંમર થાય એટલે 'સાન'=અક્કલ આવી જાય, ને ૨૦ વર્ષની ઉંમર થતાં 'વાન'=શરીર ઉંચાઈ-પહોળાઈ-જાડાઈમાં તૈયાર થઈ જાય. હવે આગળ ખાવાની જરૂર એટલી જ કે શરીરને ટેકો મળી રહે.

આ સમજથી અલ્પ આહારથી ચલાવે. એમાં રોગ થવા સંભવ નહિ. કયારેક નિકાચિત કર્મના ઉદયે રોગ આવે, જેમકે સનતકુમાર ચક્રવર્તીને એકી કલમે સોળ રોગ ઊભા થઈ ગયા, તો દવા વિના એ સહી લેવાની તૈયારી. ચક્રવર્તીએ તરત જ દીક્ષા લઈને ૭૦૦ વર્ષ સુધી વિના દવા-ઉપચારે અને ત્યાગ-તપસ્યા કર્યે રાખીને રોગો સહ્યા હતા ને ?

આમ જિનકલ્પ કે એકાકી વિહારની ઈચ્છાથી મક્કમ મને સંલેખના કરે. એમ એકત્વ ભાવના કેળવે, ભયસંજ્ઞાનો નિગ્રહ કરે, આત્માનું સત્ત્વ ખૂબ વિકસાવે.

પેલા મુનિ આ કર્યે જતા, ને વચમાં વચમાં ગુરુ પાસે જિનકલ્પમાં જવાની આજ્ઞા માગતા; પરંતુ ગુરુ કહેતા ' હજી વાર છે.' એમ કરતાં વરસો વીત્યા. ત્યાં હવે મુનિની ધીરજ ખૂટી, તે એકવાર આજ્ઞા માગતાં, જ્યાં ગુરુએ કહ્યું-' હજી વાર છે,' ત્યાં પોતાની એક આંગળીનો ટચાકો બોલાવતાં તડૂકીને કહે છે,- ' હવે આમાં શી વાર છે ?' ભાવ એ બતાવ્યો, કે ' સંલેખનાથી આ કાયાને હાડ-પિંજરશી તો કરી નાખી, હવે શી વાર છે ?'

ત્યાં ગુરુ કહે છે, ' તમે કાયાની સંલેખના તો કરી, પણ મનની સંલેખના કયાં કરી છે ? એ કરવાની જરૂર છે; એટલે વાર છે.' મુનિ સમજી ગયા.

મનની સંલેખનામાં કષાયની સંલેખના કરવી પડે.

પોતાને અહીં અભિમાન આવ્યું, એટલે જ ગુરુની સામે આંખ જરા ચડાવીને બોલાયું કે ' હવે શી વાર છે ?' તરત એ ગુરુના પગમાં પડી ગયા, ક્ષમા માગતાં કહે છે, ' પ્રભુ ! ભૂલ્યો કે મેં અહંકાર કષાય ન દબાવ્યો. હવે કષાયની સંલેખના કરીશ.'

આ દૃષ્ટાન્ત પરથી સમજાશે, કે ત્યાગ-તપથી કાયા તોડી નાખવી સહેલી છે, પરીસહોનાં કષ્ટ સહવા સહેલા છે, પણ—

પોતાનો અહંકાર-આપમતિ-સ્વેચ્છાચાર તોડી નાખવો કઠિન છે.

માટે જ અહંકાર સર્વ દુર્ગુણોમાં રાજા છે. એ બીજા દોષ-દુર્ગુણોને પણ છાવરે છે, ને અહંકાર દોષને દોષરૂપે નહિ માનવા દે.

આવા જાલિમ અહંકાર-દોષને કચરી નાખવા માટે જિનશાસનમાં ગુરુતત્ત્વ છે, ગુરુને માથે ધરવાના છે.

ચારિત્ર-દીક્ષા લઈ ગુરુ કેમ કરવાના ? તો કે-

(૧) એક તો ' ગુરુસ્તીર્થ ' ગુરુને તીર્થની જેમ સેવવા માટે ગુરુ કરવાના–તીર્થની આરાધના કરવી હોય તો ખેદથી મનમાં એ ન લવાય કે–'આ તીર્થગિરિ બહુ ઊંચો, બહુ કઠિન!' એમ ગુરુની આરાધના કરવી હોય તો મનમાં એ ન લવાય, કે ' આ ગુરુનો સ્વભાવ બહુ તેજ!' ગુરુ એટલે ગુરુ, ત્યાં પોતાની સગવડ ન જોવાય. એક હિસાબ હોય, 'દુનિયામાં સેવા ઘણા લેભાગુ અને મોહાંધોની કરી, પણ ફળમાં ભવમાં ભ્રમણ સિવાય કાંઈ દેખ્યું નહિ. હવે આ ચારિત્ર-સંપન્ન નિર્મોહી ગુરુને સેવું, આરાધું, તો મારા ભવનાં ભ્રમણ મટી જાય.' ગુરુ આટલા માટે કરવાના.

(૨) ગુરુ કરવાનું બીજું કારણ આ કે અનાદિનો મહાદુર્ગુણ અહંકાર, આપમતિ ને સ્વેચ્છાચાર તોડવો છે, તે ગુરુને માથે રાખવાથી તૂટે. પૂછો,–

પ્ર૦–ગુરુ માથે રાખ્યાથી અહંકાર કેમ તૂટે ?

ઉ૦–ગુરુને માથે રાખ્યા એનું નામ કે ગુરુને પોતાનો આત્મા સર્વેસર્વા સમર્પિત કરી દીધો. લીટર દૂધમાં ૫૦ ગ્રામ પાણી કેવી રીતે ભળે છે ? પાણીનું જાદું અસ્તિત્વ જ ન દેખાય. તે દૂધ જ દેખાય. એમ ગુરુમાં સમર્પિત થઈ જવાથી પોતાનું જુદું અસ્તિત્વ ન દેખાય. આમાં પોતાનું અહંત્વ અહંકાર ક્યાં ઊભા રહે ? પોતાની મતિ પોતાની ઇચ્છા ક્યાં ઊભા રહે ? ગુરુની મોટાઈ, એજ પોતાની મોટાઈ, ગુરુની મતિ એજ પોતાની મતિ, ગુરુનો અભિપ્રાય એજ પોતાનો અભિપ્રાય, ગુરુની ઇચ્છા એજ પોતાની ઇચ્છા. આવું સમર્પણ કરાય, તો ગુરુને માથે ધર્યા કહેવાય. ત્યાં પછી પોતાની વડાઈરૂપ અહંકાર, પોતાની મતિરૂપ આપમતિ, પોતાની ઇચ્છા મુજબ આચરણરૂપ સ્વેચ્છાચાર યાને સ્વચ્છંદ ચારિતા શાના ઊભા રહે ?

આ જ વાત છે–" દેવાધિદેવ જેમ ઉપાસ્ય છે, એમ ગુરુ આચાર્યાદિ ઉપાસ્ય છે, વિશેષ ઉપાસ્ય અર્થાત્ ચોવીસે કલાક ઉપાસ્ય છે, મન-વચન-કાયાથી ઉપાસ્ય છે. ત્યાં પછી પોતાની સગવડ, પોતાની અનુકૂળતા, પોતાની રુચિ ન જોવાય. ગુરુસેવા આગળ પોતાની ઊંઘ ને આરામ હરામ થઈ જાય.

દુનિયામાં એક કન્યા પરણીને સાસરે જાય છે, તો દુન્યવી સુખ ખાતર પતિની સેવા–સગવડ–મોટાઈ વગેરેની આગળ પોતાની સગવડ-આરામ–વડાઈ, અહંત્વ, કેવા ભૂલે છે ! પોતાનું શરીર થાકે તો થાકવા દો, પતિની સેવામાં ખામી નહિ આવવા દેવાની. પતિના રોફમાં દબાઈ જવાનું. પતિની ઇચ્છા મુછળ જ વર્તવાનું. દૂધમાં પાણી ભળી જાય એમ પતિમાં પોતે ભળી જાય છે. પતિ મિજાજી અને સુખશીલિયો મળે તો તે ય નભાવી લે છે.

જો દુન્યવી તુચ્છ સુખના લક્ષ્યવાળી કન્યાને પતિમાં અર્પિત થઇ જવાનું આવડે, તો મોક્ષના લક્ષ્યવાળા સાધુને ગુરુમાં સર્વેસર્વા સમર્પિત થવાનું ન આવડે ?

ગુરુ સામે અહંત્વ ઊઠે, આપમતિ જાગે, તો એ રોકવા મહાપુરુષોને યાદ કરવા.

મોટા ગણધર ગૌતમસ્વામી મહારાજ ગુરુ મહાવીર ભગવાનમાં કેવા અર્પિત થઈ ગયેલા ? ત્યાં પોતાનું કશું અહંત્વ, કશું માન નહિ, પોતાનો કશો સ્વતંત્ર રસ કે કશી ઇચ્છા જ નહિ. પ્રભુએ ગૌતમ મહારાજને આણંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવાનું કહ્યું, તો એ તરત તહત્તિ કરી ઊપડ્યા ! અને જઈને આણંદ શ્રાવકને મિચ્છામ દુક્કડં દીધું ! કોણે ? પ્રભુના ૧૪ હજાર શિષ્યોમાં વડેરા અને પ્રથમ ગણધરે ! ગુરુને કેવા સમર્પિત ! 'ગુરુની ઇચ્છા એ પોતાની ઇચ્છા' એ ક્યારે બને ? અહંત્વ અહંકાર ભૂલાય ત્યારે. પ્રભુએ અંતિમ સમયે ચાલી

રહેલી ૧૬ પહોરની અત્યંત મધુરી અને રસભરી દેશના વચ્ચે ગૌતમને કહ્યું, 'જાઓ ગોયમા ! દેવશર્માને પ્રતિબોધ કરો.' એવી મધુરી દેશનામાંથી ઊઠવાનું મન થાય ? પણ ઊઠ્યા ને ગયા; કેમ વારુ ? ગુરુ સમર્પણમાં, ગુરુની ઇચ્છા ને ગુરુની આજ્ઞાથી વધીને બીજો રસ નહિ. એવો અહંત્વ-ત્યાગ. એમને અહમ્ નહોતું. એટલે તો એમણે એટલો ય વિચાર ન કર્યો કે 'પ્રભુ અત્યારે દેશનાની વચમાં કેમ આમ કહે છે ?' નહિતર અવધિજ્ઞાનથી જાણી શકત કે 'પ્રભુનું હવે તરતમાં નિર્વાણ છે, એટલે કદાચ મને એથી આઘાત ન લાગે તેથી આઘો કાઢવા આમ કહે છે.' તેમ એ પણ વિચારવા ન ઊભા કે 'એ દેવશર્મા પ્રતિબોધ પામે એવો છે ?' એ તો તરત ચાલી નીકળ્યા ! કેમ વારુ ? ગુરુવચન પર બીજો કશો વિચાર નહિ કરવાનો. વાત આ છે કે ગુરુમાં દૂધમાં પાણીની જેમ ભળી ગયા પછી પોતાનું જુદું અસ્તિત્વ ગૌતમ મહારાજના મન પર જ નથી.

૩ સાધને વિશુદ્ધ ઉપાસના :—

ગુરુ—આચાર્યાદિની ઉપાસના પણ વિશુદ્ધ કોટિની કરવાની, એટલે કે ઉપાસનામાં વિશુદ્ધિ માટે અત્યંત (૧) ઉપાદેય બુદ્ધિ, (૨) સંજ્ઞાઓનો ત્યાગ, અને (૩) નિરાશંસભાવ રાખવાનો. અહીં ગ્રંથકાર કહે છે, આચાર્યાદિ કેવા લેવાના ? તો કે ભાવયોગી લેવા. 'ભાવાચાર્ય' એટલે આચાર્યના ગુણો જેનામાં હોય તે. ગુણો ન હોય અને બાલી આચાર્ય તરીકેનું પદ લઈ બેઠા હોય એ દ્રવ્યાચાર્ય કહેવાય. કુશળ ચિંતન આવાનું નહિ કરવાનું, પરંતુ ભાવાચાર્યનું કરવાનું. તોજ એ ફળદાયી થાય. માટે એ ભાવાચાર્યનું શુભ ચિંતન જ સુંદર છે.

દ્રવ્યાચાર્યનું કુશળચિંતન, નમસ્કાર, સ્તુતિ-પ્રશંસા વગેરે સુંદર નહિ. વ્યવહારમાં દેખાય છે કે જૂઠી વસ્તુમાં સાચા તરીકેનો વ્યવહાર સુંદર નથી. જૂઠા કાટલામાં સાચા કાટલા તરીકેનો વ્યવહાર કોણ સારો ગણે છે ? ને સાચા તરીકે કોણ સ્વીકારે છે ? જૂઠા કાટલે જોખાયેલ માલ લઈ આવનારો નુકસાનમાં ઊતરે છે, અને એવી રીતે માલ આપનારો લોકમાં નિંદાય છે, લોકનો વિશ્વાસ ગુમાવે છે. એમ બનાવટી કે ભેળસેળિયા માલને સાચામાં કે ચોકખામાં ખપાવે એ પણ, લોકને જાણ થતાં, વિશ્વાસ અને ઘરાક ગુમાવે છે. તેમજ એવા માલને સાચો કે ચોકખો માલ સમજી એ તરીકે ખરીદનારો ઠગાય છે.

બસ, એ રીતે દ્રવ્યાચાર્યને ભાવાચાર્ય માની એને નમસ્કાર આદિ કરનારો ઠગાય છે.

દ્રવ્યાચાર્યથી ઠગાઇ :—

અંગારમર્દક આચાર્ય : અભવી હતો, દ્રવ્યાચાર્ય હતો, પણ એને નહિ ઓળખતાં ૫૦૦ શિષ્યોએ એને ગુરુ કરેલો. બહારથી બીજા સુસાધુઓ આવ્યા. એમાંના મુખ્યને રાતના સ્વપ્નમાં એક મોટો ભૂંડ હાથણીઓથી પરિવરેલો દેખાયેલો. તેથી લાગેલું કે—'આજે સુસાધુઓથી પરિવરિત કુગુરુ મળશે,' અને બરાબર તેમજ બન્યું. અહીં આવી ગુરુ અંગારમર્દક આચાર્યનાં લક્ષણ અભવી જેવાં જોયાં; બાનગીમાં ૫૦૦માંના મુખ્યોને સમજાવ્યું કે 'આ કયાં તમે અભવી જેવા ગુરુના પલ્લે પડી ગયા ?' બાતરી માટે રાતના આ બતાવ્યું,—બાનગીમાં મુકામ બહારની ભૂમિ પર કોલસી પથરાવી દીધેલી; ત્યાં અંગારમર્દક આચાર્ય રાતના માતુ કરવા (લઘુશંકાએ) નીકળ્યા, કોલસી પર ચાલતાં એમાંથી કીચૂડ કીચૂડ અવાજ થાય છે, એટલે આચાર્ય હસતાં હસતાં બોલે છે 'વાહ! મહાવીરના જીવડાનું સંગીત મજેનું ચાલે છે! લ્યો હજી સારું સંગીત ચલાવો.' એમ કરી હસતાં હસતાં પગ દાબીને ચાલે છે!

આચાર્યના શિષ્યોએ આ જોયું, સમસમી

ગયા કે 'અરરર? ગુરુને અહીં જીવડા છે એમ લાગવા છતાં એ આટલા બધા નિર્દય થઈ એના પર પગ દાબી દાબીને ચાલે છે?' સવારે એમને તમે રાતના આવું કરનારા ને બોલનારા? 'માફ કરજો, અમે તમને ગુરુ તરીકે વોસિરાવીએ છીએ. હવે તમારા અમારા સંબંધ પૂરા થયા.' એમ કહીને ઘડીનો ય વિલંબ કર્યા વિના તરત જ એમને છોડી દઈ પાંચસોએ ચાલ્યા ગયા. કેમ? જૂઠામાં સાચા તરીકેની બુદ્ધિ અને વ્યવહાર સારો નહિ, ધોબો દેનારો, નુકસાનમાં ઉતારનારો. માટે દ્રવ્યાચાર્ય ત્યાજ્ય.

પ્ર૦–દ્રવ્યાચાર્ય લોકમાં આચાર્ય તરીકે મનાય છે, તો એનો આદર નહિ?

ઉ૦–ના, એ અધર્મમાંથી ઉત્પન્ન થયેલ છે, તેથી આદરણીય નથી, ઉપાસનીય નથી. દા.ત. ચોરીના માલથી ધનવાન થયો હોય એની સાથે સારા વેપારી વેપાર-સંબંધ નહિ રાખે; ભય છે–'કદાચ એ સરકારથી પકડાયો, તો આપણે ય એમાં સંડોવાઈશું,' દ્રવ્યાચાર્ય કેમ સાધુ કે આચાર્ય થાય છે? કહો, માન-પાનાદિની લાલસાથી. એ પૌદ્ગલિક લાલસા એ પાપ છે, અધર્મ છે. એમાંથી ઉત્પન્ન થયેલ સાધુપદ આચાર્યપદ એ સ્વ-પરનું ઘાતક અપકારક હોવાથી જરાય આદરણીય ઉપાસનીય નથી.

આચાર્યાદિ-વૈયાવચ્ચ્ય

(ટીકા) નૈતદેવં કેવલં યોગબીજમ્, કિં તર્હિ? 'વૈયાવૃત્ત્યં ચ' વ્યાવૃત્તભાવલક્ષણમાહારાદિના' 'વિધિવત્' સૂત્રોક્તવિધિયુક્તં, પુરુષાદ્યપેક્ષયેત્યર્થઃ યદાહ 'પુરિસં તસ્સુવયારં, અવયારં ચઽપ્પણા ય ણાઊણં। કુજ્જા વેયાવડિયં, આણં કાઊં નિરાસંસો॥'

અર્થ :–માત્ર આ (કુશલચિંતન આદિ, જ યોગબીજ નથી, કિંતુ વૈયાવચ્ચ (સેવા) આદિ પણ (યોગબીજ) છે. વૈયાવચ્ચ એટલે આહાર આદિથી સેવામાં રોકાઈ જવું. તે પણ વિધિવત્, અર્થાત્ સૂત્રોક્ત વિધિયુક્ત એટલે કે પુરુષાદિ ધ્યાનમાં રાખીને (વૈયાવચ્ચ કરવી.) કેમકે કહ્યું છે,–સામા પુરુષને જાણી, તથા એને અને પોતાને (વૈયાવચ્ચથી) ઉપકાર-અપકાર (શો થાય? એ) જાણી નિરાશંસ બનીને, ભગવાનની આજ્ઞા છે માટે, વૈયાવચ્ચ કરવી. એટલા માટે કહે છે, શુદ્ધાશય વિશેષથી અર્થાત્ વિશુદ્ધ ચિત્ત–વલણવિશેષ રાખીને (વૈયાવચ્ચ કરવી), અને આ વિશિષ્ટ ચિત્તવલણ તેવા પ્રકારના કાલ આદિને અનુસારે થાય, એ પહેલાં લગભગ કહેવાઈ ગયું છે.

વિવેચન :–આચાર્યાદિને વિષે માત્ર કુશળ ચિંતન વગેરે મન-વચન-કાયાથી ઉપાસના એટલું જ યોગબીજ નથી, કિન્તુ એમની વૈયાવચ્ચ પણ યોગબીજ છે.

વૈયાવચ્ચના અદ્ભુત લાભ

આચાર્યાદિની વૈયાવચ્ચનો કેવો મહાન પ્રભાવ છે, તેમજ કેવા મહાન લાભ છે, એ જો જરા ઊંડા ઊતરીને વિચારીએ, તો લાગે કે વૈયાવચ્ચ એ ખરેખર યોગબીજ યાને યોગનું કારણ હોય એમાં શંકા નથી.

(૧) પહેલી વાત આ છે, કે વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની કરવાની છે; એટલે પૂર્વે કહ્યું તેમ (૧) અત્યંત કર્તવ્ય-બુદ્ધિથી કરવાની છે. જેથી મન બીજામાં જાય નહિ, ને એમાં જ તન્મય રહે. એટલે મનને બીજા ત્રીજા ભળતા વિકલ્પોથી બચાવી શકાય. આમ રખડુ મનને આ ઉત્તમ શુભ યોગમાં એકાકાર કરાય, એ શુભ ધ્યાન થયું. વૈયાવચ્ચથી એનો મોટો લાભ થયો! અને

(૨) ભળતા વિકલ્પો એ બહિરાત્મભાવ છે, બહિર્મુખતા છે. એનાથી આત્માને બચાવ્યો એટલે અંતર્મુખતા ટકી. **આ પણ મોટો લાભ બહિર્મુખતાના કુસંસ્કારોને દૃઢ થતા રોકયા, આ પણ મોટો લાભ.**

(૩) વળી વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની કરવાની. એમાં આહારાદિ સંજ્ઞાઓની અટકાયત કરવાની આવે–તેથી

એ સંજ્ઞાઓના કુસંસ્કાર પણ દૃઢ થતા અટકે.

(૪) વૈયાવચ્ચ વિશુદ્ધ કોટિની એટલે કે પૌદ્ગલિક આશંસા વિનાની કરવાની, નિરાશંસ ભાવની કરવાની; તેથી એમાં ફળમાં માન–પ્રશંસા–કીર્તિ વગેરે કશું જોઈતું નથી. એટલે નિરાશંસ ભાવનો વૈયાવચ્ચ ગુણ એવો મહાન છે, કે એથી

જબરદસ્ત પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે.

ભરત–બાહુબલિને આપણે જાણીએ છીએ કે એમણે પૂર્વભવે ૫૦૦ મુનિઓની ભક્તિ–વૈયાવચ્ચ નિરાશંસભાવે કરેલી; તો એ અનુત્તર વિમાનમાં દેવ થઈ, અહીં એક ચક્રવર્તી અને બીજા અતુલબલી બનેલા ! અને એક એવા અદ્ધળક ઐશ્વર્ય વચ્ચે નિર્લેપ કેવા કે આરિસાભવનમાં વીતરાગતા ને કેવળજ્ઞાન પામ્યા ! તો બીજા ચક્રવર્તીને ટપી જાય એવા અદ્ભુત બળવાળા છતાં યુદ્ધ–ભૂમિ પર વૈરાગ્ય અને ચારિત્ર પામ્યા ! ને ત્યાં જ ૧૨ મહિના સુધી કાયોત્સર્ગધ્યાનમાં રહેવાનું સામર્થ્ય તથા અંતે કેવળજ્ઞાન પામ્યા ! આ બંનેને નિરાશંસભાવની વૈયાવચ્ચ–સાધનાનું ફળ.

આષાઢાભૂતિ મુનિ આચાર્યાદિની ગોચરીની વૈયાવચ્ચમાં લાડુની આશંસામાં પડ્યા ! તો નાટકણીમાં લોભાઈ ચારિત્રભ્રષ્ટ થયા ! એ તો સારું થયું કે એમને ચારિત્ર પર બહુમાન અને ચારિત્રના શુભ સંસ્કાર હતા, એટલે પાછળથી ઊંચે આવી ગયા, અને ભરત ચક્રવર્તીનું નાટક ભજવતાં કેવલજ્ઞાન પામી ગયા !

(૫) આચાર્યાદિની વૈયાવચ્ચમાં એક અદ્ભુત લાભ એ છે, કે વૈયાવચ્ચથી આચાર્યાદિને શાતા ઊપજે છે. તેથી બીજા જીવોને જે શાતા અપાય એના કરતાં શ્રાવકને શાતા અપાય એનો મોટો લાભ, એના કરતાં તપસ્વીને શાતા–દાનનો વધુ લાભ, એના કરતાં મુનિને શાતા–દાનનો વધારે,....એમ ઉત્તરોત્તર ગ્લાન, પ્રવૃત્ત, ઉપાધ્યાય, આચાર્યને શાતાદાનમાં ચડિયાતો લાભ ! આ લાભ વૈયાવચ્ચથી મળે, એમાં પુણ્ય–લાભ પણ ઉત્તરોત્તર ચડિયાતો થાય.

(૬) આચાર્યાદિને વૈયાવચ્ચથી શાતા અપાય, વિશેષ શરીર–સ્વસ્થતા અપાય, એટલે **એમનાં કાર્ય જોરદાર અને વેગબંધ ચાલે.** કામ શરીરથી લેવાનું છે, એને શાતા આપીએ એટલે એ કામ જોરદાર આપે એ સહજ છે. એમાં એક મહાન નિમિત્ત બનવાનો લાભ મળે. એ બધા સુકૃતોની સક્રિય અનુમોદનનો લાભ મળે.

આચાર્યનાં કાર્ય કયાં ? જગતમાં ધર્મનો ફેલાવો કરવો, જીવોને પવિત્ર પંચાચારમાં જોડવા, ઇતરોમાં શાસન–પ્રભાવના કરી એમને બોધિબીજ પમાડવાં,...વગેરે વગેરે. એમાં નિમિત્ત બનવાનો લાભ ! એમ–

ઉપાધ્યાયની વૈયાવચ્ચથી એમને શાતા મળતાં એમના કાર્યમાં વેગ આવે, એ શાસ્ત્રો ભણાવી મુનિઓને બુદ્ધ–સંબુદ્ધ કરે, એ વળી પોતાના શિષ્યોને સંબુદ્ધ કરે....એમ શાસ્ત્ર–પરંપરા એટલે કે શાસન–પરંપરા ચાલે. ઉપાધ્યાયની વૈયાવચ્ચથી એમાં નિમિત્ત થવાનો લાભ મળે.

એમ તપસ્વીની વૈયાવચ્ચથી એમને શાતા મળે ને તપસમાધિમાં તથા આગળ તપમાં વેગ મળે.

એમ મુનિની વૈયાવચ્ચથી મુનિને શાતા મળે. એમાં એમના ચારિત્ર–પાલન સંયમ–સ્વાધ્યાય–રમણતા વગેરે કાર્યમાં વેગ આવે.

આમ એક વૈયાવચ્ચ કેટકેટલા ઉત્તમ કાર્યોમાં

નિમિત્ત થાય ? કહો, જેમ બગીચામાં નીકમાં પાણી વહેવડાવ્યું, એ ગુલાબ–ચંપો–જાસુદ–મોગરો વગેરે કેટલાયનાં પોષણમાં નિમિત્ત થાય. એમ,–

વૈયાવચ્ચ જાણે નીકમાં પાણી ! તે એકેકના કેટલાય ઉત્તમ સત્કાર્યોના પોષણમાં નિમિત્ત બને !

માનસિક શાતાની વૈયાવચ્ચ :–

જરા ઊંડું વિચારીએ તો, દા. ત. આચાર્યને વૈયાવચ્ચથી શાતા–સ્વસ્થતા આપી, એ બીજા જીવોને પાપોની આલોચનાનું પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરે. એટલે એ પ્રાયશ્ચિત્ત લેનારા નિકટ મોક્ષગામી બને ! કોઈ વળી ભાવનામાં ચઢી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચે ! આ ફળ શાનું ? વૈયાવચ્ચથી આચાર્યને સ્વસ્થતા મળી એનું.

વૈયાવચ્ચથી શારીરિક શાતા અપાય, એના કરતાં માનસિક શાતા અપાય, એમાં વળી અલૌકિક ફળ નીપજે ! દા. ત.

સંપ્રતિ રાજાનો જીવ પૂર્વ ભવે ભિખારી, તે એણે આચાર્ય આર્યસુહસ્તિ મહારાજ પાસે આવા માટે ચારિત્ર લીધું. પછી દિવસોનો ભૂખ્યો એટલે જરા વધારે અને ભારે ખાધું. એ જ રાતે એને અજીર્ણ પેટમાં દરદ થયું. ત્યાં આચાર્યાદિ મુનિઓએ એને નિર્યામણા કરાવવાની વૈયાવચ્ચ કરી. એના મનને શાતા આપી, તો એ મરીને રાજા સંપ્રતિ થયો ! અને એણે ૧૨ લાખ નૂતન જિનમંદિર બંધાવ્યા ! ૩૬ હજાર મંદિરનાં જીર્ણોદ્ધાર કરાવ્યા ! ૧૨ ક્રોડ જિનબિંબ ભરાવ્યા ! કેટલીય દાનશાળાઓ ચલાવી ! દૂર દેશમાં જૈન ધર્મ ફેલાવ્યો !...આ બધા ઉત્તમ સત્કાર્યોમાં પૂર્વભવે મુનિઓએ એને અંત સમયે આપેલી માનસિક શાતા–વૈયાવચ્ચનું પાણી પહોંચ્યું ગણાય.

૫૦૦ને પીલાવામાં સારાં તત્ત્વ :–

પાલક પાપીએ ૫૦૦ મુનિઓને એક પછી એક ઘાણીમાં પીલવા માંડ્યા, ત્યાં આચાર્ય ખંધકસૂરિએ નિર્યામણાની વૈયાવચ્ચ કરવા માંડી કહેતા ગયા, " જોજો, (૧) આપણી પોતાની ચીજ આપણો આત્મા છે. એનું ધન જ્ઞાન–દર્શન–ચારિત્ર–સમતા છે. તો એ જ સંભાળજો. (૨) શરીર તો પાડોશી છે. પાડોશીને ત્યાં આગ લાગી, ત્યાં 'હાય' કરી પોતાને ત્યાં આગ ન લગાડાય. વળી (૩) આ પાલક તો મહાઉપકારી છે, કેમકે તમારા જટિલ કર્મ આ વેદના આપ્યાં વિના જાય એવા નહોતા, તે હવે એ કર્મ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય એની પાલક સગવડ કરી આપે છે ! એના પર જરાય દ્વેષ અરુચિ ન કરાય. વળી (૪) આપણને વીતરાગ મુનિસુવ્રત ભગવાન મળ્યા છે. તો આવા સમયે તો ખાસ એ વીતરાગને અને એમની કરણી તથા ઉપદેશને નજર સામે રાખી જરાય કાયાનો રાગ, શાતાનો રાગ, વગેરે રાગ કે અશાતા આપનાર પર દ્વેષ ન કરતાં રાગદ્વેષના ભુક્કા બોલાવવાના. વીતરાગને પામીને આ ન કરીએ, તો પછી રાગ–દ્વેષ ક્યાં નષ્ટ કરવાના હતા ?

પીલાતા મુનિઓ પણ આ નિર્યામણા–વૈયાવચ્ચથી મહાન માનસિક શાતા પામી ભગવાન અને એમનું શાસન તથા આવા ગુરુ મળ્યાના એટલા બધા આનંદમાં ઝીલતા હતા ! કે એ પોતાની કાયા અહંત્વ વગેરેથીય તદ્દન અનાસક્ત બની ગયા ! શુક્લ ધ્યાનમાં ચડી જતાં વીતરાગતા અને કેવળજ્ઞાન પામી મોક્ષ પામી ગયા ! આચાર્ય મહારાજે મુનિઓને ઘાણીમાં પીલાવાની ઘોર પીડામાં પણ અદ્ભુત નિર્યામણા કરાવવાની વૈયાવચ્ચથી માનસિક શાતા આપી, તો એ શાતાનું પાણી ક્યાં સુધી પહોંચ્યું ? આમ વૈયાવચ્ચના કેટકેટલા મહાન લાભ ! એટલે કહેવાય, કે સંસાર પાર કરવો હોય તો આચાર્યાદિની વૈયાવચ્ચ કરવાની આ ભવમાં મળેલી મહાન તકને ગુમાવો નહિ. એક નાના સાધુની પણ કરેલી વૈયાવચ્ચ એનાં જ્ઞાન–ધ્યાન–તપસ્યા–સેવા–નિયમ વગેરેનાં પોષણમાં જાય. અને,

નિરાશંસ ભાવની વૈયાવચ્ચ સ્વ-પરમાં મહાન પુણ્ય પ્રકૃતિઓનું ને ઊંચા પુણ્યાનુબંધોનું ઉપાર્જન કરાવશે.

એના ફળમાં ભવાંતરે (૧) પુણ્યથી ઉચ્ચ સદ્ગતિ, ને આરાધનાની સામગ્રી મળશે; (૨) તથા શુભાનુબંધોથી સદ્ગુણો-સુકૃતો-સાધનાઓ મળશે.

માટે વૈયાવચ્ચ કરતાં આ ખાસ કરવાનું કે જેમની વૈયાવચ્ચ કરીએ છીએ, એમને શાતા મળવાથી એ જેટલા જેટલા સુકૃતો-સદ્ગુણો-સાધનાઓ કરે, એની એની અનુમોદના કરતા રહેવાનું. એ અનુમોદનાથી એ સુકૃત-સદ્ગુણ--સાધનાનાં આપણામાં બીજ રોપાતા જશે, અને શુભાનુબંધ જમા થતા જશે. તેથી જ ભવાંતરે આપણને સદ્બુદ્ધિ અને સુકૃતો સદ્ગુણો ને સાધનાઓ અતિ સુલભ થવાની, તેમજ પુણ્યો ઊભા થશે એનાથી સદ્ગતિ અને એ સુકૃતો-સાધનાઓ માટેની અનુકૂળ સામગ્રી મળવાની.

વૈયાવચ્ચની બલિહારી છે.

સાધુની વૈયાવચ્ચ કરો એટલે તમારા દિલમાં સાધુના સંયમનો અને લોકોત્તર જીવનનો પક્ષપાત ઊભો થાય છે.

જોજો, સાધુનું જીવન લૌકિક નહિ પણ લોકોત્તર જીવન છે. લોકો ખાઈને પાપ બાંધે, ત્યારે સાધુ ખાય તોય કર્મ-નિર્જરા કરે! સાધુની ચોવીસે કલાકની એકેક પ્રવૃત્તિ કર્મક્ષય કરનારી! જીવનમાં પાપ-પ્રવૃત્તિનું નામ નહિ. લોકો સાધુનાં દર્શનથી કલ્યાણ પામી જાય. કહ્યું છે 'સાધૂનાં દર્શને પુણ્યમ્' લોકો સુપાત્ર સાધુને દાનથી પુણ્ય પામે. સાધુના મુખેથી બે હિતના અક્ષર પામી કલ્યાણ પામે. આમ સાધુ સ્વ-પર ઉભયનું કલ્યાણ કરનારા હોય છે. સાધુ પોતાના સંપર્કમાં આવનારને શું દેખાડે? પોતાને સંયમનો બહુ રાગ છે એટલે સંયમ જ દેખાડે ને? દુનિયામાં દેખાય છે, જેને જેનો બહુ રાગ, એ બીજાને એજ દેખાડે છે. દા. ત. પૈસા કમાવાના બહુ રાગવાળો બીજાને એજ કહે છે. "જુઓ, પૈસા આમ કમાવાય. પૈસા કમાશો તો સુખી બનશો." એમ સાધુ જગતને સંયમ જ દેખાડે. એ કહે છે, 'જુઓ, સુખી થવું હોય તો સંયમમાં આવો-' એવા સાધુની વૈયાવચ્ચ કરતાં સાધુના ક્ષમાદિ ગુણોનો, અહિંસાદિ સત્કૃત્યોનો, તથા સંયમાદિ સાધનાઓ ને સાચા ધર્મ-ઉપકારનો યાવત્ એમના સમગ્ર લોકોત્તર જીવનનો એ વૈયાવચ્ચ કરનારના દિલમાં પક્ષપાત ઊભો થાય છે. એ ભવાંતરે એને બહુ ઊંચે મૂકી દે છે, લોકોત્તર ધર્મનો ઊંચો પક્ષપાત સુલભ કરે છે.

ત્યારે, ખૂબ ગંભીરતાથી આ મન પર લેવા જેવું છે, કે વૈયાવચ્ચથી કેટકેટલા અનુપમ લાભો ઊભા થાય! એવા આચાર્ય-ઉપાધ્યાય-પદસ્થ-મુનિઓ-તપસ્વીઓ વગેરેની સેવા-ભક્તિ-વૈયાવચ્ચ એ તો કલિકાલમાં કલ્પતરુ સમાન છે. એવી વૈયાવચ્ચની સાધના-શા સારુ જતી કરવી? વળી શાસ્ત્રો કહે છે-

વૈયાવચ્ચ એ અપ્રતિપાતી ગુણ છે.

જ્ઞાન-તપ વગેરે આ ભવના અંતે સમાપ્ત થાય, એનો પ્રતિપાત થાય; ત્યારે વૈયાવચ્ચ ગુણ ભવાંતરે સાથે લાગે, એટલે એ અપ્રતિપાતી ગુણ બને છે. વળી જ્ઞાન તપસ્યા વગેરે કદાચ અહંત્વમાંથી ઊઠે, 'હું જ્ઞાની થાઉં, તપસ્યા કરું, તો લોકોમાં મારું માન વધે, મારી પ્રશંસા થાય; કેમકે લોક ચળકાટને પૂજે છે. જ્ઞાન-તપ વગેરના ચળકાટ ભારે! એથી લોક આકર્ષાય છે, માન આપે છે, પ્રશંસા કરે છે.' આમ એ જ્ઞાન-તપ વગેરેમાં માન વધે, પ્રશંસા થાય, એટલે ફૂલણજી ફૂલ્યા! પેટ ફૂલીને ફાળકો થાય, અહંકાર વધે. ત્યારે વૈયાવચ્ચથી લોકમાં એવો ચળકાટ નહિ, તેથી એ 'અહું'

માંથી ઊઠવા સંભવ નહિ, તેમ એની પાછળ લોકોમાં વાહવાહ નહિ, તેથી અહંકાર પોષવાનો પણ સંભવ નથી. એટલે કહો,

વૈયાવચ્ચ એ આત્મસ્પર્શી ગુણ છે.

સીધો આત્માની ઉન્નતિ સધાવનારો ગુણ વૈયાવચ્ચ.

ભરત-બાહુબલિ કેમ જીતી ગયા? કેમ સહેજમાં કેવળજ્ઞાન પામી ગયા? કહો, પૂર્વ ભવે આવી 'અહં'માંથી નહિ ઊઠેલી અને અહંકારને નહિ પોષનારી મુનિઓની ભક્તિ-વૈયાવચ્ચમાં લાગી ગયા હતા માટે. એ ભરત-બાહુબળ પૂર્વભવે ચક્રવર્તીના લાડલા ભાઈઓ હતા. છતાં મુનિ બનીને સેવા-વૈયાવચ્ચ કરવામાં એ જોવા ન રહ્યા કે 'આ ૫૦૦ મુનિઓમાં તો કેટલાક સામાન્ય સ્થિતિમાંથી સાધુ થયેલા છે. એમની અમે શાની સેવા કરીએ?' કેમ આમ ન વિચાર્યું? કારણ આ જ, કે સેવા વૈયાવચ્ચ 'અહં'માંથી ઊઠી નહોતી; પણ માત્ર આત્મકલ્યાણની ભાવનામાંથી ઊઠી હતી; 'અહીં શુભાનુબંધો અને ભવાંતરે નક્કર સદ્બુદ્ધિ-સુકૃત-સત્કૃત્યો-સદ્ગુણો મળે, એવી ભાવનામાંથી ઊઠી હતી. તેથી સેવા-ભક્તિ-વૈયાવચ્ચ કરતાં એ શાનું જોવાય? કે 'આ મુનિઓ તો સામાન્ય ઘરમાંથી આવેલા.' તાત્પર્ય, વૈયાવચ્ચ એ અદ્ભુત ગુણ છે.

વૈયાવચ્ચ સંસારના મૂળપાયારૂપ અહંત્વનો નાશ કરે છે.

વૈયાવચ્ચમાં વિધિ

આ વૈયાવચ્ચ કરવાની તે આગળ કહેલી વિધિ સાચવીને કરવાની; અર્થાત્ જેમની વૈયાવચ્ચ કરવી છે તે પુરુષ કેવા? ને એ અને પોતે, બંનેને વૈયાવચ્ચથી ઉપકાર-અપકાર કેવો થાય? એ ધ્યાનમાં લઈને આહારાદિથી વૈયાવચ્ચ કરવાની છે. કેમકે આગમમાં કહ્યું છે,—

વૈયાવચ્ચમાં સ્વ-પરનો ઉપકાર અપકાર જોવો:-

"पुरिसं तस्सुवयारं
अवयारं चऽप्पणो य णाऊणं ।
कुज्जा वेयावडियं
आणं काउं निरासंसो ।"

અર્થાત્—'જેમની વૈયાવચ્ચ કરીએ તે પુરુષને જોવા, ને એમને વૈયાવચ્ચથી ઉપકાર એટલે કે જ્ઞાનાદિની વૃદ્ધિ થાય એવો ટેકો મળે એમ છે ને? સાથેસાથે એમને વૈયાવચ્ચથી અપકાર એટલે કે તેવા પ્રકારના આહારાદિથી એમનું સ્વાસ્થ્ય બગડીને સળેખમ વગેરેનો ઉપદ્રવ તો નહિ થાય ને?' એ સૂક્ષ્મતાથી બુદ્ધિ વાપરીને જોવું પડે. એમ પોતાને પણ વૈયાવચ્ચથી ઉપકાર એટલે કે શુદ્ધ અર્થાત્ નક્કરી ચિત્તસમાધિનો લાભ થશે ને? તેમજ વૈયાવચ્ચથી પોતાને અપકાર એટલે કે આવશ્યક ક્રિયાની કે બીજા કૃત્યની હાનિ નહિ થાય ને? થાય તો કેટલી થાય? એ પણ જોવું પડે. એ ધ્યાનમાં રાખીને વૈયાવચ્ચ કરવી.

(૨) વૈયાવચ્ચ એ ભગવાનની આજ્ઞા છે, એમ મનમાં લાવીને વૈયાવચ્ચ કરવી.

(૩) તે પણ નિરાશંસભાવે એટલે કે કીર્તિ આદિના લાભની કે સામા પાસેથી બદલાની અભિલાષા રાખ્યા વિના કરવી.

આનો વિશેષ સ્પષ્ટતાથી વિચાર કરીએ.

વૈયાવચ્ચમાં આચાર્યાદિને ઉપકાર-અપકાર:-

આચાર્યાદિની વૈયાવચ્ચ કરવી છે, દા.ત. એમને આહાર વપરાવવો છે, તો એ જોવું પડે, કે આ વપરાવવાથી એમના શરીરને એવો ટેકો મળશે ને? એવી સ્વસ્થતા-સ્ફુર્તિ આવશે ને? કે જેથી એમને જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયની વૃદ્ધિ થાય. આચાર્ય છે, એમને અનુકૂળ હોય તેવી આહાર-પાણીથી ભક્તિ કરીએ એ આહાર-પાણી એવા જોઈએ, કે એમનાં

શરીરને સ્ફુર્તિ આપે, જેથી એ પોતાની આગમ-સ્વાધ્યાય ને તત્ત્વચિંતન (અનુપ્રેક્ષા) સારી રીતે કરી શકે. એથી એમના જ્ઞાન-પર્યાયની વૃદ્ધિ થાય. એમ દર્શનવૃદ્ધિ એ રીતે, કે એ શાસનની પ્રભાવનાનું ને ગચ્છના સંચાલનનું કાર્ય સારી રીતે કરી શકે. ચારિત્રપર્યાયની વૃદ્ધિ એ રીતે, કે ચરણસિત્તરી-કરણસિત્તરીના અંગોનું સારી રીતે પાલન કરી શકે.

જેમ આચાર્યાદિની અનુકૂળ આહાર-પાણીથી ભક્તિ કરવાની, એમ એમને બેસવાની જગા પણ ઋતુના હિસાબે અનુકૂળ રખાય, એમ અજવાસવાળું રખાય. વળી એમની બેઠક એવી અલગ રખાય કે એમની પાસે મુનિઓ કે ગૃહસ્થો ગંભીર આલોચના કરવા આવે તો મુક્ત દિલે કરી શકે; એમ શાસન કે સમુદાયના હિતની એકાંતમાં કરવાની વાત-વિચારણા સંકોચ વિના કરી શકે.

આ જેમ સ્વસ્થ તબીયતમાં, એમ બિમાર સ્થિતિમાં પણ દવા, પથ્ય આહાર, જગ્યા વગેરેમાં એમને અનુકૂળ રહે એ પ્રમાણે ભક્તિ કરવાની. એમના શરીરને અને મનને સમાધિ સ્વસ્થતા રહે તો પોતાની જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધના સમાધિવાળી કરી શકે. એમ,

દા.ત. મુનિની ભક્તિ-વૈયાવચ્ચ કરવી છે, તો એમાં પણ અનુકૂળ જ આહાર પાણીથી ભક્તિ થાય, જેથી એ જ્ઞાનવૃદ્ધિ કરી શકે. દર્શનવૃદ્ધિમાં એમને સમ્યગ્દર્શનની પોષક ચૈત્યવંદનાદિ ક્રિયામાં સારી સ્ફૂર્તિ રહી શકે. ચારિત્ર-વૃદ્ધિમાં એમને સમિતિ-ગુપ્તિના પાલનમાં તેમજ બીજા સાધ્વાચારોમાં સ્ફુર્તિ રહે. આ ઉપકારની વાત.

અપકારની બાબતમાં એ જોવું પડે, કે દા. ત. આચાર્યાદિની આહાર-પાણીથી ભક્તિમાં. એ એમની તબીયતને પ્રતિકૂળ પડી એમને કોઈ સળેખમ-શરદી - કફ - ખાંસી - વાયુ વગેરેનો ઉપદ્રવ પીડા તો નહિ થાય ને? દા.ત. રસઝરબોળ ચણા-વાલ-વટાણા પ્રમાણથી વધુ વપરાવા જાય, તો વાયુની તકલીફ ઊભી થાય. એમ આચાર્યાદિ શરદીની પ્રકૃતિના હોય ને એમને પવન-ઝપાટાની જગામાં બેસાડે, તો શરદી વધી જાય. અથવા આચાર્યની આજુબાજુ બીજા બેઠેલા સાંભળી શકે એવી જગાએ એમને બેસાડ્યા હોય તો ત્યાં એમની પાસે કોઈ ગુપ્ત વાત કરવા આવે એ સંકોચ પામી જઈ પૂરી વાત ન કરી શકે; ને જો કરે તો એ વાત જાહેર થઈ જાય! આ આચાર્યને અપકાર થયો કહેવાય.

ત્યારે ભક્તિ-વૈયાવચ્ચ એવી કરવી કે એમને જ્ઞાનાદિમાં વૃદ્ધિ થાય, અને એમને કોઇ અનિષ્ટ વસ્તુ ન બને. આ જેમની ભક્તિ વૈયાવચ્ચ કરવા જઈએ એમને એથી થતા ઉપકાર-અપકારની વિચારણા થઈ.

વૈયાવચ્ચકારીને ઉપકાર-અપકાર :

હવે ભક્તિ-વૈયાવચ્ચ કરનારને પોતાને એ કરવા જતાં શા ઉપકાર-અપકાર થવાનો સંભવ? તો જોવાનું, કે આ કરવા જતાં કે કરીને પોતાને ચોકખી ચિત્ત-સમાધિ રહેશે ને? દા.ત. પોતાનું શરીર સક્ષમ હોય તેટલા પ્રમાણમાં વૈયવાચ્ચ કરે તો સમાધિ રહે. શરીર વધુ પડતા શ્રમથી થાકીને લોથ થઈ જાય તો એમાં સમાધિ ન રહે. શરીર તેવું સક્ષમ ન હોય અને બહુ શ્રમમાં શરીરે પસીનો ને પવન ભેગા થાય તો શરદી લાગી જવાથી સમાધિ ન રહે.

કોઇ પણ આરાધનામાં ચોકખી ચિત્ત-સમાધિ રહે એ મુખ્ય વસ્તુ જોવાની.

હોંશમાં ને હોંશમાં મોટી તપસ્યાનું પચ્ચક્ખાણ કરી બેસે, ને એમાં શરીર તદ્દન શિથિલ પડી જતાં તપસ્યા પૂરી કરતાં દમ નીકળી જાય! ત્યાં ચિત્ત-સમાધિ ન રહે.

જ્ઞાનીઓએ એવો જ તપ કરવાનુ કહ્યું છે, કે જેમાં

(૧) ઈન્દ્રિયોની હાનિ ન થાય,

(૨) મન અશુભ સંકલ્પમાં ન પડે, તથા

(૩) સંયમ તથા આવશ્યક યોગો ધર્મ-પ્રવૃત્તિઓ સીદાય નહિ. દા.ત. ઉપવાસો કરીને સ્વાધ્યાય ગુમાવે તો યોગ સીદાયો ગણાય. ત્યાં સમાધિભંગ થાય.

વૈયાવચ્ચમાં ચિત્તસમાધિ :

ભક્તિ-વૈયાવચ્ચ કરનારે પોતાને માટે પણ આ જોવું પડે, કે એ કરતી વખતે કે કરીને પછી ચિત્ત-સમાધિ બરાબર રહે છે ને? અલબત્ સાથે એ જોવાનું કે એમાં પોતાના હરામ-હાડકાપણાની વૃત્તિથી તો ચિત્તને અસમાધિ થવાનું માની લેતો નથી ને? ચિત્તસમાધિ 'બરાબર' એટલે એ પણ ધ્યાનમાં રાખવું પડે કે બીજા ભક્તિ-વૈયાવચ્ચ કરનાર પર ઈર્ષ્યા-અસૂયા ન આવી જાય; એમ જેમની વૈયાવચ્ચ કરે છે, 'એ મારી કદર નથી કરતા, યા મારી ભક્તિ વૈયાવચ્ચના કાર્યમાં ખામી કાઢ્યા કરે છે,' આવું પણ મનમાં ન લવાય. તો જ સમાધિ રહે. આ માટે એક જ હિસાબ રાખવો પડે કે,

ઈર્ષ્યા-દીનતા રોકવા વિચારણા :—

'હું મારા આત્મ-કલ્યાણ માટે જ આ કરું છું. જો શુદ્ધ નિષ્ઠાથી કરું છું તો મને રોકડો આત્મલાભ થઈ રહ્યો છે, પછી બીજા વૈયાવચ્ચ-કારી સામે જોવાનું જ શાનું હોય? જોઉં તો જ ઈર્ષ્યા આવે ને? એમ સામા મારી ખામી કાઢે એથી કાંઈ મારે શુભ નિષ્ઠાથી કરેલ વૈયાવચ્ચ-સુકૃતના આત્મલાભમાં હાનિ નથી થતી. એટલે ખામી-પ્રદર્શન પર મારે ઉદ્વેગ કરવાની ને દીન બનવાની કશી જરૂર નથી.'—આ વૈયાવચ્ચ કરતાં પોતાને સમાધિનો ઉપકાર થવાની વિચારણા થઈ.

પોતાને અપકાર વહોરીને વૈયાવચ્ચ નહિ :-

એમ, પોતાને વૈયાવચ્ચ કરવા જતાં અપકાર ન થાય એ જોવાનું. 'અપકાર' એ, કે પોતાને પોતાની બાકી આવશ્યક ક્રિયાઓમાં તેમજ બીજા કર્તવ્યોમાં વાંધો ન આવે એ જોવાનું. દા. ત. વૈયાવચ્ચ કરવા જતાં મનને એવું જો લાગે કે 'પ્રતિક્રમણ-આવશ્યકને હાનિ પહોંચશે, પોતે અપૂર્વ શ્રુત (આગમ) ગ્રહણ કરતો હોય એને વાંધો આવશે,' તો એમ નહિ થવા દેવાનું. આ એટલા માટે જોવાનું કે પોતે અપૂર્વ શ્રુત ગ્રહણ કરશે, તો પછીથી એ બીજાને આપી શકશે, ને એથી શ્રુતની પરંપરા ટકી રહેશે. નહિતર જો પોતે નવું શ્રુત ગ્રહણ ન કરે, ને બીજા પણ એ ગ્રહણ કરનાર ન હોય, તો એ શ્રુત ભણાવનારની સાથે જ નષ્ટ થઈ જાય. પહેલાં શ્રુત યાને આગમ મોંઢે મોંઢે ભણીને એની પરંપરા ચાલતી; પણ આગમ પુસ્તકારૂઢ થયા પછી પણ એને જો સમજી ભણીને જાણનારા સમજનારાની પરંપરા ચાલે તો એ શ્રુત ટકે; નહિતર ભણીને સમજનારા ન હોય ત્યાં પરંપરા બંધ પડી જાય. એટલે

વૈયાવચ્ચ કરતાં શ્રુતગ્રહણ કરવામાં અપૂર્વ શ્રુતગ્રહણ મોટું કર્તવ્ય છે. ત્યાં વૈયાવચ્ચ ગૌણ થાય.

તાત્પર્ય, આવી કિંમતી વસ્તુ માટે એ જોવું પડે કે વૈયાવચ્ચ કરવા જતાં એને હાનિ ન પહોંચે.

આમ વૈયાવચ્ચ કરવા જતાં બંને માટે જોવાનું કે વૈયાવચ્ચ લેનાર આચાર્યાદિને અને વૈયાવચ્ચ કરનાર પોતાને ઉપકાર થાય, પણ અપકાર ન થાય. આ લક્ષમાં રાખીને વૈયાવચ્ચ કરવાની.—આ એક વિધિ. બીજી વિધિ, એ, કે-

આજ્ઞા મનમાં લાવો

(૨) એ વૈયાવચ્ચ પણ 'આણું કાઉં' એટલે કે 'સર્વજ્ઞ જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે' એમ મનમાં લાવીને કરવાની. એથી પોતાને

જિનવચનને આગળ કરવાનો તથા જિનાજ્ઞા-પાલનનો મોટો લાભ રહે, અને અનુમોદના રહે, તેમજ વૈયાવચ્ચનો પણ લાભ મળે.

બધું જિનાજ્ઞાને આગળ કરીને કરો, તો સમકિત વધુ નિર્મળ થતું રહે. ભાવે',-

આ જીવનમાં જેટલું જિનાજ્ઞાનું પાલન થાય એટલો જનમ લેખે છે, બાકી જીવન એળે જાય.

આ લક્ષમાં રાખીને દરેક ધર્મસાધના જિનાજ્ઞા યાદ કરીને જિનાજ્ઞાને આગળ કરીને કરવા જેવી છે. એથી જિનેન્દ્ર ભગવાન ઉપર શ્રદ્ધા તથા જિનવચન પર બહુમાન-પ્રીતિ પોષાતી પોષાતી રહી, સમ્યગ્દર્શન વધુ વધુ નિર્મળ થતું જાય; અને પોતાનું અહંત્વ પણ ઘસાતું જાય. સમ્યગ્દર્શન યાને શ્રદ્ધા નિર્મળ કરવાનો આ એક માર્ગ છે, કે એને અમલથી સક્રિય કરાય. આ બીજી વિધિ એ, કે-

(૩) વૈયાવચ્ચ વળી નિરાશંસભાવે સત્કામનાથી કરવાની. કીર્તિ-પ્રતિષ્ઠા-પ્રશંસા વગેરે કોઈ જ લૌકિક ફળની કામના નહિ. કામના હોય તો એક જ, કે 'સામાને શાતા મળો, સ્વસ્થતા-સમાધિ મળો, ને પોતાને ગુણાનુમોદના અને ગુણપક્ષપાત મળો.' બિમારને કે તકલીફ- વાળાને વૈયાવચ્ચથી શાતા-સમાધિ પમાડવામાં અને અશાતા-અસ્વસ્થતા દૂર કરવામાં 'સક્રિય સહાનુભૂતિ'નો એક મોટો ગુણ કમાવાય છે. સક્રિય સહાનુભૂતિનો ગુણ જો અધિકાધિક વિકસાવાય, તો એ પરાકાષ્ઠાએ તીર્થંકર-પદના પુણ્યને ઉત્પન્ન કરનારી સર્વ જીવોની ભાવ-કરુણા સુધી પહોંચે!

વૈયાવચ્ચમાં સક્રિય સહાનુભૂતિનો મહાન ગુણ એ સર્વજીવ-કરુણાનું બીજ છે.

જેમ ધર્મશ્રદ્ધા ધર્મસાધનાથી સક્રિય બને, એમ સહાનુભૂતિ વૈયાવચ્ચથી સક્રિય બને.

વળી આચાર્યાદિ કલ્યાણ-જીવન જીવે છે. એમની વૈયાવચ્ચથી કલ્યાણ-જીવનનો પક્ષપાત ઊભો થાય. એના શુભાનુબંધ પોતાને પરભવે કલ્યાણજીવન બહુ સુલભ કરી આપે. માટે તો પૂર્વના સારું ભણેલા મહાન શ્રાવકો પણ બહુ ઓછું ભણેલા સાધુનું વ્યાખ્યાન પ્રેમથી હાથ જોડી સાંભળતા, આંખ હરખ અને વિસ્મયવાળી બનાવતા, વચમાં વચમાં બોલતા, 'વાહ કેવું સરસ કહ્યું! ધન્ય વાણી!' અલ્પજ્ઞ સાધુ પ્રત્યે આ સહાનુભૂતિ, ઉપબૃંહણા અને ગુણ-પક્ષપાતથી એ વ્યાખ્યાતા મુનિને પ્રોત્સાહન મળતું, પાવર મળતો. એમ આચાર્યાદિની વૈયાવચ્ચમાં થતી એમનાં કલ્યાણજીવનમાં સહાનુભૂતિ-પક્ષપાત-**ઉપબૃંહણાનો આ પ્રભાવ છે કે પોતાને ભવાંતર માટે નક્કર શુભાનુબંધ બંધાઈ કલ્યાણજીવન અંકિત થઈ જાય.**

ગુણાનુરાગ સેવાથી સક્રિય થાય:-

ભાવથી નિકટતા સક્રિય ગુણાનુરાગથી :-

આચાર્યાદિની વૈયાવચ્ચથી બીજો એક મહાન લાભ એમને ભાવથી નિકટ થવાનો મળે છે!

આમ તો આચાર્યાદિની સાથે રહ્યા હોય એટલે દ્રવ્યથી નિકટતા તો થઈ, પરંતુ એમનાથી થતી ધર્મ-પ્રભાવના ને શાસન-પ્રભાવના, તથા એમના સંયમાદિ ગુણોના અનુરાગથી વૈયાવચ્ચ થાય એ સક્રિય અનુરાગ થયો; ને એ થવાથી ભાવથી નિકટતા થઈ ગણાય, કેમકે એથી ભાવીમાં એ ગુણો મળવાના શુભ અનુબંધ ઊભા થાય છે.

ભાવથી નિકટતા કેવી રીતે ઊભી થાય છે એ જુઓ. આચાર્યાદિમાં ને એમના ગુણોમાં મન કેન્દ્રિત કરીએ એટલે મનનો ઉપયોગ તદાકાર થવાથી 'અનુયોગ દ્વાર' સૂત્ર મુજબ ભાવનિક્ષેપે આપણે જ્ઞાનઅંશે તદ્રુપ થઈ એ છીએ.

ભગવાને ગૌતમ મહારાજને કહ્યું —

'गोयमा! चिरं संसट्ठोसि, चिर-परिचिओसि'

'ગૌતમ! તું દીર્ઘ કાળથી મારા સંબંધમાં છે, દીર્ઘ કાળથી મારા પરિચયવાળો છે, એટલે તને મારા પર ગાઢ સ્નેહ છે, તેથી વીતરાગતા અને

કેવળજ્ઞાન આવતા અટકે છે. પણ તું ચિંતા ન કર, ખેદ ન કર કે 'હું જેને દીક્ષા આપું તે બધાને કેવળજ્ઞાન ? અને મને જ કેવળજ્ઞાન નહિ ?'-આવો ખેદ ન કરીશ, કેમકે આ જનમમાં અંતે તું અને હું બંને તુલ્ય (સિદ્ધ) થવાના છીએ.'

અહીં જોવાની ખૂબી છે કે પ્રભુએ સ્નેહ હોવાથી કેવળજ્ઞાન ન થવાને લીધે ખેદ ન કરવાનું કહ્યું, પરંતુ 'તું સ્નેહ છોડી દે' એમ ન કહ્યું ! કારણ ? ગૌતમ મહારાજનો ભગવાન પર સ્નેહ-રાગ

એ-પ્રશસ્ત રાગ હતો. કેમકે એ તીર્થંકર ભગવાન પર નિઃસ્વાર્થ ભાવનો હતો.

નિરાશંસ ભાવનો એ સ્નેહરાગ હતો. પૂછો,—

પ્ર૦- ભલે પ્રશસ્ત રાગ, પણ એ વીતરાગતાને અટકાવતો હોવાથી ત્યાજ્ય તો ખરો જ ને ? તો પ્રભુએ 'એને છોડ' એમ કેમ ન કહ્યું ?

ઉ૦- દેવ-ગુરુ-ધર્મ પરનો પ્રશસ્ત રાગ છોડવાની જરૂર નથી, કેમકે એ જ રાગ વધી જતાં જીવને દેવ-ગુરુ-ધર્મ સાથે એટલો બધો એકાકાર બનાવી દે છે કે આગળ જતાં પરમાત્મા સાથે, ને પરમાત્મભાવ સાથે, અભેદ લાવી મૂકે. કેમકે એમના પર પ્રશસ્ત રાગ ઉત્કટ બને છે, એટલે આપણું મન એમના પર કેન્દ્રિત થાય છે. તેથી જીવ બાહ્યમુખો હતો તે હવે પરમેષ્ઠી-મુખો બને છે.

વીતરાગ ભગવાનનાં દર્શન-પૂજન-સ્તવન શા માટે ?

મોહનાં પૂતળાંઓ અને મોહનાં રમકડાં જોયા કરનારો જીવ વીતરાગ-મુખો બને એ માટે.

એમ અહીં આચાર્યાદિની વૈયાવચ્ચમાં બીજું બધું જોવાનું મૂકી પરમેષ્ઠી-મુખો બનાય છે, અને એમ ભાવીમાં પરમેષ્ઠી-પદ સુધી પહોંચાય છે.

સાકારથી નિરાકારની પ્રાપ્તિ

જેમ ભગવાનના સાકાર દેહ અને સાકાર મૂર્તિના આલંબનથી નિરાકાર ભગવાનની પ્રાપ્તિ થાય, એમ આચાર્યાદિ પરમેષ્ઠીના વૈયાવચ્ચના આલંબનથી પરમેષ્ઠી બનાય, એમાં નવાઈ નથી.

જુઓ મંદિરે દર્શનાદિ અર્થે જવામાં શું થાય છે ? કેટલાક કહે છે,-

પ્ર૦-મૂર્તિ તો સાકાર છે; એ સાકાર મૂર્તિને ભજવાથી વળી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ થતી હશે ? સાકારને ભજે એટલે મન સાકારમાં જ રમ્યા કરે, એ નિરાકારમાં જઈ જ શી રીતે શકે ?

ઉ૦-પરમાત્માની મૂર્તિના આલંબને મન સાકારમાંથી નિરાકારમાં બાદબાકી કરતો કરતો જાય છે; તે આ રીતે,-ભક્ત મંદિરે દર્શન પૂજન કરવા નીકળે ત્યારે એના મગજમાંથી દુનિયા બાદ થઈ જાય છે. મંદિર દેખતાં આંખ બીજા-ત્રીજા પરથી હટી મંદિર પર ચોંટે છે. આ બીજા-ત્રીજાની બાદબાકી થઈ. મંદિરની અંદર પેસતાં ભગવાન દેખાય એટલે મંદિરની બીજી વસ્તુ બાદ થઈને આંખ ભગવાન પર ચોંટે છે. પછી ભગવાનનાં દર્શન કરતાં આંખ ભગવાનની કાયા પરથી મુખ પર, મુખમાંય આંખ પર, અને આંખમાંય વીતરાગની કીકી પર ચોંટે છે. આમ એકેક બાદ થતાં થતાં કીકી ઉપર પહોંચાયું. હવે વીતરાગની કીકીમાંય વીતરાગતાની-નિર્વિકારતા-ઉદાસીનતા જોવાની છે.

વીતરાગની કીકીમાં નિર્વિકારતા જોવા આમ વિચારાય,—

"પ્રભુ ! ધન્ય તમને, કે શત્રુ-મિત્રને સમદૃષ્ટિથી જુવો છો ! મુશળધાર વરસાદ વરસાવી, આપને ડૂબાડી દેવા મથનાર કમઠજીવ દેવતા

જેવાને માટે 'આ ખરાબ માણસ' એટલો વિચાર પણ લાવતા નથી! ને એમાંથી ઉગારી લેનાર ધરણેંદ્ર–પદ્માવતી જેવા ભક્તને માટે 'આ સારા ભક્તો'–એમ સમજતા નથી! કોઈને ય ઈષ્ટ કે અનિષ્ટ તરીકે જોવાની વાત નહિ.

(૨) પ્રભુ! આપની નિત્ય સેવામાં રહેનાર મહા વિનયવંત ગણધર ગૌતમસ્વામી જેવા તરફ આ 'મારો સારો શિષ્ય' એવી નજર નથી! તેજોલેશ્યા મૂકનાર ગોશાળા જેવા તરફ 'આ દુષ્ટ માણસ છે!' એવી નજર નથી! પછી ગૌતમ જેવા પર રાગ-રુચિનો વિકાર અને ગોશાળા જેવા પર દ્વેષ–અરુચિનો વિકાર હોવાની વાતે ય ક્યાં? આપની કીકીમાં આ નિર્વિકારતા છે.

"પ્રભુ! ભવ્ય જીવોને આકર્ષવા માટે દેવતાઓ ચાંદી–સોના–રત્નોના ત્રણ મોટા ગઢનું સમવસરણ રચી ઉપર અશોક વૃક્ષના થડની ચારે બાજુ એકેક રત્નમય સિંહાસન રચે છે. એના પર બિરાજી આપને દેશના દેવાની હોય છે. છતાં એ સમવસરણ 'સારું હાઈકિલાસ' એમ આપ જોતા નથી! ને દેશના માટે જમીન પરના ઓટલા પર બેસવાનું હોય તો 'એ ઓટલો માલ વિનાનો; આ સમવસરણ સારું,' એવી નજર આપની થતી નથી! એવી આપની કીકીમાં નિર્વિકારતા છે.

"પ્રભુ! મોટી ઇંદ્રાણીઓ અપ્સરાઓ–મહારાણીઓ આપના મુખને ટગર ટગર જોઈ રહી હોય છતાં આપ એમના તરફ કોઈ જ રાગની નજર કરતા નથી, કીકીમાં કેવી નિર્વિકારતા!

પ્રભુ! દેશના સાંભળી ઊઠનારા ભવ્ય જીવો માટે 'આ સારા જીવો,' યા નહિ ઊઠનારા પત્થર જેવા અભવી વગેરે જીવો માટે 'આ ખરાબ જીવો' એવી રીતે આપ જોતા નથી, કેવી નિર્વિકારતા!"

આમ કીકીમાં પ્રભુની નિર્વિકારતા જોઈએ, એ શું કર્યું? સાકારમાંથી નિરાકારતા પર ગયા. આખી મૂર્તિથી કીકી સુધી બધું સાકાર છે, નિર્વિકારતાદિ ગુણ એ નિરાકાર છે. આમ મંદિરે નીકળ્યા ત્યારથી બાદબાકી કરતાં કરતાં સ્થૂલમાંથી–સૂક્ષ્મ–સૂક્ષ્મતર તરફ જતા ગયા ને અંતે સાકાર કીકીમાંથી નિરાકાર નિર્વિકારતા પર પહોંચ્યા.–એ બતાવે છે કે,–

સાકાર પરમાત્મામાંથી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ થાય.

એ માટે સાકાર પ્રભુ–મૂર્તિ એ જબરદસ્ત આલંબન છે, પ્રબળ કામ કરે છે; માટે પરમાત્માની મૂર્તિનાં દર્શન–પૂજન–સ્તવન–સ્મરણ આદિ ખાસ આદરવા જોઈએ. મૂર્તિપૂજા નહિ માનનારને પણ પ્રભુનું સ્મરણ કરવું હોય ત્યારે મનની સામે પ્રભુનું શરીર લાવવું પડે છે, ને એ શરીર જડ છે, સાકાર જ છે, પછી જડ સાકાર શરીરને ભજવું, ને જડ સાકાર મૂર્તિને નહિ ભજવું એ કેવું ઘોર અજ્ઞાન?

સાકારથી નિરાકાર પ્રાપ્તિના દાખલા :-

(૧) નિરાકાર સુગંધ જોઈતી હોય તો સાકાર પુષ્પ આદિને જ ભજવું પડે છે.

(૨) નિરાકાર વિદ્યા જોઈએ છે તો સાકાર ગુરુ કે સાકાર શાસ્ત્રને વળગવું જ પડે છે.

(૩) વિદ્યાર્થીમાં નિરાકાર જાણકારી–જ્ઞાન–બુદ્ધિ છે કે નહિ, એ માટે શિક્ષક પ્રશ્ન પૂછી એના ઉત્તરમાં એ શબ્દ કેવા કાઢે છે એ જુએ છે. શબ્દ સાકાર છે. વિદ્યાર્થીના સાકાર શબ્દ પરથી એનામાં નિરાકાર બુદ્ધિ કેટલી છે એનું માપ કાઢે છે. અર્થાત્ સાકાર શબ્દથી નિરાકાર બુદ્ધિ સુધી પહોંચાય છે. એમ

(૪) કોઈનો નિરાકાર પ્રેમ જોઈતો હોય તો એના સાકાર શરીરની સેવા–ભક્તિ કરવી પડે છે, એની સાકાર વસ્તુથી અને સાકાર ક્રિયાથી સરભરા કરવી પડે છે. એમ સાકારથી નિરાકાર પ્રેમ પ્રાપ્ત થાય છે. આટલું સ્પષ્ટ

છતાં એમ કહેવું 'સાકાર પ્રભુ-મૂર્તિને ભજવાથી નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ કેમ થાય?' એ શું અજ્ઞાન મૂઢ દશા નથી?

જો નિરાકાર વિદ્યાની પ્રાપ્તિ સાકાર ગુરુને ભજવાથી થાય તો નિરાકાર પરમાત્માની પ્રાપ્તિ શું સાકાર મૂર્તિને ભજવાથી ન થાય?

વાત આ છે, આચાર્યાદિની દ્રવ્યથી ભક્તિ-વૈયાવચ્ચ કરતાં કરતાં અર્થાત્ દ્રવ્યથી એમને નિકટ થતાં થતાં, ભાવથી નિકટ થવાય; એટલે કે મન એ આચાર્યાદિ પર કેન્દ્રિત થાય. આમ પહેલા અને બીજા યોગબીજથી અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ એ પંચપરમેષ્ઠી પર મન કેન્દ્રિત થતાં, જીવ અત્યાર સુધી જે મોહનાં પૂતળાંઓ તરફ મુખવાળો એટલે કે માયા-મુખો હતો, તે હવે પરમેષ્ઠિ-મુખો બને છે. બચ્ચું કેવું માતૃમુખું હોય છે? બીજી સ્ત્રીઓ ભલે એને રમાડવા લે ને મિઠાઈ ખાવા પણ આપે, છતાં એનું મુખ માતા તરફ રહે છે. ભાક્તિ વૈયાવચ્ચથી એવા પરમેષ્ઠી-મુખા બનાય.

યોગ-સાધનાની આજે બૂમરાડ મચે છે, પરંતુ આચાર્યાદિની આ વૈયાવચ્ચ એ કેવી મહાન નક્કર યોગસાધના છે, એ એના પૂર્વે કહ્યા તે ઉત્તમ લાભો પરથી સમજાય એવું છે, છતાં એ કરવાની ગરજ કયાં?

વૈયાવચ્ચમાં પૂર્વે કહ્યું છે તેમ એથી સામાના ઉપર અને આપણા ઉપર ઉપકાર-અપકાર શા થાય તે પહેલેથી વિચારી લેવાના; અને અપકાર યાને ગેરલાભ ન થાય એ રીતે વૈયાવચ્ચ કરવાની. એટલા જ માટે અહીં કહ્યું—

શુદ્ધાશય-વિશેષતઃ

શુદ્ધ આશય વિશેષથી વૈયાવચ્ચ કરવી, વૈયાવચ્ચ કરવી. અહીં 'વિશુદ્ધ' કહ્યું; એટલે પૌદ્ગલિક આશંસાવાળું મન બનાવીને નહિ; કેમકે એ અશુદ્ધ મન છે; અશુદ્ધ આશય છે. વળી શુદ્ધ મન યાને આશંસા વિનાનું ચિત્ત પણ સામાન્ય નહિ કિન્તુ વિશિષ્ટ જોઈએ. 'વિશિષ્ટ' એ, કે ચિત્ત પ્રેક્ષાપૂર્વકારી હોય, કાર્ય પૂર્વે વિચારક હોય, યાને આગળ પાછળનો ને આજુબાજુનો વિચાર કરીને કાર્યને ચિંતવતું હોય. એટલે જ એમાં 'વૈયાવચ્ચ કરવા જતાં સામાને એથી લાભ થશે ને? શાતા-સમાધિ મળશે ને? કોઈ તેવા આહાર સ્થાન આદિથી શરદી કે વાયુ આદિના પ્રકોપ નહિ થાય ને?'—આ વિચાર કરવો જ પડે. એમ પોતાની દૃષ્ટિએ પણ, વૈયાવચ્ચ કરવા જતાં 'પોતાને સમાધિ આદિના લાભ થશે ને? પોતાના આવશ્યકાદિને હાનિ નહિ પહોંચે ને?' —એ પણ વિચારવું જ પડે. મનને આ વિચાર હોય એ વિશિષ્ટ ચિત્તનિર્માણ થયું, વિશિષ્ટ ચિત્તપ્રબન્ધ થયો. યાને ચિત્તપ્રબન્ધવિશેષ થયો. એનું જ નામ 'આશય-વિશેષ.' આમ,

(૧) 'ચિત્તપ્રબન્ધ'નો એક અર્થ પ્રેક્ષાપૂર્વકારી ચિત્ત.

(૨) 'પ્રબન્ધ'નો બીજો અર્થ પ્રકૃષ્ટ બન્ધ તન્મયતા.

આ હિસાબે ચિત્ત-પ્રબન્ધ એટલે ચિત્તને એક વિષયમાં એવું બાંધવામાં આવે, એવું સ્થિર કરવામાં આવે, કે તે સિવાયના બીજા કોઇ વિષયની મનને ખબર જ ન પડે. માણસ હજારો રૂપિયાની નોટો ગણે, યા દુકાનદાર રાતે રોજમેળ ખતવે, ત્યારે આ અનુભવ થાય છે, કે એનું મન એમાં જ એવું લીન રહે છે કે એને અહીંથી કોણ ગયું, અહીં કોણ આવી રહ્યું છે, ઇત્યાદિ કશી ખબર નથી પડતી. તીર્થંકર ભગવાન સંયમના સાધના-કાળમાં આત્મ-તત્ત્વના ચિંતનમાં એવા લીન રહે છે.

અર્થાત્ શુદ્ધ ચિત્ત-પ્રબન્ધ-વિશેષ એટલે કે વિશુદ્ધ એવું વિશિષ્ટ ચિત્તનિર્માણ કરીને

માટે 'શ્રી વીતરાગ સ્તોત્ર'માં કલિકાલ સર્વજ્ઞે વીતરાગ પ્રભુની આ સ્તુતિ કરી કે—

तथा समाधौ परमे त्वयात्मा विनिवेशितः।
सुखी दुःख्यस्मि नास्मीति यथा न प्रतिपन्नवान्॥

તમે તમારા આત્માને એવી ઉત્કૃષ્ટ સમાધિમાં સ્થાપિત કરેલો, કે ચિત્ત એમાં જ તલ્લીન એવું બનેલું, કે એને હું સુખી છું, કે દુઃખી છું, યા સુખી નથી, કે દુઃખી નથી, એનો વિચાર જ રહેતો નહિ.

યોગની પાયરીએ ચડતાં, પ્રત્યાહારથી ઇન્દ્રિયોને વિષયોમાંથી હટાવી લીધા પછી, આત્મા આત્મતત્ત્વની ધારણામાં ચડે છે; તે પછી ધ્યાનમાં ચડે છે; ને તે પછી સમાધિમાં ચડે છે. આ સમાધિમાં ચિત્તને એવું ઉત્કૃષ્ટ બાંધી દીધું હોય છે, કે એ વખતે બહારથી ઉપદ્રવ આવતા હોય, છતાં ચિત્ત એમાં જાય નહિ. મનને લાગે નહિ કે 'મને દુઃખ આવ્યું. આ દુઃખ ક્યારે ટળશે?' અથવા ઉપદ્રવ ટળે જ્યારે મનને તોષ ન થાય, કે 'હાશ! પીડા ટળી.' ઋતુની ઠંડી પડે, ગરમી પડે, એનો કશો વિચાર નહિ. આવું ચિત્તને તત્ત્વમાં સમાધિમાં તન્મય જોડી દેવું એ ચિત્ત-પ્રબન્ધ કર્યો ગણાય.

અહીં પ્રસ્તુતમાં આચાર્યાદિની વૈયાવચ્ચમાં એવા ચિત્ત-પ્રબન્ધવિશેષથી લાગી જવાનું છે. ત્યાં પછી ચિત્તને વૈયાવચ્ચનો જ વિચાર; પોતાના સુખ-દુઃખ અનુકૂળતા-પ્રતિકૂળતાના કોઈ વિચાર જ નહિ. પૂછો—

પ્ર૦— તો પહેલાં સ્વ-પરના ઉપકાર-અપકાર જોવાનું કહ્યું તેનું કેમ?

ઉ૦— એ કહ્યું, એ આત્મિક ઉપકાર-અપકાર જોવાની વાત છે. અહીં વાત એ છે, કે 'પોતાનું શરીર થાકે છે? કે શરીરને આરામીથી કામ થાય છે? પોતાની કદર થાય છે, કે કદર નથી થતી? માનભર્યા શબ્દ મળે છે, કે અપમાનભર્યા શબ્દ? સામા તરફથી પોતાને અવસરે સેવા-સહાય મળશે કે નહિ?' —આવા કશા વિચાર હોય નહિ. એવું વૈયાવચ્ચ પાછળ ચિત્ત ઘેલું હોય, વૈયાવચ્ચનો એટલો બધો રસ હોય. આ ચિત્ત-પ્રબન્ધનો બીજો અર્થ કે ચિત્ત બીજા ત્રીજા વિચારથી મુક્ત રહી વૈયાવચ્ચમાં ઓતપ્રોત બન્યું હોય.

(૩) **'ચિત્તપ્રબન્ધ' નો ત્રીજો અર્થ ચિત્તની સતત ધારા** :— પ્રબન્ધ એટલે સંતતિ, સંતાન, ધારા. વૈયાવચ્ચમાં ચિત્ત એવું પરોવ્યું કે તે એમાં ધારાબદ્ધ ચાલે. ચિત્ત-પ્રવાહની સતત સંતતિ ચાલે. દા. ત. આચાર્યની વૈયાવચ્ચમાં ચિત્ત લાગ્યું, પછી વચમાં વચમાં 'પેલા શું કરે છે, ઓલ્યા શું બોલ્યા? કોણ આવ્યું? કોણ ગયું?' વગેરેનો કશો વિચાર જ નહિ. સવાલ થાય,

પ્ર૦— પણ બીજા ત્રીજા વિચાર આવી જાય એ કેમ અટકે?

ઉ૦— એ અટકાવવા આ ધ્યાન રાખવું જોઇએ કે 'જો હું મન બીજે લઈ જઈશ, તો એની પાછળ એ પ્રમાણે બોલવા વગેરેની બીજી-ત્રીજી પ્રવૃત્તિ થવા સંભવ, અને એમાં આચાર્યાદિનું અપમાન ગણાય. મોટા રાજાની સેવામાં હોય અને એ વખતે આડાઅવળા વિચાર અને બીજી-ત્રીજી પ્રવૃત્તિમાં પડે તો એ રાજાનું અપમાન ગણાય છે, ને એમાં કદાચ સજા આવી પડે. પંચ પરમેષ્ઠીની ભક્તિ-વૈયાવચ્ચ કરતા હોઈએ, ત્યારે તન-મન-વચનને બીજે-ત્રીજે જોડીએ તો પરમેષ્ઠીનું અપમાન થાય. ભક્તિ કરીએ ને સાથે સાથે શું એમનું અપમાન પણ કરીએ? ન કરાય,'—એ વિચાર રાખીએ તો તન-મન-વચન પર અંકુશ આવી જાય, બીજા ત્રીજા વિચાર અટકે, બીજું-ત્રીજું બોલવાનું અટકે, ને બીજી ત્રીજી કાયિક પ્રવૃત્તિ અટકે. પછી શુદ્ધ ચિત્તપ્રબન્ધ અર્થાત્ આ ભક્તિ-વૈયાવચ્ચયોગમાં જ સતત સળંગ ચિત્તધારા ચાલે.

કોઈપણ સાધનામાં શુદ્ધ ચિત્ત-પ્રબન્ધ યાને સતત સળંગ ચિત્તધારા ચાલતી રહે, એ આત્માનું બળ, સત્ત્વ અને લઘુકર્મિતા વધારે છે.

વૈયાવચ્ચમાં આવી શુદ્ધ ચિત્તધારાને સારો અવકાશ રહે છે; કેમકે એમાં 'કેવી કેવી રીતે વૈયાવચ્ચ કરું ? સામાને એથી કેમ અનુકૂળતા રહે ? કેમ એને સમાધિ સ્વસ્થતા અને પ્રસન્નતા પ્રફુલ્લતતા રહે ?'....વગેરે વગેરેનું પાકું ધ્યાન રાખવું પડે છે; તેથી કુદરતી રીતે એમાં શુદ્ધ ચિત્ત-પ્રવાહ સતત અને સળંગ વહેતો જ રહેવાનો, એટલે કે શુદ્ધ આશયવિશેષ અખંડ ચાલવાનો.

આ શુદ્ધ આશયવિશેષ કેવી રીતે જાળવવાનો ? તો કહે છે,-

(ટીકા-)

अयं च तथाविधकालादिभावेनेत्युक्तप्रायम् ॥

આ શુદ્ધ આશયવિશેષ તેવા પ્રકારના કાળ આદિ ભાવોના વિચાર સાથેનો જોઈએ; અર્થાત્ વૈયાવચ્ચનો યોગ્ય અનુકૂળ કાળ જોવાનો, અનુકૂળ ક્ષેત્ર જોવાનું, સામાની પ્રકૃતિ-સંયોગ-પરિસ્થિતિ જોવાની; નહિતર જો પ્રતિકૂળ કાળ આદિ આવી જાય તો વૈયાવચ્ચ કરવા જતાં સામાને અનિષ્ટ ઊભું થાય. દા. ત. શિયાળાનો કાળ હોય અને પાણી ઠંડગાર આપે, બેસવાનું આસન પવનવાળી જગાએ નાખે,... ઇત્યાદિથી સામાને શરદી આદિ અનિષ્ટ ઊભા થાય. આ બધી વિચારણા પૂર્વોક્ત સ્વ-પરને ઉપકાર અપકારની વિચારણામાં આવી જાય છે.

૩ જું યોગબીજ : સહજ ભવોદ્વેગ

(મૂલ) भवोद्वेगश्च सहजो,
द्रव्याभिग्रहपालनम् ।
तथा सिद्धान्तमाश्रित्य
विधिना लेखनादि च ॥ २७ ॥

(ટીકા) बीजान्तरमाह-'भवोद्वेगश्च'=संसारोद्वेगश्च, जन्मादिरूपतया भवत्यस्य सहजो, नेष्टवियोगादिनिमित्तः, तस्यार्तध्यानरूपत्वात्; उक्तं च 'प्रत्युत्पन्नात्तु दुःखान्निर्वेदो द्वेष ईदृशः' न वैराग्यमित्यादि योगबीजमिति वर्तते ॥

ગાથાર્થ :-અને સહજ ભવોદ્વેગ (એ યોગબીજ છે, તેમજ) દ્રવ્ય અભિગ્રહોનું પાલન, તથા સિદ્ધાન્ત(શાસ્ત્ર)ને આશ્રીને વિધિપૂર્વક લેખનાદિ (એ પણ યોગબીજ છે.)

ટીકાર્થ :-વળી એક અન્ય બીજ કહે છે, 'ભવોદ્વેગશ્ચ,' અર્થાત્ સંસાર ઉપર ગ્લાનિ; તે સંસાર જન્માદિ (વિટંબણા) રૂપ હોવાથી એનો સહજ ખેદ થાય; (કિન્તુ ખેદ) ઇષ્ટ-વિયોગાદિ નિમિત્તો નહિ; કેમકે એ ખેદ આર્તધ્યાનરૂપ છે. કહ્યું છે,-'વર્તમાન (તાત્કાલિક) દુઃખથી કંટાળો એ આવો (આર્તધ્યાનરૂપ) દ્વેષ છે, એ કાંઈ વૈરાગ્ય નથી.' ઇત્યાદિ (આ ભવોદ્વેગ) યોગબીજ છે એમ અનુસંધાન કરવું.

ભવોદ્વેગ

વિવેચન :-યોગના બે બીજ કહ્યાં (૧) જિનેન્દ્ર ઉપાસના, અને (૨) આચાર્યાદિની ઉપાસના સાથે એમની વૈયાવચ્ચ. હવે ત્રીજું યોગબીજ બતાવે છે 'સહજ ભવોદ્વેગ'.

ભવોદ્વેગ એટલે સંસાર પર ઉદ્વેગ-ખેદ-ગ્લાનિ-કંટાળો—અરુચિ-અભાવ-વિરોધિતા--ઓરમાયાપણું -અકળામણ—વિહ્વળતા-ભય-બેચેની. આ બધાને એક શબ્દમાં કહીએ તો 'વૈરાગ્ય' કહેવાય.

'વૈરાગ્ય' એટલે રાગ ન હોય એમ નહિ, કિન્તુ રસ ન હોય; વિરસતા હોય.

સંસાર, અને સંસારના વિષયો પરથી રાગ તો પહેલાં મન વિરકત-વિરસ બનશે ત્યારે અમુક અંશે જશે, અને વીતરાગ બનશે ત્યારે સંપૂર્ણ જશે. કિન્તુ અહીં પ્રારંભની પહેલી યોગ-

દૃષ્ટિમાં યોગબીજ રૂપે કેટલી પ્રગતિ? તો કે વિષયો પ્રત્યે વિરસતા ઊભી થઈ જાય. પત્ની કુલટા માલમ પડે, એટલે પતિને એના પર વિરસતા ઊભી થઇ જાય છે. અલબત્ રાગનો વ્યવહાર તો ચાલુ છે, પરંતુ એને હવે એનામાં રસ નથી, વિરસતા છે, નફરત થાય છે. મંદવાડમાં કડવી દવા લેવાય છે તો રાગથી, પરંતુ આરોગ્યમાં જેમ મિઠાઇનો રસ, એવો અહીં એને દવા પર રસ નથી, વિરસતા છે. દવા ન છૂટકે લેવી પડે છે. એમ ભવવૈરાગ્ય-વિષય વૈરાગ્ય હોય એને વિષયોમાં રસ નથી, પરંતુ રાગમોહનીય કર્મવશ વિષયો સેવવા પડે છે.

સંસાર-વિષયો પર કેમ વૈરાગ્ય?

પ્ર૦–સંસાર પર વૈરાગ્ય થવાનું કારણ શું?

ઉ૦–કારણ આ જ, કે સંસાર એ જન્મમૃત્યુરૂપ છે, જન્મ-જરા મૃત્યુરૂપ છે, જન્મની પાછળ ઊભી થતી અપાર વિટંબણાઓ સ્વરૂપ છે. આવો સંસાર એ સોહામણો ગણાય? કે બિહામણો? રળિયામણો ગણાય કે રાક્ષસી? સુખાળો કહેવાય કે ગોઝારો? ભલેને દેવલોકમાં સુખમય જન્મ મળ્યો, પરંતુ એમાંય એક દિ' આયુષ્યનો અંત અને મૃત્યુ આવવાનું! અને ત્યારે એના અંતિમ દિવસો કેવા? પાણીની બહાર કાઢેલી તરફડતી માછલી જેવા. એમાં વળી અહીં દેવલોકમાં તો ચારે બાજુ સુવાસ, પ્રકાશ, અને દિવ્ય દૃશ્યો; ત્યારે મરીને મનુષ્ય કે તિર્યંચસ્ત્રીના ગર્ભમાં પૂરાયો ત્યાં ચારે કોર કેવી દુર્ગંધ, અંધકાર અને અશુચિ! દેવતાઈ જીવની પણ આ સ્થિતિ થાય,–એ જીવની શાખાશી થઈ ગણાય? કે નાલેશી થઇ ગણાય? અને પછી વિષયરંગ અને કષાય–મગ્નતાવશ અધમ દુર્ગતિઓના ભવોની સિરીઝ (પરંપરા) ચાલે, એ કેટલી બધી નાલેશી! એ મહા નાલેશી આગળ દિવ્ય ભવની શાખાશી શી વિસાતમાં? પાંચ વરસની મહાશેઠાઈ પછી ૫૦ વરસની કારમી ગુલામી, ગરીબી અને ગડદાપાટુ મળતા હોય, તો એની સામે એ શેઠાઈની કશી કિંમત ગણાય?

સંસાર પર વૈરાગ્ય એટલા માટે કે

(૧) સંસારમાં અનંતા જન્મ-મરણની નાલેશી અને વિટંબણા છે. નજરકેદી રાજાને વિજેતા રાજા મહેલમાં રાખે છે, આસપાસ બગીચો છે, એમાં ફરવા દે છે. એનો પવન ઠંડો અને સુગંધિદાર આવે છે, ગરમીમાં એને પંખો વીંઝનાર છે, મહેલમાં સુગંધિત ધૂપસળીઓ છે, તાજાં ફૂલોના ગુચ્છા છે, સંગીતશ્રવણ મળે છે, સૂવા મશરૂની શય્યા છે, દેખવા દિવાલો પર આલીશાન ચિત્રો છે, ખાનપાન રાજશાહી મળે છે. છતાં એ નજરકેદી રાજાને આ મહેલ અને બધાય રાજશાહી વિષયો ખાવા ધાય છે! કેમકે મૂળમાં પોતાની સ્વતંત્ર રાજાપણાની શાખાશી ઊડીને નજર–કેદની નાલેશી આવી પડી છે. એમ અહીં વિરાગીને કર્મની સંસારની કેદમાં જન્મ–મરણ વગેરે નાલેશીરૂપ લાગે છે.

(૨) સંસારના સુખ અપાર દુઃખમાં પરિણમનારા છે. હમણાં જ પરણેલી નવોઢાઓને 'જંબૂ કહે સુખ વિષયનું અલ્પ, અપાય અનંત!' જેમ મધુબિંદુના દૃષ્ટાન્તમાં મધનાં ટીપા ચાટવાનું સુખ અતિ અલ્પ, અને ભમરીઓના ડંશ, કષાય–સર્પોના ઝેર, તથા નીચે રહેલ મોટા અજગરથી ગળાઈ જવાનું....વગેરે દુઃખ અપરંપાર! તેમ દુન્યવી વિષયોમાં સુખ અતિ અલ્પ, અને એની પાછળ દુર્ગતિઓના ભવોમાં ઊભા થતા અપાયો–અનર્થો–દુઃખો અનંત હોય છે. દા. ત. નરક–નિગોદમાં અહીંના દુઃખો કરતાં અનંતગુણા દુઃખો હોય છે.

(૩) સંસારના સુખ કૃત્રિમ હોય છે, કેમકે સુખાભાસરૂપ હોય છે. વાસ્તવમાં એ સુખ નથી, પણ દુઃખ–નિવૃત્તિને સુખ માનવામાં આવે છે. દા.ત. બળેડાની પીઠ ઉપર ૫૦ કિલોનો ભાર હોય, એમાંથી આગળ જતાં ૨૦ કિલો ઉતારી નાખે, એટલે એ માને છે કે 'હાશ! હવે હું

સુખી થયો!' આમાં શું ખરેખર સુખ મળ્યું? ના, દુઃખ-નિવૃત્તિ થઈ. એમ જીવને લાખ રૂ. મેળવવાની તૃષ્ણા હોય, એ દુઃખ છે. એમાં ૫૦) હજાર મળી જાય, એટલી તૃષ્ણા ઓછી થઈ એને સુખ માને છે. પેંડા ખાવાની તૃષ્ણાનું દુઃખ છે તો પેંડા ખાતાં એ ટળવાથી સુખ લાગે છે. પેંડામાં વાસ્તવમાં સુખ નથી, નહિતર પેટ ભરાઈ ગયા પછી પેંડા ખાતાં સુખનો અનુભવ થવો જોઈએ, પણ થતો નથી. એ સૂચવે છે, ભૂખ-તૃષ્ણા છતે પેંડા ખાતાં સુખ લાગ્યું એ દુઃખ-નિવૃત્તિના ઘરનું કૃત્રિમ સુખ છે.

(૪) સંસાર-સુખો લોભામણા અને જીવને પરિણામ જોવા તરફ અંધ તથા મૂઢ બનાવનારા હોય છે. મ્લેચ્છને ત્યાં મેવા-મિઠાઈ-કુટથી ઉછેરાતો બોકડો એમાં કેવો લોભાય છે! કેવો આનંદ આનંદ માનતો કૂદાકૂદ કરે છે! એને ત્યાં જ એક દિવસે બીજા બોકડાને ક્રૂર રીતે કપાઈ મરતો જોવા છતાં 'પોતાને એવી જાલિમ વેદના આવવાની છે' એ જોવા તરફ અંધાપો હોય છે; ને તેથીસ્તો મૂઢ બની મેવા-મિઠાઈમાં રાચે છે! બસ, સંસારના વિષયો આવા લોભામણા હોઈ એમાં શો રસ રહે?

(૫) સંસાર-સુખો દુઃખ-મિશ્રિત હોય છે, –પૈસો છે તો પુત્ર નથી; પુત્ર છે તો પૈસા નથી; બંને છે તો પત્ની કર્કશા અને અભિમાનનું પૂતળું છે....પોતે રંગે રૂડો રૂપાળો છે, તો સ્વર ભેંસાસૂર જેવો છે;....પૈસા પર પત્ની–પુત્ર રગડો કરે છે...આમ સુખમાં કેઈ જાતનાં દુઃખનાં મિશ્રણ! આવા સુખોમાં શો રસ રહે?

(૬) સંસાર-સુખો અનેકનાં દુઃખ ઉપર ઊભા થયા છે! દા. ત. શેઠાઈનું સુખ અનેક નોકરોના ગુલામીનાં દુઃખ પર ઊભું થાય છે. ગરમાગરમ ભોજનનું સુખ અસંખ્ય સ્થાવર જીવો અને અગણિત ત્રસ જીવોના સંહાર પર ઊભું થાય છે. એવું જ બંગલા–મકાન વગેરેનું સુખ. એટલે એ લોહીના લાડું જેવું સુખ થયું. કસાઈનો બંગલો જોઈ મનને સૂગ સાથે એમ થાય છે કે 'હાય, આ તો લોહીનો બંગલો!' એમ જીવોની હત્યા પર ને જૂઠ–અનીતિ આદિ પાપો પર સંસાર-સુખો ઊભા થયેલા છે! તો શા એના રસ રાખવા?

(૭) સંસાર–સુખ અનેક વિટંબણા-ભર્યા છે; માટે પણ એના પર નીરસતા રહે. પત્નીનું પુત્રોનું સુખ કેટલું વિટંબણા-ભર્યું છે, એ નજરે દેખાય છે.

કુમારનંદી સોની :–

બિચારો કુમારનંદી સોની અપ્સરા હાસા-પ્રહાસાનું સુખ લેવા માટે એમણે ચિંધ્યા મુજબ નાવિકને એક કોડનું ધન આપી પંચ-શૈલ પર્વત પાસેના એક વૃક્ષ પર પહોંચ્યો. ત્યાં રાતના મોટા ભારંડ પક્ષી આવે. તે એકના પગે પોતાની પછેડીનો એક છેડો બાંધી, બીજો છેડો પોતાની કમરે જોડ્યો, ને સવારે પક્ષી ઊડ્યું, એના પગે લટકતો લટકતો પર્વત પર પહોંચ્યો. કેવી વિટંબણા! ત્યાં હાસાપ્રહાસા કહે, 'આ તમારા ગંધાતા ઔદારિક શરીરથી અમારા દિવ્ય શરીરનો ભોગ ન થઈ શકે.' જુઓ વિટંબણા! હવે અપ્સરાએ એને પાછો દેશમાં મૂક્યો ત્યાં શ્રાવકમિત્ર નાગિલે ના પાડવા છતાં અપ્સરા મળવાનું નિયાણું કરી ભડભડતી અગ્નિમાં જીવતો બળી મર્યો, કેવી વિટંબણા! ને હાસા-પ્રહાસાના ધણી દેવતા વિદ્યુન્માળી તરીકે જનમ્યો. ધાર્યું સુખ તો મળી ગયું; પણ હવે જુઓ નવી વિટંબણા! એકવાર ઇંદ્રની સવારી નીકળી તેમાં હાસા પ્રહાસા નાચે અને પોતાને તરગારાની જેમ ગળે ઢોલ લટકાવી એ બજાવવાની ફરજ આવી. પોતે ઢોલ ગળે લેવા ઇન્કાર કરતો રહ્યો, ને ઢોલ આપમેળે ગળા પર ચીપકી પડ્યું! કેવી વિટંબણા! એમાં એક ૧૨મા દેવ-લોકનો અતિ તેજસ્વી દેવતા એની આગળ આવી પૂછે છે,

'મને ઓળખે ?'

આ કહે 'ના'

દેવતા કહે,"તું પૂર્વે કુમારનંદી સોની, અપ્સરા માટે બળી મરવા તૈયાર; હું તારો શ્રાવકમિત્ર નાગિલ, મેં તને ના પાડી, કહ્યું 'આના કરતાં અહિંસા–સંયમ–તપની આરાધના કર, આ વ્યંતર–નિકાયના કરતાં ખૂબ ઊંચા વૈમાનિક દેવલોકનાં સુખ....યાવત્ મોક્ષ મળશે.' પણ તેં માન્યું નહિ, ને તું જીવતો બળી મર્યો ! મેં વિચાર્યું 'અહો ! સંસાર–સુખની લાલસામાં જીવની કેવી વિટંબણા ! મોહ જીવને કેવો પછાડે છે ! મોહ મને પછાડે એ પહેલાં એનો ત્યાગ કરું;' અને તું અપ્સરાના રાગ ખાતર બળી મર્યો, પણ 'હું ભગવાનના રાગની ખાતર સંયમ લઈ તીવ્ર તપ કરી આતાપનાના કષ્ટ સહું,' એમ કરી મેં સંયમ લીધું, અને પાળીને આજે ૧૨મા દેવલોકનો દેવ થયો છું." આ સાંભળીને વિદ્યુન્માળી ખૂબ પસ્તાયો. અહીં એને હવે અપ્સરાના સુખ પ્રત્યે ઘણો **વૈરાગ્ય થયો, ને જીવંત વીર પ્રભુની મૂર્તિ ભરાવી.**

(૮) સંસાર જન્માદિરૂપ કહ્યો, એમાં આદિ પદથી કર્મના ઉદયરૂપ અર્થાત્ ઔદયિક ભાવ-રૂપ છે, તેથી જ અસ્થિર છે, અને વધારામાં હૈયાના ભાવ બગાડનારો છે. માટે એના પર વૈરાગ્ય થાય. સુખ મળે તે કર્મજનિત હોવાથી કામચલાઉ જ મળે, તેમજ એ સંસાર–સુખ લાવવા – સાચવવા – વધારવા પાછળ હૈયામાં કેટલાય કષાયના બરાબ ભાવો ઊભા કરવા પડે ! માણસ પૈસા કમાવવા–સાચવવા કેટકેટલા મલિન ભાવો કરે છે !

ઋષભદેવ ભગવાનના ૯૮ પુત્રો સાથે ભરત લડવા તૈયાર છે, તો પોતાની નાની રાજ્ય–સંપત્તિ પરની હકુમત ટકાવવા એ ભરત સામે લડવા તૈયાર થઈ ગયા. પિતા ઋષભદેવ પ્રભુને જણા-વવા આવ્યા, તો પ્રભુએ ઓળખ આપી કે 'તમારો દુશ્મન ભરત નથી; પરંતુ અંતરના કામ–ક્રોધાદિ મલિન ભાવો છે, કે જેમણે તમને અનંત અનંત કાળ આ દુઃખદ સંસારમાં ભટકાવ્યા છે. એવા મલિન ભાવોના પોષક આ રાજ્યસંપત્તિ વગેરે વિષય–સુખોથી વિરક્ત નહિ થાઓ, એનો સંગ નહિ છોડો, ત્યાં સુધી તમારું સંસાર–ભ્રમણ મટશે નહિ.' ૯૮ પુત્રો વૈરાગી બની ત્યાંજ સંસાર ત્યાગ કરી અણગાર બની ગયા.

(૯–૧૫) બાકી તો જન્મ 'આદિ'માં આદિ પદથી સંસારમાં (૯) પુણ્યવેચી પાપ ખરી-દવાનું થાય છે ! વળી (૧૦) પુણ્ય પાપના કઠંગા મિશ્રણ ! (૧૧) સગાસ્નેહી તરફથી વિશ્વાસઘાત ! (૧૨) આંધળી માયા ! (૧૩) સુખ–લાલસામાં અમૂલ્ય સાધના–કાળ બરબાદ કરવાનું થાય ! (૧૪) આયુષ્યની ક્ષણુ–ભંગુરતા, (૧૫) શિરામણ સાટે ખેતર વેચવાની મૂર્ખાઈ ! અર્થાત્ તુચ્છ સંસાર સુખ ખાતર અણમોલ માનવભવ–માનવતન–માનવ વચનશક્તિ–માન-વબુદ્ધિ વગેરે કે જેનાથી મોક્ષના અનંત સુખ ખરીદી શકાય, એને વેડફી નાખવાના થાય છે ! એમ

(૧૬) નિર્ગુણતા વગેરે લોથ ભરેલો સંસાર છે. આપણે સંસાર ઉપર ઉપકાર કરીએ ને એ આપણા પર અપકાર કરે ! એવો નગુણો સંસાર છે. એમાં ઉપકાર આપણે બંગલો સારો સુશોભિત કર્યો, તિજોરી સારી ભરચક ભરી, પત્નીને ગમતું બધું કરી સારી રાખી એ; પરંતુ એજ બધા આપણને નરકના દરવાજા દેખાડે ! હારબદ્ધ દુર્ગતિઓના હવાલે કરે ! માટે,

સંસાર નિર્ગુણ યાને નગુણો, એટલે જ, ધન્નો, થાવચ્ચાકુમાર, જંબૂકુમાર, વગેરે વૈરાગ્ય પામી સાધુ થઈ ગયા.

આ રીતે સંસારને ઓળખે એને સહજ ભવોદ્વેગ થાય અને તે યોગનું બીજ બને.

અહીં ભવોદ્વેગ 'સહજ' કહીને સૂચવ્યું, કે

ઇષ્ટ-વિયોગાદિ દુઃખના માર્યા સંસાર પર કામચલાઉ કંટાળો એ વૈરાગ્ય નહિ; કેમકે એ તો નકરું આર્તધ્યાન છે. દા. ત. 'હાય! મારી બૈરી અકાળે મરી ગઈ! હાય! મારી સંપત્તિ લૂંટાઇ ગઇ! બળ્યું આ ઘર અને બળ્યો આ સંસાર!' એમ સંસાર પર કંટાળો આવે એ વૈરાગ્ય નથી; કેમકે એમાં તો પછી, જો સારી પત્ની મળી, સારા પૈસા મળ્યા, તો ઘર ને સંસાર બધું જ વહાલું હેમ લાગે છે. એટલે ત્યાં ખરેખર વૈરાગ્ય ન થયો, પરંતુ ઇષ્ટ-વિયોગનું આર્તધ્યાન થયું. કહ્યું છે, 'ઉત્પન્ન થયેલ તાત્કાલિક દુઃખના નિમિત્તે સંસાર પર નિર્વેદ થાય એ તો વાસ્તવમાં એક પ્રકારનો દુઃખ પર દ્વેષ છે, અરુચિ છે, નહિ કે સંસાર પર અરુચિ.' અહીં એક સમજવાનું છે કે,

દુઃખ-ગર્ભિત વૈરાગ્ય એ ગુણ નહિ; કિન્તુ દુઃખ-નિમિત્તક વૈરાગ્ય જ્ઞાનગર્ભિત બનીને ગુણરૂપ થાય.

રાજા સંપ્રતિના જીવ ભિખારીને બાવા મળતું નહોતું, અને 'સંસાર તજી સાધુ થાઉં તો બાવા મળે' એમ દેખાયું, એટલે સંસાર પર કંટાળો વૈરાગ્ય આવ્યો, ને એણે ચારિત્ર લીધું; આ દુઃખ-ગર્ભિત વૈરાગ્ય. પરંતુ પછીથી સાધુઓની ઉત્તમ ચર્યા જોઈ, ને તે જ રાતના આચાર્ય સુધીના મુનિઓ એની સેવામાં આવી નિર્યામણા કરાવે છે ત્યાં, એને જ્ઞાન થયું કે 'અહો! આ સાધુ જીવન કેટલું ઉત્તમ, કે એમાં ઉત્તમ ચર્યા અને આવી નિર્યામણા મળે! ખરેખર! સંસારમાં આમાંનું કંઈ ન મળે. સંસાર ભૂંડો,'-એમ મૂળમાં દુઃખમાંથી ઉત્પન્ન થયેલ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થઈ ગયો, ને એમાં મરીને રાજા સંપ્રતિ થયો!

મહાવીર પ્રભુના જીવને ૧૬મા ભવે વિશ્વભૂતિ રાજકુમાર તરીકે મોટા કાકા રાજા તરફથી માયા-પ્રપંચ અજમાયાનું દુઃખ આવ્યું, ત્યાં કંટાળો આવ્યો કે 'આ સંસાર? હું કાકા રાજાને બાપાથી અધિક માની એમનો પૂરો આજ્ઞાંકિત અને વિનયવાળો થઇ વર્તું છું, ને એ મને ઠગે?' આ દુઃખ નિમિત્તે વૈરાગ્ય થયો; પરંતુ પછીથી 'આ આખો સંસાર જ એવો છે, કે વહાલા વૈરી થાય, ઇષ્ટ એ અનિષ્ટ થાય, વિશ્વાસપાત્ર એ વિશ્વાસઘાતક બને.'-એમ સંસારની અસારતાનું જ્ઞાન થયું, ને જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય જાગી એમણે ચારિત્ર લીધું. તો જ પછીથી વર્ષોના વર્ષો કઠોર તપ તપવા સાથે ઉગ્ર સંયમ પાળે છે! એટલે વૈરાગ્ય ભલે દુઃખના કારણે ઊભો થયો, પણ પછીથી જો સમસ્ત સંસાર ભૂંડો લાગે, ને મનને એમ થાય, કે—

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય કેમ થાય?

'શું દગા ભરેલી દુનિયા ખાતર મારે મારા આત્માને ખુવાર કરવો? શું નાશવંત સગા અને સંપત્તિ પાછળ મારા અવિનાશી આત્માની હિત-સાધના જતી કરું?'

આ વિચાર આવે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય બની જાય.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં (૧) આત્માને કર્મની કેદ સમજાય, (૨) પોતાની અનંત સુખ-સંપત્તિ પર કર્મની જપ્તી બેઠેલી દેખાય, (૩) કર્મ પર નફરત થાય, અને (૪) કર્મ બેડીઓ તોડી અનંત આત્મ-સંપત્તિ પ્રગટ કરવા માટે મથવાના કોડ જાગે. આ વસ્તુ દુઃખમાંથી ય ઊભી થાય, અને સુખમાંથી ય ઊભી થાય. • શાલિભદ્ર સુખી હતા. પરંતુ 'મારા માથે માલિક શ્રેણિક? પરંતુ તે આ સુખમાં સંસારી બન્યો રહું ત્યાં સુધી આ ગુમાની રહેવાની, માટે સંસાર છોડું,' આમ સુખમાં વૈરાગ્ય ઊઠ્યો. • સનત્કુમાર ચક્રવર્તીને ૧૬ રોગ ઊભા થયા, પણ એ દુઃખમાં વિચાર્યું-'આ રોગ તો મૂળ કર્મરોગના હિસાબે છે, માટે કર્મ-રોગને જ અહિંસા-સંયમ-તપથી કાઢું,' એમ દુઃખમાં વૈરાગ્ય ઊઠ્યો!

મૂળમાં આપણને ભાન થવું જોઇએ કે-'હું પોતે તો અસલમાં અરૂપી, શુદ્ધ જ્ઞાન-દર્શનમય, પરંતુ આ શું ? કર્મે મારું સ્વરૂપ આવરી દબાવી અશુદ્ધ સ્વરૂપ કરી નાખ્યું ?' એમ ચોંકામણ થાય ! એમાં વળી ઇન્દ્રિયોની પરવશતામાં પોતાની મૂઢતા દેખાય કે 'આ મારે ઇષ્ટ, આ અનિષ્ટ; આ મને ગમે, આ ન ગમે; આ મને ફાવે, આ ન ફાવે;'-આ મૂઢતા પર આ મોહની વિટંબણા પર ઘૃણા થાય, સૂગ થાય, વિરસતા આવે, તો સંસાર પર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઊભો થાય. પછી મોહની વિટંબણા નજર સામે રહે, તો ચારિત્ર-તપનાં કષ્ટ કષ્ટરૂપ ન લાગે.

તપ-ચારિત્રનાં કષ્ટ કષ્ટરૂપ એટલા માટે લાગે છે, કે મોહની વિટંબણા વિટંબણારૂપ નહિ, પણ કર્તવ્યરૂપ ડહાપણરૂપ સુખરૂપ લાગે છે.

સંસાર વિટંબણારૂપ લાગે તો વૈરાગ્ય થાય.

(૧૭) સંસાર શું છે ? જન્મ-મરણાદિ રૂપ છે. 'આદિ' પદથી સ્વઘર છોડી પરઘરમાં વસવારૂપ છે. પુદ્ગલ... યાવત્ પોતાની કાયા એ પરઘર છે. એની વેઠ કરવી એ પરઘરની વેઠ છે. એના પર જ આત્માને દુઃખ ભરેલી ચતુર્ગતિમય સંસારમાં આથડતા રહેવું પડે છે. દેવગતિમાં પણ લોભ, ઈર્ષ્યા, સંતાપ, મૃત્યુભય વગેરે દુઃખો છે, તો બીજી ગતિઓમાં તો પૂછવાનું જ શું ?

ચારે ગતિનાં દુઃખ પરઘરની સરભરા પર ઊભા થાય છે.

એ આત્માની વિભાવદશા છે. સ્વભાવદશા પૂર્વે કહ્યું તેમ અરૂપી ભાવમાં રહી પ્રવર્તતી શુદ્ધ અનંત જ્ઞાનમય દશા છે; ને એ માટે સહજ ભવવૈરાગ્ય ઉપયોગી છે. એ જગાડવા **વસ્તુના જ્ઞાનમાં ઇન્દ્રિયોને ગમવા ન ગમવાપણું, ઇષ્ટતા-અનિષ્ટતા ન પેસે,-એવો અભ્યાસ કેળવવાનો. દીકરાને જોઇને પ્રેમ અને** દુશ્મનને જોઇને દ્વેષ ઊઠે છે, તે પ્રેમ ને દ્વેષ ન ઊઠવા પામે એવી મનોવૃત્તિ કેળવવા ઉદ્યમ જોઈએ. ત્યાં વિચારવાનું એક જ કે 'આ બધો સંસાર છે. તે સંસાર નગુણો છે, દિલના ભાવ બગાડનારો છે, તો એનાથી સાવધાન રહેવા જેવું છે.'

(૧૮) સંસાર જન્માદિ વિટંબણા રૂપ હોઇ એમાં 'આદિ' પદથી અનેક જડ-ચેતનની ગુલામીની, જડ-ચેતનની અપેક્ષાની વિટંબણારૂપ હોઇ સંસાર પર સહજ ઉદ્વેગ થાય. ગુલામી કેવી ? તો કે (i) સાંસારિક સંબંધીઓના બંધનની ગુલામી ! નોકરને માથે શેઠની ગુલામી તો હોય, પરંતુ શેઠના માથે નોકરનીય અમુક પ્રકારની ગુલામી લદાયેલી હોય છે ! એવું પિતા-પુત્ર, પતિ-પત્ની, મિત્ર-મિત્ર વચ્ચે અન્યોન્યને એવી અપેક્ષા રહે છે, ને અન્યોન્યના એવા બંધનની ગુલામી રહે છે કે એની પાછળ કેટલાય સંતાપ-ચિંતા-દીનતા-હૃદયાઘાત થયા જ કરે છે. ત્યારે સંસારમાં જડ વસ્તુઓની અપેક્ષા કેટલી ? કહે છે ને, કે " તાંબાની તોલડી તેર વાનાં માગે. " વાતવાતમાં ને પળે પળે પર વસ્તુઓની અપેક્ષાઓનો પાર નહિ ! એક આપણા શરીરના અંગ પ્રત્યંગ અંગે કેટકેટલું સાચવવું પડે છે ?

શું આ બધી સાંસારિક અપેક્ષાઓની વિટંબણા છતે મન ખૂબ નિશ્ચિન્ત, પૂર્ણ પ્રફુલ્લિત, અને નિત્ય પ્રસન્ન રહે છે ? કશું જ નહિ.

પરાધીનતાઓ, પરની અપેક્ષાઓ, પરના બંધનો, પરસેવાઓનો **જ્યાં પાર નહિ એવા સંસાર પર રાગ-રસ રહે ? કે વૈરાગ્ય ?** એ કશી જ વિટંબણાનું જ્યાં નામનિશાન નહિ એવા મોક્ષ પર રસવાળાને સંસાર પર રસ શાનો રહે ?

સહજ ભવોદ્વેગ એ પાયો છે, એના પર

જ ઊભા થતા દાનાદિ એ વાસ્તવિક ગુણ છે, ધર્મરૂપ છે. માટે એને આત્માનું સૌંદર્ય કહેવામાં આવે છે. ' જયવીયરાય ' સૂત્રમાં ભવનિર્વેદથી માંડીને ૮ માગણી મૂકી છે, એમાં પહેલી ૬ વસ્તુને આત્માનું લૌકિક સૌંદર્ય અને છેલ્લી બે વસ્તુ-'શુભ ગુરુયોગ' તથા ' તદ્વચન સેવના ' ને લોકોત્તર સૌંદર્ય તરીકે 'શ્રી લલિત-વિસ્તરા ' શાસ્ત્રમાં ઓળખાવેલ છે. ગણધર-સૂત્રના હિસાબે પણ આત્માનું પહેલું સૌંદર્ય ' ભવનિર્વેદ,' સંસાર-વૈરાગ્ય છે. આ સહજ જોઈએ, એટલે કે સંસારનું જન્માદિ અનેક વિટંબણામય સ્વરૂપ જોઈને જ વિરાગ કરવાનો, કિન્તુ કોઈ ધન, પત્ની, પુત્ર....વગેરે મનગમતી વસ્તુના વિયોગના દુઃખથી દુખિત થઈને વૈરાગ્ય નહિ; કેમકે એ તો વૈરાગ્ય નહિ, કિન્તુ આર્તધ્યાન છે.

૪થું : યોગબીજ દ્રવ્યાભિગ્રહ-પાલન

(ટીકા) તથા, 'द्रव्याभिग्रहपालनम्'-औषधादि-समादानमधिकृत्य भावाभिग्रहस्य विशिष्ट-क्षयोपशमभावरूपस्य अभिन्नग्रन्थेरसंभवाद्, द्रव्याभिग्रहग्रहणम् ।

અર્થ :-તથા, દ્રવ્ય અભિગ્રહનું પાલન (એ ૪થું યોગ-બીજ છે. એ) ઔષધાદિ લાવી આપવાને આશ્રીને નિયમ કરીને તેનું પાલન કરાય, તે છે. ભાવાભિગ્રહ એ વિશિષ્ટ ક્ષયોપશમભાવ સ્વરૂપ છે, ને તે ગ્રંથિભેદ ન કર્યો હોય એને (આવવો) સંભવ નથી. તેથી અહીં દ્રવ્યાભિગ્રહ લીધો.

વિવેચન :-ભવવૈરાગ્યની જેમ ૪થું યોગબીજ દ્રવ્યઅભિગ્રહનું પાલન છે.

દેવ-ગુરુભક્તિ કેમ યોગબીજ ?

અધ્યાત્મઆદિ યોગ તત્ત્વચિંતન-આદિ સ્વરૂપ છે. ને મોહના ચિંતનમાંથી તત્ત્વ-ચિંતનમાં વળવું હોય ત્યારે એની ભૂમિકામાં મોહની કાર્યવાહીમાંથી ખસી દેવાધિદેવ અને ગુરુની ઉપાસના તથા વૈયાવચ્ચ ઊભા કરવા જોઈએ. તેમજ હૈયાને ભવ-સંસાર ખારો-ભૂંડો લગાડવો જોઈએ. તો જ આગળ પર વિષયોથી ખસી તત્ત્વના ચિંતનાદિમાં ઠરવાનું થાય, એમાં અંતઃપ્રવેશ થાય. માટે એને યોગનાં બીજ કહ્યાં, યોગનાં કારણ કહ્યાં.

દ્રવ્યાભિગ્રહ કેમ યોગબીજ ?

એવી રીતે અધ્યાત્મયોગનું તત્ત્વચિંતન વ્રતધારીનું લીધેલું છે, અવ્રતીનું નહિ. એ માટે એની ભૂમિકામાં દ્રવ્યાભિગ્રહ અર્થાત્ દ્રવ્યથી નિયમ-વ્રત કરીને એનું પાલન જોઈએ. આ અભિગ્રહ પાલન યાને નિયમ પાલનનો અભ્યાસ હોય, તો જીવને આગળ પર વ્રતો લેવાની હિંમત આવે. એટલે જ્યારે વ્રતીનું તત્ત્વચિંતન એ અધ્યાત્મયોગ છે, તો એનાં બીજ અર્થાત્ કારણ તરીકે અહીં દ્રવ્યાભિગ્રહ પાલનને કહ્યું.

દ્રવ્યાભિગ્રહ-પાલન એટલે શું ?

અહીં 'દ્રવ્યાભિગ્રહ' શબ્દથી બિમાર મુનિને ઔષધ લાવી આપવા આદિનો નિયમ સમજવાનો છે. દા.ત. ગામમાં સાધુ-સમૂહ રહેલો છે. તો પોતે એવો નિયમ કરે, કે 'મારે કોઈ સાધુ બિમાર પડે તો એમની દવા વિગેરેથી સેવા કરવી,' અને પછી એવો અવસર આવી લાગ્યે એ નિયમનું પાલન કરવું.

નિયમ-પાલનમાં વિવેક :-

આ નિયમના પાલનમાં એક વિવેક એ જાળવવાનો છે, કે માનો કે કદાચ કોઈ સાધુ માંદા ન પડ્યા, ને તેથી માંદાની સેવાનો અવસર જ ન આવ્યો, તો મનમાં એવો ખેદ નહિ કરવાનો કે ' અરેરે ! આ વખતે સેવાનો લાભ

ન મળ્યો !' કેમકે એવો ખેદ જઈને કયાં પહોંચે ? તો કે ' સાધુ માંદા ન પડયા ને મને અરેરે ! દવા કરવાનો લાભ ન મળ્યો ! સાધુ માંદા ન પડયા એ ખોટું થયું ' એવા ખેદ પર જાય ! આ ખેદ અશુભ છે, અવિવેકના ઘરનો છે. દુનિયાના સામાન્ય જીવને માટે પણ ' એને રોગની પીડા ન આવી એ ખોટું થયું. પીડા આવી હોત તો સારું,' એવું ન ઇચ્છાય,–તો સાધુ મહારાજ માટે તો એવું ઇચ્છાય જ કેમ? માટે દવા કરવાનો લાભ ન મળ્યો તો ખેદને બદલે સાધુ માંદા ન પડયા એનો આનંદ માનવાનો. માટે દવા કરવાનો લાભ ન મળ્યો તો ખેદ વિવેકથી કરાય, અવિવેકથી નહિ. વિવેક આ, કે ત્યાં એમ વિચારાય કે 'હુ તો માનું કે સારું થયું મારા નિયમના પ્રભાવે સાધુ મહારાજ માંદા જ ન પડયા ! બાકી મારે સેવાદિ સુકૃત કરવાના ઘણા માર્ગ છે.' અહીં ચોથા યોગબીજ તરીકે સીધું ઔષધાદિ-સંપાદન ન કહેતાં એનો નિયમ કરીને નિયમ-પાલન કહ્યું,–એ સૂચવે છે, કે

નિયમ શા માટે ?
નિયમની બલિહારી છે, એ આચરણ અવશ્ય કરાવે.

જો નિયમ ન હોય તો સંભવ છે સુકૃત આચરવાના અવસરે આચરણમાં આળસ થઈ જાય, હરામ-હાડકાપણું આવે, બીજા-ત્રીજા કામમાં પડયે સુકૃત આચરવાનું રહી જાય. નિયમ હોય તો સંભારીને અવશ્ય આચરણ થાય. એવા નિયમબદ્ધ આચરણથી આત્મામાં સત્ત્વ વિકસે છે. પહેલું તો નિયમ કર્યો, ત્યાં જ સત્ત્વનો જન્મ થયો; પછી નિયમનું પાલન થાય એટલે સત્ત્વનો વિકાસ થાય. યોગની ભૂમિકામાં આ સત્ત્વનો વિકાસ કરવાનો છે; તો જ સત્ત્વ વિકાસથી આગળ પર અધ્યાત્માદિ યોગનું દૃઢપણે અર્થાત્ સ્થિરતાથી સેવન થાય. નિઃસત્ત્વ માણસ યોગ શું સાધી શકે ? એટલે અહીં ભૂમિકામાં યોગબીજ તરીકે દ્રવ્યાભિગ્રહ-પાલન લીધું, જેથી–

નિયમના ગ્રહણમાં સત્ત્વ પ્રગટે, અને પાલનમાં સત્ત્વ વિકસે.

સત્ત્વ વિકસ્વર થતું જાય એટલા જ માટે અહીં બિમાર સાધુની દવાથી માવજતના નિયમની જેમ બીજા પણ અમુક અભક્ષ્ય આદિ ખાનપાનના ત્યાગ, હિંસાદિ પાપોમાં સંકોચ, અમુક અમુક પરોપકાર, ગુરુજન સેવા...વગેરેના નિયમ પણ કથા યોગબીજ તરીકે આરાધવાના.

સામાન્ય નિયમની પણ ખૂબી છે કે અવસરે એ પ્રભાવ દેખાડે. દા. ત.

વંકચુલ ભૂંટારાએ ચાર નિયમ કર્યા, કે– (૧) અજાણ્યું ફળ નહિ ખાવું, (૨) કોઇને મારતા પહેલાં ૩ ડગલા પાછું હટી જવું, (૩) રાણી સાથે દુરાચાર નહિ કરવો, અને (૪) કાગડાનું માંસ નહિ ખાવું. તો અવસરે એના પ્રભાવ કેવા સરસ પડયા કે (૧) જંગલમાં વિષફળ અજાણ્યું લાગતાં ન ખાવાથી જીવતો બચ્યો ! (૨) મોડી રાતના બહારથી આવી પત્ની અને પાસે પુરુષવેશમાં સૂતેલી બેન એ બંનેનો, ૩ ડગલાં પાછો હટતાં, ઘાત કરવાથી બચ્યો ! (૩) રાણીએ ભારે ભોગપ્રાર્થના અને પછી ભય પ્રદર્શિત કરવા છતાં દુરાચારમાં ન ગયો ! તો બાજુના ઓરડામાં સૂતેલા રાજાએ એની કદર કરી, એને દિવાન બનાવ્યો ! તેમજ (૪) અંતકાળે વૈદના આગ્રહ છતાં કાગડાના માંસમાં દવા ન લીધી, તો ૧૨મા દેવલોકમાં દેવતા થયો ! આવા નિયમોનું ગ્રહણ કરી પાલન કરવું એ યોગબીજની સાધના છે.

બ્રાહ્મણ કન્યાએ સહિયર શ્રાવિકા-કન્યાની હારોહાર સાધ્વીજી પાસે સાંભળ્યું કે રાત્રિભોજન એ મહાપાપ છે, કેમકે જગતમાં નાના જીવો બે જાતના, એક દિવાચર અને બીજા રાત્રિંચર. દિવાચર માખી–ભમરા વગેરે દિવસના જ ભમે;

રાત્રિંચર રાત્રિના ભમનારા; દા. ત. ડાંસ, મચ્છર વગેરે. રાત્રિંચરને દીવાના અજવાળા સાથે, કે વાદળ સાથે કાંઈ સંબંધ નહિ. સૂર્યનો અસ્ત થાય એટલે કુદરતી રીતે એ ફરવા નીકળી પડે. હવે જો રાત્રે ભોજન કરવા બેસો, તો સંભવ છે એવા સૂક્ષ્મ રાત્રિંચર જીવો તમારા ભોજન પર આવીને બેસે; એટલે એને ભોજન સાથે હોઈયાં કરી જવાનું થાય. બ્રાહ્મણ-કન્યાએ જીવનભર રાત્રિ-ભોજન ત્યાગનો નિયમ લીધો. પછી પરણીને સાસરે જવાનું થયું, તો ત્યાં નિયમમાં અડગ રહેતાં, સાસુના કજિયાથી સસરો એને પિયેર કાઢી મૂકવા ચાલ્યો, એમાં વચમાં રાત પડી, રસ્તાના ગામમાં સ્નેહીને ત્યાં રાતવાસો રહ્યા. રાત્રે જજમાને દૂધપાક પૂરીની મેમાનગીરી કરી, એકલી આ કન્યા ન જમી, બીજા જમ્યા, પણ દૂધપાકમાં ઉપરના ચંદરવામાંના બકાઈ ગયેલ સર્પનું ઝેર પડેલું, તે જમીને બેભાન થઈ ગયા. બ્રાહ્મણ-કન્યા બચી ગઈ ને એણે વૈદને બોલાવી લાવી ઝેરની ઉલ્ટી કરાવી, બધાને બચાવી લીધા ! સસરો દિંગ થઈ ગયો, પાછી ઘરે લઈ ગયો, ને આખું ઘર જૈનધર્મી બની ગયું ! ત્યાગના નિયમની બલિહારી છે. સમજી રાખો—

ભોગથી સંસાર છે, ત્યાગથી મોક્ષ છે.
આશ્રવથી સંસાર, સંવરથી મોક્ષ.

માટે કહ્યું, **आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम्** ભોગ, ઉપભોગ, આરંભ, સમારંભ વગેરે આશ્રવ એ સંસારનાં કારણ; અને ત્યાગ પરિસહ, ચારિત્ર વગેરે સંવર એ મોક્ષનાં કારણ છે. મોક્ષ જોઈએ છે ? તો ત્યાગમાં આવો.

પૂર્વના ઇતરધર્મી પણ આ સમજતા, તેથી જ્યારે કયારેય વૈરાગ્ય ઊછળી પડતો, ત્યારે ઠેઠ સંસાર-ત્યાગ કરી વાનપ્રસ્થ જીવન યા સંન્યાસ જીવનમાં આવી જતા. એમનાં શાસ્ત્ર કહે છે—

'यदहरेव विरजेत्, तदहरेव प्रव्रजेत् ।'

અર્થાત્ જે દિવસે વૈરાગ્ય થાય, તે જ દિવસે ઘર હંમેશ માટે છોડીને ચાલ્યા જવું. દા. ત. તામલિ ગૃહસ્થે એ કરેલું. એક રાત્રિના મધ્યે જાગીને એને વિચાર આવ્યો, કે

'અરે ! ઉત્તમ માનવ જન્મ તો ભગવદ્-ભજન માટે જ છે. તે ભજન મૂકીને હું આ મોહમાયાની સેવામાં વેડફી રહ્યો છું ?'

બસ, બીજી સવારે કુટુંબને બધું ભળાવી દઈ તામલિ તાપસ બની ગયેલો. તાપસ બનીને જંગલમાં જઈ છઠ્ઠ છઠ્ઠના પારણે લૂખા ભાતનું પારણું....એ રીતે તપ તપવા લાગ્યો. અંતે સાધુનાં દર્શન પામ્યો, મરીને ઈશાન ઇંદ્ર થયો ! અત્યારે એજ ઇંદ્ર છે ઇશાન દેવલોકમાં.

ઇતર ધર્મોમાં પણ ત્યાગનો મહિમા હતો, કેમકે આ અવસર્પિણી યુગમાં નવ કોડાકોડી સાગરોપમના ધર્મ-પ્રકાશ વિનાના કાળ પછી આદિનાથ ભગવાને ત્યાગમય ધર્મનો પ્રકાશ રેલાવ્યો. એમાંથી બીજા બીજાઓએ ધર્મપંથ ચલાવ્યા, એટલે એમાં ત્યાગ-ધર્મના વારસા ઊતરે એ સહજ છે. અહીં યોગબીજ તરીકે સેવાધર્મ, ત્યાગધર્મ, નિયમ કરીને પાળવાનું બતાવ્યું. એ 'દ્રવ્યાભિગ્રહ-પાલન' શબ્દથી સૂચવ્યું. અહીં પ્રશ્ન થાય,

પ્ર૦—અભિગ્રહપાલન ન કહેતાં દ્રવ્યાભિગ્રહ-પાલન કેમ કહ્યું ?

ઉ૦—અભિગ્રહ યાને નિયમ બે જાતના હોય છે,

(૧) દ્રવ્ય-અભિગ્રહ, અને (૨) ભાવઅભિગ્રહ.

એમાં ભાવથી અભિગ્રહ જેણે ગ્રન્થિ ભેદ કર્યો હોય, અનાદિની જીવને વળગેલી નિબિડ રાગદ્વેષની ગાંઠ જેણે ભેદી નાખી હોય, એને જ હોય. એ જે અભિગ્રહ-નિયમ કરે તે જ ભાવ-અભિગ્રહ કહેવાય. ગ્રંથિભેદ ન કર્યો હોય એ જે અભિગ્રહ કરે તે દ્રવ્ય-અભિગ્રહ કહેવાય.

યોગની પહેલી ચાર દૃષ્ટિ સુધી ગ્રન્થિભેદ થયો નથી હોતો. તેથી અહીં પહેલી યોગ-

દૃષ્ટિમાં યોગ બીજ તરીકે અભિગ્રહ–પાલન સાથે એ દ્રવ્યાભિગ્રહ–પાલન હોય. અભિગ્રહ દેખાવમાં કડક પણ હોય, છતાં ગ્રન્થિ-ભેદ કર્યા વિના કરાતા એ અભિગ્રહ દ્રવ્ય–અભિગ્રહ છે.

પ્ર૦–ગ્રન્થિભેદ વિના દ્રવ્યાભિગ્રહ કેમ?

ઉ૦–જીવ ગ્રન્થિભેદ કરે પછી જ વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું શરણ સ્વીકારાય છે; અને અભિગ્રહ એ ધર્મ છે, તેમજ શુદ્ધ ધર્મને કહેનારા સર્વજ્ઞ ભગવાન હોય છે; તેથી એમનું ને એમના વચનનું શરણું લીધા વિના શુદ્ધ ધર્મની પ્રાપ્તિ શી રીતે થાય? એટલે ગ્રન્થિ-ભેદ કર્યા વિના શુદ્ધ અભિગ્રહ–ધર્મની યાને ભાવ–અભિગ્રહ ધર્મની પ્રાપ્તિ નહિ. તેથી અહીં પહેલી યોગદૃષ્ટિમાં યોગબીજ તરીકે અભિગ્રહ પાલન થાય એ શુદ્ધ ધર્મપાલન નહિ, માટે અહીં દ્રવ્યાભિગ્રહ–પાલન કહ્યું.

અભિગ્રહના પ્રસંગમાં એક વસ્તુ ખાસ ધ્યાન પર લેવા જેવી છે, કે માણસ અભિગ્રહ-નિયમ-બાધાને બંધન સમજે છે; જ્યારે બરોબર તો

નિયમ અભિગ્રહ એ બંધન નહિ, પણ બંધનથી મુક્તિ છે.

જીવ અનાદિ કાળથી અસદ્ વૃત્તિઓના બંધનમાં છે, ને એમાંથી જ કર્મનાં બંધન ઊભા થાય છે, જે જીવને ચિરકાળ સંસારના બંધનમાં જકડી રાખે છે, મોક્ષ પામવા જ ન દે.

આમ જો નિયમ નહિ તો જીવ ૧. અસદ્ વૃત્તિનાં બંધન, ૨. કર્મના બંધન અને ૩. સંસારના બંધનમાં છે.

નિયમમાં આવે તો એ બંધનથી છૂટે. નિયમ માણસને ઊભો રાખે છે, અસદ્ વૃત્તિની ફસામણમાં જતો અટકાવે છે. વંકચૂલે જે તે ખાવાની અસદ્ વૃત્તિમાંથી, અજાણ્યાં ફળ ન ખાવાનો નિયમ કરીને, એટલી મુક્તિ મેળવી; તો અવસર આવ્યે વિષફળ ખાતો અટકયો. એના બીજા ભેરુઓને નિયમ નહોતો, તો એ ખાવાની અસદ્ વૃત્તિમાં એ ફસાયા, ને ખાઈને મર્યા! એટલે કરવાનું આ છે, કે શક્ય એટલા અભિગ્રહ, ભલે કામચલાઉ, ગ્રહણ કરતા રહેવાનું, ને એને પાળતા રહેવાનું.

(ટીકા)–'तथा सिद्धान्तमाश्रित्य' आर्षं, न तु कामादि शास्त्राणि । किमित्याह 'विधिना'–न्यायात्तधन– सत्प्रयोगादिलक्षणेन । किमित्याह 'लेखनादि च' योगबीजमनुत्तममिति ।

અર્થ :–તથા 'સિદ્ધાન્ત (શાસ્ત્ર) ને આશ્રીને.' આ 'શાસ્ત્ર' ઋષિપ્રણીત કિન્તુ કામશાસ્ત્ર આદિ (ને આશ્રીને) નહિ, તે શું કરવાનું, એ કહે છે 'વિધિપૂર્વક' અર્થાત્ ન્યાયોપાર્જિત ધન સમ્યક્ ઉપયોગ આદિસ્વરૂપ વિધિથી, તે શું, તો કહે છે,' 'લેખનાદિ' (લખાવવા વગેરે) એ શ્રેષ્ઠ યોગબીજ છે.

વિવેચન :—

પ્રમુ યોગબીજ 'શાસ્ત્રોનું લેખન આદિ.' આ શાસ્ત્ર એટલે કામશાસ્ત્ર અર્થશાસ્ત્રાદિ નહિ, કેમકે એ તો કામવાસના ધનલોભ વગેરે જગાવનારા હોવાથી ભોગના કારણ બને, યોગના નહિ; કિન્તુ ઋષિ–મહર્ષિઓનાં રચેલા ધર્મશાસ્ત્ર ને તત્ત્વજ્ઞાનશાસ્ત્ર સમજવાં. આનાં લેખન-પૂજન યાને લખાવવા–પૂજવા–સત્કારવા આદિ એ યોગબીજ.

પ્ર૦–શાસ્ત્રોનાં લેખનાદિ યોગબીજ શા માટે?

ઉ૦–શાસ્ત્રોનાં લેખનાદિ એ શાસ્ત્રની ઉપાસના છે, અને જગતમાં ત્રણ મહાન સેવ્ય છે, ઉપાસ્ય છે,–એમાં જેમ દેવાધિદેવ ઉપાસ્ય છે; ગુરુ ઉપાસ્ય છે, એમ શાસ્ત્ર પણ ઉપાસ્ય છે; માટે શાસ્ત્રની ઉપાસના કર્તવ્ય છે. માટે તો દેવવંદનમાં 'અરિહંત ચેઈયાણં' ની જેમ 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિયાએ' નો અર્થાત્ શ્રુત (શાસ્ત્ર) ભગવાનના વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે,....કાયોત્સર્ગ

કરવામાં આવે છે. શું શ્રુત એ ભગવાન ? હા, 'ભગ'એટલે ઐશ્વર્ય, પ્રભાવ. શ્રુત પ્રભાવવંતુ છે; માટે ભગવાન કહેવાય. જો દેવાધિદેવ અને ગુરુ તારણહાર છે માટે એમની ઉપાસના કર્તવ્ય બને છે, તો શાસ્ત્રો પણ તારણહાર છે માટે એમની ઉપાસના કેમ કર્તવ્ય ન બને ? શાસ્ત્રની કેવી કેવી ઉપાસના કર્તવ્ય છે, એ હવે બતાવે છે,–

૫. યોગબીજ : શાસ્ત્રોપાસના

(મૂલ) **लेखना पूजना दानं**
श्रवणं वाचनोद्ग्रहः ।
प्रकाशनाथ स्वाध्याय-
श्चिन्तना भावनेति च ॥२८॥

(ટીકા)–'लेखना' सत्पुस्तकेषु ! 'पूजना' पुष्प-वस्त्रादिभिः । 'दान' पुस्तकादेः । 'श्रवण' व्याख्यानस्य । 'वाचना' स्वयमेवास्य । 'उद्ग्रहो' विधिग्रहणम् अस्यैव । 'प्रकाशना' गृहीतस्य भव्येषु । 'अथ स्वाध्यायो' वाचनादि अस्यैव । चिन्तना ग्रन्थार्थतः अस्यैव । 'भावनेति च' एतद्गोचरैव । योगबीजमिति योगः ।

ગાથાર્થ :–લેખન, પૂજન, દાન, શ્રવણ, વાચના, ગ્રહણ, પ્રકાશન, સ્વાધ્યાય, ચિંતન અને (ભાવન એ યોગબીજ છે)

ટીકાર્થ :–'લેખન'–લખાવવું સારા પુસ્તકોમાં; 'પૂજન' પુષ્પ-વસ્ત્રાદિથી, 'દાન' પુસ્તકાદિનું 'શ્રવણ' (શાસ્ત્રનાં) વ્યાખ્યાનનું, 'વાચના' સ્વયં જ આની. 'ઉદ્ગ્રહ' એટલે આનું જ વિધિપૂર્વક ગ્રહણ. 'પ્રકાશન' ગ્રહણ કરેલા (શાસ્ત્ર–પદાર્થો)નું ભવ્યોને વિષે, 'સ્વાધ્યાય' આનાજ વાચનાદિ, 'ચિંતન' આના જ ગ્રંથના અર્થ અનુસારે, 'ભાવન' (મનમાં ભાવિત કરવું) આના વિષયોનું જ. આ યોગબીજ છે એમ જોડવું.

વિવેચન :–

પમું યોગબીજ સિદ્ધાન્ત યાને ધર્મશાસ્ત્રોનું લેખન આદિ બતાવ્યું. હવે આ ગાથા અને એની ટીકામાં, લેખનાદિમાં શું શું આવે, તે બતાવે છે. આ પરથી ખ્યાલમાં આવશે, કે શાસ્ત્રોની કેવી કેવી રીતે ઉપાસના કરવી જોઈએ.

(૧) લેખન : ૧૪ પૂર્વ શાસ્ત્ર :–

લેખન એટલે કે મહર્ષિઓનાં શાસ્ત્રો લખાવવા. એ લખાવવાથી એના આધારે શ્રુતજ્ઞાન ટકી રહે. પૂર્વના કાળે શ્રુત મોંઢે મોંઢે જ ભણાવાતું. મોટા શ્રુતના દરિયા જેવા '૧૪ પૂર્વ' નામનાં શાસ્ત્ર પણ મોંઢે જ ભણાવાતા, અને ત્યાં જ કંઠસ્થ કરી લેવાતા. પરંતુ બળ બુદ્ધિ વગેરેના હ્રાસની જેમ સ્મરણ-શક્તિનો પણ હ્રાસ થતો ચાલ્યો. એટલે ૧૪ પૂર્વમાંથી ૧૦ પૂર્વ, ૧૦માંથી ૯ પૂર્વ, એમ હ્રાસ થતાં થતાં દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજના કાળે ૧ પૂર્વ જેટલું જ જ્ઞાન આવીને ઊભું. 'પૂર્વ' જ્ઞાનના એ હ્રાસની સાથે-સાથ આચારાંગ વગેરે ૧૧ અંગ–આગમોનાં જ્ઞાનમાં પણ હ્રાસ આવતો ગયો, દુષ્કાળ વગેરે કારણે એટલું જોરદાર શાસ્ત્ર–પારાયણ ચાલે નહિ, તેથી અમુક અમુક પાઠ કોઈ કોઈને ભુલાતા ગયા, એટલે મથુરામાં તથા વલભીપુરમાં સાધુ–સમૂહ એકત્રિત થઈ પોતપોતાને યાદ રહેલ પાઠો મેળવ્યા. એ માથુરી વાચના, વલભી વાચના કહેવાઈ. છેલ્લે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શાસ્ત્રજ્ઞ સાધુ–સમૂહ એકત્રિત કરી પાઠો મેળવ્યા. એમાં જોયું કે આમ જો સ્મૃતિ-ભ્રંશથી આગમોના પાઠો ભુલાતા જશે, તેમજ પાઠાન્તરો પણ થતા જશે તો પછી શ્રુત આમ મોંઢે ને મોંઢે અધ્યયન–અધ્યાપનમાં ટકશે કેટલું ? તેથી એમણે આગમોને પુસ્તકારૂઢ કરાવ્યા, તાડપત્ર આદિ પર લખાવ્યા.

સ્મરણ શક્તિનો હ્રાસ કેવો થતો ચાલ્યો, કે ચાદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી ચૌદ પૂર્વ ભણાવવા બેઠા ત્યારે પ્રારંભમાં તો અનેક મુનિઓએ એમની પાસે વાચના લેવી શરૂ કરી,

પરંતુ 'પૂર્વ' શાસ્ત્રના જંગી સૂત્રોની મોંઢે વાચના લઈ, એ યાદ રાખવા, વળી નવી વાચનામાં નવો સૂત્ર જથ્થો....આમ રોજની આવી ૭ વાચના, એ બધું મોંઢે રાખવાનું ! ને રોજ પુનરાવર્તન ! બાપાના ખેલ છે કે એટલો જંગી સૂત્ર જથ્થો યાદ રહે ? એક માત્ર સ્થૂલભદ્ર સ્વામી વાચનામાં ટકયા ! બીજા બધા પગે લાગી ક્ષમા માગીને ખસી ગયા. છેલ્લા ચૌદપૂર્વી સ્થૂલભદ્રસ્વામી ગણાયા.

આજે એની અપેક્ષાએ આપણી પાસે કેટલું જ્ઞાન છે ? સમુદ્રમાં બિંદુ જેટલું જ, કે બીજું કાંઇ ? છતાં જો એના પર અભિમાન કરાય કે 'હું વિદ્વાન છું !' તો એ કેટલું બેહુંદુ !

ભાણેજ મુનિનો ગર્વ :–કાલિકસૂરિજી મહારાજને ભાણેજ મુનિ વર્ષો બાદ વંદન કરવા આવી રહ્યો હતો. હવે મામા મહારાજને મળવામાં એક મુકામ છેટે છે, ત્યાં કાલિકસૂરિજી મહારાજ શિષ્યોને સારણા-વારણા કરવા છતાં એમનો અવિનયાદિ પ્રમાદ જોઈ પરોઢિયે એકાકી વિહાર કરીને અહીં આવી ગયા. ત્યારે ભાણેજ મુનિ સાધુઓને વાચના આપી રહ્યા હતા, એટલે કાલિકસૂરિજી મહારાજ આવીને મંડળીમાં બેસી ગયા. ઉંમર પાકી થયેલી, ત્યાગ તપસ્યાથી શરીર ઊતરી ગયેલું. તેથી ભાણેજ મુનિએ ઓળખ્યા નહિ. વાચના પછી અભિમાનથી પૂછે છે,–

'કેમ ડોસા મહારાજ ! વાચના સમજાઈ ?' કેમ લાગી ?'

આચાર્ય મહારાજ કહે 'સારી.' પછી ઊતરવા રજા માગી ખૂણામાં બેસે છે. એટલામાં એમના શિષ્યો એમને શોધતા અહીં આવી ભાણેજ મુનિને પૂછે છે,–

'અહીં આચાર્ય ભગવંત કાલિકસૂરિજી મહારાજ પધાર્યા છે ?' આ કહે 'ના ભાઇ !'

'તો અહીં કોઈ નથી આવ્યું ?'

'હા, એક વૃદ્ધ મુનિ આવ્યા છે. જુઓ પેલા ખૂણામાં બેઠા છે તે.' શિષ્યો જઈ જોઇને ચોંકી ઊઠી કહે છે,–'અરે આ જ આચાર્ય ભગવાન છે.' એમ કહી જઇને તરત ગળગળા થઈ આચાર્ય મહારાજના પગમાં પડી રોતા કકળતા કહે છે, 'પ્રભુ ! ક્ષમા કરો અમારા અપરાધને. પ્રાયશ્ચિત આપો, હવે ફરીથી અમે પ્રમાદ નહિ કરીએ, પધારો પાછા.'

ભાણેજ મુનિ તો સમસમી જ ગયો, 'અરે હું આચાર્ય ભગવાનના વંદનાર્થે આવ્યો, ને સામે આવેલા મેં એમને ઓળખ્યા નહિ ? ને એમની આગળ વાચનાનો ઠસ્સો બતાવ્યો ?' એ ય પગમાં પડી અભિમાનની ક્ષમા માગે છે.

ત્યાં આચાર્ય મહારાજ એને કહે છે,–

'જો મહાનુભાવ ! કેટલા જ્ઞાન ઉપર તને અભિમાન આવ્યું ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મહાવીર ભગવાન પાસે કેવળજ્ઞાન એટલે અનંત જ્ઞાનનો મહાસાગર હતો. એમાંથી પ્રભુએ એક ખોબો ભરી જ્ઞાન ગણધર મહારાજને આપ્યું, એમણે એ ખોબો જંબૂસ્વામીને આપ્યો, એમણે વળી એ પ્રભવસ્વામીને દીધો, એમ શિષ્ય પરંપરામાં ખોબા પાણીમાંથી ટપકતું ટપકતું ઓછું ઓછું થતું આવ્યું, તે મારા ને તારા સુધી એક ખોબામાંથી, કહે, કેટલું ઓછું થયેલું આવ્યું ? ભગવાનનું અનંત જ્ઞાન કેટલું ? ને એની સામે આ ખોબાભર્યું જ્ઞાન કેટલું ? તેમાંય ગણધર મહારાજનું કેવું જ્ઞાન ? ને તારું મારું કેટલું ? એ અભિમાન કરવા જેટલું જ્ઞાન છે ?' ભાણેજ મુનિએ માફી માગી.

વાત આ છે, કે સ્મૃતિ-ભ્રંશથી જ્ઞાનનો ખૂબ હ્રાસ થતો દેખ્યો એટલે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મહારાજે શ્રુતજ્ઞાનને પુસ્તકારૂઢ કર્યું, ને એ પછી પણ જીર્ણ થએલ શાસ્ત્રગ્રન્થો ફરી ફરી લખાતા રહ્યા, તો જ આજે આપણા સુધી શાસ્ત્રોમાં શ્રુતજ્ઞાન પહોંચી શકયું.

ને એના આધારે જ આપણને શ્રુતજ્ઞાન મળે છે, અને એથી આપણે દેખતા છીએ. હરિભદ્ર સૂરિજી મહારાજ જૈન શાસ્ત્રો જૈન આગમો પર ઓવારી જઈને કહે છે,–

'હા અણાહા કહું હુંતા
જઇ ણ હુ તો જિણાગમો ?'

જો જિનાગમ ન હોત તો અનાથ એવા અમારું શું થાત ?

માટે કહો, જિનાગમ–શાસ્ત્રો લખાવનારા કેટલો ઉપકાર કરી ગયા ? અને એમણે શ્રુતજ્ઞાન પરંપરા ટકાવીને શ્રુતજ્ઞાનની–શાસ્ત્રની કેવી સુંદર ભક્તિ કરી ? એથી પુસ્તકના આવરદા પ્રમાણે સેંકડો વરસો સુધી એ ટકીને હજારો લાખો ભવ્યાત્માઓને શ્રુતજ્ઞાનનો વારસો પહોંચાડે, અને એથી એ જીવો ધર્મની આરાધનામાં જોડાય, એમાં મહાન નિમિત્ત બનવાનો લાભ શાસ્ત્ર લખાવનારને મળે. તેથી અઢળક પાપક્ષય અને અખૂટ પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થાય. 'લેખન' શાસ્ત્રો લખાવવા–સંભાળવા એ શાસ્ત્રોની પહેલી અખૂટ લાભદાયી ઉપાસના.

(૨) પૂજન : જિનમૂર્તિની જેમ જિનવાણી ય પૂજ્ય :–

પૂજન એ બીજી ઉપાસના. એમાં શાસ્ત્રોનું પુષ્પ–વસ્ત્ર–અલંકાર વગેરેથી ભક્તિ કરવાનું આવે. શાસ્ત્રની આગળ પુષ્પો ગોઠવાય, શાસ્ત્ર પોથી પર સુંદર કપડું વીંટાળાય, પોથી પર મોતીની માળા ચડાવાય...

મૂળમાં શાસ્ત્ર પર અથાગ બહુમાન જોઈએ, તો એ આ રીતે પૂજનમાં છતું થાય. જિન–મૂર્તિ પર બહુમાન છે, તો મૂર્તિને કેવા પુષ્પ–આંગી–અલંકારથી પૂજાય છે ! એમ જૈન શાસ્ત્ર એટલે જિનવાણી, એના પર બહુમાન હોય તો એનાં પૂજન થાય. જિનમૂર્તિ પૂજ્ય ને જિનવાણી પૂજ્ય નહિ ? સમજી રાખો–શાસ્ત્ર પર જેટલું બહુમાન એટલી એની વાતો જીવનમાં ઉતારવાનું થશે, અને એ બહુમાનનું માપ એનાં લેખન, ઊંચા દ્રવ્યોથી પૂજન વગેરે પર આંકાશે.

પ્ર૦–સાધુ અપરિગ્રહી છે, તો એ શી રીતે શાસ્ત્ર પૂજન કરે ?

ઉ૦–સાધુ ત્યાગ–તપથી પૂજન કરે. એટલા જ માટે નવા શાસ્ત્રનું અધ્યયન કરવાનું હોય ત્યારે એના તપથી યોગોદ્વહન કરાય છે. આ ત્યાગ–તપ એ શું છે ? શાસ્ત્રનું સૂત્રનું સક્રિય બહુમાન છે, પૂજન જ છે; ને

જેના હૈયે શાસ્ત્ર પર ખરેખર બહુમાન છે, એ શાસ્ત્ર ભક્તિ પાછળ શક્ય તન–મન–ધનથી ભોગ આપ્યા વિના રહે નહિ.

માટે તો જાણવા મળે છે, કે સંગ્રામ સોની અને પેથડશા મંત્રી શ્રી ભગવતી સૂત્ર સાંભળતાં ગૌતમસ્વામીના ૩૬૦૦૦ પ્રશ્નોના ઉત્તરમાં મહાવીર ભગવાનના શ્રીમુખેથી જ્યાં જ્યાં 'ગોયમા !' શબ્દ સાંભળવા મળતો, ત્યાં ત્યાં એકેક સોનામહોર સાથિયા પર મૂકતા ! આ શું છે ? શાસ્ત્ર–સૂત્ર પ્રત્યે હૈયામાં ઉછળતા ગારવ બહુમાનને એમણે સોનામહોરથી પૂજનમાં સક્રિય કર્યું, ચરિતાર્થ કર્યું. બાકી તો શક્ય પૂજન વિનાનું બહુમાન તો બૂંદી કોટાની ભાવના જેવું થાય.

(૩) દાન : શાસ્ત્રદાનથી જિનવચન વહેતું રહે :–

શાસ્ત્ર–ઉપાસનામાં ત્રીજું દાન કહ્યું. શાસ્ત્રના પુસ્તકનું ભણનારને યા જ્ઞાનભંડારને દાન કરવું. આમાં ભણનારની ભક્તિ થઈ ? કે શાસ્ત્રની ભક્તિ ? કહો, શાસ્ત્રની પણ ભક્તિ એ રીતે થઈ, કે શાસ્ત્ર જિનવચનને વહેતું રાખી, શાસ્ત્રને અનેકનું ઉપકારક બનાવી, એનો પ્રભાવ વધાર્યો.

(૪) શ્રવણ :–

શાસ્ત્રનું શ્રવણ એ તો સ્પષ્ટ શાસ્ત્ર–ઉપાસના છે; દા. ત. વડિલનાં વચનનું વિનય–ભક્તિભાવ

પૂર્વક શ્રવણ કરીએ, એ વડિલની ઉપાસના છે. પૂર્વે સત્સંગનો મહિમા હતો, એમાં સત્સંગ કરનાર વ્યક્તિ સાધુની ઉપાસના કરતી. સમરાદિત્ય કેવળીનો જીવ પહેલા ભવે ગુણસેન રાજા વિજયસેન આચાર્ય મહારાજ પાસેથી ધર્મ પામી, એમ પ્રદેશી રાજા કેશી ગણી આચાર્ય પાસેથી ધર્મ પામી, પછી આચાર્ય માસકલ્પ રહ્યા, તો એ એમની રોજ ઉપાસના કરે છે. ઉપાસનામાં શું કરતા હશે ? આ જ કે એમની પાસે બેસી એમના મુખેથી ધર્મની વિચારણા સાંભળતા. તો જેવી રીતે સાધુ પાસે આ શ્રવણ એ સાધુની ઉપાસના છે, એમ શાસ્ત્રનું શ્રવણ એ પણ શાસ્ત્રની ઉપાસના જ છે.

શાસ્ત્ર-શ્રવણ શી રીતે કરવાનું ? તો કે નિદ્રાં(ઝોકાં) વિકથા કુથલી વગેરે પ્રમાદ ટાળીને, એક ચિત્ત બની, સંભ્રમ સાથે સાંભળવું. 'સંભ્રમ' એટલે સાંભળવામાં જે મળે છે તે જાણે કોઈ અપૂર્વ નિધાન મળ્યું એવા રોમાંચ સાથે હર્ષ થાય તે. શ્રવણ એવા સંભ્રમથી થાય.

એવો અપૂર્વ હર્ષ શી રીતે થાય ?

આ વિચારવાથી થાય, કે 'આ જગતમાં મોહાંધોનું અને પાપ-પૂતળાઓનું તથા મિથ્યાશાસ્ત્રોનું ઘણું ઘણું સાંભળ્યું, પરંતુ એથી ભવના ફેરા વધારવા સિવાય બીજું કશું ફળ ન આવ્યું. હવે અહીં ઉચ્ચ ભવમાં જ્યારે ઉચ્ચ શાસ્ત્ર શ્રવણની દિવ્ય તક મળી છે, તો પેલાં મારણહાર શ્રવણ પડતાં મૂકી તારણહાર શાસ્ત્ર-શ્રવણ કરું. જગતમાં સાંભળવા જેવી ચીજ હોય તો જિનાગમ-જૈનશાસ્ત્રો છે, કેમકે એ એકાંતે કલ્યાણકારી જીવનમાર્ગ બતાવે છે; જ્યારે બીજાં શ્રવણ હિંસાદિપાપનાં સમર્થક ને પાપપ્રેરક હોઈ પાપશ્રવણ છે, ત્યાજ્ય છે. જીવનમાં અવનતિમાંથી બહાર નીકળી ઉન્નતિના રાહે ચાલવાનું આવા કલ્યાણકારી શાસ્ત્રોનાં ધર્મશ્રવણ પર જ થાય છે.

(૫) વાચના :-

આ શાસ્ત્રોની સ્વયં વાચના કરવી. અર્થાત બીજાઓને શાસ્ત્ર વંચાવવા, સંભળાવવા; કેમકે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનની અત્યાર સુધી શ્રુત-પરંપરા ચાલી આવી તે, પ્રભુએ ગણધરોને અર્થથી વાચના આપી, ગણધરોએ એને સૂત્રથી ગૂંથી પોતાના શિષ્યોને એ સૂત્ર અને અર્થની વાચના આપી. એમણે પોતાના શિષ્યોને વાચના આપી...એમ પરંપરા અખંડ ચાલી, તો આજે પોતાના સુધી એ ચાલી આવીને પોતાને સૂત્રાર્થ-શ્રુત મળ્યું. તો હવે એ ઉપકારની કૃતજ્ઞતાની રૂએ પોતાનું પણ બીજાઓને વાચના આપવાનું કર્તવ્ય બની રહે છે. આ એક શાસ્ત્ર-ઉપાસના છે.

(૬) ઉદ્ગ્રહ :—

એની જેમ એ શ્રુત-વાચનાનું વિધિપૂર્વક ગ્રહણ કરવું એ પણ શાસ્ત્રોપાસના છે. પોતે એ ગ્રહણ કરે તો જ એ શ્રુતથી પોતાનું કલ્યાણ થાય અને આગળ પર બીજાઓને પણ શ્રુત-વાચના આપી શકે. અહીં

વિધિપૂર્વક ગ્રહણ કરવાનું કહ્યું, તે વાચનાચાર્યનો વિનય, આસન-સ્થાપન, સ્થાપનાચાર્ય-સ્થાપના, વાચનાચાર્ય પર અતીવ બહુમાન, એમની ભક્તિ, યોગ્યકાળ, ઉભડક આસનથી બેઠક, બે કોણી પેટ પર અને હાથ અંજલિબદ્ધ જોડેલા, તે મુખ આગળ રખાય,....ઇત્યાદિ વિધિ સાચવીને વાચનાનું ગ્રહણ કરાય. આ વિધિથી આત્મા એવો નમ્ર બને છે, કે એ શાસ્ત્ર અને વાચનાચાર્ય પ્રત્યે ઝૂકેલો રહે છે. તો જ વાચના રૂપી અમૃત જળ સીધું પોતાના હૃદયમાં ઊતરે છે. વિધિ ક્યાં નથી સાચવવી પડતી ? રસોઇની એકેક ચીજ બનાવવી હોય તો દરેકમાં વિધિ સાચવવી પડે છે. દુન્યવી વિદ્યા શીખવી હોય તો વિધિપૂર્વક શીખાય છે. તો મહાપવિત્ર અને અનંત કલ્યાણકર શાસ્ત્રવાચના લેવી હોય તો અવશ્ય મહાન વિધિ સાચવવી જ પડે.

એ વિધિપૂર્વક ગ્રહણ કેવી રીતે કરે? તો કે વાચનાચાર્યના મુખારવિંદમાંથી જાણે અમૃતની વર્ષા રેલાઈ રહી છે! તેનો એકેક શબ્દ ખૂબ એકાગ્રતા-તન્મયભાવ અને અહોભાવ સાથે ગટ્ટગટ્ટ પીતો જાય, શરીરે આંતરિક અપૂર્વ હર્ષના રોમાંચ ખડા થાય! પૂછો,-

પ્ર૦-શાસ્ત્રની વાચના લેવામાં આટલી બધી વિધિ?

ઉ૦-હા, કેમકે, **આ કેવાં જિનાગમ-શાસ્ત્રોની વાચના છે? તો કે જિનાગમ-શાસ્ત્રો જીવને પરભાવમાંથી સ્વભાવમાં લઇ આવનારાં છે, ને સ્વભાવમાં આવવાથી જ જીવનો મોક્ષ થાય છે.**

મોક્ષ શું છે? સ્વ-ભાવમાં રમણુતા. કોઈ જ પરપુદ્ગલનો સંક્લેશ નહિ. કવિ કહે છે,

"આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,
તજી પુદ્ગલ-સંક્લેશ,
જિનજી ધ્યાવોજી,
મલ્લિજિણુંદ મુણીંદ ગુણગણ ગાવો જી"

મલ્લિનાથ ભગવાન દીક્ષાના દિવસે જ શુકલ-ધ્યાનમાં ચડી વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા! એ વીતરાગ બન્યા ત્યાં એમણે જડ શરીરાદિ પુદ્ગલ પરના રાગ-આસક્તિ-મમતાના સંક્લેશનો ત્યાગ કર્યો, અને શુદ્ધ અનંત જ્ઞાન-દર્શનમય આત્મસ્વરૂપમાં જ રમનારા બની ગયા.

જૈન શાસ્ત્રોની વાચનાનું અદ્ભુત સામર્થ્ય આ, કે એ રાગાદિ સંક્લેશોને તોડવાનું સામર્થ્ય આપે છે, તોડવાની પ્રક્રિયા આપે છે, તેથી એ પરવસ્તુના સંક્લેશથી જે પરભાવમાં રખડવાનું થતું હતું તે મટીને હવે સ્વભાવમાં જ રમણુતા કરવાનું સુલભ બને છે.

'મારું ઘર સારું કરું', 'મારું શરીર સારું કરું', 'મારા શરીરને અનુકૂળ બનાવું', 'લોકમાં મારી નામના થાઓ', 'લોકો મને ભજે-પૂજે....' આવી આવી લાલસાઓ, એષણાઓ, એ પરભાવમાં પરઘરમાં ભટકવા સ્વરૂપ છે. શાસ્ત્રો એના ભયંકર, અતિભયંકર અનર્થો બતાવે છે. એક ટૂંકા જનમની એ માનેલી લહેરમાંથી દીર્ઘ અસંખ્ય કાળનાં દુઃખદ દુર્ગતિ-ભ્રમણનાં ભયાનક સર્જન બતાવે છે. આ જૈન શાસ્ત્રોની વાચનાનું વિધિપૂર્વક ગ્રહણ કરે તો પરભાવમાંથી-પરઘરમાંથી ભટકવાની અનાદિની લત પડતી મૂકી એમાંથી ખસી સ્વભાવ-સ્વઘરમાં આવવાનું અને ઠરવાનું ઊભું થાય છે, અને એમાં જીવનું અનંત કલ્યાણ સરજાય છે.

આવી અનંત કલ્યાણકર શાસ્ત્રોની વાચના વિધિપૂર્વક ગ્રહણ કરવામાં સુજ્ઞ જીવ કેમ એવો સજાગ ન થાય, કે વાચનાચાર્યને કહી દે કે 'આપ મારા પર આ શાસ્ત્રોની માત્ર વાચના આપવાનો પરમ અનન્ય ઉપકાર કરો, બાકીનું બધું મારા માથે, આપની બધી સેવા-સગવડ-અનુકૂળતા હું સંભાળી લઈશ.' સમજે છે કે:

શાસ્ત્ર તો પ્રકાશ આપનારો દીવો છે. માયા-મૂઢતા-ઉન્માર્ગ વગેરે અજ્ઞાનતાના અંધાર-પટને દૂર કરી આપે છે. એથી સ્વ-ઘરમાં આવવાનું ને ઠરવાનું જોમ મળે છે.-

આમ વાચના-ગ્રહણ એક શાસ્ત્રોપાસના છે.

(૭) પ્રકાશન :—

પ્રકાશન એટલે કે એ જ શાસ્ત્રોનું એને યોગ્ય ભવ્ય જીવોમાં પ્રગટ કરવું; એ પણ શાસ્ત્રની ઉપાસના છે. પ્રગટ કરવાથી એને યોગ્ય ભવ્ય જીવોને ભાન થાય છે કે 'વાહ! મહર્ષિઓ આવા કલ્યાણકર શાસ્ત્ર રચી ગયાં છે!' એના પર એમને બહુમાન જાગી ગુરુ પાસે અધ્યયનમાં પ્રવર્તવા લાગે. એના પર આગળ એમના વંશવારસમાં એની પરંપરા ચાલે! પ્રકાશન વિના એની ખબર જ ન હોય

તો એ યોગ્ય ભવ્ય જીવો એના લાભથી વંચિત રહી જાય. દા.ત. 'નમુત્થુણં' વગેરે ચૈત્યવંદનના સૂત્રો પર 'લલિત વિસ્તરા' શાસ્ત્ર પદેપદના અદ્‌ભુત ભાવ ખોલે છે, (જુઓ 'પરમતેજ' ભાગ ૧-૨). જો એ શાસ્ત્રની ખબર જ ન હોય તો એ કયાંથી જાણવા મળે ?

(૮) સ્વાધ્યાય : પરમ મંગળ

સ્વાધ્યાયના લાભ (૧) શુભ ભાવ : પુણ્યબંધ :-

એ શાસ્ત્રોનાં વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાય એ પણ શાસ્ત્ર-ઉપાસના છે. સ્વાધ્યાય એ પરમ મંગળ છે, એમ જ્ઞાનીઓ કહે છે; કેમકે સ્વાધ્યાયથી સુંદર શુભયોગ અને શુભ ઉપયોગ અધ્યવસાય પ્રવર્તે છે. આ ઉત્તમ માનવ-જનમમાં જીવને મન-વચન-કાયાની અદ્‌ભુત આરાધના-સામગ્રી મળી છે, તો એનો શુભ મનોયોગ શુભ વચનયોગ, ને શુભ કાયયોગ અર્થાત્ શુભ વિચાર-વાણી-વર્તાવમાં સદુપયોગ કરી લેવાની ઉત્તમ તક છે. જો એ સદુપયોગ ન કરાય તો એ મન-વચન-કાયાની ઉત્તમ સામગ્રી અશુભ વિચાર-વાણી-વર્તાવમાં વેડફાઈ જવાની ! ઉપરાંત અઢળક પાપકર્મો અશુભ કર્મ-બંધનો આત્મા પર ચડી જવાના. સ્વાધ્યાયમાં લાગવાથી અશુભ યોગો અટકીને શુભ યોગો પ્રવર્તવા માંડે છે. સ્વાધ્યાયમાં સૂત્ર અને અર્થ પર મન લગાવ્યું, એ શુભ મનોયોગ; એનું ઉચ્ચારણ કરાય એ શુભ વચનયોગ; અને એમાં જીભ વગેરે કાયાના અંગો પ્રવર્તે એ શુભ કાયયોગ. શાસ્ત્ર-સ્વાધ્યાયના આ શુભ યોગોને લીધે આત્મામાં અશુભ વિચારો અટકી શુભ ભાવ શુભ અધ્યવસાય પ્રવર્તે, એ એક બહુ મોટો લાભ છે; કેમકે આત્માને કર્મબંધનો હિસાબ આત્માના શુભાશુભ ભાવ પર છે, શુભ ભાવથી શુભકર્મ ને અશુભ ભાવથી અશુભ કર્મ બંધાય. પ્રદેશમાળા શાસ્ત્ર કહે છે,-

જં જં સમયં જીવો,
આવિસઇ જેણ જેણ ભાવેણં ।
સો તંમિ તંમિ સમયે,
સુહાસુહં બંધએ કમ્મં ॥

અર્થાત્ જે જે સમયે જીવ જેવા જેવા ભાવથી યુક્ત હોય, તે તે સમયે તે તેવા તેવા શુભ યા અશુભ કર્મ બાંધે છે. શુભ ભાવથી પુણ્ય બંધાય, અશુભથી પાપ.

આ હિસાબે સ્વાધ્યાયથી જનિત શુભ ભાવની ધારાએ શુભ કર્મ ધારાબદ્ધ કમાવાનું થાય એ સહજ છે; ને એની સાથોસાથ સ્વાધ્યાયાદિને બદલે અશુભ બીજી ત્રીજી પ્રવૃત્તિમાં યાને બીજા ત્રીજા વિચાર-વાણી-વર્તાવમાં અને મુખ્ય પણે અશુભ વિકલ્પોમાં પડવા જતાં જે અઢળક અશુભ ભાવો, એના સંસ્કાર યાને અશુભ અનુબંધો તથા અશુભ કર્મબંધની ધારાબદ્ધ આવક ચાલત, સ્વાધ્યાયમાં પ્રવર્તતાં તેનાથી બચી જવાય, એ પણ મોટો લાભ છે.

(૨) સ્વાધ્યાયથી ચિત્તસ્થિરતા :-

જાપ કરતાં સ્વાધ્યાય કેમ બળવાન ? :-

ધ્યાનમાં રહે કે,-પ્રભુનામનો જાપ કર્યા કરે તો એ પણ શુભ યોગ જ છે, પરંતુ એમાં ચિત્ત એકાગ્ર નથી રહેતું. મન બીજા ત્રીજા વિચારમાં ચડી જાય છે; ને એનું કારણ આ છે, કે મન વિવિધતા-પ્રિય છે, સતત જાપમાં વિવિધતા નથી, તેથી મન જાપમાંથી કંટાળી બીજે ચાલ્યું જાય છે. ત્યારે શાસ્ત્ર-સ્વાધ્યાયમાં તો પદે પદે વિવિધતા છે, એટલે મન એમાં પકડાયેલું રહે છે, તેથી એકાગ્ર શુભ વિચારધારા ને શુભ ભાવધારા અખંડ ચાલે છે. વચમાં કોઈ પાપ વિકલ્પ જ નહિ. મનને સ્થિરતાનો અભ્યાસ મળે છે, આ કેટલો મોટો લાભ !

(૩) સ્વાધ્યાયથી બોધ :-

વળી સ્વાધ્યાયથી આ એક મહાન લાભ પણ છે, કે શાસ્ત્ર-કથિત હેય અને ઉપાદેય પદાર્થનું ભાન થાય છે, ને એ હેયોપાદેયનો સતત જ્ઞાનોપયોગ ચાલે છે. આમ મન એમાં સતત ઉપયુક્ત રહે એટલે એ હેયોપાદેયની જ્ઞાનધારાથી એના શુભ સંસ્કાર સતત ઊભા થયે જ જાય, ઊભા થયે જ જાય, એ સ્વાભાવિક છે. એનો મહાન લાભ કેવો ? તો કે હેયોપાદેયના દૃઢ સંસ્કારોથી અવસરે અવસરે હેય કે ઉપાદેયનો જલ્દી ખ્યાલ આવતો જાય; એટલે હેય પ્રત્યે નફરત અને ઉપાદેય પ્રત્યે રુચિ આકર્ષણ બન્યું જ રહે. તો આનો લાભ એટલે ? લંક લાગી જાય.

હેય પ્રત્યેની નફરત અને ઉપાદેયમાં રુચિ-આકર્ષણ સમ્યગ્દર્શનને જાગતું રાખે.

એથી વૈમાનિક દેવલોકનાં પુણ્ય બંધાયા જ કરે; તેમજ સમ્યગ્દર્શનના સંસ્કાર ઊભા થતા જ જાય ! એથી ભાવી દેવતાઈ જીવન પણ સહજ સમ્યગ્દર્શનોપયોગથી જવલંત ઉજ્જવલ બન્યું રહે ! આ કેટલો બધો ઉચ્ચ લાભ ! આવા મહાન લાભોને અપાવનાર કોણ ? શાસ્ત્ર સ્વાધ્યાય. એની હરીફમાં બીજો કયો શુભ યોગ ઊભો રહી શકે ? કહો, સતત શુભ યોગ, શુભ ઉપયોગ, શુભ અધ્યવસાય ધારા અને સતત સમ્યગ્ દર્શનોપયોગના ધારા જગાવનાર શાસ્ત્ર-સ્વાધ્યાયની બલિહારી છે. આ મહાન શાસ્ત્રોપાસના આગળ કલ્પવૃક્ષ-ચિંતામણિ તુચ્છ છે.

(૪) ચિંતના :—

શાસ્ત્રે કહેલા સૂત્રોનું અને એના અર્થ-તત્ત્વનું ચિંતન એ પણ એક મહાન શાસ્ત્રોપાસના છે, એ ચિંતનને સૂત્રાનુપ્રેક્ષા-અર્થાનુપ્રેક્ષા કહે છે. અલબત્ એનો પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સમાવેશ થઈ જાય, પરંતુ અહીં સૂત્ર-તત્ત્વનું ચિંતન અર્થાત્ અનુપ્રેક્ષાને જુદું પાડી બતાવ્યું, તે એની વિશેષ મહત્તા સૂચવવા, અને એના પર ભાર આપવા માટે બતાવ્યું. ચિંતન-અનુપ્રેક્ષાની મહત્તા એ, કે એ ચિંતનરૂપ હોવાથી મનને એમાં બરાબર લગાવવું પડે. એકલી માત્ર સૂત્રાનુપ્રેક્ષા પણ ચિંતનરૂપ હોવાથી એમાં મનનો જાગ્રત્ ઉપયોગ માગે છે.

પ્ર૦-સૂત્રોનું ઉચ્ચારણ તો, સૂત્ર જો બહુ રટાઈને રીઢ થઈ ગયા હોય તો, મનના ઉપયોગ વિના ય થઈ જશે ! એટલે કે મન બીજે રખડતું હશે, ને સૂત્રો બોલાઈ જશે ! ત્યાં કયાં મનનો ઉપયોગ જાગતો રહ્યો ?

ઉ૦-ઉચ્ચારણમાં ભલે મનનો જાગતો ઉપયોગ ન રહ્યો, પરંતુ અનુપ્રેક્ષાની વાત છે. **સૂત્રની અનુપ્રેક્ષા-ચિંતનમાં તો મનને સૂત્રોમાં લગાવવું જ પડશે.** તો એ સૂત્ર-ચિંતનમાં મનને શુભમાં એકાગ્ર રાખવાનો કેટલો બધો ઉચ્ચ કોટિનો લાભ ! એટલે જ જે લોકો એમ બોલે છે કે,—

પ્ર૦-અર્થજ્ઞાન વિના કોરા સૂત્રનાં જ્ઞાનનો શો લાભ ? એ તો પોપટિયું જ્ઞાન ! 'પઢો પોપટજી ! સીતારામ' તો કે 'સીતારામ' જેવા પોપટ-પાઠનો શો લાભ ?

ઉ૦-આવો પ્રશ્ન ઉઠાવે એ અજ્ઞાની છે. એમને આ ખબર નથી કે,

એકલા સૂત્રપાઠનું ચિંતન પણ મનને એકાગ્ર શુભ ઉપયોગમાં રાખે છે. મનની શુભ એકાગ્રતાને કેળવે છે, ને પોષે છે.

માણસ આજે ભટકતા-ચંચળ મનને એકાગ્ર કરવા ફાંફા મારે છે. એ જો સૂત્ર રટી, પછી એ સૂત્રોનું ચિંતન-અનુપ્રેક્ષા ચલાવે તો એમાં મનને એકાગ્ર થવાનો મહાન અભ્યાસ મળે છે. એટલે જ એકલો સૂત્રપાઠ બોલી જનારે પણ આ ધ્યાનમાં રાખવાનું છે, કે રટણ-ઉચ્ચારણની સાથોસાથ સૂત્રો-ગાથાઓના અક્ષર-ચિંતન પણ ખૂબ જરૂરી છે. પ્રભાતે ઉઠીને એક નવકારના એકેક અક્ષરનું ચિંતન કરો, મનમાં કે

મોટેથી એકેક અક્ષર બોલવાનો,-'ન....મો....અ ....રિ....'એમ એકેક અક્ષર બરાબર ક્રમબદ્ધ આવે એ માટે મન એમાં લગાવવું જ પડે, તે એ ચિંતન થયું; માત્ર એક નવકાર એમ ચિંતવો, જુઓ સૂત્રમાત્રનું ચિંતન મનને કેવું કે સ્થિર, પ્રસન્ન અને પ્રફુલ્લિત કરે છે. ત્યારે,

અર્થચિંતન તત્ત્વચિંતન-રહસ્ય-ચિંતનની ય બલિહારી છે.

એ ચિંતન એવી રીતે કરાય, કે શાસ્ત્ર-પદાર્થોને સંકલનાબદ્ધ ગોઠવાય, કડીબદ્ધ વિચારાય; દા. ત. 'જીવવિચાર' પ્રકરણ પર વિચારણા ચાલી, તો જીવના પ્રકાર, એ દરેક પ્રકારના અવાંતર પ્રકાર, એકેક પ્રકારમાં કોણ કોણ ?....એમ પ્રકારો વિચાર્યા પછી, એ દરેક જીવના શરીરની અવગાહના, પછી દરેકના આયુષ્ય અને ભવ-સ્થિતિ, એમ દરેકની કાય-સ્થિતિ,....વગેરે ક્રમસર વિચારાય. કર્મગ્રંથ વિચારે, તો કર્મના પ્રકાર, પેટા પ્રકાર, દરેકની ઓળખ,....એમ ૧૪ ગુણસ્થાનક, દરેક ગુણ-સ્થાનકમાં કેટકેટલી કર્મ પ્રકૃતિઓ બંધાય.... કેટકેટલી ઉદયમાં, ઉદીરણામાં, સત્તામાં,....આમ કડીબદ્ધ પદાર્થોનું ધારાબદ્ધ ચિંતન ચાલે, એ અર્થ-અનુપેક્ષા.

ધારાબદ્ધ ચિંતન-અનુપ્રેક્ષા એ અલૌકિક ચીજ છે. તત્ત્વાર્થનો મહેલ :-

એ ચિત્તને એકદમ શાંત-સ્વસ્થ-પ્રફુલ્લિત કરી દે છે. દા. ત. તત્ત્વાર્થસૂત્રની અનુપ્રેક્ષા કરો તો એના ૧૦ અધ્યાય એ ૧૦ માળનો મહેલ દેખાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ સ્તંભ પર ઊભેલો. એના ૧૦ માળ પૈકી દરેક માળમાં શ્લોકો અને કેબિનો. દા. ત. પહેલો અધ્યાય-પહેલા મજલામાં મોક્ષમાર્ગ-સમ્યગ્દર્શનનો શ્લોક, એમાં એની વ્યાખ્યા હેતુ વગેરેની કેબિનો....એમ જ્ઞાનનો શ્લોક, એમાં એના પ્રકાર, પ્રમાણનયની કેબિનો.... એમ બીજા અધ્યાયથી જીવ, અજીવ, આશ્રવ... વગેરે એકેક મુખ્ય વિષયનાં મજલા, એ દરેકના મુખ્ય મુખ્ય પ્રકારના શ્લોક, એ દરેકમાં અવાંતર વિચારની કેબિનો...આમ આખા 'તત્ત્વાર્થ' મહાશાસ્ત્રના દસે અધ્યાયનું ચિંતન ચાલે, તો આહારાદિ સંજ્ઞાઓની સતામણીના વિચારોથી બચાય, ને કષાય-સંજ્ઞાઓ મોળી પડે. એમ મન શાંત થાય, અને તત્ત્વચિંતનથી મન નિર્મળ અને પ્રફુલ્લિત બને.

ચિંતનમાં મનન એટલે તર્કસમર્થન :-

આવી અર્થ-તત્ત્વ-રહસ્યની અનુપ્રેક્ષા યાને ચિંતનના લાભનું તો પૂછવું જ શું ? ચિંતનથી શાસ્ત્ર-પદાર્થ ને શાસ્ત્ર-તત્ત્વો નજર સામે રમે છે. એમાં ચિંતન પર મનન થાય. 'મનન' એટલે ઉહ-અપોહથી અર્થાત્ અનુકૂળ-પ્રતિકૂળ તર્કથી અન્વય-વ્યતિરેકથી તથા દૃષ્ટાન્તથી ચિંતિત શાસ્ત્રપદાર્થ અને શાસ્ત્રતત્ત્વોને દિલમાં દૃઢ કરવાનું થાય તો.

અન્વય વ્યતિરેકથી એટલે,-દા. ત. કહ્યું, 'અગ્નિ એ ધૂમાડાનું કારણ છે' ત્યાં તર્ક આમ થાય, કે 'જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય છે,' આ વસ્તુની સત્તા-સદ્ભાવનું વિધાન એ અન્વય; જેમકે રસોડામાં, ભરવાડવાડામાં ધુમાડો અગ્નિ બંને છે. એમ, જ્યાં અગ્નિ નથી ત્યાં ધુમાડો પેદા નથી જ થતો. વસ્તુના અભાવનું વિધાન એ વ્યતિરેક; જેમકે સરોવરમાં. આ રીતે પદાર્થ તત્ત્વને ચિંતન-મનનથી સુનિશ્ચિત કરાય.

ચિંતનના મહાન લાભ :— એથી એક બાજુ (૧) સમ્યગ્દર્શન આવે, અને દૃઢ થાય; ને બીજી બાજુ ચિંતન-મનન કરતાં કરતાં (૨) નવા નવા અને શાસ્ત્રસંગત પદાર્થોની સ્ફુરણા થાય, ઉત્પ્રેક્ષા થાય. એમાં (૩) જિનશાસન પર અહોભાવ વધતો જાય, (૪) આરાધવાના નવ નવા પ્રેરક માર્ગ સૂઝતા જાય, (૫) એ

આરાધનાના કોડ જાગતા જાય. તેમ તેમ સમ્યગ્દર્શન નિર્મળ થતું આવે. પછી તો (૬) એ શાસ્ત્રપદાર્થ ભાવિત કરતાં કરતાં એથી રાગદ્વેષ ખૂબ ક્ષીણ થઈ જતાં ધર્મધ્યાનથી આગળ વધીને શુકલ ધ્યાનમાં પહોંચી શકાય ! જેના પ્રતાપે વીતરાગ થઈ કેવળજ્ઞાન મળે ! શાસ્ત્ર–ચિંતનના કેટલા બધા મહાન લાભ ! એ શાસ્ત્રોપાસના છે.

(૧૦) ભાવના

શાસ્ત્ર ચિંતનથી નિશ્ચિત કરેલા પદાર્થથી અંતરને–આત્માને ભાવિત કરવો એનું નામ ભાવના. એ પણ શાસ્ત્ર–ઉપાસના છે. ભાવિત કરવો એટલે વાસિત કરવો. કસ્તુરીના ડાબડામાં રાતના દાતણ મૂકી રાખ્યું હોય, તો એ કેવું કસ્તૂરીથી વાસિત થઈ જાય ! કહો, સવારે દાતણ ચાવતાં ચાવતાં કસ્તુરીની મહેક ઊઠે. એમ શાસ્ત્ર–પદાર્થોથી ભાવિત થયેલા અંતરમાં–આત્મામાં એ પદાર્થોની દૃષ્ટિ જ બની જાય.

આશ્રવ-સંવરથી ભાવિતતા :—

એટલે આત્મા કાંઈ જુએ-બોલે-વિચારે એ શાસ્ત્ર–પદાર્થની દૃષ્ટિથી જ જુએ-બોલે-વિચારે. દા. ત. હીરો દેખાયો, એમાં શાસ્ત્ર પદાર્થ આ છે કે,–'હીરો બહુ રાગ કરાવનારો, તેથી મહાઆશ્રવ છે, એટલે હેય છે, ત્યાજ્ય છે.' બસ, હીરો દેખાઈ ગયો તે આ હેય દૃષ્ટિથી જોવાય. મહારાગ થાય માટે દુર્ગતિનો મહાઅનર્થ; તેથી હીરો જોતાં ભડક–ભય લાગે, કે 'જો આમાં આકર્ષાયો–ફસાયો તો મર્યો સમજ !' આમ, **આશ્રવ તત્ત્વની ભાવનાથી આશ્રવ પ્રત્યે ભયભીત-અનાસક્ત બનાય. એમ,**

સંવર તત્ત્વ-ભાવનાથી સંવર પ્રત્યે આકર્ષિત-આસક્ત બનાય.

દા. ત. સામાયિક એ સંવર–તત્ત્વ છે, એનાથી જો આત્માને ભાવિત કર્યો હોય, તો શાસ્ત્ર એને ઉપાદેય–આદરણીય કહે છે એટલે એના પ્રત્યે ઉપાદેયતાની દૃષ્ટિ બંધાઈ જાય. સામાયિકને એ ખૂબજ ઉપાદેય તરીકે જુએ. સામાયિકનું નામ સાંભળતાં આલ્હાદ થાય.

આશ્રવ–સંવરને જોવાની જેવી દૃષ્ટિ, એવી બોલવા–ચાલવામાં દૃષ્ટિ. હીરા અંગે બોલવાનું આવે તો હેય દૃષ્ટિથી બોલે. એમ સામાયિક અંગે બોલાય તે ઉપાદેય દૃષ્ટિથી બોલાય. દા. ત. 'વાહ ! કેવું સરસ તરણતારણ સામાયિક !' એમ 'ચાલવાનું' એટલે કે પ્રવૃત્તિ કરવાની આવે, ત્યાં હીરાને લેવા–મૂકવામાં દુર્ગતિના અનર્થોનો ભય હોય, ખુશ–ખુશાલી નહિ પણ સંકોચ હોય, વ્યાકુળતા-વિહ્વળતા હોય.

ભરત ચક્રીની વૈરાગ્ય ભાવના :—

ભરત ચક્રવર્તીએ આરિસા–ભવનમાં દાઢીના ઉતારતાં શું વિચાર્યું ? આ જ કે 'અરે ! આ હીરા ને માણેક કેવા ઘોર રાગાદિ કરાવી મારા આત્માને દુર્ગતિઓના ભ્રમણમાં મૂકી દેનારા ! એ પાછા અનિત્ય ! અનિત્યમાં હું મુંઝાયો ?' આત્માને જીવનમાં તત્ત્વદૃષ્ટિથી ભાવિત કર્યો હતો એટલે અહીં સહેજ વાતમાં આ ભાવના ઝગમગી, તે ભાવિતતાને લીધે એ અનિત્ય સંયોગો પ્રત્યે નફરતતા વધતી ચાલી, તે એમાં આગળ પરાકાષ્ઠાએ અનાસક્તયોગ–સમત્વયોગમાં ચડી ગયા ! વીતરાગ અને પછી સર્વજ્ઞ થયા !

ગૌતમસ્વામી મહાવીર ભગવાનની વાણી વિસ્મયભર્યા હૈયે સાંભળતા ! તે પણ સામાન્ય પદાર્થો, દા. ત. 'આ સંસાર ઘોર છે....' 'કષાયોની ધમાચકડી મનના ઝેર છે.' 'વિષયો વિષ તુલ્ય છે...' આવા સામાન્યથી સમજાય એવા પદાર્થ તો પ્રભુની વાણીમાં કેટલીય વાર સાંભળવા મળે. છતાં ગૌતમમહારાજ દ્વાદશાંગી આગમોના રચયિતા, એને આશ્ચર્યચકિત થઈને સાંભળતા ! કેમ વારુ ? કહો, એમણે આત્માને પ્રભુકથિત તત્ત્વથી ભાવિત કર્યો હતો, માટે આત્માને હિતકર પ્રભુનાં વચન જેટલા મળે એટલા અમૃતફળ જેવા મીઠા લાગે.

આમ શાસ્ત્રની ઉપાસના લેખન આદિથી કરાય, તે પાંચમું યોગબીજ છે.

યોગબીજશ્રવણના લાભ

(મૂલ) બીજશ્રુતૌ ચ સંવેગાત્,
પ્રતિપત્તિઃ સ્થિરાશયા ।
તદુપાદેયભાવશ્ચ,
પરિશુદ્ધિ મહોદયઃ ॥૨૯॥

અર્થ :—એમ જ યોગબીજનું શ્રવણ થતાં, શ્રદ્ધાવિશેષથી (એનો) સ્વીકાર થાય છે, ને તે સ્થિર-દૃઢ આશયવાળો હોય છે. આ બીજ-શ્રવણનો ઉપાદેયભાવ વિશુદ્ધ અને મહાન ઉદયને લાવનારો બને છે.

(ટીકા-) બીજશ્રુતૌ ચ યથોક્તગોચરાયાં, 'સંવેગાત્=શ્રદ્ધાવિશેષાત્'-'પ્રતિપત્તિ', 'એવમેતદ્', ઇત્યેવંરુપા, 'સ્થિરાશયા'=તથાવિધચિત્તપ્રબન્ધો વિસ્રોતસિકાઽભાવેન। 'તદુપાદેયભાવશ્ચ'=બીજ-શ્રુત્યુપાદેયભાવશ્ચ, 'પરિશુદ્ધઃ' ફલૌત્સુક્યાભાવેન, 'મહોદયઃ'=અત એવાનુષઙ્ગિકાભ્યુદયનિઃશ્રેયસ-સાધનાદિતિ ।

(અર્થ :-) 'બીજ-શ્રુતિ' યાને પૂર્વ-કથિત સંબંધી યોગબીજનું શ્રવણ, 'સંવેગ' યાને શ્રદ્ધાવિશેષથી, 'પ્રતિપત્તિ'='આ આમ જ છે' એવા પ્રકારના સ્વીકારરૂપ બને છે, અને તે સ્વીકાર 'સ્થિરાશય' અર્થાત્ તેવા પ્રકારની ચિત્તધારા. એ 'વિસ્રોતસિકાઅભાવેન'-માર્ગ-ભ્રંશ-રહિત હોવાને લીધે, દૃઢ આશયરૂપ યાને દૃઢ અધ્યવસાયવાળી હોય છે, તેમજ ફળની ઉત્સુકતા વિનાની હોઈને વિશુદ્ધ હોય છે, તેમજ આનુષંગિક અભ્યુદય (સ્વર્ગાદિપ્રાપ્તિ) દ્વારા મોક્ષને પમાડનારી બને છે.

યોગબીજનાં શ્રવણનું ફળ

વિવેચન :—

હવે યોગબીજોનું શાસ્ત્રમાંથી શ્રવણ કરવામાં આવે એનું શું ફળ? શા માટે એ શ્રવણ કરવું જોઈએ, તે બતાવતાં કહે છે,—

શાસ્ત્રમાંથી યોગબીજોનું વર્ણન સાંભળતાં સંવેગ ઊભો થાય છે.

'સંવેગ' એટલે વિશિષ્ટ શ્રદ્ધા. વસ્તુ પરની 'આ કલ્યાણકર છે' એવી શ્રદ્ધા-આસ્થા સાથે એના પર હાર્દિક રાગ, પ્રેમ તથા પ્રાપ્ત કરવાની લગન એ સંવેગ.-સમ્યક્ત્વના પાંચ લક્ષણમાં સંવેગ અને નિર્વેદ એ બે લક્ષણ આવે છે. એમાં 'નિર્વેદ' એટલે ભવવૈરાગ્ય-વિષયવૈરાગ્ય. સંસાર, ને સંસારના બંધનો કારાગાર સમાન લાગી જેલની બેડીની જકડામણ જેવા લાગીને એ ખૂંચે, અને ઇન્દ્રિયોના વિષયો કડવા ઝેર જેવા લાગી, એથી દુર્ગતિઓના અપાર જન્મ-મરણનો ભય ઊભો થઈ, વિહ્વળતા વ્યાકુળતા થાય એ નિર્વેદ. નિર્વેદથી વિરુદ્ધ સંવેગ. 'સંવેગ' એટલે મોક્ષ અને મોક્ષના અનન્ય સાધનભૂત દેવાધિદેવ અરિહંત પરમાત્મા અને નિર્ગ્રન્થ સદ્ગુરુ તથા જિનાગમ અને ધર્મારાધનાઓ ઉપર કલ્યાણકર તરીકે અથાગ શ્રદ્ધા સાથે તીવ્ર રાગ-પ્રેમ-પ્રીતિ થાય, અને એમની ઉપાસનાની તીવ્ર લગન રહે તે. સંસારની કોઈ પણ વસ્તુ પર જે શ્રદ્ધા નહિ, જે રાગ નહિ, એ શ્રદ્ધા અને રાગ દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મ ઉપર હોય. એ અનન્ય શ્રદ્ધા ભર્યો રાગ તે સંવેગ. સંવેગના લક્ષણમાં કહ્યું,—

"સુરનર સુખ જે દુઃખ કરી લેખવે,
વંછે શિવ સુખ એક."

દેવતાઈ કે માનવી સુખ ભલે ભોગવવામાં કડવા ભૂંડા નહિ, પણ મીઠા મીઠા લાગતા હોય, છતાં હૈયાથી એને દુઃખરૂપ લેખે, ભૂંડા લેખે, અને હૈયાથી એકમાત્ર મોક્ષસુખની ઝંખના કરે, એનું નામ સંવેગ. સમ્યક્ત્વનું આ ૨ જું લક્ષણ છે. આવો સંવેગ અહીં યોગ-બીજનાં વર્ણન સાંભળીને યોગબીજો પર ઊભો થાય. યોગબીજો બતાવી ગયા,-જિનોપાસના। આચાર્યાદિની સેવા-વૈયાવચ્ચ, ભવોદ્વેગ, અભિગ્રહપાલન, અને શાસ્ત્રોપાસના-એના પર અથાગ

શ્રદ્ધા-અનુરાગ થાય, નિકટ સંબંધની લાલસા ઊભી થાય.

પ્રતિપત્તિ :—

આ સંવેગ ઊભો થવાથી એના બળ પર પ્રતિપત્તિ આવે. 'પ્રતિપત્તિ' એટલે 'આ તત્ત્વ આમ જ છે,' એવો હૃદયથી સ્વીકાર. દા. ત. અહીં હૈયું કબૂલે કે આ અર્હદ્-ઉપાસનાદિ યોગબીજો અવશ્ય યોગની પ્રાપ્તિ કરાવે, અને તે દ્વારા મોક્ષ સુધી પહોંચાડી જનમ-મરણના ફેરા ટાળી આપે. પૂછો,—

પ્ર૦-સંવેગમાં શ્રદ્ધા કરી એમાં શું પ્રતિપત્તિ યાને સ્વીકાર ન આવી ગયો ? તો પ્રતિપત્તિને અહીં અલગ કેમ બતાવી ?

ઉ૦-શ્રદ્ધામાં આસ્થા થઈ, પરંતુ પછીથી એના પર ભારે ગૌરવ બહુમાન સાથે 'એ મને કેમ મળે !' એવી ઝંખના પ્રતિપત્તિમાં ઊભી થાય છે, જ્યાં હૈયું કબૂલે કે 'આ તત્ત્વ આમ કલ્યાણકર છે; ને કલ્યાણ તો મારે જોઈએ છે. તો આ યોગબીજો મારે જોઈએ જ છે,'-એવો હાર્દિક સ્વીકાર થાય, એટલે સહેજે દિલમાં એ પ્રાપ્ત કરવાની ઝંખના ઊભી થાય. દા. ત. સંયમ કલ્યાણકર છે, એવી શ્રદ્ધા થઈ, પરંતુ જ્યારે એના પર અથાગ રાગ બહુમાનથી 'આ સંયમ જ મારા માટે કલ્યાણકારી છે,'-એવું હૈયું કબૂલે, એટલે પ્રતિપત્તિ થઈ. ત્યાં સંયમની દિલમાં ઝંખના સળવળે. એવું અહીં જિનોપાસનાદિ યોગબીજો માટે થાય. એના પર અથાગ ગૌરવ-રાગ-બહુમાન થાય; એને એ પ્રાપ્ત કરવાની ઝંખના થયા કરે. અથવા કહો, શ્રદ્ધામાં આસ્થા થઈ, હવે એના પર નિશ્ચિતતા ઊભી થાય અને એટલે જ એના પર અથાગ ગૌરવ બહુમાન ઊભા થાય એ પ્રતિપત્તિ. એમાં યોગબીજોની આરાધનાની ઝંખના તો જરૂર થાય, ઉપરાંત એના વારંવાર શ્રવણની પણ લાલસા બની રહે. નવી પત્ની પર રાગ થાય છે, તો એના અંગે વારંવાર સારું સાંભળવાનું પણ બહુ ગમે છે. એ પત્નીનો હૃદયથી સ્વીકાર-પ્રતિપત્તિ સૂચવે છે.

સ્થિરાશય :—

યોગબીજોનો અને એનાં કલ્યાણકર શ્રવણનો દિલથી સ્વીકાર કર્યો એ પણ ચંચળ નહિ, અર્થાત્ હમણાં દિલથી એ સ્વીકારી તો લીધું, પણ પછીથી દુન્યવી મનગમતા રંગરાગ આવ્યા તો એને બહુ માની લીધા, અને પેલું ભૂલી ગયા એવું નહિ; અથવા પાછળથી કોઈ શંકા-કુશંકા સ્ખલના થઈ એમ નહિ; કિન્તુ પ્રતિપત્તિ-સ્વીકાર સ્થિર આશયરૂપ સ્થિર મનોભાવરૂપ બનાવવો જોઈએ.

પ્ર૦-સ્થિર આશય-મનોભાવ કેમ બને ?'

ઉ૦-સતત ચિત્તધારા ચાલે, ને વચમાં 'વિસ્રોતસિકા' અર્થાત્ માર્ગભ્રંશ-સ્ખલના-શંકા-કુશંકા ન થાય, ચિત્ત આ શ્રદ્ધા-પ્રતિપત્તિના સ્રોતસ્ = પ્રવાહમાંથી બસાં ન જાય, મનોભાવ પલટાઈ ન જવાની કાળજી રાખીને એ ચિત્તધારા સતત અખંડ ચલાવાય, ત્યારે સ્થિરાશય બને. પૂછો—

પ્ર૦-સંસારી જીવને તો સંસારના અનેક લફરાં હોય, અનેક આકર્ષણો આવે, ત્યાં એને યોગબીજોનાં શ્રવણનો અને એનાં ચિંતનનો આવો સ્થિર મનોભાવ કેવી રીતે ચાલી શકે કે જેમાં વિસ્રોતસિકા યાને આડું અવળું જવાનું ન થાય ?

ઉ૦-સાંસારિક લફરાં-આકર્ષણ ગમે તેટલા હોય, પરંતુ યોગબીજોનાં શ્રવણ, શ્રદ્ધા અને હાર્દિક પ્રતિપત્તિ યાને સ્વીકાર એવા ઊભા કર્યા છે, કે હૈયાનાં ઉંડાણમાં આ યોગબીજો જ તત્ત્વભૂત લાગે છે, જીવનના સારરૂપ લાગે છે. એટલે જેમ નવી આવેલી પત્નીને હૈયાનાં ઉંડાણમાં હવે પતિ જ સારા-સર્વસ્વરૂપ લાગી ગયા હોવાથી, એ પત્નીને ભલેને ઘરકામમ

અનેક લફરાં અને આકર્ષણ આવે, છતાં વચ્ચે વચ્ચે અંતરપટમાં પતિ ઝળકયા જ કરે છે, પતિને ભૂલી શકતી નથી. એમ, મોક્ષાર્થી જીવને યોગબીજે અને એનાં શ્રવણ પર એવી શ્રદ્ધા અને નિશ્ચિતતા થયેલી હોય છે, કે એ બીજા-ત્રીજા લફરામાં એને ભૂલી શકે નહિ; અંતરમાં એ વચ્ચે વચ્ચે ઝળકયા જ કરે; એટલે એનો આંતરિક આશય મનોભાવ અખંડ સ્થિર રહે.

મહાન સુલસા શ્રાવિકાએ આવો વિસ્રોતસિકા વિનાનો પ્રભુ વીરની ઉપાસનાનો સ્થિર મનોભાવ ઊભો કર્યો હશે, તો જ અંબડ પરિવ્રાજક સુલસાના સમ્યક્ત્વની પરીક્ષા કરવામાં એણે ગમે તેવા જીવંત જાગ્રત્ બ્રહ્મા-શંકર-વિષ્ણુનાં રૂપ આકાશમાંથી નીચે ઊતાર્યા છતાં એ સુલસાને આંબી ન શકયો, આકર્ષી ન શકયો, એની સમ્યક્ત્વની મર્યાદાને ચૂકાવી શકયો નહિ.

સમકિતની મર્યાદા આ પાળવાની કે મિથ્યાદેવ-ગુરુને મોં જ નહિ આપવાનું, કે એ જોવાની આતુરતા ય નહિ કરવાની.

પાડોશણો કે સહિયરો સુલસાને કદાચ આ આશ્ચર્ય જોવા માટે બોલાવવા ગઈ હશે, તો એમને એણે સંભળાવી દીધું હશે કે 'મારા મહાવીર ભગવાનનું જોવાનું એટલું બધું છે, કે એમાંથી બીજાનું જોવાની મને નવરાશ જ નથી. ભગવાનનું જોવામાંથી નવરી પડું તો એ જોવા આવું ને?' શું આ? 'પ્રતિપત્તિઃ સ્થિરાશયા' યોગબીજ-જિનોપાસનાનાં સ્વીકારની અસ્ખલિત ચિત્તધારા. આ કયારે આવે? તો કે–

ઉપાદેય ભાવઃ પાપ શ્રવણ ખોટાં :—

યોગબીજોનું શ્રવણ અને ચિંતન ખાસ ઉપાદેય લાગે ત્યારે એનો સ્થિર આશય ઊભો થાય. સમજે છે કે દુન્યવી શ્રવણ-ચિંતન ખોટાં. દુનિયાના પાપશ્રવણ-પાપચિંતન અનંત કર્યા, એથી આત્માનું શું ભલું થયું? કયું આત્મહિત સધાયું? માત્ર પાપ વાસનાઓ પુષ્ટ થઈ. યોગબીજોનાં શ્રવણમાં જિનોપાસનાદિ આત્મહિત તરફ દૃષ્ટિ જાય, એની મમતા જાગે. પરમેષ્ઠીનાં ચિંતન અને ભક્તિ આદિ આરાધનાથી ઉમદા જીવન જીવાય. પરમેષ્ઠી પર હૈયું એવું ઓવારી જાય, અને એમની ઉપાસના એવી ઉપાદેય લાગે કે પછી એનું વારંવાર શ્રવણ ખૂબ ગમે. એનું એ સાંભળતાં કંટાળો ન આવે.

વારંવાર બીજ શ્રવણમાં કંટાળો કેમ નહિ? :—

માણસને 'અમુક વ્યાપારમાં મહાન લાભ' સાંભળવા મળે, પછી એમાં તીવ્ર ઉપાદેય ભાવ લાગીને એને એની લગન એવી લાગે છે, કે એ વ્યાપારનું વારંવાર સાંભળવું એને ગમે છે. એમાં એને જરાય કંટાળો નથી આવતો કે 'આ શું વારંવાર એનું એ પિંજણ?' એને તો લાગે છે કે 'આ તો સાંભળવું જ જોઈએ, જાણવું જ જોઈએ.' એમ જે એના મનને થાય છે, તો બસ, આ જ રીતે યોગબીજોનું શ્રવણ અત્યંત ઉપાદેય કર્તવ્ય લાગે. પરાણે પ્રીત નહિ એટલે બધો એને એનો રસ હોય છે! કારણ કે એને એનો ઉપાદેયભાવ જોરદાર હોય છે, અને નિયમ છે કે—

સાધના પર ઉપાદેયભાવ જેટલો જોરદાર, એટલો એનો રસ અને સાધના જોરદાર.

એક નવકાર પર પણ જો ઉપાદેયભાવ જોરદાર હોય, તો નવકારસ્મરણ જોરદાર થાય. સાપ સમડી વગેરે અંતકાળે નવકાર સાંભળતાં ને યાદ કરતાં શી રીતે ઉચ્ચ ગતિ પામ્યા? કહો, એવા મરણાન્ત કષ્ટની પીડામાં, 'અહો! મને આશ્વાસન મળે છે!' એમ કરી નવકાર પર એમને ઉત્કટ ઉપાદેયભાવ જાગ્યો કે 'અહો! આ શું બોલે છે? એ તો બાસ સાંભળવું જોઈએ.' અને એથી એના શ્રવણમાં ભારે રસ, હરખના રોમાંચ, અને આદર–અહોભાવ સાથે

તલ્લીન–તન્મય બની ગયા હતા ! માટે એવા નવકારના ધ્યાનથી ઉત્તમ સદ્ગતિ પામ્યા. 'આવી તન્મયતા તો સહેલી. અમે ય લાવીએ,' એમ સમજવાનું નથી, કેમકે જુઓ કમઠના બળતા લાકડાની અંદરમાં અડધા પડધા બળેલા સાપને શરીરે લ્હાય કેટલી ઊઠી હોય ? એમાં હવે મન ન જાય, 'અરેરે ! હાય !' કરવું ભૂલે, ને નવકારમાં હરખભેર મન લગાડે, એ સહેલું નથી. છતાં અશકય નથી; કેમકે જૂઓ,

તીવ્ર વેદનામાં નવકારમાં લીનતા કેમ આવે ? :—

રણે ચડેલો ક્ષત્રિય દુશ્મનના બાણે વિંધાયેલો કે તલવારથી છેદાયેલો ભેદાયેલો છતાં દુશ્મનસંહાર ઉપાદેય લાગ્યાથી દુશ્મનને શસ્ત્ર લગાવવા કેટલા પાવરથી ને કેવો હરખભેર દોડે છે ! વાત આ છે, કે યોગબીજ–શ્રવણાદિ કોઈ પણ સાધનામાં ઉત્કટ ઉપાદેયભાવ જોઈએ. એ હોય તો દેવદર્શન–પૂજા–ચૈત્યવંદન કેવા થાય ? અતિશય આદર યાને અહોભાવના સંવેદનથી તથા હરખના આંસુભરી આંખે થાય. પછી ત્યાં 'તમે પ્રભુના આડે આવ્યા ?'....'તમે મારું અપમાન કરો છો ?...' એવા એવા તુચ્છ ક્રોધ–અભિમાનના ભાવ શાના આવે ? ત્યાં તો એમ સામા પર આદર–અનુમોદના થાય, કે 'અહો ! દેવાધિદેવનું દર્શન કેવું અતિ દુર્લભ ! તે આ ભાઈ કરવા પામ્યા છે ! ભાગ્યશાળી છે.'

સારાંશ, ઉત્કટ ઉપાદેયભાવ ઉત્કટ આદર જોઈએ. તે પણ પરિશુદ્ધ જોઈએ, એની વિચારણા હવે કરીએ.

પરિશુદ્ધ :—

'પરિશુદ્ધ' એટલે ફળની ઉત્સુકતા વિનાનો જોઈએ; કેમકે જો એમાં ફળની અર્થાત્ સાધ્યની ઉત્સુકતા રહે, તો સાધનામાં ચિત્ત સર્વેસર્વા અર્પિત ન થાય. ત્યારે શાસ્ત્ર ઉચ્ચ કોટિની સાધનાને પ્રણિધાન-શુદ્ધ બનાવવાની કહે છે. સાધનામાં ચિત્ત એવું અર્પિત થઈ જાય, કે સાધના સિવાય બીજા કશામાં મન જાય જ નહિ. તો જ એમાં પ્રણિધાન લાગે. આરાધનામાં ફળની ઉત્સુકતા હોય તો આરાધના શુદ્ધ કેમ બને ? કારણ આ,– કે ફળ બે જાતના (૧) અભ્યુદય અર્થાત્ સ્વર્ગાદિ પૌદ્ગલિક ફળ, અને (૨) મોક્ષ, અર્થાત્ અનંતજ્ઞાન–સુખાદિ આત્મ–સંપત્તિ. માટે અહીં કહ્યું,–

'તદુપાદેયભાવશ્ચ મહોદયઃ' અર્થાત્ યોગબીજનાં શ્રવણ વગેરે કોઈપણ સાધનાનો ઉપાદેયભાવ અનુક્રમે સ્વર્ગ અને મોક્ષરૂપી મહાન ઉદયને પમાડનારો બને છે.

હવે અહીં યોગબીજ શ્રવણ વગેરે સાધના વખતે જો ફળ એટલે કે સ્વર્ગાદિ ફળની ઉત્સુકતા રાખે, તો મનનો વધારે ઝોક સાધના પર નહિ, કિન્તુ એ પૌદ્ગલિક ફળ પર જાય, અને એથી ઉપાદેય અર્થાત્ ગ્રાહ્ય–કર્તવ્ય એ ફળ બની બેસે ! પણ સાધના નહિ. તેથી ત્યાં ફળનો ઉપાદેયભાવ ચોક્કસ રહે ! અને સાધનાનો ઉપાદેયભાવ અશુદ્ધ બને !

વળી પૌદ્ગલિક ફળની કામનામાં મન મલિન થાય.

એવા મલિન મનથી સાધનાનો ઉપાદેયભાવ રખાય તે અશુદ્ધ બને.

ત્યારે સાધના વખતે મોક્ષફળનો વિચાર લાવ્યા કરે તોય સાધનાનો ઉપાદેયભાવ મોળો પડે. એ કેવી રીતે એ પછીથી વિચારીએ, પહેલાં એ જોઈ એ, કે

દુન્યવી સુખની કામનાથી સાધના તો અશુદ્ધ બને છે, કિન્તુ સાધનાનો કર્તવ્યભાવ પણ અશુદ્ધ બને છે.

સંજ્ઞા એ ધર્મ–પ્રજ્ઞાની વિરોધી છે.

કારણ, દુન્યવી સુખની કામના એ સક્રિય વિષય–સંજ્ઞા છે, અને આહારસંજ્ઞા–વિષય–સંજ્ઞા વગેરે સંજ્ઞા એ ધર્મપ્રજ્ઞાના વિરોધી-

ભાવ છે. 'તપ કરું તો પારણું સારું મળે' -એ ભાવ હોય ત્યાં તપધર્મની પ્રજ્ઞા સારા આહારની સંજ્ઞાથી દબાઈ કચરાઈ જવાની. 'જિનભક્તિ કરું તો સ્વર્ગનાં સુખ મળે' એ કામના રહે ત્યાં દેવતાઈ સુખની તીવ્ર લાલસામાં શુદ્ધ ભક્તિનો ભાવ કચરાઈ જવાનો. એટલું જ નહિ, પણ ધર્મસાધના વખતે એના પર ઉપાદેયભાવ પણ એવો શુદ્ધ અર્થાત્ અન્ય ઉપાદેય ભાવથી અ-મિશ્રિત નહિ રહે, પણ ફળના ઉપાદેયભાવથી મિશ્રિત રહેવાનો. એમાં ય મનનો ફળ પર મુખ્ય ઝોક છે એટલે ફળનો જ ઉપાદેયભાવ મુખ્યપણે ઝળકતો રહેશે, ને સાધનાનો ઉપાદેયભાવ તો ત્યાં ગૌણ મામુલી જેવો બની જશે.

નાગકેતુનો સાધનામાં શુદ્ધ ઉપાદેયભાવ :-

નાગકેતુ પુષ્પ પૂજામાં સર્પ કરડતાં કેમ હાયવોય કે 'અરેરેરે!'માં ન પડ્યા? ઊલટું વધુ ને વધુ પ્રભુભક્તિના સંવેગ-ભાવમાં ઉછાળો લાવી ઠેઠ શુક્લધ્યાન-ક્ષપકશ્રેણિ-વીતરાગતા અને કેવળજ્ઞાન પર પહોંચી ગયા! કહો, કે પુષ્પ-પૂજાથી ફળની આશંસા વિના વીતરાગ-ભક્તિની સાધનાનો ઉપાદેયભાવ તીવ્ર રાખેલો, તેથી અનુક્રમે કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. આ તાકાત છે સાધના અંગેના શુદ્ધ ઉપાદેયભાવની.

એક દર્શન પણ કરતા હોઈએ ત્યાં જો આ વિશુદ્ધ ઉપાદેયભાવ હોય કે 'અહો આ વિશ્વ-વ્યાપી વિરાટ તમોમય વિષય-જગતમાં કેવું અતિ દુર્લભ વીતરાગ દર્શન મને મળ્યું!' એવા જ્વલંત અહોભાવ અને આદર ભાવના સંવેદન સાથેનું દર્શન થાય. એમ વીતરાગ દેવાધિદેવની પ્રણામ-પૂજા વગેરે લાખેણી ભક્તિ થાય તે પણ શુદ્ધ ઉપાદેયભાવથી થાય. કોઇ પૂછે-'તું આ ભક્તિ કેમ કરી રહ્યો છે? તારે આ કરીને શું જોઈએ છે?' તો કહે-'કશું જ નહિ, વીતરાગની ભક્તિ જ જોઈએ છે. કેમકે, **કીટ-પશુતાની કેદમાંથી માંડ છૂટી, માનવતાની મહાન રાજેશ્રીપણાની સમૃદ્ધિ-મય સ્વતંત્રતા પામ્યાથી વીતરાગ-ભક્તિ જ કર્તવ્ય છે.**

એમ શુદ્ધ કર્તવ્ય-ભાવનાથી જ ભક્તિ થાય. અંતરમાં ભક્તિની જ આ શુદ્ધ કર્તવ્યતા રમે, જો આ શુદ્ધ ઉપાદેયભાવ રમતો રહે તો ત્યાં બાહ્યથી કોઈ આપણાં દર્શન-ચૈત્યવંદન વખતે ભગવાનની સામે વચ્ચે ઊભો રહી પ્રભુને ઢાંકે છતાં ત્યાં **આપણાં અંતરમાં રમતો સમર્થ ભક્તિભાવ પેલાની ઉપરના રોષભાવને ન જાગવા દે.**

નાગકેતુને શું થયું? આ જ, કે પુષ્પ-પૂજા વખતે અંતરમાં જે વીતરાગ પરનો ભક્તિભાવ ઉછળઉછળા થઈ રહ્યો હતો, એણે સર્પદંશથી શરીરમાં ઊઠેલી ઝણઝણાટી વખતે શરીર પરના આસક્તિભાવને જાગવા જ ન દીધો. કાયા પરની આસક્તિથી જો કાયા પર મન જાય તો વીતરાગના ભક્તિભાવની ધારા તૂટે ને? માટે પ્રભુ પરના ભક્તિભાવે કાયા પરની આસક્તિ ઊઠવા જ ન દીધી. પછી મન શાનું કાયામાં કે કાયાની વેદનામાં જાય?

પરસ્ત્રી પર દૃષ્ટિ રોકવા વીતરાગ પર ભક્તિભાવ :—

પરસ્ત્રી પર આંખ કેમ જાય છે? હૈયામાં પરસ્ત્રી પ્રત્યે આસક્તિભાવ-આકર્ષણભાવ છે માટે. આવા ગંદા-ગલીચ આસક્તિભાવો-આકર્ષણભાવોને હૈયામાંથી હટાવવા હોય, તો હૈયામાં વીતરાગ દેવાધિદેવ પ્રત્યેની પવિત્ર લાખેણી ભક્તિનો ભાવ ઉછળઉછળા રાખવો જોઈએ, ને સાથોસાથ 'એ જ ઉપાદેય છે, કર્તવ્ય છે, જીવનસાર છે,' એ ભાવ પણ જ્વલંત જાગતો રહેવો જોઈએ.

૧૫૦૦ તાપસ શી રીતે ગૌતમ સ્વામી મહારાજથી પ્રતિબોધ પામી સહેજમાં અલ્પ

કાળમાં જ કેવળજ્ઞાન પામી ગયા? કહો, ત્યાં ગૌતમ મહારાજે એમને સમજાવ્યું, કે 'કૈલાસ અષ્ટાપદ ઉપર તો ભગવાન મૌન છે, પણ તમને બોલતા જીવંત કૈલાસનાથ ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરાવું, જેમની ૬૪ ઈન્દ્રો સેવા કરે છે! જે રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢ પર બિરાજે છે! જેમની દેશના સાંભળવા સિંહ-હરણ વાઘ બકરી, મોર-સાપ જેવા પણ સાથોસાથ બેસી જાય છે,' ત્યાં તાપસોને મનમાં અતિશય આનંદ ઊછળવા સાથે વીતરાગ દર્શનનો ઉપાદેયભાવ જોરમાં ભભૂકી ઊઠ્યો, અને એમાં ચારિત્ર પણ લઇ લીધું, ને એ ઉપાદેય ભાવને ચકાવતા ગયા તે એટલો જોરમાં ચકાવ્યો કે ૫૦૦ તાપસ મુનિઓને તો ત્યાં પારણું કરતાં કરતાં જ સર્વ-અનાસક્તભાવ જાગી કેવળજ્ઞાન થઈ ગયું! ૫૦૦ને પારણા પછી ચાલી સમવસરણ દેખતાં, ને ૫૦૦ને સમવસરણના પગથિએ પ્રભુની અમૃતવાણીનો શબ્દ કાને પડતાં કેવળજ્ઞાન!

પ્ર૦-'વીતરાગને ભેટવું છે'-એટલા કર્તવ્ય-ભાવ માત્રમાં અનાસક્ત ભાવ કેમ જાગે?

ઉ૦-આ રીતે કે એમાં ફળની ઉત્સુકતા જ નહોતી, એટલે કે વીતરાગને ભેટવાની સાધના વખતે મોક્ષફળની ઉત્સુકતા નહોતી, તેથી વીતરાગને ભેટવાની સાધના જોરદાર થતાં વીતરાગ સાથે એકાકાર મીલનના અનુભવ સુધી પહોંચી ગઈ. ત્યાં કોઈ ફળ વગેરેની આશંસા ઉત્સુકતા હોત, તો સાધના જોરદાર બનવામાં અટકાયત થાત; પરંતુ એ નહોતી એટલે ઠેઠ અનાસક્ત ભાવે પહોંચતાં વાર ન લાગી.

શુદ્ધ સાધના ગુણસ્થાનકની ઊંચી સ્થિતિ પમાડે એમાં શી નવાઈ?

ગુણસાગર ચોરીમાં હસ્તમેલાપ કરતી વખતે કેવળજ્ઞાન કેવી રીતે પામ્યા? કહો, પરિશુદ્ધ ઉપાદેય ભાવ હતો. સંયમ સહિત સમત્વ-ભાવનો ઉપાદેયભાવ હતો તેથી. એમને તો પૂર્વ ભવના સ્મરણથી સીધું સંયમ જ લેવું હતું, પરંતુ માતાપિતાએ એકવાર લગ્ન કરી લેવા આગ્રહ કર્યો, તેથી પરાણે લગ્નની ચોરીમાં બેસવું પડ્યું. ત્યાં કન્યા સાથે હસ્ત-મેલાપ ચાલ્યો, પરંતુ એમના અંતરમાં તો એક જ છે, કે 'કાલે સવારે સંયમ લઈ લઈશ; અને સાધનામાં લાગી જઈશ.' એમ 'માનવ ભવમાં એકમાત્ર સંયમ-સમત્વસાધના જ કર્તવ્ય છે,' એવો સાધનાનો જ ઉપાદેયભાવ મનમાં ઝગમગી રહ્યો, પણ ફળની કોઈપણ આતુરતા-ઉત્સુકતા વિનાનો શુદ્ધ ઉપાદેયભાવ. તેથી ઉપાદેય સંયમ અને સમત્વ-સાધનાની ભાવનામાં ચડ્યા કે,-'ગુરુ પાસે આવી રીતે સંયમ લઈશ, લઇને હંમેશા ગુરુ-વિનય સાથે આગમ ભણીશ, સમતા-સમાધિના સાગરમાં ઝીલીશ, તપ તપીશ, કામ-કષાયોને રોકીશ, ગોચરીના દોષ ટાળીશ, સાથે માયા-લોભ નિવારીશ, જીવન-મરણ, તૃણ-મણિ માણેક, કાંકરો-કંચન, શત્રુ-મિત્ર,....વગેરેને સમાન ગણીશ.' બસ, આમ વિચારતાં જાણે ઇષ્ટ અનિષ્ટ પ્રત્યે સાક્ષાત્ સમભાવમાં ચડ્યા! સમત્વ યોગ યાને અનાસક્ત યોગમાં આવી ગયા! પૂછો,-

પ્ર૦- એમ એટલું ચિંતન કરવામાં શી રીતે સમત્વભાવ આવી ગયો?

ઉ૦- આ ચિંતન સામાન્ય ચિંતન નથી, પરંતુ આભેહુબ તે તે ક્રિયા કરી એવો અનુ-ભવ છે. જાણે સાક્ષાત્ સંયમ લીધું, જાણે સાક્ષાત્ શાસ્ત્રો આગમો ભણ્યો! એટલે જાણે મમતા કાઢી, અને સમતા આવી!'

આગમો ભણ્યાનું ફળ આ, કે ઇષ્ટની મમતા છોડાય ને સમતા આવે.

જગતના કોઈપણ પદાર્થની મમતા હોય ત્યાં સુધી સમતા અર્થાત્ ઇષ્ટ-અનિષ્ટ પ્રત્યે સમદૃષ્ટિ-ઉદાસીનપણું ન આવે.

મમતા જ કહે છે કે ઇષ્ટ પ્રત્યે આકર્ષણ છે, રાગ છે. ત્યાં ઉદાસીનભાવ શાનો રહે? વીતરાગ પ્રભુનાં શાસ્ત્ર ભણવા એટલે વીતરાગને

ભજવાનું. ત્યાં મનને એમ થાય, કે 'હું વીતરાગને ભજનારો રાગદ્વેષમાં ડૂબ્યો રહું?'

વીતરાગને ભજીને વીતરાગને લટકતી સલામ નથી કરવાની, પણ એમની નિકટ જવાનું છે.

એ તો જ બને, કે દુન્યવી રાગદ્વેષ ઓછા કરતા આવી, વીતરાગ પર રાગ વધારતા રહીએ. જો આપણે વિષયોના રાગ-દ્વેષ ઓછા કરતા ચાલીએ અને વીતરાગ-ભગવાન પર રાગ વધારતા આવીએ, તો વીતરાગની નિકટ થતા જઇએ છીએ; ને જો એમ નથી કરતા, તો ભલેને મહાવિદેહક્ષેત્રમાં વીતરાગ સીમંધર ભગવાનની નજીક હોઇએ, તોય વાસ્તવમાં એમનાથી દૂર છીએ. કવિ કહે છે,

એક નિકટ પણ વેગળા,
જેહને ન ગમે એહ રે,
અળગા તો પણ ટૂંકડા
જેહશું અધિક સનેહ રે....

જેને વીતરાગ ગમે એને વીતરાગતા ગમે.

વીતરાગતા ગમે તો વીતરાગને ભજ્યા કહેવાય.

જેને વીતરાગ જેવા નથી ગમતા એવા વિષયોરૂપી કચરા ને ભૂંસા ગમે છે, એણે વીતરાગને શું ભજ્યા?

ગુણસાગરને લગ્ન વખતે સંયમ–સમત્વના અત્યંત ઉપાદેયભાવથી ચડેલી ભાવનામાં વીતરાગ ભગવાન ખૂબ ગમ્યા, વીતરાગતા ગમી, એવી ગમી કે કામક્રોધાદિ કષાયો ફગાવી દીધા! દુનિયાની મમતા ગઈ, ને સમતાભાવ આવી ગયો, એમાં એ કેવળજ્ઞાન પામી ગયા! મૂળમાં સંયમ-શાસ્ત્રાધ્યયન આદિનો ઉત્કટ ઉપાદેયભાવ કામ કરી ગયો. આ તાકાત છે યોગબીજ–શ્રવણ આદિના શુદ્ધ ઉપાદેય ભાવની, કે જેમાં ફળની ઉત્સુકતા નહિ, આ એક પ્રકારના સ્વર્ગાદિ સુખરૂપ ફળની વિચારણા કરી કે સાધના વખતે એની આશંસા-ઉત્સુકતા ન હોય.

સાધનાનો શુદ્ધ ઉપાદેયભાવ એટલે? :-

હવે બીજા પ્રકારનું ફળ મોક્ષ ફળ, એની પણ ઉત્સુકતા સાધના કરતી વખતે ન હોય; માત્ર 'સાધના જમાવું' એટલો જ વિચાર, વચમાં મોક્ષફળની પણ ઉત્સુકતાનો વિચાર નહિ, એ 'સાધનાનો પરિશુદ્ધ ઉપાદેયભાવ આવ્યો કહેવાય. આ એટલા માટે જરૂરી છે, કે–

જો ફળ તરફ દૃષ્ટિ જાય, તો સાધનામાં વધતો ઉત્સાહ, વધતી હોંશ, ને વધતું જોશ જે રાખવા જોઈએ, તેમાં મંદતા આવે. દૃષ્ટિ માત્ર જ્વલંત સાધના પર રાખવાની.

તેથી સાધના ઉત્કર્ષે પહોંચે પછી સાધ્ય ફળ સિદ્ધ થવાનું જ છે. બાકી 'મારે મોક્ષ જોઈએ છે?' શું એટલું બોલવા માત્રથી કે વિચારવા માત્રથી મોક્ષ મળે છે?

મોક્ષ શુદ્ધ સાધનાથી મળે.

અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને

કેવળજ્ઞાની સાધ્વીજી પુષ્પચૂલા મહારાજે કહ્યું છે, 'તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન મળશે.' એથી એ નાવડામાં ગંગા પાર કરી રહ્યા છે, ત્યાં કેવળજ્ઞાન પામવાની ઉત્સુકતા જરૂર છે, પરંતુ સાધના વીસરીને નહિ. તેથી જ્યાં લોકોએ એમને ઊંચકીને ગંગા પર ઉછાળ્યા, ત્યાં સાધનાનો શુદ્ધ ઉપાદેયભાવ હોવાથી ફળ-કેવળજ્ઞાનની ઉત્સુકતા મનમાં ન લાવ્યા, સાધનાનો જ વિચાર રાખ્યો કે 'અરે! આ મારું શરીર પાણી પર પછડાતાં કેટલા બધા અપ્કાયાદિ જીવોના કચ્ચરઘાણ નીકળશે! હાય! મારું શરીર હિંસામાં નિમિત્ત? કેવો હું હીનભાગી!' અહીં શરીરની આસક્તિ મૂકી. દેવતાએ એમને નીચે પડતા પહેલાં જ ભાલે વીંધ્યા, લોહી નીચે ટપકવા માંડ્યું, ત્યાં પણ શરીર પરની અનાસક્તિથી શરીરને તીવ્ર પીડા છતાં એ વેદનાદિ બધું ભૂલી ગયા. માત્ર સાધના–'દયા–સંયમ'નો જ વિચાર, 'અરે મારું શરીર

કોઈને ભાલો ભોંકવાના પાપમાં નિમિત્ત ! અને નીચેના પાણીના જીવોને મોતમાં નિમિત્ત ?...' બસ, સાધનામાં જ જોશ એટલે સંયમ–અપ્રમત્ત ભાવ–અપૂર્વકરણ વગેરે ગુણસ્થાનકોના સોપાન સર કરતા ચાલ્યા, તે અનાસક્ત યોગી બની કેવળજ્ઞાન પામ્યા ! જો સાધ્ય ફળ કેવળજ્ઞાનનો વિચાર કરતા હોત તો સાધનામાં આ જોશ શી રીતે આવત ?

સાધનામાં જોશ લાવવા માટે સાધનાનો વિચાર જોઈએ.

અહીં જોવા જેવું છે કે મુનિ પોતે હિંસા નથી કરતા, પરંતુ સમજે છે કે 'આવા અવસરે જો શરીરથી–શરીરપીડાથી અલિપ્ત ન રહ્યા ને શરીર પર મમતા કરી તો ભલે પોતે દ્રવ્યથી હિંસા ન કરી પરંતુ ભાવથી હિંસા થાય. આ વસ્તુ છે,—

શરીર પર મમતા થાય તો ભાવથી હિંસાનું પાપ લાગે.

એટલે ભાલેથી વિંધાયાની ઘોર પીડામાં પણ આચાર્ય મહારાજ કેવા અલિપ્ત રહ્યા છે !

'મહોદય' :-

અહીં ઉપાદેયભાવને પરિશુદ્ધની જેમ મહોદય કહ્યો, ને મહોદયનો ટીકામાં અર્થ કર્યો–'આનુષંગિક ફળ તરીકે અભ્યુદય યાને સ્વર્ગાદિ સદ્ગતિ મળવા દ્વારા મોક્ષનો સાધક.'

જેમ ખેડુત બીજ વાવે એમાંથી મુખ્ય ફળ પાક થવાનો, પરંતુ તે પહેલાં બીજમાંથી અંકૂર ફૂટી ઘાસ ઊગે છે, એ આનુષંગિક ફળ પ્રાસંગિક ગૌણ ફળ કહેવાય. એમ અહીં નિરાશંસભાવ સાથે ઉત્કટ ઉપાદેયભાવ રાખીને સાધના કરે છે, એટલે અ-સંક્લિષ્ટ ભોગનું પુણ્ય ઊભું થઈ એનાથી પહેલાં આનુષંગિક ફળ તરીકે સારી સ્વર્ગગતિ આદિ મળે છે. એટલે જો પ્રશ્ન થાય કે,—

ધર્મથી ભોગસામગ્રી મળવામાં મોત કેમ નહિ ?

પ્ર૦–ધર્મ–સાધનાથી સ્વર્ગે જઈ ત્યાંના ભોગ ભોગવવાના હોય, તો તો 'ભિંયા ઠેરના ઠેર' જેવું થાય. અહીં તો ભોગો ત્યજીને ત્યાગ–ધર્મની સાધના કરી સ્વર્ગે ગયા, પણ ત્યાં વળી ભોગો ભોગવાય એટલે મોત જ ને ? પાછા નીચે જ પડવાનું થાય ને ?

ઉ૦–ના, ભોગ બે જાતના હોય છે,

(૧) સંક્લિષ્ટ ભોગ. અને,

(૨) અસંક્લિષ્ટ ભોગ.

એમાં પાદ્ગલિક સુખની આશંસાથી કરેલા ધર્મના ફળમાં સંક્લિષ્ટ ભોગ–સુખો મળે છે, કેમકે આશંસાના સંસ્કાર યાને અશુભ અનુબંધ ઊભા થયેલા હોય. એ આગળ જઈને એનું કામ કરે જ, એટલે એ પુણ્ય ભોગવતાં.

અશુભ અનુબંધોથી આત્મા રાગાદિના ચીકણા સંક્લેશમાં પડે છે.

તેથી દેવ–ભવ પછી નીચે ઉતરી જાય છે, પરંતુ નિરાશંસ ભાવની સાધનાથી જે અસંક્લિષ્ટ ભોગ–સુખો મળે છે, એમાં જીવને રાગાદિ સંક્લેશ થતા નથી. જળમાં કમળ નિર્લેપ રહે છે ને ?

અસંક્લિષ્ટ ભોગના પુણ્યવાળા તો કર્મસત્તાના મેમાન બની ગયા.

સારો મેમાન ઘરે આવ્યો હોય, એ ઘરમાં ફ્રેન્સી ફરનીચર વગેરે જુએ, ભોગવે, પણ મનમાં સમજે, કે 'આની સાથે સાથે મારે કશી નિસ્બત નહિ.' માગીને કશું ભોગવે નહિ. સામેથી વિનંતિઓ થાય, 'આ ખાઓ, આ વાપરો,' પરંતુ એને કશી આતુરતા નહિ, બહુ આનંદ સાથે માગવાનું નહિ, ઘરનો ભાવક–લો માણસ માગ માગ કરશે પણ મેમાન નહિ. એમ સંક્લિષ્ટ ભોગનાં પુણ્ય-

વાળો સ્વર્ગમાં દેવીઓની ચાપલુસી કરે-'અલી બા! તું સારું ગીત ગા ને? સારું નૃત્ય બતાવને?' ત્યારે અસંક્લિષ્ટ પુણ્યવાળાની ચાપલુસી દેવીઓ કરે-, 'સ્વામીનાથ! જરાક અમારું ગીત સાંભળોને? અમારું નૃત્ય જુઓને?' સ્વર્ગસુખો ભોગવનારા બંને, પણ એક એમાં લેપાઈને લંપટ થઇને ભોગવે, ત્યારે બીજો અલિપ્ત રહીને ભોગવે, એને રાગદ્વેષના સંક્લેશ જ નહિ, એટલે અધોગતિમાં તાણી જનારા એવા ચીકણાં અશુભ કર્મ જ ન બંધાય. ઉલ્ટું ત્યાં તો મોક્ષ તરફ પ્રયાણ છે, તેથી ફળની ઉત્સુકતા વિનાના ઉપાદેયભાવથી ધર્મ સધાતાં સ્વર્ગનાં પુણ્ય બંધાય. તેથી એમાં ચિંતા નહિ કરવાની. તો પૂછો,-

પ્ર૦-એ રીતે ધર્મ સાધતાં માત્ર પાપક્ષય થાઓ, પણ પુણ્ય શું કામ બંધાય?

ઉ૦-પુણ્ય બંધાવાનું કારણ એ છે, કે એ ધર્મ-સાધના સરાગ સંયમધર્મની સાધના છે. ત્યાં અલબત્ બીજા અપ્રશસ્ત કહેવાય એવા વિષયરાગ નથી, છતાં સંયમ-ક્ષમાદિ ધર્મનો પ્રશસ્ત રાગ છે, તેથી શુભકર્મ-પુણ્ય તો બંધાય જ ને? હા, સરાગને બદલે વીતરાગ સંયમ આવે ત્યારે સ્વર્ગનાં પુણ્ય નહિ બંધાવાના.

યોગબીજ ગ્રહણ-કાળ

(ટીકા-) एवमेतद्योगबीजोपादानं यथा जायते तथाभिधातुमाह।

(મૂલ) एतद् भावमले क्षीणे,
प्रभूते जायते नृणाम् ।
करोत्यव्यक्तचैतन्यो,
महत् कार्यं न यत् क्वचित् ॥३०॥

ટીકાર્થ : આ યોગબીજ-ગ્રહણ (સાધના) કેમ બની આવે છે એ કહેવા ગાથા કહે છે. 'એતદ્યોગ.'

ગાથાર્થ :-આ યોગબીજ-ગ્રહણ મનુષ્યોને ભાવમલ (કર્મસંબંધ-યોગ્યતા) ખૂબ જ ક્ષીણ થયેલ હોય ત્યારે બની આવે છે. કેમકે ત્યારે જ અવ્યક્ત (અ-પુષ્ટ) ચૈતન્યવાળો (હિતાહિત-વિવેકથી શૂન્ય બાળ) મહત્તત્ત્વનું કાર્ય (સમ્યક્ પદાર્થનું આચરણ આદિ) કરી શકતો નથી.

(ટીકા)

एतदनन्तरोदितं योगबीजोपादानं, 'भावमले,' तत्तत्पुद्गलादिसम्बन्धयोग्यतालक्षणे, क्षीणे सति, न स्तोके किंतु 'प्रभूते' (प्रभूत) पुद्गलपरावर्तक्षेपके 'जायते-'प्रादुर्भवति, 'नृणां'-पुंसाम् । प्राय एतेऽधिकारिण इति नृग्रहणं, अन्यथा चातुर्गतिकमेतत्, । प्रभूत एव क्षीणे, नाल्प इत्याह 'करोत्यव्यक्तचैतन्यः'-हिताहितविवेकशून्यो बालः, 'न महत्कार्यं' अर्थानुष्ठानादि, 'यत् क्वचित्,' किंतु व्यक्तचैतन्य एव करोति ॥

ટીકાર્થ :—

આ પૂર્વે કહેલ યોગબીજનું ગ્રહણ 'ભાવમલ', એટલે કે તે તે પુદ્ગલાદિના સંબંધની યોગ્યતા ક્ષીણ થઈ હોય,-તે પણ થોડી નહિ, કેમકે થોડી યોગ્યતાનો ક્ષય તો ઘણા પુદ્ગલપરાવર્તની જ્ઞાયક છે; કિન્તુ ઘણી ક્ષીણ થઈ હોય,-ત્યારે ઉત્પન્ન થાય છે. 'નૃણાં' એટલે મનુષ્યોને. (આ એટલા માટે કહ્યું કે) પ્રાયઃ મનુષ્યો યોગબીજના અધિકારી છે; નહિતર તો આ બીજગ્રહણ ચારે ગતિ સંબંધી હોય છે. 'પ્રભૂત' અર્થાત્ ઘણી ક્ષીણ થઈ હોય (પણ) થોડી નહિ, તે બતાવવા કહે છે. જેને હજી ચૈતન્ય વ્યક્ત (પુષ્ટ) અવસ્થાનું નથી વિકસ્યું, એવો હિત-અહિતના વિવેક વિનાનો બાળ જીવ, જે કારણથી મહત્ કાર્ય યાને સમ્યગ્ અર્થાનુષ્ઠાન આદિ નથી કરી શકતો, કિન્તુ વ્યક્ત (પુષ્ટ) ચૈતન્યવાળો જ કરી શકે છે.

વિવેચન :

બીજ-સાધના કયારે થાય ? :—

યોગબીજોના શ્રવણનું ફળ બતાવ્યું, હવે એ યોગબીજોનું ગ્રહણ કયારે થાય, એ બતાવવા માટે 'એતદ્ ભાવ...' ગાથા કહે છે. એનો ભાવાર્થ એ છે, કે જ્યારે ભાવમલ ખૂબ ક્ષીણ થઈ ગયો હોય ત્યારે જ બીજ-ગ્રહણ યાને યોગબીજ-સાધના ઊભી થાય છે.

ભાવમલ : સંબંધ પામનાર બંનેમાં તેની યોગ્યતા :—

અહીં 'ભાવમલ' એટલે શું ? તો કે જીવ પર તે તે પુદ્ગલ (કર્મપુદ્ગલ) તથા રાગાદિના સંબંધની યોગ્યતા એ ભાવમલ છે. જૈન દર્શન કોઈપણ બે વસ્તુમાં સંબંધ થવા માટે બંનેમાં યોગ્યતા જરૂરી માને છે. દા. ત. દૂધ સાથે પાણીનો સંબંધ થવાની યોગ્યતા બંનેમાં છે, તો બેનો સંબંધ થાય છે; તેલ પાણીમાં યોગ્યતા નથી, તો એનો સંબંધ નથી થતો. માટીમાંથી ઘડો બન્યો ત્યાં માટીમાં ઘડાનો સંબંધ થવાની યોગ્યતા છે, નદીની રેતીમાં તેવી યોગ્યતા નથી તેથી રેતીમાં ઘડાનો સંબંધ નથી થતો, રેતીમાંથી ઘડો નથી બનતો. એમ સંસારી આત્મામાં કર્મ પુદ્ગલોનો ને શરીરાદિ પુદ્ગલોનો સંબંધ થવાની યોગ્યતા છે, તો જ કર્મ, શરીર, સાત ધાતુઓ વગેરેનો આત્મા સાથે સંબંધ થાય છે. મોક્ષના આત્મા કે આકાશ સાથે કર્મ વગેરે પુદ્ગલોનો સંબંધ થવાની યોગ્યતા નથી તો એની સાથે કર્માદિ-સંબંધ નથી થતો. આ હિસાબે માનવું પડે કે અનાદિ કાળથી આત્મામાં કર્મપુદ્ગલ, શરીર-પુદ્ગલ વગેરેનો સંબંધ થવાની યોગ્યતા છે માટે એ સંબંધ થાય છે. આ યોગ્યતાને ભાવમલ કહેવામાં આવે છે.

શરીર મેલું થાય, કપડાં મેલા થાય, વાસણ મેલા થાય, એ બધો દ્રવ્યમેલ લાગ્યો કહેવાય. પરંતુ—

આત્મા જેનાથી મેલો થાય એ મેલને ભાવમલ કહેવાય.

આત્મા મેલો થાય છે એનામાં રહેલી પુદ્ગલ તથા રાગાદિ સંબંધની યોગ્યતાથી; કેમકે એ યોગ્યતાના લીધે એના પર તે તે કર્મ-પુદ્ગલ, શરીરપુદ્ગલ, રાગાદિ વગેરેનો સંબંધ થાય છે. સિદ્ધ ભગવંતો કે આકાશાદિમાં એ કર્મપુદ્ગલાદિનો સંબંધ થવાની યોગ્યતા નથી, તેથી એ બધા પર એ કર્મપુદ્ગલાદિનો સંબંધ થતો નથી.

પ્ર૦-આત્મા પર કર્મ ચોંટ્યા તેથી એ મેલો કેમ?

ઉ૦-નિર્મળ આત્મા અરૂપી છે, કર્મ આદિ ચોંટ્યાથી એ રૂપારૂપી થાય છે, આમ અરૂપીપણું બગડ્યું એ મલિનતા થઈ.

પ્ર૦-આકાશમાં કર્મપુદ્ગલો અવગાહીને તો રહેલા છે, તેમજ સિદ્ધોને ત્યાં રહેલ સ્થાવર શરીર અને એનાં કર્મનો સ્પર્શ તો છે, તો પછી એનામાં એ પુદ્ગલોનો સબંધ તો થયો કહેવાય ને ?

ઉ૦-ના, કેમકે એવા સંબંધનું ફળ નથી. આકાશને કોઈ એવા કર્મોનો વિપાક અનુભવવાનો નથી હોતો, આકાશ કોઈ શરીરધારી નથી કહેવાતું. એમ સિદ્ધ ભગવાનને પણ ત્યાં જ રહેલા સૂક્ષ્મ સ્થાવરકાય જીવોના શરીરના સંબંધથી એ શરીરધારી નથી ગણાતા, કે જીવોના કર્મપુદ્ગલો સાથે સ્પર્શમાત્રથી સિદ્ધ ભગવાન કર્મવાળા ને કર્મ-વિપાક ભોગવનારા નથી બનતા. ત્યારે એ સ્થાવરકાય જીવોને તો કર્મપુદ્ગલો સાથે ક્ષીર-નીર જેવો સંબંધ છે, એટલે એ અન્ય જીવો જ કર્મવાળા અને કર્મવિપાક ભોગવનારા ગણાય છે, સિદ્ધો નહિ; કેમકે મુક્ત-સિદ્ધ આત્મા સાથે અન્ય સ્થાવર જીવોના કર્મ કે શરીર સાથે ક્ષીરનીર જેવા સંબંધ નહિ.

નોંધપાત્ર ભાવમલ ક્ષય કયાં ?

વાત એ છે, કે સંસારી જીવમાં કર્મ-પુદ્ગલાદિનો સંબંધ થાય છે, તે એનામાં એ સંબંધ થવાની યોગ્યતાને લીધે. આ યોગ્યતા એ ભાવમેલ ભાવમળ છે. એ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. ભવ્ય જીવને આ ભાવમલ દરેક પુદ્ગલ પરાવર્તકાળે ક્ષીણ થતો આવે છે, પરંતુ બહુ મામુલી, કે જે નોંધપાત્ર જરાય નહિ. નોંધપાત્ર નહિ પણ મામુલીને અંગ્રેજીમાં Negligible (નેગ્લિજીબલ) કહે છે. એનો અર્થ 'ઉપેક્ષણીય' એવો થાય, ત્યારે નોંધપાત્ર એટલે કે Markable ભાવમલક્ષય ચરમ (છેલ્લા) પુદ્ગલ પરાવર્તકાળમાં પ્રવેશતાં થયો હોય છે. એટલે જ અહીં તેવા નિબિડ રાગદ્વેષાદિના કર્મપુદ્ગલોનો સંબંધ થતો નથી.

જૈન શાસનનો પંચકારણવાદ :-

આ હિસાબે જોઈએ તો દેખાય, કે આ પુદ્ગલાદિ સંબંધની યોગ્યતા યાને ભાવમલ ઘણો ક્ષીણ થવામાં મુખ્ય કોણ કામ કરે છે ? તો કે ભવિતવ્યતા નહિ, કર્મ નહિ, પુરુષાર્થ નહિ, પરંતુ 'કાળ' કામ કરે છે. અ-ચરમાવર્તના અનંતાનંત પુદ્ગલ પરાવર્તનો કાળ પસાર થઈ જાય ત્યારે જ એ ભાવ-મળનો ઘણા પ્રમાણમાં ક્ષય થયો હોય છે, એટલે જ એકલા કર્મવાદી કે એકલા પુરુષાર્થવાદી યા એકલા સ્વભાવવાદી કે એકલી ભવિતવ્યતાને જ કારણ માનનારાવાદી અહીં ભાવમલના નોંધપાત્ર ક્ષય પ્રત્યે એ ચારમાંથી કયું કારણ બતાવી શકે અને કહી શકે કે એ કારણ પૂર્વે નહોતું, અને હવે ઉપસ્થિત થયું, તેથી ભાવમલનો વિપુલ ક્ષય થયો ? જૈનદર્શનનો પંચકારણવાદી અનેકાંતવાદ આમ જ વિજયવંતો છે. એક જ કારણ કયાંક તો મુખ્ય કારણ બને છે, અને કયાંક ગૌણ કારણ બને છે. વળી કયાંક તો અમુક જ કારણ મુખ્ય બને છે; ત્યારે બીજે બીજું જ કારણ મુખ્ય બને છે.

પાંચ કારણના દૃષ્ટાન્ત :-

(૧) ભવ્ય જ મોક્ષ પામી શકે, અભવ્ય નહિ, એમાં સ્વભાવ મુખ્ય કારણ છે. ભવ્ય જીવનો તથાસ્વભાવ જ એવો કે એજ મોક્ષ માર્ગની સાધના કરીને મોક્ષ પામી શકે. અભવ્યનો એવો સ્વભાવ જ નહિ.

(૨) પાર્શ્વનાથ ભગવાનના જીવને ભવેભવે ઉપદ્રવ આવ્યો એ અલબત્ત પોતાના અશાતા વેદનીય કર્મના લીધે, કિન્તુ ઉપદ્રવ કરનાર તરીકે કમઠનો જ યોગ આવી મળ્યો, એ તેવી ભવિતવ્યતાને જ લઈને.

(૩) ધવલશેઠે કેઈ પ્રયત્નો શ્રીપાળકુમારને મારવાના કર્યા, છતાં શ્રીપાળનો એક વાળ વાંકો ન થયો, એ શ્રીપાળના પુણ્યકર્મના જ પ્રભાવે.

(૪) પુણ્ય-પ્રભાવે મનુષ્ય જન્મ આદિ ઉત્તમ ધર્મ-સામગ્રી મળી, છતાં ધર્મ નથી થતો તે પુરુષાર્થ ન હોવાને લીધે જ. એમ

(૫) અચરમાવર્તમાં ભાવમલનો વિશિષ્ટ ક્ષય નહિ, અને ચરમાવર્તમાં એ હોય, એમાં કારણ કાળ જ કહેવાય. અરે ! જીવ ચરમાવર્તમાં આવે એમાં પણ મુખ્ય કારણ કાળ જ કહેવાય. એટલા અ-ચરમાવર્તકાળ પસાર થઈ જાય તો જ ચરમાવર્તમાં પ્રવેશ મળે.

સારાંશ, ભવ્ય જીવને એ ચરમાવર્ત-પ્રવેશ કરવામાં કયું સાધન ? સ્વભાવ નહિ, ભવિતવ્યતા નહિ, શુભ કર્મ નહિ, કે પોતાની ઇચ્છા પૂર્વકનો પુરુષાર્થ નહિ, કિન્તુ સમસ્ત અચરમાવર્ત-કાળ પસાર થઈ જાય એ જ મુખ્ય સાધન. એ પ્રવેશ થવામાં ઘણો બધો ભાવમલ ક્ષીણ થઈ ગયો ત્યારે એને યોગબીજની પ્રાપ્તિ થાય, બીજ-સાધના થાય.

પ્ર૦-યોગબીજની સાધનામાં તો પુરુષાર્થ કારણ છે, એમાં ચરમાવર્તકાળ અને બહુ ભાવમલ-ક્ષયનું શું કામ છે ?

ઉ૦–કામ એ છે, કે બહુ ભાવમળ ક્ષય ન થયો હોય ત્યાં એવો પુરુષાર્થ સૂઝતો જ નથી, એની ઇચ્છા જ થતી નથી. એટલે અ–ચરમાવર્ત કાળમાં તો બહુ ભાવમલ ઊભો હોવાથી બીજ–સાધનાનો પુરુષાર્થ શાનો થાય ?

એકલી વિષયસુખ–લંપટતા એ મૂઢતા :–

અ–ચરમાવર્ત કાળમાં જીવની દશા હિતાહિતના વિવેક વિનાના મૂઢ બાળ જેવી હોય છે.

બાળકનું ચૈતન્ય હજી વિકસ્યું નથી, એટલે એને મોટું કામ કશું આવડે નહિ, દા. ત. અર્થાનુષ્ઠાન અર્થાત્ પૈસાની કમાઈ કરવાનો ધંધો, નોકરી એને આવડે નહિ, યા કામ, અનુષ્ઠાન,....સારાં ખાનપાન,....મકાન,...વગેરે કેમ ઊભા કરવા, એ ન આવડે; કેમકે એમાં હિત ક્યાં, અહિત ક્યાં, વગેરેની એને ગમ નથી, એનો વિવેક નથી હોતો. એ કામ તો પુખ્ત ઉંમરવાળાનું છે, વ્યક્ત (વિકસિત) ચૈતન્યવાળાનું છે. બાળક મટી યુવાન થાય, ધંધાદિમાં હિતાહિત સમજતો થાય, ત્યારનું એ કામ છે. એમ અહીં અચરમાવર્ત કાળમાં ભાવમલની પ્રચુરતા હોઈ જીવનું ચૈતન્ય વિકસ્વર નથી, વ્યક્ત નથી, પુખ્ત નથી; તેથી એને પોતાના આત્માના હિત–અહિતની એને ગમ નથી, વિવેક નથી, ને એકલા વિષયસુખની લંપટતા હોઈ મૂઢતા છે. એટલે જ ભવાભિનંદી જીવનાં આઠ અપલક્ષણમાં 'અજ્ઞો ભવાભિનંદી સ્યાત્' એને અજ્ઞ–મૂઢ–મૂર્ખ કહ્યો છે. એને પોતાના આત્માનું હિત ક્યાં, અહિત ક્યાં, એનો વિવેક જ ન મળે.

'વિવેક' એટલે વહેંચણ. 'આમાં મારું હિત, આમાં અહિત' એવો વિભાગ કરાય તે. દા. ત. હંસ દૂધ–પાણીનો વિવેક કરે છે. એની ચાંચ જ એવી ખાટી છે કે દૂધને અડાડે ત્યાં દૂધ ફાટી જાય, દૂધ અલગ, પાણી અલગ દેખાય. એ વિવેક કર્યો, વહેંચણ કરી ગણાય. પછી એ હંસ દૂધ–દૂધનો ભાગ લઈ લે છે, ને પાણી પડ્યું રહે છે. એમ અહીં આત્માના હિત–અહિતને અલગ પાડી હિત–અહિતને અનુરૂપ માનસિક વલણ ઊભાં કરે તે વિવેક કર્યો કહેવાય. આ વિવેક આવે એટલે અનુરૂપ મનોવલણ ઊભું થાય, પછી હિતનો રસ અને પ્રવૃત્તિ, તથા અહિતની ઘૃણા અને ત્યાગ લાવવા કઠણ નથી.

હિત–અહિત પ્રત્યે અનુરૂપ વલણ એટલે

હિતકારી તત્ત્વો, દા. ત, દયા, દાન, શીલ, સદાચારો, પરમાત્મ–ભક્તિ, સાધુ સેવા વગેરે, એની પ્રત્યે હૈયાનું આકર્ષણ, હૈયાને એનો રસ, એ સાધવાની લગન, કોડ, એમાં ભાવી સલામતીનો અખૂટ વિશ્વાસ,....વગેરે હોય, એ હિતનું માનસિક વલણ કહેવાય. ત્યારે અહિતકારી તત્ત્વો, દા. ત. હિંસાદિ પાંચ મોટા પાપ; એવા બીજા કષાયોનાં પાપ, રાગદ્વેષ–કલહ–ઈર્ષ્યા વગેરે પાપ, દુન્યવી પદાર્થોની તૃષ્ણા–મમતા–આસક્તિનાં પાપ, વગેરે વગેરે દોષ–દુર્ગુણ–દુષ્કૃત્યો પ્રત્યે હૈયામાં ઘૃણા નફરત રહે, એનાથી પરલોકનો મોટો ભય રહે, એમાં મનમાં આકુળતા–વ્યાકુળતા રહે, એ અહિતને અનુરૂપ માનસિક વલણ ગણાય. આત્માના હિત અને અહિતનો અંતરમાં સાચો વિવેક જાગે, તો જ આ બને; અને પછી તો શક્ય એટલે હિત–પ્રવૃત્તિ હોંશથી અને રસથી થાય. તેમ શક્ય એટલા અહિતનો નિયમબદ્ધ–પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ થાય. આજે ફરિયાદ કેમ થાય છે કે–

પ્ર૦–અમને ધર્મમાં સ્થિરતા કેમ નથી રહેતી ? કેમ બીજા ત્રીજા વિચાર આવે છે ? ધર્મમાં ને નિયમો લેવામાં રસ કેમ નથી જાગતો ? કેમ આલ્હાદ નથી આવતો ?

ઉ૦–આનું કારણ મૂળ પાયાની ખામી છે.

સારી ધર્મ–સાધના અને ત્યાગ–નિયમનો મૂળ પાયો હિતાહિતનો વિવેક છે, હિતાહિત પ્રત્યે ઉપરોક્ત માનસિક વલણ છે.

વિવેકથી 'આ સાધના મારે હિતકર છે, મારી તારણહાર છે', એવો હિતનો ખ્યાલ આવે તો એનો સહેજે રસ જાગે, આલ્હાદ જાગે, અને સાધવાની હોંશ થાય. માણસને જો એવો વિવેક છે કે 'પૈસા હોય તો ઘર ચાલે, પૈસા વિના તો ભીખ માગવી પડે,' પછી એને પૈસા માટે ધંધો ધાપો કરવાનો કેટલો બધો રસ ! એમાં કેટલો બધો આલ્હાદ ! અને એની કેટલી બધી હોંશ હોય છે ! આત્મહિત અંગે પણ આવું જ છે. અંતરમાં હિતાહિતના વિવેકનો દીવો પ્રગટી જવો જોઇએ. કહેશો, 'હિતાહિતનો ખ્યાલ તો અમને છે જ,' પરંતુ એ તપાસો-

પૈસા ને વેપારમાં હિત જાણ્યા પછી પૈસા અને વેપાર પ્રત્યે જે માનસિક વલણ છે, એવું આત્મહિત પ્રત્યે છે ?

હિતાહિતનો 'ખ્યાલ' એટલે ? કોરું જ્ઞાન, કોરી જાણકારી ન ચાલે; પણ વિવેકરૂપ ખ્યાલ જોઇએ. મિષ્ટાન્ન અને વિષ્ઠા પ્રત્યે કેવો વિવેક છે ? મિષ્ટાન્નનું નામ સાંભળતાં આલ્હાદ સાથે આકર્ષણ થાય છે. વિષ્ઠા દૂરથી દેખતાં પણ ઘૃણા અને મુખસંકોચ-નાકસંકોચ થાય છે. એવું હિત-અહિતનું નામ પડતાં થાય છે ખરું ? હિત પ્રત્યે આલ્હાદ-આકર્ષણ ને અહિત પ્રત્યે ઘૃણા થાય છે ? એ વિવેક છે.

સમજી રાખવું જોઈએ, કે આ તો અહીં જૈનશાસન સાથે મનુષ્યભવ મળ્યો છે તો જ અહીં વિવેક અને વિવેકને અનુરૂપ પ્રવૃત્તિ આવી શકે છે. બાકી, દેવતાને જ્ઞાન કેટલું ? દિવ્યજ્ઞાન-અવધિજ્ઞાન ! આપણા કરતાં વધારે જ્ઞાન; પણ બિચારા કરે શું ? મિથ્યાદૃષ્ટિ દેવને વિવેક જ ન મળે; ને સમકિતી દેવને વિવેક છતાં એને અનુરૂપ એ પ્રવૃત્તિ ન કરી શકે ! એક નાનો નવકારશીનો ય નિયમ ન કરી શકે ! ત્યારે અબૂઝ તિર્યંચને વિવેક કયાંથી લાવવો ? કીડા-મંકોડાનાં ય જીવન તો ગણાય, પણ વિવેકની વાત જ શાની ?

જૈન મનુષ્યને વિવેકનું વરદાન છે. છતાં એનો ઉપયોગ ન કરે એ મૂઢતા કેવી ?

'ધર્મ કેમ નથી કરતા ?' તો બહાનું કઢાય છે-'પ્રમાદ છે.' જંગલમાં મિજબાન પાર્ટી કરતા હો, ને ધૂમ પડે 'લૂંટારાનું મોટું ટોળું આવી રહ્યું છે, ને ૩ માઇલ છેટે આવી ગયું છે,' તો ત્યાં પ્રમાદનું બહાનું કાઢી બેસી રહો ? કે તરત ભાગો ? ૩ માઇલ દૂર છે તો ય ભાગો ? તો અહીં મૃત્યુ બહુ દૂર નથી તો ય પાપથી ભાગવાનું નહિ ? છતાં અહીં પ્રમાદને જો અહિતકર હૈયાથી જાણ્યો છે, તો એ પ્રમાદ પ્રત્યે ઘૃણા કેટલી ? મૂળમાં ચોંટ લાગવી જોઇએ કે 'મને અહીં કેવો વિવેકનો ધન્ય અવસર મળ્યો છે !'

'વિંશતિ વિંશિકા' શાસ્ત્ર કહે છે, કે જીવને આ વિરાટ સંસાર-સાગરમાં ભમતાં ભમતાં, પહેલાં લોકધર્મ યાને લોકો ગતાનુગતિકતાથી આચરતા આવ્યા હોય એવો ધર્મ મળે છે; પરંતુ ત્યાં હેય-ઉપાદેયની બુદ્ધિ નથી હોતી, વિવેક નથી જાગ્યો હોતો. એ તો કાળના કાળ વીતે પછી જાગે છે. ત્યારે એ વિવેક કેટલો બધો દુર્લભ ! એ તમને અહીં અતિ દુર્લભ હિતાહિતનો ને હેયોપાદેયનો વિવેક કરવાની અદ્ભુત તક મળી ! એની કદર કેટલી ?

હૃદયમાં આ વિવેક જગાડવા શું કરવું ? મનનું સંશોધન કરો : અવળી ચાલ બદલો.

અનાદિ કાળથી મન બગડેલું અવળી ચાલે ચાલે છે. દા. ત, 'કોઈ વાંકું બોલતું આવ્યું, તો એને જોરથી સંભળાવી દેવું, 'થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ,' 'જીવ્યા કરતાં જોયું ખાધું ભલું.' 'જીવતા જીવે ખાધુ ભલું, મર્યા પછી કયાં મળવાનું છે ?'....આવા બધા હિસાબ માંડી મૂકયા છે એ અવળી ચાલના હિસાબ

છે. ઉત્તમ માનવ અવતારે પણ જો આ ક્રોધ-કલહાદિના જ હિસાબ હોય, તો પછી ક્ષમા, ત્યાગ, વ્રત, દેવાધિદેવની ભક્તિ,....વગેરેના હિસાબ બીજા કયા અવતારે માંડી શકાશે ?

વિચારો,—

ત્રણલોકના નાથ મહાવીર પ્રભુ જેવા પાસે સામનો કરી સામાને દબાવી દેવાની અનંત શક્તિ છતાં પ્રભુએ હાલી-મવાલીનુંય ભારે સહન કર્યું છે! પોતાના કાન ફાડી નાખે એવા વાંસના ખીલા પોતાના કાનમાં ગોવાળિયાને ઠોકવા દીધા! કયા હિસાબ પર ? કહો, 'થાય તેવા થઈએ' એવા અનાદિની અવળી ચાલના હિસાબ પર નહિ, કેમકે એમાં તો પછી ભંગી સામે ભંગી થવું પડે, વિષ્ઠા ફેંકનાર સામે વિષ્ઠા ફેંકનાર થવું પડે! કિન્તુ

'ખપે તેટલા કર્મ ખપાવીએ'
'મારીએ તો આંતર દુશ્મન રાગ-તૃષ્ણાદિને મારીએ.'

આવા સવળા હિસાબ પર પ્રભુએ હાલી-મવાલીનુંય ક્ષમાથી સહન કર્યું, 'એસ ખમા સવ્વ સાહૂણ' આ ક્ષમા સર્વ સાધુને કર્તવ્ય કહી.

કડવા ઘૂંટડા પીતાં આવડે, એને ક્ષમાદિ સવળી ચાલ સહેલી.

દવા કેમ કડવી પી જઈએ છીએ? કહો, આરોગ્ય માટે. એમ સામાના વાંકા રોફભર્યા પ્રતિકૂળ-વચન-વર્તાવના કડવા ઘૂંટડા મન બગાડ્યા વિના આત્માના આરોગ્ય માટે પી જવાના. વીર પ્રભુએ ક્ષમાભાવ અહિંસક ભાવ કેટલો બધો કેળવ્યો ? તો કે પોતાના આત્મામાં અહિંસાની એવી પ્રતિષ્ઠા થઈ, કે એમના સમવસરણમાં ઉંદર-બિલાડી, સાપ-નોળિયો વગેરે મિત્ર જેવા થઈને સાથે સાથે બેસી જતા! જંગલમાં બળદેવ મુનિના સીમાડામાં આવનારા વાઘ-વરુ જેવા શિકારી પ્રાણી હરણ-સસલા જેવા પણ શિકારની સાથે મિત્ર જેવા બની જતા! મુનિના સિદ્ધ અહિંસકભાવ અને આત્મસિદ્ધ દયાભાવનો આ પ્રભાવ હતો. એમણે સમજી રાખ્યું હતું કે 'હિતાહિતનો વિવેક કરવાનો ઉત્તમ અધિકાર અહીં મળ્યો છે, તો એને બરાબર અમલી કરવો. હિંસા-નિર્દયતા અહિતકારી છે, સર્વથા ત્યાજ્ય છે. દયા-અહિંસા મહાહિતકર છે, એ જ ઉપાદેય છે, તો-

હિંસાને મનમાંય અડવા દેવી નહિ. દયા અહિંસાને શ્વાસમાં વણી લેવી.'

આ હિતાહિતના વિવેકે દયા-અહિંસા આત્મસિદ્ધ કરવા સુધી પહોંચી ગયા. ભાવ-મળ ખૂબ ક્ષીણ થઈ ગયો હોય ત્યારે આ આ હિતાહિતનો વિવેક જાગે છે, ને યોગણીજની સાધનામાં આવે છે. હિતાહિતના વિવેકની બલિહારી છે.

વિવેક એટલે મનમાં હિતાહિતનું વસવું—ઠસવું—રસવું.

વિવેક આવ્યો એટલે હિતાહિત (૧) મનમાં વસી ગયા, (૨) મનમાં ઠસી ગયા, અને (૩) મનને રસી ગયા, અર્થાત્ મન હિત-આદર અને અહિત-ત્યાગનું રસિયું બની ગયું.

(૧) મનમાં હિતાહિત વસી ગયા એટલે ?

બીજું હાલતું ફાલતું મનમાં આવે જ નહિ, હિતાહિતના ને હેય-ઉપાદેયના વિચાર આવે તો જ એ વ્યક્ત (પુખ્ત) ચૈતન્યવાળો યુવાન કહેવાય. હિતાહિત મૂકીને ફાલતું હાલતું વિચાર્યા કરે તો એ મોટી ઉંમરનો છતાં અવ્યક્ત ચૈતન્યવાળો ગણાય, ગતાગમ વિનાનો બાળ ગણાય. વેપાર અંગે શું છે? મોટાને વેપાર કેમ કરવો, એમાં નફો કેમ થાય, નુકસાન કેમ ન થાય, વગેરે વગેરે દુન્યવી હિતાહિતની બબર પડે છે, ને મનમાં એ એવું વસી ગયું હોય છે કે એને

એના જ વિચાર આવ્યા કરે છે, હાલતું ફાલતુના નહિ. બાળકને દુકાન પર વેપાર અર્થે બેસાડયું હોય તો એ વેપાર કરવામાં ને નફા-નુકસાનનો વિવેક કરવામાં શું સમજે? કે બાળકના મનમાં વેપાર નફા-તોટાના શા વિચાર ચાલે? કશા જ નહિ, કેમકે એના મનમાં એ વસી ગયું નથી. એમ આત્માના હિતાહિત-હેયોપાદેય જેના મનમાં વસી ગયા નથી, તેથી જ તેને એના વિચાર ચાલતા નથી, દા. ત., અચરમાવર્તી જીવને. એ બાળ છે.

એના જ વિચાર ચાલે, બીજા વિચાર નહિ; એ દિલમાં વસી ગયું ગણાય.

(૨) હિતાહિત મનમાં ઠસી ગયા એટલે?

હિતાહિત-હેયોપાદેયને મનમાં વસાવવા ઉપરાંત મનમાં ઠસાવવાની જરૂર છે. 'ઠસાવવા' એટલે શ્રદ્ધા સાથેના એના દૃઢ સચોટ નિર્ધાર. આ નિર્ધાર એવા કે ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં એ બદલાય નહિ. દા. ત. 'ક્ષમા હિતરૂપ, ક્ષમા તારણહાર, ક્ષમા જ કર્તવ્ય'-આ નિર્ધાર અફર; પછી ભલે સામેથી માથાવાઢ ઘા આવે તો પણ ત્યાંય દિલને ક્ષમા જ કર્તવ્ય લાગે, ક્રોધ નહિ. આ દિલને ક્ષમા તારણહાર તરીકે ઠસાવી ગણાય.

(૩) હિતાહિત મનમાં રસી ગયા એટલે?

હિતાહિતને દિલમાં વસાવવા, ઠસાવવા, ઉપરાંત રસાવવાની જરૂર છે; અર્થાત દિલ એનું રસિયું બની જાય. દા. ત. ભગવાનની ભક્તિ દિલમાં વસી, અને દિલને ઠસી ગઈ, ઉપરાંત હવે દિલ પ્રભુભક્તિનું રસિયું બનાવી દેવાનું. બીડીના વ્યસનીનું દિલ એનું રસિયું બની ગયું હોય છે, એટલે આઘો જાય પાછો જાય, બીડી પીવાનો રસ એવો કે ઝટ બીડી ફૂંકવા માંડે છે. બીડી ન મળે ત્યાં સુધી એને ચેન પડતું નથી ને એને શોધવા માંડે છે, ને મળતાં ને ફૂંકતા અવર્ણનીય આનંદ અનુભવે છે. બસ, એ પ્રમાણે ભક્તિના રસિયાને પ્રભુભક્તિ ન મળતાં ચેન ન પડે, ભક્તિની ઝંખનામાં રહે છે કે 'ભક્તિ કયાં મળે? કયારે મળે?' અને પ્રભુ ભક્તિ કરવાની મળી જતાં અને ભક્તિ કરતી વખતે એને અવર્ણનીય આનંદ થાય છે. આ ભક્તિના રસિયાનું લક્ષણ.

સારાંશ આ છે કે હિતાહિતનો વિવેક લાવવા આ કરવાનું. હિતાહિતને દિલમાં વસાવી-ઠસાવી-રસાવી દેવાના. દિલમાં હિતપ્રવૃત્તિ અને અહિતત્યાગનો ભારે રસ ઊભો કરવાનો. દિલ એનું રસિયું બની જાય. દિલમાં એ સિવાય બીજું આવે નહિ; તેમજ હિત જ તારણહાર, અહિત મારણહાર,-એવું દિલને નિશ્ચિત ઠસી જાય; અને હિતના આદર અને અહિતના ત્યાગનો રસ જાગી જાય.

પ્ર૦-અહીં ગાથામાં 'જાયતે નૃણાં' પરથી યોગબીજ ગ્રહણ મનુષ્યોને જ થવાનું કેમ કહ્યું? શું બીજા જીવોને ન થાય?

ઉ૦-મનુષ્યોને થવાનું એટલા માટે કહ્યું કે પ્રાયઃ એ યોગબીજ-સાધના મનુષ્યોને હોય. બાકી તો ચારે ગતિનાં પંચેન્દ્રિય જીવોમાં ક્વચિત એ હોવાનો સંભવ છે. વિવિધ જિનોપાસના, આચાર્યાદિ-વૈયાવચ્ચ, અભિગ્રહ-પાલન, શાસ્ત્રની લેખનાદિ ઉપાસના, એ યોગ-બીજોની સાધના તિર્યંચ પશુ કે નરકના જીવ શું કરી શકે? દેવતા રંગરાગ-સુખમાં પડેલા, તેમજ એમને તેવી સામગ્રી નહિ એટલે એ પણ શું કરી શકે? જોવાની ખૂબી છે કે ચારે ગતિમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ મનુષ્યને સમ્યક્ત્વ ઉત્પન્ન અને સ્થિર કરવા માટે જેવી યોગબીજ-સાધનાની સામગ્રીની સગવડ મળી શકે છે, એવી બીજી ગતિના જીવોને નથી મળી શકતી. આ સૂચવે છે કે-

મનુષ્ય યોગબીજ-સાધનાનો અધિકારી છે.

કેમ જાણે મનુષ્યને એ આરાધનાનો સોલરાઇટ એકાંગી અધિકાર મલી ગયો!

માણસ બીજા–ત્રીજા અધિકારના ફાંફા મારે છે ! એ અધિકાર મળ્યાના સંતોષ માને છે અભિમાન કરે છે ! પરંતુ

એ સત્તા–સંપત્તિ આદિના અધિકાર અંતે દુર્ગતિના અધિકારી બનાવનારાં છે.

કેવા આપણને સુખદ અધિકાર ! :-

સત્તા–સંપત્તિના અધિકાર બજાવ્યાથી દુર્ગતિના અધિકારી બનવાનો એને વિચાર જ નથી ! ત્યારે યોગબીજ–સાધનાનો અધિકાર મળી ગયાની પરવા નથી ! વસ્તુસ્થિતિ જોઈએ તો દેખાય કે કેવી કેવી સદ્ વસ્તુના ને કેવી કેવી આત્મ-સંપત્તિના આપણને અધિકાર મળી ગયા છે ! (૧) પહેલાં તો કેવો મનમાં અરિહંતને અને નવકારને રાખવાનો અધિકાર ! (૨) કેવા દયા–દાન–શીલ–તપનો અધિકાર ! (૩) કેવાક શુભવૃત્તિ, જિનભક્તિ–સાધુસેવા–પરોપકારનો અધિકાર ! કેવોક શુભ અધ્યવસાય–શુભ ભાવની સતત ધારા ચલાવવાનો અધિકાર !

પશુસુલભ ભાવોમાં ચિંતા-સંતાપ અને વિટંબણાઓ :-

પરંતુ ગમાર જીવને આ અનંત કલ્યાણ–સાધકને પરલોક–ઉજાળક અધિકારની કિંમત નથી ! અધિકાર અમલી કરવાની પરવા નથી ! ગરજ નથી ! એટલે એ ક્ષમાદિ છોડી પશુસુલભ ક્રોધ, કષાય, આહારસંજ્ઞાઓ ને દુનિયાદારીમાં રચ્યો–પચ્યો રહે છે. એને વિચારો એના, બોલ એના, ને વર્તાવ-પ્રવૃત્તિ એની ને એની જ ! પરંતુ એથી શું પામે છે ? ચિંતાઓ, સંતાપ, ને વિટંબણાઓ ! અને અંતે દુઃખમય મોત ! નહિતર એક શુભ ભાવનો અધિકાર બજાવનારો તો જુલ્મગારની સામે પણ વિચારી શકે છે કે, આ બહુ બહુ કરે તો મારા પ્રાણનો વિયોગ કરાવી શકે, પરંતુ મારા શુભ ભાવને, ને નવકાર તથા અરિહંત-સ્મરણને તોડવાની એની તાકાત નથી.

ભાવમલ બહુ ક્ષીણ થયે માણસને યોગ-બીજની સાધનાનો અધિકાર મળી જાય છે. એને બરાબર બજાવી લેવો જોઈએ. હવે આ ભાવમલ કયાં બહુ ક્ષીણ થયો હોય છે, તે બતાવે છે.

(ટીકા) तदुपदर्शयन्नाह–

(મૂલ–) चरमे पुद्गलावर्ते
क्षयश्चास्योपपद्यते ।
जीवाना लक्षणं तत्र
यत एतदुदाहृतम् ॥ ३१ ॥

(ટીકા) चरमे पुद्गलावर्ते यथोदितलक्षणे 'क्षयश्चास्योपपद्यते' भावमलस्य, 'जीवानां,' 'लक्षणं'–'तत्र'–चरमे पुद्गलावर्ते, 'यत एतदुदाहृतम्' वक्ष्यमाण लक्षणमिति ।

અર્થ– તે બતાવતાં કહે છે, જેવા સ્વરૂપનો પૂર્વે કહ્યો તેવા સ્વરૂપના છેલ્લા પુદ્ગલપરાવર્ત–કાળમાં ભાવમલનો ક્ષય યુક્તિયુક્ત છે; કેમકે એ કાળમાં જીવોનું સ્વરૂપ આ આગળ કહેવાના છે તેવું હોય છે.

વિવેચન :-

જીવોને ભાવમલનો બહુ ક્ષય ચરમ પુદ્ગલપરાવર્ત–કાળમાં પ્રવેશતાં થયો હોય છે. તો જ એ ચરમાવર્તમાં છે, તે પૂર્વે નહિ; ને ચરમાવર્તમાં જ યોગબીજ–ગ્રહણ થાય.

પ્ર૦– અચરમાવર્તમાં કેમ યોગબીજ–ગ્રહણ નહિ ?

ઉ૦–જેમ બાલ્યવયમાં ચૈતન્ય અવ્યક્ત અર્થાત્ વિવેક–ગતાગમ વિનાનું હોય છે, એમ અચરમાવર્ત કાળમાં જીવનું ચૈતન્ય અવ્યક્ત હોય છે, પુષ્ટ પરિપક્વ નહિ. એટલે કે વિવેક–ગતાગમ વિનાનું હોય છે. તેથી જેમ અવિવેકી બાળક વેપારાદિ શું ? એ ન સમજી

શકે. એમ આ અવિવેકી અચરમાવર્તી જીવ 'યોગ શું ? યોગબીજ શું ? યોગબીજ ગ્રહણ કેવી રીતે ?'–એ કશું સમજી શકતો નથી. એ તો

જેમ બાળકને રમકડાં ને ખેલવાનું જ ગમે, એમ અવિવેકીને ઇંદ્રિયોના વિષયો અને એ ભોગવવાનું જ ગમે છે, કે જે સરાસર આત્માને અહિતરૂપ છે. हिताहितविवेक-शून्यः बालः। અચરમાવર્તી જીવ હિત–અહિતના વિવેક વિનાનો હોઇ બાળ જ છે. એને ગમે તેટલા ઉપદેશ મળે છતાં એ બૂઝે નહિ, એની એને અસર જ ન થાય. બાળકની આગળ 'વેપાર કેમ થાય, એના લાભ કેવાં. વગેરે ગમે તેટલો.... ઉપદેશ આપેલો એને સજ્ઞાન ન કરી શકે. બાળકને એની કશી અસર નહિ. કેમ? તો કે બાળકની અવ્યક્ત અપક્વ વયનો કાળ જ એવો; એમ અચરમાવર્તી જીવની અવ્યક્ત-અપક્વ ચૈતન્યદશાનો કાળ જ એવો, કે એને હિતમાર્ગ–સંવરાદિનો અને અહિતમાર્ગ–આશ્રવાદિનો બોધ જ ન થાય. આશ્રવ–સંવરનો વિવેક જ ન આવે. એટલે કે એને વિચાર જ નહિ, કે ઇંદ્રિય–કષાય–અવ્રત વગેરે અહિતકારી આશ્રવો છોડવા યોગ્ય છે; ને વૈરાગ્ય, ત્યાગ, ઇંદ્રિય-નિયંત્રણ ક્ષમાદિધર્મ, વ્રત નિયમો વગેરે હિતકારી સંવર જ આદરવા જેવા છે.

અવિવેકીને ઉપાદેયભાવ અને મનનો ઢાળ જ ઊંધો,–

સારાં સારાં ખાનપાનમાં ઉપાદેયભાવ, પણ તપસ્યામાં નહિ ! દુન્યવી મનોહર પદાર્થોના ભોગવટામાં ઉપાદેયભાવ, ત્યાગમાં નહિ ! વેપાર–સંપત્તિ–પરિગ્રહમાં ઉપાદેયભાવ, દાનાદિ ધર્મમાં નહિ ! નિદ્રા–આરામીમાં ઉપાદેયભાવ, પણ સ્વાધ્યાય–સદ્ભાવના–સત્ચિંતન–મનનમાં નહિ ! પછી એ તપ વગેરે આત્માને હિતરૂપ સમજી આદરવાની વાત જ ક્યાં ? હૈયાનો ઢાળ જ આશ્રવો તરફ, દુનિયાદારી તરફ; પછી હૈયું ભગવાન તરફ કે ભગવાને કહેલા ધર્મ તરફ ઢળે જ શાનું ? કદાચ દેખાવમાં એ ભગવાનને ભજતો ય દેખાય, ગુરુ પાસે જતો ને વ્યાખ્યાન સાંભળતો ય દેખાય, યા ધર્મ–સાધના કરતો ય દેખાય, પણ બધું દુન્યવી સુખની સ્વાર્થ–માયાથી કરતો હોય.

આ બધાનું કારણ છે ભાવમળની અધિકતા. એનો પ્રભાવ એ છે, કે એ દુન્યવી વિષયો અને દુન્યવી પ્રવૃત્તિને જ સારરૂપ દેખાડે. ત્યારે યોગબીજની સાધના તો 'જિનોપાસનાદિ યોગબીજ જ સારભૂત, અને દુન્યવી પદાર્થ–પ્રવૃત્તિ અસાર' માનીને કરવાની છે.–

ધર્મ–સાધના બીજું બધું અસાર લેખીને કરો તો જ એ આત્મહિતકર બને.

દા. ત. ગુરુસેવા કરવી હોય, ત્યાં મનને એમ થાય કે આ સંસારમાં અનંતાની સેવાઓ કરી, કમ્મર તોડી નાખી, પરંતુ ફળમાં ભવના ફેરા ઊભા રહ્યા. માટે–

એ બધી દુન્યવીની સેવા અસાર ! ને ગુરુસેવા મહાસારભૂત !

કેમકે ગુરુ દીવો છે, હિતાહિતનો પ્રકાશ આપે, ને સન્માર્ગે ચડાવે, માટે મહા ઉપકારી. આમ બીજું બધું અસાર લેખીને નિષ્કામ ગુરુસેવા કરે તો એ આત્મહિતકર થાય. પરંતુ એ ભાવમલ બહુ ક્ષીણ થઈને જીવ ચરમાવર્તમાં આવ્યો હોય તો જ બને. ચરમ (અંતિમ) પુદ્ગલપરાવર્ત–કાળમાં જ ભાવમલ બહુ ક્ષીણ થયો હોવાનું યુક્તિસિદ્ધ છે.

હવે ભાવમલ બહુ ક્ષીણ થવાથી જીવોનું સ્વરૂપ કેવું હોય તે માટે કહ્યું છે,–

ભાવમલ ક્ષયનાં ૩ લક્ષણ

(ટીકા) यदुदाहृतं तदभिधातुमाह–

(મૂલ) દુઃખિતેષુ દયાત્યન્ત-
મદ્વેષો ગુણવત્સુ ચ ।
ઔચિત્યાત્સેવનં ચૈવ
સર્વત્રૈવાવિશેષતઃ ॥૩૨॥

અર્થ–(મહર્ષિઓએ) જે કહ્યું છે, તે કહેવા માટે કહે છે, 'દુઃખિતેષુ દયા...' અર્થાત્ દુઃખિત જીવો પર અત્યન્ત દયા, ગુણવાનો પ્રત્યે દ્વેષ નહિ, ઔચિત્યપૂર્વક (શાસ્ત્રાનુસારે) સૌ દીન આદિ) ની પ્રત્યે ભેદભાવ વિના વર્તાવ.

(ટીકા) 'દુઃખિતેષુ'–શરીરાદિના દુઃખેન, 'દયાત્યન્ત'-સાનુશયત્વમિત્યર્થઃ, અદ્વેષોઽમત્સરઃ કેષ્વિત્ત્વાહ 'ગુણવત્સુ ચ' = વિદ્યાદિગુણયુક્તેષુ, 'ઔચિત્યાત્સેવનં ચૈવ' શાસ્ત્રાનુસારેણ, સર્વત્રૈવ દીનાદૌ, 'અવિશેષતઃ' = સામાન્યેન ।

અર્થ : –શરીરાદિ દુઃખથી દુઃખિતો ઉપર અત્યંત દયા, અર્થાત્ દયાળુપણું (હોય), અદ્વેષ એટલે કે ઈર્ષ્યા નહિ, કોના પર? તે કહે છે, 'ગુણવાન ઉપર'. અર્થાત્ વિદ્યાદિ ગુણસંપન્નો પર, અને ઔચિત્યપૂર્વક સેવન–'પણ' શાસ્ત્રાનુસારે, 'બધે જ' અર્થાત્ દીન આદિ પ્રત્યે 'અવિશેષથી' અર્થાત્ સમાનપણે.

વિવેચન :—

ભાવમલ બહુ ક્ષય પામ્યો અને જીવ ચરમાવર્તમાં આવ્યો એના સ્વરૂપમાં ૩ લક્ષણ–

(૧) દુઃખિત જીવો પર અત્યંત દયા,
(૨) ગુણવાન પર ઈર્ષ્યા નહિ, ને
(૩) દીન આદિ પ્રત્યે ઔચિત્યપૂર્વક સમાન વ્યવહાર.

આ ત્રણ લક્ષણ એવાં બતાવ્યાં છે, કે આપણે આપણી જાતનું માપ કાઢી શકીએ, કે આપણો ભાવમલ બહુ ક્ષય પામ્યો છે ને? ધ્યાનમાં રાખવાનું છે કે દુન્યવી સુખની ઇચ્છાથી ધર્મનાં કષ્ટો ઘણાં ઉપાડે, પરંતુ જો આ મૂળભૂત લક્ષણોની પરવા – ગરજ ન હોય, તો ભાવમલનો બહુ ક્ષય થયો નહિ ગણાય; અને એ વિના ધર્મકષ્ટ માત્ર કાય-ક્લેશરૂપ થાય. એનાથી આત્મિક લાભના વાંધા. માટે, આ ત્રણ લક્ષણો જીવનમાં જીવંત રાખવાની પહેલી જરૂર છે. એમ કહેતા નહિ,—

પ્ર૦–તો શું આ લક્ષણો જીવનમાં ન ઊતરે ત્યાં સુધી ધર્મ-કષ્ટ ઉપાડવાનું છોડી દેવું?

ઉ૦–ના, છોડી નહિ દેવાનું, પણ કષ્ટમય ધર્મ–સાધના સાધતાં આ ધ્યાન રાખવાનું, કે મારે ધર્મ કરીને મારા આત્મામાં આ ત્રણ લક્ષણ લાવવા છે.

પ્ર૦–ધર્મ–સાધના ન કરીએ તો પણ દુઃખી પર અત્યંત દયા વગેરે આ ત્રણ લક્ષણો પર મન લગાવવાથી લક્ષણ પ્રાપ્ત થઈ શકે છે, તો પછી એમાં ધર્મ–સાધનાનો વિશેષ ઉપયોગ શો રહ્યો?

ઉ૦–ઉપયોગ આ છે કે જેવું ધર્મ–સાધનામાં રહેવામાં મનને આ દયાદિ લક્ષણો પર લગાવવાનું અનુકૂળ રહે છે; એવું દુન્યવી વિષયોની પ્રવૃત્તિમાં નહિ. ધર્મનો સંપર્ક રહે છે ત્યાં, એથી દિલ કૂણું તથા શુભ ભાવભર્યું રહે છે, એટલે એમાં પણ ત્રણ લક્ષણ સિદ્ધ કરવાને સારો અવકાશ રહે છે. ધર્મ સાધનાને બદલે સ્વાર્થ–માયા અને વિષય–વિલાસ તથા આરંભ–સમારંભમય દુનિયાદારીમાં એવી હૈયાની કુણાશ અને શુભ અધ્યવસાયો ક્યાંથી લાવવા? એટલે જ આ ત્રણ લક્ષણ સિદ્ધ ન થયા હોય તોય ધર્મસાધના કરતા રહેવાથી એને સિદ્ધ થવાનો જે અવકાશ રહે, એ ધર્મ–સાધનાને બદલે દુનિયાદારીમાં રચ્યાપચ્યા રહેવામાં ન રહે.

(૧) દુઃખિત પર અત્યંત દયા

પહેલું લક્ષણ છે, શરીર કે મનથી દુઃખિત જીવો પર આપણા દિલમાં અત્યંત દયા; અર્થાત્ દુઃખિતને જોઈ ને દિલ દયાળુ હોય, દયાર્દ્ર બને. (૧) શરીરથી દુઃખિત હોય, રોગની પીડાવાળા

હોય, યા ગુલામીના ત્રાસ-અપમાન-તિરસ્કાર-મારપીટ વગેરેથી દુઃખિત હોય, ત્યારે (૨) મનના દુઃખિત યાને કોઈ ચિંતા-શોક-સંતાપ-ભય-શંકા રોગ વગેરેથી પીડિત હોય; એમને જોતાં દિલ દયાથી દ્રવી જાય 'બિચારાને કેવીક પીડા છે!' ત્યાં દિલ કઠોર ન રહે, પછી ભલે એ દુઃખિત પીડાઈ રહેલો માણસ શત્રુ હોય યા દુષ્ટ કે ચોર વગેરે ગુનેગાર હોય. દા. ત. એક શ્રાવકનો પ્રસંગ આવે છે.

શ્રાવકની ચોર પર દયા :-

રાજાએ કોઇને ચોર તરીકે શૂળિએ ચડાવ્યો છે. ત્યાં થઈને જતાં એ શ્રાવક પાસે ચોર તરસ્યો થયેલો પાણી માગે છે. શ્રાવકને દયા આવી જાય છે, એટલે દયાથી એને કહે છે,

"ભાઈ! તું 'નમો અરિહંતાણ' રટ, હું પાણી લાવી આપું છું."

પાણી લઈને આવતા પહેલાં પેલો મરે છે, પણ નવકારની રટણામાં! તે મરીને દેવ થાય છે! અહીં શ્રાવક ચોરને પાણી લઇને આપવા આવે છે, એટલે એને ચોરનો સાગ્રીત માની રાજા એને મારવા લે છે, ત્યાં પેલા દેવતાએ નગર પર મોટી શિલા વિકૂર્વી ને નીચે ઉતારવા માંડી!' ચમત્કાર બતાવતાં રાજા શ્રાવકની ક્ષમા માગે છે. ચોર પણ જો પીડાતો છે તો એના પર દયાનું આ ફળ.

શ્રાવિકાની સાપ પર દયા :-

સાપ ઝેરી પ્રાણી છે, પરંતુ એને કોઈ મારી નાખવા જતું હોય, તો એના પર પણ દયા આવે. રાયનપુરમાં નગર બહાર મુસ્લીમો એક સાપ જતો જોઈ લાકડીઓ ઉગામી મારી નાખવા તૈયાર થયેલા. એવામાં એક શ્રાવિકા બેન ત્યાં થઇને જતા હતા. એમણે કહ્યું, 'બિચારા આ જીવને શું કામ મારી નાખો છો?'

પેલા કહે, 'આવાને શું મારી ન નાખે તો પૂજા કરે? તારે જોઈએ તો લઈ જા, નહિતર અમે તો મારી નાખવાના!'

શ્રાવિકાને ખાતરી કે 'આપ ભલા તો જગ ભલા.'

શ્રાવિકા બેને જમીન પર સાડલાનો પાલવ પાથરી સાપને કહ્યું, 'આવો નાગમામા! આમાં આવી જાઓ. તમને જંગલમાં મૂકી દઉં.'

સાપને સંજ્ઞા કેવી કે વાતાવરણ સમજી જઈ સીધો પાલવમાં આવી ગૂંચળું વળી બેઠો. શ્રાવિકા બેને પાલવ સંકોરી પોટલીની જેમ ઉપાડી જંગલમાં એને છોડી દીધો.

શ્રીપાલની દુશ્મન કાકા પર દયા :-

બાળ શ્રીપાળકુમારના પિતાનું ખૂન કરાવી કાકો અજિતસેન ચંપાનગરીનો રાજા બની બેઠેલો. માતા રાણી બાળને લઈને ભાગેલી. ક્રમશઃ શ્રીપાળ મોટો થઈ મયણાસુંદરી અને બીજી આઠ રાજકન્યાઓ પરણ્યો. દશ રાજાઓ એની આજ્ઞામાં આવી ગયા છે. પિતાનું રાજ્ય લેવા એ લશ્કર સાથે આવે છે. કાકા અજિતસેન રાજાને કહેવાડ્યું,-

'તમે અત્યાર સુધી રાજ્ય સંભાળ્યું-સાચવ્યું એ તમારો ઉપકાર. હવે હું મોટો થઈ ગયો છું, રાજ્યભાર સંભાળી શકીશ. તમે મને રાજ્યભાર મારા માથે મૂકી નિવૃત્તિ લઈ લો.

કાકો એમ શેનો માને? લડવા આવ્યો, પણ હાર્યો; એ ત્યાં જ યુદ્ધ-ભૂમિ પર સંસારના કર્મની વિટંબણા દેખી, વૈરાગ્ય પામીને મનથી ચારિત્ર લઇ કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહી જાય છે! શ્રીપાળ સમજ્યા કે, 'કાકાને અપમાન લાગ્યું, તેથી રીસમાં આમ ઊભા છે.' બસ, જો કે કાકા ભયંકર દુશ્મન છે, છતાં એમને અપમાનથી દુઃખિત જોઈ શ્રીપાળનું દિલ દયાથી દ્રવિત થઈ ગયું! તે કહે છે-

'કાકા! ક્ષમા કરો મારો અપરાધ. જાઓ

સુખેથી રાજ્ય ભોગવો. મારે તમારું રાજ્ય નથી જોઇતું. પૃથ્વી ઘણી મોટી છે, હું બીજે રાજ્ય સ્થાપી લઇશ !'

દુઃખિત જીવો પર દિલમાં અત્યંત દયા આવે, તો આપણને ભાવમલ બહુ ક્ષીણ થવાનો સિક્કો લાગી જાય.

અત્યંત દયા એટલે 'સાનુક્રોશત્વ' અર્થાત્ દયાર્દ્રતા. એમાં (૧) દયા કરીને કોઈ સ્વાર્થ સાધી લેવાની લેશ પણ ઇચ્છા ન હોય, પણ સામાનું દુઃખ જોઈને સહજ ભાવે દિલ દયાથી પીગળી જાય. એમ (૨) દયાના ભાવની અખંડ ધારા-પરંપરા ચાલે; પરંતુ એમ નહિ કે હમણાં તો દિલમાં દયા ઊભરાઈ, પરંતુ પછી સામો કાંઇ અજુગતું બોલ્યો-ચાલ્યો, એટલે એના પર દયા મટીને કઠોરતા આવે યા દ્વેષ થાય. ના, દયાની ધારા ચાલી તે ચાલી, અખંડ ચાલે, પણ તૂટી ન જાય. આ ત્યારે જ બને કે દયા અંતરમાં ગુણરૂપે પ્રગટ થઇ હોય કે અત્યંત દયા એટલે બસ દયા જ દયા, દ્વેષ કે કઠોરતા નહિ. નરકના જીવો પોતાના પાપે પીડાઇ રહ્યા છે, છતાં એના પર પણ દયા ઊભરાય કે 'બિચારા કેવી ઘોર યાતનાઓ વેઠે છે !' એમ એને મારનારા પરમાધામી પર પણ દ્વેષ નહિ, કિન્તુ દયા આવે કે 'બિચારા કેવા તીવ્ર મોહનીય કર્મથી અને પાપબુદ્ધિથી પીડાઈ રહ્યા છે ને આવા ઘોર કૃત્ય કરે છે !' પૂછો—

પરમાધામી પર દયા કેમ આવે ?—

પ્ર૦—આવા ઘોર ઘાતકી પરમાધામી પર દયા શી રીતે આવે ?

ઉ૦—એ સમજીને આવે, કે (૧) એક તો અહીં બેઠા આપણે મારનાર પરમાધામી વગેરે પર દ્વેષ કરીએ એથી કાંઈ એ સુધરી જવાના નથી, ને દ્વેષથી આપણું બગડે છે. એ પોતાનાં ક્રૂર કાળાં કામ મૂકવાના નથી, ને આપણા દ્વેષથી આપણી પરિણતિ કઠોર થાય છે.

(૨) બીજું એ, કે આપણે જો મોક્ષના અર્થી છીએ તો એ માટે આપણા આત્માને ઊંચા ગુણસ્થાનકે ચડાવવો જોઈશે અને; એ તો જ બને, કે જો આપણે કૂણા મુલાયમ દિલવાળા બન્યા રહીએ, પણ નહિ કે દ્વેષિલા દિલવાળા બનીને. એક વાર પણ દિલ દ્વેષિલું કરીએ એટલે એ કઠોર બની જાય. પછી એને કોમળ કરવા માટે નવેસરથી ઘણી જહેમત ઉઠાવવી પડે; કેમકે એકવાર પણ દ્વેષિલા બનવામાં અનાદિના દ્વેષના કઠોરતાના સંસ્કાર દૃઢ થઈ જાય છે.

દૃઢ થયેલા દ્વેષ-સંસ્કાર કોમળતા જલ્દી ન આવવા દે.

એટલા જ માટે, કુમારપાળ મહારાજાએ નવરાત્રિમાં એક બોકડાનો પણ ભોગ આપવાનું ન કર્યું, ને જાત પર કંટકેશ્વરી દેવીનો ગુસ્સાભર્યો ત્રિશૂળ-પ્રહાર વધાવી લીધો ! યાવત્...જીવંત બળી મરવા સુધીની તૈયારી કરી ! સમજતા હતા કે એકવારની પણ એવી હિંસામાં અનાદિના કઠોરતાના કુસંસ્કાર દૃઢ થાય, એને ભૂંસવાનું અને પુનઃ કોમળતાની પરિણતિ ઊભી કરવાનું ઘણું મુશ્કેલ; માટે એમણે દયા પકડી રાખી. ધ્યાનમાં રહે,—

ક્રૂરતા કઠોરતા-દ્વેષ એ આત્માનો ભાવ-રોગ છે.

એ મિટાવવા હજારો વાર દવારૂપે દયાનો પ્રયોગ કરતા રહેવાનું છે, તો એ રોગ મટીને દયા આત્મસાત્ થાય, સહજરૂપે સ્ફુરનારી બને, આત્મસ્વભાવ દયાનો બની જાય. ત્યારે આત્માને કંઈક આરોગ્ય પ્રાપ્ત થયું ગણાય. માંદા શરીર પર, આરોગ્ય લાવવા કેટકેટલીવાર દવાદિના પ્રયોગો કરવા પડે છે ? સ્વાર્થ હોય ત્યાં એ સાધવા કેટલીય વાર પ્રયોગો કરીએ છીએ ? તો પછી-

આ ઊંચા જનમમાં દુઃખિત પર દયાના પ્રયોગ કરતા રહેવામાં બાકી રાખીએ?

કોઈ પણ દુઃખિત પર દયા એટલે અવસરે સિંહ-વાઘ-વરુ જેવા પણ પીડાતા દેખાય, તો એના પ્રત્યે પણ હૈયું કઠોર ન કરતાં દયા ચિંતવવાની છે. દુશ્મન પર મોટી આફત આવી હોય ત્યાં પણ મનને એમ ન થાય કે 'ઠીક થયું. એ જ દાવનો છે'; કેમકે એમાં આપણું હૈયું કઠોર થાય છે.

દયાના અવસરે દયા ગુમાવવાનું થાય, ત્યાં સહેજે કઠોરતા સિદ્ધ થાય.

વાલિમુનિની દયા :—

વાલિમુનિને અષ્ટાપદ પર્વત સહિત ઊંચકીને સમુદ્રમાં ફેંકી દેવા માટે, રાવણ પર્વતના તળિયે અંદર પેસી ૧૦૦૦ વિદ્યાઓનું સ્મરણ કરીને માથા પર પર્વત ઉપાડવા જાય છે. એટલે સહેજ કંપન થતાં પર્વત પર ધ્યાનમાં ઊભેલા વાલિમુનિ, અલબત્ પોતાની જાત પ્રત્યે નિસ્પૃહ, છતાં અવધિજ્ઞાનથી રાવણની ચેષ્ટા જાણી પર્વત પરનું મહાતીર્થ અને અસંખ્ય જીવોનો વિનાશ જોઈને એ અટકાવવા લબ્ધિનું સ્મરણ કરીને પોતાના પગનો અંગૂઠો સહેજ ભૂમિ પર દબાવે છે. ત્યાં તો પર્વત દબાતાં રાવણથી ચીસ પડી ગઇ, અને લોહીની ઉલ્ટી થઈ!

બસ, હવે વાલિમુનિના દિલમાં રાવણ પ્રત્યે દ્વેષ નહોતો, દયા જ હતી, તેથી તરત જ અંગૂઠો હળવો કરી દીધો, એટલે રાવણ બહાર નીકળી શક્યો, અને ઉપર આવી વાલિમુનિને ખમાવે છે. અહીં મહર્ષિના દિલમાં દુઃખિત પર દયાનો ધોધ કેવો વરસતો, કે પોતાને ઊંચકી સમુદ્રમાં ફેંકી દેવાનું ગોઝારું કૃત્ય કરવા તૈયાર રાવણ પર દ્વેષ નથી! 'કામથી કામ', મહાતીર્થ અને અસંખ્ય જીવોની રક્ષા કરવી હતી તે અંગૂઠાના સહેજ દબાણમાં થઈ ગઈ, હવે રાવણને આગળ કંઈ શિક્ષા નહિ, કોઈ ઠપકો નહિ, પણ એના પર નીતરતી દયા!

ઘોર ઉપસર્ગો કરનાર સંગમ દેવતા પર પણ મહાવીર ભગવાને એના ભવિષ્યના મહાદુઃખોની ચિંતાથી હૈયે દયા–કરુણા એવી ઉભરાવી, કે જેથી પોતાની આંખ અશ્રુભીની થઈ!

દિલ કઠોર નહિ, પણ કોમળ હોય તો પાપી પર પણ દયા આવે.

વળી જુઓ, પ્રભુએ પોતાના કાનમાં ખીલા ઠોકવા ગોવાળિયા પર દયા રાખી માથું સજ્જડ સ્થિર ધરીને એને સહાયક થયા!

ખંધક મુનિની રાજાના હુકમથી માણસો ચામડી ઊતારવા આવ્યા છે, તો મુનિ એમના પર દયાથી કહે છે, 'જુઓ ભાઈ! મારી ચામડી સુકાઈ ગઈ છે, તેથી તમને ચામડી ઉતારતાં તકલીફ ન પડે, એ માટે તમે કહો તેમ ઊભો રહું, કહો તેમ હાથ અવળો સવળો રાખું.' દુઃખિત પર દયા કેટલી હદ સુધીની!

વૈયાવચ્ચી મહાત્મા નંદીષેણની પરીક્ષાર્થે દેવતા આવે છે. બે મુનિના રૂપ કરે છે. અહીં મહાત્માને છઠ્ઠના પારણાની તૈયારી છે. ત્યાં એક મુનિના રૂપે દેવતા મહાત્માને ઝાટકે છે,—'જોયો મોટો વૈયાવચ્ચી! ગામના નાકે પેલા બિચારા બિમાર મુનિ પીડાઈ રહ્યા છે, ને અહીં તું પેટનો પટારો ભરવા બેઠો?'

મહાત્માની દૃષ્ટિ આ તિરસ્કારના શબ્દ પર નહિ, કિન્તુ બિમાર મુનિની પીડા પર ગઈ, દિલ દયાથી દ્રવિત થઈ ગયું.

'અરરર! બિચારા દુઃખિત!' કહેતાંક ઝટ ઊઠ્યા, પહોંચ્યા નાકે.

જેને જેનો બખ, એની દૃષ્ટિ ત્યાં જાય.

આપણી દૃષ્ટિ ક્યાં જાય છે, દા.ત. મંદિરમાં ભગવાન પર? કે પરસ્ત્રી પર? એના આધારે આપણો બખ, આપણી મનસા, આપણી ગરજ મપાય છે. જો પરસ્ત્રી પર જાય છે, તો જાતને ઠપકો,

'નીચ! ઉત્તમ માનવભવમાં અને તે પણ વીતરાગનાં મંદિરમાં ય વૈરાગ્ય નહિ, ને કામનો બબ?'

મહાત્મા નાકે જઈ જુએ છે તો ત્યાં બિમાર મુનિ પડયા છે. બિષ્ઠાથી શરીર બરડાયેલું છે, ને ક્રોધથી ધમધમે છે,-'કયાં ગયેા હતેા મરવા? આ કેવા પીડાઈ રહ્યા છીએ ભાન નથી?'

પણ મહાત્માની પવિત્ર દૃષ્ટિ મુનિની પીડા પર, તે ક્ષમા માગતાં કહે છે,-'માફ કરેા, જરાય ચિંતા ન કરેા. હમણાં જ પાણી લાવી બધું સાફ કરી દઉં છું.' કહી પાણી વહેારવા જાય છે. ત્યાં પણ દેવતા દોષેા બડા કરે છે, એટલે નિર્દોષ પાણી લઈ આવતાં વાર લાગી.

ત્યાં બિમાર મુનિ તડૂકે છે, 'પાણી લાવતાં દોઢ કલાક? આમ ને આમ મને બતમ કરશે!'

પણ નંદીષેણ મહાત્મા 'આ બિચારા મુનિને કેટલું બધું દુઃખ!' એમ દયાર્દ્ર બની કહે છે, 'પ્રભુ! ક્ષમા કરેા, નિર્દોષ પાણી શેાધતાં જરાક વાર થઈ, પણ હમણાં બધું સાફ કરી દઇ મુકામે લઇ જાઉં છું.' એમ કહી વહેારી લાવેલ પાણીથી મેલું સાફ કરીને કહે છે,-

'પધારેા મુકામે ગેાચરી વપરાવું.'

ત્યાં ગ્લાનમુનિ ગરજે છે, 'ગધેડા! આ જોતેા નથી! જ્યાં મારી બેસવાની હામ નથી, તે હું ચાલી શકીશ?'

મહાત્મા કહે, 'હા, હા, ભાઈસાબ! ભૂલ્યેા, મિચ્છામિ દુક્કડં, આવેા મારી બાંધ પર બેસાડી લઈ જાઉં.'

મુનિને બાંધે બેસાડયા, ને ચાલ્યા. બજાર વચ્ચે મુનિએ પૂછડું છેાડયું. નરી દુર્ગંધમય વિષ્ઠા મહાત્માના શરીર પર! ને ગ્લાન મુનિ પાછા મહાત્માના માથામાં ડાંડો ઠેાકી તડૂકે છે,-

'આ કેવેા કૂદતેા કૂદતેા ચાલે છે? મારી કમ્મર તેાડી નાખી! આનાં કરતાં મારી નાખ મને, અહીં જ પૂરેા કર.'

સેવા છતાં આટલા જાલિમ ટેાણાં-અપમાન-તિરસ્કાર બરસે છે, પરંતુ

નંદીષેણ મહાત્માના હૈયે દુઃખી પર અત્યંત દયા બરસતી હેાવાથી, એમની દૃષ્ટિ બીજા કશા પર ન જતાં મુનિની પીડા પર જાય છે!

ને એક જ ભાવે છે કે 'બિચારા મુનિને કેટલી બધી પીડા! કયારે મુકામે જઈ એમની સેવા-સરભરા કરી એમને શાતા આપું!'

પારણું પારણાને ઠેકાણે છે, માર-ટેાણાં-તિરસ્કાર, શરીર પર મુનિની વિષ્ઠા, બધું વિસારી હૈયે દુઃખિત પર અત્યન્ત દયા વહી રહી છે! ઇંદ્રે એમને અમથા વખાણ્યા હશે?

આવા બધા દૃષ્ટાન્તો નજર સામે લાવ્યા કરીએ, તેા આપણને પણ એ મહાન પુરુષેાના આલંબને હૈયે દુઃખિત જીવેા પર અત્યંત દયા વહેતી થાય. મનને પ્રશ્ન થશે કે,--

પ્ર૦-સામેથી એટલાં બધાં અપમાન-તિરસ્કાર આવે ત્યાં દયા-સમતા શી રીતે રહે?

ઉ૦-લખી રાખેા,-

દયાદિ ગુણેા ગુફામાં બેસીને નહિ, પણ વિષમ જગતની વચ્ચે જીવતા રહીને કેળવવાના છે.

મર્યા પછી કેળવી શકાશે? ના. તેા જગત મૂકીને ભાગી જવાશે? ના. ત્યારે જગત તેા વિષમ રહેવાનું જ છે, એટલે આપણા ધાર્યા પ્રમાણેનું નહિ, પરંતુ ઊંચું-નીચું, વાંકુ-ચુકું ચાલવાનું; એમાં આપણે સ્થિતપ્રજ્ઞ બન્યા રહીને અર્થાત્ ગુણ-કેળવણીની દૃઢ સ્થિર સદ્બુદ્ધિવાળા બન્યા રહી એ જ કામ કર્યે જવાનું છે. આ વિવેકનેા દીવેા જાગતેા હેાય પછી ગમે તેવા સંયેાગમાં હૈયે દુઃખિત પર અત્યંત દયા જ વહેતી રખાય, પણ દ્વેષ-કઠેારતા-ઉપેક્ષા નહિ. બસ, આ વિવેક હેાય, પૂર્વ પુરુષેાએ કષ્ટમાં

પણ કરેલા દયાનાં પરાક્રમનાં વારંવાર સ્મરણ હોય, તો પ્રતિકૂળતામાં પણ દયા અખંડ સચવાય.

દયા માટે બે વસ્તુ સમજી રાખવાની કે-

(૧) એક તો 'જગતના જીવો કર્મપીડિત છે, આપણો મોટો અપરાધી પણ કર્મથી પીડાઈ રહ્યો છે. એના પર દ્વેષ–ગુસ્સો શો કરવો?' આ સમજ રાખવાની. ભારે પીડાતો પુત્ર ગમે તેમ બોલે ચાલે, ત્યાં એના પર કયાં દ્વેષ થાય છે? ત્યાં તો મન વળાય છે કે 'બિચારો શું કરે? એને પીડા કેટલી બધી છે?'

(૨) બીજું, આ સમજ કે 'જીવ માત્રના જીવત્વનું સન્માન કરવાનું. સામો જીવ છે તો મારે એનું ગૌરવ રાખી એના પર સ્નેહ રાખવાનો; એના દુઃખમાં દુઃખી ને સુખમાં સુખી બનવાનું. સંસારના સ્નેહી માટે એમ કરાય છે ને? કારણ? સ્નેહીનું આપણા હૈયે ગૌરવ છે. એમ જીવત્વના ગૌરવથી જીવ પ્રત્યે સ્નેહ–દયા રાખવાની. ધ્યાનમાં રહે,—

અનંત અનંત કાળથી આપણે જીવોને આખા ને આખા ખાઈ જવા સુધીના એના પર દ્વેષ કરતા આવ્યા છીએ. હવે આ ઉચ્ચ માનવ અવતારે જો દ્વેષ–કઠોરતા બંધ કરવાનું નહિ કરીએ, ને દયા મુલાયમતા નહિ લાવીએ, તો પછી આગળ અવતાર કેવા? ને ત્યાં કયાં દયા કુણાશ લાવી શકવાના? ત્યારે, દયા તો ધર્મનો પાયાનો ગુણ છે.

दया धम्मस्स जणणी, दया धम्मस्स पालणी ।

ધર્મની જનેતા ય દયા, ને ધર્મની પાલનહાર પણ દયા; કેમકે—

દયાથી કુણા દિલમાં જ ધર્મ આવે, ને વધે.

માટે દુઃખિત જીવો પર અત્યન્ત દયા એ ભાવમલના ભારે ક્ષયનું પહેલું લક્ષણ.

(૨) ગુણવાન પર અદ્વેષ

ભાવમલ બહુ ક્ષય પામ્યાનું બીજું લક્ષણ છે–ગુણવાન પર અદ્વેષ. ગુણવાન પર દ્વેષ–ઈર્ષ્યા નહિ કરવાની; કેમકે એક તો પોતાનામાં ગુણ હોય નહિ, ને બીજા ગુણવાન હોય એ સહન ન થાય, એ આત્માની અધમ દશા છે. દા. ત. કોઈ સાધુ પોતે જો જીવ–જયણા પાળતો ન હોય, અને બીજા જયણા પાળનારની મશ્કરી કરે, કે 'જુઓ, ધર્મનું પૂંછડું! જુઓ ધર્મના વેઢિયા!' આ ગુણવાન પર દ્વેષથી થાય છે, ને એ સરવાળે ગુણ ઉપર દ્વેષમાં પરિણમે છે. ગુણનો પ્રેમ તો દૂર રહ્યો, પણ કમમાં કમ ગુણની મશ્કરીભરી ચર્ચા ન માંડે તો ય સારું. કિન્તુ એના બદલે અહીં ગુણ પર દ્વેષ કરે, એ અધમતા છે. પ્રશ્ન થાય,–

પ્ર૦–તો અહીં ગુણ પર અદ્વેષ ન કહેતાં ગુણવાન પર અદ્વેષ કેમ કહ્યું?

ઉ૦–ગુણ પર અદ્વેષ હોવા છતાં ગુણવાન પર અદ્વેષ ન હોય એમ બનવા સંભવ છે; અને એ દ્વેષ પરિણામે ગુણ પર દ્વેષરૂપ બને છે. માણસને ખબર નથી પડતી કે હું આ ગુણવાન પર દ્વેષ કરું છું એમાં ખરેખર ગુણ પર મારો દ્વેષ ગર્ભિત છે. દા. ત., એક સંગીત–મંડળી બીજી સંગીત મંડળી પર ઈર્ષ્યા કરે છે. એમાં આવું બને છે, કે એ મંડળીપરના દ્વેષથી મંડળીના ગીતગાન પર અરુચિ કરતી હોય! પ્રભુ-ભક્તિનાં આ ગીતગાન એ શું છે? ગુણ છે; એટલે ગુણ પર દ્વેષ થયો. એમ વિદ્યાર્થી બીજા સારું ભણનારા વિદ્યાર્થી પર ઈર્ષ્યા કરશે, અસહિષ્ણુ બનશે, એ એના સારા વિદ્યા-જ્ઞાન (ગુણ) પ્રત્યેની જ અસહિષ્ણુતા છે. મોક્ષ જોઈએ છે તો માણસે ઉન્નતિ પ્રાપ્ત કરવાની છે, ઊંચે ચડવાનું છે, ને તે વસ્તુ ગુણના આલંબને જ બની શકવાની. હવે જો એ ગુણવાન અને ગુણ પ્રત્યે દ્વેષ-અરુચિ જ કરતો હોય, તો એ ઉન્નતિથી કેટલો બધો દૂર છે?

ભાવમલ બહુ હોય ત્યાં આ ગુણવાન પર

અને ગુણ પર દ્વેષ રહ્યા કરે છે. જેમ પેટમાં બહુ મળ હોય એ અજીર્ણ છે, અને 'અજીર્ણ-પ્રભવાઃ રોગાઃ' અજીર્ણમાંથી અનેક રોગો પ્રગટે છે. જેવા કે માથું દુઃખે, શરીર તૂટે, ખાંસી-ઉધરસ...વગેરે. એમ અહીં

ભાવમલ એ અજીર્ણ છે અને એમાંથી દુઃખિત પર કઠોરતા, ગુણવાન પર દ્વેષ, અભિમાન, ભય, આર્તધ્યાન વગેરે અનેક મનોરોગો ઊભા થાય છે..

કેટલીક વાર આ રોગ બહારમાં ન દેખાય, પરંતુ અંતરમાં આ દોષો ધુંધવાતા હોય છે. એટલે જો અંદરમાં મનમાં એવા દ્વેષ, ઈર્ષ્યા, અભિમાનાદિ ધુંધવાતા હોય, તો માનવું પડે કે હૃદ્રોગ હજી દૂર છે. અંદરમાં ભાવમલના અજીર્ણનું જોર છે. જોવાનું આ છે, કે—

મૂળમાં શુદ્ધ ગુણ પર પ્રેમ છે? તો બીજાના ગુણ પર પ્રેમ? :—

દૃષ્ટિ બહાર કેવી જાય છે?

બીજાનું હલકું જોવા પર દૃષ્ટિ? કે એનું સારું જોવા પર?

જો આ બીજાનું સારું જોવું હોય તો એ ગુણ-દર્શન ને ગુણ-રુચિથી બને એમ છે. માટે અંતરમાં પહેલું જુઓ, કે ગુણ ગમે છે? તમારા ગુણ ગમે? કે બીજાના? હા, હજી પોતાનો ગુણ ગમતો હશે! પોતે દાન કરે છે, પ્રભુની સંગીત ભક્તિ કરે છે, તો એ ગમે છે. કેમકે એમાં બહારમાં વાહ વાહ મળે છે. પરંતુ બીજાની સંગીત ભક્તિ નથી ગમતી! કેમકે એમાં પોતાની એકાંગી વાહવાહમાં ભાગ પડે છે. પોતાને કોઇ જો કહે કે 'ભાઈ! તમે સારી માસખમણની તપસ્યા કરી', તો એ સાંભળી ખુશ ખુશ! પરંતુ જ્યાં પછી સાંભળ્યું, કે 'પેલા ભાઇને માસખમણ બહુ સારું થયું! દિવસના જરાય પ્રમાદ વિના કર્યું.' ત્યાં મનને ખેદ કેમ? તપ-ગુણનો પ્રેમ હતો તો વધારે ખુશી થવું હતું ને? પણ ના, પોતાની વાહવાહનો પ્રેમ છે, એટલે આમાં બીજાની વિશેષ ગુણની પ્રશંસાથી પોતાની વાહવાહ હણાતી લાગે છે. તેથી બીજાના ગુણ પર દ્વેષ થાય છે.

બીજાના ગુણની પ્રશંસા સાંભળતાં પોતાની એકાંગી વાહવાહમાં ભાગ પડતો દેખાવાથી ગુણ પ્રત્યે ને ગુણવાન પ્રત્યે જો ઇર્ષ્યા થાય છે, તો ગુણવાન પર ઈર્ષ્યાથી ગુણ પરની ઈર્ષ્યા સાબિત થાય છે.

સારાંશ, જેમ દુઃખિત પર અત્યંત દયા પાયાનું લક્ષણ, એમ ગુણવાન પર અદ્વેષ એ ઉન્નતિનું પાયાનું લક્ષણ બતાવ્યું. કારણ? ગુણવાન પર દ્વેષમાં પરચિંતા છે, ને "પર-ચિંતા અધમાધમાં" ગુણવાન પર દૃષ્ટિ જાય, ને મનમાં એની વિચારણા ને તપ્તિ-બળતરા ચાલે કે 'આ મોટો ગુણિયલ શાનો?' તો આ વ્યર્થ પરચિંતા છે, પરતપ્તિ છે, પરની પોતાના જ હૈયામાં આ ખોટી બળતરા છે; ને શાસ્ત્રકારો આ પર ચિંતાને અધમાધમ કૃત્ય કહે છે. એ આચરાય ત્યાં ધર્મનો પાયો જ કયાંથી હોય? યોગબીજ-સાધનાનો ય પાયો કયાંથી હોય? માટે આ પરચિંતાનું અધમાધમ અપલક્ષણ અટકાવવા, પરચિંતાનું દુષ્કૃત્ય અટકાવવા ગુણવાન પર દ્વેષ-ખાર-ઈર્ષ્યા નહિ જોઈએ. એને બીજા લક્ષણ તરીકે મૂકયું. એ હોય તો હૃદયને નિર્મળ થવા અવકાશ રહે. નહિતર હૈયે આવી પરની બળતરા હોય એ તો હૈયામાં મલિનતા છે; ત્યાં નિર્મળ હૃદયને જગા જ કયાંથી?

નિર્મળ-સ્વચ્છ હૃદય વિના ધર્મ કયાંથી હોય?

(૩) ઔચિત્ય-આસેવન

ભાવમલ ખૂબ ક્ષય પામ્યો હોય ત્યાં આ ત્રીજું લક્ષણ આવે છે,-ઔચિત્ય પૂર્વક

આસેવન; અર્થાત્ ઉચિત વ્યવહાર, તે પણ ટીકાકાર લખે છે, કે શાસ્ત્રાનુસારે ઉચિત વ્યવહાર જોઈએ.

શાસ્ત્રાનુસારે ઉચિત વ્યવહાર એટલે કે–

નાનો છોકરો બહુ ઉદ્ધતાઈ કરે છે, તો શાસ્ત્ર કહે છે એને બાંધીને તાડના કરવી. શું આ ઉચિત વ્યવહાર કર્યો ? હા, ઊગતી પ્રજાની અવળચંડાઈ ડામવા માટે એ ઉપાય છે. એક પળના તાડનથી પછી તાડનના ભયથી ઉદ્ધતાઈ-અવળચંડાઈ નહિ કરે, તો સુધરી જશે. નહિતર જો એની ઉદ્ધતાઈને નાથવામાં ન આવે તો મોટો થતાં એનું જીવન બગડી જાય. નાદાન (અક્કલહીન) બાળ પ્રજાને નાનપણથી ઉદ્ધતાઈ–અવળચંડાઈના ભાવી પ્રત્યાઘાતોની ગમ ન હોય. માટે જ્યાંસુધી એના જીવનનું સુકાન આપણા હાથમાં છે, ત્યાં સુધી બાજી સુધારી લેવી જોઈએ. એમ પત્ની કે છોકરી કુશીલના માર્ગે જતી હોય તો ત્યાં પણ કડકાઈ જોઈએ. આમાં જરૂર લાગે તો કઠોર શબ્દથી કડકાઈ થાય, ને તાડનથી પણ કડકાઈ કરી સુધારવાનું થાય, એ શાસ્ત્રાનુસારે ઔચિત્યપૂર્વકનું આસેવન થયું, ઉચિત વ્યવહાર થયો. ત્યાં એના બદલે લાડ લડાવવાનું કરે તો અનુચિત વ્યવહાર થયો કહેવાય.

પણ તે પોતાના આશ્રિત માટે. બાકી જગત પ્રત્યે ઉચિત વ્યવહાર મૈત્રી, પ્રેમભાવ, દયાભાવ વગેરેથી કરાય. એક ભિખારીને રોટલો આપવાનો તેય પ્રેમનાં શબ્દથી આપવાનો, પણ નહિ કે 'તગડો થઈને માગવા નીકળ્યો છે ? ભિખારડા ! લે રોટલો, બાળ પેટ,'...વગેરે તોછડાઈ–ટોણાં–તિરસ્કારના શબ્દથી. આવા દુનિયાના દુઃખિયારા હારેલા થાકેલા સાથે વ્યવહાર કરવાનો તે 'અવિશેષતઃ', અર્થાત્ એમની પ્રત્યે ભેદ પાડ્યા વિના સમાન વાત્સલ્ય, કરુણા, પરદોષોપેક્ષાપૂર્વકનો કરવાનો. 'એક દીન-દુઃખિયારા આપણું કામ કરી જાય છે, માટે એને તો પ્રેમથી સંબોધીને આપો', ને 'બીજો આપણું કામ નથી કરતો માટે એને તુચ્છકારી–તિરસ્કારીને આપો', એમ નહિ. એ અનુચિત વ્યવહાર છે. વ્યવહાર સૌ દીન–હીન પ્રત્યે સમાન જોઇએ. એ શાસ્ત્રાનુસારે ઔચિત્યપૂર્વક આસેવન થયું. આંગણે માગવા આવ્યો છે ? આપવું. શ્રાવકનાં દ્વાર અભંગ હોય. દીન–હીનની પણ તેવી કર્મપરિણતિ છે, તેથી આપવું, પણ એના હૃદયને વીંધે એવા તોછડા ને ગાળ જેવા બોલ શા સારુ બોલવા ? જગતના જીવો બિચારા પોતાના કર્મથી તો પીડાઈ રહ્યા છે, વધારામાં આપણે એમને અનુચિત ટોણા-મેણાંથી શા માટે પીડવા ? એમાં તો આપણું હૈયું પણ બગડે છે. એવો બીજાના વાંકે આપણે દંડ શા માટે લેવો ? આપણે આપણા દિલમાં બગાડો શા માટે વહોરવો ?

આ 'ઔચિત્ય–સેવન'નો ગુણ બહુ મહત્ત્વનો છે. અહીં ચરમાવર્તમાં આવતાં ભાવમલનો બહુ ક્ષય થયો હોય એનું એ લક્ષણ બતાવ્યું. તો આગળ વધતાં જીવ અપુનર્બંધક અવસ્થા પામે ત્યાં પણ ત્રણ લક્ષણમાં એક ઔચિત્ય-ઉચિત–સ્થિતિનું સેવન એ લક્ષણ મૂક્યું. એમ આગળ સમકિતી શ્રાવકના ૨૧ ગુણોમાં અ–ક્ષુદ્રતાદિ ગુણ કહ્યા એમાં પણ ઉચિત વ્યવહારને સમાવ્યો.

માણસ ઔચિત્ય કયારે ચૂકે છે ? જ્યારે એના મનમાં પોતાનો અહંભાવ ને સ્વાર્થભાવ આવે છે ત્યારે. સામાને તુચ્છતાની દૃષ્ટિથી જોઇ અનુચિત વર્તે છે. આ અભિમાન ખોટું છે. કેમ જાણે 'પોતે ગુણનું નિધાન ! અને બીજા પાપી દોષ ભરેલા, નીચ અને હલકા !' આ દૃષ્ટિ ઝેરી છે.

આપણા દિલમાં આ ક્ષુદ્રતાનું ઝેર ભળે ત્યાં શુદ્ધ ચૈતન્ય નષ્ટ થઇ જાય છે.

દિલ સારું રાખવા ડાંડ પર ગુસ્સો નહિ.

શાસ્ત્ર તો કહે છે,–'ભીખ માગવા આવેલો ભલે તગડો છે અને એની પાસે ખાવા પીવાનું

સાધન છે, છતાં ભીખ માગવાની કુટેવથી કરગરતો ભીખ માગતો આવ્યો છે, તો એને પણ તું આપ.' શા માટે ? એના કરગરવાના દુઃખ પ્રત્યે આપણા હૈયાના પરિણામ કઠોર ન થઈ જાય, પણ કૂણા રહે માટે. સામો ભીખ માગતો ટળવળી રહ્યો છે, ત્યાં જો એ ટળવળાટ દેખવા છતાં ન આપીએ, તો આપણા પરિણામ કઠોર થાય છે, એટલે આપણા પરિણામ કોમળ-કૂણા રાખવા માટે એને આપવું.

જૈન શાસનની સ્વ-પર કલ્યાણની અજ્વલ રીતિ-નીતિ અને અનુપમ વિચારધારા બહુ સમજવા જેવી છે. એ સમજીએ તો જિનશાસન પર ઓવારી જઈએ. મનને એમ થાય કે, 'અહો ! જગતમાં જિનશાસન વિના આ મહાવિવેક કોણ બતાવે ? આંગણે માગતો આવ્યો તો આપણા પરિણામ દયાના બન્યા રહે, હૈયું કઠોર ન થાય, માટે એને આપી દેવાનું.

પ્ર૦-પણ એવાની ડાંડાઇ પોષવાની ? એવાને તો સુણાવી દેવું જોઈએ ને કે ભીખ માગતાં શરમ નથી આવતી ?

ઉ૦-શાસ્ત્ર કહે છે,-**તું તારું સંભાળ, જગતની વહી વાંચવાની તારે જરૂર નથી; નહિતર તું જગતના ઉકરડા તારા દિલ-બગીચામાં ઘાલનારો થઈશ.** એથી તારી વિચારધારા કષાયવાળી એટલે મલિન બનશે, નિર્મળ નહિ રહે. જગતને સુધારવાનું આપણા હાથની વાત નથી. ડાંડની સામે ગુસ્સાથી તુચ્છકારના હલકા બોલ બોલવાનો અનુચિત વ્યવહાર કરવાથી ડાંડ સુધરવાના નથી, અને તું ઉચિત વાણી-વ્યવહાર તથા ઉચિત દાન-વ્યવહારનો ગુણ કમાવાની અને કોમળ નિર્મળ પરિણામ કમાવાની તક ગુમાવશે. યાદ રાખો,-

'જગતની વહી વાંચવામાં આપણું ગુમાવવાનું છે, માટે પરતપ્તિ-પરસંતાપ વિના ઉચિત વ્યવહાર આદરવો.'

સાધુએ પણ ઔચિત્ય પૂર્વકનો વ્યવહાર સાચવવાનો છે. પોતે તપ કરી શકતો હોય તેથી બીજા તપ નહિ કરનારને તુચ્છકારવા તિરસ્કારવાના નહિ. એમ, પોતે શાસ્ત્રો સારા ભણ્યો હોય તેથી એવી જ્ઞાન-પ્રાપ્તિ વિનાનાને હલકી નજરે જોવાના નહિ. એવાને ઉચિત બોલથી આવકાર-આશ્વાસન-પ્રોત્સાહન આપવાનું, પોરસ ચડાવવાનું, એ ઉચિત વ્યવહાર. ઉચિત વ્યવહારના લાભ ઘણા. અનુચિત વ્યવહારથી રગડાઝગડા થાય, પોતાની અપકીર્તિ થાય, સ્વપરને સંતાપ થાય, સામાને હૃદય-ભંગાદિ નુકસાન થાય,....વગેરે વગેરે અનર્થોથી ઉચિત વ્યવહારના પ્રભાવે બચી જવાય, અને શાંતિ, કીર્તિ, હૃદયોલ્લાસ વગેરે મહાન લાભ પ્રાપ્ત થાય. ભાવમળનો પુષ્કળ ક્ષય થવાના પ્રતાપે આ ઔચિત્ય પૂર્વકનો વ્યવહાર બની આવે.

ઔચિત્ય પૂર્વકના વ્યવહારનું ઠેઠ સાધુ અવસ્થા સુધી કેવું કે મહત્ત્વ છે એ શાસ્ત્રોમાં સાધુની વિવિધ ચર્યા આચાર વગેરેમાં જોવા મળે છે. 'ચોગસાર' શાસ્ત્ર બતાવે છે, કે 'મુનિ વચન કેવાં બોલે ? તો કે શાંત, મધુર અને કષાયના સ્પર્શ વિનાનાં. એટલે વક્ર નહિ, પણ સરળ, કટુ નહિ પણ પ્રિય, કર્કશ અભિમાની બોલ નહિ પણ કોમળ નિરભિમાન બોલ બોલે. કેમ વારુ ? સામાને સંતાપ ન થાય. તેમાં પોતાને પણ એવા અનુચિત બોલનું પરિણામ બરાબ દેખાતાં પસ્તાવો સંતાપ ન થાય,-આવા સરળ મધુર મૃદુ બોલ હોય. એના માટે લોક પણ કહે છે,-'ભાઈ યોગ્ય બોલી જાણે છે.' આમાં ઉચિત વચન-વ્યવહારનું આચરણ છે.

અનુચિત વચન બોલનારો બીજાનું પ્રિય કરી ય ન શકે, અને બીજાને પ્રિય લાગી ય ન શકે.

ઉચિત બોલનારો બીજાનું પ્રિય કરી ય શકે, બીજાને પ્રિય લાગી ય શકે.

સૌનું પ્રિય કરનારો સૌને પ્રિય લાગે.

ઉન્નતિનું પગલું માંડવું છે? વાણી-વર્તાવને ઔચિત્ય-પૂર્વકના બનાવો. ઔચિત્યનો મહિમા ઠેઠ વીતરાગ બનવા સુધી છે. ઔચિત્ય ચૂકો એટલે ઉન્નતિમાં અંતરાય લાગે છે. માટે જે કાંઇ કરો-જ્ઞાન ભણો, સેવા કરો, તપસ્યા કરો,- બધે જ ઔચિત્ય જાળવવાનું; ને તો જ એ દીપી ઊઠે. કહ્યું છે—

औचित्यं परमो बन्धुरौचित्यं परमं सुखम् ।
धर्मादिमूलमौचित्य-मौचित्यं जनमान्यता ॥

—અર્થાત્ ઔચિત્ય એ શ્રેષ્ઠ બંધુ છે, ઔચિત્ય શ્રેષ્ઠ સુખ છે, ધર્મ વગેરેનું મૂળ ઔચિત્ય છે, ઔચિત્ય એ લોકમાન્યતા-લોક-પ્રિયતા છે.

જીવન સુખરૂપ અને માનવંતુ ચાલવામાં સગો ભાઈ જેટલો સહાયક નહિ થાય, એટલું ઔચિત્ય સહાયક થાય છે. માટે ઔચિત્ય એ શ્રેષ્ઠ બંધુ છે. અથવા કહો, દુઃખ સંકટમાં સગો ભાઈ જે હુંફ ન આપી શકે, એ હુંફ આપનાર ઔચિત્યનું પાલન છે. ઉચિત વ્યવહાર ચીજ એવી છે, કે જીવને સ્વસ્થ રાખે. બીજા-ઓની સાથે ઔચિત્યથી વર્તે, ઔચિત્યથી બોલે-ચાલે, એટલે બીજાને પ્રિય થાય, બીજાઓ ભાઈની જેમ સ્નેહી બને, હુંફ આપનાર બને. ઔચિત્ય એ પરમસુખ એટલા માટે છે, કે સર્વત્ર ઔચિત્યથી વર્તે, એને હૈયે નિશ્ચિન્તતા હોય. હિસાબ એક રાખ્યો હોય કે,

ઔચિત્યથી પરમ સુખ કેમ? :—

'આપણે કષ્ટ પડે તો કષ્ટ, કિન્તુ **બીજાઓ સાથે ઔચિત્યથી વર્તવું**.'

એને એણે જીવનનો મુદ્રાલેખ બનાવ્યો હોય. એટલે એ રીતે વર્તવામાં જ એને મહાસુખ લાગે. બીજી બાજુ એના ઉચિત બોલ ઉચિત વર્તાવથી બીજાઓ તરફથી પ્રેમ-પ્રશંસા મળતી હોય અને પોતાને અનુચિત વ્યવહારથી સંભવિત સંઘર્ષ વગેરે કશું નડતું ન હોય, એટલે સ્વાભાવિક છે, કે પોતે ઉલ્લાસમાં રહે, પ્રસન્ન રહે, પરમ આનંદ પરમ સુખમાં ઝીલતો રહે. માટે ઔચિત્ય એ પરમ સુખ કહ્યું.

ઔચિત્ય એ ધર્માદિનું મૂળ છે.

ધર્માદિ એટલે ધર્મ, સદ્‌ગુણો, સુકૃતો વગેરેનો મૂળ પાયો છે; કેમકે જો ઉચિત રીતે બોલવા-ચાલવા-વર્તવાનું, યાવત્ ઉચિત રીતે વિચારવાનું આવડે, તો સહેજે એની દૃષ્ટિ પાપમાંથી બહાર નીકળી ધર્મ પર જ જાય, દોષમાંથી બહાર નીકળી ગુણ પર જ જાય. દા. ત. હિંસાને બદલે અહિંસાનો માર્ગ ક્યારે સૂઝે? ત્યારે જ કે જો ઉચિત રીતે વિચારે, કે જેમ મારો જીવ મને વહાલો છે તો મારી હિંસા કોઈ કરે એ મને ગમતું નથી, એમ દરેક જીવને પોતાનો આત્મા વહાલો છે, તો એને પોતાની હિંસા ન ગમે એ સ્વાભાવિક છે. તો પછી કોઈ પણ જીવની હિંસા મારાથી કેમ કરાય? 'હિંસા કરવી ઉચિત જ નહિ' આમ ઔચિત્ય પૂર્વકના વિચારથી અહિંસા ધર્મનો જન્મ થાય છે. એવું સત્ય વગેરે બધા ધર્મ ઔચિત્ય પૂર્વકના વિચાર પર ખડા થાય છે. એમ,

જિનભક્તિનો ધર્મ પણ ઉચિત વિચારમાંથી જન્મે છે.

ઉચિત વિચાર આ, કે આજસુધી રાગ-દ્વેષ-મોહભર્યા અનંતાને માન્યા-ભજ્યા-પૂજ્યા, એમાં તો ભવમાં ભટકતા જ રહ્યા. માટે હવે તો વીતરાગને માનીએ-ભજીએ-પૂજીએ, એ જ ઉચિત છે, જેથી જેમ વીતરાગ દેવે પોતાના આત્માને જન્મ-મરણના ફાંસલામાંથી મુક્ત કર્યો, એમ આપણને પણ એમના આલંબને મુક્ત થવાનું મળે. આમ ઔચિત્ય એ ધર્મનું મૂળ છે. એ જ રીતે

ઔચિત્ય એ ક્ષમાદિ સદ્‌ગુણોનું પણ મૂળ છે :- ક્રોધાદિના વિચાર-વચન-વર્તાવ એ તદ્દન અનુચિત છે. ઔચિત્ય પૂર્વક પ્રવર્તવું

હોય તો ક્ષમા–નમ્રતા વગેરે ગુણનું જ આલંબન રાખવું જોઇએ. એવા ઉદારતા–સહિષ્ણુતા–ગંભીરતા વગેરે સદ્‌ગુણો પણ ઔચિત્ય પૂર્વકના વિચારમાંથી જન્મે છે. ઔચિત્ય એ ધર્માદ્દિનું મૂળ છે એમ,

ઔચિત્ય પૂર્વકના બોલચાલ વગેરેનો વ્યવહાર કરનારો જનમાન્ય બને છે. દા. ત. એને કયારેક કોઈને કડવું પણ કહેવું હશે તો એ ઔચિત્ય જાળવીને કહેશે.

બોલવામાં ઔચિત્ય શું જાળવવાનું ?

તો કે સામાને હિતનું પણ કડવું કહેતાં પહેલાં એના કોઈ સદ્‌ભૂત (હયાત) ગુણની પ્રશંસા કરો, પ્રોત્સાહન આપો, ઉપબૃંહણા–સમર્થન કરો, તો એના દિલમાં તમારા પ્રત્યે સદ્‌ભાવ ઊભો થઈ, તમારા હિતવચન માટે એના દિલમાં ઢાળ ઊભો થશે. હવે તમે જો કડવી પણ વાત એનાં પ્રોત્સાહિત કરેલા દિલમાં ઘાલો, તો તે વાત તરત એમાં પ્રવેશ પામશે, એ આનંદથી આવકારી લેશે, પ્રેમથી સ્વીકારી લેશે. એક નાનો દાખલો જુઓ.

બાપે પુત્રની સિગારેટ છોડાવી :–

વિલાયતમાં એક બાપને પુત્રની બાનગી સિગારેટ પીવાની આદત છોડાવવી હતી, તે રજાના ખુશી–ખુશાલીના દિવસે એને કહે. "દીકરા ! મને જાણવા મળ્યું છે કે તું એક સારો સ્પોર્ટ્સમેન (ક્રિકેટ વગેરેનો બેલાડી) છે. તો તારે એના સાધનો સારા ઊંચા રાખવા જોઇએ. માટે લે આ પૈસા, સારામાં સારા સાધન લઈ આવજે, ને સારી ચોકસાઇ પૂર્વકની મહેનત કરજે. તો હું ઇચ્છું છું, કે તું લોકોમાં એક સારામાં સારા સ્પોર્ટ્સમેન તરીકે નામના મેળવે." છોકરાને આથી પાણી ચડયું, મનને થયું કે 'મારા બાપુજી કેવીક મારી કદર કરે છે ! કેવીક કિંમત આંકે છે !' એના દિલમાં બાપ કહે તે શબ્દોનો ઢાળ ઊભો થયો. એમાં હવે બાપ કહે છે,—

'જોજે દીકરા ! એક ખ્યાલ રાખજે. સારો સ્પોર્ટ્સમેન થવું હોય એની છાતી મજબૂત જોઇએ, અને ડાક્ટરો કહે છે કે દારૂ–કોકીન–સિગરેટ વગેરે બદીઓ છાતીને–ફેફસાને–હાર્ટને કમજોર કરે છે. તેથી તેમાં તું કદી ફસાતો નહિ. કુમિત્રો એનો આગ્રહ કરતા આવે તો પણ એમની શરમમાં ન પડીશ, ને એ બદીઓમાં ન ફસીશ. એથી પણ તારી છાતીનો પાવર વધશે, ને તું દુનિયાનો નામી બેલાડી થઇશ.'

બસ, કહેવાની જરૂર નથી કે એજ વખતે દીકરાએ પોતાની બાનગી સિગારેટની આદતનો સ્વીકાર કર્યો. આંખમાં આંસુ સાથે બાપની ક્ષમા માગી, ને ત્યાં ને ત્યાં બીસામાંના સિગારેટ પાકિટને બહાર કાઢી તોડી ફોડીને ફેંકી દઇ જીવનભરની એના ત્યાગની પ્રતિજ્ઞા કરી. ઔચિત્ય પૂર્વકના બાપના બોલથી દીકરામાં વ્યસન–ત્યાગનો ગુણ આવ્યો.

બાપે દીકરાને બોલ બોલતાં ઔચિત્ય એ સાચવ્યું કે, ભલે સિગારેટ–ત્યાગના હિતની વાત કરવી છે, પરંતુ પહેલે તબક્કે ઠપકાનાં કડવાં વચન ન કઢાય. પહેલાં તો સામાના દિલમાં એના બીજા ગુણની પ્રશંસાના બોલ વગેરેથી પ્રેમ–સદ્‌ભાવ વધારી દેવા જોઇએ, જેથી પછીથી સામામાં કડવા ઠપકાના બોલ ગ્રહણ કરવાની ભૂમિકા ઊભી થાય.

સોનાની પણ તપાવેલી લગડી સીધી કોણ હાથમાં લે ? એ તો હજી ઠંડી પેટીમાં મૂકીને તે આપી હોય તો હાથમાં લે. એમ અહીં કડવા ઠપકાના બોલને ઠંડી પ્રશંસા–સૂચક શબ્દોની પેટીમાં મૂકીને અપાય તો સામો ઝીલે. ઔચિત્ય પૂર્વકના બોલ–ચાલ–વ્યવહારનો આ પ્રભાવ છે કે સામાનો હૃદય–પલટો કરાવી દે. આપણા ઔચિત્યપૂર્ણ વર્તાવથી સામો પોતાની ભૂલ સમજે, ને સ્વેચ્છાએ ભૂલ સુધારી લે. પેલા બાપની એવી વાણીથી છોકરાએ ભૂલ સુધારી નાખી ને ?

(ટીકા-) यतश्चैवमतः-

(મૂલ) एवंविधस्य जीवस्य,
भद्रमूर्तेर्महात्मनः ।
शुभो निमित्त-संयोगो,
जायतेऽवञ्चकोदयात् ॥३३॥

(ટીકા,-) 'एवंविधस्य जीवस्या'नन्तरोदित-लक्षण योगिनो, 'भद्रमूर्तेः' प्रियदर्शनस्य महात्मनः सद्वीर्ययोगेन किमित्याह 'शुभः' प्रशस्तः क इत्याह 'निमित्तसंयोगः' सद्योगादि-संयोगः सद्योगादीनामेव निःश्रेयस-साधन-निमित्तत्वात् जायते । कुत इत्याह 'अवञ्चकोदयात्' वक्ष्यमाणसमाधिविशेषोदयादित्यर्थः ॥ ३३ ॥

(ટીકાર્થ-) જે કારણથી આવું છે એટલા માટે

(ગાથાર્થ-) એવા પ્રકારના કલ્યાણ-મુદ્રાવાળા મહાત્મા જીવને અવંચકના ઉદયથી શુભ નિમિત્ત-સંયોગ પ્રાપ્ત થાય છે.

(ટીકાર્થ-) એવા પ્રકારના જીવને અર્થાત્ પૂર્વે કહેલ ૩ લક્ષણથી સંપન્નને 'ભદ્રમૂર્તિ' પ્રિયદર્શનને, અને સદ્વીર્યના યોગથી મહાત્મા બનેલાને સત્વીર્ય-પુરુષાર્થના યોગે 'શુભ'યાને પ્રશસ્ત 'નિમિત્ત સંયોગ' એટલે કે સમ્યક્ યોગાદિ-નિમિત્તોનો સંયોગ બની આવે છે; કેમકે સમ્યક્ યોગાદિ જ મોક્ષના સાધનનું નિમિત્ત છે. આ કયા કારણે ? તો કે હવે કહેવાશે તે સમાધિવિશેષરૂપ ત્રણ અવંચકનો ઉદય થવાથી.

વિવેચન :— ભાવમલ બહુ પ્રમાણમાં ક્ષીણ થયો હોય ત્યારે જીવ ચરમાવર્તમાં આવે છે, ને ત્યાં દુઃખિત જીવો પર અત્યંત દયા વગેરે સુ-લક્ષણો ઊભા થાય છે. એટલે જ એવા સ્વરૂપવાળો જીવ કેવો બને છે, તે ગાથા ૩૩મી માં બતાવે છે.

ગ્રંથકાર મહર્ષિ કહે છે, કે આવા લક્ષણવાળો જીવ ભદ્રમૂર્તિ બને છે.

'ભદ્રમૂર્તિ' એટલે કે કલ્યાણમૂર્તિ, અર્થાત્ કલ્યાણ મુદ્રાવાળો, 'પ્રિયદર્શન'-અર્થાત્ જેનું દર્શન બીજાને પ્રિય લાગે એવો બને છે. સ્વાભાવિક છે, કે દુઃખિત જીવો પર અત્યંત દયાવાળો હોય એટલે જીવોને એનું દર્શન સહેજે પ્રિય લાગે. એમ, બધા પ્રત્યે ઔચિત્યથી વર્તનારો હોય એટલે સહેજે સૌમ્ય મુદ્રા-મુખાકૃતિ અને સૌમ્ય વાણીવાળો હોય. એનું પણ દર્શન પ્રિય લાગે એમાં નવાઈ નથી. દુનિયામાં જુઓ તો દેખાશે કે અસૌમ્ય રૌદ્ર ચહેરાવાળા પાસે લોક ઓછું જાય છે, કોઈ વાત કરવાની જરૂર હોય તો ટૂંકે પતાવે છે, ગભરાય છે કે સામો કાંક ધમધમશે તો નહિ? એવું અસૌમ્ય યાને ઉગ્ર-તીખું તમતમતું બોલવાવાળા સાથે પણ એટલાજ માટે લોક ઓછો પ્રસંગ પાડશે. એવાનું પણ દર્શન બીજાને પ્રિય ન પડે. એમ ગુણવાન પર દ્વેષ કરતો હોય, એમની નિંદા કરતો હોય એ પણ લોકમાં પ્રિય ન બને, લોકને એનું દર્શન પ્રિય ન હોય. આ હિસાબ છે-

જગતમાં પ્રિય દર્શનવાળા બનવું હોય તો દુઃખિત પર અત્યંત દયાળુ તેમજ ગુણવાન પર દ્વેષ-ઈર્ષ્યા વિનાના, અને સૌમ્યતા કેળવી ઉચિત વ્યવહારવાળા બનો.

વળી ત્રણ લક્ષણવાળો એ ભદ્રમૂર્તિ ઉપરાંત મહાન આત્મા છે, મહાત્મા છે; કેમકે એ સદ્વીર્યને ફોરવનારો છે, સત્પુરુષાર્થને પ્રગટાવનારો છે.

ઘરમાં ઉચિત વ્યવહાર આશીર્વાદ રૂપ:-

ઔચિત્યપૂર્ણ વાણી-વર્તાવ માટે બીજાનો વિચાર રાખવો અત્યંત જરૂરી છે. 'સામો કઈ પરિસ્થિતિમાં છે, અત્યારે જે કરી રહ્યો છે એ કેવા સંયોગને લીધે, એના દિલને કઈ રીતે શાતા મળે, શાંતિ મળે,...' આ બધો વિચાર

હોય તો સામાને ન્યાય આપવાનું ને શાંત ઉપજાવવાનું ખ્યાલમાં રાખી ઉચિત બોલ બોલશે, ઉચિત વર્તાવ વ્યવહાર કરશે.

દા. ત. વહુના હાથે ઘીની લોટી ઢળી ગઈ. સાસુ જુએ છે કે 'આ મહેમાનની રસોઈ કરવાની વ્યગ્રતામાં વહુના હાથે ભૂલથી ઘીની લોટી ઢળી. વળી હવે એ વ્યગ્રતામાં ઘી ઢળવાથી હતાશ અને ઠપકાથી ડરી ભયભીત થઈ ગઈ છે, તો અત્યારે ઉચિત એજ છે કે એની પરિસ્થિતિને ન્યાય આપવો, અને ભયવ્યાકુળ દિલને શાંતિ આપી ફોરું કરી દેવું.'–એમ વિચારી સાસુ તરત કહે,– 'વહુ! વહુ!

જરાય મુંઝાઈશ નહિ. આમાં શું મોટું બન્યું છે? મેમાનોની રસોઇની જંજાળમાં લોટી ઢળી પડે એ બનવા જોગ છે, ને એમ તો મારા હાથે દશ લોટીઓ ઢળી હશે. તું જરાય ચિંતા ન કરીશ, ઘી પર કપડું પાથરી દે, માખી પડીને ન મરે. બાકી ચક્રવર્તીઓને મોટા છ ખંડ ખોવાઈ ગયા તો આપણે થોડુંક ઘી ઢળ્યું એમાં આપણે એવું તે શું મોટું ગુમાવ્યું છે?' આમ વહુને ઔચિત્યપૂર્ણ બોલથી આશ્વાસન આપવાનો સત્પુરુષાર્થ સાસુએ કર્યો, તો વહુને ભારે હુંફ વળે. એ રાત્રે સાસુના પગ દાબવા જાય.

આપણો ઔચિત્યપૂર્ણ વ્યવહાર સામાનો હૃદય–પલટો કરાવી નાખે.

પેલી વહુને સામાજિક કાર્યકર્તાએ શિખવાડવાથી સાસુ પ્રત્યે ઔચિત્યવાળા વ્યવહારનો પ્રસંગ આવે છે ને? બંને વઢકણા હતા, પરંતુ હવે વહુ તો સાસુના ઠપકા–ટોણા–મેણા પર હાથ જોડી એટલું જ કહે છે, 'બાઈજી! હું જેવી છું. તેવી છું, તમારે જ દીકરીની જેમ નભાવવાની છે.' સામો ઉકળાટમાં છે, એને આવા જ બોલ આપવા ઉચિત ગણાય; અને ચમત્કાર થયો, વહુના વારંવાર આ ઔચિત્યપૂર્ણ બોલ પર ત્રણ દિવસમાં સાસુનો હૃદયપલ્ટો થઈ ગયો! હવે તો કર્કશ બોલ બંધ; તે વહુને દેવી માને છે! બધે કહેતી ફરે છે,–'મારી વહુ તો દેવી જેવી છે.'

આવા દયા–અદ્વેષ–ઔચિત્ય લક્ષણવાળો આત્મા મહાત્મા બને છે. કેમકે એણે સદ્વીર્ય ફોરવ્યું છે.

મહાન આત્મા અને અધમ આત્મામાં આ ફરક છે.

અધમ આત્માનું વીર્ય–પુરુષાર્થ દ્વેષ–દુષ્કૃત્યોના માર્ગે વપરાય છે, ત્યારે મહાન આત્માનું વીર્ય–પુરુષાર્થ ગુણ–સુકૃતના માર્ગે વપરાય છે.

આ જ સત્ વીર્ય છે, કે જે દયા–ઔચિત્યાદિ સદ્ગુણ–સત્કૃત્યોમાં વપરાય. દ્વેષો–દુષ્કૃત્યો તો જીવને અનંતા કાળના પૂંઠે લાગેલા છે, એને સેવવામાં મહેનત નથી પડતી. મહેનત તો એને અટકાવી સદ્ગુણ સુકૃત્ય સેવામાં લગાવવી પડે છે; અને આ ઉચ્ચ માનવભવની વિશેષતા જ આ છે કે ચાહીને મન મારીને દ્વેષ–દુષ્કૃત્યો અટકાવવાની મહેનત કરી શકીએ, અટકાવવાનું વીર્ય ફોરવી શકીએ, એમ સદ્ગુણો સત્કૃત્યો કેળવવાનું વીર્ય ફોરવી શકીએ.

પ્રસ્તુતમાં દુઃખિત જીવો પર અત્યંત દયા વગેરે કેળવવામાં સદ્વીર્ય અજમાવવું પડે છે, ને તેથી એ આત્મા મહાન બને છે, મહાત્મા બને છે.

આવા પ્રિયદર્શન મહાત્મા જીવને ત્રણ અવંચકના ઉદયથી શુભ નિમિત્ત–સંયોગનો લાભ થાય છે.

અહીં 'અવંચક' એક પ્રકારની ચિત્તની સમાધિ–વિશેષ છે, એનું વર્ણન આગળ કરવાના છે એ ત્રિવિધ અવંચકનો ઉદય થવાથી જીવને (૧) 'સત્યોગ' યાને સદ્ગુરુ યોગ, (૨) સત્ક્રિયા, અને (૩) સત્ ફળ પ્રાપ્ત

થાય છે. આ સદ્‌યોગાદિનું મહત્વ એ છે કે નિઃશ્રેયસ–મોક્ષનાં જે સાધન છે સંયમ-વિશુદ્ધિનાં અધ્યવસાય સ્થાનક તથા એનાં પ્રેરક સમ્યગ્‌દર્શન–જ્ઞાન-ચારિત્ર છે એ પામવામાં સદ્‌યોગાદિ પ્રબળ નિમિત્ત બને છે. આ સદ્‌યોગ યાને સદ્‌ગુરુયોગ વગેરે નિમિત્તનો યોગ તો થવો જ જોઈએ, અને એ શુભ નિમિત્ત–સંયોગ દ્વયાદિ ત્રણ લક્ષણવાળાને બની આવે છે. ધ્યાનમાં રહે કે સદ્‌ગુરુયોગ આદિ આ ત્રણ લક્ષણવાળાને જ બની આવે, લક્ષણહીનને નહિ. અહીં પૂછો–

પ્ર૦–સદ્‌ગુરુ તો જગતમાં વિચરતા હોય છે, તો એમનો યોગ તો લક્ષણહીનને પણ થાય છે, તો 'સદ્‌ગુરુયોગ દ્વયાદિ ત્રણ લક્ષણવાળાને જ મળે' એમ કેમ કહ્યું ?

ઉ૦–આ સદ્‌ગુરુ–યોગ એ સામાન્ય મેલાપ સ્વરૂપ નથી સમજવાનો; કેમકે એવો મેલાપ તો અભવી જીવને ય થાય, પણ તેથી કાંઈ એણે સદ્‌ગુરુયોગ સાધ્યો ન કહેવાય. કેમકે એને સદ્‌ગુરુ–મેલાપ નિષ્ફળ છે, કારણ કે એ કાંઇ એને ઊંચે ન ચડાવી શકે, એનામાં એવા મેલાપ માત્રથી શુભ ભાવ, શુભ પરિણતિ, શુભ લેશ્યા ન આવી શકે. ત્યારે,

આત્માની ઉન્નતિ શુભ ચિત્ત–પરિણતિ પર આધારિત છે.

અને એનો અધિકારી દ્વયા-ઔચિત્યાદિ ત્રણ લક્ષણવાળો જ હોય છે.

પ્ર૦–ઠીક છે, પરંતુ સદ્‌ગુરુયોગાદિ દ્વયાદિ ત્રણ લક્ષણના હિસાબે જ થાય એવું કેમ ?

ઉ૦–કારણ એ છે, કે દુઃખિત જીવો પર દ્વયા આદિ લક્ષણવાળો કોમળ હોઈ સાધુયોગને વાસ્તવિક સદ્‌ગુરુયોગરૂપ બનાવી શકે છે. આ સદ્‌યોગ એ કાંઈ નિષ્ફળ સામાન્ય મિલાન–મેલાપ નથી; કિન્તુ અંતરાત્મામાં ગુરુ તરીકે વધાવી લઇ એમના યોગને સફળયોગરૂપ બનાવવો એ સદ્‌યોગ છે.

આ પરથી સમજાય એવું છે કે નવરા પડ્યા, સાધુ પાસે ગયા, ને ત્યાં 'હું કેવો અહીં આવું છું !' એમ આપ બડાઈ માનીને બેઠા, યા વાતોના તડાકા મારતા બેઠા, એ કાંઈ સદ્‌ગુરુયોગ નથી. કેમકે એમાંથી કશી સારી ક્રિયા, સારું ફળ નીપજતું નથી....ત્યારે ત્રણ લક્ષણ વાળા ભદ્રમૂર્તિ મહાત્માને એ નીપજે છે. માટે એમને સાધુયોગ થાય તે આંતરિક સદ્‌ગુરુયોગ રૂપે પરિણમે છે. 'આંતરિક ગુરુયોગ' એટલે અંતરમાં પોતાને લાગે કે હું અધમ સાંસારિક વાસનાઓથી ઘેરાયેલો, એવા મને અહો ! એમાંથી છોડાવનાર ત્યાગી ગુરુ મળ્યા ! ઉત્તમ પ્રાપ્તિ થઈ !' આ લાગવાનું. સાધુ પાસે વાતોડિયાગીરી કરનારને આવું લાગવાનું ક્યાંથી હોય ? એને તો કદાચ એમ થાય, કે 'વાત-વિસામા માટે સાધુ ઠીક મળ્યા છે.' આ શું એના દિલમાં સદ્‌ગુરુયોગ આવ્યો ? ના, મિત્રયોગ આવ્યો ગણાય.

સાચો સત્‌યોગ યાને સદ્‌ગુરુયોગ આવે અને પછી વંદનાદિ સત્‌ક્રિયાયોગ આવે. એ આવે એને પછી સદુપદેશરૂપ સત્‌ફળયોગ આવે. આમ સદ્‌યોગાદિ ત્રણને અવંચક કહે છે.

આ કોને પ્રાપ્ત થાય ? તો કે 'દુઃખિત પર અત્યંત દ્વયા' આદિ ત્રણ લક્ષણવાળા ભદ્રમૂર્તિ સદ્‌વીર્યયોગથી મહાત્મા બનેલા જીવને આવે.

અહીં સવાલ થાય,-શું મહાત્મા બનવા માટે સદ્‌વીર્ય ફોરવવું પડે ? આનો ઉત્તર કહે છે,—

સદ્‌વીર્યને ફોરવે તે મહાત્મા.

જીવે અનંતાકાળમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિમાં આત્મ–વીર્ય તો ઘણું ફોરવ્યું, પરંતુ તે અસત્ વિષયોમાં; માટે તે અસદ્ વીર્ય–યોગ કહેવાય. અહીં અસદ્ વિષય તરીકે છે

દુઃખિત જીવો પર કઠોરતા, ગુણવાન પર દ્વેષ, અને અનુચિત વ્યવહાર. એ કઠોરતા વગેરે કરવામાં જે વીર્યનો ઉપયોગ કર્યો એ અસદ્ વીર્ય-યોગ કહેવાગ. 'સદ્વીર્ય-યોગ' સદ્ વિષય યાને શુભ-સમ્યગ્ વિષયમાં વીર્ય ફોરવાય તે. દા. ત. દુઃખિત જીવો પર અત્યન્ત દયા એ શુભ વિષય છે, સદ્વિષય છે. એમાં વીર્ય ફોરવાય એ સદ્વીર્ય-યોગ કહેવાય. ત્યાં પછી એ ન જોવાય કે 'આ દુઃખિત જીવ મારો મિત્ર સ્નેહી-કુટુંબી યા શિષ્ટ પુરુષ છે? કે શત્રુ, વિરોધી, પારકો યા દુષ્ટ પુરુષ છે?' આવું કશું ન જોવાય. એ તો દુઃખિતને જોતાં પોતાના કે પારકાનો ભેદ પાડ્યા વિના એના પર મન દયાભીનું બની જાય.

ચંડકોશિક પ્રત્યે મહાવીરનું સત્વીર્ય :-

મહાવીર ભગવાનને લોકોએ ભયંકર દુષ્ટ ચંડકોશિક સાપના રસ્તે ન જવા વિનવ્યા; પરંતુ ભગવાને અવધિજ્ઞાનથી એને સંયમી માનવભવથી ભૂલેલો ને એટલે જ અત્યંત દુઃખિત તરીકે જોયો હશે, એટલે જ લાગે છે કે એના પરની અત્યંત દયાથી પ્રેરાઈ ને પ્રભુ સર્પના રસ્તે ચાલ્યા ! અને એના સીમાડામાં કાયોત્સર્ગસ્થાને ઊભા રહી ગયા ! કેમ વારુ ? કહો, એ જીવનો ઉદ્ધાર કરવાની અત્યંત દયા કરવી હતી. આવી દયા કરવામાં આત્માએ કેટલું બધું સત્વીર્ય ફોરવવું પડે? પછી એ દયા કરવામાં પ્રભુને સર્પદંશ સહવા પડ્યા, સહ્યા, એ સહવામાં જે વીર્ય ફોરવ્યું એ સદ્વીર્ય. એવા સદ્વીર્યના યોગથી પ્રભુનો આત્મા મહાન હતો, મહાત્મા હતો.

ગુણવાન પર અદ્વેષમાં સત્વીર્ય :-

ગુણવાન પર અદ્વેષ એટલે કે દ્વેષ-માત્સર્ય-ઇર્ષ્યા-અસૂયા (અસહિષ્ણુતા) અટકાવવામાં પણ આત્માએ સદ્વીર્ય ફોરવવું પડે છે. ત્યાં પણ દયાની જેમ એ ન જોવાય, કે 'આ ગુણવાન તો મારો વિરોધી છે.' ફક્ત આટલું જ જોવાનું કે ગુણવાન છે ને? તો ગુણવાન પ્રત્યે દ્વેષ-માત્સર્ય-ઇર્ષ્યા ન કરાય. ભલેને પોતાના વિરોધીએ પણ પ્રભુનો ઓચ્છવ કર્યો, પ્રભુને ભવ્ય આંગી રચાવી, ત્યાં ઇર્ષ્યાથી થતી ઓચ્છવ-આંગીની નિંદા એ નહિ કરે, પરંતુ અનુમોદના કરશે, કે 'સારું થયું આ જિનભક્તિ મહોત્સવ અને અંગરચનાનાં દર્શન દ્વારા અનેક જીવો જિનભક્તિમાં જોડાશે, અનેકોને શુભ અધ્યવસાય જગાવવાનું સાધન બનશે. લગ્નોત્સવ વગેરે તો અનેકોને અશુભ ભાવ પાપાનુમોદન અને રાગાદિ-કષાયના પ્રેરક બને છે, ત્યારે જિનભક્તિ મહોત્સવ અનેકોને શુભ ભાવના અને જિનભક્તિના પ્રેરક બને છે. ધન્ય છે એને !' ગુણવાન પર દ્વેષવાળો આવું ન વિચારી શકે, ન બોલી શકે. આ દ્વેષ અટકાવવો એમાં સત્પુરુષાર્થ જોઇએ છે.

ઔચિત્યપાલનમાં સત્વીર્ય :-

ઔચિત્ય જાળવીને વ્યવહાર કરનારો સામાનો વિચાર કરનારો છે કે 'મારા અનુચિત બોલ કે વર્તાવથી સામાના દિલને આઘાત લાગે, માટે એવા અનુચિત બોલ વર્તાવ ન કરું.' આમ સામાનો વિચાર રાખવામાં સામાની અનુકુળતા જોવામાં એકલી આંધળી સ્વાર્થ-બુદ્ધિને દબાવવી પડે છે, ને એ સદ્વીર્ય સત્પુરુષાર્થથી બને છે.

આમ, દયાદિ ત્રણે ગુણ લાવવામાં સદ્વીર્ય સત્પુરુષાર્થ કામ કરે છે. અચરમાવર્તમાં ભાવ મળના જોરથી આવા સત્પુરુષાર્થને અવકાશ જ નહોતો. ત્યારે ચરમાવર્તમાં આત્મા આવું સદ્વીર્ય પ્રગટ કરી શકે છે. એમ એ હવે અધમતામાંથી મહાનતામાં આવે છે, એને મહાન આત્મા યાને મહાત્મા બનાવે છે.

જીવનું મહાત્માપણું આ જ છે, કે એ સદ્વીર્ય સત્ પુરુષાર્થ પ્રગટ કરે.

આ સૂચવે છે કે મહાન બનવું છે ? તો શુભ ભાવ સાથે સત્ વીર્યને ફોરવો.

એકલા શુભ ભાવથી નહિ ચાલે. શુભ ભાવને સત્પુરુષાર્થથી સક્રિય બનાવવો જોઈએ. સાધુની આખા દિવસની ચર્યા શુભભાવ અને સત્પુરુષાર્થથી વણાયેલી હોય છે. માત્ર મનનો ઉપયોગ એમાં જોઈએ. દા. ત. આહાર કર્યા પહેલાં ચૈત્યવંદન કરે, શા માટે ? વીતરાગની ભક્તિ કરીને આહારાદિ કરે તો એમાં રાગ–દ્વેષ ન થાય. આહાર કર્યા પછી ચૈત્યવંદન કરે, તે શા માટે ? તો કે આહારાદિ કરતાં કદાચ સૂક્ષ્મ રાગદ્વેષાદિ થયા હોય, તો વીતરાગની ભક્તિથી એનો સંતાપ–પશ્ચાતાપ થઇને એનું ઝેર નીકળી જાય. અર્થાત્ અશુભ અનુબંધ પડ્યા હોય તો નષ્ટ થઈ જાય. આ સત્પુરુષાર્થ કાયિક–વાચિક–માનસિક ત્રણે રીતે કરવાનો છે.

વીતરાગને વંદન અર્થાત્ ચૈત્યવંદન કાયાથી કે વાણીથી કરાતું હોય અને મન બીજે રખડતું હોય, તો એ સમર્થ સત્પુરુષાર્થ ન થયો. એ તો મનનો ઉપયોગ પણ એમાં જોઇએ જ. એટલા માટે તો કહ્યું–

"ત્રિકરણયોગે વીનવું,
સુખદાયી હો શિવાદેવીના નંદ"

અર્થાત્ 'હે શિવામાતાના નંદ નેમિનાથ પ્રભુ ! હું ત્રિકરણ યોગે મન–વચન–કાયાના યોગથા વિનંતિ કરું છું.' મન વિનંતિમાં છે, વચન વિનંતિ બોલે છે, કાયા વિનંતિની અંજલિબદ્ધ મુદ્રાવાળી છે. જાણવા જેવું છે,–

પ્ર૦–સદ્વીર્યના યોગથી મહાત્માપણું કહ્યું, સદ્ભાવના યોગથી કેમ ન કહ્યું ? સદ્વીર્ય એટલે કે સદ્વિષયો ચારિત્ર તપ વગેરેનો પુરુષાર્થ. તો જીવે એ અચરમાવર્તમાં તો ઘણોય કરેલો, છતાં ત્યાં જીવમાં મહાત્માપણું નહોતું; જ્યારે સદ્ભાવથી મહાત્માપણું લઇએ, તો તે જીવને ચરમાવર્તમાં જ સદ્ભાવ હોવાથી બરાબર ઘટી શકે છે. માટે સદ્ભાવથી મહાત્માપણું કહેવું યથાર્થ નથી ?

ઉ૦–આત્માની ઉન્નતિ સત્પુરુષાર્થથા શરુ થાય છે, માટે સદ્વીર્યના યોગને હેતુ બનાવ્યો. પૂર્વે અનંતીવાર ચારિત્ર સુધીના પુરુષાર્થ થયા, પણ તે સત્ નહોતા, પાદ્ગલિક આશંસાભર્યા હોવાથી ભલે સંયમ તપ, પણ તે અસત્ હતા, તેથી ત્યાં જીવમાં મહાત્માપણું નહોતું, બાકી ચરમાવર્તકાળમાં સદ્ભાવને લાવનાર સત્વીર્યનો યોગ યાને સત્ પુરુષાર્થ જ છે. 'પંચવસ્તુ' શાસ્ત્રમાં કહ્યું છે, સદ્ભાવ વિના અનંતા દ્રવ્યસ્તવ (દ્રવ્ય ધર્માનુષ્ઠાન) ભલે નિષ્ફળ ગયા, ને તેથી અનુષ્ઠાન–ક્રિયા કરતાં ભાવનું **મહત્ત્વ** દેખાય, પરંતુ ચરમાવર્તમાં **જ્યારે ભાવસ્તવ–ભાવક્રિયા આવશે, ત્યારે તે દ્રવ્યસ્તવના આલંબને જ આવશે.** માટે દ્રવ્યસ્તવ યાને શુભાનુષ્ઠાનના સત્પુરુષાર્થનું મહત્ત્વ મોટું છે. દેખાય છે કે,–

વીતરાગ પ્રભુનું દર્શન કરતાં અંતરમાં વીતરાગ–આકર્ષણનો શુભ ભાવ જાગે છે, વધે છે. મહારથી દાન કરતાં કરતાં અંતરમાં દાનની પરિણતિ જાગે છે, ઉદારતાનો ભાવત્યાગનો ભાવ જાગે છે. દાનની ક્રિયા જ ન કરે, સુકૃતમાં પૈસા ખરચવાનું સમજ્યો જ ન હોય, પૈસા સાચવી રાખવાનું જ સમજ્યો હોય, એનામાં ઉદારતાનો ભાવ, ત્યાગનો ભાવ શી રીતે આવે ? આ સૂચવે છે, કે ઉન્નતિ માટે ભાવ કરતાં વીર્યયોગનું–પુરુષાર્થનું વધુ મહત્ત્વ છે. લોકો પણ, આ સદ્વીર્યયોગથી સમ્યક્ પ્રવૃત્તિ કરતા હોય, તેમને સારા આત્મા 'મહાત્મા' તરીકે ઓળખે છે; પરંતુ અસત્ પ્રવૃત્તિ કરનારને નહિ, ભલે એના અંતરાત્મામાં સત્ ભાવ સમ્યક્ ભાવ હોય.

સત્વીર્યયોગ કહીને વાચિક–માનસિક–કાયિક ત્રણે પ્રકારનો સત્ પુરુષાર્થ લીધો; એટલે પ્રભુને એક સ્તુતિ–નમસ્કાર પણ કરતા હોઇએ,

એ ત્રણે પ્રકારનો જોઇએ; નહિતર વાણી તો બોલે 'तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय', (ત્રિભુવનના જીવોની પીડાને હરનાર તમને હું નમું છું",) પરંતુ કાયા અક્કડ ઊભી હોય, કાયાને બે હાથ જોડી મસ્તક નમાવવાની પડી જ ન હોય, એટલે કાયાથી નમન ન આવ્યું, તેમજ મન આંખથી બીજું કશું જોવામાં લાગ્યું હોય, એટલે મનથી નમન ન આવ્યું. નમસ્કારનો ભાવ ન હોય તો એ નમસ્કારનો પુરુષાર્થ કેવો ? વીતરાગને નમસ્કાર એટલે કાયા નમે, વાણી નમે, મન નમે, એ સમ્યક્ વીર્યયોગ થયો, ને એમાં આત્માની મહાનતા કહેવાય. *પૂર્વના મહાન આત્માઓ એમને એમ મહાન* નથી ગણાયા, ચોવીસે કલ્લાકની જાગૃતિવાળા હતા.

આત્માની મહાનતા શુભ યોગોના અવિસંવાદથી :—

વાણીમાં જુદું, મનમાં જુદું, ને કાયામાં જુદું,—એમ યોગના વિસંવાદવાળા નહિ, પરંતુ અવિસંવાદી માનસિક-વાચિક-કાયિક યોગોવાળા હતા. યોગોમાં ઐક્ય હતું, માટે મહાત્મા ગણાયા.

અલબત્ કયારેક પરિસ્થિતિ વશે ત્રિવિધ યોગોનાં ઐક્ય સાચવી શકાય એમ ન હોય, ત્યાં ક્રમમાં ક્રમ માનસિક યોગ તો સમ્યક્ રાખવો જ જોઇએ. દા. ત. શ્રાવિકા ચૂલો સળગાવતી હોય ત્યાં કાયાથી હિંસાનો યોગ છે, પરંતુ માનસિક યોગ હિંસાના ખેદનો અને જયણાનો હોય. શાક સમારતી હોય ત્યાં વાણીથી 'શાક કાપું છું' ન બોલે, પણ 'શાક સુધારું છું' બોલે. એ વાણીમાં સત્ પ્રવૃત્તિ આવી.

આ પરથી એ પણ નક્કી થાય છે, કે

જ્યાં સત્પુરુષાર્થ—સત્પ્રવૃત્તિ ત્રિવિધે થવાને અવકાશ ન હોય, ત્યાં ક્રમમાં ક્રમ માનસિક સત્પ્રવૃત્તિ અર્થાત્ સદ્વિચારણાનો પુરુષાર્થ ગુમાવાય નહિ;

દા. ત. વાહનમાં મુસાફરી વખતે અલબત્ કાયિક યોગ આરંભ-સમારંભનો અશુભ ચાલી રહ્યો છે, પરંતુ મનથી જુદા જુદા મંદિરોના વીતરાગ પ્રભુને વંદના વિચારી શકાય, નમસ્કાર મંત્ર સ્મરી શકાય....વગેરે. આમ કરવાનું કારણ, **વીતરાગને વંદના એ અતિ મહાન યોગ છે.**

માટે તો (૧) 'અરિહંત ચેઇયાણં'ને 'સવ્વલોએ અરિહંત ચેઇયાણં' સૂત્રથી નજીકના અને સર્વલોકના અરિહંત-જિનબિંબોની બીજાઓ દ્વારા કરાયેલ વંદના-પૂજનાદિની અનુમોદનાના લાભ માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે.

(૨) 'धर्मस्य मूलभूता वंदना' એમ લલિતવિસ્તરા શાસ્ત્ર કહે છે. એ તો ત્યાં સુધી કહે છે, ભગવાનને ચૈત્યવંદન કરવાનું મળે ત્યાં મનમાં એવી ઉલટ ને અહોભાવ જાગે, કે 'અહો ! જે વંદનાએ ચિંતામણિ અને કલ્પવૃક્ષની ઉપમાને ફગાવી દીધી છે એવી ભગવાનના ચરણે વંદના કરવાનું મને પ્રાપ્ત થયું !' એમ વંદન પર અહોભાવ-ગૌરવ-બહુમાન એટલા બધા વધી જાય, કે આંખ હરખના આંસુથી ભરાઇ જાય ! અને શરીરે રોમાંચ ખડા થઇ જાય ! વાત સાચી છે,—

ચિંતામણિ—કલ્પવૃક્ષ માત્ર આ જીવનની સમૃદ્ધિ આપે, પરંતુ પુણ્ય, સદ્ગતિ, વગેરે પરલોક-સંપત્તિ ન આપી શકે; ત્યારે વીતરાગને વંદન એ આપી શકે છે.

માટે તો એક ઠેકાણે લખ્યું છે,—

'પરમેષ્ઠીને કરાતા નમસ્કારને જે ચિંતામણિ સમાન કહે છે તે બરાબર નથી, એમાં તો નમસ્કારની લઘુતા કરવા જેવું છે. કેમકે મોક્ષના અનંતા સુખ સુધીની સમૃદ્ધિ આપવા જે સમર્થ છે, એવા પરમેષ્ઠી નમસ્કારને ચિંતામણિ સાથે કેમ જ સરખાવી શકાય ? આવા ઉપમાતીત વીતરાગવંદન તથા પરમેષ્ઠી—નમસ્કાર વગેરેમાં સદ્વીર્યયોગ ફોરવવાનો; તે કેવો ફોરવવો ? રેઢિયાળ ?

આત્માને અધમમાંથી મહાન બનાવવો હોય, તો આ વંદન-નમસ્કારાદિ કેવા જોરદાર ત્રિવિધ સદ્‌વીર્ય-યોગથી કરાવા જોઇએ ?

ભલે ને આપણે વધુ ભણ્યા ન હોઈએ, પરંતુ હૈયામાં સદ્‌વિષય અરિહંતાદિનું અતિશય ગૌરવ વસ્યું હોય અને એમને વંદન નમસ્કાર એ કેટલું મહાન કર્તવ્ય, એ હૈયે વસ્યું હોય, તો આ પ્રબળ સદ્‌વીર્યયોગથી વંદન અઘરું નથી. દિલમાં અથાગ અહોભાવ ઊભરાય, બહુમાન વધતું જાય, તન-મન એમાં એકરસ એકતાન બની જાય, ત્યાં શુભ અધ્યવસાયોની જે લહેરી વધે, એ કેટલે ઊંચે પહોંચી જાય ! એના નાગકેતુ, કુમારપાળ મહારાજા, સીતા સાધ્વીજી વગેરે જબ્બર દૃષ્ટાન્તો છે.

નાગકેતુ પુષ્પ-પૂજા કરતાં આંગળીયે કરંડિયાનો સાપ ડસ્યો છે, છતાં એમણે વૈરાગ્ય-ભાવના અને વીતરાગ-ભક્તિ એવા વધારી દીધા કે ઠેઠ શુકલ ધ્યાન અને કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા !

મહારાજા કુમારપાળ અષ્ટપ્રકારી પૂજા પછી આરતિ ઉતારતાં ભાવનામાં ચડ્યા તો પ્રભુને છ ઋતુનાં ફૂલ ન ચડાવું ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ !-એવી પ્રતિજ્ઞા કરી લીધી.

સીતા સાધ્વીજીએ અરિહંત પર કેવાક ગારવ-બહુમાન-ભક્તિભાવ વધારી દીધા હશે કે ત્યાંથી મરીને બારમા દેવલોકના ઇન્દ્ર અચ્યુતેન્દ્ર થયા. જેમને ૨૨૦ કોટાકોટિ પલ્યોપમના કાળ સુધીમાં જન્મ પામનારા અસંખ્ય તીર્થંકર ભગવાનનો મેરુશિખર પર પહેલો જન્માભિષેક કરવાનો અત્યુત્તમ લાભ મળવાનો !

શેમાં સદ્‌વીર્યના ઉપયોગથી મહાનતા ?

જોવાનું આ છે, કે જે સત્‌વીર્યનો ઉપયોગ જીવમાં મહાનતા લાવે છે, એ સત્‌ વીર્યને મન-વચન-કાયા ત્રણેયની કેવીક પ્રવૃત્તિમાં ક્રમે લગાડવું જોઇએ કે જેથી આત્મામાં ખરેખર મહાનતા આવે ! પ્રસ્તુતમાં દુઃખિત જીવો પર અત્યંત દયા આદિ ત્રણ ગુણોમાં પણ એવું સદ્‌વીર્ય ક્રમે લગાડવું પડે છે. એવા સદ્‌વીર્યના ઉપયોગથી દયાદિ કરતાં આત્મા મહાત્મા બને છે.

અહીં ગ્રંથકાર મહર્ષિ જે કહી રહ્યા છે, કે આવા ઉત્તમ લક્ષણવાળા અને સદ્‌વીર્ય-યોગથી પ્રિયદર્શન મહાત્મા બનેલા જીવને અવંચકના ઉદયથી સદ્‌યોગાદિનો શુભ સંયોગ પ્રાપ્ત થાય છે, જે મોક્ષ-સાધનમાં નિમિત્તભૂત છે. એમાં જીવનો સુંદર ઉત્થાનક્રમ બતાવ્યો. એથી એ પણ સૂચવ્યું, કે આત્માનું ઉત્થાન કરવું હોય તો ક્રમસર આ પ્રાપ્ત કરતા ચાલો,

ઉત્થાનક્રમ :-

(૧) ભાવમલનો બહુ ક્ષય.
(૨) દુઃખિત પર અત્યંત દયા આદિ ત્રણ ગુણ.
(૩) ભદ્રમૂર્તિતા-પ્રિયદર્શન.
(૪) સદ્‌વીર્યનો ઉપયોગ.
(૫) મહાનતા
(૬) અવંચક સમાધિ (ચિત્ત સ્વાસ્થ્ય)
(૭) સદ્‌યોગાદિ ૩ (યોગ-ક્રિયા-ફળ) સ્વરૂપ નિમિત્ત
(૮) મોક્ષ-સાધન

ત્યારે ભાવમલના બહુક્ષયથી દયાદિ ત્રણ ગુણ પ્રાપ્ત થાય એટલે આત્મા ભદ્રમૂર્તિ બને, પ્રિયદર્શન બને, અને સદ્‌વીર્યનો યોગ-ઉપયોગ બની આવતાં મહાત્મા બને એ વાત થઇ ગઈ.

હવે એવા મહાત્મા બનેલાને ત્રણ અવંચકનો ઉદય થાય છે....વગેરેની વિચારણા કરીએ.

'અવંચક' એ સમાધિ-વિશેષ છે.

સમાધિવિશેષ એટલે અમુક પ્રકારની ચિત્તસ્વસ્થતા, અર્થાત્‌ તેવા સ્વસ્થ ચિત્તનો આશય કે આનો ઉદય થાય, અર્થાત્‌ ઉત્પત્તિ થાય, એટલે સદ્‌યોગાદિ ત્રણ નિમિત્તનો સંયોગ થાય છે.

આ સદ્યોગાદિને નિમિત્ત કહ્યા, તો શાનું નિમિત્ત ? એનો ખુલાસો ટીકામાં બતાવે છે, કે 'નિઃશ્રેયસ્ સાધનનું નિમિત્ત' અર્થાત્ મોક્ષનાં સાધન સામાન્યથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર; ને વિશેષથી રાગાદિ-સંક્લેશના અધ્યવસાય સ્થાનકોને દબાવી પ્રગટ કરાતા સંયમની વિશુદ્ધિના અધ્યવસાયસ્થાન. આનાં નિમિત્ત અર્થાત્ નિમિત્તકારણ છે સદ્યોગાદિ ત્રણ.

. સંક્લેશથી ભવવૃદ્ધિ; વિશુદ્ધિથી ભવચ્છેદ :-

અહીં વિશેષ સાધનનો નિર્દેશ એટલા માટે કરાય છે, કે સામાન્ય સાધન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરતાં કરતાં અંતરાત્મામાં રાગાદિના સંક્લેશ ટાળી વિશુદ્ધિ મેળવતા જવાનું ખાસ ધ્યાનમાં લેવાનું છે; કેમકે આત્માને વીતરાગભાવ તરફ લઈ જનાર વિશુદ્ધિના ઉત્તરોત્તર ચડિયાતા અધ્યવસાય-સ્થાનકો છે. જેમ જેમ રાગાદિના સંક્લેશ ઓછા કરતા ચાલો, તેમ તેમ આત્મામાં વિશુદ્ધિ વધતી આવે; અને જેમ જેમ સંયમ-વિશુદ્ધિ વધતી જાય, તેમ તેમ વીતરાગતાની નિકટ નિકટ થવાય. અર્થાત્ રાગાદિ સંક્લેશ વધે તેમ વીતરાગતા દૂર થાય. જેમ જેમ સંયમ-વિશુદ્ધિ વધે તેમ તેમ વીતરાગતા નજીક થાય. ત્યારે આવી વિશુદ્ધિમાં જે નિમિત્તકારણ બને છે એ સદ્યોગાદિ કેવા સાધવા જોઇએ ? સદ્યોગાદિમાં સદ્ગુરુયોગ, એમને વંદનાદિ ક્રિયા તથા ઉપદેશાદિ ફળની પ્રાપ્તિ લેવાની છે. વિચારો, એની સાધના કેવી થાય તો એ પૂર્વે કહેલ મોક્ષ-સાધનભૂત વિશુદ્ધિ પ્રગટાવવામાં નિમિત્ત-કારણ બને ? કહો, એની સાધના તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય બનીને કરવી જોઇએ. 'તચ્ચિત્ત' એટલે સાધનાનો સામાન્ય ઉપયોગ (ખ્યાલ); 'તન્મન' એટલે એનો વિશેષ ઉપયોગ (ખ્યાલ); 'તલ્લેશ્ય' એટલે દિલની લેશ્યા સાધનાને અનુરૂપ બનાવવાની.

સાધનાને અનુરૂપ લેશ્યા બહુ મહત્વની વસ્તુ છે.

દા.ત. જુઓ, અષ્ટાપદજી પરના ૧૫૦૩ તાપસોને મહાન ગુરુ ગૌતમસ્વામીનો યોગ થયો, અને એમના દ્વારા શ્રવણમાં વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનો યોગ થયો. આ સદ્યોગની સાધનામાં એ તાપસો એવા તલ્લેશ્ય બન્યા, કે ક્રમસર ૫૦૧-૫૦૧ કેવળજ્ઞાન પામતા ગયા.

કૃષ્ણ વાસુદેવની તલ્લેશ્ય વંદના :-

એમ દેખો, કૃષ્ણ વાસુદેવ ભગવાન નેમિનાથ પ્રભુના ૧૮૦૦૦ સાધુને વંદન-ક્રિયાની સાધનામાં કેવાક તલ્લેશ્ય બન્યા, અર્થાત્ વંદનની જ એક લેશ્યા, મન એમાં જ તન્મય એવું કે બીજા કશામાં જાય નહિ, તેમજ વંદનમાં તલ્લેશ્ય અર્થાત્ વંદનને અનુરૂપ જવલંત શુભ લેશ્યાવાળા બન્યા ! કે વંદન કરીને પ્રભુ પાસે આવી કહે છે,

' પ્રભુ ! હવે થાકયો '

ત્યારે ભગવાન કહે છે,—

'મહાનુભાવ ! થાકયો નહિ, થાક ઉતાર્યો. ચાર નરક તોડી નાખી ! સાતમી નરકની આયુષ્ય -સ્થિતિ ૩૩ સાગરોપમની તેં બાંધેલી, તેમાંથી ૩ જી નરકની ૭ સાગરોપમની આયુષ્ય-સ્થિતિ લાવી મૂકી ! એટલે તેં નીચેની ચાર નરકની સ્થિતિ તોડી નાખી ! '

ત્યારે કૃષ્ણ હરખાયા, અને પ્રભુને કહે, 'તો તો હવે પ્રભુ ! ફરીથી ૧૮૦૦૦ સાધુને વંદના કરું. જેથી બાકીનીય નરકાયુ-સ્થિતિ તૂટી જાય ! '

ત્યારે પ્રભુ કહે, 'હવે આશંસા આવી, એટલે હવે વંદન કરે તે આશંસાવાળી વંદના થવાથી, એમાં, પહેલા નિરાશંસ ભાવે જે વંદના કરવામાં ઉચ્ચ લેશ્યા હતી, એ હવેમાં ન આવે, એટલે એવું કાર્ય ન થાય. '

આ બતાવે છે, ચીજ એકની એક, પણ

એનો જેવો ઉપયોગ કરતાં આવડે, એમાં જેવી લેશ્યા ભેળવતાં આવડે, એવો લાભ થાય. સાધુને વંદના ચીજ એક, પરંતુ માત્ર માથું નમાવે પણ મન બીજે હોય, યા વંદન યોગ્ય શુભ લેશ્યા ન હોય, કોરા મનથી વંદના કરે, તો લાભ કેવો? કશો જ નહિ, યા તદ્દન મામુલી! ત્યારે કૃષ્ણ વાસુદેવે વંદનામાં ઉચ્ચ લેશ્યા ભેળવી, તો લાભ ગજબનો પામ્યા!! કહેતા છે ને કે 'ગોળ નાખો તેવું ગળ્યું થાય.'

સાધનામાં લેશ્યા જેવી ભેળવો એ પ્રમાણે સાધના જોરદાર બને.

વાત આ હતી,-સદ્યોગાદિની સાધના તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય બનીને કરો, તો તે મોક્ષ-સાધનભૂત જે વિશુદ્ધિના ઉચ્ચ અધ્યવસાયો, તેનું નિમિત્ત કારણ બની જાય; અર્થાત્ આવી સદ્યોગાદિની સાધનાથી વિશુદ્ધિના અધ્યવસાય પ્રાપ્ત થાય.

સાધના એટલે કે સામાન્યથી ધર્મ-સાધના, અને સંસાર એટલે કે સાંસારિક પ્રવૃત્તિ. એ બંને વચ્ચે આ ફરક, કે-

સાધના વિશુદ્ધિના અધ્યવસાય જગાવે; સંસાર સંક્લેશના અધ્યવસાય જગાવે.

કષાય શમે એ વિશુદ્ધિ.

કષાય વધે એ સંક્લેશ.

વિશુદ્ધિ અને સંક્લેશ અજવાળા-અંધારાની જેમ સામ સામે છે. અંધારું ઘટે એટલે અજવાળું વધે; અંધારું વધે એટલે અજવાળું ઘટે. એમ સંક્લેશ ઘટે તેમ તેમ વિશુદ્ધિ વધે, અને સંક્લેશ વધે તો વિશુદ્ધિ ઘટી જાય. સમજી રાખો,-

સંક્લેશથી સંસાર, વિશુદ્ધિથી મોક્ષ.

આ ધ્યાનમાં રાખી જીવનમાં રાગદ્વેષ-કામ-ક્રોધાદિના સંક્લેશ ઘટે એવા પ્રયત્નમાં રહેવા જેવું છે, ને એના પ્રતિપક્ષી વૈરાગ્ય-ઉપશમ-બ્રહ્મચર્ય-સમતાદિની વિશુદ્ધિના પ્રયત્ન રાખવા જેવા છે. એ મોક્ષના સાધનભૂત છે, તે એમાં નિમિત્ત-કારણ જે સદ્યોગાદિ, તે બહુ સેવવા જેવા. સદ્યોગાદિ પૂર્વે કહ્યું તે સદ્ગુરુયોગ, વંદનાદિ ક્રિયા અને એનું ફળ ઉપદેશ-ગ્રહણાદિ.

આ નિમિત્તોનો સંયોગ શુભ યાને પ્રશસ્ત હોવાનું કહ્યું એ સૂચવે છે, કે (૧) આ સંયોગ પ્રાપ્ત થાય એટલે જીવની દશા ફરી, હવે એ ઉન્નતિના રાહે આવ્યો. તેમ એ પણ સૂચવે છે, કે (૨) સદ્ગુરુ-યોગાદિ સંયોગ સેવવાના તે શુભ સેવવાના, અર્થાત્ શુભ ભાવથી સેવવાના, પરંતુ મલિન દુન્યવી આશંસાના ભાવથી નહિ.

સદ્યોગાદિ ક્યારે મળે?:-

અહીં એક મહત્ત્વની વાત કરી કે આ સદ્યોગાદિ નિમિત્તોનો સંયોગ એમજ પ્રાપ્ત નથી થતો, પરંતુ અવંચકના ઉદયથી પ્રાપ્ત થાય છે. 'અવંચક' એક જાતની સમાધિ છે, યાને તન-મનની સ્વસ્થતા છે, સ્વસ્થ ચિત્તનો આશય છે. ચિત્તમાં વિષયોના ઉન્માદથી ઉકળાટ હોય, ક્રોધાદિ કષાયોની પકડ હોય, ઉગ્રતા અશાંતતા હોય, તો એનાં ચિત્તમાં સદ્ગુરુ-યોગાદિ ઊતરી શકતા નથી. એટલા માટે સદ્ગુરુયોગ આદિ સાધવા માટે પહેલાં ચિત્તમાંના એ ઉકળાટ શાંત કરી સ્વસ્થતા લાવવી જોઇએ. આ સૂચવે છે કે કોઇપણ સાધના કરવી હોય તો તે ઉકળાટવાળા ચિત્તથી નહિ, પણ સમાધિયુક્ત શાંત-સમાહિત-સ્વસ્થ ચિત્તથી થાય. એટલે તો કહેવાય, કે-

જૈનશાસનની બધી સાધના સમાધિરૂપ છે.

'સૂયગડાંગ' આગમમાં **'बुद्धस्स आणाए इमं समाहिं'** ની ટીકામાં અર્થ લખ્યો **'समाधिं सद्धर्मावाप्ति लक्षणं'** અર્થાત્ સદ્ધર્મની પ્રાપ્તિ સ્વરૂપ સમાધિને સર્વજ્ઞ ભગવાનના આગમથી મેળવીને (એમાં સુસ્થિર થાય.) શું કહ્યું? ધર્મ એ સમાધિ. એક નવકાર સ્મરણ કરો એ સમાધિ છે, પરંતુ

તે શાંત ચિત્તે કરો તો તે સમાધિયુક્ત સાધના છે, સમાધિ જ છે. ચિત્તની સમાધિ-સ્વસ્થતા રાખી નવકાર-સ્મરણ કર્યું, તો એનું ફળ પણ ચિત્ત-સમાધિની વૃદ્ધિ છે. એટલે નવકાર સ્મરણને ખુદને સમાધિ કહેવામાં વાંધો નથી.

સમાધિ એટલે શું ?

જ્યાં વિષયોની ખણજ શાંત હોય, જ્યાં કષાયોના ઉકળાટ શાંત હોય, તે સમાધિ.

અલબત્ સંપૂર્ણ શાંત ન હોય, શાંતતામાં તરતમતા હોય. હિસાબ આ, કે જેટલે અંશે શાંતતા-નિગૃહીતતા એટલે અંશે સમાધિ, ચિત્ત-સ્વસ્થતા.

કિન્તુ ઇંદ્રિય-નિગ્રહ કરીને વિષય-ખણજ ઊઠવા જ ન દેવાય, યા ઊઠતી દબાવાય એ વાસ્તવિક શાંતતા છે.

એમ ક્રોધાદિ કરવા જતાં થપાડ પડવાથી એનો ઉકળાટ અટકાવાય એ શાંતતા નહિ, પરંતુ ક્ષમાદિ ગુણોની કેળવણીથી એને ઊઠવા ન દેવાય, ઊઠતા દબાવાય, એ વાસ્તવિક શાંતતા કહેવાય. ત્યાં સમાધિ આવે.

૩ અવંચક

'અવંચક' એટલે ? :

'અવંચક' એ એક આવી કોઈક સમાધિ છે. એને અવંચક એટલા માટે કહે છે, કે એ વંચક નહિ અર્થાત્ નિષ્ફળ જાય નહિ, ભલે યોગાવંચક હોય, ક્રિયાવંચક હોય, કે ફળાવંચક હોય, પરંતુ એ અવશ્ય સફળ જ થાય; અર્થાત્ આગળ કહે છે તેમ પરંપરાનુબંધી એટલે કે એ શુભ આશયોની પરંપરા ચાલુ રહે, વૃદ્ધિગત થતી રહે. અવંચક એ આવો સફળ સમાધિનો આશય છે.

પરંતુ ધ્યાનમાં રહે, કે આવો સમાધિ-આશય શેના પર ઊભો થાય છે ? પૂર્વે ઉન્નતિ ક્રમના બતાવેલ આઠ પગથિયામાંના બે પગથિયાં સદ્વીર્યયોગ તથા મહાનતા પર ઊભો થાય છે. એ સૂચવે છે, કે જો સદ્વીર્ય યાને 'સદ્વિષયો' તરીકે દાનાદિ ધર્મના અંગોમાં જે વીર્ય, તે વાપરવું નથી, એનો પુરુષાર્થ કરવો નથી, ને એમજ સુક્કે સુક્કી ભાવના કરવી છે, તો એથી કાંઈ અવંચક સમાધિ-આશય આવે-કરે નહિ. એ તો સત્ પુરુષાર્થ કરતા રહો તો એમાં ઘડાઈને આત્મા અવંચક સમાધિ-આશય પામી શકે. માટે જ જ્યાં જ્યાં જે જે રીતે શક્યતા હોય ત્યાં ત્યાં તે તે રીતે સદ્ વીર્યયોગ સત્ પુરુષાર્થ અજમાવતા રહો, એ કહેવાનો સાર છે.

એટલે જેને સત્પુરુષાર્થની પરવા નથી, સદ્ આચરણ નથી, એનામાં સમાધિ આવે નહિ.

અહીં સદ્યોગાદિ રૂપ નિમિત્તનો સંયોગ અવંચકના ઉદયથી થવાનું કહ્યું. કેમકે 'અવંચક' એ એક પ્રકારની ચિત્તસમાધિ છે. એ આવે તો સદ્ગુરુયોગ વગેરે અંતરમાં પ્રાપ્ત થાય, સદ્ગુરુયોગને ઉચ્ચ બહુમાન સાથે અંતરાત્મામાં ઉતારાય.

૩ અવંચક : યોગાવંચકાદિ

(ટીકા) 'अवञ्चकोदयात्' इत्युक्तम्, अत एवं तत्स्वरुपप्रतिपिपादयिषयाऽऽह,-

(મૂલ) योगक्रिया फलाख्यं यत्
श्रूयतेऽवञ्चकत्रयम् ।
साधुनाश्रित्य परमम्
इषुलक्ष्यक्रियोपमम् ॥३४॥

(ટીકા-અર્થ :-) અવંચકના ઉદયથી એમ કહ્યું એટલા જ માટે તેનું સ્વરૂપ વર્ણવવાની ઇચ્છાથી કહે છે.

(ગાથાર્થ-) (શાસ્ત્રોમાં) જે સંભળાય છે કે યોગ, ક્રિયા અને ફળ નામના ત્રણ અવંચક છે, તે સાધુને આશ્રીને બાણની તાકેલા લક્ષ્ય તરફની ક્રિયા સમાન ઉત્તમ ક્રિયા છે.

(ટીકા) योगक्रियाफलाख्यं यस्मात् श्रूयतेऽव ञ्चकत्रयमागमे, " योगावञ्चकः क्रियावंचकः फलावञ्चकः" इति वचनात् । अव्यक्तसमाधिरेवैस्तदधिकारे पाठात्, चित्रक्षयोपशमतस्तथाविध आशयविशेष इति । एतच्च 'साधूनाश्रित्य' साधवो मुनयः, परमम-वञ्चकत्रयं' स्वरूपतस्त्वेतदिषुलक्ष्यक्रियोपमं शरस्य लक्ष्यक्रिया तत्प्रधानतया तदविसंवादिन्येव, अन्यथा लक्ष्यक्रियात्वायोगात् । एवं साधूना-श्रित्य योगावञ्चकस्तद्योगाविसंवादी । एवं तद्वन्दनादिक्रिया तत्फलं चाश्रित्यैष एवमेव द्रव्यत इति ॥३४॥

(ટીકાર્થ)-યોગ, ક્રિયા અને ફળ નામના ત્રણ અવંચક આગમમાં જે સંભળાય છે, કેમકે 'યોગાવંચક, ક્રિયાવંચક, ફલાવંચક' એવું શાસ્ત્રવચન મળે છે, આ અવ્યક્ત સમાધિ જ છે, કેમકે સમાધિના પ્રકરણમાં આ પાઠ મળે છે. એ તેવા પ્રકારના વિચિત્ર કર્મક્ષયોપશમથી ઉત્પન્ન અમુક પ્રકારનો આશય છે, અને એ સાધુઓને આશ્રીને થાય છે. સાધુઓ એટલે જૈન મુનિઓ. શ્રેષ્ઠ ત્રણ અવંચક, સ્વરૂપથી તો બાણમાં લક્ષ્ય તરફની ક્રિયાની સમાન છે. બાણની લક્ષ્ય તરફ જવાની ક્રિયા, લક્ષ્યની પ્રધાનતાથી લક્ષ્ય સાથે અવિસંવાદી જ હોય છે, નહિતર એનામાં લક્ષ્ય તરફનું ક્રિયાપણું જ ઘટે નહિ. એમ સાધુઓને આશ્રીને યોગાવંચક બને છે, કેમકે એમનો યોગ વિસંવાદ વિનાનો અને નિષ્ફળ નહિ જનારો હોય છે. એમ સાધુ-ને વંદનાદિ ક્રિયા અને એના ફળને આશ્રીને આ અવંચક એમજ દ્રવ્યથી અર્થાત્ કારણ રૂપે અ-વિસંવાદી હોય છે.

વિવેચન :- ૩ અવંચક :-

પૂર્વ ગાથામાં યોગાદિ ત્રણ અવંચકનો નિર્દેશ કર્યો. તે અહીં ૩૪ મી ગાથામાં સ્પષ્ટ કરતાં કહે છે કે અવંચક ત્રણ છે,-યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક. કેમકે જિનાગમમાં આ ત્રણ અવંચક કહ્યા છે. ગ્રંથકાર મહર્ષિ કહે છે કે આગમમાં આ પ્રમાણે યોગાવંચક, ક્રિયા-વંચક અને ફલાવંચક એમ પાઠ છે.

આ અવંચક શું છે? તો કે એ અવ્યક્ત અર્થાત્ અ-પ્રગટ સમાધિ છે. પ્રગટ સમાધિ ધારણા અને ધ્યાન પછી સમાધિ આવે તે ગણાય. આ તેવી પ્રગટ નહિ, કિન્તુ યોગ-ક્રિયા-ફલમાં અંતઃપ્રવિષ્ટ છે.

સાધુયોગ સાચો કયારે ? : સમાધિ=આશય :-

આ અવ્યક્ત સમાધિ પદાર્થ શો ? વસ્તુ શી ? તો કહ્યું, કે કર્મના વિચિત્ર ક્ષયોપશમથી સર્જાતો તેવા પ્રકારનો ચિત્તનો આશયવિશેષ. પૂર્વે કહ્યા તે દુઃખિત જીવો પર અત્યંત દયા વગેરે ત્રણ લક્ષણ અને એમાં કરાતા સદ્વીર્યના ઉપયોગથી મનનો એવો આશય યાને એવો ભાવ ઊભો થાય છે; તે એ યોગ, ક્રિયા અને ફળની સાથે રહી એ ત્રણને અવશ્ય ફલવાન બનાવે છે. તેથી એ યોગાદિ યોગાવંચક, ક્રિયા-વંચક, ફલાવંચક કહેવાય છે.

આમ કહીને સૂચવ્યું કે માત્ર બાહ્યથી સાધુનો યોગ કરાય, એમને વંદનાદિ ક્રિયા તે પણ માત્ર બાહ્યથી કરાય, પરંતુ એની સાથો-સાથ અંદરમાં ચિત્તનો તેવો ભાવ ન હોય, તેવો આશય ન હોય, તો તે યોગ અને ક્રિયા સફલ ન બને. એ ભાવ વિનાની ભક્તિ જેવું થાય.

આ ત્રણે અવંચક યોગાવંચક વગેરે સાધુને આશ્રીને કરાય તે શ્રેષ્ઠ છે. અર્થાત્ 'યોગ' એટલે કે કંચન-કામિનીના ત્યાગી નિર્ગ્રન્થ જૈનમુનિનો યોગ થાય, દર્શન થાય, તે પણ તેવા નિર્મળ ચિત્તના આશયથી થાય, તે યોગાવંચક થયો ગણાય. સાધુદર્શન પછી સાધુને વંદનાદિ ક્રિયા કરાય તે ક્રિયાવંચક કહેવાય; અને તે સાધુના યોગ થયા પછી અવશ્ય આવે જ, તો જ તે સાધુયોગ 'યોગાવંચક' કહેવાય.

૧. યોગાવંચક

આ પરથી સમજાશે કે સાધુયોગ તો થયો, પરંતુ સાધુને વંદનાદિ કરવાની પડી નથી, ગરજ નથી, તો તે યોગ સફલ યોગ યાને યોગાવંચક નથી, નિષ્ફળ યોગ છે. તો પૂછો,-

નિષ્ફળ સાધુયોગ કયાં કયાં ? :-

પ્ર૦-તો એવો નિષ્ફળ સાધુયોગ કરે શા માટે ?

ઉ૦-(૧) એવો સાધુયોગ ચાહીને કર્યો ન હોય, કિન્તુ સાધુ આવી ચડ્યા એટલે સહેજે યોગ થઈ ગયો હોય એમ બને; પરંતુ એવો યોગ થયા પછી 'લાવ, વંદનાદિનો લાભ લઉં,' એવી કશી તમન્ના ન હોય. અરે ! (૨) ચાહીને સાધુ પાસે જઈ સાધુનો યોગ કરે તો ય એમાં વાત-વીસામા વિના કશો સારો આશય ન હોય. એ તો 'ચાલો, હમણાં સમય પસાર નથી થતો તો મહારાજ પાસે જઈ બેસી સમય પસાર કરીએ,' આવો આશય હોય; અથવા (૩) 'મહારાજ બહુ વિદ્વાન છે, એમની પાસે કંઈક સાંભળવા મળશે, એટલે મનોરંજન થશે, કોઈક હોંશિયાર ચાલાક વર્તનની ટેક્નિક (કળા) જાણવા મળશે,' આવો આશય હોય; અથવા (૪) 'સાધુ પાસે જતા રહીએ એટલે શેઠની નજરમાં ધર્મી ગણાઈએ, શેઠ રાજી થાય તો અવસરે આપણને શેઠ ઉપયોગી થાય' આવા આવા મલિન આશયથી સાધુ દર્શન કરે, સાધુ સંપર્ક કરે, તે નિષ્ફળ સાધુયોગ છે. એ આત્મહિતકર યોગ નહિ.

સફળ સાધુયોગ કયાં ? :-

આત્મહિતકર સફળ સાધુયોગ કરવો હોય ત્યારે સાધુ-યોગને અનુરૂપ મનની લેશ્યા બનવી જોઈએ. મનને એમ થાય, કે 'કેવા આ ધન્ય આત્મા, કે એ ગોઝારી મોહમાયા અને વિષયોથી પર થઈને બેઠા ! ત્યારે હું મૂઢ બન્યો રહી એ મોહમાયા વિષયોની ગુલામી લઈને બેઠો રહ્યો છું. આ મહાત્માઓ મોહમાયા-વિષયોને મનમાં પણ દાખલ કરતા નથી. રુડું ચારિત્ર લીધું એટલે તો એમણે મોહમાયાની દુનિયાને ત્રિવિધ ત્રિવિધે વોસિરાવી દીધી ! ધન્ય એમના મહાન ત્યાગને ! લાવ, આવા સત્યોગ કરી અર્થાત્ મહાન ત્યાગીનાં દર્શન -વંદન કરી પાવન થાઉં, તો મારે પણ કોઈ દિવસ આવો ત્યાગ કરવાનો અવસર મળે.' ....આવી આવી લેશ્યાથી સાધુનો યોગ સંપર્ક સાધે એ સફળ સાધુયોગ, એ યોગાવંચક.

સત્યોગનું આ સ્વરૂપ જેને સાધુના અર્થાત્ કલ્યાણ-સંપન્ન અને પવિત્ર મુનિના દર્શન-યોગમાં હોય, એને ત્યાં બાહ્યથી યોગની જેમ અંતરમાં યોગ થાય.

અંતરમાં ગુરુયોગ કરવો હોય ત્યારે પૂર્વોક્ત ત્યાગી મુનિ-દર્શનની ભાવનામાં આગળ વધતાં ગુરુના અનુવર્તક બનવું પડે. ગુરુના અનુવર્તક એટલે મનનો એવો ભાવ, કે "હું ગુરુની પાછળ રહી ગુરુને અનુસરનારો, ગુરુનો તાબેદાર બની ગુરુની ઇચ્છાને જ મારી ઇચ્છા જોયા કરનારો, ગુરુની ઇચ્છાનો અનુવર્તક બન્યો રહું.'

ગુરુની ઇચ્છાનું અનુવર્તન અઘરું છે, ગુરુસેવા સહેલી. અલબત્ સેવા તન તોડીને ય સારી કરાતી હોય, પણ જો કોઇક બાબતમાં મનને આવું આવે, કે 'ગુરુનો અભિપ્રાય કે ઇચ્છા ભલે અમુક પ્રકારની સારી હોય, પરંતુ મને એ ઠીક નથી લાગતી;' તો ત્યાં એ ગુરુનો સર્વેસર્વા અનુવર્તક ન બન્યો. એ માટે તો મન એવું બનાવવું પડે કે ગુરુની ઇચ્છા કે અભિપ્રાયની સામે અપીલ નહિ, સવાલ જ ન ઊઠે એવું ગુરુને આત્માનું સંપૂર્ણ સમર્પણ કર્યું હોય.

સેવામાં કાયાની મમતા મૂકવી પડે:
સમર્પણમાં મનની મમતા મૂકવી પડે:

'મારી કાયાને આ ફાવે, આ ન ફાવે,' એવું ધોરણ રહે એ કાયાની મમતા છે. મહાપુરુષોએ

આ ધોરણ પડતું મૂકેલું તેથી પોતાની કાયાની પોતાને મમતા નહોતી, એટલે જ ઉપસર્ગ -પરીસહ સ્વેચ્છાએ સમતાથી સહન કરતા. એમ 'મારા મનને આ ઠીક લાગે છે, આ ઠીક નથી લાગતું' એ 'અહં'ની મમતા છે, મનની મમતા છે. ગુરુ-સમર્પણ સાધવું હોય ત્યારે આ મમતા પડતી મૂકવી પડે. એટલે ત્યાં ગુરુના મત-અભિપ્રાય પર પોતાના મનને ઠીક ન લાગવાનું ન આવે.

ગુરુનો મત એજ પોતાનો મત, એજ **પોતાના મનને ઠીક લાગે. એનું નામ ગુરુનું અનુવર્તકપણું**.-આ તો સદ્‌ગુરુયોગમાં આગળ વધવું હોય ત્યારે કેવા બનવું જોઇએ, એની પ્રાસંગિક વિચારણા એટલા માટે કરી, કે ગુરુની સાથે તો રહે, પણ ગુરુને માથે ન ધરે, ગુરુની આમન્યા ન સાચવે, ગુરુ પાસે બેસી ઘોંઘાટ કોલાહલ કરે, મોટા અવાજે કોઈની સાથે વાત કરે, તો કાંઈ એણે સદ્‌ગુરુયોગ સાધ્યો ન કહેવાય. ગુરુનો યોગ એટલે ગુરુની માત્ર સાથે સાથે રહેવા ફરવાપણું નહિ, કિન્તુ 'આ ગુરુ મારા તારણહાર છે, મારા મહાઉપકારી જીવન-સુકાની છે,' એવો હૈયામાં ખૂબ ઊંચો બહુમાન-ભાવ હોય અને એ પ્રમાણે વર્તાવમાં ગુરુની ભારે આમન્યા સાચવે, માથે એમનો ભાર રાખીને બોલે-વર્તે, એનું નામ ગુરુયોગ સાધ્યો કહેવાય. એને યોગાવંચક કહેવાય.

આ યોગાવંચકનું ફળ શું ? તો કે ક્રિયાવંચક અર્થાત્ ગુરુને સમ્યગ્ ભાવે વંદન-વિનયાદિ ક્રિયા; ને એનું પરિણામ શું ? તો કે ફલાવંચક અર્થાત્ સાનુબંધ વંદન-વિનય-ભક્તિ-ઉપદેશગ્રહણાદિ.' 'સાનુબંધ' એટલે ઉત્તરોત્તર વિશેષ વિશેષ યોગ, ક્રિયા, અને ફળ ચાલ્યા કરે. એ આ રીતે ફલાવંચકમાં ઉપદેશ-ગ્રહણ કર્યું એટલે હવે યોગાવંચકમાં સાધુયોગ વિશેષ ભાવથી થાય, એથી ક્રિયાવંચકમાં વંદનાદિ ક્રિયા વિશેષ ભાવથી થાય, ને એથી ફલાવંચકમાં વિશિષ્ટ ઉપદેશ-ગ્રહણ થાય....એમ સાનુબંધતા ચાલે.

આવો સત્‌યોગ યાને સાધુયોગ એ બાણની લક્ષ્ય તરફ જવાની ક્રિયા જેવો છે. જેમ એ લક્ષ્યને અવશ્ય વીંધે, એમ આ સત્‌યોગ અવશ્ય વંદનાદિ ફળ લાવે જ.

પ્ર૦-કોઈકે બાણની ક્રિયા લક્ષ્યને ન વીંધે એવું ન બને ? જો બને તો એની નિષ્ફળ ક્રિયાની જેમ કોક સત્‌યોગ પણ નિષ્ફળ થવા સંભવ બને ને ?

ઉ૦-બાણની લક્ષ્ય-ક્રિયા લક્ષ્ય-પ્રધાન હોવાથી અર્થાત્ લક્ષ્યને મુખ્યપણે ધ્યાનમાં રાખીને કરાઈ હોવાથી લક્ષ્ય સાથે અવિસંવાદી હોય છે. 'અવિસંવાદી' એટલે લક્ષ્યને અવશ્ય વીંધનારી હોય છે; નહિતર જો એ લક્ષ્યવેધ ન કરે તો એ ક્રિયાને લક્ષ્ય-પ્રધાન ક્રિયા જ ન કહેવાય. એટલે જેમ લક્ષ્ય-પ્રધાન બાણની ક્રિયા અવશ્ય અવિસંવાદી અર્થાત્ કાર્યકારિણી હોય છે, એમ સાધુયોગ એ યોગાવંચક છે તો યોગ-કાર્ય-કારી હોય છે-યોગાવંચક યોગ 'અવિસંવાદી' અર્થાત્ અવશ્ય કાર્યકારી હોય છે.

એવી રીતે સાધુને કરાતી વંદનાદિ ક્રિયા એ ક્રિયાવંચક છે, ને એ અવંચક ક્રિયા પણ સાથે અવિસંવાદી હોય છે. એમ સાધુ-વંદનાદિનું ફળ એ ફલાવંચક છે, ને એ અવંચક પણ ફળ સાથે અવિસંવાદી હોય છે. પ્રશ્ન થાય-

પ્ર૦-યોગાવંચક એ યોગ જ છે તો એમાં યોગ સાથે અવિસંવાદીપણું શું ?

ઉ૦-અહીં અવંચકના ઉદયથી યોગ-ક્રિયા-ફળની પ્રાપ્તિ કહી એમાં અવંચકનો ઉદય થાય એટલે એવા પ્રકારની અવ્યક્ત અપ્રગટ ચિત્ત-સમાધિ ઊભી થઈ એમ કહ્યું, એ સદ્‌યોગની સાથે અવિસંવાદી છે, અર્થાત્ એના કાર્ય તરીકે સદ્‌યોગ અવશ્ય બને છે. એમ બીજા

અવંચકની સમાધિ ક્રિયા સાથે અવિસંવાદી છે, એટલે કે એ અવંચક સમાધિથી સત્‌ને કરાતી વંદનાદિ ક્રિયાનું કાર્ય અવશ્ય બને છે. એમાં ૩ જું અવંચક 'સમાધિ' થકી ફળનું કાર્ય અવશ્ય બને છે, માટે એ ફળ સાથે અવિસંવાદી છે.

'ફલાવંચક' અંગે આગળ જઇને બતાવવાના છે, કે એમાં સાનુબંધ ફળની પ્રાપ્તિ થાય છે. 'સાનુબંધ પ્રાપ્તિ' એટલે કે ઉત્તરોત્તર તેવા ફળની પરંપરા ચાલે, વંદનાદિ સાધના કરી તો તેના એવા શુભ સંસ્કાર પડે કે એ સંસ્કાર એ આગળ પર જાગ્રત્ થઈ ફરીથી વંદનાદિ સાધનાનો ઉત્સાહ આવે, અને એમ સાધનામાં વધુ વેગ, હોંશ અને જોશ આવે, ને વિશેષ ભાવવાળી સાધના થાય. આ સાનુબંધ ફળ કહેવાય. અવંચક સમાધિ જ એવી પ્રભાવવંતી છે કે, વંદનાદિ-ક્રિયાની સાધનાને સાનુબંધ ફલવતી બનાવે.

આ પરથી સાધનાનું એક મહાન લક્ષ્ય પ્રાપ્ત થાય છે, કે એ શા માટે કરવી? કયા લક્ષ્યથી કયા ઉદ્દેશથી કરવી? તો કે સાધનાના પુનરાવર્તન માટે અને અધિક વેગવંતી સાધના લાવવા માટે કરવી. એટલે હવે દા.ત.

કોઈ પૂછે, 'ભગવાનની ભક્તિ શા માટે કરો છો?'

તો ઉત્તર કરાય, કે 'ભગવાનની અધિક ભક્તિ આવે, વેગવંતી ભક્તિ થાય, એટલા માટે.'

શ્રાવક શેઠના રાજપુત નોકરે જંગલમાં મળેલા ઋષભદેવ ભગવાનની પ્રતિમાની ઉચ્ચ ભક્તિ કરતાં ચક્રેશ્વરી દેવીએ જ્યાં કહ્યું 'દેવપાલ! તારી ભક્તિથી હું બહુ પ્રસન્ન થઈ છું તો ભક્તિના બદલામાં કંઇક માગી લે.'

ત્યારે દેવપાલે શું કહ્યું જાણો છો? એણે કહ્યું 'મારે ભક્તિનાં બદલામાં ભક્તિ જ જોઇએ છે, તે મને આપ.' આ માગવામાં એનો આશય કયો? 'ભક્તિના ફળરૂપે આગળ આગળ ચડિયાતી પ્રભુ, ભક્તિ જ થયા કરે,' એ આશય હતો.

દેવપાલ એક ગરીબ નોકરમાણસ છતાં દુન્યવી કશો લાભ એને જોઇતો નથી, ને એને માત્ર પ્રભુભક્તિ જ જોઇએ છે. એ એની એટલી બધી ઊંચી લેશ્યા શાના ઉપર? કહો, એને અવંચક સમાધિનો ઉદય થઈ ગયો છે. સત્ ગુરુયોગ તરીકે એને પરમગુરુ પરમાત્માનો યોગ એવો સાધેલ છે કે એમાં એણે સદ્‌વીર્ય પ્રગટાવીને વંદન પૂજન આદિની અવંચક સમાધિ યાને ચિત્તસમાધિ પ્રગટ કરી છે,-એવી સમાધિ સહિતની વંદનાદિ ભક્તિ-ક્રિયા ફળની અવંચક સમાધિ પ્રગટ કરે છે, એના લીધે એને ઉત્તરોત્તર એ જ પ્રભુ-ભક્તિ જોઇએ છે, એટલે પૂર્વ પૂર્વની ભક્તિ કરવામાં લક્ષ્ય શું? તો કે આગળ આગળ ચડિયાતી ભક્તિ.

આમાં જોવા જેવું છે, કે 'એકમાત્ર મોક્ષના જ લક્ષ્યથી ધર્મ કરાય તે સદ્‌અનુષ્ઠાન, અને મોક્ષ સિવાયના બીજા લક્ષ્યથી ક્રિયા કરાય તે અસદ્ અનુષ્ઠાન, વિષાનુષ્ઠાન.' આવું પ્રતિપાદન કરનાર આ દેવપાલની ભક્તિક્રિયાને કેવી કહેશે? એને અહીં ચોકખું ભક્તિનું લક્ષ્ય છે. ભક્તિ માટે જ એ ભક્તિ કરે છે. તો શું એ વિષાનુષ્ઠાન? અસદ્ અનુષ્ઠાન? અજ્ઞાનપણે સત્‌ક્રિયા ઉપર વિષાનુષ્ઠાનનો સિક્કો લગાવતા પહેલાં બહુ વિચાર કરવા જેવો છે. અસ્તુ

દેવપાલ ભક્તિના ઉદ્દેશથી જ ભક્તિ કરી રહ્યો છે, એ મહાન સત્‌ક્રિયા છે. એમાં ફલરૂપે ઉત્તરોત્તર ભક્તિ વેગવંતી ચલાવે છે. અહીં પ્રશ્ન થાય,-

પ્ર૦-તો ભક્તિના ઉદ્દેશમાં શું જીવનભર પ્રભુભક્તિ જ કર્યા કરવી? મોક્ષના લક્ષ્યથી પ્રયત્ન જ નહિ કરવાનો?

ઉ૦-અહીં સમજી રાખવા જેવું છે, કે જિનશાસનમાં સંસાર પાર કરી જઇ મોક્ષ પામવા માટે આરાધનાના અસંખ્ય યોગો છે.

એ દરેક યોગને મોક્ષ સાથે સંબંધ છે, કનેક્શન (Connection) છે. એ દરેક યોગ પરાકાષ્ઠાએ વીતરાગ બનાવનારો છે. એટલે વીતરાગ પ્રત્યેની ભક્તિ પણ પરાકાષ્ઠાએ આત્માને વીતરાગ પરમાત્મા સાથે એકાકાર કરી વીતરાગ બનાવે છે.

એટલે અહીં ત્રણ અવંચકનો ક્રમ બતાવ્યો એમાં ઉલ્ટે અવંચક 'ફલાવંચક' કહ્યો, એ સૂચવે છે કે પૂર્વના યોગાવંચક, ક્રિયાવંચક સાધતા રહો, તે એવી રીતે કે ઉત્તરોત્તર એની અનુવૃત્તિ ચાલુ રહે, એ પણ વધતા વેગથી ચાલે, ત્યાં ફલાવંચક-યોગનો વિકાસેય થતો રહેશે ને એ પરાકાષ્ઠાએ વીતરાગ પણ બનાવશે.

एतदपि यन्निमित्तं तमभिघातुमाह

(મૂલ) एतच्च सत्प्रणामादि
निमित्तं समये स्थितम् ।
अस्य हेतुश्च परम-
स्तथाभावमलाल्पता ॥३५॥

(ટીકા) एतच्चावञ्चकत्रयं, 'सत्प्रणामादिनिमित्तं' साधुवन्दनादि निमित्तमित्यर्थः । 'समये स्थितं' सिद्धान्ते प्रतिष्ठितम् ।

'अस्य' सत्प्रणामादेर्हेतुश्चपरमः । क इत्याह 'तथा भावमलाल्पता' कर्मसंबन्ध-योग्यताल्पता, रत्नादिमलापगमे ज्योत्स्नादि-प्रवृत्तिवदिति योगाचार्याः ॥३५॥

(ટીકા અર્થ:-) આ પણ જે નિમિત્ત છે તે કહેવા માટે કહે છે,-

(ગાથાર્થ,-) આ (અવંચકત્રિક) પણ સત્ પ્રણામ આદિનું નિમિત્ત છે એવું આગમમાં કહેલું છે, ને આનો મુખ્ય હેતુ તેવા પ્રકારની ભાવમલની અલ્પતા છે.

(ટીકાર્થ:-) અને આ અવંચકત્રિક સાધુ વંદનાદિનું નિમિત્ત કારણ છે. એવું આગમમાં નિશ્ચિત કરવામાં આવ્યું છે; અને આ સત્ પ્રણામાદિનો મુખ્ય હેતુ કોણ છે ? તો કે 'तथा भावमलाल्पता' અર્થાત્ કર્મબંધ યોગ્યતાની અલ્પતા; જેમ રત્નાદિના મેલનો નાશ થતાં પ્રકાશ-પ્રવૃત્તિ થાય છે તેમ; એ પ્રમાણે યોગાચાર્યો કહે છે.

વિવેચન :—

શાસ્ત્રકાર મહર્ષિ અહીં અવંચક-ત્રિક અંગે લખે છે, કે એ જિનાગમમાં કહેલી વસ્તુ છે. અર્થાત્ સ્વોત્પ્રેક્ષિત સ્વ-કલ્પિત યા જૈનેતર આગમમાંથી ઉદ્ધૃત વસ્તુ નથી. પૂર્વે કહ્યું તેમ 'અવંચક' એ સમાધિવિશેષ યાને ચિત્તની એવી સ્વસ્થ અવસ્થા છે કે એના પર સત્ સાધુયોગ, સત્ વંદનાદિ ક્રિયા, અને સત્ ફલ પ્રાપ્ત થાય છે. માટે અહીં કહ્યું, આ અવંચકત્રિક એ સત્પ્રણામ-સદ્વંદનાદિનું-નિમિત્ત-કારણ છે. પરંતુ એ સદ્વંદનાદિમાં મુખ્ય કારણ ભાવમલની અલ્પતા છે. ભાવમલ એ પૂર્વે કહ્યું તેમ કર્મ-સંબંધની યોગ્યતા છે. એટલે કહેવાય કે ભાવમલ એ આત્માનો રોગ છે, અને રાગાદિ એના વિકારો છે. અર્થાત્ ઇન્દ્રિયોના વિષયો, અર્થાત્ વિષયાસક્તિ અને કષાયો એના વિકારો છે. એ વિકારો વિષયોની એટલે કે દુન્યવી પદાર્થોની ખણજ-આતુરતા-ઝંખના જગાવ્યા જ કરે છે. પછી એ પ્રમાણે અસત્ પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. મૂળ કારણ ભાવમલ છે. એની અલ્પતા થાય, બહુ ઓછાશ થાય, એટલે રાગાદિ વિકારો દબાઈને 'અવંચક' -સમાધિ ઊભી થાય; ને એ થઈને સદ્ગુરુયોગ વગેરે સધાતા જવાય.

આ અવંચક - સમાધિનો પ્રભાવ છે કે સાધુનું દર્શન થાય, મિલન થાય, ત્યાં સત્-પ્રણામાદિ અર્થાત્ સાધુને વંદનાદિની ભૂમિકા ઊભી થાય. પ્રશ્ન થાય,-

સદ્વંદનાદિની ભૂમિકા શી ?

આ જ, કે સંયમી ગુણવાન સાધુનાં દર્શને સાધુમાં ઉત્કર્ષ દેખાય, ને પોતાની જાતમાં અપકર્ષ દેખાય. 'સંયમી સાધુ ઊંચા, હું નીચો', એવો ભાવ મનમાં આવે. એટલે પછી સહેજે સાધુને ઝૂકવાનું મન થાય. આ મન થયું એ સાધુ-દર્શને અર્થાત્ સત્યોગમાં વંદનની ભૂમિકા ઊભી થઈ કહેવાય. પછી સાધુને વંદના કરે એ 'ક્રિયાવંચક' યોગ થયો. અહીં એક પ્રશ્ન,-

પ્ર૦-શું સાધુ મળ્યા એટલે પછી એ માત્ર સાધુ-વેશમાં છે એટલા માત્રથી એમને ઝૂકી પડવાનું ?

ઉ૦-અલબત્ જ્યાંસુધી આપણે જાણતા નથી કે 'આ કુસાધુ છે માત્ર વેશધારી સાધુ છે,-ત્યાંસુધી સાધુવેશના માન ખાતર એમને 'ફ્રેટાવંદન' કરવાનું, અર્થાત્ હાથજોડી 'મત્થએણ વંદામિ' કહેવાનું; પણ પછી એમનામાં સાધ્વાચાર છે ને ? એ જોવાનું, તપાસ કરવાની.

આચારનું મહત્ત્વ :-

પહેલો ધર્મ આચારનો છે. મહાવીર ભગવાને શાસન સ્થાપ્યું એ આજ સુધી અવિચ્છિન્નપણે ચાલ્યું આવ્યું છે એ શાના ઉપર ? માત્ર મનના ભાવ ઉપર નહિ, પરંતુ ધર્મના બાહ્ય આચારો પર પણ. કુટુંબ-વારસામાં પણ જે ધર્મ ઊતરે છે, એ કુટુંબના ધાર્મિક આચારો પર. વડિલ ધર્મપ્રવૃત્ત કરતા હોય, ધર્મના આચાર પાળતા હોય, એ દેખીને નાનડિયા પણ ધર્મ-આચારો પાળવા લાગે છે. એજ રીતે ભગવાનથી માંડીને સંઘમાં આજ સુધી ધર્મ-આચારોની પરંપરા ચાલી આવી છે; ને આ શુદ્ધ ધર્મઆચારોનો પ્રભાવ છે કે વિચાર-શુદ્ધિ ઊભી થાય છે. સ્વાભાવિક છે કે માણસ સારા આચરણમાં રહે એટલે એને વિચાર સારા આવે. સત્ પુરુષોનો સંગ કરતો રહે, સદ્આચરણ કરતો રહે, તો સારા વિચાર પામે છે. ત્યારે અસત્ મિત્રોના સંગમાં સારો પણ છોકરો બગડી જાય છે, સદ્ વિચારો ગુમાવી અસત્ વિચારણાવાળો બને છે, એ દેખાય છે. આચારનું મહત્ત્વ છે.

સાધુના સંયમ-સ્વાધ્યાય-સદ્અનુષ્ઠાનોના સદ્ આચાર દેખીને અનુમાન થાય કે આ સુસાધુ છે. એમને વંદન કરવાનું. ન્યાયશાસ્ત્ર પ્રમાણે,

વંદના-નમસ્કાર એ પોતાનો અપકર્ષ અને સામાનો ઉત્કર્ષ જણાવતી ક્રિયા છે.

પોતાના કરતાં સાધુને મહાન માન્યા એટલે એમના પર કુદરતી અહોભાવ આવે, અને એમને પ્રણામ થઈ જાય.

જીવ અનાદિ કાળથી આ સંસારમાં કર્મવશ જનમ-મરણ કર્યા કરે છે. એને કર્મવશતા કેમ ? તો કે એનામાં કર્મબંધ થવાની યોગ્યતા યાને ભાવમલ એવો જાલિમ પડ્યો છે, કે એ કર્મ બાંધ્યા જ કરે, બાંધ્યા જ કરે. બાંધેલા કર્મ ભોગવતો જાય તો ય ભાવમલવશ નવાં કર્મ બાંધ્યા જ કરે છે. એમાં હવે જ્યારે ભાવ-મલમાં અર્થાત્ કર્મબંધની યોગ્યતામાં બહુ અલ્પતા આવે, જે ચરમાવર્ત-પ્રવેશમાં આવે છે, ત્યારે આત્મામાં પ્રકાશ સમાન ગુણ પ્રગટ થાય છે.

જેમકે, રત્ન ખાણમાં પડ્યું હોય ત્યાંસુધી એના પર મેલના થેપડા ચોંટ્યા હોય છે, પરંતુ હવે જ્યારે એને બહાર કાઢી એના પર પ્રક્રિયાથી એ બહુ મલ ઓછો કરવામાં આવે, ત્યારે રત્નની જ્યોત પ્રગટ થાય છે. બસ, એજ રીતે આત્મા પરના અનાદિના ભાવમલમાં અલ્પતા થઈ જાય એટલે કાંઈક આત્મ-જ્યોતિ પ્રગટ થાય છે. એ કાંઈ સહેજે પ્રગટ નથી થતી, પરંતુ ભાવમલની અલ્પતાથી 'અવંચક-સમાધિ' પેદા થવા પર સત્યોગ યાને સાધુયોગ સત્સંગ કરવાથી પ્રગટ થાય છે.

સત્સંગ એ 'સંગ'રોગ કાઢવાની દવા :-

શ્રી ધર્મસંગ્રહ શાસ્ત્ર કહે છે, 'સંગ એ રોગ છે.' દુન્યવી ચેતન પદાર્થોનો સંગ કર્યો એ રોગ ઊભો કર્યો, ને સંસાર એ રોગની વેદના છે. આમ સંગ એ રોગ, પરંતુ સત્સંગ એ દવાની પડીકી છે. એ ધીમે ધીમે 'સંગ'રોગને હટાવનાર છે. માટે 'જયવીયરાય સૂત્ર'માં રોજ પ્રભુની આગળ 'સુહગુરુ-જોગો' માગીએ છીએ, 'પ્રભુ ! તમારા પ્રભાવે મને શુભ અર્થાત્ સત્ ચારિત્રપાત્ર ગુરુનો યોગ મળો.' 'તવ્વયણ-સેવણા' એમના વચનની-એમના ઉપદેશની ઉપાસના-આરાધના મળો.

આ હિસાબે વિચારવા જેવું છે, કે આવો સત્સંગ યાને સાધુયોગ; કે જે પછી સાધુને વંદન યાને ક્રિયાયોગ લાવે, ને પછી એમના ઉપદેશનું શ્રવણ-મનન વગેરે સત્ ફલયોગ અવશ્ય લાવે, અને એના સત્ફળ રૂપે ઉત્તરોત્તર સત્યોગ, સત્ક્રિયા અને સત્ફળની વધતી જતી આવૃત્તિ લાવે,...

એ સાધુયોગ કેવા રૂપનો કરવો જોઈએ ?

કહો, એવા રૂપનો કે હૈયામાં એવું બરાબર સજ્જડ બેસી જાય, કે 'આ સત્સંગ એ તારણહાર, ને બીજા સંગ એ મારણહાર.' બીજાના સંગ સંસાર-ભાવના ને રાગાદિ પોષી સંસાર લાંબોલચક બનાવી આપે; ત્યારે સત્સંગ ધર્મભાવના પોષી રાગાદિ ઘટાડીને સંસાર ટૂંકો કરી આપે. માટે જ જગતના છ ખંડની સમૃદ્ધિના સંગ કે ઠકુરાઈ-પરિવારના સંગ કરતાં સત્સંગ બહુ કિંમતી લાગે. એ લગાડીને સાધુયોગ સાધે તો મનને અવ્વલ હુંફ મળે. મન એમાં જેવું ઠરે, એવું બીજા સંગમાં ન ઠરે, એમાં એવી હુંફ ન અનુભવે.

એટલે સમજવું જોઇશે કે સાધુનો યોગ થવા છતાં દ્વિલને હુંફ અને ઠરવાનું જો દુન્યવી સંગોમાંજ અનુભવાય છે, પણ સાધુ-દર્શન અને સત્સંગમાં નહિ, તો ત્યાં વાસ્તવિક યોગાવંચક નથી થયો. માટે સારા સાધુનો યોગ થવા છતાં એ યોગને યોગાવંચક બનાવવા આવું દ્વિલ બનાવવું જોઇએ. પછી સત્પ્રણામાદિ ક્રિયાવંચક આવે જ; અને એ આવે એટલે ફળ યાને ઉત્તરોત્તર યોગ-ક્રિયાની વૃદ્ધિ થતી આવે જ, એ સહજ છે.-આ બધું મૂળમાં ભાવમલની અલ્પતાને આભારી છે. રત્ન પરથી મેલ ખસે તેમ રત્નનો ચળકાટ બહાર આવે; એમ જીવ પરથી ભાવમેલ ખસે તેમ જીવનો ઝળકાટ-ઓજસ વિકસી ઊઠે. ત્યાં આધ્યાત્મિક સંપત્તિઓ પ્રાપ્ત થતી આવે.

(ટીકા) પ્રકૃત વસ્તૂપોદ્વલનાય વ્યતિરેકસારમાહ-

(મૂલ) નાસ્મિન્ ઘને યતઃ સત્સુ
તત્પ્રતીતિર્મહોદયા ।
કિં સમ્યગ્ રુપમાદત્તે
કદાચિદ્ મન્દલોચનઃ ॥ ૩૬ ॥

(ટીકા)નાસ્મિન્ ભાવમલે ઘને-પ્રબલે, યતઃ, સત્સુ-સાધુષુ તત્પ્રતીતિઃ સત્પ્રતીતિર્ભવતિ । કિંવિશિષ્ટેત્યાહ 'મહોદયા,' અભ્યુદયાદિસાધકત્વેન । પ્રતિવસ્તૂપમયાऽમુમેવાર્થમાહ ' કિં સમ્યગ્ રૂપમાદત્તે ? ' લક્ષણવ્યઞ્જનાદિકાત્સ્ન્ર્યેન, ' કદાચિદ્ મન્દલોચનઃ,' ઇન્દ્રિયદોષાન્નાદત્ત એવેત્યર્થઃ ॥૩૬॥

(ટીકાર્થ-) પ્રસ્તુત વસ્તુના સમર્થન માટે નિષેધમુખેન કહે છે,-

(ગાથાર્થ) કેમકે આ (ભાવમલ) પ્રબળ હોતે છતે સાધુઓને વિષે તેવી ઓળખ થતી નથી, કે જે ઓળખ મહાન ઉદયકારી છે. શું આંખે ઝાંખવાળો વસ્તુનું સમ્યક્ સ્વરૂપ પામી શકે છે ?

(ટીકાર્થ-) જેથી કરીને આ ભાવમલ ઘન=પ્રબળ હોય છે, તેથી સત્ની અર્થાત્ સાધુના અંગેની સાચી ઓળખ થતી નથી. ઓળખ કેવી છે ?

તો કે મહાન ઉદયવાળી; કેમકે એ સ્વર્ગાદિની સાધક છે. સામી વસ્તુની ઉપમાથી આ જ પદાર્થને કહે છે,–મન્દલોચન અર્થાત્ લક્ષણ વ્યંજન આદિ સમસ્તમાં કયાંય ઈંદ્રિયદોષવાળો હોય, એ શું વસ્તુનું સમ્યક્ સ્વરૂપ ગ્રહણ કરી શકે? અર્થાત્ ન જ કરી શકે.

વિવેચન—

ભાવમલ બહુ ક્ષીણ થાય તો કેવા કેવા ઉત્તમ લાભ થાય એ બતાવ્યું. એ અન્વયથી બતાવ્યું કહેવાય. હવે વ્યતિરેકથી બતાવે છે, એટલે કે ભાવમલ હજી એવો બહુ ક્ષય ન પામ્યો હોય, તો કશી ઉત્તમ ચીજ ન બની આવે, એ આ ગાથામાં બતાવે છે; ને એ માટે અમુક વસ્તુની ઉપમા આપે છે.

ભાવમલ ઘન હોય, પ્રબળ લાગેલો હોય, તો એને–'સત્પ્રતીતિ' નથી થતી, અર્થાત્ સત્-પુરુષની સાચી ઓળખ નથી થતી.

સાધુની ઓળખ કેવી ?–

સાધુની ઓળખ એટલે દિલને લાગે, કે 'સાધુ ઉચ્ચ કોટિનું નિષ્પાપ જીવન જીવનારા છે. એમનાં દર્શનથી આપણે પવિત્ર થઈએ. એ મારા કરતાં લાખગણું ઊંચું જીવન જીવનારા છે; એમને દેખું, નમું, ભજું તો મારાં પાપ ઓછા થાય.' આ ઓળખ હોય એટલે સાધુ કેવા લાગે ? પૈસા ટકા આપનારા નહિ, પણ પાપ છોડાવનારા લાગે. એમાં જો પૈસા વગેરે દુન્યવી વસ્તુની આશાંસાથી સાધુને ભજનારો હોય તો એણે વાસ્તવમાં સાધુને ઓળખ્યા નથી.

સાધુની સાચી ઓળખ એટલે સાધુને મહાન ત્યાગી સંયમી તરીકે ઓળખી મનમાં સમજે, કે 'ખરું જીવન તો આવું ત્યાગનું સંયમનું નિષ્પાપ જીવન જ જીવવું જોઈએ.' હૈયે જો આ બેઠું હોય, તો પોતાને આવું જીવન પામવાની લાલસા હોય. પછી એ એવા સાધુનો યોગ કરે તે સાધુને ઓળખીને સત્યોગ કરનારો કહેવાય.

આ ત્યારે જ બને કે ભાવમલ ખૂબજ અલ્પ થઈ ગયો હોય, ભાવમલ અલ્પ ન થયો હોય, ત્યાંસુધી એને સાધુની આવી સત્ પ્રતીતિ યાને સાચી ઓળખ થતી નથી. આંખ પર છારી વળી હોય એ વસ્તુને સાચી રીતે પરખી ન શકે. દા. ત. સામાના શરીર પર કેવાં કેવાં સ્વસ્તિક વગેરે લક્ષણ છે, અથવા કેવાં કેવાં મસો-તલ વગેરે વ્યંજન છે, એમ મુખ–લલાટ–આંખ–આંગળીઓ વગેરે કેવા ઉત્તમ યા મધ્યમ વગેરે છે, એ બધી રીતે પરખી ન શકે.

એકાદિ વેળા આંખ ચોક્ખીય હોય, પરંતુ વસ્તુ-પારખનું તેવું જ્ઞાન ન હોય, તો ય તે વસ્તુને એના ખાસ સ્વરૂપે ન ઓળખી શકે. દા. ત. ઝવેરાતનું જ્ઞાન ન હોય એને હીરો દેખાડો તો એ એટલું જ કહે, કે કાચ કરતાં સારો ચમકદાર છે, પણ એનું મૂલ્ય એનાં લક્ષણ વગેરે ન સમજી શકે.

ધનાજીની પરીક્ષા :–

ધનાજી દેશાટને ફરતાં એક રાજાની સભામાં જઈ ચડ્યા છે. ત્યાં રાજાએ ખજાના-માંથી એક હીરો બહાર કઢાવી ઝવેરીઓને એ બતાવી પૂછી રહ્યા હતા, કે 'બોલો આ હીરાની ખાસ શી શી સુલક્ષણતા છે ? શી વિશેષતા છે ?' ત્યારે ઝવેરીઓ કોઈ કહે 'આનામાં મહાન ઉદય આપવાની વિશેષતા છે.'' બીજો કહે 'આનામાં પરિવાર વિશાલ આપવાની ખાસિયત છે,'....પરંતુ આ જવાબોથી રાજાને સંતોષ નહોતો થતો. ત્યાં ધનાજીએ રાજાને કહ્યું; 'આપની રજા હોય તો હું જોઉં.' રાજાએ રજા આપી. ધનાજી કાષ્ઠપરીક્ષા, માટીપરીક્ષા, રત્નપરીક્ષા વગેરે સારું જાણતા હતા, તે એમણે હીરાને જોઈને કહ્યું, 'આ હીરામાં એક ખાસ પ્રકારની વિશિષ્ટતા છે. આપને આની વિશેષતા સમજવી હોય તો ચોખાનો મોટો થાળ મંગાવો, એમાં વચ્ચે આ હીરો મૂકી દૂર મેદાનની વચ્ચે મુકાવો.'

રાજા અને અવેરીઓ આ સાંભળી સ્તબ્ધ થઇ ગયા ! કે 'હીરાને ચોખા સાથે શો સંબંધ ?' રાજાએ એ પ્રમાણે થાળ મુકાવ્યો, આકાશમાંથી પંખેરા ચોખા ખાવા નીચે ઊતરી પડયા, પરંતુ થાળની નજીક જઇ શકતા નથી. ઉપર આકાશમાં આસપાસ ઘુમરી લે છે, પરંતુ કોઈ ખૂણામાંથી એના પર પહોંચી શકતા નથી.

ધનાજી કહે 'જોયો સાહેબ ! આ હીરાનો પ્રભાવ ? હવે હીરો લેવરાવી લો, પછી જુઓ ચોખાની દશા.'

રાજાએ હીરો મંગાવી લીધો કે તરત પંખેરા થાળ પર તૂટી પડયા, ને ચોખા સાફ કરી નાંખ્યા ! અહીં ધનાજી કહે છે, 'જુઓ નામદાર ! જેમ હીરો ચોખાની પાસે છે, ત્યાંસુધી પંખેરાઓની મજાલ નથી કે થાળના સીમાડામાં પ્રવેશ કરી શકે, તેમ આપના કુળ પાસે આ હીરો છે ત્યાં સુધી કોઇ દુશ્મનની મજાલ નથી કે આપના રાજ્યના સીમાડામાં પ્રવેશ કરી શકે, પછી ભલેને એ આપના કરતાં મોટું લશ્કર લઈને આવે. આ હીરાનો આ પ્રભાવ છે. જો વિશ્વાસ ન બેસતો હોય ને પારખું કરવું હોય તો થોડો સમય મારા જેવાને આ હીરો લઈ જવા દો.' આપે રાજા ?

રાજા કહે " ભાઈ ! ઝેરના અખતરા કરવાના ન હોય. ઝેરનું કાંઇ ચાખીને પારખું ન થાય કે 'શું આ ખાવાથી મરી જવાય ?' બાકી હીરાનું પારખું તો ચોખાના થાળમાં થઈ ગયું. ધન્ય તમારી રત્ન-પરીક્ષાની કુશળતાને ! બીજા અવેરીઓ આ ન પરખી શકયા."

બસ, ભાવમલની બહુલતા હોય, એને સાધુની ઓળખ ન થાય કે 'આ તારણહાર, પવિત્ર સંયમ-જીવન જીવનારા. એમને ભજીએ તો આપણને તરવાનું મળે, નિષ્પાપ જીવન મળે.'

(ટીકા-)અધુનાન્વયસારમધિકૃતવસ્તુસમર્થનાયાહ-

(મૂલ) અલ્પવ્યાધિર્યથા લોકે
તદ્વિકારૈર્ન બાધ્યતે ।
ચેષ્ટતે ચેષ્ટસિદ્ધ્યર્થં
વૃત્ત્યૈવાયં તથા હિતે ॥૩૭॥

(ટીકા-) અલ્પવ્યાધિઃ ક્ષીણપ્રાયરોગઃ । યથા લોકે કશ્ચિત્તદ્વિકારૈઃ કણ્ડ્વાદિભિર્ન બાધ્યતે વ્યાધેરલ્પત્વેન ન બાધ્યતે । કિં ચેત્યાહ ચેષ્ટતે ચ રાજસેવાદૌ 'ઇષ્ટસિદ્ધ્યર્થં કુટુમ્બાદિ-પાલનાય । એષ દૃષ્ટાન્તોઽયમર્થોપનય ઇત્યાહ 'વૃત્ત્યૈવ' (ધૃત્યૈવ) ધર્મયોનિરૂપયા । એતચ્ચ ધૃતિઃ-શ્રદ્ધા-સુખા-વિવિદિષા વિજ્ઞપ્તિરિતિ ધર્મયોનયઃ ઇતિ વચનાત્ । તદનયા હેતુભૂતયાયં યોગી તથાલ્પવ્યાધિપુરુષવત્સ્થૂરાકાર્ય-વૃત્તિનિરોધેન 'હિતે' હિતવિષયે દાનાદૌ ચેષ્ટતે ઇતિ ॥૩૭॥

(ટીકાર્થ):- હવે વિધાનમુખે પ્રસ્તુત વસ્તુના સમર્થન માટે ગાથા ૩૭ મી કહે છે,-

(ગાથાર્થ):- જેમ લોકમાં રોગ ક્ષીણપ્રાય થયેલાને એ રોગના વિકારોની પીડા નથી હોતી, અને હવે એ પોતાના ઇષ્ટની સિદ્ધિ માટે ઉદ્યમ કરે છે. એ પ્રમાણે ભાવમળ બહુ ક્ષીણ થયેલો હોય એ, હિતમાર્ગમાં ધૈર્ય વગેરે વૃત્તિથી ઉદ્યમ કરે છે.

(ટીકાર્થ):- 'અલ્પવ્યાધિ' = ક્ષીણપ્રાય રોગવાળો, જેવી રીતે લોકમાં કોઈપણ માણસ રોગના ખણજ વગેરે વિકારોથી પીડાતો નથી, કેમકે વ્યાધિ અલ્પ થઇ ગઇ છે, અને પછી એ પોતાની રાજ્યની નોકરી વગેરેમાં લાગે છે, તથા ઇષ્ટ-સિદ્ધ્યર્થ=કુટુંબાદિના પાલનાર્થે ઉદ્યમ કરે છે; આ દૃષ્ટાન્ત છે, એના પદાર્થનો ઉપનય આ પ્રમાણે કહે છે. 'વૃત્ત્યૈવ' ધૃતિ એ ધર્મયોનિ સ્વરૂપ છે. 'ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષા-વિજ્ઞપ્તિ એ પાંચ ધર્મયોનિઓ છે,' એવું

શાસ્ત્ર-વચન છે. તેથી આ કારણભૂત ધૃતિરૂપ ધર્મયોનિથી આ યોગી, તેવા ક્ષીણપ્રાય વ્યાધિવાળા પુરુષની જેમ, સ્થૂલ અકાર્ય કરવાની વૃત્તિનો નિરોધ કરવા દ્વારા હિતમાં અર્થાત્ હિતવિષયભૂત દાનાદિમાં પ્રવૃત્તિ કરે છે.

વિવેચન :- ભાવમલ બહુ હોય તો એને સાધુની ઓળખ જ નથી થતી. એમ નિષેધમુખે વાત કરી. હવે ભાવમલ અતિ અલ્પ થઈ ગયો હોય તો શો ગુણ થાય એ વિધાનમુખે સમજાવે છે. એ સમજાવવા માટે વ્યાધિરહિત બનેલાનું દૃષ્ટાન્ત આપે છે.

વ્યાધિરહિત બનેલાનું દૃષ્ટાંત :-

લોકોમાં પ્રસિદ્ધ છે, કે કોઇને લોહી-વિકાર વગેરે વ્યાધિ લગભગ નાશ પામી ગયો હોય, તો, હવે એને એ વ્યાધિના વિકારો તરીકે બળજ વગેરેની પીડા હોતી નથી. એટલું જ નહિ, પણ હવે એ રોગ-વિકારથી મુક્ત બન્યો એટલે, એ હવે પોતાના રાજનોકરી વગેરે ધંધે લાગી જાય છે. ઉપરાંત પોતાના કુટુંબ આદિના પાલન માટેની પ્રવૃત્તિ બરાબર કરે છે.

બસ, આ જ વસ્તુ અહીં લાગુ પડે છે,- ભાવમલ બહુ ક્ષીણ થઈ ગયો તેથી એના વિકારો શમી ગયા એટલે હવે એ પૂર્વની જેમ જૂઠ- અન્યાય-અનીતિના ધંધા, મળખીચૂસપણું, બહુ બોલકણાપણું, નિંદા, જુગાર દુરાચાર વગેરે મોટા અકાર્યોનો ત્યાગ કરી સારી પ્રવૃત્તિમાં લાગે છે. અર્થાત્ હવે એ આત્મહિતના દાન-શીલ-તપ-પરમાત્મભક્તિ-સાધુસેવા....વગેરેની પ્રવૃત્તિમાં લાગે છે.

ભાવમળ બહુ ક્ષય પામ્યાથી આ પ્રભાવ પડે છે કે વિકારો શાંત થઇને આ સત્પ્રવૃત્તિ ચાલુ થાય છે.

ભાવમળના વિકારો :-

ભાવમળ એ મોટો રોગ છે-

એના વિકારો એવા છે કે એ વસ્તુની ઓળખ ન થવા દે. કમળાના રોગથી આંખમાં પીળાશનો વિકાર થવાને લીધે સફેદ વસ્તુની સફેદ તરીકે ઓળખ નથી થતી. તાવનો રોગ આવે તો વિકારો થાય છે ને? મોં સુકાય, અન્નની અરુચિ રહે, વારંવાર પાણીની તરસ લાગ્યા કરે, મોંમાં કડવાશ રહે...એમ જોરદાર ભાવ-મલથી (૧) દુન્યવી નાશવંત પદાર્થોનો તીવ્ર રાગ અને માયા-મમતા રહે. જાણે છે કે 'આંખ મીંચે ડૂબ ગઇ દુનિયા, મારા મૃત્યુ પછી આ અહીં જ રહેશે, મારી સાથે નહિ આવે,' છતાં એ પૈસા-માલ-મિલ્કત-પરિવારની પાછળ આખી જિંદગી લગાવે એટલી બધી માયા! એમ તુચ્છ વિષય-સુખની પળેપળ ઝંખના રહે. એમ સત્તા-સન્માન વગેરેનો તીવ્ર રાગ રહે. (૨) એ બધાની સેવામાં 'હું મરીને ક્યાં જઇશ?' એવી પોતાના પરલોકની કોઈ ચિંતા જ નહિ. (૩) 'દુર્ગતિમાં ન ફેંકાઈ જાઉં!' એવો કશો ભય જ નહિ, તે (૪) નિર્ભય થઇને અર્થ-કામમાં રચ્યોપચ્યો રહે....આ પ્રબળ ભાવમળના વિકારો છે. જગતની જડ વસ્તુના રાગ એટલા બધા કે (૫) સદા આર્તધ્યાનમાં અને જરૂર લાગે ત્યાં રૌદ્રધ્યાનમાં રમ્યા કરે.

આ વિકારો ક્યાં સુધી પહોંચે? ઠેરાસર જાય, ઉપાશ્રયે જાય, શંખેશ્વરાદિ તીર્થે જાય, ત્યાં પણ આ અર્થ-કામના વિકારો સળવળતા રહે! અરે! કદાચ ચારિત્ર લે, સાધુ થાય, તોય જો ભાવમલનું જોર હોય તો આ વિકારો નડે. પૂછો,-

પ્ર૦- ચારિત્ર લેવામાં વિકારો કેવી રીતે નડે?

ઉ૦- આ રીતે,-

ભાવમળના વિકારવાળો ગુરુ કેમ કરે?:-

દા. ત. પહેલાં તો ગુરુ શોધે, તે કેવા અને કઈ દૃષ્ટિથી? સારા પ્રસિદ્ધ વ્યાખ્યાતા ગુરુ શોધે અને તે પોતાના સ્વાર્થની દૃષ્ટિથી; અર્થાત્ એ જુએ, કે (૧) સારા પ્રસિદ્ધ વ્યાખ્યાતા ગુરુ

હોય તો એમના ભક્ત ઘણા, તેથી આપણો ભાવ પુછાય. (૨) વળી ગુરુ સારા મુલાયમ ને નરમ સ્વભાવના શોધે, જેથી પોતાને ગુરુથી દબાઇ ન જવું પડે. કેમકે ગુરુનો ઉગ્ર સ્વભાવ હોય તો પોતાને બહુ સાવચેતીથી રહેવું પડે. પાછું એ જુએ, કે (૩) ગુરુ આપણને બરાબર સંભાળશે ને? (૪) ગુરુ આપણને ભણાવી કરી આગળ વધારી શકે એવા છે ને? ...આ બધા વિકારના ચાળા છે. એ તીવ્ર ભાવમલ સૂચવે છે.

ભાવમલ બહુ અલ્પ થઈ ગયો હોય, તો આવા સ્વાર્થ-માયાદિના વિકારો નહિ. એટલે એ તો એ જુએ, કે

વિકાર વિનાનો ગુરુ કેમ કરે?

'ગુરુ કરવા છે તે વિનય-સેવા-હિત-શિક્ષાનો પવિત્ર લાભ મળે એ માટે.

'જગતમાં જીવે ભટકતાં ભટકતાં અનંતા લેભાગુ મોહમાયા-ગ્રસ્તોની સેવા કરી, તેથી આજસુધી ભટકવાનું ચાલુ છે; હવે સારા સંયમી ગુણિયલ ગુરુની જીવનભર સેવા કરું તો ન્યાલ થઈ જાઉં. ભવના ફેરા મટી જાય,' અર્થાત્ ગુરુ તરફથી સેવા લેવા માટે નહિ, પરંતુ ગુરુની સેવા કરવા માટે ગુરુ કરે. વળી વેવલા નહિ, પણ કડક સ્વભાવના ગુરુ શોધે, જેથી ગુરુ શરમ કે બીક રાખ્યા વિના પોતાને અસંયમ-ઉન્માર્ગથી બચાવતા રહે. આપણા હીરસૂરિજી મહારાજ ચારિત્ર લેવા તૈયાર થયા ત્યારે કોઇકે પૂછયું.

'ક્યાં ચારિત્ર લેવાના છો?'

આ કહે,- 'દાનસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં.'

પેલા ભાઈ કહે 'ત્યાં તો નવકારશી ય ન મળે.... વગેરે વગેરે દાનસૂરિજી મહારાજ સાહેબની બહુ કડકાઈ.'

આ કહે,- 'એટલા જ માટે મારે ત્યાં દીક્ષા લેવી છે. કડકાઈ હોય તો જ સંયમ સારું પળે.'

દૃષ્ટિનો જ સવાલ છે.

દૃષ્ટિ નિર્મલ થાય ત્યારે બધું સીધું સૂઝે.

દૃષ્ટિ મેલી હોય ત્યાં અવળું સૂઝે.

ભાવમલ બહુ ક્ષીણપ્રાય હોય ત્યાં વિકારોની પીડા નહિ, એટલે દૃષ્ટિ નિર્મળ થાય. ધર્મની સાધનામાં મલિન દૃષ્ટિના ઘરની શારીરિક સુખશીલતા, સ્વાર્થમાયા, કે મનની વિષયલંપટતા વગેરે પોષવાની વાત નહિ. એટલે જ ધર્મ કરવા જાય ત્યાં આત્માના હિતની જ સાધના પર એનું લક્ષ હોય. દૃષ્ટાન્ત આપ્યું કે શારીરિક વ્યાધિ હોય ત્યાં સુધી દાહ-બણજ વગેરે વિકારો હોય. પરંતુ વ્યાધિ શમી ગયાથી એ વિકારો ન રહે; અને પછી જેમ કુટુંબ-પાલન માટે રાજસેવાદિ ધંધાની પ્રવૃત્તિ કરે, એનો ઉપનય ઘટાવે છે, કે ભાવમલ ક્ષીણપ્રાય થઈ ગયે મોહાદિ વિકારો શમી જવાથી હવે એ આત્મહિતાર્થ દાનાદિમાં પ્રવૃત્તિ કરે છે.

દેહદૃષ્ટિ અને આત્મદૃષ્ટિનાં કાર્ય :-

અનાદિના એકાંત જડપ્રીતિ વગેરે વિકારો શાંત થયા, એટલે જીવની દૃષ્ટિ, જીવનો રસ, જીવની લગન....વગેરે ફરી ગયા. એટલે પહેલાં જે દેહ-દૃષ્ટિ હતી, ધન-મૂર્ચ્છા, વિષયરાગ, પરિવાર-મોહ વગેરેના કારણે ધન-વિષયો-પરિવારની જ દૃષ્ટિ રહેતી હતી, એનોજ રસ અને લગન રહેતી, તે હવે આત્મદૃષ્ટિ જાગવાથી એ વિકારો મટીને દાનરુચિ-શીલપ્રીતિ-તપરસ વગેરે આત્મહિત રૂપ દાનાદિની દૃષ્ટિ જાગે છે, દાનાદિનો રસ રહે છે, લગની રહે છે. એટલે જ દાનાદિરૂપ આત્મહિતમાં પ્રવૃત્તિ થાય છે.

૫ ધર્મયોનિ : ધૃતિ આદિ

આ હિત-પ્રવૃત્તિ પણ જેમ તેમ નહિ કરવાની, કિન્તુ ધૃતિ આદિ ધર્મયોનિ-ધર્મસાધન સાધવા સાથે કરવાની. ગ્રંથકાર મહર્ષિ કહે છે કે શાસ્ત્રવચન છે,-'ધૃતિ શ્રદ્ધા-સુખા-વિવિદિષા-વિજ્ઞપ્તિ, એ પાંચ ધર્મ-યોનિઓ છે. એમાંથી આત્મામાં સાચો ધર્મ જન્મ

પામે છે, માટે એને ધર્મયોનિ કહે છે. તાત્પર્ય, આ પાંચ ગુણ ધર્મના અતિ આવશ્યક સાધન છે. કોઈ પણ ધર્મ આરાધવો હોય તો એ માટે આત્મામાં ધૃતિ જોઈએ, શ્રદ્ધા જોઈએ, સુખા જોઈએ, વિવિદિષા જોઈએ, અને વિજ્ઞપ્તિ જોઈએ.

(૧) ધૃતિ–ધર્મસાધનોમાં પહેલી આવશ્યકતા ધૃતિની. ધૃતિ એટલે ધર્મ-સ્થિરતા, ચિત્તની સ્વસ્થતા. ધર્મ કરવો છે તો પહેલાં ચિત્તની ચંચળતા, અસ્વસ્થતા, આકુલ–વ્યાકુલતા, અતિ રાગદ્વેષના સંક્લેશ....વગેરેને દૂર હટાવો; નહિતર એવા અસ્વસ્થ મનમાં ધર્મ જામી નહિ શકે. એક દેવદર્શન જેવો નાનકડો ધર્મ કરવો છે, પરંતુ મનમાં દા. ત. ' મારો રૂમાલ પડી ગયો,' એટલી ય જો મનમાં અસ્વસ્થતા આર્ત-ધ્યાન હશે, તો દેવદર્શનમાં ભલીવાર નહિ આવે. એમ સુપાત્ર દાન દે છે, પરંતુ મનમાં દા. ત. 'મારે ગાડીનો ટાઈમ થઇ જશે,' એટલીય વ્યાકુળતા હશે, તો ચિત્તમાં વિવેક-બહુમાન-ભર્યા સુપાત્ર-દાનના ઊંચા ભાવ નહિ આવે. સારાંશ, ધર્મ જરૂર સાધો, પરંતુ ચિત્તમાં ધૃતિ-સ્વસ્થતા લાવીને સાધો. પૂછો,–

પ્ર૦–પણ અનાદિનું વલોપાતિયું મન કાંઈ ને કાંઈ વલોપાત કરતું હોય એ કેમ રોકાય ? અને શી રીતે ધૃતિથી ધર્મ થાય ?

ઉ૦–મનને સમજાવી દેવાનું,–

"ચક્રવર્તીના છ ખંડ ગયા, તારે એવું શું ગયું છે ? "

તે રૂમાલ પડી જવા પર વલોપાત કરે ? ગાડી પકડવી છે તે વલોપાત કરવાથી નહિ પકડાય, પુણ્યથી પકડાશે. સુપાત્ર–દાનાદિ ધર્મ સારી રીતે કર, પુણ્ય વધશે તો પુણ્યથી ગાડી કદાચ લેઈટ હશે ને ? તો ય તને મળી જશે ! ધર્મની તક શા સારુ ખોવે ? અથવા જીવનમાં બીજી કાંઈ તકલીફ હોય, કે અમુક ઇષ્ટસિદ્ધિ અપેક્ષિત હોય, તો તે કાંઈ તારા વલોપાતથી તકલીફ નહિ જાય, ઇષ્ટસિદ્ધિ નહિ થાય.

"તકલીફ જશે યા ઇષ્ટસિદ્ધિ થશે તો તે ધર્મના પ્રભાવે."

"માટે ધર્મ પર ભારે શ્રદ્ધા રાખી સ્થિર ચિત્તે ધર્મ કર. કામ કરશે તો ધર્મનું પુણ્ય જ કામ કરી જશે. માટે ધર્મ વધાર. બાકી તો દુન્યવી કોઇ તકલીફ દૂર થાય કે કાંઈક સિદ્ધિ ય થઇ આવે, એની બહુ કિંમત શી છે ?

"મોટી દુન્યવી સિદ્ધિઓ થઈ આવે તે પણ (૧) જન્મના અંતે ચાલી જવાની ! અને (૨) "જીવતાં ય પાસે છે ત્યાંસુધી ય પળે પળે રાગના ઝેર પાનારી, અને (૩) પાપકર્મ બંધાવનારી છે.

"એનું મહત્ત્વ ગણાય ? મહત્ત્વ તો વીતરાગ પ્રભુનાં ધર્મનું છે. એ સાધવા મળે એ વખતે મનને ચંચળતા – વિહ્વળતા – વલોપાત શા રાખવા ?"...

વગેરે વગેરે તત્ત્વસમજથી મનના વલોપાત મિટાવી શકાય.

ધ્યાનમાં રહે,–ધર્મ મનથી કરવાનો છે, મન વિનાનો નહિ. કહે છે ને કે 'મન વિનાનું મળવું ને ભીંતડિયે ભટકાવું.' સામાનું મન નથી ને તમે એને મળવા જાઓ, તો એ કોઈ ભીંતને મળવા ગયા બરાબર છે; ભલીવાર ન આવે. એમ મન વિના પરાણે ધર્મ કરવા ગયા, તો એમાં ભલીવાર ન આવે. હવે જ્યારે મન દઇને ધર્મ કરવાનો છે, તો ધર્મ કરતી વખતે તે મન વિહ્વળ–વ્યાકુળ–ચંચળ રાખ્યું કેમ પાલવે ?

ધર્મને મન દેવું જ છે તો તે સ્વસ્થ મન દેવું.

તો જ ધૃતિથી ધર્મ સધાય. આમ ધૃતિ એ પહેલી ધર્મયોનિ.

(૨) શ્રદ્ધા :-

બીજી ધર્મયોનિ છે 'શ્રદ્ધા.' ધર્મ કરવામાં જેમ મનની સ્વસ્થતા જોઈએ, એમ ધર્મની શ્રદ્ધા જોઈએ. ધર્મની શ્રદ્ધા એટલે 'આ ધર્મ મારો તારણહાર છે. દુનિયાદારી તો મારણહાર છે. એ એવું ઝેર કે એ જીવનું સત્ ચૈતન્ય નષ્ટ કરી દે છે ? એવી મારણહાર દુનિયાદારીની વચમાં મને તારણહાર ધર્મ કરવાનો મળે છે ? વાહ મારું કેટલું અહોભાગ્ય !' એમ ધર્મ પ્રત્યે અહોભાવ ને ગદ્‌ગદતા આવે, એ ધર્મની શ્રદ્ધા કહેવાય.

એટલું ધ્યાનમાં રહે, કે ધર્મ તો નિરાશંસભાવે સધાય, કશી દુન્યવી લાલચ રાખ્યા વિના સધાય, તો જ ત્યાં શુદ્ધ ધર્મશ્રદ્ધા આવી ગણાય. જો એવી કોઈ દુન્યવી લાલચથી ધર્મ કરાય છે, તો ત્યાં શ્રદ્ધા એ દુન્યવી વસ્તુની થઈ, પણ ધર્મની નહિ. "શંખેશ્વર દાદા ! તમારી દોઢસો (૧૫૦) રૂપિયાની આંગી રચાવી છે, ઉપર બે મીંડાં ચડાવીને મને દઇ દેજો," -આ લાલચમાં તો ધર્મની નહિ પણ લક્ષ્મીની શ્રદ્ધા-પ્રીતિ થઈ. મનને લાગ્યું કે 'જીવનમાં રૂપિયા મેળવવા એ કર્તવ્ય છે, એના માટે ધર્મ કરી લેવાનો' આ ભાવનામાં 'ધર્મ તરીકે ધર્મ કર્તવ્ય છે,' એ ન આવ્યું. શુદ્ધ ધર્મ-શ્રદ્ધા ન આવી. શુદ્ધ ધર્મશ્રદ્ધા આ,-'જીવનમાં ધર્મ જ કરવા જેવો છે, ધર્મ જ કર્તવ્ય છે,' એવી શ્રદ્ધા. 'દુનિયાદારી કરવી પડે છે તે તો પેટનો ખાડો પૂરવા પૂરતી જ, જેથી ધર્મ સમાધિથી સ્વસ્થતાથી સારો થઈ શકે,'-આ હૈયે બેઠું હોય.

શુદ્ધ ધર્મશ્રદ્ધામાં જેમ ધર્મના ફળ તરીકે દુન્યવી પદાર્થ માનપાન આદિની લાલચ ન જોઈએ, તેમ મદ-માયા-કપટ આદિ બૂરી વૃત્તિ ય ન જોઈએ; નહિતર ધર્મ બગડી જાય, હૈયું કલુષિત થાય. ખાસ સમજવું જોઈએ કે **'ધર્મ કરવાનો છે તે આત્માએ પવિત્ર થવા માટે.** ધર્મ મનને હૃદયને પવિત્ર કરવા માટે કરવાનો છે. તો શું એજ ધર્મ કરીને મદ-માયાથી હૈયું બગાડવું ? ત્યાં પછી જો ધર્મ કરતાં માયા રમવી છે, તો 'ધર્મ પાવનકારી છે,' એ શ્રદ્ધા ક્યાં રહી ? વાત આ છે, ધર્મ કરો તે ધૃતિથી યાને સ્વસ્થ મનથી કરો, અને શુદ્ધ ધર્મશ્રદ્ધા, શુદ્ધ ધર્મપ્રીતિ, તથા ધર્મ પર અનન્ય અહોભાવ રાખીને કરો.-આ બીજી ધર્મયોનિ.

(૩) સુખા :—

ધર્મ માટે ત્રીજું સાધન સુખા છે. 'સુખા' એટલે પ્રસન્નતા. ધર્મ કરો તે પ્રસન્ન ચિત્ત-પ્રસન્ન મુદ્રા-પ્રસન્ન ભાવોલ્લાસથી કરો. કહે છે ને, કે હાલમાં સુખાકારિતા સારી વર્તે છે. એજ પ્રસન્નતા.

પ્ર૦-ધૃતિ અને શ્રદ્ધા આવી એટલે એમાં પ્રસન્નતા ન આવી? સુખા જુદો ગુણ કેમ મૂક્યો ?

ઉ૦-તે એટલા માટે મૂક્યો કે 'ધૃતિ' હોય એટલે ચિત્તને વ્યાકુળતા ન હોય; સાથે 'ધર્મ-શ્રદ્ધા, હોય, ધર્મની શુદ્ધ પ્રીતિ હોય; તેથી દુન્યવી લાલચ ન હોય, એટલું જ; પરંતુ ધર્મ કરવો છે તે કષ્ટમય હોય યા લાંબો સમય લે એમ હોય, તો ત્યાં સંભવ છે કે મન એટલું સ્ફુર્તિવાળું નહિ, પણ સુસ્ત હોય. ત્યાં પ્રસન્નતા ન આવી. માટે ધર્મ સાધવામાં ચિત્તની ખૂબ પ્રસન્નતા જોઈએ. અર્થાત્ ચિત્ત ધર્મ કરવામાં ખુશખુશાલ હોય, એ 'સુખા' કહેવાય.

પ્ર૦-ધર્મ કષ્ટમય હોય તો ત્યાં પ્રસન્નતા રહે ?

ઉ૦-હા, ક્ષત્રિયબચ્ચો મહાકષ્ટમય યુદ્ધ લડે છે, તે પ્રસન્નતાથી. પરદેશ કમાવા ગયેલો વણિક્ર ભારે કષ્ટ વેઠીને ધંધો કરે છે તે રોતાં રોતાં નહિ, પણ પ્રસન્નતાથી. ડોળીવાળાઓ ઊંચા પર્વત પર માણસને ડોળીમાં ઊંચકી લઈને ચડે છે એમાં કષ્ટ નથી ? છતાં પ્રસન્નતાથી લઈ ચડે છે. કશો સારો સ્વાર્થ સરે એમ હોય તો કોણ કષ્ટ વેઠીને એનો

પ્રયત્ન નથી કરતું ? અરે ! બાઈ માણસો બહોળા કુટુંબની રસોઈ કરે છે તે કષ્ટમય છે, પણ પ્રસન્નતાથી કરે છે. ભલે કષ્ટ વેઠવું પડતું હોય પણ ટાઈમસર અને સારી રસોઈ કરવાનો એને હોંશ હોય છે; કેમકે કુટુંબનો પ્રેમ અને માન જોઈએ છે.

સાધના પૂર્વે લક્ષ્ય મન સામે છે ? :—

પ્ર૦-તો ધર્મ સાધવામાં તો ઓછું કષ્ટ હોય છે તો પણ એવી હોંશ પ્રસન્નતા કેમ નહિ?

ઉ૦-સંસારમાં લક્ષ્ય નક્કી છે, ને એ લક્ષ્ય પર અત્યધિક પ્રેમ છે. ક્ષત્રિય બચ્ચાને વિજયનું અતિ પ્યારું લક્ષ્ય છે. બાઈ માણસોને કુટુંબ તરફથી પ્રેમ સંપાદન કરવાનું પ્રિય લક્ષ્ય છે. એમ અહીં ધર્મ સાધવામાં અતિપ્રિય મોક્ષનું, કે જિનાજ્ઞાપાલનની કમાઈનું, યા કર્મનિર્જરાનું,...વગેરે કોઈ સારું લક્ષ્ય ક્યાં મન સામે તરવરે છે? તરવરતું હોય તોય એ લક્ષ્ય પર અથાગ પ્રેમ ક્યાં છે?

સાધ્ય-શુદ્ધિએ સાધના શુદ્ધ બને.

મહાપુરુષો પરીસહ-ઉપસર્ગ-ઉપદ્રવ કેમ હોંશથી વેઠતા ? કહો, કર્મ-નિર્જરાનું અતિપ્રિય લક્ષ્ય મનની સામે તરવરતું રહેતું. એટલે તો જીવનભર ધર્મના કષ્ટ પ્રસન્નતાથી ઉપાડ્યે જતા, અને 'અહો ! કેવો મહાન કર્મક્ષય થઈ રહ્યો છે! ' એમ આનંદ માનતા.

મનમાં લક્ષ્ય જોરદાર નક્કી હોય, વળી એ લક્ષ્ય બહુ ગમતું હોય, અતિપ્રિય હોય, તો કષ્ટમય ધર્મસાધનામાં પણ પ્રસન્નતા રહે.

વળી ધર્મમાં બહુ સમય લાગે એમ હોય, દા. ત. સાંવત્સરિક પ્રતિક્રમણમાં, તો ત્યાંય પ્રસન્નતા રહે, જો આ લક્ષ્ય શુદ્ધિ જાગતી હોય. બીજી વાત એ છે, કે માણસને જો લગ્નનો ખૂબ પ્રેમ હોય છે, તો લગ્નની લાંબા સમયની વિધિમાં ય પ્રસન્નતા ક્યાં નથી રહેતી ? એમ અહીં મૂળમાં જો ધર્મ પર બહુ પ્રેમ હોય, તો લાંબા સમયની ધર્મ-વિધિમાં ય પ્રસન્નતા કેમ ન રહે ?

ધર્મમાં પ્રસન્નતા માટે જેમ લક્ષ્યનો અતિ પ્રેમ અને જાગૃતિ એ એક ઉપાય, ને ધર્મનો અત્યંત પ્રેમ એ બીજો ઉપાય, એમ ત્રીજો ઉપાય આ વિચારણા છે,-કે 'જીવ ! તેં દુનિયા બહુ ડહોળી, અનંત અનંત કાળ ડહોળી, અને એમાં બહુ સ્વાર્થ લાગ્યાથી, તથા ભારે રસ અને ગરજ રહ્યાથી, ભારોભાર પ્રસન્નતા રાખી છે. તો હવે અહીં જો મહાદુર્લભ ધર્મ પામ્યો છે, ને ધર્મને જ તારણહાર માને છે, તો એમાંજ બહુ સ્વાર્થ રાખ, ભારે રસ અને ગરજ ઊભી રાખ, અને પ્રસન્નતા ભારોભાર કેળવ. દુન્યવી વસ્તુમાં પ્રસન્નતા તો મારણહાર છે, એ પડતી મૂક; ત્યાં વેઠ સમજ; અને અહીં ધર્મમાં પ્રસન્નતા તારણહાર સમજી બહુ કેળવ. અહીં

ધર્મમાં સારી પ્રસન્નતા રાખી હશે તો ભવાંતર માટે ધર્મનું રિઝર્વેશન થશે. કેમકે,

પ્રસન્નતાએ સાધેલા ધર્મના ઊંડા સંસ્કાર પડે; ને એ અવશ્ય પરભવે જાગ્રત્ થઈ ધર્મ ખેંચી લાવે. એ જ ધર્મનું રિઝર્વેશન.

'સુખા' પ્રસન્નતા એ ત્રીજી ધર્મયોનિ.

(૪) વિવિદિષા :-

ધર્મ સાધવા માટે ચોથું સાધન છે 'વિવિદિષા'.

વિવિદિષા એટલે જે ધર્મ સાધવો છે, એના અંગે એનું સ્વરૂપ, વિધિ, એના શાસ્ત્રીય કાયદા-કાનૂન, એમાં ઉત્સર્ગમાર્ગ-અપવાદ-માર્ગ,....વગેરે વગેરે જાણવાની તીવ્ર ઇચ્છા.

જે માણસ વેપાર શરુ કરે, એ વેપાર અંગેનું ભરચક જાણવાને કેટલો બધો ઇંતેજાર હોય છે ? તો ધર્મ કરવો છે, ત્યાં ધર્મ અંગે બહુ બધું જાણવાની એને ઈંતેજારી ન હોય ? જો ન હોય તો એનો અર્થ તો એ, કે ધર્મ એને કરવો છે ' તે ગમે તેવો રેઢિયાળ રીતે કરાય તો ચાલે ' એમ સમજે છે. કેમકે એનાં વિધિ-વિધાન, નિયમ, સ્વરૂપ, વગેરે જાણ્યા સિવાય એ ધર્મ સરખી રીતે યાને વ્યવસ્થિત

રીતે શી રીતે કરી શકવાનો ? અને જો રૂઢિ-યાળ રીતે કરાતા ધર્મનો પ્રેમ છે, તો ત્યાં ધર્મ પ્રત્યે પ્રેમ ભલે હોય, પણ ધર્મ પ્રત્યે આદર-બહુમાન નથી. એમાં જાણ્યે અજાણ્યે ધર્મ પ્રત્યે થઈ જતી અવગણનાનું એને દુઃખ નથી. આવા બહુમાન વિનાની ધર્મસાધનાનું મૂલ્ય કેટલું ? પૂછો,-

પ્ર૦-તો તો અહીં 'બહુમાન' ગુણ જ મૂકવો હતો ને ? 'વિવિદિષા' ગુણ કેમ મૂક્યો ?

ઉ૦-ધર્મનું બહુમાન આવ્યા પછી પણ એ કેવી કેવી રીતે અમલમાં મૂકવું, એના માટે પણ ધર્મનું સ્વરૂપ, વિધિ-વિધાન, વગેરે જાણવા જ પડે ને; એ તો જ બને, કે એ જાણ-વાની તીવ્ર જિજ્ઞાસા-વિવિદિષા હોય. માટે અહીં વિવિદિષા ગુણ મૂક્યો. એમાં બહુમાન અંતર્ગત છે. આ વિવિદિષા કેટલી બધી મહત્ત્વની છે, કે એના પર અષ્ટાપદજીના ૧૫૦૦ તાપસ કેવળજ્ઞાન પામી ગયા ! **વિવિદિષા જોરદાર એટલે ધર્મ જાણવાનો પ્રયત્ન જોર-દાર રહેવાનો, ને ધર્મના ઉપદેશક ગુરુ પ્રત્યે વિનય જોરદાર રહેવાનો.** એથી ધર્મનાં વિધિ-વિધાન સ્વરૂપ વગેરેનો બોધ સુલભ થવાનો. આ વિવિદિષા એ ચોથી ધર્મયોનિ.

(૫) વિજ્ઞપ્તિ :-

વિવિદિષા-જિજ્ઞાસા કરીને બેસી નથી રહે-વાનું, પરંતુ ગુરુ પાસે જઈને એનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. અર્થાત્ ધર્મની વિજ્ઞપ્તિ મેળવવાની છે. આ પાંચમી ધર્મયોનિ છે વિજ્ઞપ્તિ. વિજ્ઞપ્તિ એટલે ધર્મનો વિશેષ બોધ, એ હોવો જરૂરી છે. એટલે જે ધર્મ સાધવો છે, એ ધર્મ અંગેનું સ્વરૂપ શું, ધર્મના લાભ શા શા ? ધર્મનાં વિધિ વિધાન કયાં કયાં ? ધર્મનાં રહસ્ય કયાં ? ધર્મમાં ટાળવા યોગ્ય અતિચાર દોષો કયા કયા ?...વગેરે વગેરેનો બોધ હોવો જોઈએ, એ વિના કદાચ ધર્મ કરશે તો તે ખૂબ અશુદ્ધ કોટિનો કરશે. દા.ત. દાન દે પણ કચવાટથી દે, વિલંબથી દે, વગેરે એ દોષો છે. દશવૈકાલિક આગમ કહે છે,-

' અન્નાણી કિં કાહી ?
કિં વા નાહીહિ છેઅ-પાવગં ? '

અર્થાત્-અજ્ઞાની શી આરાધના કરશે ? અથવા એને પુણ્ય કે પાપ માર્ગની ખબર પણ શી રીતે પડવાની ? માટે કહ્યું,-

' પઢમં નાણું તઓ દયા.'

સારાંશ, દયા-દાનાદિ ધર્મની યાને આત્મ-હિતની સાધના માટે વિજ્ઞપ્તિ અર્થાત્ વિશેષ જ્ઞાનની પણ જરૂર છે. આમ ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષા અને વિજ્ઞપ્તિ આત્મહિતરૂપ ધર્મની સાધનામાં અત્યંત જરૂરી હોઈ, એ પાંચને 'ધર્મયોનિ' કહેવામાં આવે છે.

અહીં પાંચ ધર્મયોનિ બતાવીને સૂચવ્યું કે 'કોઈ પણ ધર્મ-સાધના કરવી હોય તો આ ધૃતિ, શ્રદ્ધા,....વગેરે પાંચ સાધનનો અવશ્ય ખપ કરજો.'

સાધનની શુદ્ધિ પર સાધ્યની સિદ્ધિ આધારિત છે.

ધર્મ સાધવો છે ? તો

આ ધૃતિ શ્રદ્ધાદિ પાંચ સાધનો સલામત રાખો.

નવકાર કેમ ગણાય ? :-ધૃતિ-શ્રદ્ધાદિથી:-

એક નવકાર ગણવાની સાધના કરવી છે તો એમાં પણ ધૃતિ શ્રદ્ધાદિ સલામત જોઈશે. જો ત્યાં ધૃતિ અર્થાત્ ચિત્ત-સ્વસ્થતા નહિ હોય, ચિત્ત કશી બાબતથી વ્યાકુળ હશે, તો નવકાર ગણવામાં ભલીવાર નહિ આવે. ત્યારે પૂછશો કે,

પ્ર૦-સંસારી જીવને તો કોઈ ને કોઈ બાબતે વ્યાકુળતા અસ્વસ્થતા રહેતી હોય છે, તો ત્યાં ધૃતિ નથી એટલે શું ધર્મ ન કરવો ? શું નવકાર ન ગણવો ?

ઉ૦–ધર્મ ન કરવાની અહીં વાત નથી. અહીં તો વાત આટલી જ છે કે અશુદ્ધ સાધનથી શુદ્ધ ધર્મ–સાધના નહિ થાય. હા, એ પૂછો કે એ ચિત્તની વ્યાકુળતા અસ્વસ્થતા શી રીતે દાબવી ? એનો ઉપાય આ છે કે એ માટે વિચારવું કે–

બહારનું બધું કર્માનુસાર જ બને છે, એમાં વ્યાકુળતા શી કરવી ?

વળી ઉત્તમ જીવન જીવવાનો મુખ્ય આધાર બહારનું બગડવા-સુધરવા પર નહિ, કિન્તુ આત્માનું ન બગડવા પર, ને આત્માનું સુધરવા પર છે.

તો દુન્યવી બાહ્ય બાબત પર વ્યાકુળતા શી કરવી ? અરે ! શરીર અસ્વસ્થ હોય તોય દિલમાં જે અરિહંતદેવ, જિનશાસન, નવકાર, વ્રત–નિયમો....વગેરે સલામત છે, એનો જ હરખ રખાય, તો એ હરખ રાખવાથી વ્યાકુળતા ન થાય.

નવકાર ગણતાં જેમ (૧) ધૃતિ, એમ નવકાર પર (૨) જોરદાર શ્રદ્ધા ય જોઈએ. નવકાર ગણતાં મનને અહોભાવ થાય કે–'અહો ! નવકાર વિશ્વની કેવી અણમોલ વસ્તુ ! 'અહો ! એ મને મળી ? નિર્મળ બુદ્ધિ, સદ્ગતિ, અને મોક્ષનો દાતાર નવકાર ! આનાથી વધીને કોઇ સંપત્તિ કે નિધાન પણ નથી.'–આ શ્રદ્ધાથી નવકાર ગણાય એ ચિત્તને ગદ્ગદ કરી દે, એમાં તન્મય કરી દે.

(૩) એમ ત્રીજું સાધન 'સુખા' એટલે કે ચિત્ત–સૌખ્ય, મનની પ્રસન્નતા, દિલનો આલ્હાદ.–એ પણ નવકાર ગણવામાં જરૂરી છે. જેથી અડધી માળા તો હોંશભર ગણી, પણ પછી મનને એમ ન થાય કે 'અરે ! હજી અડધી બાકી છે?' એ અપ્રસન્નતાનો વિચાર છે. ઠેઠ સુધી પ્રસન્ન ચિત્ત જોઈએ.

ત્યારે નવકારની ઉત્તમ ઉપાસના કરવી છે, તો નવકાર અંગે (૪) નવું નવું જાણવાની જિજ્ઞાસા–વિવિદિષા પણ જોઇએ જ. તો જ નવકાર પર પ્રેમ–ભક્તિ–બહુમાન ગણાય. એ પછી (૫) ગુરુયોગ સાધી સાધી નવકાર અંગેનો બોધ–વિજ્ઞપ્તિ વધારતો જાય. આમ દરેક સાધનામાં ધૃતિ–શ્રદ્ધાદિનો બળ કરવાનો. તો જ સાધનની શુદ્ધિ ગણાય.

ઘણાની ફરીયાદ છે કે–

પ્ર૦–અમે વર્ષોથી ધર્મની આરાધના તો કરીએ છીએ છતાં અમને હજી જેવો દુન્યવી ધન–માલ યા શારીરિક અનુકૂળ સામગ્રીમાં રસ આવે છે, ને એમાં જેવા તલ્લાલીન બનીએ છીએ, એવું ધર્મ–આરાધનામાં કેમ નથી બનતું ? ને આ સ્થિતિમાં અમારે સાધ્યસિદ્ધિ શી રીતે થવાની ?

ઉ૦–આનું સમાધાન આ પાંચ ધર્મયોનિની વિચારણામાંથી મળી રહે છે. કહ્યું જ છે કે–

'સાધ્યની સિદ્ધિનો આધાર સાધનશુદ્ધિ પર છે,'

ને સાધનની શુદ્ધિ માટે આ ધૃતિ, શ્રદ્ધા વગેરે પાંચ ધર્મયોનિનો ખૂબ બળ કરવો અતિ આવશ્યક છે.

એટલે હવે આ તપાસી જુઓ કે જે કાંઈ નવકાર–સ્મરણ, દેવદર્શન–પૂજા, ચૈત્યવંદન, સામાયિક, સાધુસમાગમ, દયા, દાન, શીલ–વ્રત, નિયમ, ત્યાગ, તપસ્યા વગેરે આરાધાય છે, એ દરેકમાં,–

(૧) ધૈર્ય યાને ચિત્તની સ્વસ્થતા બરાબર રહે છે ? એ વખતે મનને બીજી કશી વ્યાકુળતા હોય છે ? યા બીજા–ત્રીજા વિચાર આવે છે ? જો મનને બીજી વ્યાકુળતા છે, તો ચાલુ સાધનામાં મન ક્યાંથી ચોંટે ? કે મનને એનો રસ ક્યાંથી રહે ? અગર બીજા ત્રીજા વિચાર આવે છે તો એનો અર્થ એ, કે મન ચાલુ સાધનાને વફાદાર નથી. મન વેશ્યા જેવું છે ગમે ત્યાં ભટકનારું; એને ધર્મ–સાધનામાં રસ

શાનો ઊભો થાય ? એમ કદાચ ધૃતિ તો હોય, પણ દરેક સાધનામાં જુએ કે એના પર

(૨) પાકી શ્રદ્ધા છે ? અર્થાત્ મનને એ અતિ કર્તવ્ય લાગે છે ? એ ન લાગે તો એમાં રસ ક્યાંથી જામે ? એમ તપાસો;

(૩) સાધના વખતે સુખા-પ્રસન્નતા સારી રહે છે ? જો કશી વાતનો મનને ઉદ્વેગ છે, અથવા આમાં તીવ્ર સ્વાર્થ નથી લાગતો, તો ચાલુ સાધનામાં રસ શી રીતે આવે ? એમ એ તપાસો કે

(૪) ચાલુ સાધના અંગે નવી નવી જિજ્ઞાસા બની રહે છે ? વળી એ જુએ કે

(૫) જિજ્ઞાસા છતાં ગુરુ પાસેથી એની જાણકારી મેળવાય છે ?

જો આ પાંચ ધર્મયોનિ દરેક સાધનામાં ગોઠવી દેવાય, તો ધર્મમાં અનન્ય રસ ઊભો થઇ જાય અને મન ધર્મમાં ઠરે. પછી એવી શુદ્ધ સાધનાથી સાધ્યસિદ્ધિ અવશ્ય થાય.

ધર્મયોની દ્વારા હિતસાધક યોગી, જેમ વ્યાધિ અત્યલ્પ થઇ ગયે માણસ વ્યાધિના વિકારો રહિત બને છે, એમ ભાવમળ ક્ષીણ-પ્રાય થયેથી સ્થૂલ અકાર્યો કરવા વગેરે વિકારોથી રહિત બને છે, અને શુદ્ધ દાનાદિ સ્વાત્મ-હિતમાં પ્રવૃત્તિ કરે છે.

(ટીકા) : एतदनन्तरोदितमखिलमेव यदोपजायते तदभिधातुमाह-

(મૂલ) यथाप्रवृत्तिकरणे
चरमेऽल्पमलत्वतः ।
आसन्नग्रन्थिभेदस्य
समस्तं जायते ह्यदः ॥३८॥

(ટીકા) 'यथाप्रवृत्तिकरणे' प्राग्व्यावर्णित-स्वरूपे । 'चरमे' पर्यन्तवर्तिनि अल्पमलत्वतः कारणात् । आसन्नग्रन्थिभेदस्य सतः, समस्तमनन्तरोदितं 'जायते ह्यद' एतदिति ॥३८॥

(ટીકાર્થ) આ પૂર્વોક્ત બધું જ કયારે બને છે, તે કહેવા કહે છે;-

(ગાથાર્થ-) ચરમયથાપ્રવૃત્તિકરણ વખતે ભાવમળની અલ્પતાનાં કારણે ગ્રન્થિભેદની નિકટ આવેલાને આ બધું જ બની આવે છે.

(ટીકાર્થ-) યથાપ્રવૃત્તિકરણ પૂર્વે કહ્યું તેવા સ્વરૂપવાળું, 'ચરમ' અર્થાત્ અંતે થનારું, અલ્પ-મળતાના કારણથી ગ્રન્થિભેદ નિકટ થયે, પૂર્વોક્ત એ બધું ઉત્પન્ન થાય છે.

વિવેચન :—

અત્યાર સુધી મિત્રા નામની પહેલી યોગ-દૃષ્ટિમાં જે યોગનાં પાંચ બીજ, યોગાવંચક વગેરે ત્રણ અવંચક, દુઃખિત જીવો પર અત્યંત દયા વગેરે ત્રણ લક્ષણ,....ઇત્યાદિ જે બધું બની આવતું બતાવ્યું, તે કયારે ? અર્થાત્ આત્માની કઇ દશામાં બની આવે ? એ આ ગાથા ૩૮ મીમાં બતાવે છે. ગાથાનો ભાવ એ છે કે,-પૂર્વે કહી આવ્યા તેમ જીવમાં અનંતા યથાપ્રવૃત્તિકરણ બની આવ્યા, પરંતુ એ યથાપ્રવૃત્તિકરણની શુભ દશા આવી આવીને ગઇ. વધુ શુભ ન બની. હવે એમાં જ્યારે છેલ્લા યથાપ્રવૃત્તિકરણની એવી શુભ દશા પ્રગટ થાય છે, કે જીવ એ ગુમાવતો નથી અને આગળ પર જઈને અપૂર્વ-કરણની તીવ્ર શુભ દશા પ્રગટ કરવાનો છે, એ છેલ્લા યાને ચરમ યથાપ્રવૃત્તિકરણની શુભ દશા કહેવાય. એ વખતે પૂર્વે કહી આવેલ 'યોગબીજ-ગ્રહણ' વગેરે બધું ઉત્પન્ન થાય છે.

ચારિત્ર છતાં યોગબીજ-ગ્રહણાદિ નહિ ? :

આ સૂચવે છે, કે અનંત કાળમાં જીવે ચારિત્ર પણ અનંતીવાર લીધા ને પાળ્યા, કિન્તુ તે બધું અ-ચરમયથાપ્રવૃત્તિકરણની દશામાં, કિન્તુ ચરમ યથાપ્રવૃત્તિકરણની શુભ દશામાં નહિ; કેમકે ત્યાં આ વાસ્તવિક યોગબીજ-ગ્રહણ, દુઃખિતો પર અત્યંત દયા આદિ, ને યોગાવંચક આદિ આવેલા નહિ. આમ સાધુ-

પણ છતાં, આ પાયાની વસ્તુઓ જ નહિ ! જીવની એ કેવી દુર્દશા ?

આનું કારણ જીવમાં અ-ચરમ યથાપ્રવૃત્તિ વખતે ભાવમળની અતિ અલ્પતા જ થયેલી નહિ. જ્યારે ચરમ યથાપ્રવૃત્તિકરણદશા વખતે જીવમાં ભાવમળની અતિ અલ્પતા બની આવી હોય છે, એટલે એ બધા યોગબીજ-ગ્રહણ વગેરે શુભ ભાવોને અવકાશ મળે છે.

એવી ભાવમળની અતિ અલ્પતાથી ઊભી થયેલ ચરમ યથાપ્રવૃત્તિકરણની અવસ્થા વખતે જીવ હવે ગ્રન્થિભેદની નજીકના દેશમાં આવે છે, અને ત્યાં એને એ બધી ઉત્તમતાઓ પ્રાપ્ત થાય છે. એટલે એ ઉત્તમતાઓ પ્રાપ્ત કરી શકવામાં જેમ ભાવમળની અલ્પતા તથા ચરમ યથા-પ્રવૃત્તિકરણની શુભ દશા કારણ છે, એમ ગ્રન્થિદેશની નિકટતાની શુભ દશા પણ કારણ છે.

'ગ્રન્થિદેશ' એટલે શું ? એ પૂર્વે વિસ્તારથી બતાવેલ છે. તે 'ગ્રન્થિ' અર્થાત્ નિબિડ રાગ-દ્વેષની ગાંઠને ભેદવાનું-તોડવાનું સમ્યક્ત્વ-પ્રાપ્તિની પૂર્વે થાય છે. એ ગ્રંથિભેદની દશા બહુ ઉચ્ચ શુભ આત્મદશા છે. એની નિકટ દેશમાં આવવું એ પણ આત્માની એક ઉચ્ચ દશા છે. શાસ્ત્રકારો એવી દશાવાળા જીવને 'આસન્ન ગ્રન્થિભેદવાળો' કહે છે. અર્થાત્ જેને ગ્રન્થિદેશ પ્રાપ્ત થઈ હવે ગ્રન્થિભેદ નિકટમાં છે.

આવી ગ્રન્થિભેદની નિકટતા પણ અનાદિની અધમ દશામાંથી નીકળી ઉચ્ચ આત્મદશા પામવા પર થાય છે, ને એમાં પૂર્વોક્ત ઉત્તમ પ્રાપ્તિઓ થાય છે. અહીં મજેનો પ્રશ્ન છે,

પ્ર૦-પૂર્વના અચરમ યથાપ્રવૃત્તિકરણોમાં આત્મામાં શુભ અધ્યવસાય તો હોય જ છે, તો પછી એ વખતે ઉત્તમ આત્મદશા અને ઉત્તમ પ્રાપ્તિઓ કેમ નહિ ? ને ચરમ યથાપ્રવૃત્તિ-કરણના શુભ અધ્યવસાય વખતે જ એ ઉત્તમ દશાદિ કેમ ?

ઉ૦-કારણ આ છે કે પૂર્વે ભાવમળની અતિ અલ્પતા નથી, એટલે ભલે ત્યાં યત્કિંચિત્ શુભ અધ્યવસાય હો, પણ ભાવમળની પ્રબળતાના કારણે ઉત્તમ આત્મદશા અને ઉત્તમ પ્રાપ્તિઓ થઇ શકતી નથી. ત્યારે અહીં

ચરમ યથાપ્રવૃત્તિકરણનો શુભ અધ્યવસાય, ભાવમળનું જોર ખતમ થયું હોવાથી વિશિષ્ટ કોટિનો છે; તેથી એમાં ઉત્તમ આત્મદશા વગેરે પ્રાપ્ત થઇ શકે છે. પૂછો,-

પ્ર૦-ભાવમળની અલ્પતા થઈ એટલે તો કર્મ-સંબંધની યોગ્યતામાં મંદતા આવી, તેથી શુભ અધ્યવસાયમાં શો ફરક પડે ? અર્થાત્ પૂર્વે કરતાં આ શુભ અધ્યવસાય વિશિષ્ટ કેમ ?

ઉ૦-કારણ આ છે, કે ભાવમળની અતિ અલ્પતા થાય ત્યારે જીવ ગ્રન્થિભેદની નજીક આવે છે. ગ્રન્થિ, તીવ્ર રાગદ્વેષની વાંસની ગાંઠ જેવી, દુર્ભેદ્ય નિબિડ ગાંઠ છે. એવી પણ ગાંઠને ભેદી નાખવાનું સામર્થ્ય ઊભું થાય અને ભેદી નાખે, એ બહુ ઊંચી આત્મદશા છે. અરે ! એવા ગ્રન્થિભેદની નિકટની આત્મદશા પણ વિશેષ ઉત્તમ આત્મદશા છે. દા. ત. લડવૈયામાં બળવાન પણ શત્રુને ભાલાથી ભેદી નાખવાનું જ્યારે ઝનૂન ઊભું થાય છે, ત્યારે હજી શત્રુને ભેદવા પૂર્વે પણ એનામાં કેટલો બધો વીર્યોલ્લાસ પ્રગટી ઊઠે છે ! બસ, એમ અહીં ગ્રન્થિભેદ કરવાના મહાપરાક્રમ પ્રગટવા પૂર્વે આત્મામાં શુભ અધ્યવસાયની વિશિષ્ટતા ઊભી થઈ જાય છે. એટલે ગ્રંથિભેદની ઉત્તમ આત્મદશાની જેમ એની પૂર્વની ભૂમિકાની ગ્રન્થિદેશની આત્મદશા પણ ઉત્તમ કોટિની પ્રગટે છે. એના બળ પર પૂર્વોક્ત યોગબીજે આદિની ઉત્તમ પ્રાપ્તિઓ થાય; જે પૂર્વના અચરમ યથાપ્રવૃત્તિ-કરણના સામાન્ય શુભ અધ્યવસાય વખતે ન થાય એ સ્વાભાવિક છે.

શુભ ભાવમાં ઝનૂન આવે તો ગ્રન્થિભેદ

આ સૂચવે છે કે આવી ઉત્તમ આત્મદશાના

શુભ અધ્યવસાયમાં આવવું હોય, તો એ જુઓ કે વર્તમાન શુભ અધ્યવસાયમાં એવું ઝનૂન ચડે છે ખરું ? કે ' હું શુભ અધ્યવસાયનું જોસ વધવા આડે જે દુન્યવી પદાર્થના નિખિડ રાગ નડે છે, એને ભેદી નાખું ? એ રાગદ્વેષના ગાંઠ ભેદાઈ જાય એવા અતિ પ્રબળ શુભ અધ્યવસાયને હું જગાવી દઉં ?' આ જો ઝનૂન ચડતું હોય તો વિશ્વાસ લઈ શકીએ કે 'આપણે ગ્રન્થિભેદની નજીક પહોંચ્યા છીએ.' ગુરુનો ઉપદેશ સાંભળતાં શુભ અધ્યવસાય જાગે ત્યાં પણ આ ઝનૂન ચડવું જોઈએ કે,–

' આ શુભ અધ્યવસાય ધારાને વધતી રાખું, અને એને અટકાવનાર બાહ્ય સંયોગોથી જરાય લોભાઈ ન જાઉં.' આવો કોઈક નિર્ધાર પ્રગટે તો શુભ અધ્યવસાયમાં આગળ વધવા અવકાશ રહે, અને ગ્રન્થિભેદની નિકટતા આવે.

(ટીકા) અથવા ચરમં યથાપ્રવૃત્તમિદમપૂર્વમેવેત્યાહ,–

(મૂલ) અપૂર્વાસન્નભાવેન
વ્યભિચાર-વિયોગતઃ ।
તત્ત્વતોઽપૂર્વમેવેદ–
મિતિ યોગવિદોઃ વિદુઃ ॥૩૯॥

(ટીકા) અપૂર્વાસન્નભાવેન હેતુના, તથા 'વ્યભિચારવિયોગતઃ' કારણાત્ । 'તત્ત્વતઃ'– પરમાર્થેન 'અપૂર્વમેવેદં' ચરમં યથાપ્રવૃત્તમ્ 'ઇતિ યોગવિદો વિદુઃ' એવં યોગવિદો જાનત ઇતિ ભાવઃ ॥૩૯॥

(ટીકાર્થ) અથવા ચરમ યથાપ્રવૃત્તિકરણ પોતે અપૂર્વ જ છે એ ગાથા ૩૯ મીમાં કહે છે.

(ગાથાર્થ) આ (ચરમ યથાપ્રવૃત્તિકરણ) તાત્ત્વિક રીતે જોતાં અપૂર્વ જ છે; કેમકે અપૂર્વકરણની નિકટ છે અને એમાં વ્યભિચાર નથી. એમ યોગવેત્તાઓ સમજે છે.

(ટીકાર્થ) ' અપૂર્વ ' ની નિકટતાના કારણે, તથા વ્યભિચાર (હવે અપૂર્વ પ્રાપ્તમાં) ન હોવાના કારણે આ ચરમયથાપ્રવૃત્તિકરણ તત્ત્વતઃ એટલે કે પરમાર્થથી અપૂર્વ જ છે, એમ યોગવેત્તાઓ જાણે છે.

વિવેચન :–

જે છેલ્લા યથાપ્રવૃત્તિકરણમાં પૂર્વોક્ત ઉત્તમ પ્રાપ્તિઓ થાય છે, એનું કેટલું બધું મહત્વ છે, એ અહીં બતાવે છે.

સમ્યક્ત્વની ઉત્પત્તિ માટે કહી આવ્યા છે, કે યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અને અંતરકરણની પ્રક્રિયા પૂરી થતાં અંતરકરણમાં પ્રવેશ થાય ત્યાં સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. આની પૂર્વે અનંતા કાળમાં યથાપ્રવૃત્તિકરણ તો અનંતીવાર આવી ગયા છે, પરંતુ તે અપૂર્વ કરણ જગાવવા સમર્થ નહિ, એટલે એની કશી કિંમત નથી. માત્ર જે છેલ્લા યથાપ્રવૃત્તિકરણની ઉત્તરમાં અવશ્ય અપૂર્વકરણ પ્રગટે છે એની જ કિંમત છે. હવે આ કરણ, પૂર્વના કરણની જેમ, છે તો યથાપ્રવૃત્તિકરણ, નહિ કે અપૂર્વકરણ; કેમકે અપૂર્વકરણમાં જેમ પાંચ અપૂર્વ ઉત્પન્ન થાય છે, એમ આ ચરમ યથાપ્રવૃત્તિકરણમાં થતું નથી; છતાં

અપૂર્વકરણોત્પાદક આ ચરમ યથાપ્રવૃત્તકરણ પણ અપૂર્વ છે;

કારણ કે 'અપૂર્વ' એટલે પૂર્વે નહિ થયેલ તે. તો ચરમ યથાપ્રવૃત્તકરણના શુભાધ્યવસાય જીવને સંસારકાળમાં પૂર્વે કયારેય આવ્યા નથી. જો આવ્યા હોત તો તો પૂર્વે જ એ છેલ્લું હોવાના હિસાબે એની પછી અપૂર્વકરણ થઈ ગયું હોત, તેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ ગયું હોત. પણ સમ્યક્ત્વ હજી સુધી કયારેય પ્રગટ થયું નથી એ સૂચવે છે કે પૂર્વે કયારેય ચરમ યથાપ્રવૃત્તિકરણ આવ્યું નથી, તે હવે અસ્તિત્વમાં આવે છે, એટલે આને પૂર્વે નહિ થયેલ એવું 'અપૂર્વ' કહી શકાય.

યથાપ્રવૃત્તિકરણ ચરમ એટલે ? :-

વર્તમાન યથાપ્રવૃત્તિકરણ પણ ચરમ-છેલ્લું -અંતિમ એટલા માટે છે, કે હવે જીવ આ યથાપ્રવૃત્ત શુભ અધ્યવસાયમાંથી પાછો પડવાનો નથી, પરંતુ એમાં અધિક નિર્મળતા-પ્રબળતા લાવીને અપૂર્વકરણના શુભ અધ્યવસાય બનાવવાનો જ છે. એમાંથી વળી અધિકાધિક નિર્મળતા-પ્રબળતા વધારીને આગળ અનિવૃત્તિકરણ, અંતરકરણ-કરણ અને સમ્યક્ત્વના શુભ અધ્યવસાય પ્રગટાવવાનો જ છે; ને આ બધું ય જીવના માટે સંસારમાં પહેલ પહેલું છે, પૂર્વે કદીય નહિ થયેલ; તેથી એ બધુંય અપૂર્વ છે. એવા અપૂર્વોની નિકટમાં ઉત્પન્ન થઇ ગયેલ ચરમ યથાપ્રવૃત્તકરણના શુભ અધ્યવસાય પણ અપૂર્વ જ છે.

ચરમ યથાપ્રવૃત્તિકરણ અદ્‌ભુત શાથી ? :-

ચરમ યથાપ્રવૃત્તકરણના અધ્યવસાય અપૂર્વ છે એટલું જ નહિ, કિન્તુ અદ્‌ભુત પણ છે; કેમકે પૂર્વે કહ્યું તેમ આમાં કેટ કેટલી અદ્‌ભુત પ્રાપ્તિઓ થાય છે. દા.ત. ભવાભિનંદીપણાની ઓઘદૃષ્ટિનો અંત, યોગદૃષ્ટિની પ્રાપ્તિ, એમાં યમ-અખેદ-અદ્વેષની પ્રાપ્તિ, ભાવમળની અત્યંત અલ્પતાને લીધે દુઃખિત જીવો પર અત્યંત દયા વગેરે ત્રણ મહાન ગુણ, પાંચ યોગબીજોની આરાધના, ત્રણ અવંચકની પ્રાપ્તિ,...વગેરે વગેરે આ બધી અદ્‌ભુત અને ઉત્તમ પ્રાપ્તિઓ છે. એ પમાડનાર ચરમ યથાપ્રવૃત્તિકરણ પણ અદ્‌ભુત જ કહેવાય.

આ ચરમ યથાપ્રવૃત્તકરણ અને અદ્‌ભુત પ્રાપ્તિઓનો પ્રભાવ એવો છે, કે હવે આના પર અપૂર્વકરણ આવે જ.-આ નિયમમાં કશો ફરક નથી પડતો, કશો વ્યભિચાર નહિ; એટલે કે કારણભૂત ચરમ યથાપ્રવૃત્તકરણ તો આવ્યું, પરંતુ પછી કાર્ય અપૂર્વકરણ થાય કે ન થાય એવું અનિશ્ચિત નહિ, અપૂર્વકરણ નિયમા આવે જ.

દા. ત. લાકડાં બળતણ ભેગું તો કર્યું ત્યાં ધૂમાડો ઊઠે જ એવો નિયમ નહિ. એમાં વ્યભિચાર છે, ધૂમાડો ઊઠે ય ખરો, ને ન પણ ઊઠે. કિન્તુ જો એમાં અગ્નિ પ્રગટાવ્યો, તો ધૂમાડો ઊઠે જ, એટલે કાષ્ઠના અગ્નિ પછી ધૂમાડાનો વ્યભિચાર નહિ, કિન્તુ અવશ્યંભાવ છે. વ્યભિચાર વિયોગ એટલે કે વ્યભિચારનો અભાવ, અર્થાત્ અવશ્યંભાવ. જેમ બળતણના અગ્નિ પર ધૂમાડો અવશ્ય થાય, એમ ચરમ યથાપ્રવૃત્તકરણની ઉપર અપૂર્વકરણ અવશ્ય થાય. માટે પૂર્વે કહ્યું તેમ જીવ ત્યાં ગ્રંથિ-દેશથી પાછો ન જ પડે, પરંતુ અપૂર્વકરણના પરાક્રમથી ગ્રંથિ ભેદી જ નાખે, ગ્રંથિદેશ ઓળંગી જ જાય. એટલે જ યોગવેત્તાઓ આ ચરમ યથાપ્રવૃત્તકરણને અપૂર્વ જ કહે છે.

(ટીકા) इहैव गुणस्थानयोजनमाह-

(મૂલ) **प्रथमं यद्‌गुणस्थानं**
सामान्येनोपवर्णितम् ।
अस्यां तु तदवस्थायां
मुख्यमन्वर्थयोगतः ॥४०॥

(ટીકા) प्रथममाद्यं यद्‌गुणस्थानं मिथ्यादृष्ट्याख्यं सामान्येनोपवर्णितमागमे 'मिच्छदिट्ठी -सासायणाइ' इति वचनात् । अस्यां तु तदवस्थायामित्यस्यामेव मुख्यं निरुपचरितम् । कुत इत्याह 'अन्वर्थयोगतः' एवंगुणभावेन गुणस्थानोपपत्तेरित्युक्ता मित्रा ॥४०॥

(ટીકાર્થ-) અહીં જ ગુણસ્થાનકની યોજના બતાવે છે.

(ગાથાર્થ-) જે પહેલું ગુણસ્થાનક સામાન્યથી (ગુણસ્થાન તરીકે) વર્ણવેલું છે, તે આ જ (ચરમયથાપ્રવૃત્તની) અવસ્થામાં ('ગુણસ્થાન' શબ્દનો) અર્થ ઘટી શકવાથી મુખ્ય(મુખ્યાર્થક) છે. (બાકી તો પૂર્વની અવસ્થામાં 'ગુણસ્થાન' શબ્દ ઔપચારિક છે.)

(ટીકાર્થ-) શાસ્ત્રમાં 'મિચ્છદિટ્ઠી સાસાય-

ણાઇ' એવા વચનથી જે પહેલું યાને આદ્ય તરીકે મિથ્યાદૃષ્ટિ નામનું ગુણસ્થાનક કહેલું છે તે સામાન્યથી કહેલું છે.

ત્યારે આ ચરમ યથાપ્રવૃત્તની અવસ્થામાં જ મુખ્યપણે 'ગુણસ્થાન' અનૌપચારિક ગુણસ્થાન કહેવાય. કેમ ? તો કે 'અન્વર્થયોગતઃ' અર્થાત્ શબ્દાર્થ ઘટતો હોવાથી. એવા પ્રકારની એનામાં ગુણસ્વરૂપતા હોવાથી 'ગુણનું સ્થાન' એવું નામાભિધાન ઘટી શકે છે. આ પ્રમાણે 'મિત્રા' દૃષ્ટિનું વર્ણન કર્યું.

વિવેચન :-

ચરમ યથાપ્રવૃત્તકરણની અને પહેલી મિત્રા દૃષ્ટિની અવસ્થામાં જીવને ગુણસ્થાનક કયું ? તો કહે છે, એને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

જીવને મોક્ષ પામવા માટે ૧૪ ગુણસ્થાનકોની પાયરીએ ચડવાનું હોય છે. એમાં 'મિચ્છદિટ્ઠી સાસાયણાઇ' એ આગમ-વચનથી પહેલું 'મિથ્યાદૃષ્ટિ' ગુણસ્થાનક, બીજું 'સાસ્વાદન' ગુણસ્થાનક, ત્રીજું 'મિશ્ર' ગુણસ્થાનક, ચોથું 'અવિરતિ સમ્યગ્દૃષ્ટિ' ગુણસ્થાનક,...એ પ્રમાણે આગળ વધતાં ૧૩મું 'સયોગી કેવળી' અને ૧૪મું 'અયોગી કેવળી' ગુણસ્થાનક પામે. એટલે, એના અંતે જીવ સર્વકર્મ ક્ષય કરી મોક્ષ પામે છે. અહીં પ્રશ્ન થાય,-

પ્ર૦-આમાં પહેલું 'મિથ્યાદૃષ્ટિ' એને ગુણસ્થાન કેમ કહ્યું ? મિથ્યાદૃષ્ટિપણું યાને મિથ્યાત્વ એ તો દોષ છે, એને ગુણનું સ્થાન શી રીતે કહેવાય ?

ઉ૦-અહીં જે મિથ્યાત્વ-સાસ્વાદન વગેરે ૧૪ ગુણસ્થાનકના નામમાં પહેલું 'મિથ્યાત્વ' ગુણસ્થાન તરીકે મૂક્યું, તે તો સામાન્યથી મૂક્યું છે. કેમકે ઉપર ઉપરના ગુણસ્થાન બતાવવા માટે મૂળ પાયામાં કઈ અવસ્થામાંથી એ ઉપર ચડે છે, એ તો બતાવવું જ પડે ને ? જડમાં તો એવી પાયાની પણ અવસ્થા જ નથી, તેથી એમાં ઉત્તરોત્તર ગુણસ્થાન જેવી કોઈ ચીજ જ નથી. ત્યારે જીવમાં પાયાની અવસ્થા મિથ્યાત્વની છે. માટે એને જ પહેલા ગુણસ્થાન તરીકે લીધું. અલબત્ આમાં મિથ્યાત્વના જોરથી ગુણ જેવું કશું નથી, તેથી એને મુખ્યપણે નિરુપચરિતરૂપે ગુણસ્થાન ન કહેવાય, ઉપચારથી કહી શકાય; પરંતુ કયાંક મુખ્યપણે વ્યવહાર થતો હોય તો બીજે એની આંશિક સમાનતાથી એનો ઉપચાર થઇ શકે. તો એ મુખ્ય પણે વ્યવહાર કયાં છે એ બતાવવા માટે અહીં ગાથા ૪૦મીમાં કહે છે કે,-

મિથ્યાત્વ એ ગુણસ્થાન છે ચરમ યથાપ્રવૃત્તિકરણના ગુણોના લીધે :-

જે મિથ્યાત્વ અવસ્થામાં પણ પહેલું ગુણસ્થાનક કહેવાય છે તે 'ગુણસ્થાન' શબ્દનો મુખ્ય અર્થ અહીં ચરમ યથાપ્રવૃત્ત અવસ્થામાં ઘટે છે; કેમકે આ અવસ્થામાં પૂર્વે કહ્યું તેમ ઓઘ દૃષ્ટિના અંધકારનોનાશ, યોગદૃષ્ટિનો પ્રકાશ, વગેરે ગુણો પ્રગટ થાય છે. તેથી ચરમ યથાપ્રવૃત્તિકરણ એ ગુણોનું સ્થાન બને છે.

જયાંસુધી આ ચરમ યથાપ્રવૃત્તિકરણ નહોતું આવ્યું ત્યાંસુધી તો જીવ ઓઘદૃષ્ટિના નશામાં ભવાભિનંદી હતો, પુદ્ગલાનંદી હતો, વિષયાનંદી હતો. એટલે એને તો બધું ઈંદ્રિયોની ખુશી-નાખુશીનાં કાટલે જ માપવાનું રહેતું. જેમ અર્થલોભી વાણિયો બધું પૈસાના કાટલે જ માપે, માલની લે-વેચ કરે, વેપારી ઘરાક કે દલાલ સાથે વાત કરે-એમાં એ જ જુએ, કે 'આમાં મને પૈસાનો લાભ થાય છે ને ?' અરે ! સગા-સ્નેહી-સંબંધી સાથે વાતચીત કરવાનો પ્રસંગ આવે તોય એ જોશે, કે 'આમાં મારે પૈસા કમાવાનો સમય તો નથી બગડતો ને ?' બસ, અર્થલોભી વણિકને બધી વાતમાં પૈસાની જ એક દૃષ્ટિ, એમ ઓઘદૃષ્ટિના અંધકારમાં જીવને ઈંદ્રિયના

તર્પણની જ એક દૃષ્ટિ. ઇષ્ટ વિષયો કેમ મળે, મળેલા કેમ ટકે, અનિષ્ટ વિષયો કેમ ટળે,...' –આ જ એક લેશ્યા, આ જ એક લગન ! આમાં જ્યાં આત્મા પર દૃષ્ટિ જ નહિ, પછી ગુણ કયાંથી આવે ? વિષયમૂઢતાવશ જરૂર પડ્યે દયા ય કરે, પરંતુ એની મુખ્ય ચોટ દુન્યવી વિષયો પર કે 'દયા-દાનાદિથી સારા કિંમતી વિષયસુખો કેમ મળે ?'

એ દેખીતા દયા-દાનાદિ ગુણ પણ વાસ્તવમાં આત્માનો કશો નિર્મળ ભાવ નહિ.

એ તો જ્યારે ઓઘદૃષ્ટિના અંધકારમાંથી બહાર નીકળે ને ચરમયથાપ્રવૃત્તિકરણના પ્રકાશમાં આવે, ત્યારે જીવની દૃષ્ટિ આત્મા પર ને પરમાત્મા પર તથા તત્ત્વ પર જાય છે; ને ત્યાં એનામાં ગુણ-સંપત્તિ આવે છે. એનું કારણ અહીં મિથ્યાત્વ બહુ મંદ થયું હોય છે, તેથી જ અહીં ચરમ યથાપ્રવૃત્તિકરણ-અવસ્થામાં એવી ગુણસંપત્તિ પ્રગટવાને લીધે 'ગુણસ્થાન' એવો સાન્વર્થ યાને સાર્થક શબ્દ-પ્રયોગ થાય છે, ને તે ઘટમાન છે. અહીં પહેલી 'મિત્રા'-દૃષ્ટિનું વિવરણ પૂરું થાય છે.

–' મિત્રા ' યોગદૃષ્ટિ-વિવેચન સમાપ્ત–

૨. 'તારા' યોગદૃષ્ટિ

(ટીકા–) અધુના તારોચ્યતે । તદત્રાહ,

(મૂલ) તારાયાં તુ મનાક્ સ્પષ્ટં
નિયમશ્ચ તથાવિધઃ ।
અનુદ્વેગો હિતારમ્ભે
જિજ્ઞાસા તત્ત્વગોચરા ॥૪૧॥

(ટીકા –) તારાયાં પુનર્દૃષ્ટૌ । કિમિત્યાહ 'મનાક્ સ્પષ્ટં' દર્શનમિતિ, અતઃ 'નિયમશ્ચ તથાવિધઃ' શૌચાદિરિચ્છાદિરૂપ એવ "શૌચસંતોષતપઃસ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ નિયમાઃ" ઇતિ વચનાત્ । તદત્ર દ્વિતીયયોગાત્ પ્રતિપત્તિરપિ । મિત્રાયાં ત્વેતદભાવ એવ,તથાવિધક્ષયોપશમાભાવાત, તથાનુદ્વેગો હિતારમ્ભે પારલૌકિકેઽખેદસહિતઃ । અત એવ તત્સિદ્ધિઃ । તથા 'જિજ્ઞાસા તત્ત્વગોચરા'ઽદ્વેષત એવ, તત્પ્રતિપત્ત્યાનુગુણ્યમિતિ ॥૪૧॥

(ટીકાર્થ)–હવે તારા દૃષ્ટિ વર્ણવાય છે. તેથી અહીં ગાથા ૪૧ મીમાં કહે છે,–

(ગાથાર્થ) તારાદૃષ્ટિમાં તો કાંઇક સ્પષ્ટ (બોધપ્રકાશ) હોય છે, તેવા નિયમ–પાલન હોય છે, હિતની પ્રવૃત્તિમાં ઉદ્વેગ નથી હોતો, અને તત્ત્વ સંબંધી જિજ્ઞાસા થાય છે.

(ટીકાર્થ:–) તારા દૃષ્ટિમાં તો કેમ ? તો કે દર્શન કાંઇક સ્પષ્ટ હોય છે. એથી શૌચાદિ (પાંચ) નિયમ ઇચ્છાદિ રૂપ જ હોય છે. કેમકે શૌચ–સંતોષ–તપ–સ્વાધ્યાય–ઇશ્વરધ્યાન એ નિયમો છે, એવું (પાતંજલદર્શન શાસ્ત્રનું) વચન છે. તેથી અહીં દ્વિતીય યોગદૃષ્ટિ હોવાથી (નિયમોનો) સ્વીકાર પણ હોય છે. મિત્રા દૃષ્ટિમાં તો એનો અભાવ જ હોય છે; કેમકે ત્યાં તેવા પ્રકારનો ક્ષયોપશમ નથી હોતો. એટલા જ માટે એ હિતની સિદ્ધિ થાય છે તથા તત્ત્વ સંબંધી જિજ્ઞાસા થાય છે, (પ્રથમ દૃષ્ટિના) અદ્વેષ ગુણને લીધે જ તત્ત્વ સ્વીકારની અનુકૂળતા થાય છે.

વિવેચન :– આઠ યોગદૃષ્ટિમાં પહેલી મિત્રા દૃષ્ટિના વર્ણનમાં મહા વિદ્વાન આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આત્માર્થી જીવને માટે ભરચક બાહ્ય અને અંતરંગ સાધનાઓ પીરસી, જેનાથી અંતરાત્માની અનાદિસિદ્ધ મલિન પરિણતિ વિશુદ્ધ બનતી જાય.

યોગદૃષ્ટિનો મુખ્ય રાહ જ આ છે, કે તમે આના આલંબને તમારી આંતર પરિણતિને વિશુદ્ધ વિશુદ્ધતર બનાવતા ચાલો. એ બનાવવા માટે મનના અધ્યવસાય અધિકાધિક શુભ રાખતા રહો. અધ્યવસાયો પર ખાસ એ લક્ષ રાખવાનું છે કે મનમાં અશુભ અધ્યવસાય જોર ન કરી જાય, એ માટે તીવ્ર વિષયાકર્ષણ અને ઉગ્ર કષાયના આવેશ પર અંકુશ રખાય, એના વિકારો બને તેટલા શમાવતા જવાય.

અધ્યવસાય શુભ રાખવા માટે જ પહેલી દૃષ્ટિમાં જિનોપાસના, આચાર્યાદિ-ઉપાસના, દ્રવ્ય અભિગ્રહો, શાસ્ત્રોપાસના....વગેરે વગેરે શુભ પ્રવૃત્તિનાં વિધાન કરેલા છે. આ શુભ પ્રવૃત્તિઓ કરતાં કરતાં જેમ જેમ અધ્યવસાય શુભ ચાલવા લાગે, તેમ તેમ અંતરાત્માની પરિણતિ સુધરતી સુધરતી આવે; ને એ શુભ પરિણતિ વધતાં વધતાં યોગદૃષ્ટિ વિકાસ પામતી જાય. એટલે જ,

પહેલી મિત્રાદૃષ્ટિ કરતાં બીજી તારાદૃષ્ટિમાં કેવો વિકાસ થાય છે તે હવે બતાવવા તારાદૃષ્ટિનું અહીં વર્ણન કરે છે.

તારાદૃષ્ટિમાં—

(૧) મિત્રા કરતાં કાંઇક સ્પષ્ટ દર્શન હોય છે.

(૨) પાંચ નિયમોનું પાલન હોય છે.

(૩) હિત-પ્રવૃત્તિમાં ઉદ્વેગ નથી હોતો.

(૪) તત્ત્વ સંબંધી જિજ્ઞાસા થાય છે.

હવે આ દરેક પર થોડો વિચાર કરીએ.

(૧) કાંઇક સ્પષ્ટ દર્શન :-

મિત્રા દૃષ્ટિમાં મંદ દર્શન કહ્યું હતું. અહીં કહે છે કે તારાદૃષ્ટિમાં કાંઇક સ્પષ્ટ દર્શન હોય છે. દૃષ્ટિ એટલે દર્શન; દર્શન એટલે બોધ. શાનો બોધ ? તો કે આત્માના હિત-અહિતનો બોધ. એટલે કે પોપટિયું જ્ઞાન યાને પ્રતિભાસ જ્ઞાન નહિ, કિન્તુ અંતરમાં પરિણામ પામે એવું અર્થાત્ અંતરાત્માની પરિણતિરૂપ જ્ઞાન. અર્થાત્ જે હિત-અહિતને જાણે છે, તેને અનુરૂપ અંતરાત્માની પરિણતિ બને. દા.ત. જાણ્યું કે હિંસા અહિતકારી છે, તો હૈયામાં હિંસા પ્રત્યે ગ્લાનિનો ભાવ હોય, ઘૃણાનું વલણ હોય તાત્પર્ય, હિંસાનું જ્ઞાન હિંસા પ્રત્યેની ઘૃણાવાળું હોય. એમ જાણ્યું કે પરમાત્મભક્તિ આત્માને હિતકર છે, તો હૈયામાં એ ભક્તિ પ્રત્યે આદર-આલ્હાદનો ભાવ હોય, ભક્તિ પ્રત્યે આદર-યુકત ભક્તિનું જ્ઞાન થાય.

આ પરથી સમજાશે કે ઓઘદૃષ્ટિમાં કયારેક સ્વાર્થવશ હિંસા છોડે, અને પ્રભુ-ભક્તિ આદરે, એટલે ત્યાં બોધ તો થયો કે હિંસા અહિતરૂપ અને પ્રભુભક્તિ હિતરૂપ; પરંતુ એ બોધ પ્રતિભાસરૂપ છે, આંતર પરિણતિરૂપ નહિ. કેમકે હૈયામાં હિંસા પ્રત્યે કશી ગ્લાનિ નહિ, ગ્લાનિ ભર્યું માનસિક વલણ જ નહિ. એમ ભક્તિ પ્રત્યે આદર નહિ, આદરનું વલણ જ નહિ. તો પૂછો, કે

પ્ર૦-તો પછી એ હિંસા છોડે શા માટે? ને પ્રભુભક્તિ આદરે શા માટે ?

ઉ૦-વિષયસુખના સ્વાર્થથી એ એમ કરે છે. હૈયામાં હિંસા પ્રત્યે ખરેખર ગ્લાનિ નથી, કિન્તુ જુએ છે કે 'જો હિંસા છોડું, સાધુ થઇને અહિંસા પાળું, તો મફત ખાવા મળે, ને લોકમાં માન-સન્માન મળે;' એટલે એ હિંસા છોડે છે. પરંતુ હૈયામાં હિંસા પ્રત્યે ગ્લાનિભર્યું વલણ નહિ; કેમકે તત્ત્વનું એને પરિણતિજ્ઞાન નહિ, પરંતુ માત્ર પ્રતિભાસજ્ઞાન છે. એવું પ્રભુભક્તિમાં દુન્યવી સ્વાર્થવશ પ્રયત્ન થાય; પણ હૈયામાં એના પ્રત્યે ખરેખર આદર ન હોય. આ ઓઘદૃષ્ટિની પ્રતિભાસ બોધરૂપ પરિસ્થિતિ છે. ત્યારે યોગદૃષ્ટિમાં હિત-અહિતનો બોધ થાય તે આંતરપરિણતિરૂપ બોધ થાય છે. અર્થાત્ હિત-અહિત પ્રત્યે તેવા તેવા આદર ગ્લાનિ ભર્યા વલણવાળો બોધ થાય છે. આનું જ નામ દૃષ્ટિ છે, દર્શન છે. મિત્રા દૃષ્ટિમાં મંદ દર્શન હતું એના કરતાં તારા દૃષ્ટિમાં કાંઇક સ્પષ્ટ દર્શન થાય છે; તેથી હૈયામાં હિતાહિત પહેલાં જે ગ્લાનિ-આદરનું વલણ હતું, એના કરતાં હવે પ્રબળ આદરનું વલણ બને છે.

દા. ત. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી ભણ્યો કે 'અંગ્રેજોએ આપણું બહુ બગાડ્યું છે,' તો એ જાણીને એને અંગ્રેજો પ્રત્યે અભાવ થાય છે. પરંતુ એ વિદ્યાર્થી આગળ વધતાં મેટ્રિકમાં આવ્યો અને અર્થશાસ્ત્રની તથા આર્ય-સંસ્કૃતિની દૃષ્ટિએ અંગ્રેજોએ કેવું કેવું બગાડ્યું એ વિશેષ જાણવા મળતાં, હવે એને અંગ્રેજો પ્રત્યે અભાવ વધી જાય છે. બસ, આ રીતે હિતાહિત પ્રત્યે મિત્રા દૃષ્ટિમાં જે વલણ હતું, તે હવે તારા દૃષ્ટિમાં, બોધપ્રકાશ વધી જવાથી, તીવ્ર બને છે, એટલે હિંસાદિ અહિતકર તત્ત્વો પ્રત્યે ગ્લાનિ-નફરત વધી જાય છે. એમ પ્રભુ-ભક્તિ આદિ હિતકર તત્ત્વો પ્રત્યે આદરભાવ-આલ્હાદ વધી જાય છે; અને આનું જ આ ફળ છે કે,-

(૧) એ આત્મા હવે પાંચ નિયમોનો ખપ કરે છે.
(૨) હિત-પ્રવૃત્તિમાં એને ઉદ્વેગ નથી થતો, અને
(૩) બીજી ત્રીજી જિજ્ઞાસાઓ પડતી મૂકી તત્ત્વની જિજ્ઞાસા કરે છે.

હિત-અહિતકર તત્ત્વનું આ દર્શન ને હૈયાનું એના પ્રત્યે આ વલણ, એ જ સાચું આત્મ-દર્શન છે.

બાકી આ વિના કોરા શુષ્ક આત્મદર્શનની જે વાતો કરે છે, તે બિચારા ભીંત ભૂલે છે! કેમકે એક બાજુ એવી વાતો કરવી છે કે હું ‘ રોજ બે કલાક ધ્યાનમાં બેસું છું, ને આત્માનું ધ્યાન કરું છું, અને હવે મને આત્મ-દર્શન થાય છે,’ ને બીજી બાજુ આત્માને બતરનાક ધન–વિષયો–પરિવાર માનપ્રતિષ્ઠા વગેરે પર હૈયામાં આકર્ષણ એટલું જ ઊભું છે, કોઈ એના તરફ એવી ગ્લાનિ નફરત કે અકળામણ નથી, તો પછી એણે આત્માનું શું દર્શન કર્યું ?

એવા શુષ્ક બનાવટી આત્મદર્શનવાળો કદાચ કારણાનાનો માલિક હશે, તો એના હૈયામાં એનો કશો વલોપાત નહિ હોય કે ‘ હાય ! આ ષટ્કાય જીવોનો કચ્ચરઘાણ કાઢતું કારખાનું મે કયાં ઉભું કર્યું ! હવે એ યાવચ્ચંદ્ર દિવાકર ચાલ્યા કરીને જીવોની કેવી કાયમી સંહારભૂમિ બનશે ! ’ ના, આવો કશો વલોપાત નહિ.

જ્યાં વિપુલ સ્થૂલ-સૂક્ષ્મ જીવોની હિંસા પ્રત્યે ગ્લાનિ નહિ, ત્યાં આત્મ-દર્શન કેવું ?

કદાચ અંતકાળે કારણાનું છોકરાને ભળાવી દઈ પોતે જાત માટે એને વોસિરાવે, તો તે પણ ઉપર છલકું, કિન્તુ હિંસા પ્રત્યેના કારમા વલોપાતવાળું નહિ. કેમકે ધારો કે એ જ વખતે શાણો છોકરો જો એમ કહી દે કે “ બાપુજી ! મારે આ પાપકારખાનું જોઈતું નથી, તમે એને વેચી નાખી પત્તા કરી લો, નહિતર તમારી પછી હું તો ભલે ને કરોડનું કારખાનું પણ ૫૦ લાખ રોકડા મળતા હશે તો, એટલામાં ય ફટકારી નાખવાનો;” તો એ વખતે પેલો વોસિરાવનારો બાપ શું કહેવાનો ? આવું જ કાંઈક કે “ ભાઈ ! એવી મૂર્ખાઈ ન કરીશ, મેં કેટલી મહેનતો અને કેટલી રકમ ઘાલીને આ આ ઊભું કરી વિકસાવ્યું છે ? એનો ખ્યાલ કર.”

આ કોણ બોલાવે છે ? શુષ્ક આત્મ-દર્શનની સાથે હૈયામાં આત્માના ભયંકર અહિતરૂપ લક્ષ્મી, કારખાનું વગેરે પ્રત્યે રહેલી હુંફ, આકર્ષણ, આદરભાવ એવું બોલાવે છે. માટે એવા શુષ્ક અને બનાવટી આત્મદર્શનની વાતોમાં લોભાઈ જવા જેવું નથી. પણ જૈનશાસન યોગદૃષ્ટિમાં જેવા દર્શનનું વર્ણન કરે છે, એનો અભ્યાસ કરવા જેવો છે. કરવાનું આ છે,–

ધન–માલ–મિલકત, મનગમતા વિષયો, અને પત્ની–પુત્રાદિ પરિવાર વગેરે એ આત્મામાં પળે પળે રાગનું ઝેર જ નાખનારા છે, તો એ બધામાં ભયંકર અનર્થનાં દર્શન કરો, દર્શન પણ ઠંપારીવાળું કરો, કે ‘અરરર ! આ બધા જમેલાના પળેપળના રાગના ઝેર ઉપર મારે સમયે સમયે કેવા ઢગલો પાપના બંધ અને રાગના અશુભ અનુબંધ બાંધ્યા કરવાના ! મારું ભવિષ્ય કેવું દુઃબદ્ધ !’ પહેલું જો અહિતકર પદાર્થ–પ્રવૃત્તિમાં આ દર્શન થશે, તો જ પછી હિતકર તત્વ દેવાધિદેવ અરિહંત પરમાત્મા, સદ્ગુરુઓ અને દાનાદિ ધર્મમાં આત્માના મહાન ઉદયનાં દર્શન થશે, દર્શન પણ ‘અહો ! આ મારા કેવા તારણહાર ! કેવા મને સદ્ગતિ સત્જીવન અને અંતે મોક્ષને અપાવનારા ! ’ એમ અહોભાવ અને રોમાંચક આલ્હાદના અનુભવ સાથે થશે.

જીવનો અનાદિના અધઃપતનમાંથી ઉદ્ધાર આ હિતાહિતના ને આ હેય-ઉપાદેયનાં હૃદયભેદી દર્શનથી શરુ થાય છે;

એ જ સાચા આત્મદર્શનની શરુઆત છે.

યોગદૃષ્ટિના વિકાસમાં આ દર્શનનો વિકાસ સાધવાનો છે. પહેલી મિત્રા–દૃષ્ટિમાં એ મંદ અસ્પષ્ટ દર્શન હોય છે, અને બીજી તારાદૃષ્ટિમાં કાંઈક સ્પષ્ટ દર્શન હોય છે.

પહેલી દૃષ્ટિમાં આ દર્શનનો પ્રભાવ એ પડ્યો કે જીવમાં અહિંસાદિ પાંચ યમ આવે છે, જે ઈચ્છાયોગ, પ્રવૃત્તિયોગ વગેરે ચાર કક્ષામાં વિકાસ પામતા હોય છે; ત્યારે બીજી

તારાદૃષ્ટિના કાંઈક સ્પષ્ટ દર્શનનો આ પ્રભાવ પડે છે કે જીવને શૌચ, સંતોષ,....વગેરે પાંચ નિયમની પ્રાપ્તિ થાય છે, ને આ નિયમ પણ ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ,....વગેરે ચાર યોગની કક્ષાના વિકાસરૂપે આવે છે. એટલે પહેલી યોગદૃષ્ટિમાં પાંચ યમનું કહ્યું તેમ અહીં એ પાંચ નિયમોનું પણ પહેલે તબક્કે એવું પાલન ન હોય, છતાં પણ જો એની સાચી શુદ્ધ ઇચ્છા હોય, જીવનમાં એ શૌચ, સંતોષ, વગેરે લાવવાની મનમાં તત્પરતા હોય, તોય ઇચ્છા-યોગના ઘરના આ નિયમ જીવનમાં આવ્યા ગણાય. એટલે,

જેમ 'પહેલી દૃષ્ટિ તો હજી આત્માના ઉદયનું પહેલું પગથિયું છે, એટલામાં શું અહિંસાયમ, સત્યયમ, બ્રહ્મચર્યયમ, વગેરેનું પાલન આવી જાય?'–એ પ્રશ્ન નથી રહેતો, કેમકે ભલે અહિંસાદિનું પાલન-પ્રવૃત્તિ નહિ, કિન્તુ 'મારામાં એ અહિંસાદિ ક્યારે આવે!' એવી એની અંતરથી શુદ્ધ ઇચ્છા-ઝંખના પણ જાગતી રહે, તો તે પણ પહેલી કક્ષાનો અહિંસાદિ યમ છે; એ રીતે અહીં બીજી દૃષ્ટિમાં 'આ શૌચ સંતોષ વગેરે નિયમ મારામાં ક્યારે આવે!' એવી એની અંતરથી શુદ્ધ ઇચ્છા-ઝંખના પણ જાગતી રહે તો ય તે પહેલી કક્ષાના શૌચાદિ નિયમ છે. મતલબ,

યમ શું, નિયમ શું, કે કોઈ પણ ધર્મ-સાધના શું, એની ૪ કક્ષા,-૧. ઇચ્છા, ૨. પ્રવૃત્તિ, ૩. સ્થૈર્ય, ૪. સિદ્ધિ.

આ એટલા માટે સ્પષ્ટ કરવું પડે છે કે અહીં આપણે હવે શૌચ વગેરે પાંચ નિયમનું આછું સ્વરૂપ વિચારશું ત્યાં મનને હાઉ ન લાગે કે 'હાય! આવું કડક શૌચ, આવો ઉચ્ચ સંતોષ, વગેરે નિયમ લાવવાના? તો તેનું તો હાલ મારામાં ગજું દેખાતું નથી, પછી મારે બીજી દૃષ્ટિમાં આવવાનું શે બને?' આવો હાઉ, આવી ગભરામણ, ન થાય એ માટે અહીં સ્પષ્ટ કર્યું કે શૌચાદિનું પાલન તો પછી, પણ આપણામાં એની શુદ્ધ ઇચ્છા જાગે છે? તો ય આપણે બીજી દૃષ્ટિમાં આવી શકીએ છીએ. આ ઇચ્છા કેવા કેવા શૌચની, કેવા કેવા સંતોષની વગેરે કેવા કેવા પાંચ નિયમની હોય, એ માટે એનો આછો પરિચય જોઈએ.

પાંચ પ્રકારના નિયમ છે, શૌચ, સંતોષ, તપ સ્વાધ્યાય, અને ઈશ્વર પ્રણિધાન.–એમાં,

(૧) શૌચ :—

શૌચ એટલે બાહ્ય તથા આભ્યન્તર પવિત્રતા, દ્રવ્યશૌચ ને ભાવશૌચ. દ્રવ્યશૌચ શરીરને પાણી વગેરેના સ્નાનથી થાય, નહાઈ-ધોઈ સ્વચ્છ બનાવેલા શરીરની પવિત્રતા એ દ્રવ્યશૌચ છે, બાહ્ય શૌચ છે. ત્યારે આત્મામાંથી અતિ કામ-ક્રોધ-લોભ વગેરે મલ-મલિનતા કાઢી નાખવામાં આવે, એ આભ્યન્તર શૌચ છે, ભાવ શૌચ છે.

બાહ્ય શૌચમાં કાયાને ચોકખી કરવાની છે, આભ્યન્તર શૌચમાં મનને ચોકખું-પવિત્ર કરવાનું છે. શી રીતે થાય? 'અનંત અનંત કાળથી મન મલિન રહેવાને ટેવાયેલું છે, એને કેવી રીતે પવિત્ર બનાવાય?' તો કે લક્ષ રાખીને બનાવાય, અને તે મોકા પર બાસ લક્ષ રાખીને બનાવાય.

પરસ્ત્રી-દર્શનથી કેમ બચાય? :-

દા. ત. પરસ્ત્રી સામે આવી, મન એને જોવા લલચાય છે, પરંતુ એજ વખતે બાસ લક્ષ રાખીએ કે 'આમાં શું જોવા જેવું છે? અનંતીવાર અનંતી સ્ત્રીઓ જોઈ છે, અહીં શી નવી જોવાની છે? વળી જોવું હોય તો ઉઘાડી આંખ કરતાં બંધ આંખે મોટી ઇંદ્રાણી જોઈ શકાય છે, પણ એમાં જોવા જેવું છે જ શું? સ્ત્રી-દર્શનથી મન રાગ-વિહ્વળ બને છે. મનમાં સ્ત્રીનો ફોટો પકડાય છે, જેનાથી ભગવાન ભુલાય

છે; તેમજ આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણમાં કશી વૃદ્ધિ તો નહિ, પણ હાનિ પહોંચે છે!' –આમ વિચારવાથી મનની પરસ્ત્રી જોવાની મલિન વૃત્તિ શાંત થઈ જાય છે. મન પવિત્ર રહે છે.

એમ બહારનું આપણું કશું બગડવા પર ગુસ્સો કરવાનો મોકો આવ્યો, એ વખતે એ લક્ષ રહે કે 'આ બહારનું બગડ્યું એ ઓછું કિંમતી છે, એના કરતાં મારું મન મહા કિંમતી છે, તો–

બહારનું બગડવા પર મારા મહા કિંમતી મનને બગાડું?

મન કેમ ન બગડે?:–

અને બહારની મોટી મહેલાતોથી કે સલ્તનતોથી ય સદ્ગતિ નથી મળતી, કે એ બગડી જતાં દુર્ગતિ નથી થતી, પરંતુ મન બગડવાથી દુર્ગતિ જ મળે છે. તેમાં ય અવસર આવ્યે ઠેઠ નરકના પાસપોર્ટ ફાટે છે! પ્રસન્નચંદ્ર રાજર્ષિએ જો મન બગાડ્યું, તો એ સાતમી નરકનાં પાપ બાંધતા થઈ ગયા! પણ પછીથી મન સુધાર્યું, વધુ ને વધુ પવિત્ર કરતા ગયા, તો અંતે કેવળજ્ઞાન લઈ ઊભા.

ગન લઈ જાવે મોક્ષમાં રે,
મનહીય નરક મોઝાર;

જે મન સુધરવા પર સદ્ગતિ ને બગાડવા પર નરકાદિ દુર્ગતિ સર્જાતી હોય, એ મન કેટલું બધું કિંમતી? 'એવા મહાકિંમતી મનને શા સારુ ગુસ્સાથી કે અભિમાન વગેરેથી બગાડું?'–આમ લક્ષ રખાય, તો મન બગડતું અટકાવાય ને ક્ષમાદિ ભાવોથી પવિત્ર રાખી શકાય.

મૈત્રીઆદિ ભાવોથી મહાન લાભ : કચરા સાફ:–

'શૌચ' એટલે આત્માનું ને મનનું શુચિપણું, પવિત્રતા. એ શેનાથી થાય? તો કે ક્ષમાદિની જેમ મૈત્રી–કરુણા–પ્રમોદ વગેરેની ભાવનાથી થાય. મન અ-મૈત્રી, વૈર, વિરોધ, અંટસ વગેરેથી મલિન બને છે. મૈત્રી સર્વ જીવ પ્રત્યે સ્નેહભાવરૂપ છે. એનાથી પેલા વૈરાદિના મેલ સાફ થાય છે. એમ જીવો પ્રત્યે દ્વેષ–કઠોરતા–ઈર્ષ્યા વગેરે, એ મનના કચરા છે. એ કરુણા અને પ્રમોદભાવથી સાફ થાય, એમ બીજાની વહી વાંચવી, પારકાની પંચાયત કરવી, પરના દોષ જોયા કરવા, એ બધો મનનો મળ છે. એથી ઉપેક્ષા ભાવનાથી એ બધું લક્ષમાં જ ન લેવાય, ને એથી મન નિર્મળ રહે છે.

આનો મહાન લાભ કેવો કે પોતાનો સર્વ-જીવ-મૈત્રીભાવ સાચવવા માટે બીજા સાથે રગડા-ઝગડા નહિ કરાય; ઘરાકને ઊભો ચીરવાનું નહિ બને; સ્વાર્થમાયામાં કોઈની પ્રત્યે પક્ષપાત કરવાનું નહિ કરાય; અરે!

સૂક્ષ્મ જીવો પ્રત્યેના સ્નેહભાવથી વધુ પડતા શોખ-આરંભ-સમારંભ કે જેમાં અસંખ્ય સૂક્ષ્મ જીવોના કચ્ચરઘાણ નીકળે છે, એ નહિ કરાય. એ મનની પવિત્રતા શૌચ લાવે છે.

શૌચ એ રાગ-દ્વેષનું ને મનનું નિયમન કરતું હોવાથી નિયમ કહેવાય.

આત્માના ને મનના મોટા કચરા છે મોટા મેલ છે રાગ-દ્વેષ અને મોહ એની સાથે લાગેલા કચરા છે. હાસ્ય-શોક, અને રતિ-અરતિ વગેરે જો મૈત્રી આદિ ભાવો અને ભાવનાઓ વિકસાવવામાં આવે, એમ વૈરાગ્યભાવ અને વૈરાગ્યની અનિત્યતા આદિની ભાવનાઓ વિકસાવવામાં આવે, તો આ રાગ-દ્વેષ વગેરે કચરા પર નિયમન આવે છે. એ ઓછા થવાથી મન નિર્મળ બને છે, ને આભ્યન્તર શૌચ નામનો નિયમ સિદ્ધ થાય છે. આમ શૌચ એ રાગ-દ્વેષનું ને મનનું નિયમન કરે છે, તેથી શૌચને નિયમ કહે છે. મૈત્રી આદિ તથા અનિત્યતા આદિ

ભાવનાઓથી એ સિદ્ધ થાય છે, ને એમાં જીવમાં તમોગુણ તામસ પ્રકૃતિ તામસીવૃત્તિ હણાઈને સત્ત્વગુણ સાત્વિક પ્રકૃતિ વિકસતી આવે છે.

(૩) પ્રકૃતિ :-

જીવની પ્રકૃતિ ત્રણ,-તામસ, રાજસ અને સાત્વિક. ગુણ ત્રણ,-તમો ગુણ, રજોગુણ અને સત્ત્વગુણ. ' તામસપ્રકૃતિ-તમોગુણ 'એ જીવને આત્માનું અંધારું રાખી કામ-ક્રોધ લોભ, મોહ-મદ-માયા, ઇંદ્રિયોની તુષ્ટિ-પુષ્ટિ, અને દેહાધ્યાસ વગેરેમાં રમતો રાખે છે. ત્યારે 'સત્ત્વગુણ' યાને સાત્વિક પ્રકૃતિ એ જીવને દયા-દાન-સંતોષ-સંયમ-ક્ષમા-પરમાત્મપ્રીતિ વગેરેમાં રમતો રાખે છે. 'રજોગુણ' પ્રવૃત્યાત્મક છે; તેથી તમોગુણ કે સત્ત્વગુણ બેમાંથી જેનું જોર વધારે, એના પક્ષમાં રજોગુણ બેસી એની પ્રવૃત્તિ કરાવનારો છે. શૌચમાં આ કરવાનું છે, સત્ત્વગુણ વિકસે એવા પવિત્ર ભાવ કેળવવાના છે, પવિત્ર ભાવનાઓ કરવાની છે.

વાત આ છે, પાંચ નિયમમાં પહેલો નિયમ શૌચ,-એમાં મન પવિત્ર રાખો, રાખવા મથો.

પાંચ યમમાં અહિંસાદિ, એટલે હિંસાદિ પાપોથી નિવૃત્તિ કરવાની છે, પાંચ નિયમમાં શુભમાં પ્રવૃત્તિ કરવાની છે. એમાં પહેલી પ્રવૃત્તિ મનને ચોકખું પવિત્ર રાખવાની પ્રવૃત્તિ.

મનને તીર્થંકરાદિ પૂર્વ પુરુષોના જીવન પ્રસંગોમાં રમતું રાખવાથી પવિત્ર બને. એમ આગળના નિયમ કહેશે તે **તપ-સ્વાધ્યાય વગેરેની પ્રવૃત્તિથી મન નિર્મળ રહે, પવિત્ર રહે.** આ શૌચ એ પહેલો નિયમ.

(૨) સંતોષ :-

બીજો નિયમ ' સંતોષ ' કેળવવાનો છે. મન અનાદિનું ભુખારવું છે. ગમે તેટલું મળે તો ય મન ધરાતું નથી, હજી બીજું જોઇએ છે ! નિત્ય નવી પ્રભાતે મનની નવી ઉધરાણી નવી ભીખ ચાલુ જ છે. ત્યાં સંતોષ કેળવવાનો છે. ' સંતોષ 'એટલે મળેલામાં માત્ર ધરપત નહિ, કિન્તુ મળેલું ઘણું લાગે. મનને એમ થાય કે ' મને મારી લાયકાત કરતાં વધુ મળ્યું છે, મારા કરતાં બીજા સારા કેટલાયને આટલું ય નથી મળ્યું, તો હું શું કામ ઓછપ માનું ? ' એમ જો મનને મળેલામાં ઘણું માનવાનો સંતોષ રખાય, તો વાતે વાતે મનને ઓછું આવવાથી જે સંકલ્પ-વિકલ્પો ચાલતા હોય છે, એનાથી બચી જવાય છે. એવું મનને ઓછું લાગી વધુની વ્યર્થ ગડ-મથલમાં મનન ડહોળવું, એના કરતાં સંતોષ માની મનને મહાને પુરુષો મહાસતીઓના આત્મ-પરાક્રમોમાં પરોવવું શું ખોટું ? અરે ! ૫-૨૫ નવકાર ગણી લેવામાં મનને રોકવું શું ખોટું ?

સંતોષની બહુ જરૂર છે, કેમકે ઉપરના જે ત્રણ નિયમ તપ-સ્વાધ્યાય-ભગવદ્ધ્યાન-, એ જો મનને સંતોષ હશે તો જ સારા સધાવાના છે. મનને સંતોષ જ નહિ હોય તો ' ખાઉં, મળે એટલું ખાઉં, મળે એટલી ચીજ ખાઉં,-એવી વૃત્તિ રહેવાથી પછી ત્યાગ-તપ શો કરી શકે ? અરે ! કરવાની વૃત્તિ ય નહિ થાય.

અ-સંતોષથી પીડાતું મન ત્યાગ-તપ -સ્વાધ્યાય-પ્રભુભક્તિ વગેરે સાધવા માટે મુડદાલ બની જાય છે.

તેમ અ-સંતોષમાં બીજાની આગળ-દીનતા, ચાટુ, ચાપલુસી...વગેરે હલકાઈઓમાં પડવું પડે છે. માટે સંતોષ નામનો બીજો નિયમ સાધવો જરૂરી. એથી મન વ્યાકુળ વ્યાકુળ નહિ થાય.

સંતોષ એ અદ્ભુત નિયમ છે. એમાં મનનું એવું નિયમન થાય છે કે એનું ભુખારવાપણું એની દીનતા, અને વાતવાતમાં એને ઓછું આવવું,....વગેરે અટકી જાય છે.

આવો સંતોષ લાવવા માટે એક વિચાર આ છે, કે જ્યારે આપણને બહારનું કોઇ પણ સારું-નરસું આપણા ભાગ્ય પ્રમાણે જ મળવાનું છે, તો પછી વધુ પડતા લોભ–અસંતોષને વલખા મારવા નકામા છે, માથે પડવાના છે. તેથી આપણને જે મળ્યું તેમાં 'સરસ' 'O. K.' કરીને ચાલવું. તો તેથી સંતોષ જળવાઈ રહે. દા. ત. કોઈને મળવા ગયા, ને એણે ધૂળમાં બેસાડ્યા, તો સંતોષ લેવાનો કે 'સરસ, રાગ નહિ થાય; જો બેસવા સારું આસન આપ્યું હોત તો રાગ થાત, એનાથી બચ્યા, સરસ !'

આમ જો જ્યાં ને ત્યાં 'સરસ' કરતાં આવડે તો સંતોષ રહેવાથી (૧) મનને ખિન્ન દુખિયારું ન થવું પડે (૨) મન પ્રસન્ન રહે અને (૩) અનાદિના ઉચ્છૃંખલ મનનું ને આત્માનું દમન થાય.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર આ જ કહે છે,

अप्पा चेव दमेयव्वो
अप्पा हि खलु दुद्दमो
अप्पा दंतो सुही होइ
अस्सिं–लोए परत्थ च ॥

અર્થાત્ પોતાનો આત્મા જ દમન કરવા યોગ્ય છે; કેમકે જગતમાં પોતાના આત્માને જ દમવાનું મુશ્કેલ છે. બાકી.

દમન કરાયેલ આત્મા અહીં અને પરલોકમાં સુખી થાય છે.

જો બધું 'સરસ' 'વાહ વાહ' કરતાં આવડે તો મનને સંતોષ રહે, અને એથી પાર વિનાની ભૂખ અને લાલસાઓવાળા સ્વાત્મા પર દમન આવે. પછી ક્યાંય કઠણાઈ ન લાગે, મુશ્કેલી ન લાગે, 'આ મને ન ફાવે' એવી કાયરતા–કંગાળિયતતા ન આવે. સંતોષ છે એટલે જે બન્યું, જે મળ્યું, એને 'સરસ' 'O. K.' માની લીધું, પછી ભુખારવાપણું કે કાયરતા શાની આવે ? મનને ઓછું શાનું આવે ? એમ સંતોષથી અહીં ય સુખી થવાય, ને એ સંતોષ–ભાવના સારા અધ્યવસાયથી ઊભા થયેલા પુણ્ય અને સુસંસ્કારથી પરલોકમાં પણ સુખી થવાય.

સંતોષથી અહીં સુખી એટલા માટે કે 'જે સંયોગ બની આવ્યો, એ મારા પુણ્યાનુસાર બરાબર છે, માટે મારે 'સરસ' જ માનવાનું,' એવું મનને નક્કી રાખ્યું હોય, ત્યાં પછી દુઃખ કરવાને કારણ જ ન રહે. તેથી એ સદા સુખી રહે.

'સંતોષથી અહીં સુખી'નો એક દાખલો જુઓ.

વિસનગરમાં એક ભાઇને જમતી વખતે મૌનનો નિયમ એટલા માટે કે ખાવા જેવી તુચ્છ વસ્તુન ગુણદોષા ગાવાની હલકી પ્રવૃત્તિમાં ન પડાય. એકવાર એવું બન્યું કે છોકરાની વહુએ ગરમ ગરમ એક રોટલી પીરસી, પછી બીજી પીરસે એ પહેલાં કાંઈક કામ આવ્યું તે બહાર ગઇ, અને કામની વ્યગ્રતામાં પાછી આવી બીજી રોટલી પીરસવાની ભૂલી ગઇ, ને સીધો ભાત પીરસ્યો. સસરો ચાર રોટલીનો ઘરાક, હજી એક જ ખાધી છે, પણ ભાત પીરસાયો તો જમતાં ન બોલવાનો નિયમ છે એટલે કશો ઉંકારો કર્યો નહિ, ભાત ખાઇ લઈ ઊઠીને પોતાના કામે લાગ્યો.

ત્યાં વહુને યાદ આવ્યું. તે શાણી હતી એટલે અફસોસ કરતી સસરાને કહે 'બાપુજી! આજ તો મેં જુલમ કર્યો. તમને એકજ રોટલી પીરસી, ને પછી કામની વ્યગ્રતામાં બહાર જઈ આવી બીજી રોટલી જ પીરસવાની ભૂલી ગઈ, તે તરત ભાત પીરસ્યો ! આજ તમને મેં ભૂખ્યા રાખ્યા. મારી મોટી ભૂલ થઈ ગઈ.'

સસરો કહે 'અરે ! એમાં શું છે ? સાંજે ક્યાં નથી ખાવાનું ? તમારે કામ કેટલા ?

એમાં આવું બની ય જાય. મને કશો વાંધો નથી, મનમાં કાંઇ લાવશો નહિ.' આ સંતોષથી સસરો વહુના દિલમાં કેટલા આદર બહુમાનથી જડાઈ ગયો હશે !

(૩) તપ :—

'ખાઉં ખાઉં'ની સંજ્ઞામાં વિકલેન્દ્રિયના અવતાર :—

ત્રીજો નિયમ તપ છે. તપ અનેક પ્રકારના છે, ઉપવાસ, આયંબિલ, એકાશન, બિયાસણુ... વધુમાં છઠ્ઠ અઠ્ઠમ આદિ. મિઠાઇ–ફ્રૂટ ફરસાણ વગેરેના ત્યાગ એ પણ તપ છે. જીવનમાં હાલતાં ને ચાલતાં એક યા બીજા તપની ને ત્યાગની જરૂર છે; જેથી અનાદિની રાક્ષસી આહાર–સંજ્ઞા ને રસસંજ્ઞા પર કાપ પડે. નહિતર આહાર–સંજ્ઞા ભૂંડી,–'ખાઉં ખાઉં'નો ભાવ રખાવી કીડી–મંકોડા–ડાંસ–મચ્છર વગેરેના અવતાર અપાવે ! જેવા ભાવ તેવો ભવ. કર્મસત્તા જાણે કહે છે 'તારે ખાઉં ખાઉં જ જોઇએ છે ને ? તો આવ, આ કીડી વગેરેના અવતાર સારા છે, આખો દિવસ ખાઉં–ખાઉંની લેશ્યા રહેશે.'

આહાર સંજ્ઞાના પાપે મચ્છ તંદુલિયો ! :–

શાસ્ત્રો કહે છે, આહાર સંજ્ઞાના જોરમાં જીવ જો તંદુલિયો મચ્છ થયો તો મનના પાપનો પાર નહિ રહે. એની તંદુલ ચોખા જેવડી કાયા, પણ મોટા મગરમચ્છની પાંપણ પર બેઠો બેઠો શું કરે છે ? ખાઇ–પીને મોં ફાડી આરામથી પડેલા એ મોટા મત્સ્યના મોંઢામાં પાણીના મોજાં સાથે સેંકડો માછલીઓ પેસતી ને મોજું પાછું વળવા સાથે એમકુશળ બહાર નીકળી જતી જોઇ તંદુલિયો મચ્છ ઇર્ષ્યાથી બળે છે કે ' હાય ! આ કેવો મૂરખો આટલી બધી માછલી સહેજે મોંમાં આવેલી છોડી દે છે ? આની જગાએ હું હોઉં તો એક પણ માછલી ન છોડું,–બધી ગળી જાઉં !' કેવી રાક્ષસી આહાર–સંજ્ઞા ! વળવાનું કાંઈ છે ? કશું જ નહિ, ને મનના પાપે નરકના ભાતાં બાંધવાનાં ! કહે છે ને,–

" મનના પાપે રે મચ્છ તંદુલિયો,
જુઓ મરી સાતમી જાય, ચતુર નર !
શ્રી જિનવાણી હો ભવિયણ ! ચિત્તધરો."

જિનવાણી કહે છે,

તપથી આહાર–સંજ્ઞાને દાબો.
ત્યાગથી વિષય–સંજ્ઞાને કચરો.

નહિતર દેખો,—

" અગ્નિ જો તૃપ્તે ઇંધણે,
નદીએ જો જલધિ પુરાય;
તો વિષયસુખ ભોગતાં,
જીવ એ તૃપ્તો થાય."

અગ્નિમાં બળતણ નાખ્યે રાખો અગ્નિ ધરાય નહિ, શાંત ન થાય, એમ આહાર–સંજ્ઞામાં ગમે તેટલી વાર બાઓ આહાર–સંજ્ઞા શાંત પડે નહિ.

અનંતા કાળથી નદીઓએ સમુદ્રમાં કેટલા પાણી નાખ્યા ? સમુદ્ર ધરાયો ?

ના, એ તો સદાનો ઊણો જ છે. એમ જીવે જનમ જનમ ખાવાનો પાર નથી રાખ્યો. આ જનમનો હિસાબ માંડો, કેટલી રોટલીઓ ખાઈ નાખી ? ૪૦ વરસની ઉંમર હોય, તો રોજની સરેરાશ ૪ રોટલી લેખે વરસની ૧૪૪૦-૧૫૦૦, ૪૦ વરસમાં ૬૦ હજાર રોટલી ખાઇ નાખી ! છતાં જીવ નવા દિવસે ભુખારવો તે ભુખારવો !

નદીઓથી જો સમુદ્ર ધરાય તો ખાવાથી જીવ ધરાય. બને નહિ એ. ધરપત ખાવાથી નહિ, ત્યાગ–તપથી થાય. બપોરે બાધું એવું કે સાંજે ન ખાઇએ તો ચાલે એવું છે, તો બાધા પછી તરત તિવિહાર, હવે પાણી સિવાય બધું બંધ, એમ ત્યાગ થાય. રોજ ન બને તો ય બે દિવસ બાધું ને ત્રીજે દિવસે તપ,

કરાય, એમ તપનો અભ્યાસ જોઇએ. ૨૪ તીર્થંકર ભગવાનનાં કલ્યાણક દિવસે તપ, પર્વતિથિએ તપ, ગુરુ મોટાગુરુના વિરહ-દિવસે તપ, અરે! રોજ પણ પ્રભુનાં દર્શન-પૂજન મળ્યાં એની કૃતજ્ઞતારૂપે કાંઈ ને કાંઇ ત્યાગનો તપ થાય. એક ભાઈ રોજ જિનમંદિર પ્રભુપૂજા કરવા જાય તે પહેલાં ઘરે એક કલાક પૂજન કરે, ને એના અંતે એ દિવસ માટે પાંચ વસ્તુના ત્યાગનો સંકલ્પ કરી લે છે. એક કલાક સુધી પૂજનમાં શું કરતા હશે? આ,—

પૂજા-સ્તોત્ર-જપ-ધ્યાન-લય

‘પૂજા કોટિસમં સ્તોત્રં,
સ્તોત્ર-કોટિ સમો જપઃ।
જપ-કોટિ સમં ધ્યાનં,
ધ્યાન-કોટિ સમ્મો લયઃ॥’

આમાં પૂજનમાં-પૂજા, સ્તોત્ર, જપ, ધ્યાન, અને લયનો ક્રમ બતાવી, એમાં ઉત્તરોત્તરનું પૂર્વ પૂર્વ કરતાં ક્રોડગણું ફળ બતાવે છે, એટલે પૂજનનો આ ક્રમ છે. તેમાં પહેલાં સકલીકરણ-આત્મરક્ષા-પાંચ તત્ત્વશુદ્ધિ, વગેરે કરી લીધા પછી,

(૧) પહેલાં અરિહંત સામાન્યનાં પૂજા-સ્તોત્ર-જપ-ધ્યાન-લય. પૂજામાં અષ્ટપ્રાતિહાર્ય-યુક્ત અરિહંતનું વાસક્ષેપથી પૂજન કરે, એ પૂજા. પછી (૨) અરિહંત સામાન્યનું નમુત્થુણં સ્તોત્ર ભણે. પછી (૩) ‘ૐ હ્રીં અર્હં નમઃ’ની માળા ગણે એ જપ. પછી (૪) ધ્યાનમાં અશોક વૃક્ષ સુરપુષ્પવૃષ્ટિ એ ક્રમથી કલ્પનામાં અરિહંત પ્રભુજીની આસપાસ એકેક પ્રાતિહાર્ય ગોઠવતા જાય, અને એવા પૂરા અષ્ટપ્રાતિહાર્યથી સહિત અરિહંતનું ધ્યાન કરે. તે પછી (૫) અરિહંત વીતરાગ પ્રભુનો પોતાના આત્મામાં લય ચિંતવે. એ પછી

(૨) હવે ૧. ચોવીસ તીર્થંકર ભગવાનનું વાસક્ષેપથી પૂજન; પછી ૨. લોગ્ગસ્સનું સ્પષ્ટ સ્તોત્ર ભણે. તે પછી ૩. લોગસ્સ પર ‘નમો ચઉવીસાએ તિત્થયરાણં’ની અથવા પહેલી ગાથાની માળા; ૪. બાદ ૨૪ તીર્થંકર ભગવાનનું સમવરણમાં દેશના આપી રહ્યા છે એ રીતે ધ્યાન; ૫. તે પછી ૨૪ પ્રભુનો પોતાના આત્મામાં લય ચિંતવે. તે પછી

(૩) હવે પાર્શ્વનાથ પ્રભુનું ૧. પૂજન કરી, પછી ૨. ઉવસગ્ગહરં સ્તોત્ર ભણે. પછી, ૩. ‘ૐ હ્રીં પાર્શ્વનાથાય નમઃ’ની માળા, જાપ કરવાનો. ૪. પછી પાર્શ્વનાથ પ્રભુનું ધ્યાન કરે; અને ૫. પ્રભુનો પોતાના આત્મામાં લય ચિંતવે. તે પછી

(૪) શાસન દેવતા પદ્માવતીનું પૂજન-સ્તોત્ર-જપ-ધ્યાન અને લય ચિંતવે. એ પછી ‘આજ્ઞાહીનં ક્રિયાહીનં...’ શ્લોકથી પૂજનમાં ક્ષતિ માટે ક્ષમા માગી અરિહંત આદિનું દર્શન પૂજન સ્તોત્ર-જાપ-ધ્યાન આદિ મળ્યાની કૃતજ્ઞતારૂપે આજના દિવસ માટે તત્કાલ મનમાં જે સ્ફુરે તે એક મિઠાઈ, એક ફળ, એક ફરસાણ, એક શાક, અને એક વિગઈ વગેરેના ત્યાગનો સંકલ્પ ધારી લે. આ ત્યાગ એક પ્રકારનો તપ છે.

કલ્યાણકની જિનભક્તિ :-

ચોવીસ તીર્થંકર આપણા પરમ ઉપકારી છે, તેથી દરેકના ૫-૫ કલ્યાણકના દિવસે કૃતજ્ઞતારૂપે એકાસણું વગેરે કાંઈ પણ તપ કરીએ. એ ન બને તો રસત્યાગ કરીએ, વધુ દ્રવ્ય-સંક્ષેપ કરીએ, કમમાં કમ એ પ્રભુના કલ્યાણકની માળા તો અવશ્ય ગણીએ.

બાકી એક યા બીજા પ્રકારના તપથી જીવ પાછો કેમ પડે છે? એને ખબર નથી કે

'આ ઉત્તમ જનમમાં આત્માને સાત્ત્વિક બનાવવાનું મહાન કર્તવ્ય છે. તપના સારા અભ્યાસથી આત્માનું સત્ત્વ વધે છે, આત્મા સહિષ્ણુ બને છે.'

ત્યાગ-તપ ન કરવાથી આત્મા સત્ત્વહીન મુડદાલ બન્યો રહે છે.

પાંચ નિયમ એ 'નિયમ' શાથી કહેવાય છે:-

શૌચ-સંતોષ-તપ વગેરેને નિયમ એટલા માટે કહ્યા છે કે એનાથી મનનું નિયમન થાય, સંયમન થાય છે. મન અનાદિનું ઉચ્છૃંખલ છે. કોઈ જાતના નિયમન વિના એ ગમે ત્યાં રખડે છે, ગમે તેવા કચરાપટ્ટીમાં રમે છે. ત્યાં

આંતર શૌચનો અભ્યાસ કરો એટલે મન નિયમનમાં આવે છે. એમ,

સંતોષમાં પણ મન પર નિયમન થાય છે. અ-સંતોષથી મન ગમે તેમ આકુલ વ્યાકુલ થતું હોય એ સંતોષથી અર્થાત્ 'બધું બરાબર છે' કરવાથી મન નિયંત્રિત થઈ સ્વસ્થ રહે છે. વળી સંતોષ છે એટલે 'આ મને ન ફાવે,' 'આવાથી કે આટલાથી મારે ન ચાલે,' આવી મનની યથેચ્છચારિતા નથી રહેતી. મન પર 'મને બધું ફાવે. મારે સામાન્યથી ય ચાલે,' ઓછાથી ય ચાલે,' આવું નિયન્ત્રણ કરી દેવાય છે. એ 'સંતોષ' નિયમનો પ્રભાવ. એમ,

તપમાં પણ મન પર નિયમન થાય છે. અનાદિનું ઘડીએ-પલકે 'ખાઉં ખાઉં' કરનારું મન અંકુશમાં આવે છે, એમ નિયમમાં રસ-ત્યાગ, તથા ખાનપાનના દ્રવ્યો ઉડાવવાની મનોવૃત્તિનું નિયમન થાય છે.

આગળના સ્વાધ્યાય અને પરમાત્મચિંતનના નિયમની સમ્યગ્ આરાધના માટે તો મન પર નિયમનની બહુ જ જરૂર છે. પૂછો,-

પ્ર૦-ખાનપાનનાં દ્રવ્યો અને રસો ગમે તેટલા ઉડાવે એમાં સ્વાધ્યાય અને પરમાત્મ-ચિંતનને ક્યાં વાંધો આવે છે?

ઉ૦-બહારના વિષયોની નિરંકુશ બાજુ-આતુરતા-અભિલાષામાં પકડાયેલાં મનને હદ વિનાના વિષયોની લાલસા છે. તેથી સ્વાધ્યાય અને ઈશ્વર-ધ્યાનમાં મન સારું ચોંટી શકે જ નહિ. બાહ્ય દ્રવ્યોના બહુ સ્વાદ લૂંટવાની છૂટવાલા મનને સ્વાધ્યાયમાં એવો સ્વાદ શાનો આવી શકે? તેથી તો ભગવાન દીક્ષા લઈ છ પ્રકારનો બાહ્ય તપ બહુ કરતા અને સ્વાધ્યાય-ધ્યાનમાં રસપૂર્વક લીન રહેતા. **બહારનો રસ ઓછો થાય તો જ આભ્યન્તર સ્વાધ્યાય અને ઈશ્વર-ધ્યાનમાં રસ આવે.**

ત્યાગ અને તપથી બાહ્યનો રસ કાબુમાં આવે છે. નહિતર ઇંદ્રિયો ચોટ્ટી છે. તે અંકુશ વિનાની હોય, તો મનને પોતાના વિષયોમાં સહેલાઈથી તાણી જાય છે. પછી એ મન સ્વા-ધ્યાય-ધ્યાનમાં સ્થિર શી રીતે રહી શકે?

બૌદ્ધોનો તપ-વિરોધ :-

એટલા જ માટે બૌદ્ધો જે તપની ટીકા કરી માત્ર ધ્યાનનો આગ્રહ રાખે છે, તે કહે છે "તમે ત્યાગ-તપ-કરવા જાઓ, દા. ત. ઉપવાસ કરો એટલે ભૂખ લાગતાં કે શરીર દુબળું પડતાં મનને ખાનપાનના વિચાર આવે, પછી તમે આત્મા-પરમાત્માનું ધ્યાન સ્થિર મનથી શી રીતે કરી શકો? એ તો શરીરને ટકે ટકે મનગમતા ખાન-પાન-રસ આપી દો એટલે સંતુષ્ટ મન નિરાંતે ધ્યાનમાં સ્થિર થઈ શકે,"

બૌદ્ધોને જવાબ: તપનો પ્રભાવ :-

આ બૌદ્ધોને બિચારાને ખબર નથી કે ત્યાગ-તપના અભ્યાસથી મનને એવી સમાધિ-સ્વસ્થતા ઊભી થાય છે, કે પછી એને ત્યાગ-તપમાં ખાનપાન યાદે ય નથી આવતાં; તેથી સ્થિર મનથી સ્વાધ્યાય-ધ્યાન થઈ શકે છે. ઉદ્દુ

જ્યાં ત્યાગ-તપના નિયમ નથી, નિયમન નથી, ત્યાં મનને ખાનપાન ને એના વિષયોની ટંકે ટંકે ખણજો ઊઠ્યા કરે છે. ને એ ખણજો ધ્યાનમાં સ્થિરતા આવવા જ ન દે. અનાદિની આહાર-રસ વગેરેની ખણજો, એ મનને નિયમથી અંકુશમાં લીધા વિના, ગમે તેવા ધ્યાનના ફટાટોપમાં ય ઊઠ્યા વિના શાની રહે ?

મહારાષ્ટ્રમાં એક મોટો ભાઈ રોજ એકાસણું કરનારા નાના ભાઈની ટીકા કરે કે 'આ તમે એકાસણું કરવા બેસો તે દોઢ કલાક ખાવામાં લગાડો. અમે તો જમવા બેઠા કે પાંચ મિનિટમાં પતાવી ઊભા થઈ જઈએ, શા તમારા તપમાં ભલીવાર ?'

ત્યારે નાનો ભાઈ કહે,-'અમને એકાસણુ કરવામાં દોઢ કલાક તો કાંઈ લાગતો નથી, પરંતુ તમારી ૫ મિનિટ કરતાં અમને ભલે ૩૫ મિનિટ લાગતી હશે, કિન્તુ એ તો ચોવીસ કલાકમાં એકજ વાર ખાવાની ખણજ; ને એક જ વાર એ શાંત કરવાની વેઠ. તમે એ તો કહો કે: ૨૪ કલાકમાં કેટકેટલી વાર તમને ખાનપાનની ખણજ ઊઠે ? ને કેટલી કેટલી વાર એને શાંત કરવાની વેઠ કરો ? સવારે ઊઠ્યા કે ચહા, પછી નાહ્યા કે નાસ્તો, પછી ફ્રૂટ આવ્યું મેવો આવ્યો તે ખપે, પછી જમણ આવ્યું, બપોરિયું આવ્યું, હુકાને ઘરાક આવ્યો કે ચાહ બિસ્કીટ, પછી રાત્રે જમો,...ત્યાં સુધીમાં કેટલીવાર ખાવાની ખણજો ? ને કેટલી વાર એને સંતોષવાની વેઠ થઇ ? આમાં તમારે મન સવારે નાસ્તાના વલખા મારતું હોય, તે એક પ્રભુ-દર્શનમાં ય ક્યાંથી ઠરી શકો ? તેમજ જિંદગી આખી આ ખણજો ઊઠ્યા કરે એને પોષ્યા કરવાનું કરો, એના સંસ્કારો પરલોક તમારે કેવા ને કેટલા જંગી પ્રમાણમાં લઈ જવાના રહે ?" મોટો ભાઈ આનો શો જવાબ દઈ શકે ?

ત્યાગ-તપ-નિયમની બલિહારી છે. એ અનાદિ આહાર-રસની ખણજો શાંત કરી પરભવ સાથે આવે એવા શુભ ભાવ અને શુભ સંસ્કારોનો સારો વારસો આપે છે.

'સંતોષ' નિયમથી ય ઇચ્છાઓના સંતાપ મટે, ને સમ્યક્ તોષ-તુષ્ટિ, મનની તુષ્ટિ-આનંદ-આનંદનો અનુભવ થાય; એમ 'તપ' નિયમથી પણ ઇચ્છાઓની ખણજોના સંતાપ મટે, ને સાચા આત્મ-સુખનો અનુભવ થાય: આ નિયમો સૂચવે છે કે ઇચ્છાઓને પહેલેથી જ દાબવા માંડો. દા. ત. ભલે એકાસણું નહિ, બેસણું નહિ, તો પણ દિવસના ૩ ટંક, ૪ ટંક ....આદિનો નિયમ રાખો તો નિરંકુશ ઇચ્છા દબાશે.

મોક્ષમાર્ગની સાધના કરવી છે ? તો દિલ સ્વસ્થ જોઇશે; ને એ સ્વસ્થતા બાહ્યમાં ઓછા સાધન અને ઓછી વેઠથી પતાવવાનું રાખવાથી આવે.

જડની વધારે પડતી અપેક્ષા મોક્ષમાર્ગની સાધનામાં બાધક છે. બાહ્ય ઇંદ્રિયોની યથેચ્છ ખણજો અને એનાં યથેચ્છ ભરણાં આભ્યન્તર સ્વાધ્યાય અને પરમાત્મ-ધ્યાનમાં જીવને ઠરવા જ નથી દેતા.

(૪) સ્વાધ્યાય

બીજી તારા દૃષ્ટિમાં પાંચ નિયમમાં ચોથો નિયમ સ્વાધ્યાય, એની આરાધના કરવાની છે. યમમાં પાંચ પાપોની નિવૃત્તિ હતી, અહીં નિયમમાં શૌચ-સંતોષ-તપની જેમ સ્વાધ્યાયની પણ પ્રવૃત્તિ કરવાની છે. સ્વાધ્યાયમાં શાસ્ત્રોનું અધ્યયન, એટલે કે વાચના પૃચ્છના વગેરે અર્થાત્ ગોખવાનું-ભણવાનું-વાંચવાનું-પારાયણ કરવાનું....વગેરે આવે. પ્રારંભિક જીવ હોય અને ભણાવનાર સદ્ગુરુનો યોગ ન હોય, તો પ્રણવ અને માયા બીજ (ૐકાર-હ્રીંકાર) પૂર્વક ઇષ્ટ દેવતાનો સ્થિરતાથી જાપ કરે, એ સ્વાધ્યાય.

દા. ત. 'ॐ ह्रीं अर्हं नमः' એ ઇષ્ટ દેવ અરિહંતનો જાપ, એમ 'નમો અરિહંતાણં'નો જાપ, એ પણ સ્વાધ્યાય છે,

સ્વાધ્યાય-જાપથી ઇષ્ટદર્શન કરવું છે ?

તો આ ધ્યાન રાખવાનું કે પ્રભુનાં દર્શન કરો કે જાપ કરો, પરંતુ એ કાર્ય પૂરું થયા પછી મગજમાં એનું આંદોલન ચાલવું જોઇએ. દા. ત. જાપ કર્યો હોય તો પછીથી અજપા જાપ ચાલે; ને દર્શન-પૂજનાદિ કર્યા તો તે કાર્ય પૂરાં થયા બાદ પ્રભુનું આંતરદર્શન ચાલે. આનો ખૂબ અભ્યાસ થાય તો પછી ઇષ્ટ-દર્શન અર્થાત્ ઇષ્ટદેવનું આંતરદર્શન સહજ જેવું બની જાય.

સ્વાધ્યાયમાં ચિત્ત ક્યારે જામે ?

ચિત્ત સ્વસ્થ હોય, વિષય ઝંખનાની બહુ ખણજોના રોગથી મુક્ત હોય ત્યારે જામે. એ માટે પૂર્વના ત્રણ નિયમ શૌચ, સંતોષ, તપ અદ્‌ભુત કામ કરે છે. એનાથી ઘણી ખણજોના રોગ નાબૂદ થાય છે. પછી સ્વાધ્યાયમાં ચિત્ત સ્વસ્થતાથી લાગે છે. આ સ્વાધ્યાયનો મોટો લાભ એ કે (૧) એટલો ટાઇમ ષટ્‌કાય-જીવોના સંહારમય આરંભ-સમારંભથી બચી જવાય; એમ (૨) જૂઠ ચોરી વગેરે પાપો પણ બંધ થઈ જાય.

નિયમોનું આચરણ એવી ચીજ છે કે એમાં સહેજે સહેજે યમનું પાલન થઈ જાય,-આ એક વિશેષતા નિયમ-પાલનની. બીજી વિશેષતા એ છે કે ક્રમસર શૌચ આદિ નિયમ પળાતા આવે તેમ તેમ પછી પછીના નિયમ સહર્ષ આચરાય. જેમકે,

શૌચ એટલે આભ્યન્તર સ્નાન Brain-Wash યાને મનની નિર્મળતા કરતા આવો એટલે હૈયામાં બાહ્યનો સંતોષ જામતો જાય. મન નિર્મળ છે, માટે બાહ્યનો સંતોષ સહર્ષ કેળવાય. મલિન મનમાં બાહ્યની તૃષ્ણા જોર કરતી હોય. નિર્મળ મનથી સંતોષ કેળવતા ચાલો એટલે ખાનપાન વગેરેની બહુ લગન ઓછી થતી જાય, અને ત્યાગ-તપને સહર્ષ આચરવાનું થાય; કેમકે મન સંતોષથી કહે,-

'આ શી વારેવારે અને રોજને રોજ ખાવાની લપ ?' એમ તપની હોંશ રહે; અને શૌચથી ક્રમસર આગળ વધે એટલે તપ કરવામાં માથે ભાર પણ ન લાગે. નહિતર તો તપ કરે ત્યારે સવારથી સુસ્તી ચડે ! યોગદૃષ્ટિના વિકાસનો એ પ્રભાવ છે કે એમાં ક્રમશઃ આગળ વધતાં આત્મહિતની સાધનાઓની મમતા પોષાય. પછી ખાવું પીવું વગેરે બલારૂપ લાગે. મનને થાય કે

'ક્યાંસુધી આ ખાવાની લપ ? મારું અરૂપી-અનાહારી અનંત જ્ઞાનમય ને સહજ સુખમય સ્વરૂપ ક્યાં ? ને ક્યાં આ પર પુદ્‌ગલની વેઠ ? જડ વિષયોના સંપર્કથી મારી આત્મ-સંપત્તિ સ્વરૂપ વિશુદ્ધજ્ઞાન- દર્શન-ચારિત્રમાં કશી વૃદ્ધિ થવી તો દૂર રહી, ઉલ્ટું ચારિત્રની રાગદ્વેષથી મલિનતા થાય ! છતાં મારી મૂઢતા કેવી કે ઇંદ્રિયો માગે એટલા વિષયો મારે એને લાવી આપવાના ! અસલમાં તો મારે દર્પણ જેવા શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા બન્યા રહેવું જોઇએ. દર્પણને કોઈ ફૂલહાર ચડાવવા જાય તો દર્પણ નાચવા ન માંડે, કોઈ ધોકો લગાવવા જાય તો દર્પણ રોવા ન બેસે. એ તો માત્ર પ્રતિબિંબ ઝીલે. એમ વિષયોના સપર્કમાં મારે રીઝવાનું શું ? ખીજવાનું શું ? એ બધું મારાથી અન્ય છે. મારે તો માત્ર દેખવાનું.' એ રીતે જગત પ્રત્યે અન્યત્વ ભાવના થાય, તો તપની સાધના હોંશે હોંશે થાય.

એમ તપથી જ્યાં ખાનપાનથી નિવૃત્તિ લીધી, સમય મળ્યો, એટલે પવિત્ર કામ એકમાત્ર શાસ્ત્ર-સ્વાધ્યાયનું કરવાનું રાખ્યું, તો હોંશથી સ્વાધ્યાય થાય.

તપથી કાયાની ધાતુઓ શુદ્ધ થાય; એમ શાસ્ત્ર-સ્વાધ્યાયથી આત્માની વિચારસરણી શુદ્ધ થાય, ને ભાવ-શુદ્ધિ થાય.

આ લાભો વિચારે તો સ્વાધ્યાયમાં હોંશે હોંશે પ્રવૃત્તિ થાય.

સ્વાધ્યાયના લાભો

(૧) સ્વાધ્યાયમાં એક લાભ બતાવ્યો, આરંભ સમારંભમય હિંસા જૂઠ,–આદિ પાપોથી બચાય. હવે બીજા લાભો જુઓ,–

(૨) શાસ્ત્ર-સ્વાધ્યાય ગમ્યો એમાં શાસ્ત્ર એટલે પરમાત્માની વાણી ગમી, એટલે પરમાત્મા ગમ્યા, તેથી એ પરમાત્માનું ચિંતન–ધ્યાન હોંશે હોંશે થાય...

આમ સ્વાધ્યાયની બલિહારી છે.

(૩) **અનંત અનંત કાળથી પાપ વિચારો અને પાપ સંકલ્પ-વિકલ્પોમાં ડૂબાડૂબ રહેનારા કંગાલ આત્માને એનાથી બચાવી રાખનાર, શ્રેષ્ઠ સાધના છે શાસ્ત્ર-સ્વાધ્યાય.**

આત્મા જેટલો શાસ્ત્ર-સ્વાધ્યાયમાં રક્ત એટલો પાપ-વિકલ્પોથી બચવાનો; અને

(૪) આ બચાવ મળ્યો એટલે અઢળક પાપકર્મના બંધથી બચ્યો ! તેમજ

(૫) એ જેટલો શાસ્ત્રવિચારો–શાસ્ત્ર સ્વાધ્યાયમાં ડૂબ્યો રહેવાનો એટલો પાપ વિચારો અને પાપ સંકલ્પ વિકલ્પોના આત્મા પર પડતા અઢળક કુસંસ્કારોથી બચ્યો ! સ્વાધ્યાયથી કેટલો બધો અનુપમ લાભ !

તે પણ પાપકર્મો અને પાપાનુબંધોથી બચવાનું એટલું જ નહિ, કિંતુ (૬) શાસ્ત્ર અક્ષરો અને શાસ્ત્ર વાતોનો પરિચય વધતો રહેવાનો, એના સુસંસ્કારોનો સંચય વધતો જ રહેવાનો. વળી

(૭) 'તીર્થંકર ભગવાનની સ્વાધ્યાયની આજ્ઞા છે માટે હું સ્વાધ્યાય કરું.'–આ વિચારથી સ્વાધ્યાય કરે એમાં જિનાજ્ઞાનું બહુમાન અને મમત્વ પોષાવાનું, તેમજ મમત્વ વધતું રહેવાનું.

(૮) સાથે સ્વાધ્યાયનું મમત્વ વધતું રહેવાનું.

(૯) એથી દુન્યવી પદાર્થો યાવત્ પોતાની કાયા અને પોતાના અહંત્વનું મમત્વ ઘટતું આવવાનું. સ્વાધ્યાયના આ પણ કેટલા બધા મહાન લાભ ! વળી,

(૧૦) 'સ્વાધ્યાયઃ પરમં મંગલમ્' શાસ્ત્ર સ્વાધ્યાય એ શ્રેષ્ઠ મંગળ છે, અંતરાયો તોડી નાખે ! એટલે તો ઇતરો જેમને ધર્મરુચિ છે એ બહારગામ જવું હોય ત્યારે મંગળ રૂપે ગીતા જેવાનો સ્વાધ્યાય કરી લે છે, એમ આપણે ત્યાં ઉપદેશમાળા આખી અગર અમુક ભાગ, જીવવિચાર, નવતત્ત્વ, તત્ત્વાર્થ, જિનસહસ્ર નામ, ધ્યાનશતક સમાધિશતક, યોગશાસ્ત્ર વગેરે કોઇનો જો સ્વાધ્યાય કરીને બહારગામ જવાય, અગર કોઈ મોટું કામ કરાય, તો એ પણ મહાન મંગળનું કામ કરે.

છાપાથી ભવના ફેરા વધે :
શાસ્ત્ર સ્વાધ્યાયથી ભવ ટૂંકા થાય:–

બાકી ચાલુ જીવનમાં શ્રાવકના દૈનિક કૃત્યોમાં ઉભયકાળ આવશ્યક, ત્રિકાળ જિનભક્તિ, સાધુસેવા અને જિનવાણી–શ્રવણની જેમ સ્વાધ્યાય પણ એક ખાસ કૃત્ય છે. એ બજાવવાથી શુભ ધ્યાનનો લાભ મળે છે, એનાથી ભવ ટૂંકા થાય છે. શાસ્ત્રસ્વાધ્યાયને બદલે આજના દૈનિક છાપા વગેરેના વાંચનથી નકરા આર્તધ્યાન, દુર્ધ્યાન, અને રાગ-દ્વેષનો લાભ મળે છે, ને એનાથી ભવના ફેરા વધે છે.

ત્યારે આવા ઉત્તમ આર્ય માનવ અવતારે કે જ્યાં અનંત અનંત કાળના દુર્ધ્યાન અને પાપ-વિકલ્પોના કુસંસ્કારો ધોવાનો મહાન અવસર છે, ત્યાં એ ન કરતાં ઉલટું છાપા વગેરેના વાંચનથી ઢગલાબંધ દુર્ધ્યાન અને પાપવિકલ્પો કરી કરી ભૂતકાળના પાપ સંસ્કારોને દૃઢ કરવા, અને નવા પાપસંસ્કારોના

ઢેર વધારવા તથા ભવમંજીલ લાંબી કરવી, અને એમ કરી સોનેરી અવસર તથા ઉત્તમ જનમ બરબાદ કરવો, એ કેટલી બધી મૂર્ખાઈ ?

(૫) ઈશ્વર પ્રણિધાન

પાંચમો નિયમ છે ઈશ્વર–પ્રણિધાન, અર્થાત્ પરમાત્માનું ધ્યાનચિંતન. શાસ્ત્ર–સ્વાધ્યાયમાં તત્ત્વ–ચિંતન આવે છે, એમ પૂર્વે કહ્યું તેમ ઇષ્ટ દેવના નામાક્ષરમંત્રનું ચિંતન આવે છે, તો આ બધાના મૂળભૂત ઇષ્ટદેવ ઈશ્વર–પરમાત્માનું ચિંતન-ધ્યાન તો અવશ્ય કરવું જ જોઇએ; માટે પાંચમા નિયમ તરીકે ઈશ્વર–પ્રણિધાન લીધું.

પ્ર૦–જો સર્વ સાધનાઓમાં મૂળભૂત ઈશ્વર પરમાત્મા હોઇ એમનું ધ્યાન કરવું જોઈએ, તો તો પરમાત્મ–ધ્યાનને પહેલા નિયમ તરીકે મૂકી એ પહેલું સાધવાનું કેમ ન કહ્યું ?

ઉ૦–ધ્યાન ચિત્તથી કરવાનું છે, એટલે ઈશ્વર–ધ્યાન કરવા માટે પહેલું તો ચિત્ત તૈયાર કરવું પડે; ચિત્ત ઈશ્વરમાં ઠરવું જોઇએ.

ચિત્ત ઈશ્વરમાં ઠરે નહિ તો ઈશ્વર–ધ્યાન કેવું થાય.

(૧) ચિત્ત ઈશ્વરમાં ઠરવા માટે શૌચાદિ નિયમનો ખૂબ અભ્યાસ જોઇએ.

એ ચિત્ત પરમાત્મામાં તો જ ઠરે કે અનાદિથી બાહ્યમાં જ ઠરવાના સ્વભાવવાળા ચિત્તને નિગૃહીત કરાય, ને અંતરમાં ઠરવાવાળું બનાવાય. એ બનાવવા માટે શૌચ–સંતોષ–તપ–સ્વાધ્યાયની સાધના છે. એનાથી કાબુમાં આવેલું ચિત્ત ઈશ્વરમાં ઠરી શકે છે; ને તો જ ઈશ્વર–પ્રણિધાન યાને પરમાત્મ–ધ્યાન સુખરૂપ થાય. એ તો સૌને અનુભવસિદ્ધ છે કે જો શૌચ યાને–પવિત્રભાવોને બદલે મન મલિન ભાવો મદ–ઇર્ષ્યા–તથા અતિ કામ–ક્રોધ–લોભ–અહંત્વ વગેરેથી વ્યાપ્ત છે, તે હાથમાં માળા લઇ બેસે કે આંખ મીંચી ભગવાનનું ધ્યાન કરવા બેસે, તો મન કાંઇ સ્થિરતાથી ભગવાનમાં લાગ્યું રહેતું નથી. ત્યાં તો પેલો મદ, ઇર્ષ્યા, લોભ વગેરે એક યા બીજો મલિન ભાવ ઝટ મનમાં સ્ફુરી આવે છે. એ બતાવે છે કે–

ભગવાનનું ધ્યાન કરવું છે ? તો પહેલાં શૌચનો યાને મનની પવિત્રતાનો અભ્યાસ બહુ કરો.

મન પર પાકી ચોકી રાખી પળપળ ધ્યાન રાખીને, જ્યાં મનમાં મદ–મોહ–કામ–ક્રોધ વગેરે ઊઠવા જાય કે એને પ્રતિપક્ષી સારા ભાવથી દબાવતા ચાલો. એનો દિવસોના દિવસો જ શું, મહિનાના મહિના ને વર્ષોના વર્ષો અભ્યાસ કરવો પડે; ત્યારે એ અનંતકાળથી રીઢ થઈ ગયેલી મનની મલિનતાઓ ઓછી થાય, દબાય, ને નષ્ટ થઈ જાય. બાકી આ શૌચના બહુ અભ્યાસ વિના ભગવદ્–ધ્યાન લઇને બેસે, એ ભગવાનમાં શી રીતે હોંશથી ઠરી ય શકે ? ને શી રીતે લાંબું સ્થિર પણ રહી શકે ?

(૨) ઈશ્વરમાં ચિત્ત ઠરવા માટે સંતોષ જરૂરી.

બસ, એવું સંતોષમાં છે. એનો જો અભ્યાસ નથી, અને પોતાને ઘણી ઘણી વાતમાં અસંતોષ છે, મનને ઓછું ઓછું જ આવ્યા કરે છે, તો એ ભગવદ્ ધ્યાન લઇને બેસે તો ખરો, પણ પેલી મનની અનેકવિધ મેલી અતૃપ્તિઓ ને એષણાઓ ઊઠી ઊઠીને ધ્યાનભંગ કરવાની જ. એટલા જ માટે ધ્યાનની પહેલાં સંતોષના અભ્યાસથી જેની ને તેની અતૃપ્તિ–એષણા–અભિલાષા વગેરે દબાવતા ચાલવાનું. ક્યારેય કોઈ પૂછે 'કેમ છે ?' તો એક જ જવાબ હોય કે 'બધું બરાબર છે.' પૂછે, 'પણ તમારે કાંઈ જોઇતું નથી ?' 'અરે ! જોઈતું શું, એટલું બધું મળી ગયું છે કે એ પચે તો ઘણું ઘણું.' 'પચે' એટલે કે ચિત્તને શાંતિ રહે. કેમકે 'બહુ બહુ ઝંખનાઓ રાખવામાં મળ્યાની શાંતિ રહેવાને બદલે ન મળેલાને ઝંખતું ચિત્ત અશાંત રહ્યા કરે છે. એનું જ

નામ મળેલું પચ્યું નહિ.' આવું વિચારી વિચારી ચિત્તની બહુ બહુ એષણાઓ-અતૃપ્તિઓ-અભિલાષાઓ દબાવતા ચાલવાનું. એમ સંતોષ કેળવાય તો પછી ઈશ્વરમાં મન ઠરે, ને ભગવદ્ -ધ્યાન લાગે.

(૩-૪) ઈશ્વરમાં ચિત્ત ઠરવા માટે તપ-સ્વાધ્યાય.

એમ તપના અભ્યાસ વિના પણ સીધું ભગવદ્ધ્યાન લઈ બેસો, તો એકલા 'બાઉં બાઉં-' ના જ મહાવરોને લીધે ધ્યાનની વચમાં શું બાનપાનના વિચાર નહિ આવે? એ તો તપના અભ્યાસથી મનને પહેલાં કસ્યું હોય, જેથી મનને ફાવે ત્યારે બાનપાનની બણજ ઊઠતી અટકે, તો જ પછી ભગવદ્-ધ્યાનમાં એવી બણજથી ભંગ ન થાય, અને ધ્યાનમાં ચિત્ત ઠરે, સ્થિરતા રહે.

એમ સ્વાધ્યાયના ખૂબ ખૂબ અભ્યાસથી મનને (અંટસંટ) હાલતુ ફાલતુ વિકલ્પોમાં જતું અટકાવવાનો અભ્યાસ કર્યો હોય, તો જ પછી ભગવદ્-ધ્યાન લઈ બેસે ત્યારે મન એવા વિકલ્પોમાં જતું અટકે. પરંતુ એ સ્વાધ્યાયનો ખૂબ ખૂબ અભ્યાસ ન કર્યો હોય, ને ધ્યાન લઈ બેસે, તો ધ્યાનની વચમાં આડાટેઢા વિકલ્પો ઊઠતા શાના અટકે? એટલે જ આ ઠીક જ ક્રમ બતાવ્યો કે શૌચ-સંતોષ વગેરે ચાર નિયમોનો સારો અભ્યાસ કરો, ને પછી ભગવદ્-ધ્યાન કરો, તો ચિત્ત ભગવાનમાં ઠરે, અને ભગવાનનું સ્થિરતાથી ધ્યાન કરે.

ભગવાનનું ધ્યાન શા માટે? :-

ભગવદ્-ધ્યાન કરવાનું તે ભગવાનના નિરંજન નિર્વિકાર અને અનંતજ્ઞાનમય સ્વરૂપનું ધ્યાન કરવાનું; કેમકે જીવ મોહમાયાના અંજનથી લેપાયેલો છે, રાગદ્વેષાદિના ભારે વિકારોથી મલિન છે, અજ્ઞાનતા-મૂઢતાથી કંગાલ બનેલો છે. એનો ઉદ્ધાર કરવો હોય, તો નિરંજન-નિર્વિકાર-અનંતજ્ઞાનમય વીતરાગ પરમાત્માનું આલંબન કરવું જોઈએ. ચિંતનથી અને ધ્યાનથી એવા વીતરાગ ભગવાનને વારે વારે મનમાં લાવવામાં આવે, ત્યારે જીવને એમ લાગે કે 'ક્યાં આ ભગવાનનું ઉચ્ચ નિર્મળ આત્મસ્વરૂપ? ને ક્યાં મારું ભરપૂર રાગ-દ્વેષાદિ વિકારોથી અધમ વિકૃત સ્વરૂપ? પરંતુ જો ભગવાન પુરુષાર્થથી મોહમાયાને ફગાવી દઈને અહિંસા-સંયમ-તપ ધ્યાનથી નિરંજન નિર્વિકાર ને અનંતજ્ઞાનમય વીતરાગ બન્યા, તો એમના સમગ્ર જીવન ને એમની સમગ્ર સાધનાને વિચારતાં વિચારતાં હું પણ તેવા પુરુષાર્થને આચરનારો કેમ ન બની શકું?' ભગવદ્-ધ્યાન કરતાં કરતાં ભગવાનનો આદર્શ નજર સામે આવવાથી આ પ્રેરણા મળે છે.

વળી ભગવાનનું ધ્યાન ધરવા માટે ભગવાન સમશત્રુમિત્ર સમતૃણમણિ... વગેરે બનેલા દેખાય છે. ભયંકર શત્રુતા દેખાડનાર જુલમગારો ઉપર પણ ભગવાન મૈત્રીભાવથી હૈયાનું હેત-વાત્સલ્ય વરસાવતા દેખાય છે. મહાવીર ભગવાને તો આગળ વધીને કાનમાં ખીલો ઠોકવા આવેલો ગોવાળિયો એકલો આસાનીથી ખીલો કાનમાં ઘુસાડી શકે જાણે એ માટે પોતાનું મસ્તક એકદમ સ્થિર રાખી ખીલો ઠોકવામાં સહાયતા કરી, ગોવાળિયા પર આ કેવો વાત્સલ્યભાવ કે 'લે ભાઇ! તું એકલા હાથે ખીલો ઠોકવા જઈશ તો માથું બીજી બાજુ હાલી જઇને ખીલો અંદર નહિ જાય, તેથી હું માથું સ્થિર રાખી તને તારા કામમાં સહાયતા કરું.'

અરે! માત્ર મૈત્રીભાવ જ નહિ, પણ કરુણા-ભાવ પણ કેવો કે પ્રભુએ છ છ માસ પોતાને ભયંકર રીતે રંજાડનારો સંગમ-દેવતા હવે જ્યારે હારી થાકીને જવા લાગે છે, ત્યારે એના પર પ્રભુએ કરુણાના આંસુ સાર્યા કે 'આ બિચારાનું હવે પરલોકમાં શું થશે! નરકાદિ ગતિઓમાં એને કેવી કેવી ઘોર વેદનાઓ, વિટંબણાઓ મળશે! મારા નિમિત્તે બિચારાની આ ભાવી

દુર્દશા ? ' આ દયા એટલી બધી ઉભરાઈ કે આંખમાં આંસુ આવી ગયા !

પરમાત્માના ધ્યાનમાં શું કરવાનું ?

પરમાત્માના જીવનના, પરમાત્માની સાધનાના, અને પરમાત્માના ઉપકારના આવા આવા પ્રસંગોનું ચિંતન કરવાનું. એમાં જ્યાં મન સ્થિર થાય, એકાગ્ર બને, ત્યાં પરમાત્માનું ધ્યાન લાગ્યું કહેવાય.

પરમાત્માના ધ્યાનથી લાભ કેવા થાય ?

તો કે (૧) પ્રભુએ જાલિમ જુલ્મગાર પ્રત્યે પણ ક્ષમા અને મૈત્રી રાખેલી, તો એની અપેક્ષાએ આપણી પ્રત્યે સામાન્ય સામાન્ય અપરાધ કરનારની ઉપર આપણને પણ ક્ષમા-મૈત્રી રાખવાની પ્રેરણા મળે.

(૨) પ્રભુએ પોતાના સાધક જીવનમાં ઉગ્ર પરીસહ-ઉપસર્ગ સહીને ને ઘોર ત્યાગ-તપસ્યા કરીને, દેહાધ્યાસ-દેહમમતાના, ભુક્કા બોલાવેલા. એ ચિંતવીને આપણને પણ દેહમમતા ઓછી કરવાનું અને થોડા થોડા પણ તપ-પરીસહ શાંતિથી સાધવાનું જોમ મળે. ત્યાં સહેજે વિચાર આવે કે,

ત્યાગ-તપ માટે ભાવના :—

' મારે દેહને હિતકારી એ મારા આત્માને અહિતકારી સમજવાનું છે.'

દા.ત. 'સારાં ખાનપાન, સારા વસ્ત્રાદિ, મોજ-શોખ, વગેરે અનુકૂળતાઓએ દેહને મહલાવનારી, પરંતુ આત્માને ચિકણા રાગ કરાવી કાળાં કર્મ ચોટાડનારી છે. પ્રભુને જે અનુકૂળતાઓ મળી હતી એની અપેક્ષાએ મને તો ઠીકરા જેવી અનુકૂળતાઓ મળી છે. છતાં જો પ્રભુએ સર્વ ત્યાગ કર્યો, તો હું શું ઠીકરાં ચાટતો બેસી રહું ? થોડોય ત્યાગ ન કરું ? ભગવાનની ખાતર પણ મારે થોડો ય ત્યાગ તો કરવો જ જોઇએ.' એ રીતે પરમાત્માનું ચિંતન-ધ્યાન કરતાં અને યથાશક્તિ ત્યાગ-તપનો અમલ કરતાં આપણને પણ દેહાધ્યાસ ઓછો કરવા તથા કષ્ટ પરીસહાદિ સહન કરવા પ્રેરણા મળે છે. પરમાત્મ-ધ્યાનથી આ બીજો લાભ.

(૩) પરમાત્મ-ચિંતન-ધ્યાનનો ત્રીજો લાભ એ છે, કે એમાં પરમાત્માનું શરણું લેવાના અને પ્રભુને આત્મ-સમર્પણ કરવાના ભાવ જાગે છે, તેથી આત્મામાં ઊઠતા રાગાદિના સંક્લેશ નાબૂદ થાય છે. પ્રભુને પ્રાર્થના થાય છે કે 'નાથ ! મારું ચિત્ત અનેક વિષમતાઓથી વિહ્વળ થાય છે, હું અનભિજ્ઞ-અજ્ઞાન-મૂઢ છું, શું કરવું તે જાણતો નથી. આપ વીતરાગ સર્વજ્ઞ અને અચિંત્ય શક્તિમાન છો; હું આપને શરણે છું. આપ જેમ યોગ્ય લાગે તેમ મને સુઝાડો.' એ રીતે ચિત્તના સંક્લેશો મોળા પડે છે....પરમાત્મ-ચિંતનના આવા આવા અનેક લાભ છે.

અષ્ટપ્રાતિહાર્યથી અરિહંતધ્યાન કેમ કરવું ?

આવા પરમાત્મ ચિંતનધ્યાન માટે એક રીત આ છે કે સવારે ઊઠીને ૧૦ મિનિટ મનની સામે અરિહંતનું ક્રમશઃ એકેક પ્રાતિ-હાર્ય લાવીને ધ્યાન કરીએ; આપણે ચિંતવીએ કે જાણે દા. ત. અરિહંત પ્રભુ પધાર્યા ને રત્ન-સિંહાસન પર બિરાજ્યા. તે ક્ષણવાર જોતા જ રહીએ. પછી એમાં બે બાજુ વીંઝાતા ચામર ઉમેરી, તે વીંઝાતા ચામર તથા સિંહાસન સાથે પ્રભુને ક્ષણભર જોતા રહીએ.-પછી પ્રભુના મસ્તક પાછળ તેજથી ઝગારા મારતું ભામંડળ (તેજોવર્તુલ) ઉમેરીને ત્રણે પ્રતિહાર્ય સાથે પ્રભુને ક્ષણભર જોઈએ....એમ ક્રમશઃ ૩ છત્ર, અશોક વૃક્ષ, દેવ-દુંદુભિ, પુષ્પવૃષ્ટિ, અને દિવ્યધ્વનિ એ પાંચમાંના એકેકને ઉમેરીને જોતા જઈએ. એથી પૂર્વ પૂર્વના સંસ્કારથી એકી સાથે સમગ્ર આઠ પ્રાતિહાર્ય સાથે અરિહંત પ્રભુનું માનસિક દર્શન થાય.

પુષ્પવૃષ્ટિ ચિંતવતાં સુગંધિ ફેલાય :-

આ પ્રમાણે ચિંતનમાં આપણે ઓતપ્રોત

થઈ જવાનું છે, ને આનો પ્રભાવ જબરદસ્ત છે; એટલે કે દા. ત. અશોકવૃક્ષ જોઈએ તે એવું લીલું કલ્લાર અને આબેહુબ તાજું લીલું-છમ દેખાય કે આપણી આંખને તાજગીનો અનુભવ થાય. એમ દેવદુંદુભિનો નાદ તથા દિવ્યધ્વનિ જાણે સાક્ષાત્ આપણે સાંભળીએ છીએ એવું આપણને આંતર સંવેદન થાય. એથી કાનની બહેરાશ ઓછી થવા સંભવ છે. તેમજ અનિષ્ટ શ્રવણ વખતે આનું સંસ્મરણ શાતા આપે. એમ પુષ્પવૃષ્ટિમાં પાંચે વર્ણના ઝીણા ઝીણા સુગંધમય પુષ્પોની ઝરમર ઝરમર વૃષ્ટિ ચિંતવતાં એવું સંવેદન કરવાનું કે જાણે સુગંધિનો પમરાટ આપણી નાસિકા સુધી આવ્યો ને આપણે સુગંધિનો શેરડો ખેંચીએ છીએ!

એક ભાઈ આ રીતે ધ્યાન કરતા હતા, તે ધ્યાન પૂરું કરી બહાર ગયા, તો બહારના ખંડમાં બેઠેલ ભાઈએ પૂછયું 'હમણાં કાંઈક એકદમ સુગંધિનો પમરાટ શી રીતે આવેલો?' સાક્ષાત્ આબેહુબ જેવા ચિંતન-ધ્યાનનો આ પ્રતાપ હતો. એવા ભગવાનની સમોસરણ પરથી વાણી રેલાતી કલ્પી, જાણે આપણે એ અમૃત મીઠી વાણી સાંભળી રહ્યા છીએ એમ આબેહુબ કલ્પના કરતાં અદ્ભુત સંવેદનનો અનુભવ થાય છે. સવારના ૧૦-૧૫ મિનિટનો દિલથી ગદ્-ગદતા સાથે કરેલા અરિહંત ધ્યાનનો આ અનુભવ આખા દિવસ પર છાયા પાડે છે.

અધ્યાત્મસારશાસ્ત્રમાં ૫ નિયમનાં ફળ:-

વાત આ છે,-પાંચ નિયમોનું પાલન કરો. એથી કેવા મહાન લાભ થાય છે એ અધ્યાત્મ-સાર શાસ્ત્રમાં આ રીતે બતાવ્યું છે,-

शौचात् स्वाङ्गजुगुप्सायाः
सत्त्वशुद्धिः प्रदर्शिता ।
संतोषादुत्तमं सौख्यं
स्वाध्यायादिष्टदर्शनम् ।
तपसोऽङ्गाक्षयोः सिद्धिः
समाधिः प्रणिधानतः ॥

-અર્થાત્ 'શૌચભાવથી સ્વશરીરની જુગુપ્સા થઈ સત્ત્વશુદ્ધિ થવાનું કહ્યું છે. સંતોષથી ઉત્તમ સુખ, સ્વાધ્યાયથી ઇષ્ટ દર્શન, તપથી શરીર-ઇંદ્રિયોની સિદ્ધિ અને ઈશ્વર-ધ્યાનથી સમાધિ થાય છે.'

અહીં એ વિચારાય છે કે,-

(૧) શૌચથી શરીર-જુગુપ્સા :-

આ શરીર સ્નાનથી ગમે તેટલું શુચિ-ચોક્ખું કરાય, તો પણ મદિરા-ભરેલા કાચા ઘડાની જેમ સદા મેલ ઝરતું રહે છે. એના પર 'મારું શરીર કેવું સ્વચ્છ ! કેવું સુંદર રૂપાળું !' એવું અભિમાન શું કરવું? યા શરીરને શુદ્ધ અને રૂપાળું માની મોહ શો કરવો? શરીર તો જુગુપ્સનીય છે. એમ

શૌચ-ભાવના દ્વારા શરીરની જુગુપ્સા થવાથી એનો મોહ ઓછો થાય છે અને સત્ત્વની શુદ્ધિ થાય છે.

શરીરના મોહમાં પડેલો જીવ સત્ત્વને શું વિકસાવી શકે? કશું જ નહિ. ત્યારે,

(૨) સંતોષથી સુખ-સિદ્ધિ :-

સંતોષથી ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. કહેવાય છે 'સંતોષી નર સદા સુખી', કેમકે એને બધા ક્ષેત્રમાં પૂર્ણતા દેખાય છે.

સંતોષ રાખ્યો એટલે પોતે કયાંય કશી અધુરાશ જોતો નથી.

અધુરાશ જોવામાંથી જ દુઃખ-ચિંતા-સંતાપ ઊભા થાય છે.

બાવા ૧૭ ચીજ પીરસાઈ છતાં જો મન-માની એક ચીજની અધુરાશ દેખી, તો દુઃખ થશે. 'મારે હજી આ મળવાનું બાકી છે, આ મળવાનું બાકી છે...'-આ ચિંતા મનને દુઃખ ઊભું કરે છે. પણ જેણે સદા સંતોષ રાખી

કશી અધુરાશ જોવાની રાખી નથી, એને કદી એવી ચિંતા નહિ, સંતાપ નહિ; એટલે દુઃખ નહિ, એ સદા સુખી. આ સનાતન સત્ય છે,-

'સંતોષી સદા સુખી ને અસંતોષી સદા દુઃખી.'

અને ખૂબી પાછી એ છે કે

વિષયસુખ કરતાં સંતોષસુખ ઉત્તમ :-

સંતોષનું સુખ, કોઈપણ ઊંચામાં ઊંચા ઇંદ્રિય-વિષયના સુખ કરતાં કેઈ ગણું ઊચું છે. દેવતાઈ વિષય-સુખ પણ સંતોષના સુખના ૧૦૦મા ભાગેય નથી; કેમકે ગમે તેવો વિષય પણ પરિમિત છે, અને એનું સુખ એને પરાધીન છે. વળી એનું સુખ તુલનાથી જોવાય છે. ત્યારે સંતોષ અપરિમિત છે; અને પરાધીન નથી. સંતોષ પોતે જ સુખરૂપ હોવાથી સ્વતંત્ર છે, તેમજ સ્વતંત્ર હોવાથી એનું સુખ તુલનાથી નથી જોવાતું. ને 'મારા કરતાં પેલાને ફરનીચર વગેરે સગવડ વધારે'-એમ તુલનાથી સુખ જોવા જાય એમાં પોતાની પાસે સુખસાધનો છતાં, દુઃખી થાય છે !

સંતોષમાં તુલના કરવાની રહેતી નથી, માટે સુખ અમાપ છે.

પૂણિયા શ્રાવકનું સુખ કેવું ? એને કેટલું સુખ ? તો કે એ સંતોષના અપરિમિત સુખના લીધે એનું સામાયિક એવા સમતાભાવથી થતું હતું કે શ્રેણિકના પૂછવા પર મહાવીર ભગવાને પૂણિયાના એક સામાયિકનું પણ ફળ વર્ણનાતીત બતાવ્યું.

પૂણિયો સંતોષી હતો; એને રોજની ૧૨॥ દોકડાની કમાઈ અને એકાંતરે ભોજનથી અધિક કશું જોઇતું નહોતું. તેથી એ મહાસુખી હતો. મગધસમ્રાટ એવો સુખી નહિ. જ્યાં કશું જોઇએ છે, ત્યાં જ ચિંતા-સંતાપ વગેરેનું દુઃખ ઊભું થાય છે. જેને કશું જોઈતું જ નથી, એને દુઃખ શું ? એને પરમશાંતિ છે. સંતોષવાળાને કશું જોઈતું નથી, તેથી એને અનુપમ સુખશાંતિ છે.

(૩) સ્વાધ્યાયથી ઈષ્ટદર્શન.

અહીં સ્વાધ્યાય એટલે ઈષ્ટદેવતાના મંત્રનો જાપ લેવાનો છે. એ જાપ એકાકાર થઈને કરવાનો; અર્થાત્ જાપ કરતી વખતે મગજમાં બીજું કશું લફરું ઘાલવાનું નહિ. એમ દુનિયામાંથી ખોવાઈ જઈને જાપ સારા પ્રમાણમાં કરવામાં આવે, તો મંત્રના અધિષ્ઠાતા ઈષ્ટ દેવનું દર્શન થાય છે. મંત્ર ચીજ એવી છે, કે તમે એનો જાપ કરતાં કરતાં મંત્રમય થઇ જાઓ, તો કોઇ અપૂર્વ દર્શનનો અનુભવ થશે. મંત્રમય થઈ જવા માટે જાપમાં તો લીનતા ખરી, કિન્તુ જાપ કરીને ઊઠ્યા પછી પણ-અજપા-જાપ ચાલ્યા જ કરે. એટલે ? ચાહીને જાપ કરવાનું લક્ષ નથી છતાં સહજરૂપે હોઠ પર જાપના મંત્રના અક્ષર રમ્યા કરતા હોય. તો જ એ દિલથી ઓતપ્રોત થઇને જાપ કર્યો ગણાય.

અજપા જાપનું દૃષ્ટાન્ત :-

અમદાવાદમાં વિ. સં. ૨૦૧૪ ની સાલમાં ખીરના એકાસણા સાથે એક જ દિવસમાં ૫૦ હજાર અરિહંતનો જાપ કરાવ્યો. ૨૫૦ ઉપર આરાધકો જોડાયા. એમાં જોડાયેલ એક ગ્રેજ્યુયેટ યુવાન કેટલાક વખત પછી સ્વાનુભવ કહેતો હતો કે 'સાહેબ ! મારે તો એ એક જ દિવસમાં ૫૦ હજાર વાર 'અરિહંત'નો જાપ કર્યા પછી હોઠ ઉપર જાણ્યે અજાણ્યે 'અરિહંત' એ ચાર અક્ષરની રટણા એવી ચાલુ થઈ ગઈ કે અજપા-જાપ જેવું થઈ ગયું ! બસમાં જાઉં, રેલ ગાડીમાં જાઉં, કે સાયકલ પર યા ચાલતો જાઉં, પણ અરિહંતનો અજપાજાપ ચાલ્યા જ કરે. એનો પ્રભાવ સાહેબ ! કેવો પડ્યો કે એકવાર જામનગરમાં સંઝાકાળે સાઇકલ પર ફૂલ સ્પીડમાં જતો હતો. અંધારું થઈ ગયેલું. સડક પર આગળ એક મોટો ખાડો ખોદેલો, પણ ત્યાં ન કોઈ કોર્ડન બાંધેલી, કે ન કોઈ ફાનસ મૂકેલું. તેથી આઘેથી ખાડો દેખાતો જ નહોતો. પરંતુ હોઠ પર અરિહંતની રટણા હતી એનો

કેવો પ્રભાવ પડ્યો કે ખાડાથી નજીકમાં જ સહજ રીતે બ્રેક દબાઇ ગઇ ! અને સાયકલ અટકી ગઈ. આગળ જોઉં છું તો મોટો ઘરો ! મનને થયું કે " ફાસ્ટ સાઇકલે સીધો ખાડામાં પડ્યો હોત, તો રામ રમી જવાના હતા. પરંતુ અરિહંતના અજપાજાપે કેવો બચાવ્યો ! આવા ચમત્કાર મેં ૩-૪ વાર અનુભવેલા; ન ધારી આફત ટળેલી ! ન ધારી કાર્યસિદ્ધિ થયેલી ! " જાપમાં આવા સર્વાંગીણ ચિત્ત અર્પણ કરવાના હોય છે, અને અજપાજાપથી ઈષ્ટ દેવનું દર્શન થાય છે, એ સ્વાધ્યાયથી ઈષ્ટ દર્શન થયું કહેવાય.

(૪) તપથી શરીર-ઇન્દ્રિયની સિદ્ધિ :-

તપના બહુ અભ્યાસથી શરીર અને ઇન્દ્રિય સિદ્ધ થાય છે, અર્થાત્ કસાય છે, જીવના પોતાના કાબુમાં આવી જાય છે. યોગીઓને એનો અનુભવ હોય છે, પોતે ધારે એ રીતે શરીર અને ઇન્દ્રિયોને પ્રવર્તાવી શકે છે. સામાન્ય માણસ પણ જો ત્યાગ-તપની પૂંઠે લાગી જાય, તો એ પણ શરીર અને ઇંદ્રિયો પર અંશે કાબુ ધરાવતો થઈ જાય છે. એટલા અંશે એને શરીર સિદ્ધ થયું ઇન્દ્રિય સિદ્ધ થઈ ગણાય.

ત્રિલોચનસૂરિજી મહારાજ :-

આપણા મહાત્મા આચાર્ય શ્રી વિજય ત્રિલોચનસૂરિજી મહારાજ આવા હતા. તપથી શરીર એવું સિદ્ધ કરેલું કે એકવાર ગુરુ પાસે નવકારશી પચ્ચક્ખાણ લેવા ગયા, વંદન કરીને પચ્ચક્ખાણનો આદેશ માગ્યો.

ગુરુ પૂછે, ' શું પચ્ચક્ખાણ ? '

મહાત્મા કહે ' આપશ્રી જે આપો તે.'

ગુરુ કહે 'કરો ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ.'

બસ, એટલી જ વાર, મહાત્મા શ્રી ત્રિલોચનસૂરિજી મહારાજે ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ સહર્ષ લઈ લીધું ! અને પોતાના ગુરુદેવ શ્રી આચાર્ય ભગવંત વિજય યશોદેવ સૂરિજી મહારાજનો ખૂબ જ ઉપકાર માન્યો કે ' આવા ગુરુ મહારાજ વિના મારા જેવા પથરાનો કોણ ઉદ્ધાર કરે ? '

બસ, પછી તો આખો દિવસ આગમના વાંચન-સ્વાધ્યાય સાથે ૧૬ ઉપવાસ આનંદથી પૂર્ણ કર્યા. શું આ ? પૂર્વે પુષ્કળ તપસ્યાથી શરીરને સિદ્ધ કરેલું, પરિકર્મિત કરેલું, કેળવી લીધેલું જિનકલ્પી મુનિઓએ તપસ્યાદ્વિથી શરીર એવું સિદ્ધ કરેલું હોય છે કે જો શુદ્ધ સ્થંડિલભૂમિ ન મળે, ને છ મહિના સુધી સ્થંડિલ ન જાય તો શરીરને વાંધો ન આવે.

એમ તપસ્યાથી ઇંદ્રિયો સિદ્ધ થાય, અર્થાત્ નિગૃહીત થાય એવી કે ધાર્યા મુજબ એનું પ્રવર્તન-પરિવર્તન-નિવર્તન કરી શકે, ને ઇંદ્રિયો કયાંય અયોગ્ય વિષયમાં જાય નહિ, પછી આંખ સામે ભલે ઇંદ્રાણી આવો ! કે કાન પાસે ગાયિકાના મોહગીત આવો !

શાલિભદ્ર મહામુનિ તપ તપી-તપીને એવા બનેલા, તે અંતિમ અનશન વખતે માતાએ આવી એમને બે શબ્દ બોલવા કરુણ વિલાપ કરેલા ' બોલો બોલો રે શાલિભદ્ર ! દો વરિયાં.' પરંતુ એ સાંભળે છે જ કોણ ?

' સન્મુખ બોલ જોયો નહિ માકું,
ધ્યાન નિરંજન મન ધરિયાં. '

આંખ બોલીને માતાની સામે જોયું નહિ, કેમકે નિરંજનનાથ અરિહંતનું ધ્યાન મનમાં ચાલી રહ્યું હતું. કેવી મહાન સિદ્ધિ ! સારાંશ, તપ દ્વારા અણિમા લઘિમા વગેરે લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

પાંચ નિયમોથી આત્માને કેવી કેવી સિદ્ધિઓ થાય છે ! શૌચ ભાવનાથી 'મારું શરીર બીજાને સારું લાગો' એ ભ્રાન્તિ દૂર થાય છે. શરીર એટલે મૂળમાં ગંદકીનો ગાડવો, એને સારું મનાવવાની પાગલતા શી કરવી ? શૌચ ભાવ-

નાથી વિવેકની સિદ્ધિ થાય. સંતોષથી ઉત્તમ સુખની સિદ્ધિ થાય, સંતોષી પૂણિયા પાસે પૈસા નહોતા છતાં દુઃખી નહોતો. મમ્મણ પાસે અઢળક ધન ! છતાં દુઃખિયારો હતો, કેમકે એને અસંતોષ હતો. તપથી શરીર-ઇંદ્રિયોની સિદ્ધિ થાય, અર્થાત્ આત્માને સ્વાધીન બને. સ્વાધ્યાયથી ઇષ્ટદર્શનની સિદ્ધિ થાય.

મોક્ષની સિદ્ધિ મેળવવા પહેલાં આવી ઘણી સિદ્ધિઓ ઊભી કરવી પડે. ભગવદ્-ધ્યાનથી સમાધિની સિદ્ધિ થાય.

(૫) ઈશ્વર-પ્રણિધાનથી સમાધિ મળે

વીતરાગ ભગવાનનું એમને ઓળખીને દિલથી ધ્યાન કર્યે જવાય, તો એ ધ્યાનના બહુ અભ્યાસથી હૃદય પર વીતરાગભાવ જમાવટ કરે.

વીતરાગના ધ્યાનથી વીતરાગના પ્રત્યે આકર્ષણના એવા ઘેરા સંસ્કાર જામતા જાય, કે પછી રાગ-દ્વેષ, હર્ષ-ખેદ વગેરેના સંક્લેશ ગમે જ નહિ.

એટલે સમાધિ સુલભ થાય.

આ એક પ્રકારની સમાધિ. બીજી રીતે જોઇએ તો અષ્ટાંગ યોગમાં છેલ્લા ત્રણ 'ધારણા-ધ્યાન-સમાધિ' છે, એ હિસાબે ધ્યાનના ખૂબ અભ્યાસ પછી લય અવસ્થા પ્રાપ્ત થાય, એનું નામ સમાધિ. આના માટે ઈશ્વરનું ધ્યાન જીવનમાં પ્રધાન થઈ જવું જોઇએ. એનો જીવન પર પડઘો એવો પડે કે જીવનમાંથી રાગાદિના સંક્લેશો દૂર થઈ જાય. મન જો પરમાત્મા વીતરાગની પૂંઠે પડી ગયું, ને વીતરાગતા પર ગાઢ પ્રેમ – આસ્થા બંધાઈ ગઈ, તો પછી શું એ મન રાગાદિ–સંક્લેશમાં જાય ?

નિયમ પાલન ઇચ્છાદિ રૂપ :–

અહીં ૫ નિયમોનું વર્ણન કર્યું તે જોતાં એમ લાગે કે 'હજી તો યોગની ૨જી દૃષ્ટિ છે એટલે પ્રારંભિક જેવી દશા ગણાય; એમાં એવા શૌચ વગેરે ઉચ્ચ કોટિના નિયમોનું પાલન કેમ બની શકે ?' પરંતુ ગ્રંથકાર મહર્ષિ કહે છે કે એનું પાલન 'ઇચ્છાદિ' યોગરૂપ સમજવાનું છે.

પહેલી દૃષ્ટિમાં 'યમ'ના અંગે પણ આવો જ પ્રશ્ન હતો કે પ્રારંભિક જીવને અહિંસાદિ યમનું પાલન કેવી રીતે શક્ય હોય ત્યાં જે સમાધાન આપેલ એ જ સમાધાન અહીં લાગુ પડે છે.

અહિંસાદિ શું કે, શૌચાદિ શું, યા દાનાદિ ધર્મ શું, એ દરેકની સાધનાની ચાર કક્ષા છે. ઇચ્છા–પ્રવૃત્તિ–સ્થૈર્ય-સિદ્ધિ. આમાં પહેલી કક્ષામાં એની શુદ્ધ ઇચ્છા આવે. બીજે પગથિયે એની પ્રવૃત્તિ આવે. પછી એમાં સ્થૈર્ય આવે, અને અંતે સિદ્ધિ પ્રાપ્ત થાય, અર્થાત્ અહિંસાદિ પોતાનાં આત્મામાં સ્વભાવભૂત બની જાય.

આ સૂચવે છે કે તમે અહિંસાદિની શુદ્ધ ઇચ્છા કરો કે 'હું અહિંસાદિ આચરું' તો તમે સાધના શરુ કરી કહેવાય. અહીં નિયમોની સાધના અંગે પણ આવું જ છે.

(૧) 'હું આ નિયમ સાધું' એવી એની શુદ્ધ ઇચ્છા કરો એ એની પ્રારંભિક સાધના છે.

(૨) પછી એવી થોડી પણ પ્રવૃત્તિ કરો, એ બીજી કક્ષાની સાધના થઈ.

(૩) પ્રવૃત્તિ કર્યે ગયા, એમાં કાંઇ વિઘ્ન આવ્યું, પરંતુ તેથી પ્રવૃત્તિમાંથી પાછા ન પડયા એવી સ્થિરતા રાખી, સ્થૈર્ય જાળવ્યું, તો એ ૩ જી કક્ષાની સાધના થઈ.

(૪) એમ બહુ પ્રવૃત્તિ સ્થિરતાથી કર્યે જવાય ત્યારે, એ અહિંસાદિ, શાચાદિ ગુણ કે ધર્મ સિદ્ધ થાય, આત્મસાત્ થાય, સહજ સ્વભાવભૂત બની જાય, એ સિદ્ધિ થઈ કહેવાય.

આ સિદ્ધિમાં પણ ટકાવારી હોય છે,–

દા. ત. શૌચ યાને શુચિતા, મનની પવિત્રતા, એ અમુક પ્રમાણમાં સિદ્ધ થઈ હોય, અને એથી આગળ વધુ પ્રમાણમાં સિદ્ધ ન થઈ હોય એવું બની શકે. સાધકને માટે આ એક આશ્વાસન છે. એથી અલ્પ પ્રમાણની સાધના પર નિરાશા હતાશા ન થાય કે 'મારામાં કશું નથી.' જ્ઞાનીઓ જ્યાં, હજી કશી પ્રવૃત્તિ નથી કરી, માત્ર ઇચ્છા જ થઈ છે, છતાં ઇચ્છાની કક્ષાને સાધના કહે છે, તેમજ અમુક અલ્પ ટકાની પણ સાધના પ્રવૃત્તિને પણ સાધના કહે છે, તો પછી આપણે અલ્પ પણ પ્રવૃત્તિ છતાં શું કામ એવું માની લઈએ કે મારામાં કશું નથી ? જ્યાં જ્ઞાનીઓ અલ્પાંશે સાધના કે સિદ્ધિને પણ લેખામાં ગણે છે, ત્યાં આપણે નિરાશ શું કામ થઇએ ? અલબત્ થોડી સાધના પર અભિમાન નથી લેવાનું કે 'હું મોટો સાધક છું', યા સંતોષ નથી વાળવાનો કે 'ચાલો આપણે ય ધર્મ-સાધના કરીએ છીએ.' અભિમાન થતું હોય તો તે રોકવા માટે નજર સામે મોટા સાધકની સાધનાઓ રાખવાની. સંતોષ ન વાળવા વિચારવાનું કે 'દિલ્હી હજી દૂર છે. હજી તો ઘણે લાંબે જવાનું છે. આટલામાં સંતોષ વાળી બેસી કેમ રહેવાય ?' અહીં સવાલ થાય,-

પ્ર૦-ઇચ્છારૂપ યોગ તો પહેલી મિત્રાદૃષ્ટિમાંયે હતો, ને અહીં બીજી તારા દૃષ્ટિમાં ય જો ઇચ્છાયોગ કહો છો, તો બીજીમાં વિશેષતા શી આવી ?

ઉ૦-વિશેષતા બતાવવા ટીકાકાર મહર્ષિ કહે છે કે, **'तदत्र द्वितीययोगात् प्रतिपत्तिरपि.'**

ઇચ્છાથી આગળ પ્રતિપત્તિ :-

પહેલી દૃષ્ટિના 'યમ' કરતાં આગળ અહીં 'નિયમ'ની સાધના થાય છે એ પ્રગતિ થયાનું સૂચવે છે. એ પ્રગતિથી અહીં ઇચ્છાયોગથી આગળ પ્રતિપત્તિ અર્થાત્ સ્વીકાર પણ થાય છે. 'ઇચ્છા'માં સામાન્ય ભાવના છે કે 'હું આ સાધું'; પ્રતિપત્તિ યાને સ્વીકારમાં સંકલ્પ જેવું છે કે 'મારે આ અવશ્ય સાધવાનું.' મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિમાં આ પ્રગતિ થવાનું કારણ તેવા પ્રકારનો કર્મનો ક્ષયોપશમ છે. મિત્રાદૃષ્ટિમાં એટલો પ્રબળ ક્ષયોપશમ નથી. આ સૂચવે છે કે,-

જીવ જેમ જેમ સાધનામાં આગળ વધતો જાય છે તેમ તેમ એના મોહનીયાદિ કર્મનો ક્ષયોપશમ વધતો જાય છે.

મિત્રાદૃષ્ટિની યોગબીજ આદિ સાધનોમાં આગળ વધતાં વધતાં એવો ક્ષયોપશમ આવીને ઊભો રહે છે કે જીવ એથી ઇચ્છામાંથી સંકલ્પના સ્વીકારના (પ્રતિપત્તિના) ગુણસ્થાનક પર ચડી જાય.

તારા દૃષ્ટિમાં 'ઉદ્વેગ' દોષનો ત્યાગ :-

બીજી તારા દૃષ્ટિમાં 'નિયમ' નામના દ્વિતીય યોગાંગની સાધના ઉપરાંત ઉદ્વેગ નામનો ક્રિયા-દોષ ટાળવાનું કહે છે. એથી અહીં કહ્યું-'અનુદ્વેગો હિતારંભે' આત્માના પારલૌકિક હિતની પ્રવૃત્તિમાં ઉદ્વેગ નથી હોતો. હિતની પ્રવૃત્તિ બેદવાળી નથી હોતી.

સામાન્ય રીતે જીવને એવું છે કે દુનિયાદારીની લાંબી પણ ક્રિયા-પ્રવૃત્તિ હશે તો ય એમાં કંટાળો નહિ આવે. દા. ત. વેપાર કલાકોના કલાકો આંતરા વિના હોંશે હોંશે કર્યે જાય છે. ત્યાં કોઈ કંટાળો નહિ. પણ વ્યાખ્યાન પ્રતિક્રમણની ક્રિયા જરા ૦।। કલાકને બદલે કલાક ચાલી, તો ઉદ્વેગ-કંટાળો-બેદ લાવશે ! વાતોચીતોમાં કોઈ કંટાળો નહિ, પણ સ્વાધ્યાયમાં કંટાળો આવે છે ! શેઠની સેવા હોંશે હોંશે કરશે, પણ ગુરુની સાધર્મિકની સેવાનો પ્રસંગ આવ્યો ત્યાં ઉલ્લાસ નથી ! કદાચ કરશે ખરો, તો ય રોતો રોતો કરશે ! બોલશે 'શું કરીએ ભાઈ ! કાર્ય આવ્યું એટલે કરવું તો પડે જ...પડિક્કમણું કર્યા વિના કાંઈ ચાલવાનું છે ?' આ શાના ઉદ્ગાર છે ? હાશ-હરખના

નહિ, પણ એક પ્રકારના થાકના ઉદ્‌ગાર. હોંશ –હરખના ઉદ્‌ગાર આવા કોક હોય કે 'અહો ! ધન્ય ભાગ્ય આવી તારક ક્રિયા મળી ! આવું તારણહાર સુકૃત કરવાનો અવસર આવી મળ્યો ! ધન્ય ઘડી ! ધન્ય જનમ ! '

હજી સાંસારિક કાર્યની પ્રવૃત્તિ કંટાળાથી કરે તો પણ ફળ આવે છે, કિન્તુ આત્મહિતની પ્રવૃત્તિ કંટાળાથી કરે તો ફળ નથી આવતું. ત્યારે પૂછો,–

પ્ર૦–સાંસારિક પ્રવૃત્તિ કંટાળાથી કરે તો ફળ આવે, ને આત્મહિતની પ્રવૃત્તિ કંટાળાથી કરે તો ફળ ન આવે એવું કેમ ?

ઉ૦–કારણ એ છે કે સાંસારિક પ્રવૃત્તિનું ફળ લૌકિક છે ત્યારે આત્મહિતની પ્રવૃત્તિનું ફળ પારલૌકિક છે. લૌકિક ફળ તો, પ્રવૃત્તિ કંટાળાથી કરી તોય મળી જાય. દા. ત.

બહુ પાપનો ધંધો હોય અને ધંધો બદલી શકાય એવી સ્થિતિ ન હોય ત્યાં સુધી આ ધંધો કંટાળીને કરવો પડતો હોય તો પણ લૌકિક ફળ ધન-કમાઈ તો થાય છે. એમ, વિરોધીને ત્યાં ભાણું માંડવું પડ્યું હોય ને મિઠાઈનું ભોજન હોય, તો ભોજન ભલે કંટાળાથી કર્યું તો પણ મિઠાઇનો સ્વાદ તો આવશે જ, અને તૃપ્તિ ય થશે. આ લૌકિક ફળ છે.

સાંસારિક પ્રવૃત્તિ ભલે કંટાળાથી કરી છતાં ફળ આવ્યું. પરંતુ આત્મહિતની પ્રવૃત્તિ પારલૌકિક ફળ આપનાર છે. પારલૌકિક ફળ એટલે પરલોકમાં આત્માને લાભકારી થાય તે શુભ ભાવ, શુભાનુબંધ (શુભ સંસ્કાર), પુણ્યાનુબંધી પુણ્ય અને પાપકર્મક્ષય....હવે જુઓ,–આ બધા પારલૌકિક ફળ તો જ મળે કે અહીં આત્મહિતની પ્રવૃત્તિ હોંશથી કરે, ઉલ્લાસથી કરે, પણ કંટાળાથી નહિ. કંટાળો–ખેદ–ઉદ્વેગ એ મલિન ભાવ છે. મલિન ભાવથી પ્રવૃત્તિ કરે એનાં ફળમાં સારા શુભ ભાવ ક્યાંથી નીપજે ? સારાંશ,

સાંસારિક પ્રવૃત્તિ દ્રવ્યફળ–પ્રધાન છે, ત્યારે આત્મહિતની પ્રવૃત્તિ ભાવફળ-પ્રધાન છે.

એટલે કંટાળાથી લૌકિક પ્રવૃત્તિમાં દ્રવ્યફળ આવી શકે છે. પરંતુ કંટાળો ખેદ ઉદ્વેગ પોતે જ મલિન ભાવ હોવાથી એના ફળમાં શુભ ભાવ ક્યાંથી આવે ? એ વિના પરલોક ક્યાંથી ઊજળો બને ?

આત્મહિત જ આ, કે જેનાથી પરલોક ઊજળો બને. પરલોક ઊજળો શુભ ભાવથી ગણાય, કિન્તુ પૌદ્‌ગલિક સુખ સગવડથી નહિ.

એટલે, અહીં હિતપ્રવૃત્તિ કરતાં આ જોવાનું કે

આ હિતપ્રવૃત્તિ જે રીતે કરું છું એનાથી પરલોકમાં શુભ ભાવ મળે ? :-

વીર્યાચાર શા માટે ? :-

હિત–પ્રવૃત્તિ, ખેદ–ઉદ્વેગ–થાક કંટાળાવાળી એટલે અશુભ ભાવવાળી થઇ, એથી પરલોકે શુભભાવ ક્યાંથી મળે ? માટે પ્રવૃત્તિ ખેદવાળી ન જોઇએ. એટલા જ માટે જ્ઞાનાચાર આદિ ચાર આચાર ઉપરાંત વીર્યાચાર જુદો કહેવામાં આવ્યો છે. નહિતર તો જ્ઞાનાચાર દર્શનાચાર વગેરે જે ચાર આચાર આચરવાના કહ્યા, એ આચરવાનું વીર્યથી–પુરુષાર્થથી જ થવાનું છે, એટલે વીર્યાચાર એમાં સમાઇ જ જાય છે, પછી વીર્યાચાર તરીકે એક જુદો પાંચમો આચાર કહેવાની શી જરૂર રહે ? પરંતુ જુદો કહ્યો છે એ એટલા માટે કે સામાન્ય પુરુષાર્થ તો થાય, પરંતુ તે વીર્ય યાને જોમવાળો ઉત્સાહભર્યો, વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસભર્યો કરવો જોઇએ. તો જ એમાં વીર્યાચારનું પાલન થયું ગણાય. એ તો જ બને કે જો જ્ઞાનાચારાદિ–પ્રવૃત્તિમાં કંટાળો ન હોય, ખેદ કે ઉદ્વેગ ન હોય. એટલે જ અહીં કહ્યું **अत एव तत्सिद्धिः** અર્થાત્ હિત સાધનામાં અનુદ્વેગ–ઉલ્લાસથી જ પરલોકહિત સિદ્ધ થાય.

પ્ર૦-ખેદ અને ઉદ્વેગમાં શો ફરક ?

ઉ૦-ખેદ હિતપ્રવૃત્તિ કરવા પહેલેથી જ મનને જે ખિન્નતા આવે તે છે; અને એ ટાળી ઉત્સાહ ઉછરંગથી હિત-પ્રવૃત્તિ શરુ તો કરી, પરંતુ પ્રવૃત્તિની વચમાં કંટાળો આવે તે ઉદ્વેગ છે. દા. ત. 'ચાલો પ્રતિક્રમણનો સમય થયો, કરવું તો પડશે જ' આ ખેદની વૃત્તિ છે. કિંતુ પ્રતિક્રમણ શરુ તો ઉત્સાહથી કર્યું, પરંતુ ભણાવનાર ધીરે ધીરે બોલે છે તેથી 'આ કયારે પૂરું થશે !' એવી મનોવૃત્તિ થાય એ ઉદ્વેગ છે. ત્યારે પારલૌકિક હિત સારું કયારે સધાય ? ખેદ-ઉદ્વેગ વિના એ સધાય તો જ. શ્રીઆનંદઘનજી મહારાજ કહે છે,-

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું રે,
પૂજા અખંડિત એહ'

'અરિહંત ભગવાનની પૂજાનું ખરું ફળ, પ્રસન્ન ચિત્તથી પૂજા કરો, તો જ મળે' એમ જ્ઞાનીઓ કહે છે; ને અખંડિત પૂજા એ છે, બાકી તો ભગ્ન ચિત્તથી પૂજા ભગ્ન જ સમજવી.

એટલા માટે 'પ્રણિધાન'ના લક્ષણમાં 'વિશુદ્ધં ભાવનાસારં' એવું એક વિશેષણ મૂકયું છે. વિશુદ્ધ ભાવનાના બળવાળી પ્રવૃત્તિ ઉચ્ચ કોટિની ગણાય. આ બળ જેટલું વધારે, એટલું ઉપર-ઉપરના ગુણસ્થાનકે જવાય. જેઓ એકલી શુદ્ધ ભાવનાથી નહિ, પણ શુદ્ધ ભાવના સહિતની પ્રવૃત્તિથી ઉપર ચડાય છે. એટલે હૃદયમાં ધર્મની શુદ્ધ ભાવના તો હોય, પરંતુ પ્રવૃત્તિ વિષયોની હોય તો તેથી ઊંચે ન ચડાય. પૂછો—

પ્ર૦-તો બાતાં બાતાં કેવળજ્ઞાન શી રીતે થયું ?

ઉ૦-એ અપવાદના દાખલા છે. એમાં પણ પૂર્વ ભવે વિશુદ્ધ ભાવના સહિત હિતપ્રવૃત્તિ ખૂબ કરેલી એનું એ પરિણામ છે. રાજમાર્ગ આ, કે હિતની પ્રવૃત્તિ ખૂબ ખૂબ કરો. ને એમાં સાથે બળવાન વિશુદ્ધ ભાવ-ભાવના રાખો. એ વિશુદ્ધ ભાવ-ભાવના પ્રબળ ઉત્સાહ ઉલ્લાસ ને ભારે હોંશ રાખવાથી આવે છે. એક હિસાબ જોઇએ કે,

'રુડી સાધના કરી પરલોકનું મહાન હિત સાધવું છે, તો એનું મુખ્ય સાધન મન બેદાદિ કે બીજા ત્રીજા વિચારથી શા માટે બગાડું ?'

વિશુદ્ધ ભાવના અને ઉત્સાહભરી હિત-સાધનાનો પ્રભાવ છે કે જીવનો વિષય-પ્રવૃતિમાં ઉત્સાહ મંદ પડે. અથવા કહો કે **વિષય-પ્રવૃત્તિમાં ઉદ્વેગથી હિત-પ્રવૃત્તિમાં ઉલ્લાસ-ઉત્સાહ રહે.**

અલબત્ એ માટે હિતસાધના યાને યોગ-ક્રિયાનો પ્રેમ ધીખતો રાખવો પડે. કોઈ વ્યક્તિ પર પ્રેમ હોય તો એનું કામ કરવામાં કંટાળો નથી આવતો, એમ હિતસાધના પર પ્રેમ હોય તો એ આચરતાં ઉદ્વેગ નહિ આવે.

યોગની બીજી દૃષ્ટિ આવી એટલે આત્મા વિકાસના પગથિયા ચડી રહ્યો છે. **આત્મ-વિકાસ વખતે ભોગમાં થાક અને યોગમાં ઉલ્લાસ જોઈએ.**

તો જ આત્મવિકાસમાં આગળ વધાય. યોગમાં થાક અને ભોગમાં ઉલ્લાસથી તો નીચે ઊતરવાનું થાય.

તારાદૃષ્ટિમાં ગુણ : જિજ્ઞાસા

બીજી તારાદૃષ્ટિમાં જેમ ઉદ્વેગ દોષ ટાળે છે, એમ તત્ત્વ-જિજ્ઞાસાનો ગુણ કેળવે. **જીવ ઓઘદૃષ્ટિનો ત્યાગ કરી યોગદૃષ્ટિનો બની ગયો એટલે તો એની માનસસૃષ્ટિ બદલાઈ જાય છે.**

ઓઘદૃષ્ટિ વખતે માનસ સૃષ્ટિમાં માત્ર કાયા અને કાયાના સુખ-દુઃખને લગતી વાત-વસ્તુ રમતી હતી, ત્યાં કાયાથી તદ્દન નિરાળી

વસ્તુ આત્મા અને એના હિત-અહિતની અને એને લગતી બાબતોને કશી જગાજ નહોતી. એના તરફ દૃષ્ટિ જ નહોતી; મનમાં એનો કશો વિચાર જ નહોતો. તે એનું અજ્ઞાન હતું માટે જ નહિ, કિન્તુ કોઈ એનું જ્ઞાન લાવે કે વિચાર લાવે તો એ સાંભળવું ય નહોતું ગમતું. એટલી બધી એના પ્રત્યે અરુચિ હતી, દ્વેષ હતો. એનું કારણ મહામિથ્યાત્વનું જોર હતું. આજે પણ દેવાધિદેવની મૂર્તિ નહિ માનનારામાં દેખાય છે ને કે એને કાંઈ મૂર્તિ અને મૂર્તિપૂજાનું અજ્ઞાન નથી, કિન્તુ કોઈ મૂર્તિની ને મૂર્તિપૂજાની વાત કરે તો એને એ સાંભળવી ય ગમતી નથી, એટલો બધો મૂર્તિ અને મૂર્તિપૂજા પર દ્વેષ-અરુચિ રહે છે.

કિન્તુ એને બિચારાને ખબર નથી કે

ભગવાનની મૂર્તિ ઉપરનો દ્વેષ ભગવાન પર પહોંચે છે.

દા. ત. ઘરમાં પોતાના પિતાનો કે ગુરુનો ફોટો હોય અને બહારનો કોઈ આવીને ફોટા પર થૂંકે, તો એ જોઈને એ ઘરમાલિકને ગુસ્સો આવે છે, તે સામાને ધમકાવે છે કે 'હરામખોર ! મારા પિતાજીના મારા ગુરુજીના ફોટા પર તું થૂંકીને મારા પિતાજીનું ગુરુજીનું અપમાન કરે છે ?' પોતાના પિતાના કે ગુરુના ફોટા પરનો દ્વેષ એને પોતાના પિતા કે ગુરુ પર પહોંચતો દેખાય છે. પિતાના કે ગુરુના ફોટાનું અપમાન એ ખુદ પિતા કે ગુરુનું અપમાન લાગે છે. તો પછી અહીં ભગવાનની મૂર્તિનું અપમાન-અવિનય-દ્વેષ એ ખુદ ભગવાનનું અપમાન-અવિનય-દ્વેષ નથી ? ખૂબી કેવી છે કે એમને દેશ ખાતર શહીદ થયેલા મોટા દેશનેતાના બાવલાનો વાંધો નથી, વિરોધ નથી, બાવલાને ફૂલહાર ચડે એનો વિરોધ નથી, પોતાના ઘરમાં ગોત્રજ કુળદેવીની સ્થાપના કરી એનો અને એને દીવો ધૂપ કરાય એનો વિરોધ નથી ! વિરોધ છે માત્ર વીતરાગ સર્વજ્ઞ ભગવાનની મૂર્તિનો ! અને એ મૂર્તિની પૂજાનો ! કેવું કારમું અજ્ઞાન !

જિનમૂર્તિ પ્રત્યે દ્વેષ છે, એથી કરીને પછી અનંતાના તારણહાર શ્રી શત્રુંજયતીર્થ પ્રત્યે ય એને દ્વેષ ને અરુચિ કરવા છે ! ત્યાં પછી, આદીશ્વર ભગવાનની મૂર્તિનો દ્વેષ કરીને ખુદ આદીશ્વર ભગવાન પર દ્વેષ પહોંચે તો એમને વાંધો નથી ! આમાં કેટલા ભયંકર પાપકર્મનાં પોટલા બાંધવાના ? કેવું ભવાંતર માટે ભગવાન ન મળવાનું નક્કી થઈ જાય ? યાને મહા દુર્લભબોધિપણું ઊભું થઈ જાય ? આ બધી કેવી મહાદુર્દશા !

એમ, જીવ ઓઘદૃષ્ટિમાં હતો ત્યારે આત્મા અને હિતાહિતનાં તત્ત્વ પ્રત્યે એને એવો દ્વેષ કે એની માત્ર વાત સાંભળવી પણ ગમે નહિ ! તીવ્ર મિથ્યાત્વના ઉદયનો આ પ્રભાવ છે. —પરંતુ જ્યારે મિથ્યાત્વમાં મંદતા આવે છે, ત્યારે આ આત્મા-પરમાત્મા-હિતાહિત વગેરે તત્ત્વ પ્રત્યેનો દ્વેષ હવે બંધ પડે છે; અને ત્યાં પહેલી મિત્રા-યોગદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

આવા જીવ જૈનેતર હોય તો ય હજી સારા કે એમને તત્ત્વપ્રત્યે દ્વેષનો અંત આવે છે, પરંતુ આ મૂર્તિ-વિરોધી કુળમાં જન્મી ગયેલા અને જૈન ગણાતાની મહાદુર્દશા એવી કે એને જિંદગી આખીમાં ભગવાનની મૂર્તિ પર ને એ દ્વારા ભગવાન પર દ્વેષ છૂટતો નથી, એ કેટલા નીચા પાટલે ? કેટલા ભાગ્યહીન ?

તત્ત્વનો દ્વેષ મટ્યા પછી જ તત્ત્વ જિજ્ઞાસા:-

અહીં પહેલી યોગદૃષ્ટિમાં તત્ત્વ પ્રત્યેનો દ્વેષ બંધ પડવાથી તત્ત્વ પ્રાપ્તિની અનુકૂળતા ઊભી થાય છે; ને પહેલી અનુકૂળતા આ, કે એને હવે બીજી યોગદૃષ્ટિમાં તત્ત્વની જિજ્ઞાસા જાગે છે કે 'તત્ત્વ શું હશે ?' આ બતાવે છે કે

સાચી તત્ત્વજિજ્ઞાસા ત્યારે જ થાય કે પહેલાં તત્ત્વનો દ્વેષ હટાવ્યો હોય.

જીવને જ્યારે સંસારની માયાજાળ માલ વિનાની નિસ્સાર અતત્ત્વરૂપ લાગે છે, સ્વપ્ન જેવી એક ભવની લીલારૂપ સમજાય છે, ત્યારે સહજ છે કે એને તત્ત્વ જાણવાની ઇચ્છા થાય. કેમકે સમજે છે,'સંસારની માયાજાળને આ મનુષ્ય-અવતારમાં જ માલ વિનાની અતત્ત્વરૂપ લેખી, એની સામે તત્ત્વ જાણી-સમજી-આચરી લેવાનો અવસર છે. એ જો અહીં ન થાય, તો પછી બીજે માનવેતર જનમોમાં આનો અવસર જ ક્યાં છે?' આમ સમજીને એ તત્ત્વની હાર્દિક જિજ્ઞાસા કરે છે.

અહીં આ તત્ત્વ-જિજ્ઞાસા શુદ્ધ જોઈએ પરંતુ કોઈ મલિન દુન્યવી આશંસાવાળી અશુદ્ધ નહિ. દા. ત. 'તત્ત્વ જાણું તો વિદ્વાન ગણાઈ સારો શિક્ષક બની શકું. સારા ભાષણ કરી શકું, માટે લાવ તત્ત્વ શું છે એ જાણી લઉં, શીખી લઉં?' આ તત્ત્વ-જિજ્ઞાસા મલિન આશંસાવાળી થઈ, માટે એ વાસ્તવિક તત્ત્વજિજ્ઞાસા નથી. મૂળમાં આત્મહિત-પરલોકહિતની કામનાથી તત્ત્વની જિજ્ઞાસા થાય, એ વાસ્તવિક તત્ત્વ-જિજ્ઞાસા છે; ને આત્મા જ્યારે ઉત્થાનના માર્ગે ચડે છે ત્યારે આ સહેજે પ્રાપ્ત થાય છે. વિચાર જોઇએ કે "અનાદિ કાળથી તત્ત્વ નથી મળ્યા, નથી જાણ્યા, અરે! કોઇએ બતાવ્યા તો પણ તત્ત્વ પર દ્વેષ-અરુચિ રાખી છે, માટે તો સંસારમાં ભટકી રહ્યો છું. તો હવે અસાર અતત્ત્વભૂત સંસારની મમતા છોડી સારભૂત તત્ત્વને જાણું. જેથી પછી તત્ત્વના આદર-આચરણથી ભવના ફેરા મીટે"-એમ સહજ તત્ત્વ-જિજ્ઞાસા થાય.

આ દૃષ્ટિમાં બીજા ગુણો. (૧) યોગકથા-પ્રીતિ

(ટીકા) અસ્યાં દૃષ્ટૌ યદન્યદ્‌ગુણજાતં ભવતિ તદાહ

(મૂલ) ભવત્યસ્યાં તથાઽચ્છિન્ના,
પ્રીતિર્યોગકથાસ્વલમ્ ।
શુદ્ધયોગેષુ નિયમાદ્,
બહુમાનશ્ચ યોગિષુ ॥૪૨॥

(ટીકા) ભવત્યસ્યાં દૃષ્ટૌ 'તથા'-તેન પ્રકારેણ, 'અચ્છિન્ના' ભાવપ્રતિબન્ધસહિતયા પ્રીતિર્યોગકથાસ્વલમત્યર્થં, તથા શુદ્ધયોગેષ્વકલઙ્ક-પ્રધાનેષુ, 'નિયમાદ્' નિયમેન બહુમાનશ્ચ યોગિષુ ભવતિ ॥૪૨॥

(અર્થ :-) આ (બીજી) દૃષ્ટિમાં જે બીજા ગુણોનો સમૂહ હોય તે કહે છે,-

(ગાથાર્થ :-) આ(દૃષ્ટિ)માં યોગકથાઓ પર અવિચ્છિન્ન (અતૂટ, સળંગ) અત્યંત પ્રીતિ થાય છે, અને વિશુદ્ધ યોગવાળા યોગીઓ ઉપર નિયમા (અવશ્ય) બહુમાન થાય છે.

(ટીકાર્થ :-) આ દૃષ્ટિમાં, તેવા પ્રકારે, ભાવ-મમત્વથી સમર્થિત હોવાથી યોગકથાઓ પર 'અલં, પ્રીતિ' અર્થાત્ અત્યંત પ્રીતિ થાય છે, તથા નિષ્કલંકતાની મુખ્યતાવાળા શુદ્ધ યોગ-ધારી યોગીઓ પર બહુમાન થાય છે.

વિવેચન—

યોગની બીજી દૃષ્ટિ તારાદૃષ્ટિનો પ્રકાશ અંતરમાં ઝળકતો કરવો છે. તો એ શી રીતે ઝળકતો થાય? એ માટેના અહીં ઉપાય બતાવે છે. એમ કહી શકાય કે બીજી દૃષ્ટિના પ્રકાશને વિશેષ ઝગમગતો કરવા માટેની અહીં ભૂમિકા બતાવે છે. અર્થાત્ એ ભૂમિકામાં શું કરવું પડે, એ હવે બતાવે છે.

'યોગબિન્દુ' શાસ્ત્રમાં પાંચ યોગની વાત કહે છે તે પૂર્વે પણ ભૂમિકાની સાધનારૂપે યોગની પૂર્વસેવા બતાવતાં કહે છે,-

"યોગસ્ય પૂર્વસેવા તુ ગુરુદેવત પૂજનમ ।
સદાચારસ્તપો મુક્ત્યદ્વેષશ્ચેતિ પ્રકીર્તિતા ॥

યોગની પૂર્વ સેવામાં (૧) ગુરુ અને ઇષ્ટ-દેવની પૂજા, (૨) સદાચાર, (૩) તપ, અને (૪) મોક્ષનો અદ્વેષ, એ ચાર કહેલા છે. એ ચારની આરાધના એ યોગની પૂર્વસેવા કહેવાય.

કોઈ વિદ્યાદેવીની સાધના કરવી હોય તો પણ એની પૂર્વસેવા આચરવી પડે છે. એનાથી આત્મા અને મન કસાય છે, એટલે પછી વિદ્યા-જાપની સાધના સ્થિરતાથી કરી શકે છે. એમાં વિઘ્નો આવે તો તેથી જરાય ડગી ન જાય, ને સાધનાને પાર કરી વિદ્યાસિદ્ધિ સુધી પહોંચી જાય. એ પૂર્વ સેવાઓ વિચિત્ર વિચિત્ર હોય છે, અર્થાત્ જુદી જુદી જાતની હોય છે, દા. ત.

ચાંડાલી વિદ્યાની પૂર્વ સેવા :-

જંબૂકુમારને નવી પરણીને આવેલી આઠ પત્નીઓ સંસારમાં રહેવા લલચાવતી હતી, અને એકેક પત્ની જુદી જુદી કથા કહેતી હતી. એના જવાબમાં જંબૂકુમાર પણ વૈરાગ્ય-સમર્થક કથા કહેતા. એમાં એમણે એક કથા ચાંડાલી વિદ્યાની અને એની પૂર્વસેવાની સાધનાની કહેલી. એ પરથી વિચિત્ર પૂર્વસેવાનો ખ્યાલ આવે છે. એમાં પ્રાસંગિક બોધ પણ સારો છે, એટલે અહીં એ જોઈએ.—

કથાસાર આ પ્રમાણે છે,—

ચાંડાલી વિદ્યાઃ બે વિદ્યાધરો-

બે વિદ્યાધર યુવાનો વિદ્યાધર-ચક્રવર્તી થવા માટે ચાંડાલી વિદ્યા સિદ્ધ કરવા નીકળ્યા. વૈતાઢ્ય પર્વત પરથી નીચે અહીં પૃથ્વી પર આવ્યા. એમાં પૂર્વસેવા એવી હતી, કે પહેલાં કોઈ ચંડાળ-ભંગીની કન્યાને પરણવું પડે, ને ચાંડાલીના પતિ બન્યા પછી એને છોડીને કોઈ પર્વતની ગુફામાં જઈ બાર મહિના સાધના કરવી પડે, વિઘ્નો વટાવવા પડે, ત્યારે ચાંડાલી વિદ્યા સિદ્ધ થાય; જેના બળથી ભલભલા માંધાતા રાજાઓને પણ જીતી વિદ્યાધર-ચક્રવર્તી થઈ શકાય.

પેલા બે વિદ્યાધર યુવાન રૂપ પલટીને એક નગરના ભંગીવાસમાં આવી વીણા વગાડે છે; અને ત્યાં અદ્‌ભુત વીણાવાદનથી આકર્ષાઈ ભંગીઓ પૂછે છે,-'કોણ છો ?'

આ કહે 'પરદેશી છીએ.'

ભંગીઓ કહે, 'ક્યાં જશો ?'

આ કહે 'જ્યાં નસીબ લઈ જાય ત્યાં.'

ત્યારે ભંગીઓ કહે 'તો તો અહીં જ રહી જાઓ. તમને અમે સંભાળી લઈશું. તમે અમને વીણા સંભળાવ્યા કરજો.'

એમ કહી એક ઝુંપડું એમને રહેવા આપ્યું, બે જણ ત્યાં રહી વીણા સંભળાવે છે. અહીં સ્થિરતાથી ભંગીઓ વચમાં વચમાં વીનવે છે ત્યારે એ કહે છે, 'ભાઈ! અમે તો પરદેશી, અમે અહીં કેટલું રહીએ એ શું કહેવાય ?' ત્યારે ભંગીઓ વિચાર કરે છે કે 'આ બંનેને જો એકેક કન્યા પરણાવી દઈએ, તો તો પછી અહીં જ સ્થિર થઇ જશે. આપણને અને આપણા જૈરા છોકરાને વીણાથી આનંદ બહુ આપે છે.' એમ વિચાર કરી બંનેને એકેક કન્યા પરણાવી દીધી. પરણીને હવે એક વિદ્યાધર બીજાને કહે 'ચાલ વિદ્યા સાધવા.'

બીજો કહે 'તારામાં કાંઈ માણસાઇ છે ? હજી હમણાં તો પરણ્યા, તે તરત ને તરત બિચારીને છોડી જવાય ? થોડા સમય પછી જઈશું. શી ઉતાવળ છે ?'

પહેલો કહે 'પરણવાનો ઉદ્દેશ શો હતો ? ઉદ્દેશ બાજુએ મૂકાય ? તારે ન આવવું હોય તો તું જાણે. હું તો આ ચાલ્યો.' એમ કહી પત્નીને ગમે તેમ સમજાવી એ ગયો; ને એણે બાર મહિના સાધના કરી વિદ્યા સિદ્ધ કરી. વિદ્યાદેવીનું વરદાન લઈ અહીં આવ્યો ત્યારે, બીજો તો હજી ભંગી-વાસમાં જ બેઠો છે. એને કહે 'જો મારે વિદ્યા સિદ્ધ થઇ ગઈ. તું હજી અહીં જ બેઠો છે ? જા, જા, વિદ્યા સાધ !'

આ કહે, 'બિચારીને અધેણી છે. એને એમ મૂકીને કેમ જવાય?' એમ કહી હજી પણ વિદ્યા સાધવા એ ન ગયો. પેલો તો વિદ્યાસિદ્ધિ સાથે વૈતાઢ્ય પર્વત પર જઈ, વિદ્યાબળે ટપોટપ રાજાઓને જીતતો ગયો. બાર મહિનામાં તો ઘણા રાજાઓના માથે સમ્રાટ બની બેઠો. હવે મિત્રની લાગણીથી એની પાસે જઈ પૂછે છે 'કેમ હજી નથી વિદ્યા સાધવી? જો આ હું તો વિદ્યાધર–સમ્રાટ થઈ ગયો છું. તું ઊઠ જા વિદ્યા સાધ.'

ત્યારે આ બીજો બોળામાંના બચ્ચાને દેખાડી કહે, 'બિચારું નાનું છે, પત્ની એકલે હાથે ક્યાંથી પહોંચી વળે? મારે સંભાળવું પડે.'

આ કહે, 'અરે! તું ઘરેથી કેટલા ઊંચા ઉદ્દેશથી નીકળેલો, એ જ ભૂલી જાય છે? વિદ્યાધર સમ્રાટ થા, તો બહુ રૂપાળી કેટલીય અપ્સરા જેવી રાજ–કન્યાઓ અને મહાસામ્રાજ્યની ઠકુરાઇ મળશે. એ છોડી આ ભંગણીના ભેગું જીવન પસંદ કરે છે?'

જંબૂકુમાર આ કથાનક કહી આઠ નવોઢાને પૂછે છે, બોલો કોણ ડાહ્યો? ને કોણ મૂરખ? ભંગણીને ઝાલી બેઠો રહ્યો, એ મૂર્ખ ને? તો જુઓ, હું સંયમવિદ્યા સિદ્ધ કરવા આ મનુષ્ય–જન્મમાં આવ્યો છું. તો જેમ પેલો મૂઢ વિદ્યાધર ભંગણીને પરણીને બેઠો રહ્યો, ને વિદ્યાધર ચક્રવર્તીપણું લેવું ગુમાવ્યું, તેમ શું હું પણ તમને પરણીને બેઠો રહી સંયમ–વિદ્યા સાધવાનું ને અંતે અનંત સુખના ધામભૂત શાશ્વત મોક્ષનું સામ્રાજ્ય લેવાનું ગુમાવું?

યોગની પૂર્વસેવામાં ગુરુપૂજન કેવું? :–

જેમ વિદ્યા સાધવા માટે પૂર્વસેવા આદરવાની, એમ યોગ સાધવા માટે પૂર્વસેવા આદરવાની વાત હતી. એમાં પહેલું 'ગુરુ દેવત–પૂજન' છે. એમાં ગુરુનું પૂજન, ગુરુનો વિનય–સેવા–ભક્તિ–બહુમાન વગેરે સાધવાના. એ માટે શું કરવું પડે? દા. ત. આ,–ત્રણ સંધ્યાએ ગુરુને વંદના, કયારેક ગુરુથી આઘા–પાછા હોઇએ તોય સંધ્યા સમયે યાદ કરીને પણ માનસિક વંદના કરવી જોઇએ. વિનયમાં, ગુરુની પાસે બેસવાનું તે ઉદ્ભટ ઉદ્ધત રીતે નહિ પણ સંકોચ–અદબ–આમન્યાથી બેસવાનું. ગુરુની હાજરીમાં બીજા સાથે બોલવું પડે તો બહુ ધીમા અવાજથી. એમ અશુચિ જગાએ ગુરુનું પવિત્ર નામ ન બોલાય. ગુરુની હલકાઈ ન સાંભળીએ. ગુરુ બહાર જાય ત્યારે સાથે જવાનું ને એમની હારોહાર નહિ, પણ પાછળ ચાલવાનું. સેવા–ભક્તિમાં, ગુરુને સારા ખાનપાન–વસ્ત્રાદિ લાવી આપવાના, એમને અનિષ્ટ કશું નહિ કરવાનું. એમને ઇષ્ટમાં પ્રવૃત્તિ કરવાની. તેમ ઇંગિત પરથી એમની ઇચ્છા સમજી તે પ્રમાણે વર્તી લેવાનું. એમની આસન–પાત્ર વગેરે કશી વસ્તુ આપણાથી ન વપરાય, યાવત્ ગુરુના મૃત્યુ પછી પણ એમની વપરાતી રોજિંદી વસ્તુ બીજાને દઈ દેવાની, પણ આપણાથી ન વપરાય; નહિતર એના પર રાગ થવાથી ગુરુના મૃત્યુમાં અનુમતિનો દોષ લાગે.

ગુરુનો આટલો બધો વિનય, સેવા, ભક્તિ, બહુમાન શા માટે? ગુરુ પાસેથી તત્ત્વ પામવા માટે. બીજાતી તત્ત્વ–જિજ્ઞાસા છે, તેથી તત્ત્વ–દાતા ગુરુનો વિનય–સેવાભક્તિ–બહુમાન સહેજે થઈ જાય, ખૂબ કરવા જોઇએ.

તત્ત્વ શી રીતે મળે? યોગકથા પ્રીતિથી :–

તત્ત્વ યોગની વાતોમાંથી મળે. માટે યોગ અને યોગની વાતો યોગકથાઓ પર ભારે પ્રેમ રાખે. બીજી તારાદૃષ્ટિની આ વિશેષતા છે કે યોગકથા પર પ્રીતિ બહુ–એટલે હવે લૌકિક વિષયો તરફની વૃત્તિ હટીને લોકોત્તર વિષયો તરફ વૃત્તિ દોડે. ભૌતિક વિષયો તરફ અંતરમાં અભાવ હોય, અને આધ્યાત્મિક વિષયો તરફ

આકર્ષણ હોય. યોગદૃષ્ટિનો પ્રકાશ આ કામ કરે છે કે,

જેમ જેમ એ યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ વધતો જાય, તેમ તેમ જગતના વિષયો પરથી મન ઊઠતું જાય.

જેમ જેમ જગતના વિષયોમાંથી મન સંકોચાતું જાય, તેમ તેમ યોગકથા વગેરે આધ્યાત્મિક વિષયોમાં મન વધુ ને વધુ કેન્દ્રિત થતું જાય.

શુકલ ધ્યાનમાં વિષય-સંકોચ : મનનો સંકોચ :-

દા. ત. શાસ્ત્રમાં શુકલધ્યાન કેવી રીતે થાય છે એ માટે આવે છે કે યોગી મનને જગતના વિષયો પરથી સંકોચતાં સકોચતાં જ્યાં એક દ્રવ્યના પર્યાય પર કેન્દ્રિત કરે ત્યારે શુકલધ્યાન લાગે છે.

આ એના જેવું છે કે કોઇને વીંછી કે સાપ કરડયો હોય તો માંત્રિક એના આખા શરીરમાં વ્યાપી ગયેલા વિષને મંત્રથી સંકોચી સંકોચી છેવટે ડંખમાં લાવી મૂકે છે. પછી એક જ બચકું ભરી પોતાના મોંમાં એ ડંખનું ઝેર ચૂસી લઈ બહાર થૂંકી કાઢે છે. પેલો માણસ નિર્વિષ થઇને બેઠો થઈ જાય છે !

એમ, શુકલધ્યાનમાં ચડવા યોગી જગતના વિષયો પર વ્યાપી ગયેલા મનરૂપી ઝેરને સંકોચી સંકોચી એક જ દ્રવ્ય પર કેન્દ્રિત કરી દે છે, એમાં ય પછી એના એક જ પર્યાય પર લાવી સ્થિર કરી દે છે, અને પછી ત્યાં નિર્વિકલ્પ-દશા આવી મનનું ઝેર ઊતરી જવાથી, આત્મા વીતરાગ સર્વજ્ઞ બને છે.

શુકલધ્યાનના આ દાખલાથી સમજવાનું છે કે યોગદૃષ્ટિનો પ્રકાશ વધતો જાય તેમ તેમ મન લૌકિક વિષયો તરફથી હટતું જાય છે, સંકોચાતું જાય છે, અને આધ્યાત્મિક વિષયોમાં લોકોત્તર વિષયોમાં કેન્દ્રિત થતું જાય છે. એ લોકોત્તર વિષયોમાં એક વિષય છે યોગકથાઓ. એના તરફ મન ખેંચાય છે. હવે પ્રશ્ન છે :-

પ્ર૦ યોગકથા તરફ મન કેમ ખેંચાતું જાય છે ?

ઉ૦-કહો, યોગની પ્રીતિ વધતી જાય છે માટે.

યોગદૃષ્ટિ આવ્યાનું માપક યોગકથા પ્રીતિ:-

આ પરથી આપણી જાતનું માપ કાઢવું હોય તો નીકળે કે આપણામાં યોગ દૃષ્ટિનો પ્રકાશ આવ્યો છે? ને વધતો છે? એ માટે આ જોવાનું ' પ્રીતિ શાના ઉપર થાય છે? વિષયો પર? વિષયોની વાતો કે યોગ પર? યોગકથા પર? આપણું મન જગતના વિષયો તરફથી ઊભગીને ઊઠતું જાય છે? ને યોગકથા તરફ ખેંચાયા કરે છે? વિષયોની વાતો પર સૂગ થાય છે? ને યોગની વાતો પર પ્રેમ થાય છે? '

(૨) યોગમમતા

આ યોગકથાનો પ્રેમ 'ભાવ પ્રતિબંધ-સાર' જોઇએ એટલે કે ભાવમમતા-પ્રધાન જોઇએ, અર્થાત્ યોગકથાનો પ્રેમ યોગની મમતાને લીધે ઊઠેલો હોવો જોઇએ. યોગ પર હૈયાનું મમત્વ છે એટલે યોગ સંબંધી વાતો બહુ ગમે. આમ યોગકથાનો પ્રેમ હૈયાના સહજ ભાવથી હોય, પણ કોઇ બીજા ત્રીજા દુન્યવી સ્વાર્થની સિદ્ધિ કરવા નહિ, સ્વાર્થ માયામાંથી ઊઠેલો નહિ;- કેમકે એમાં મમતા યોગકથાની નહિ કિન્તુ સ્વાર્થની મમતા છે, ને એ અશુદ્ધ મલિન આશય છે, નિર્મળ આશય નહિ. યોગકથાનો પ્રેમ યોગકથાની મમતામાંથી ઊઠેલો જોઇએ; તો જ એ વિશુદ્ધ ભાવવાળો કહેવાય. સ્વાર્થ-માયાના આશયવાળાને પૂછો ' તમને કેમ યોગ-કથા ગમે છે?' તો એ કહેશે " યોગની કથાથી આપણને ઘણી જાણકારી મળે તો એના પર

બીજાઓ આગળ સારું ભાષણ આપી શકીએ, ને એથી લોકોમાં માન મળે, પ્રતિષ્ઠા મળે, અથવા બીજાઓને સારું ભણાવી શકીએ, ને એથી પગાર પુરસ્કાર સારા મળે.” આમાં સ્પષ્ટ દુન્યવી માનપાન–પૈસાદિની જ મમતા છે; તેથી એ મલિન ભાવ છે.

દુન્યવી લાભની મમતા–આકાંક્ષા
એ મલિન આશય,
આત્મહિતની મમતા–આકાંક્ષા
એ શુદ્ધ આશય

શુદ્ધ આત્મહિતની મમતામાંથી શુભ અધ્યવસાય જન્મે છે,– યોગકથા શું કે કોઈ પણ આત્મહિતની વસ્તુ શું,

આત્મહિતની સાધના શુભ અધ્યવસાય સાથે સંકળાયેલી છે.

અર્થાત્ બધીય હિતસાધના શુભ અધ્યવસાયમાંથી ઊઠવી જોઈએ, શુભ અધ્યવસાય સાથે ચાલવી જોઈએ, તેમજ એના ફળમાં પણ શુભ અધ્યવસાય જાગવા ને રહેવા જોઈએ.

દા. ત. દેવાધિદેવનાં દર્શને જઈએ છીએ, કોઈ પૂછે “કેમ દર્શન કરવા ચાલ્યા?” તો કહીએ કે “મોહાંધોના દર્શન અને મોહમાયાનાં દર્શન વગેરે અસદ્ દર્શન બહુ કર્યાં, હવે વીતરાગ પરમાત્માનાં દર્શન કરું, તો પરમાત્મા તરફ દૃષ્ટિ જાય; એમનાં જીવન, સાધના, અને સિદ્ધિ તથા વિશ્વોપકારનાં સ્મરણ થાય. એથી મન પવિત્ર બને, નિર્મળ બને. એમના ગુણ યાદ આવે તો એ ગુણમાંથી પ્રેરણા મળે.” આ આશય એ શુદ્ધ ભાવ છે; એટલે કહેવાય કે દર્શન–સાધના શુભ અધ્યવસાયમાંથી ઊઠી. હવે ‘દર્શન કરીને શું જોઈએ છે? દર્શનમાંથી શું લેવું છે?’ તો કે વીતરાગનાં દર્શન કરતાં વિચાર આવે કે ભગવાને શું શું કર્યું, અને હું શું કરી રહ્યો છું?

ભગવાને રાગ-દ્વેષને ખંખેરી નાખવા માટે (૧) કાયાની માયા ફગાવી દીધી, અને ઇંદ્રિયોના ઇષ્ટ વિષયોથી ભરણું ભરવાના બંધ કર્યા. કાયાની માયા નથી એટલે કોઇ દુષ્ટ માણસ પશુ કે દેવતાએ શરીર પર ઉપદ્રવ કર્યો તો તે લેખામાં ન લીધો. એટલે જ ઉપદ્રવ કરનાર પર દ્વેષ ન કર્યો. એમ કાયાની માયા નથી એટલે કોઇ રાજાએ કે દેવતાએ સત્કાર સન્માન કર્યા તો ‘કાયાનાં સન્માન થાય તેથી મારા આત્માને શું?’ એમ એ પણ લેખામાં જ ન લીધા; એટલે સન્માન કરનાર રાજા કે દેવતા પર રાગ ન કર્યો.

(૨) એમ ઇંદ્રિયોના વિષયોથી ભરણું ભરવા નથી, અર્થાત્ ઇષ્ટ વિષયોથી ઇન્દ્રિયોની તુષ્ટિ–પુષ્ટિ કરવી નથી, એટલે સામે દુનિયાનું ગમે તેટલું સારું રૂપાળું જોવાનું આવ્યું, પરંતુ એ જોવું હરામ; કેમકે આંખની તુષ્ટિ–પુષ્ટિ કરવી નથી. સારું ભોજન મળે છે પણ નથી જોઇતું, જીભને રાજી કરવી નથી.

ઇંદ્રિયોને રાજી કરનારી વિષયોની જાહોજલાલી મારે ખપતી નથી.

આમ ભગવાને કાયાની માયા (મમતા) મૂકી દીધી, અને ઇંદ્રિયોની તુષ્ટિ–પુષ્ટિ કરવાનું મૂકી દીધું.

એટલે હવે ભગવાનને રાગ–દ્વેષ કરવાની જરૂર રહી નહિ. તો એ પ્રભુનાં દર્શન કરીને હું પણ એવી પ્રેરણા મેળવું”–એમ ભાવના રાખી, તો પોતાની કાયાની મમતા અને ઇંદ્રિયોની તુષ્ટિ–પુષ્ટિ પર અભાવ થાય, પોતાના રાગદ્વેષ ખતરનાક લાગીને એનો ખેદ ઊભો થાય, એ ફળ આવ્યું એ શુભ અધ્યવસાય છે.

સારાંશ, દરેક સાધના શુભ અધ્યવસાય સાથે સંકળાયેલી રાખવી જોઈએ. તો યોગકથા–શ્રવણની સાધના પણ શુભ અધ્યવસાય સાથે સંકળાયેલી જોઈએ. આ કયારે બને?

યોગકથાદિ સાધના પર ભાવથી મમત્વ હોય તો સાધના શુભ અધ્યવસાય સાથે સંકળાયેલી બને.

ધર્મના આરાધક માટે આ મહત્ત્વનું છે કે મનમાં આ વારંવાર આવે, કે–

'નાનેથી મોટા ધર્મ સુધીનો દરેક ધર્મ શુભ અધ્યવસાય માટે કરવાનો છે,'

જેથી ધર્મ–સાધનાની વચ્ચે કષાય ન ઊઠી આવે; કેમકે એમાં ડર હોય કે રખે ને કષાયથી મારા અધ્યવસાય અશુભ થઇ બગડી જાય તો ?

યોગકથા પર મમતા કેમ ? તો કે યોગ–કથા શુભ અધ્યવસાય જગાવવા-ચકાસવાનું જબરદસ્ત કામ કરે છે. માટે

એ મહાન લાભ જોઇને યોગકથા પર મમતા થાય, મનને એમ થાય કે 'આ યોગકથા શુભ ભાવો જગાવવા દ્વારા ને શુભ ભાવોમાં રમતો રાખવા દ્વારા મારું જે કલ્યાણ કરશે, એ સંસારની પાપકથાઓ નહિ કરે, તેમ નકામી વાતોચીતો-કુથલી વગેરે પણ નહિ કરે. માટે યોગ–યોગકથા એજ મારી વસ્તુ છે, પણ પાપ કથાઓ,–વિકથાઓ કુથલી વગેરે મારી વસ્તુ નહિ.' આમ યોગકથા પર દિલનું મમત્વ થાય એટલે એના પર અત્યંત પ્રીતિ રહે; અને જ્યારે જ્યારે મોકો મળે ત્યારે ત્યારે યોગકથાના શ્રવણમાં પ્રવૃત્તિ રહે.

ભાવપ્રતિબંધ–સારતા : સહજમમત્વ–પ્રધાનતા :–

શાસ્ત્રકારે યોગકથા પર અત્યંત અને અવિચ્છિન્ન સળંગ પ્રીતિમાં ભાવ–પ્રતિબંધને હેતુ તરીકે મૂકીને આ મહત્વનું સૂચન કર્યું કે 'કોઇપણ ધર્મ–સાધના પર સળંગ–અખંડ પ્રીતિ જમાવવી હોય, અને એની અખંડ સાધના ચલાવવી હોય, તો પહેલા નંબરમાં એના પર દિલનું સહજ મમત્વ ઊભું કરો.' દેવગુરુની ઉપાસના કરવી હોય તો એમાં પણ મૂળમાં આ જોઈએ કે દેવાધિદેવ અને ગુરુ પર દિલમાં ગાઢ મમત્વ ઊભું કરવાનું. દા. ત. સુલસા શ્રાવિકાને મહાવીર ભગવાન પર ગાઢ મમત્વ હતું, તો ભગવાન પર અત્યંત પ્રીતિ એવી ચાલી કે અંબડ પરિવ્રાજકે આકાશમાંથી ગમે તેવા જીવંતજાગ્રત્ જેવા બ્રહ્મા–વિષ્ણુ–મહેશનાં રૂપ નીચે ઉતાર્યા, હજારો લોક જોવા માટે ઉમટ્યું, છતાં સુલસાને એ જોવાની લેશમાત્ર પણ આતુરતા ય થઈ નહિ !

ડાફોળિયાનું કારણ : પ્રભુ પર તેવી મમતા નહિ :–

આ પરથી સમજાય એવું છે કે પ્રભુનાં દર્શન–પૂજન–ચૈત્યવંદનમાં ડાફોળિયાં મરાય છે, તે પ્રભુ પર તેવી મમતા અને પ્રીતિના અભાવને આભારી છે. નહિતર ભગવાન પર જોરદાર મમતા હોય તો એમને મૂકીને બીજું જોવાનું મન જ શાનું થાય ? એમની સ્તવનામાં બીજા ત્રીજાનાં વિચાર શાના આવે ? એમ ગુરુની ઉપાસના તો કરાતી હોય, પરંતુ એની ય વચ્ચમાં બીજા ત્રીજા લફરાં પેસતાં હોય એની પાછળે ય આ જ કારણ છે કે ગુરુ પર એવી જોરદાર મમતા નથી. પત્ની–પુત્રાદિ પર મમતા હોય છે તો એમની સેવા–સરભરા કેવી નિર્ભેળ અને દિલના ઉમળકાવાળી થાય છે !

એકાકારતાની ચાવી મમતા :–

ગુરુ પ્રત્યેની મમતા એટલે કે 'શી વાત મારા ગુરુ !' આવી મમતા હોય પછી એમની સાથે વાદવિવાદ રગડા ઝગડા વગેરે કરવાનું ન થાય. ગુરુના દોષ જોવાનું મન ન થાય. મમતા અનેરી ચીજ છે. સાધર્મિક પ્રત્યે મમતા હોય તો એના પર અત્યંત પ્રીતિ એવી રહે કે બધી વાતમાં કુટુંબ વગેરે પછી, પણ સાધર્મિક પહેલો. અરે ! એક નવકારની સાધના પણ જોરદાર અને એકાકાર થઈને કયારે થાય ? નવકાર પર એવું દિલનું સહજ મમત્વ ઊભું કરાયું હોય, મમતાને લીધે એના પર અત્યંત અને

સતત પ્રીતિ બની રહે. પછી ડગલે ને પગલે નવકાર યાદ આવ્યા કરે, કોઈ પણ કામ શરુ કરવાનો પ્રસંગ આવ્યો કે નવકાર પહેલો યાદ કરાય.

એટલે કયાંય પણ નવકારાદિની સાધનામાં રસ ન આવતો હોય, સ્થિરતા ન રહેતી હોય ત્રુટિઓ રહેતી હોય, તો

એ નવકારાદિની સાધનામાં ચંચળતા-નીરસતા-ત્રુટિઓ નિવારવા માટે આ જ કરવાનું છે, કે નવકાર આદિ પર ગાઢ મમત્વ ઊભું કરવાનું.

અવિચ્છિન્ન પ્રીતિ:-

અહીં યોગકથા પરની પ્રીતિ અવિચ્છિન્ન એટલે કે સતત-અખંડ ચાલે એમ કહ્યું; અર્થાત્ હમણાં તો યોગકથાની પ્રીતિ રહી, પરંતુ પછી સંસારનું કોઈ એવું પ્રલોભન આવ્યું, કે આપત્તિ આવી, તો યોગકથાની પ્રીતિ મોળી પડી ગઈ, યા નષ્ટ થઈ ગઈ, એવું નહિ. એ તો પ્રીતિ જામી તે જામી, હવે નષ્ટ થાય નહિ. એનું કારણ એ છે કે ભવાભિનંદિતા નીકળી જઈને જાગેલી યોગદૃષ્ટિના બોધ-પ્રકાશમાંથી એ પ્રીતિ ઊઠી છે. એટલે હવે ભવનાં પ્રલોભન કે આપત્તિ એને વિહ્વળ કરી ચંચળ કરી શકે નહિ. હા, જો દુન્યવી વાહ-વાહ-સન્માદિના ઉદ્દેશથી યોગકથા-પ્રીતિ જાગી હોય, તો તે ડગી જવા સંભવ. પરંતુ એવી યોગકથા-પ્રીતિ એ વાસ્તવમાં યોગકથાની છે જ નહિ.

આ પરથી આપણામાં યોગદૃષ્ટિના બોધ-પ્રકાશનું માપ કાઢવાનું સાધન મળ્યું કે યોગ-કથા પર પ્રેમ એટલે કે યોગની વાતો પર પ્રેમ કેટલો છે? એટલો બોધપ્રકાશ સમજવો. 'યોગ' એટલે મોક્ષની સાથે જોડી આપે તે; અર્થાત્ મોક્ષનાં સાધન એ યોગ, દેવદર્શનથી માંડીને ઉત્કૃષ્ટ ચારિત્ર સુધીનાં બધાં મોક્ષ-સાધન છે, મોક્ષ પ્રત્યે અનુકૂળ છે. દેવદર્શન-પૂજન-ભક્તિ, ગુરુ-ઉપાસના, સાધુ-સેવા, એ બધા ય મોક્ષ-સાધક યોગ છે. દયા દાન-શીલ-તપ, સંઘભક્તિ, વિનય, વૈયાવચ્ચ, એ યોગ છે. શાસ્ત્ર-સ્વાધ્યાય, જાપ, ધ્યાન એ યોગ છે. સમિતિ-ગુપ્તિ-પરીસહ-એ યોગ છે. તરસ લાગી છે, ત્યાં 'પાણી નથી પીવું, તૃષા-પરીસહ સહન કરવો છે,'-એ ભાવ આવે એ પરીસહ-સંવરયોગ થયો. એમ ક્ષમાદિ ૧૦ ધર્મ અનિત્યતાદિ ૧૨ ભાવના, ૫ ચારિત્ર એ બધાય મોક્ષ-સાધક યોગ છે.

યોગ પર પ્રેમ-પ્રીતિ

આવા યોગ પર પ્રેમ એટલે યોગની વાતો પર પ્રેમ થાય. તો પૂછશો,-

પ્ર૦-અમને યોગ પર પ્રેમ છતાં યોગની વાતો પર પ્રેમ નહિ, ને ભળતી વાતો પર પ્રેમ કેમ થાય છે?

ઉ૦-પહેલું એ તપાસો કે યોગ પર પ્રેમ છે ખરો? જેને યોગ પર પ્રેમ હોય, એને વિષય-ભોગ પર પ્રેમ નહિ; કેમકે વિષયભોગ એ સંસારનું સાધન, યોગ એ મોક્ષનું સાધન. મુમુક્ષને મોક્ષ પર પ્રેમ છે, સંસાર પર સૂગ છે. એમ-

જેને યોગ પર પ્રેમ, એને ભોગ પર સૂગ હોય.

એમ જેને યોગની વાતો પર પ્રેમ, એને ભોગના વિષયોની વાત પ્રત્યે સૂગ થાય.

આપણી જાતનું માપ કાઢવાનું કે-

આપણને કયાં પ્રેમ? અને કયાં સૂગ?

ભોગ અને ભોગના વિષયો ગમે છે? કે યોગ -યોગની વાતો ગમે છે?

જો વિષયો ગમે છે, તો યોગ નહિ ગમે. યોગ પર એક પ્રકારની અરુચિ-સૂગ રહેશે. વિષયની વાતો ગમે છે, તો યોગની વાતો પર અરુચિ સૂગ રહેશે. એટલે તો કેટલાક, જો

વ્યાખ્યાનમાં કથાઓ, હાસ્ય, ટૂચકા નહિ હોય અને યોગની ને તત્ત્વની વાતો-વિચારણા હશે, તો કહે છે 'મહારાજ બહુ ઝીણું ઝીણું કાંતે છે. કયાં સુધી આ ચલાવશે? વાર્તા કયારે આવશે?' આ બોલ શાના છે? કહો, યોગતત્ત્વ પ્રત્યે એક પ્રકારની સૂગના બોલ છે. પણ એને ખબર નથી, કે—

યોગની વાતો તો તારણહાર છે, મનનું સંશોધન કરે છે. યોગની વાતો સાંભળતા જાઓ, તેમ તેમ મનના કચરા સાફ થતા આવે, ત્યારે યોગની વાચિક-કાયિક સાધના એ વાણી અને કાયાનું સંશોધન કરે છે. 'જ્ઞાનસાર' શાસ્ત્ર ભાવસ્નાનનું વિધાન કરે છે. ભાવસ્નાનમાં શું કરવાનું? આ જ કે મન-વચન-કાયાનું શુદ્ધિકરણ કરવાનું. ઉત્તમ યોગોની સાધનાથી કાયાનું શુદ્ધિકરણ થાય. સૂત્રો-સ્તોત્રોના પાઠથી વાણીનું શુદ્ધિકરણ થાય. યોગકથાના શ્રવણથી મનનું શુદ્ધિકરણ થાય. મૂળમાં યોગ અને યોગકથા પર પ્રીતિ જોઇએ. એમાંય યોગ પર પ્રેમ હોય તો યોગકથા પર પ્રેમ આવે.

યોગ પર પ્રીતિ શા માટે? કહો, પ્રીતિ વિનાની સાધના લુખ્ખી માલ વિનાની.

માટે તો ચાર પ્રકારના સદ્અનુષ્ઠાનમાં પહેલું પ્રીતિ-અનુષ્ઠાન મૂકયું. પ્રીતિ હોય તો અનુષ્ઠાન માલવાળું સદનુષ્ઠાન; પ્રીતિ ન હોય તો હૈયાના ભાવ વિનાનું લુખ્ખું અનુષ્ઠાન. પ્રીતિથી ચડિયાતું ભક્તિ-અનુષ્ઠાન બતાવ્યું, પછી વચન અનુષ્ઠાન, અને છેલ્લે સૌથી ઉત્કૃષ્ટ અસંગ-અનુષ્ઠાન. પ્રીતિ-ભક્તિ-વચન-અસંગ અનુષ્ઠાનો ઉત્તરોત્તર વિશિષ્ટ કોટિના છે. આમાં પ્રીતિ-ભક્તિ અંગે દૃષ્ટાન્ત બતાવ્યાં કે પત્નીનાં કાર્ય કરાય તે પ્રીતિથી કરાય છે, અને માતાનાં કાર્ય કરાય તે ભક્તિથી કરાય છે. પ્રીતિ કરતાં ભક્તિમાં વિશેષતા આ છે, કે ભક્તિમાં અંતર્ગત પ્રીતિ તો છે જ, ઉપરાંત બહુમાન છે. પત્ની પર એકલી પ્રીતિ છે, બહુમાન નહિ, ત્યારે માતા પર પ્રીતિ ય છે, ને બહુમાન પણ છે.

પ્રસ્તુતમાં યોગ ને યોગકથાની સાધના પર પ્રીતિ હોય, ને એ સધાય તે સદ્અનુષ્ઠાન. એ લુખ્ખી નહિ, પણ સ્નિગ્ધ (ચોપડી-ભાવભીની) સાધના, ને તે અવન્ધ્ય-સફળ સાધના. આ પ્રીતિના મૂળમાં મમતા જોઇએ. મનને લાગે કે 'મારી તારણહાર સાધના.' જીવને દેહાદિ પરથી દૃષ્ટિ ઊઠીને આત્મા પર પરમાત્મા પર દૃષ્ટિ ગઈ છે. તેથી આત્મ-હિતકર પરમાત્માદિ પર મમતા જાગી છે, જામી છે, કહ્યું છે,-

संसाररसिक-मोक्षरसिकनी भिन्न भिन्न दृष्टिः-
देहे द्रव्ये कुटुम्बे च सर्वसंसारिणां मतिः ।
जिने जिनमते संघे पुनर्मोक्षाभिलाषिणाम् ॥

અર્થાત્ બધા ય સંસારીઓને એટલે કે સંસારરસિક જીવોને દૃષ્ટિ દેહ-દ્રવ્ય (ધન) અને કુટુંબ પર હોય છે, ત્યારે મોક્ષાભિલાષી-મોક્ષરસિક જીવોને દૃષ્ટિ પરમાત્મા જિનેશ્વરદેવ, જિનશાસન અને જૈન સંઘ પર હોય છે. આંધો જાય, પાછો જાય, ત્યાં મુખ્યદૃષ્ટિ ત્યાં પડે. દા.ત.

જમવા બેસે ત્યાં સંસારરસિકો એ જોશે કે 'જમણથી મારા શરીર ને મારી જીભને આનંદ કેટલો મળે છે?' પછી ત્યાં એને ભગવાનનો, ભગવાને કહેલ ભક્ષ્ય-અભક્ષ્યનો, તિથિ-અતિથિનો, કશો વિચાર નહિ; ત્યારે મોક્ષાભિલાષીને એ વિચાર હોય કે 'જમતા પહેલાં ભગવાનની ભક્તિ કરી કે નહિ? જમણમાં અભક્ષ્ય તો નથી ને? આજે છૂટો રહી કશા તપ વિના જમું છું, પણ આજે પર્વતિથિ તો નથી ને?' એમ, દા. ત.

સ્નાન કરે તે, પહેલો સંસાર રસિયો પોતાના દેહને ઉજ્જવળ બનાવવા કરશે, ત્યારે બીજો પરમાત્માની પૂજા કરવા અર્થે સ્નાન કરશે. પહેલાની દૃષ્ટિ કાયાને સાફસુફ અને શોભાભરી કરવા પર તથા કાયા-ઇંદ્રિયોને આનંદ મંગળ કરાવવા પર; ત્યારે બીજાને દૃષ્ટિ પરમાત્માની પૂજા ભક્તિ અને શોભા વધારવા પર અને આત્માને આનંદ પમાડવા પર હોય છે.

એમ, સંસારરસિયો ધન-માલ-વેપાર વગેરેમાં જ લગ્ન અને મગ્ન હોય છે. ત્યારે મોક્ષરસિયો જિનમત-જિનાજ્ઞા સ્વીકારવા-પાળવામાં લીન હોય છે.

એમ, પહેલો માત્ર કુટુંબની સેવા-સરભરા કરવામાં શૂરો, ત્યારે બીજો સંઘ-સાધર્મિકની સેવા-ભક્તિને મુખ્ય કરનારો હોય છે, એના પર એને મુખ્ય દૃષ્ટિ હોય છે.

આ દૃષ્ટિભેદનું કારણ આ જ, કે સંસારરસિયાને પોતાની કાયા-કંચન-કુટુંબ પર મમતા છે, પ્રીતિ છે, ત્યારે મોક્ષાભિલાષીને પોતાના આત્માના હિતકર જિન-જિનવચન-જિનસંઘ પર મમતા છે, પ્રીતિ છે. આના પરથી આપણી જાતનું માપ કાઢી શકીએ, કે આપણે સંસારરસિક છીએ? કે મોક્ષરસિક? એ માટે આ જોવાનું કે આપણી મુખ્યપણે દૃષ્ટિ કોના પર રહે છે? હૈયાની મમતા કોના પર? હિલની મુખ્ય પ્રીતિ કોના પર? કાયા-કંચન-કુટુંબ પર? કે જિન-જિનવચન-જિનસંઘ પર? જો દૃષ્ટિ, મમતા, પ્રીતિ, બધું માત્ર કાયા-કંચન-કુટુંબ પર છે, તો એ સંસાર-રસ સૂચવે છે, પછી આપણને મોક્ષ સાથે શી લેવા-દેવા રહે?

એમ આપણે આ જોવાનું છે, કે આપણે આપણો અભ્યુદય-આબાદી શેમાં માનીએ છીએ? ધ્યાનમાં રહે, કે-

દેહ-દ્રવ્ય-કુટુંબની જાહોજલાલીમાં પોતાનો અભ્યુદય અને આબાદી માને એ ભવાભિનંદી જીવ છે. ત્યારે

એ જાહોજલાલીમાં પોતાની બરબાદી જુએ, ને જિન-જિનમત-જિનસંઘની સેવામાં પોતાનો અભ્યુદય અને આબાદી માને, એ સાચો મોક્ષાભિલાષી-મોક્ષરસિક જીવ છે.

પ્ર૦-દેહ-દ્રવ્યાદિ પર અનંત અનંત કાળની મમતાના ગાઢ સંસ્કાર છે, તેથી એને મૂકીને જિન-જિનમત આદિ પર મમતાદિ શી રીતે થાય?

ઉ૦-સુકૃતનો હિસાબ માંડવાથી આ મમતાદિ થાય. (૧) એક હિસાબ આ, કે આ વિચારવાનું કે 'સુકૃત કયું? દેહ-દ્રવ્યાદિની સેવાને કોઈ સુકૃત નહિ કહે. સુકૃત તો જિન-જિનશાસનાદિની સેવાને જ કહેવાય. વળી આ સુકૃતની તક આ ઉત્તમ ભવમાં જ છે, તો અહીં એ સુકૃત કાં ન સાધી લઉં? એ માટે મમતાદિ જિન-જિનશાસનાદિ પર જ કાં ન જમાવું!'

(૨) બીજો હિસાબ આ, કે 'અહીં જે આ ઉત્તમ અવતાર, ઉત્તમ માનવદેહ, પાંચે ઇંદ્રિયો પરિપૂર્ણ, વિશિષ્ટ બુદ્ધિશક્તિવાળું મન, અને ખાનપાન-રહેઠાણ આદિ બધું પ્રાપ્ત થયું છે, તે **અહીંનું બધું સારું પૂર્વ જન્મના સુકૃતના પ્રભાવે મળ્યું? કે પૂર્વભવે દેહ-દ્રવ્ય-કુટુંબનો કથલો સંભાળ્યા કરવાના પ્રભાવે?**

દેહાદિનો કથલો સંભાળ્યા કરવાના પ્રભાવે આ ઉત્તમ અવતારાદિ પ્રાપ્ત થયું કહેવાય નહિ, કેમકે તો તો એ કથલો સંભાળ્યા કરનાર તો આખી દુનિયા છે, તો એ બધાને ઉત્તમ અવતાર વગેરે મળી જઈ નિસ્તાર થઈ જાય! પણ એવું બનતું નથી. તેથી કહેવું પડે, કે પૂર્વભવના સુકૃતોના હિસાબે જ અહીં ઉત્તમ પ્રાપ્તિઓ થઈ છે. તો પછી અહીં પણ એ સુકૃતો જ કરવા જોઈએ; દેહાદિનો બહુ કથલો સંભાળ્યા કરવાનો નહિ. સુકૃતો જ બહુ કરતા રહીએ તો જ આગળ પર ઉત્તમ અવતારાદિ બધું પ્રાપ્ત થાય. એ સુકૃતો માટે જિન-જિનશાસન વગેરે પર જ મમતા-લાગણી-પ્રેમ-શ્રદ્ધા રાખું.'

(૩) યોગી પર બહુમાન.

યોગ અને યોગકથા પર અત્યંત મમતાભરી પ્રીતિની જેમ વિશુદ્ધયોગવાળા યોગીઓ પર બહુમાન રાખવું જોઈએ. એ બહુમાન વિનયાદિ ભક્તિઉપચાર પૂર્વક જોઈએ. ઉપચાર અંગે વિશેષ આગળ કહેશે. બાકી કહ્યું છે,-

ભક્તિ એ બાહ્ય પ્રતિપત્તિ યાને સેવા, સરભરા છે, અને બહુમાન એ આંતર પ્રીતિ-ગૌરવ છે.

યોગીઓ પર બહુમાન એટલે આપણા હૃદયમાં યોગીઓ પર પ્રીતિ હોય, એમના માટે અત્યંત માન હોય, આપણા દિલમાં એમને અનન્ય ગૌરવનું સ્થાન આપીએ.

યોગીઓ પર બહુમાન શા માટે ?

એટલા માટે કે (૧) યોગવર્ણન ને યોગકથા જો પ્રેમથી સાંભળવી છે, તો એને કહેનારા યોગી છે, તેથી યોગી પર બહુમાનભાવ તો રાખવો જ જોઇએ. જેને યોગના ઉપદેશક પર બહુમાન નહિ હોય, એ એમની પાસેથી યોગની વાતો પર પણ શ્રદ્ધા નહિ કરે. યોગી સાધુપુરુષ યોગના વિષયને બહુ ગંભીરતાથી છણી રહ્યા હશે, પણ યોગી પર બહુમાન વિનાનો શ્રોતા એને સામાન્યમાં કાઢી નાખશે ! એટલે યોગની ગંભીર વાતો એને માટે નિષ્ફળ જશે. આ અનર્થ ટાળવા માટે યોગી પર બહુમાન જોઇએ.

ગુરુ બહુમાન પર બે વિદ્યાર્થી :-

બહુમાનથી સાંભળેલું અને ગ્રહણ કરેલું કેવું અદ્ભુત કામ કરે છે એ આપણને પેલા બ્રાહ્મણ ઉપાધ્યાયના બે વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. (આની કથા માટે જુઓ યોગદૃષ્ટિ ભા-૧ પૃ.-૧૦૦)

યોગ અને યોગની વાતો પર પ્રીતિ છે, તો હૈયામાં યોગીઓ પર બહુમાન તો ઊછળતું જ જોઇએ. મનને એમ થાય, કે 'અહો ! આ યોગીઓની કેવી ઉત્તમતા ! કેવું ઉમદા અને જગત-ઉપકારક એમનું યોગમય જીવન !' આ બહુમાનથી જ્યારે જ્યારે યોગી પર દૃષ્ટિ જાય ત્યારે ત્યારે શુભ સંસ્કાર અને નવનવા પુણ્યાનુબંધી પુણ્યનો લાભ મળે ! તેમજ દુનિયાના જડ ચેતન પદાર્થ પરનાં બહુમાન ઓસરતા આવે.

ભક્તિથી યોગીને ને પોતાને લાભ

(ટીકા) न केवलमयम्, किं च-

(મૂલ) **यथा शक्त्युपचारश्च,**
योगवृद्धिफलप्रदः ।
योगिनां नियमादेव,
तदनुग्रहधीयुतः ॥ ४३ ॥

'यथाशक्ति' शक्त्यौचित्येन किमित्याह उपचारश्च ग्रासादिसम्पादनेन यथोक्तयोगिष्विति प्रक्रमः । स एव विशिष्यते 'योगवृद्धिफलप्रदः' तत्सम्यक्परिणामेन 'योगिनां नियमादेव' नान्यथा तद्विघात हेतुरिति, 'तदनुग्रहधीयुतः' उपचारसम्पादकानुग्रहधीयुत इत्यर्थः ॥४३॥

(ટીકા-અર્થ-) માત્ર આ (બહુમાન) જ નહિ, કિંતુ

(ગાથાર્થ :-) યથાશક્તિ ભક્તિ પણ (કરણીય છે.) (તે કેવી, તો કે) યોગીઓને અવશ્ય યોગવૃદ્ધિરૂપી ફળને આપનારી અને (ભક્તિ કરનાર) પોતાની ઉપર ઉપકારની બુદ્ધિથી યુક્ત હોય.

(ટીકાર્થ :-) યથાશક્તિ અર્થાત્ શક્તિનું ઔચિત્ય જાળવીને, શું ? તો કે ઉપચાર; અર્થાત્ આહારાદિ લાવી આપીને ભક્તિ કરવી. કોની ? તો કે પૂર્વોક્ત યોગીઓની, એ પ્રસ્તુત સંબંધ છે. એ (ઉપચારની) જ વિશેષતા બતાવે છે, 'યોગવૃદ્ધિ ફલપ્રદઃ' અર્થાત્ એ આહારાદિનું સમ્યક્ પચન થવાથી એ ભક્તિ યોગીઓને અવશ્ય યોગની વૃદ્ધિરૂપી ફળને દેનારી બને છે; પણ બીજી રીતે નહિ, (અર્થાત્ સમ્યક્ પચન ન પામનારા આહારાદિથી નહિ;) કેમકે એ તો યોગના વિઘાતક છે. 'तदनुग्रहधीयुतः' અર્થાત્ ભક્તિ વળી ભક્તિકારક પોતાની ઉપર ઉપકાર થવાની બુદ્ધિથી યુક્ત જોઇએ.

વિવેચન :—

ગયા શ્લોકમાં યોગકથા-પ્રીતિની સાથે યોગીઓ પર બહુમાન હોવાની આવશ્યકતા બતાવી. પરંતુ માત્ર એટલેથી પતતું નથી, બીજું પણ જરૂરી છે, તે શું ? એ હવે અહીં ૪૩ મી ગાથામાં બતાવે છે.

યોગીઓની યથાશક્તિ યાને શક્તિની ઉચિતતા જાળવીને ભક્તિ પણ કરવી જોઇએ.

'બહુમાન' એ આંતર પ્રીતિ છે, ત્યારે 'ભક્તિ' એ બાહ્ય સેવા સરભરા છે.

પ્ર૦-આંતર પ્રીતિરૂપ બહુમાન રાખ્યું, તો હવે બાહ્ય ભક્તિની શી જરૂર છે?

ઉ૦- જો અંતરમાં ખરેખર બહુમાન છે, તો જીવ ઝાલ્યો જ ન રહે, બાહ્ય સેવા સરભરા કરે જ. નોકરને શેઠ પર બહુમાન છે, તો શેઠની સેવા સરભરા કરે જ છે. માતા-પિતા ઉપર જો બહુમાન છે, તો એમની સેવા-ભક્તિ કરે જ છે. એમ અહીં બીજી યોગદૃષ્ટિમાં યોગીઓ પર બહુમાન છે, તો એમની બાહ્ય સેવા-ભક્તિ ય કરે જ.

વ્યવહારમાં ય દેખાય છે, કે સારો વિદ્યાર્થી શિક્ષક પર જેમ અંતરમાં બહુમાન રાખે છે, એમ બાહ્યથી સેવા-ભક્તિ પણ કરે જ છે. અગર માત્ર આ લોકના જ ઉપકારી એવા શિક્ષકની ય સેવા-ભક્તિ કરાય, તો પછી દીર્ઘ પરલોકના ઉપકારી યોગીઓની સેવા-ભક્તિ આદિ તો કર્યા વિના રહેવાય જ કેમ? જો નથી કરતો તો કાં સ્વાર્થવૃત્તિ છે, યા હરામ હાડકાનો છે.

યોગીઓની સેવા-ભક્તિમાં રહ્યાથી માનસિક અધ્યવસાય નિર્મળ રહે છે. આ પોતાને ફળ; પણ સેવાથી યોગીને ફળ ખરું? એના ઉત્તરમાં કહે છે, 'યોગવૃદ્ધિફળપ્રદઃ' યોગીઓની આહારાદિથી ભક્તિ કરે એટલે યોગીઓના દેહને ટેકો-પુષ્ટિ મળે છે, દેહને સ્ફુર્તિ વધે છે, ને તેથી એ પુષ્ટ થયેલ દેહ દ્વારા યોગીને યોગ-સાધનામાં વૃદ્ધિ થાય છે.

આહારાદિથી ભક્તિ એટલે અનુકૂળ આહારની જેમ બેસવાનું સ્થાન પણ એવું અનુકૂળ આપે, કે જ્યાં બહુ ઘામ ન હોય, બહુ ઠંડી ન હોય, તેથી એમના શરીરને શાતા રહેવાથી એમને યોગની વાતો સંભળાવવામાં મનની સ્ફૂર્તિ સારી રહે; તેમ યોગીને પોતાને પણ યોગચિંતન વિશેષ સ્ફુર્તિભર્યું ચાલે. આ બધું એમના યોગની વૃદ્ધિ છે.

પ્ર૦-યોગીઓ તો બુદ્ધતત્ત્વ છે, એમને આહારાદિની અનુકૂળતાની એવી અપેક્ષા શી?

ઉ૦-યોગીઓને પણ ઔદારિક શરીર વળગ્યું છે, ને એ શરીર દ્વારા સાધના કરવાની છે, કહ્યું છે,-

'અહો જિણેહિં અસાવજ્જા, વિત્તિ સાહૂણ દેસિયા,।
મુક્ખસાહણહેઉસ્સ, સાહુ-દેહસ્સ ધારણા" ॥

અર્થાત્ 'મોક્ષની સાધનામાં હેતુભૂત છે. અથવા મોક્ષના સાધન-જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં હેતુભૂત છે સાધુનું શરીર. એને ટકાવી રાખવા ખાતર, અહો! જિનેશ્વર ભગવંતોએ સાધુને (કેવી સુંદર) નિર્દોષ ભિક્ષાચર્યા ઉપદેશેલી છે!'

સાધના માટે યોગીને પણ આહારાદિનું મહત્ત્વ :-

શ્રુત કેવળી ભગવાન શય્યંભવસૂરિજી મહારાજનું આ વચન બતાવી રહ્યું છે, કે શરીર એ મોક્ષની--મોક્ષ માર્ગની સાધનામાં કારણભૂત છે. શરીર દ્વારા એ સાધના કરવાની છે. તે એ શરીર ઔદારિક હોવાથી શરીરને ટકાવી રાખવા આહાર-પાણીની જરૂર પડે છે. જો સ્વર્ગના દેવને હોય છે એવું વૈક્રિય શરીર હોત, તો બાહ્ય આહાર-પાણીની જરૂર ન રહેત. પરંતુ માનવશરીર ઔદારિક પુદ્ગલોનું બનેલું હોવાથી એ આહારાદિમાંથી જનમ્યું, આહારાદિથી વધ્યું અને આહારાદિથી ટકે છે. માટે એને આહારાદિની અપેક્ષા છે. તપસ્યા કરનારને પણ પારણું કરવું પડે છે; તો જ શરીર ટકે છે, ને એના દ્વારા મોક્ષ-માર્ગની મોક્ષયોગની સાધના થાય છે. એટલે યોગીઓને પણ યોગસાધના કરવાની હોવાથી એમને ય શરીરને ટકાવી રાખવા પૂરતા આહારપાણી આદિની જરૂર રહે છે. એ આહારાદિ અનુકૂળ હોય તો જ શરીરનું

આરોગ્ય અને માનસિક શાતા-સ્વસ્થતા સારી જળવાય, અને એના દ્વારા યોગસાધના આગળ વધે. માટે કહ્યું, 'યોગીઓની આહારાદિથી કરાતી ભક્તિ નિયમા યોગવૃદ્ધિનું ફળ આપનારી છે.' એટલું બરું કે આ આહારાદિ અનુકૂળ હોય તો જ શરીર ને મન સ્વસ્થ રહી યોગવૃદ્ધિ થાય; પણ નહિ કે પ્રતિકૂળ આહારાદિથી યોગવૃદ્ધિ થાય; કેમકે એ પ્રતિકૂળ આહારાદિ તો ઉલ્ટું શરીરને ને મનને અસ્વસ્થ કરીને યોગવૃદ્ધિનો ઘાત કરનારા બને છે. બાકી અનુકૂળ આહારાદિથી ભક્તિ તો શરીર-મન સ્વસ્થ રખાવી નિયમા (અવશ્ય) યોગવૃદ્ધિ કરે જ.

અહીં શાસ્ત્રકાર એક મહત્વની વાત કહે છે કે-

तदनुग्रहधीयुतः

અર્થાત્ ભક્તિ કરવાની તે કેવી? તો કે **પોતાના લાભનો, પોતાના ઉપકારનો વિચાર રાખીને ભક્તિ કરવાની.**

અહીં પોતાનો ઉપકાર બે જાતનો,-

(૧) એક પોતાની મોક્ષ-માર્ગની આરાધના ન ઘવાય, પણ અખંડ ચાલુ રહે તે; **અને બીજું,**

(૨) પોતાના ચિત્તની સ્વસ્થતા-સમાધિ જળવાય તે.

(૧) 'तदनुग्रहधीयुतः' નો એક અર્થ :-

દા. ત. કોઈ બાસ પરિસ્થિતિની વાત જુદી, બાકી ચાલુ સંયોગોમાં જો એ સાધક ભક્તિમાં એવો લાગે, કે પોતાની ઉભય કાળ કરવાની આવશ્યક(પ્રતિક્રમણ)ક્રિયા, પડિલેહણની ક્રિયા, વગેરેમાં ભંગ પડે, તો પોતે જિનાજ્ઞાનો ભંજક બને; ને એમાં તો પોતાને અપકાર થયો, ઉપકાર નહિ. પોતાને લાભ નહિ, નુકસાન થયું, એમ સ્વાધ્યાય ગુમાવે તો તે પણ પોતાને **ઉપકાર નહિ, અપકાર થયો.**

આ ચાલુ સંયોગની વાત છે. યોગી કદાચ આકસ્મિક કે અસાધારણ બિમારીવાળા હોય ને એમની સેવા-ભક્તિમાં દિવસ-રાત લાગ્યા રહેવાની જરૂર હોય, ને ત્યાં તેમ કરતાં સ્વાધ્યાય હાનિ થાય તો એ દોષરૂપ નહિ, કેમકે ભગવાનની જ મોટી આજ્ઞા છે, કે-

'जो गिलाणं पडिजागरइ सो मं'

ગ્લાનસેવા એ પ્રભુસેવા :-

અર્થાત્ 'જે બિમારની બરાબર સેવા-સંભાળ કરે છે, એ જ મારી સેવા-સંભાળ કરનારો છે. એવા બિમાર સાધુની ઉપેક્ષા કરનારો એ મારી ઉપેક્ષા કરનારો છે.' આ આકસ્મિક કે અસાધારણ સંયોગની વાત; બાકી ચાલુ સંયોગમાં યોગીઓની ભક્તિ કરવાની તે પોતાના ઉપકારનો વિચાર રાખીને કરવાની. આ ઉપકાર એટલે પોતાની સાધનાની અખંડિતતા.

(૨) 'तदनुग्रहधीयुतः' નો બીજો અર્થ :-

બીજો પોતાનો ઉપકાર ચિત્તની સ્વસ્થતા -સમાધિ. ભક્તિ કરવા જતાં અલબત્ પોતાના આવશ્યક કૃત્યોની હાનિ તો ન થતી હોય, પરંતુ જો વધુ પડતી ભક્તિ કરવા જતાં પોતાને અતિ થાક લાગીને તાવ આવી જાય, યા પોતાનો દમ વગેરે રોગ વધી જાય, ને ત્યાં ચિત્ત અસ્વસ્થ બને, અસમાધિ-આર્તધ્યાન થાય, તો તે પોતાને અપકાર થયો કહેવાય. એવું ન બને, એ ખ્યાલ રાખીને ભક્તિ કરવાની.

પ્ર૦-એમ તો કોઈ માને કે 'આપણે કાંઇ ભક્તિની દોડાદોડ કરવી નથી, કેમકે એથી તો આધા જઈને પાછા પડવાનું થાય, અર્થાત્ આપણું શરીર થાકે, ભણવાનું બગડે, ને મનને અસમાધિ થાય' એમ કરી ભક્તિ ન કરે તે શું બરાબર નથી? એમાં ચિત્તને શાંતિ રહે ને?

ઉ૦-ના,

મનમાં ભક્તિની ને જિનાજ્ઞાની ઉપેક્ષા આવી એ જ મોટી અસમાધિ છે.

કેમકે 'જયવીયરાય સૂત્રમાં 'ગુરુજણ પૂઆ' અને 'પરત્થકરણં' વડિલજનોની સેવા અને પરાર્થકરણની જિનાજ્ઞા છે. **જિનાજ્ઞાના ભંગની વૃત્તિ એ મોટી અ-સમાધિ છે.** એમ સમ્યગ્દર્શનના આચારોમાં 'ઉવવૂહ' અને 'વચ્છલ્લ'ના આચાર છે. એ ઉપબૃંહણા (સમર્થન-અનુમોદન-પ્રોત્સાહન) તથા વાત્સલ્ય કોરેકોરા કામ ન લાગે. એ દાખવવા ભક્તિ જરૂરી હોય છે. તેની ઉપેક્ષા કરવાથી સમ્યગ્દર્શનના આચારનો ભંગ થાય. એટલે

સમ્યક્ત્વ મલિન કરાય એ મોટી અસમાધિ છે.

એમ જ્ઞાનના આઠ આચારોમાં વિનય અને બહુમાન આચાર છે. એ કોઈ લુખ્ખે લુખ્ખા ન ચાલે, એ માટે જરૂરી ભક્તિ કરવી પડે. એની ઉપેક્ષા એ પણ જ્ઞાનાચારનો ભંગ, જ્ઞાનની મલિનતા અને જિનાજ્ઞાની ઉપેક્ષા છે; ને એ મોટી અસમાધિ છે. પછી ભક્તિની ઉપેક્ષા કરી મનફાવતું ભણવાનું વધારે કર્યું, ને ત્યાં ચિત્તની સમાધિ માની લીધી, એ ભ્રમ છે.

એ તો એના જેવું છે, કે લોભિયો ગૃહસ્થ માને કે 'મને ૫૦ લાખ રૂપિયા મળી જાય, તો ચિત્તની સ્વસ્થતા-સમાધિ સારી રહે,' અને કદાચ પુણ્ય-યોગે મળીય ગયા, પછી એ ચિત્તની સમાધિ થયાનું માને, પરંતુ એ ભ્રમ છે; કેમકે પહેલા નંબરમાં ૫૦ લાખનો રાગ-લોભ મમતા-આસક્તિ એજ મોટી અસમાધિ છે. કહ્યું છે,

'પરિગ્રહભાર-ભર્યા પ્રાણી,
પામે અધોગતિ દુઃખખાણી.'

બહુ આરંભની બુદ્ધિ ને બહુ પરિગ્રહની બુદ્ધિ એ નરકના દ્વાર છે. એમાં ચિત્તની સમાધિ શાની ?

બસ, એમજ આવશ્યક ભક્તિની ઉપેક્ષા કરી સ્વાધ્યાય-તપમાં શાંતિ-સમાધિ માનવી, એ ઉપેક્ષા જ મોટી અસમાધિ છે.

જિનાજ્ઞા-વિહિત કર્તવ્યોનું ઉલ્લાસથી પાલન એ મોટી સમાધિ છે.

એટલે પોતાને ચિત્તસમાધિનો ઉપકાર જોવાનો તે જિનાજ્ઞા વિહિત કર્તવ્યોનાં પાલનથી થતી ચિત્ત-સમાધિનો ઉપકાર જોવાનો, પણ મનમાની સમાધિ-સ્વસ્થતાનો ઉપકાર નહિ.

આમ બંને પ્રકારના સ્વોપકારનો ખ્યાલ રાખીને ભક્તિ કરવાની.

(૨) 'તદ્ગુણગ્રહણધીયુતઃ'નો બીજો ભાવ એ છે, કે યોગીઓની ભક્તિ કરવાની તેમાં પોતાને જે ચિત્ત-સમાધિનો મોટો લાભ થઈ રહ્યો છે એના ચાહીને આનંદ-અનુમોદન અનુભવવાના. એ સમાધિ-લાભનો ખ્યાલ રાખીને ભક્તિ કરવાની. એ ખ્યાલ સાથેની ભક્તિના ઊંચા મૂલ્ય છે.

ભક્તિ વગેરે આરાધનામાં જેને ચિત્તની સ્વસ્થતા-સમાધિ રહે, એને સમાધિ ઉપરાંત શુભાનુબંધોનો ય મોટો લાભ છે.

દરેક સાધનામાં સુંદર સમાધિનો આવો સાત્ત્વિક અધ્યાત્મિક લાભ મળે છે. એનો અતિ આનંદ હોય તો સાધનામાં જોમ આવે, અને બીજી કોઈ દુન્યવી લાભની આકાંક્ષા-આશંસા ઊભી રહે નહિ. તેથી જે નિરાશંસ ભાવે સાધના થાય, એના બહુ ઊંચા મૂલ્ય છે. ઉચ્ચ ત્યાગ-તપસ્યાદિ નિરાશંસભાવે સાધવાથી નંદીષેણ વગેરે મહાત્માઓને ઉચ્ચ લબ્ધિઓ ઊભી થઈ ગયેલી ! અને મોક્ષ અતિનિકટ બની ગયેલ !

'ધર્મ-સાધના કેમ કરો છો ?' 'યોગી મુનિઓની ભક્તિ કેમ કરો છો ?' એનો આ જ જવાબ કે 'મને એમાં ચિત્ત-સમાધિ સુંદર મળે છે. દુન્યવી ભાંજગડમાં તો ચિત્તને કેટલાય રાગ-દ્વેષ-રતિ-અરતિ વગેરે સંક્લેશો પીડતા હોય છે.' આવા સમાધિના સુંદર લાભની દૃષ્ટિએ

યોગીઓની ભક્તિ-સાધના થાય એમાં અલબત્ત સમાધિરૂપ સ્વોપકારની બુદ્ધિ રહી પરંતુ એ નિર્દોષ છે, એ કાંઈ દુન્યવી સ્વાર્થ-બુદ્ધિ નથી, મલિન આશંસાભાવ નથી.

(૩) 'તદનુગ્રહધીયુતઃ' નો ત્રીજો અર્થ

એમ લઈ શકાય કે યોગી-મુનિઓની વૈયાવચ્ચ કરવાની તે એમનો વૈયાવચ્ચકારીના પોતાના ઉપર ઉપકાર થઈ રહ્યો છે, એ બુદ્ધિ સાથે કરવાની. સામાન્ય રીતે માણસ કોઈની સેવા કરતાં એમ માને છે કે 'હું આમનું કાંઈક કરી રહ્યો છું,' પણ આમ માનવામાં અહંકાર આવે છે, તેમજ સામા પોતાના અહેસાન નીચે હોવાની બુદ્ધિ થાય છે. આર્ય-સંસ્કૃતિમાં તો યાચક-અતિથિને દાન કરીને દાતાર એમ માનતો કે 'આ યાચક-અતિથિ મને દાન ધર્મનો લાભ આપીને મારા પર ઉપકાર કરી રહ્યો છે. મારી પાસે યાચક-અતિથિ ન આવ્યો હોત, તો મને દાનનો લાભ ક્યાંથી મળત ?'

એમ અહીં પણ આ સમજવાનું છે, કે 'આ યોગીમુનિઓ મારી સેવા-વૈયાવચ્ચ સ્વીકારીને મને સેવા-વૈયાવચ્ચધર્મનો લાભ આપે છે, એ એમનો મારા પર ઉપકાર છે.' આવી પોતાના ઉપર યોગીઓનો ઉપકાર થવાની સમજથી સેવા-વૈયાવચ્ચ થાય, એ ખૂબ જ ઉછરંગ-ઉમળકાવાળી થાય.

વૈયાવચ્ચથી બીજા લાભ

(ટીકા) અયમેવ વિશિષ્યતે-

(મૂલ) **લાભાન્તરફલશ્ચાસ્ય,**
શ્રદ્ધાયુક્તો હિતોદયઃ ।
ક્ષુદ્રોપદ્રવહાનિશ્ચ,
શિષ્ટસમ્મતતા તથા ॥૪૪॥

લાભાન્તરફલશ્ચાસ્યોપચારકર્તુઃ, શુદ્ધોપચારપુણ્યાત્તથાવિપાકભાવાત્ । અત એવ શ્રદ્ધાયુક્ત ઉપચાર ઇતિ પ્રક્રમઃ । 'હિતોદયઃ' પૂર્વવત્, 'ક્ષુદ્રોપદ્રવહાનિશ્ચ' ભવતિ, અત એવ વ્યાધ્યાદિનાશઃ, 'શિષ્ટસમ્મતતા તથા,-' અત એવાસ્યાતિસુન્દરો બહુમાનઃ ॥૪૪॥

(ટીકા-અર્થ :-) આ યોગી-ભક્તિને જ વિશેષરૂપે કહે છે,-

(ગાથાર્થ :-) આના ફળમાં બીજા લાભ પણ છે-શ્રદ્ધાથી યુક્ત આ(ભક્તિ)માં હિતનો ઉદય છે, અને નાના નાના ઉપદ્રવોનો નાશ છે, તેમજ શિષ્ટોની સંમતિ છે.

(ટીકાર્થ :-) આ ભક્તિ કરનારને અન્ય લાભોનું ય ફળ મળે છે, કેમકે શુદ્ધ ભક્તિના પુણ્યથી એનો તેવો વિપાક ઊભો થાય છે. એટલા જ માટે શ્રદ્ધા યુક્ત (શું ? તો કે) ઉપચાર-ભક્તિ, એ પ્રકરણથી સમજાય છે. એ (શ્રદ્ધાયુક્ત ભક્તિ) પૂર્વોક્ત હિતના ઉદયવાળી બને છે, ક્ષુદ્ર (નાના નાના) ઉપદ્રવોનો નાશ કરનારી છે, એટલા જ માટે વ્યાધિ આદિનો નાશ થાય છે. તેમજ શિષ્ટોને સંમત છે. એટલા જ માટે એને અતિ સુંદર બહુમાન થાય છે.

વિવેચન :-

વૈયાવચ્ચથી બીજા લાભ :-

આ યોગીભક્તિ કરવાથી પોતાને સમાધિનો લાભ ઉપરાંત બીજા પણ લાભ થાય છે, કારણ કે એ ભક્તિ કરવાથી એવાં પુણ્ય કર્મ ઊભાં થાય છે, કે જેના વિપાકમાં આ લાભો આવી મળે.

દા. ત. સામગ્રીની અનુકૂળતા, શરીરે શાતા, માનસિક શાતા, લોકમાં પ્રિયતા વગેરે વગેરે ફળ મળે. પ્રશ્ન થાય,-

પ્ર૦-લોકમાં પ્રિયતા તો લોકો પર આધારિત છે, એમાં યોગીની કરેલી ભક્તિ શી રીતે કામ કરે ?

ઉ૦-સભક્તિ દેવો વૈયાવચ્ચ કરે એ 'નિમિત્તો 'વેયાવચ્ચગરાણં....' વગેરે સૂત્રથી

કાયોત્સર્ગ કરવામાં આવે છે. એના પર શ્રી 'લલિત વિસ્તરા'-ટીકા-શાસ્ત્રમાં વિચારણા બતાવી, એમાં પ્રશ્ન ઉઠાવ્યો કે-

પ્ર૦-'વૈયાવચ્ચ કરનાર દેવતાનું એ વખતે આનું ધ્યાન ન પણ હોય, કે 'અમારા નિમિતે આ કાયોત્સર્ગ કરે છે,' તો એ કયાંથી વૈયાવચ્ચ કરવા આવવાના હતા ? તો પછી શું કાયોત્સર્ગ નિષ્ફળ જશે ?'

ઉ૦-આનો ત્યાં ખુલાસો છે કે ગણધર મહારાજાએ રચેલ આ સૂત્ર છે. એ નિષ્ફળ ક્રિયા બતાવે નહિ; માટે જ આ સૂત્ર સૂચવે છે કે આ કાયોત્સર્ગ સફળ છે. તે આ રીતે કે એ કરનારને એનું ફળ આવું મળે જ છે કે એને કાયોત્સર્ગથી એવું શુભ ઊભું થાય છે, કે તેના વિપાકથી ખેંચાઈને દેવતાને વૈયાવચ્ચ કરવા આવવાની પ્રેરણા થાય.

કર્મવિપાકની અસર બીજાને શી રીતે ?

પ્ર૦-શુભ કર્મ તો કાયોત્સર્ગ કરનારનું છે; તો એ કર્મના વિપાકનું ફળ એને પોતાને મળે, પરંતુ ફળમાં વૈયાવચ્ચકારી દેવતાને પ્રેરણા શી રીતે મળે ?

ઉ૦-યશનામ કર્મ, આદેયનામકર્મમાં શું થાય છે ? એ કર્મનો વિપાક થાય, ત્યારે બીજાને જ યશ ગાવા પ્રેરે છે, બીજાને આદર કરવા પ્રેરે છે. તો એકના કર્મનું ફળ બીજામાં આવ્યું કે નહિ ? વાત એટલી છે, કે ફળ કેવી જાતનું છે એ જોવાનું. ફળ જો સાપેક્ષ હોય તો અપેક્ષિત પર અસર થવાની. દા. ત. યશ એ સાપેક્ષ પદાર્થ છે, કોઈ યશ ગાય તો પોતાને યશ મળ્યો ગણાય. એવું અપયશમાં. અપયશનામકર્મવાળાને અપયશ મળે છે, પણ કયારે ? કે જ્યારે બીજા અપયશ ગાનાર હોય તો જ. એટલે એમને આ અપયશ ગાવા પ્રેરે છે કોણ ? તો કે પેલી વ્યક્તિનું અપયશનામકર્મ. સીતાજીને પોતાનું અપયશનામકર્મ ઉદયમાં આવ્યું ત્યારે લોકોને એ કર્મે અપયશ ગાવા પ્રેર્યા કે, 'સીતાજી તો પરપુરુષ રાવણના ઘેર રહી આવેલા, એટલે રામે એમને ઘરમાં શાના રખાય ?'

મૂળમાં, કર્મ-ફળ બે જાતના,-

(૧) સ-સંબંધિક, ને (૨) અ-સંબંધિક.

અ-સંબંધિક ફળ દા. ત. સારા નરસા રૂપ-રસ-શરીર વગેરે. એમાં કર્મની અસર માત્ર એ કર્મવાળા જીવ પર જ પડે. સારા રૂપના કર્મવાળા જીવને એ કર્મથી સારું રૂપ મળે. ત્યાં એ કર્મ અ-સંબંધિક છે. પરંતુ યશ-અપયશ, આદેયતા-સૌભાગ્ય વગેરે કર્મ-ફળ સસંબંધિક છે. એના કર્મની અસર બીજા પર પણ પડે. યશકર્મવાળા જીવને યશ તો મળે, પરંતુ એનું યશનું કર્મ બીજાને આનું સારું બોલવા પ્રેરે, અપયશકર્મ બીજાને આનું ભૂંડું બોલવા પ્રેરે.

બસ, આ રીતે યોગીઓની ભક્તિ કરનારને એવાં પુણ્ય ઊભાં થાય છે, કે એના ઉદયમાં લોક પર એવી અસર પડે છે કે એમના દિલમાં આ ભક્તિ કરનાર પ્રત્યે પ્રિયતા ઊભી થાય છે.

ભક્તિના આ લાભનું ફળ મળવા ઉપરાંત બીજા પણ લાભ, જેવાં કે સામગ્રીની અનુકૂળતા, શારીરિક-માનસિક શાતા.. વગેરે ફળ પણ ઊભાં થાય છે.

ત્યારે એમાં ભક્તિ કેવી કરવી ? તો કહે છે,-શ્રદ્ધાયુક્ત ભક્તિ કરવી જોઈએ; અને તે આત્માના હિતનો ઉદય કરનારી બને છે.

આ શ્રદ્ધા કેવી ? :—

શ્રદ્ધામાં મનને એમ થાય કે 'આ યોગીઓ કેવી ઉત્તમ યોગ-સાધના કરી રહ્યા છે ! માનવ-જનમને અજવાળનારી સાધના છે. અમારી અર્થકામની સાધના, ને ભોગની સાધના, એ તો ઉત્તમ માનવ-જનમની વિટંબણા છે, જનમને બરબાદ કરનારી સાધના છે.'-જો આ શ્રદ્ધા નિશ્ચિત થઈ જાય, તો પછી એ શ્રદ્ધા સાથેની યોગીની ભક્તિમાં બે રીતે હિતોદય થાય.

ભક્તિથી હિતોદય ૨ રીતે :—

(૧) બીજા કોઈ દુન્યવી પદાર્થની આશંસા ન ઊઠે; અને ભક્તિને ગૌણ ને દુન્યવી પદાર્થ–લગનને મુખ્ય કરવાનું ન થાય, કિન્તુ ભક્તિ જ મુખ્ય રહે, ને એમાં આત્માનો મહાન હિતોદય થાય. તેમજ,

(૨) આ શ્રદ્ધાયુક્ત ભક્તિના એવા સુંદર સંસ્કાર યાને સુંદર શુભાનુબંધ ઊભા થાય કે જે પરલોકમાં આત્મામાં મહાન હિતના સહજ રીતે ઉત્થાન કરે.

આમાં પહેલો પ્રકાર એટલા માટે બતાવ્યો કે યોગીની ભક્તિ કરવાની છે તે એવા આશયથી નહિ કે 'મને યોગી મંત્ર-તંત્ર આપે, મને સાંસારિક વિષયોના આશીર્વાદ આપે, હું યોગીગુરુનો શિષ્ય છું તો એમની હું ભક્તિ કરું તો મને વસ્ત્રપાત્રાદિથી સારો સાચવે. મને શાસ્ત્રો ભણાવી એવો હોંશિયાર કરે, કે હું વિદ્વાન તરીકે પંકાઉ, સારા વ્યાખ્યાનકાર તરીકેની ખ્યાતિ મળે.'

આ આશયો પૌદ્ગલિક હોઈ આત્મામાં ગોઠવી વિષયાસક્તિને પોષનારા છે.

એથી કાંઈ આત્મામાં હિતનો ઉદય ન થાય. એ તો એવી મલિન આશંસા મલિન આશય બિલકુલ ન રાખતાં શુદ્ધ આત્મહિતની ભાવનાથી ભક્તિ થાય, તો જ આત્મહિતનો ઉદય થાય. માટે ભક્તિ કરો, તે નિઃસ્વાર્થ ભક્તિ કરો; તો આત્માનાં હિત સધાય.

ભક્તિથી આત્માના આ લોકનાં હિત કયા ?

(૧) આત્મહિતમાં ક્ષમાદિ શુભ ભાવો, મૈત્રી આદિ ભાવો તથા શુભ અધ્યવસાયો આવે. એમ,

(૨) વીતરાગ પરમાત્મા પર રાગ–બહુમાન ને ત્યાગી નિર્ગ્રન્થ સાધુ પર રાગ–બહુમાન આવે.

(૩) સંસાર પર વૈરાગ્ય અને મોક્ષનો પ્રેમ તથા શ્રાવક-સાધુ ધર્મના આચાર ક્રિયાઓ આવે.

(૪) ધર્મ–પ્રીતિ ને તત્ત્વ પર શ્રદ્ધા આવે.

(૫) મૈત્રી ભાવના, કરુણાદિ ભાવના, અનિત્યતાદિ ભાવનાઓ વગેરે આવે. તથા,

(૬) એને લાવનાર પ્રભુભક્તિ, સાધુ સેવા, દયા–દાનાદિ સુકૃતો આવે, તેમજ

(૭) ત્યાગ, તપ, સામાયિકાદિ સદનુષ્ઠાનો વગેરે સત્ કરણી આવે.

આ બધાં આત્માનાં હિત ગણાય.

યોગીની શ્રદ્ધાસહિત ભક્તિ કરાય, તો આ હિતોનો ઉદય થાય છે; કેમકે (૧) યોગી એવા હિતોથી ભરેલા હોય છે. એમનું શ્રદ્ધા સાથેનું સાંનિધ્ય સેવાય, અને એમની સેવા–સ્પર્શના થાય, તો સહેજે એમના એ ગુણોની, ભક્તિ કરનાર પર, છાયા પડે. વળી (૨) એમની પાસે શ્રવણ પણ એનું મળે એટલે ભક્તિ કરનારમાં સહેજે એ હિતોનો ઉદય થાય, ઉદ્યમ થાય.

ભક્તિથી પરલોકનાં હિત :-

આ તો આ જન્મના હિતોની ગણતરી થઈ, પરંતુ પરલોકના હિત પણ ખાસ લક્ષમાં લેવાના છે. યોગીની શ્રદ્ધાયુક્ત ભક્તિથી પરલોકનાં હિત પણ સિદ્ધ થાય છે. એ હિતો પણ આ જ બધા શુભ ભાવ, શુભ અધ્યવસાય,....વગેરે, અને ત્યાગ-તપસ્યા–દયા-દાન-શીલ–દેવ–ગુરુ-ધર્મની સેવા–ઉપાસના–સદાચરણ વગેરે સમજવાના. પરલોક જેનાથી ઊજળો બને તે પરલોકનાં હિત કહેવાય. આ જન્મની સારી વૃત્તિઓ ને સારી પ્રવૃત્તિઓ એવા શુભાનુબંધ-શુભસંસ્કાર ઊભા કરે છે, કે જેના પ્રતાપે પરલોકમાં એવા હિતનો ઉદય થાય છે. આ સારી વૃત્તિઓમાં એક ખાસ ધ્યાન આ રાખવાનું કે યોગસાધક બીજાઓ પર ઈર્ષ્યા અસૂયા, દ્વેષ, હલકી દૃષ્ટિ....વગેરે નરસી વૃત્તિ, અધમવૃત્તિ ન થાય. કારણ એ છે, કે અહીં યોગીમાત્ર પર બહુમાન રાખવાનું કહ્યું છે. હવે—

યોગી કોણ ?

તો કે યોગ સાધે તે યોગી.

અને 'યોગ' એટલે મોક્ષ-સાધક કોઇ પણ અનુષ્ઠાન. એટલે કે દા. ત. નવકાર-સ્મરણ એ પણ યોગ છે. તો એ સ્મરણ કરનારો યોગી છે. દેવદર્શન એ યોગ છે, તો દર્શન કરનારો યોગી છે. એમ તપ એ યોગ, તો તપસ્વી એ યોગી છે. હવે જો યોગી પર બહુમાન રાખવું છે, તો આ બધા નવકાર ગણનારા વગેરે યોગી પર પણ બહુમાન રાખવું જોઇએ. જો હૈયે એમના પર બહુમાન હોય તો યોગમાં આગળ વધી ગયેલા એમના પર ઇર્ષ્યા કે એમના પર ખાર કેમ આવે ? ઝેર શાના વરસે ? ને જો ઝેર વરસે છે, જો ખાર આવે છે, તો બહુમાન ક્યાં રહ્યું ? દીકરાને પોતે જ વેપારમાં હોંશિયાર કર્યો હોવાથી બાપને જો દીકરા પર માન-સદ્ભાવ છે, તો હવે એ દીકરો વેપારમાં સવાઈ હોંશિયારીવાળો થાય ત્યાં બાપને એના પર માન હોવાથી ક્યાં ઇર્ષ્યા થાય છે કે 'આ ક્યાં મારા કરતાં આગળ વધી ગયો ?'

એમ, જો યોગી પર બહુમાન છે, તો એની ધર્મક્રિયારૂપી યોગ-સાધનામાં ખોડખાંપણ જોવાનું મન ન થાય, એના ચાંદા એના દોષ જોવાનું ન કરાય કે 'એ કયાં ભૂલે છે ?' તેમજ ભૂલ જોઈ એના પર સૂગ કરવાનું ન થાય. એને તિરસ્કારવાનું-તુચ્છકારવાનું ન થાય, કે 'આટલું નથી આવડતું ?' જેને પોતાની ક્રિયાના સારાપણાનું અભિમાન રહે છે, એ બીજા ક્રિયા કરનારની ભૂલભાલ જોઈ એની ઘૃણા-જુગુપ્સા કરી એને ઉતારી પાડે છે, એને તુચ્છકારતાં મોં બગાડીને કહે છે 'આટલું આવડતું નથી ?' -આ ક્રિયાનું અજીર્ણ છે.

ઘૃણા-ઇર્ષ્યા ટાળવા સામાને યોગી તરીકે જુઓ :-

જો એ ખ્યાલ હોય, કે એ ધર્મયોગ સાધે છે માટે યોગી છે ને યોગી પર તો મારે બહુમાન રાખવાનું છે, તો ત્યાં એના પર ઘૃણા કેમ કરાય ?'-આ ખ્યાલ હોય તો એને તુચ્છકારવાનું ન થાય, કે 'હેં ? આટલું આવડતું નથી ?'

ક્રિયામાં ભૂલતાને શું કહેવાય ? :-

એને તો માનથી કહેવાય કે; 'મહાનુભાવ ! તમે ભાગ્યશાળી છો કે આજે દુનિયા આખી જ્યારે પાપમાં ડૂબાડૂબ છે, ત્યારે તમે અહીં ધર્મ કરવા આવ્યા છો. ધન્ય છે તમારી ધર્મયોગ સાધવાની સદ્બુદ્ધિને ! ક્રિયામાં ભૂલ-ભાલ થાય, તો હતાશ થશો નહિ. એમ તો પહેલ પહેલાં મારે કેટલીય ભૂલો થતી હતી, છતાં ધર્મને વળગ્યા રહેવાથી અને કલ્યાણ-મિત્રોની સલાહ-દોરવણીથી એ સુધરી ગઈ. જુઓને તમે જરા આ રીતે કરો તો ભૂલ નહિ રહે.'

એમ માનભેર કહેવાથી દિલમાં સૂગ-ઘૃણાની આગ નહિ સળગ્યા કરે. વિચારવું જોઇએ કે 'આજે ધર્મ કરનારા છે કેટલા ? બહુ થોડા. તો એના પર ઘૃણા કેમ કરાય ? એના પર તો માન ઉભરાવું જોઈએ.' પરંતુ યોગી પર માન-બહુમાન હોવાના ફાંફા છે, તેથી એની ભૂલ-ભાલ જોયા કરવાનું અને એના પર ઘૃણા દાખવવાનું થાય છે, ને એમ પોતાની માનસિક વૃત્તિ બગાડવાનું થાય છે.

ઘૃણા-ઇર્ષ્યા એ સારી વૃત્તિ નથી, હલકટ વૃત્તિ છે. સારી વૃત્તિ 'સામામાં રહેલા ધર્મની કદર મૂલ્યાંકન કરવાની હોય, ને એ વૃત્તિ એની પ્રશંસા કરી પ્રોત્સાહન આપવાથી જળ-વાય પણ એને તુચ્છકારવાથી નહિ.' જો મનને એમ થતું હોય કે,-

પ્ર૦-પણ સામો ભૂલ કરે તો ય એને માન આપવાનું ?

ઉ૦- એ સમજી રાખો કે-ભૂલ કરનારને જો માન નહિ આપો, કદર નહિ કરો, એની

જો સૂગ કરશો, તો પહેલું તો તમારું જ મન બગડશે, તમારી જ મનોવૃત્તિ હુલકી થશે. ને સૂગથી કાંઈ બીજા સુધરે નહિ.

બીજાના વાંકે શું આપણી મનોવૃત્તિ બગાડવી ?

ઉત્તમ માનવભવ અને વિશિષ્ટ બુદ્ધિ શક્તિ આપણી મનોવૃત્તિઓ સુધારવા અને પવિત્ર કેળવવા મળી છે.

દુનિયાના જીવો બાળ છે, તે ભૂલો કર્યા કરશે, તેથી શું આપણે આપણી મોક્ષ અપાવવા સમર્થ મનોવૃત્તિઓને બગાડ્યા કરવી ?

મનોવૃત્તિ બગાડીએ તો આપણે મોક્ષથી દૂર ધકેલાઈ એ છીએ.

આ મૂર્ખાઈ ન થાય એટલા માટે અહીં યોગીઓ પર બહુમાન રાખવાની અને એમની શ્રદ્ધાયુક્ત ભક્તિ કરવાની વાત કરી.

શ્રદ્ધાયુક્ત ભક્તિ કરવાથી આત્મહિતનો ઉદય કેમ કહ્યો ?

કારણ આ જ, કે યોગ પર શ્રદ્ધા છે- એટલે હૃદયના ઉંડાણમાં ધર્મયોગ વસી ગયો છે; ને તેથી એવા શુભાનુબંધ ઊભા થાય છે કે જે પરલોકમાં આત્મહિતોને અવશ્ય ઊભા કરી આપે. અહીં આત્મહિત ન સૂઝતા હોય તો એનું કારણ પૂર્વ ભવેથી આપણે અશુભાનુબંધો લઈ આવ્યા છીએ એ છે. પરંતુ એ પણ યોગી-ભક્તિથી તૂટે છે. પહેલાં ભક્તિ મન મારીને ય કરાય, પછી એ સહજ મનથી થશે. એટલે પૂર્વના લાવેલા અશુભ અનુબંધોને હટાવવા માટે મન મારીને પણ યોગ પર શ્રદ્ધા કરવા સાથે યોગીઓની ભક્તિ ખૂબ કરવા જેવી છે.

ભક્તિથી ક્ષુદ્રોપદ્રવહાનિ

શ્રદ્ધા સાથે ભક્તિ કરવાનો પ્રભાવ જુઓ કેવો અદ્‌ભુત છે ! શાસ્ત્રકાર કહે છે, 'એથી ક્ષુદ્ર નાના નાના ઉપદ્રવો ટળી જાય છે.' પૂછો,

પ્ર૦-ક્ષુદ્ર ઉપદ્રવો તો આપણા અશુભ કર્મથી ઊભા થાય છે; એ યોગીઓની ભક્તિ કરવાથી કેમ ટળે ?

ઉ૦-યોગીઓની શ્રદ્ધા સહિત કરાતી ભક્તિ એ મહાન મંગળ રૂપ છે, ને મંગળથી અંતરાયો-વિઘ્નો તૂટે છે; તેથી ક્ષુદ્ર ઉપદ્રવો ટળે એમાં નવાઈ નથી. જ્ઞાનીઓ જ્યારે સિક્કો મારી આપે છે, કે 'યોગીઓની શ્રદ્ધા સાથે ભક્તિ કરવાથી ક્ષુદ્ર ઉપદ્રવોની હાનિ થાય છે,' ત્યારે માનવું જ જોઈએ, કે એ શ્રદ્ધા સાથે કરાતી ભક્તિ એ મહાન મંગળરૂપ છે, અને એનામાં ક્ષુદ્ર ઉપદ્રવો લાવનારા અંતરાયકર્મરૂપી અશુભ કર્મ તોડવાની તાકાત છે.

મંગળ તે કે જેનાથી અંતરાયો-વિઘ્નો હટી જાય.

આજે તો આપણા

દુબળી પુણ્યાઈવાળા જીવનમાં નાના નાના ઉપદ્રવો-હરકતો-વિઘ્નો કયાં બોલાવવા જવા પડે એમ છે ?

ડગલે ને પગલે એ આવીને ઊભા જ રહે છે. ત્યારે માણસ એ ટાળવા કેટલી બીજી ત્રીજી ગડમથલો કરે છે ! એમાં બીજાની દીનતા, ચાપલુસી, સાચાંજૂઠાં, માયા-પ્રપંચ-દ્રોહ વગેરે કેટલુંય કરે છે ! પરંતુ ક્ષુદ્ર ઉપદ્રવ ટાળવા શા માટે એ બધી અધમ ગડમથલ કરવી ? એના કરતાં જ્ઞાનીઓનાં, 'આ યોગીઓની શ્રદ્ધાયુક્ત ભક્તિથી ક્ષુદ્ર ઉપદ્રવ ટળે,'-એવાં ટંકશાળી વચન પર અટલ વિશ્વાસ ધરી યોગીઓની શ્રદ્ધાસહિત ભક્તિ કાં ન કરવી ? એમ શા માટે શ્રદ્ધાયુક્ત પરમાત્મભક્તિ ન કરવી ? પૂછશો,-

મોક્ષ સિવાયના આશયથી ધર્મ થાય ?

પ્ર૦-ભક્તિ તો ધર્મ છે, એ તો મોક્ષ માટે જ થાય ને ? ક્ષુદ્ર ઉપદ્રવો ટાળવા થાય ?

મોક્ષ સિવાય બીજા આશયથી ધર્મ કરે તો તો એથી ભવમાં ભટકવાનું જ થાય ને?

ઉ૦-જો આમ કહેશો, કે મોક્ષ સિવાય બીજી કોઈ વસ્તુ માટે ધર્મ ન થાય, તો એનો અર્થ તો એ થયો, કે 'ક્ષુદ્ર ઉપદ્રવો ટાળવા તમે દીનતા-જૂઠ-માયા વગેરે ગડમથલ કરો એનો વાંધો નહિ; પ્રભુભક્તિ કરો એનો વાંધો! ઉપદ્રવ ટાળવાના આશયથી ધર્મ કરશો તો સંસારમાં ભટકશો.' શું આ જિનશાસનની પ્રરૂપણા છે?

બે વેપારી-(૧) ધંધા માટે અનીતિ કરનારો, (૨) ધંધા માટે પ્રભુભક્તિ કરનારો. બેમાં કોને ભવફેરા વધે?:-

ધારો કે બે જૈન વેપારી છે, બેય મોક્ષ-રુચિ-મોક્ષાર્થી જીવ છે, ઘોર સંસાર પર બહુમાન ધરનારા નથી; પરંતુ એક વેપારી સમજે છે, કે 'વેપાર અને કમાઈ માટે ધર્મ તો થાય જ નહિ, તેથી આજના કાળને અનુસરીને વેપારમાં જૂઠ-ડફ્ફાણ-માયા-પ્રપંચ-કર્માદાન વગેરે કરું તો કમાઈ થાય,' એમ સમજીને એ વેપારમાં જૂઠ-ડફ્ફાણ વગેરે આચરે છે. ત્યારે બીજો વેપારી એમ વિચારે છે કે 'શા માટે મારે આ ઉત્તમ ભવમાં જૂઠ-ડફ્ફાણ-માયા-વિશ્વાસઘાત....વગેરે પાપો કરવા? એનાથી તો હાય! પરલોકના કેવા દુર્ગતિના દુઃખદ ભવોની હારમાળા સરજાય! એના કરતાં મારા અનંત પ્રભાવી અરિહંત ભગવાન શંખેશ્વર દાદાનો આશરો કાં ન લઉં? એમની ભક્તિ-બહુમાન કાં ન સેવું? એ દાદાના પ્રભાવે મારે અંતરાયો તૂટીને જૂઠ-ડફ્ફાણ વિના સહેજે સહેજ મને વેપાર મળશે ને કમાઈ થશે.' એ શ્રદ્ધાથી જૂઠ-માયા-પ્રપંચ વગેરે ન આચરતાં ભગવાનની ભક્તિ ખૂબ કરે છે. બોલો હવે,-

આ બે વેપારીમાં શાણો કોણ? અને મૂર્ખ કોણ? દુઃખદ સંસારમાં કોણ ભટકતો થાય? ને કોણ બચી જાય? "મોક્ષ સિવાય બીજા કોઇ આશયથી ધર્મ થાય જ નહિ. ધર્મ પાસે કે ભગવાન પાસે મોક્ષ સિવાય બીજું કાંઈ મંગાય જ નહિ, માગે તો ભવના ફેરા વધી જાય." આવું માનનાર અને આવું બોલનારે તો પેલા જૂઠ-માયા-વિશ્વાસઘાત વગેરે કરનાર પહેલા વેપારીને જ શાણો કહેવો પડશે! ને બીજા વેપારીને મૂર્ખ અજ્ઞાન કહેવો પડશે! કેમકે એ પ્રભુભક્તિ કરે છે તે ભલે જૂઠ-માયા-વિશ્વાસઘાત વગેરે પાપોથી બચવા માટે, પરંતુ મુખ્ય તો વેપાર અને કમાઈ માટે જ ભગવાનની ભક્તિ કરે છે, ભગવાન પર શ્રદ્ધા ધરી ભગવાનને યાદ કરે છે. આને મૂર્ખ કહેવો પડશે!

પરંતુ એ ગણતરી જૈન ધર્મની નથી, જિનશાસનની નથી. **જિનશાસન તો કહે છે કે "તું પાપોથી બચવા ઇચ્છે છે? તો જા ધર્મ પાસે, જા ભગવાન પાસે, 'ઇષ્ટફળ-સિદ્ધિ' માગ."**

સુલસાએ પુત્ર માટે ધર્મ કર્યો:-

એટલે તો સુલસા શ્રાવિકાને પતિને શાંતિ થાય એ માટે પુત્ર જોઇતો હતો, પણ એ માટે ચંડી-ભવાની પાસે ન ગઈ, યા એવા કોઈ અનુચિત ઉપાય ન કર્યા, પરંતુ પોતાના જીવનમાં જૈન ધર્મ વધાર્યો;-વધાર્યો તે એવો, કે ઇંદ્રે ભરી સભામાં સુલસાના ધર્મ-સત્ત્વની પ્રશંસા કરી. મોક્ષ સિવાયના બીજા આશયરૂપ પુત્રના આશયથી ધર્મ કરે, એને અવધિજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ઇંદ્ર વખાણે? પણ ઇંદ્રે જોયું છે, કે 'કોઈ દુન્યવી લહાવા લેવા સુલસા ધર્મ નથી કરતી, પરંતુ પુત્ર વિના પતિ અસમાધિ કરે છે, પતિની દેવદર્શનાદિ ધર્મસાધનાઓ સીદાય છે, અને પરિણામે એની ગતિ બગડી જાય, એથી એ અસમાધિ ટાળવા પુત્રની ઇચ્છા કરી. પુત્ર મેળવવાના આશયથી એણે ધર્મ વધાર્યો

છે.' એમાં ઇંદ્ર કશું અજુગતું જોતા નથી. આ દુન્યવી આશયથી કરાતા ધર્મને સુલસા અધર્મ કરી રહી છે એવું ઇંદ્ર નથી માનતા, ઉલ્ટું એનું ધર્મસત્ત્વ દેખે છે. ત્યાં સુલસા પર અધર્મ કર્યાનો આરોપ ચડે એવું બોલવું એ કેટલી બધી મૂઢતા કહેવાય ?

ઋષભદેવ ભગવાનનો જીવ પાંચમા ભવે લલિતાંગદેવ છે. એ મરી ગયેલી પોતાની સ્વયંપ્રભાદેવી પર શોક કરી રહેલ છે, તે અવસર આવ્યો, મિત્ર દેવતાએ એને સૂચવ્યું કે 'સ્વયંપ્રભા મરીને ગરીબ બ્રાહ્મણની જે અનામિકા પુત્રી થયેલી છે, તે ધર્મ પામીને અત્યારે અનશનમાં રહેલી છે, તો તું એને ફરીથી સ્વયંપ્રભાદેવી થવા નિર્ણય કરાવ.' લલિતાંગ જઈને અનામિકાને આ નિર્ણય કરવા કહે છે, ને અનામિકા આ નિર્ણય કરે છે કે 'મારા વ્રત-નિયમ-અનશન વગેરેના પ્રભાવે હું સ્વયંપ્રભાદેવી થાઉં;' અને ખરેખર એ સ્વયંપ્રભાદેવી થઇ ! આમાં ધર્મ પાસે એણે મોક્ષ નથી માગ્યો. મોક્ષનાં સાધનભૂત જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી માગ્યા, પરંતુ સ્વયંપ્રભાદેવી થવાનું જ માગ્યું છે, તો શું એ સંસારમાં ભટકી પડી? શું એના ભવના ફેરા વધી ગયા ? ના,

પ્ર૦-નિયાણું કરે તો તો ભવમાં ભટકવાનું થાય છે ને ?

ઉ૦-વાત સાચી છે, પરંતુ એ કોને ? જેની નજરમાંથી મોક્ષ ખસી ગયો હોય, મોક્ષ પર દ્વેષ થયો હોય, ને જેને વિષય-સુખોની જ લગન લાગી હોય, ને જે એ માટે નિયાણું કરે એને ભવમાં ભટકવાનું થાય. ત્યારે અહીં તો અનામિકાએ સ્વર્ગના સુખો માટે નિયાણું નહિ કરેલું.

અનામિકાએ જોયું કે 'આમે ય મારી એવી જોરદાર સાધના નથી કે જેથી અહીં જ સકલ કર્મનો ક્ષય કરી, સીધો મોક્ષ પામી શકું, તેથી સંસારમાં બીજે કયાંક ભટકાઈ પડું એના કરતાં લલિતાંગ એક ગુણિયલ ઉત્તમ આત્મા છે, મારે સુપરિચિત છે, તો એના સહયોગમાં મારે ગુણસંપત્તિનો સારો અભ્યાસ થાય,' આ હિસાબ પર નિયાણું કર્યું હોય, પછી એ શાની ભવમાં ભટકી પડે ? એને ભવના ફેરા નથી વધી ગયા. એ તો,-' લલિતાંગ દેવની હારોહાર સારા ભવો કરતી કરતી અનુત્તર વિમાનમાં દેવ થઇ, પછીના ભવે શ્રેયાંસકુમાર થાય છે, ને એજ લલિતાંગ ઋષભદેવ થયેલ એમને દીક્ષા પછી પહેલું વરસી તપનું પારણું-વહોરાવે છે,'-એ પરથી સમજાય છે કે એનું નિયાણું સંસાર સુખોની લંપટતાનું નહોતું.

'ધર્મ પાસે સંસારની વસ્તુ માગે છે, યા સાંસારિક વસ્તુની ઇચ્છાથી ધર્મ કરે છે,' એટલા માત્રથી એના ધર્મને અધર્મ ન કહેવાય, પણ એની શ્રદ્ધા અને એનો આશય જોવો જોઇએ. તો જ સુલસાની પુત્રકામના અને અનામિકા સ્વયંપ્રભાદેવી થવાની કામનાને ન્યાય આપી શકાય.

સાંસારિક ઇષ્ટની માગણી કરી એની પાછળ મોક્ષ પ્રત્યે દ્વેષ-અરુચિ હોય, ને આશય જો માત્ર ભૌતિક વિષયસુખ-વિલાસો ભોગવવાનો હોય, તો તેણે ધર્મને બદલે અધર્મ કર્યો કહેવાય; તેની માગણી-પ્રાર્થના એ અનુચિત માગણી-પ્રાર્થના ગણાય.

પરંતુ સાંસારિક યાને લૌકિક ઇષ્ટની માગણી પાછળ આશય ચિત્તની સ્વસ્થતા મેળવવાનો હોય, એ મેળવીને ઉપાદેય દેવદર્શનાદિ સ્વસ્થતાથી કરવાનો હોય, યા અનામિકાની જેમ સજ્જનનો-સાધુ પુરુષનો સંપર્ક વધારવાનો હોય, તો તે માગણી અનુચિત નથી; કેમકે 'જય વીયરાય' સૂત્રના 'ઇટ્ઠફલ સિદ્ધી' પદની વ્યાખ્યામાં શાસ્ત્રકારો એજ કહે છે.

'ઇષ્ટફલ સિદ્ધિનો અર્થ' :—

'લલિત વિસ્તરા' શાસ્ત્રમાં ૧૪૪૪ શાસ્ત્ર-રચયિતા આચાર્ય ભગવાન આ. શ્રી હરિભદ્ર-

સૂરિજી મહારાજ, 'પંચાશક-વૃત્તિ'માં નવાંગી ટીકાકાર આચાર્યદેવ શ્રી અભયદેવસૂરિજી મ. 'યોગશાસ્ત્ર'માં કલિકાલ સર્વજ્ઞ આ૦ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ, એમ 'ધર્મસંગ્રહ' શાસ્ત્રમાં ને 'શ્રાદ્ધદિન કૃત્ય' શાસ્ત્રમાં બધા એકમતે આ જ અર્થ લખે છે, કે "**ઇષ્ટફળસિદ્ધિ એટલે અભિમત (ઇષ્ટ) અર્થની નિષ્પત્તિ ઇહલૌકિકી.**"

અર્થાત્ ઇહલૌકિક ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ, આ લોકની વસ્તુની સિદ્ધિ.

જો આપણે આ મહાગીતાર્થ મહાવિદ્વાન શાસ્ત્રકાર પૂર્વાચાર્ય ભગવંતોને માનતા હોઈએ, જો આપણો શાસ્ત્રાનુસારીપણાનો માત્ર રાગ નહિ, પણ સાચો આગ્રહ હોય, તો શાસ્ત્રોમાં 'ઇષ્ટફળસિદ્ધિ'નો 'ઇચ્છિત ઇહલૌકિક વસ્તુની સિદ્ધિ' આવો અર્થ સ્પષ્ટ લખેલો માન્ય જોઈએ; ને એ સૂચવે છે કે ધર્મ પાસે અને ભગવાન પાસે ઇહલૌકિક અર્થાત્ આ લોકની સાંસારિક વસ્તુની માગણી કરી શકાય. 'ભગવાન ! તમારા પ્રભાવથી મારે ઇષ્ટ ફળ સિદ્ધિ હો–'હોઉ મમં તુહપ્પભાવઓ ઈઠ્ઠફલસિદ્ધિ;' એમાં આ જ માગણી સ્પષ્ટ છે.

અહીં કદાચ કહેવામાં આવે કે 'ભગવાન પાસે 'ઇષ્ટફળ' તરીકે મોક્ષ અને મોક્ષસામગ્રી જ મંગાય' તોય એટલું તો નક્કી થયું કે ભલે મોક્ષસામગ્રી તરીકે પણ ઇહલાકિક યાને આ લોકની વસ્તુ માગી તો શકાય ને ? વ્યાખ્યાતા આચાર્યોએ 'ઇષ્ટફળ'ની સીધી વ્યાખ્યા 'મોક્ષસામગ્રી' ન કરતા 'ઇહલૌકિક અર્થ' કરી, એમાં શું કોઈ રહસ્ય નથી ?

અહીં પહેલી વાત આ સમજી રાખવાની કે અહીં ભગવાન આગળ આ લોકની સાંસારિક વસ્તુ માગવાનું કહીને મોક્ષ-મોક્ષમાર્ગ માગવાનો કોઈ નિષેધ નથી કરવો, કેમકે પ્રારંભમાં ભવનિર્વેદ-સંસાર પર વૈરાગ્ય માગીને ગર્ભિત મોક્ષરાગ માગ્યો જ છે, તેમ અહીં જીવો પાસે સાંસારિક વસ્તુ મંગાવીને એમને વિષય-લાલચુ નથી બનાવવા, કેમકે તો તો પછી સંસાર પર એટલે કે વિષયો પર વૈરાગ્ય માગ્યાનો કોઈ અર્થ જ ન રહે. કિન્તુ અહીં આગળ પર બતાવીશું એવા જીવનમાં કેટલીય જાતના મુંઝવણકારી સવાલ ઊભા થાય છે, એનાં સુખદ નિરાકરણ થાય અને અસ્ખલિત ધર્મ-સાધના ચાલે, એ માટે ઇહલૌકિક સાંસારિક વસ્તુની માગણી ભગવાન આગળ કરવી એટલું જ કહેવું છે; ને એ અમે નથી કહેતા, પરંતુ પૂર્વના આપણા માંધાતા આચાર્ય ભગવંતો કહે છે. જુઓ, એ આપણા બહુમાન્ય આચાર્ય ભગવંતોના શાસ્ત્ર-પાઠો,—

'ઇષ્ટફલસિદ્ધિ'ની વ્યાખ્યાના શાસ્ત્રપાઠો

(૧) 'ललित विस्तरा' કર્તા-૧૪૪૪ શાસ્ત્રપ્રણેતા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ.

'इष्टफलसिद्धिः' = अविरोधिफलनिष्पत्तिः। अतो हीच्छाविघाताभावेन सौमनस्यम्, तत उपादेयादरः। नत्वयमन्यत्राऽनिवृत्तौत्सुक्यस्येति। अयमपि विद्वज्जनप्रवादः,(–इष्टफलसिद्धिस्तु इहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति।)

અનુવાદ-ઇષ્ટફલસિદ્ધિ એટલે અવિરોધી ફલની પ્રાપ્તિ. આ પ્રાપ્તિ થવાને લીધે જ ઇચ્છાભંગ ન થવાથી (ઇચ્છાની પૂર્તિ થવાથી) મનની સ્વસ્થતા થાય છે, એનાથી ઉપાદેય (ધર્મ)માં પ્રયત્ન થાય છે. કિન્તુ આ (ઉપાદેય-આદર) બાહ્ય વસ્તુમાંથી ઝંખના નિવૃત થયા વિના થઈ શકતો નથી. વિદ્વાન લોકોનું આમ પણ કહેવું છે (કે ઇષ્ટફળસિદ્ધિ તે આ લોકની વસ્તુ સંબંધી (લેવી), જેના વડે અનુગૃહીત (સહાયતા પામેલા)ને ચિત્તની વ્યાકુળતા મટે છે.)

(૨) ललितविस्तरा–पंजिका पृ. ११५

'अतो ही' इत्यादि 'अतः'=इष्टफलसिद्धेः, 'हि'=यस्माद् 'इच्छाविघाताभावेन'=अभिलाष–

भंगनिवृत्त्या, किमित्याह 'सौमनस्यं'=चित्तप्रसादः, ततः=सौमनस्याद् 'उपादेयादरः' उपादेये=देवपूजनादौ, 'आदरः'=प्रयत्नः । अन्यथाऽपि कस्यचिदयं स्यादित्याशंक्याह 'न तु'=न पुनः, 'अयम्'=उपादेयादरः' 'अन्यत्र' जीवनोपायादौ, 'अनिवृत्तौत्सुक्यस्य' = अव्यावृत्ताऽऽकांक्षातिरेकस्येति, तदौत्सुक्येन चेतसो विह्वलीकृतत्वात् ।

અનુવાદ–'अतो हि' વગેરે. 'अतः' એટલે ઇષ્ટફળસિદ્ધિ થવાથી 'हि' એટલે કારણ કે, 'इच्छाविघाताभावेन' એટલે ઇચ્છાભંગ અટકવાથી (ઇચ્છા પૂર્ણ થતી હોવાથી), 'सौमनस्य' એટલે ચિત્ત પ્રસન્ન થાય છે. 'ततः' એટલે ચિત્ત પ્રસન્નતાથી 'उपादेय' એટલે ઉપાદેય દેવપૂજા આદિમાં, 'आदर' એટલે પ્રયત્ન થાય છે. 'કોઇકને બીજી રીતે પણ એ ઉપાદેય પ્રયત્ન કેમ ન થાય ?' એવા પ્રશ્નના જવાબમાં કહે છે કે 'अयम्' એટલે કે આ દેવપૂજાદિમાં પ્રયત્ન, 'अन्यत्र' એટલે કે આજીવિકાના ઉપાયાદિમાં 'अनिवृत्तौत्सुक्यस्य' એટલે આકાંક્ષાની તીવ્રતા નિવૃત્ત ન થાય ત્યાં સુધી, 'न पुनः' કિંતુ ન થાય; કારણ કે આકાંક્ષાની તીવ્રતાથી ચિત્ત વ્યાકુળ થયેલું છે.

(૨) 'પંચાશક' સૂત્ર ટીકા–ટીકાકાર નવાંગી ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ–'ચોથું પંચાશક' શ્લો. ૩૩ ની ટીકામાં (પૃ. ૧૩૬)

'इष्टफलसिद्धिः' अभिमतार्थनिष्पत्तिः ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति ततश्च धर्मे प्रवृत्तिः स्यादिति ।

અનુવાદ–ઇષ્ટફળસિદ્ધિ એટલે ઇચ્છિતવસ્તુની પ્રાપ્તિ, જેના વડે સહાય પામેલાને ચિત્તની વ્યાકુળતા મટે છે, તેનાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય.

(૪) યોગશાસ્ત્ર ટીકા (૩–૧૪) કર્તા કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

'इष्टफलसिद्धिः' = अभिमतार्थनिष्पत्तिरिहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति तस्माच्चोपादेयप्रवृत्तिः ।

અનુવાદ–ઇષ્ટફલસિદ્ધિ=આલોકની વસ્તુ સંબંધી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ જેના વડે સહાયતા પામેલાને ચિત્તની વ્યાકુળતા મટે છે. તેનાથી ઉપાદેયમાં પ્રવૃત્તિ થાય છે.

(૫) શ્રાદ્ધદિનકૃત્ય–પૃ. ૬૫/૧ કર્તા–કર્મગ્રન્થાદિ રચયિતા પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

इष्टफलसिद्धिः=ऐहिकार्थनिष्पत्तिर्ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति ।

અનુવાદ–ઇષ્ટફલસિદ્ધિ એટલે આ લોક સંબંધી વસ્તુની પ્રાપ્તિ, જેનાથી સહાયતા પામેલાને ચિત્તની સ્વસ્થતા (અ.–વ્યાકુળતા) થાય છે.

(૬) વૃંદારુવૃત્તિ–પૃ. ૫૪ કર્તા–પૂ. આ.–શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

इष्टफलसिद्धिः–ऐहिकार्थनिष्पत्तिर्ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति ।

અનુવાદ–ઇષ્ટફળસિદ્ધિ એટલે આ લોક સંબંધી વસ્તુની પ્રાપ્તિ, જેનાથી સહાયતા પામેલાને ચિત્તની અવ્યાકુળતા થાય છે.

(૭) ધર્મસંગ્રહ ટીકા–(પૃ. ૧૬૩) કર્તા–પૂ. મહોપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજ.

इष्टफलसिद्धिरभिमतार्थनिष्पत्तिः ऐहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति तस्माच्चोपादेयप्रवृत्तिः ।

અનુવાદ–ઇષ્ટફલસિદ્ધિ એટલે આ લોક સંબંધી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ જેના વડે સહાયતા પામેલાને ચિત્તની અવ્યાકુળતા થાય છે. તેનાથી ઉપાદેયમાં પ્રવૃત્તિ થાય છે.

(૮) વીરવિજયકૃત પ્રશ્ન-ચિંતામણિ પ્ર. ૯૩

પ્ર૦ ૯૩–જયવીયરાયમધ્યે 'इट्ठफलसिद्धि' इति वाक्येन किं मुक्तिफलं मार्गितं वाऽन्यदिति ?

ઉ૦–वृंदारुवृत्त्याद्यनुसारेण ज्ञायते धर्मानुष्ठानाचरणनिर्विघ्नहेतुभूतमिहलोकनिर्वाहकरं द्रव्यादिसुखं मार्गितमिति । (પૃષ્ટ ૫૭)

પ્ર૦–' જયવીયરાય૦ 'માંના ' ઈષ્ટફળસિદ્ધિ ' એ વચનથી (જે ઈષ્ટફળની સિદ્ધિ થાય છે, તે) ઇષ્ટફળ કયું માગ્યું ? મોક્ષફળ કે બીજું ?

ઉ૦–' વૃંદારુવૃત્તિ ' વગેરેના અનુસારે જણાય છે કે કોઈ પ્રકારના વિઘ્ન વિના ધર્માનુષ્ઠાન કરવામાં કારણભૂત અને આ લોકમાં નિર્વાહ કરનારું દ્રવ્ય વગેરેનું સુખ જ અહીં માગેલું છે.

'ઇષ્ટફલસિદ્ધિ' પદની વ્યાખ્યામાં પૂર્વાચાર્યોએ ' અભિમત ઇહલૌકિક પદાર્થ ' માગવાનું સૂચવી, એના હેતુમાં કહ્યું ' એથી ચિત્તની સ્વસ્થતા થાય, જેથી ધર્મમાં પ્રવૃત્તિ થાય. '

' ઈષ્ટફળ 'નો અર્થ મોક્ષ–સામગ્રી કેમ નહિ ?

અહીં જો એમ કહેવામાં આવે કે–

પ્ર૦–" ઇષ્ટફળ પદનો શબ્દાર્થ ' આ લોકનો પદાર્થ ' ન લેતાં પરમાર્થ 'મોક્ષમાર્ગ–મોક્ષસામગ્રી' એવો જ લેવો, કેમકે ચિત્તસ્વાસ્થ્ય એટલે સમાધિ; અને ' સમાધિ ' એટલે ' સમવાયાંગ સૂત્ર 'ની ટીકા મુજબ ચિત્તસ્વાસ્થ્ય, મોક્ષમાર્ગમાં અવસ્થાન. તેથી અહીં ઇષ્ટફળ એટલે ' મોક્ષસામગ્રી 'ની જ માગણી છે, જેથી એનાથી સમાધિ એટલે કે મોક્ષમાર્ગમાં અવસ્થાન મળે."

ઉ૦–આમ કહેવું અસંગત છે; કેમકે મોક્ષમાર્ગમાં અવસ્થાન એટલે ' ધર્મ–સાધનામાં અવસ્થાન', ને એમ અર્થ કરતાં ટીકાનું પછીનું પદ ' तेन धर्मे प्रवृत्तिः स्यात् ' એ નકામું ઠરે. માટે વાસ્તવમાં ' ચિત્તસ્વાસ્થ્ય 'નો અર્થ ' ચિત્તની વ્યાકુળતાનો અભાવ ' એટલો જ છે; અને તોજ પછીનું પદ ' તેથી ધર્મમાં પ્રવૃત્તિ થાય ' એ સંગત બને છે. વળી ' સમવાયાંગ 'ની ટીકા તો ૨૦ અસમાધિસ્થાન અંગે ' સમાધિ ' શું ? તો કે ' સમાધિ=ચિત્તસ્વાસ્થ્ય, મોક્ષમાર્ગે અવસ્થાન એમ બતાવે છે, પણ આમાં ' ચિત્તસ્વાસ્થ્ય એટલે સમાધિ ' એવો નિર્દેશ જ નથી. પછી ' ઇષ્ટફળ 'ની આચાર્યોની વ્યાખ્યા ' ઇહલૌકિક અર્થ 'ના અનુસંધાનમાં અપાયેલ ' ચિત્ત સ્વાસ્થ્ય ' પદનો પરાણે ' સમાધિ ' અર્થ કાઢવો અને ' મોક્ષમાર્ગે અવસ્થાન ' એવો પરમાર્થ તારવવો એ પ્રમાણ–સંગત નથી.

અહીં ' ઇહલૌકિકી ' નો અર્થ ' આ લોક સંબંધી ' એટલે કે ' અહીંની સાંસારિક જરૂરિયાત સંબંધી ' પૂછો,–

પ્ર૦ – શાસ્ત્રકારો ભગવાન પાસે આવું સંસારનું કેમ મંગાવે છે ?

ઉ૦ – કારણ એ છે, કે સાંસારિક જરૂરિયાતની દા.ત. આજીવિકાદિની ઇચ્છા પૂરી ન થવાથી ચિત્તને અસ્વસ્થતા–અસમાધિ–વિહ્વળતા રહે છે, ને તેથી દેવદર્શનાદિ ઉપાદેય ધર્મ સ્વસ્થ ચિત્તે થતો નથી, તેમજ અસમાધિ –આર્તધ્યાનથી પાપકર્મો બંધાય છે. જો જરૂરિયાતની ઇચ્છા પૂરી થાય, તો અસમાધિ, આર્તધ્યાન અને પાપકર્મબંધ અટકે, ને ઉપાદેય ધર્મ સ્વસ્થતાથી થાય. એ માટે ગણધર ભગવાન અને એમની પાછળ ધુરંધર શાસ્ત્રકારો આ માગણી કરાવે છે. પૂછશો,–

પ્ર૦– આવી ઇહલૌકિકી અર્થાત્ સાંસારિક વસ્તુની માંગણી કરવામાં શું ભયસ્થાન નથી કે તો તો પછી એમ સાંસારિક વિષયોની પૂર્તિ કરતાં કરતાં જીવ વિષયાંધ બની ભવમાં ભટકતો થઈ જાય ?

ઉ૦– ના, પ્રારંભે ભવનિર્વેદ પહેલો માગ્યો છે. ભવનિર્વેદ એટલે સંસાર પર વૈરાગ્ય, વિષય –વૈરાગ્ય. એ વૈરાગ્યવાળો જીવ વિષયાંધ હોય

નહિ, વિષયાંધ બનાવે એવા વિષયો માગે જ નહિ, વિષયોની માગણી વિષય-લંપટતાથી કરે જ નહિ, પછી ભવમાં ભટકતો થવાનું ભયસ્થાન રહે જ શાનું? પૂછો–તો પછી ભવનિર્વેદ યાને વિષયવૈરાગ્ય હોવા ઉપર સાંસારિક વિષય 'ઇષ્ટ ફળ' તરીકે કેમ માગે છે? એનો ખુલાસો આ છે કે, એ માગે છે તે,

(૧) અસમાધિ–આર્તધ્યાન ટાળવા,

(૨) ઉપાદેય ધર્મની સ્વસ્થતાથી આરાધના કરવા.

(૩) ગુણિજનનો સંપર્ક વધારવા...એવા એવા પવિત્ર આશયથી 'ઇહલૌકિક' અર્થાત્ સાંસારિક પદાર્થની માગણી કરે છે. હવે પૂછો,

ભગવાનને પ્રાર્થના કરવાથી ઇષ્ટફળ કેમ મળે?

પ્ર૦– તો શું કશો ધર્મ કર્યા વિના માત્ર ભગવાન આગળ માગણી કરવા માત્રથી મળી જાય?

ઉ૦– અહીં એ જુઓ કે માગણી ક્યારે કરાય છે? (૧) ભગવાનની દ્રવ્યપૂજાનો ધર્મ કર્યા પછી અને (૨) ભાવપૂજા–ચૈત્યવંદનમાં ભગવાનના સ્તુતિ-ગુણગાનનો ધર્મ કર્યા પછી, 'જય વીયરાય' સૂત્ર બોલતાં 'ઇટ્ઠ ફલસિદ્ધી' માંગાય છે. એટલે ઇષ્ટની માગણી પાછળ ધર્મનું બળ છે; તેમજ બીજી મહત્વની વાત એ છે કે અરિહંત ભગવાનનો અચિંત્ય પ્રભાવ છે, તેથી ભગવાનના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધા રાખીને ઇષ્ટફળ માગવાથી મળી જાય છે.

"યોગદૃષ્ટિ"માં ક્ષુદ્રોપદ્રવ-હાનિ અને યોગિભક્તિ

આ જ હિસાબે અહીં કહ્યું કે યોગીજનોની ભક્તિનો ધર્મ કરવાથી હિતનો ઉદય થાય છે, અને ક્ષુદ્ર ઉપદ્રવોની હાનિ થાય છે. એ ભક્તિ-ધર્મમાં આ તાકાત છે, ને શાસ્ત્રકાર આ એટલા માટે બતાવે છે, કે 'તમે યોગીજનોની ભક્તિ અને બહુમાન આરાધો, તો તમારે આત્મ-હિતોનો ઉદય થશે, અને ક્ષુદ્ર ઉપદ્રવો દૂર થશે.' એટલે આ આશયથી યોગીજનોની ભક્તિનો ધર્મ કરે તો એણે પાપ કર્યું, અધર્મ કર્યો, એવું ન કહેવાય, એણે મોક્ષનો આશય નથી માટે વિષક્રિયા કરી,' એમ પણ ન કહેવાય. કેમકે

અસમાધિ આર્તધ્યાન ટાળવા વગેરેના પૂર્વોક્ત આશય એ નિર્મળ આશય છે, મલિન આશય નહિ; શુભ અધ્યવસાય છે, અશુભ અધ્યવસાય નહિ; અને

ધર્મ-પ્રવૃત્તિ કરવાની છે તે શુભ નિર્મળ અધ્યવસાય માટે કરવાની છે.

ધર્મ-પ્રવૃત્તિ કરીએ અને અધ્યવસાય મલિન થાય એવી ધર્મ-પ્રવૃત્તિથી આત્માનું કલ્યાણ શું થાય?

ચિત્તના અધ્યવસાય નિર્મળ કરવા હોય, નિર્મળ રાખવા હોય, તો ધર્મ-પ્રવૃત્તિ ચાલુ રાખો, ને પાપ-પ્રવૃત્તિ બંધ કરો.

પ્ર૦–નિર્મળ અધ્યવસાય શા માટે કરવાના?

ઉ૦–નિર્મળ અધ્યવસાયોથી પાપકર્મ તૂટે, ને અંતરાયો તૂટે. મલિન અધ્યવસાય અંતરાયો બંધાવે, અશુભ કર્મ બંધાવે; જ્યારે શુભ નિર્મળ અધ્યવસાયથી અંતરાય તૂટે, તો ધર્મમાં નવું વીર્ય પ્રગટે, જેમ પ્રગટે, ધર્મયોગ અધિક ઉત્સાહથી સધાય.

યોગીની ભક્તિના આ નિર્મળ અધ્યવસાય વગેરે મહાન લાભો છે, તેથી સમજાય એવું છે કે ભક્તિની ઉપેક્ષા કરી જે સ્વાર્થ સાધવા બેસે, ભલે ને શાસ્ત્રવાંચન, એને એના નિર્મળ અધ્યવસાય વગેરેનો લાભ ન થાય.

ભક્તિના આ મહાન લાભો જોઈને તો ભક્તિ કરનારને ભક્તિ કરવાની મળ્યાનો અપરંપાર આનંદ હોય છે, ને એથી ભક્તિ કરવાની મળ્યાની કદરરૂપે કાંઈક ત્યાગ કરે છે, તપ કરે છે, દા.ત. 'આજે આ ભક્તિનો લાભ

મળ્યો માટે મિઠાઇ–ત્યાગ, ફ્રૂટ–ત્યાગ. આજે કે કાલે આંબેલ કરીશ.'

અરે! એક વીતરાગ પ્રભુનાં દર્શન મળ્યા એનો અપરંપાર આનંદ અને કદર હોય તો ત્યાં પણ 'આજના દિવસ પૂરતો અમુક ત્યાગ' એવો સંકલ્પ કરાય. ઇતરો કહે છે,–

'रिक्तपाणिर्न पश्येच्च राजानं दैवतं गुरुम्।'

અર્થાત્ 'રાજા, ઇષ્ટદેવ, અને ગુરુના દર્શન ખાલી હાથે ન કરવા' કેમ વારુ? એટલા જ માટે કે એ મોટા માણસનાં દર્શનની કદર કરવી જોઇએ, તો જ એ દર્શન મહાન ફળદાયી બને; નહિતર તો–

કદર વિનાનાં દર્શન માલ વિનાના જ બને. માલ વિનાનાં દર્શનથી ભલું ય શું થાય?

પૂર્વના રાજાઓ યોગી પુરુષનાં દર્શને જતા ને યોગી આગળ સોનૈયાની ભેટ મૂકતા.

પ્ર૦–ત્યાગ કરીએ તો જ કદર કરી એવું કેમ?

ઉ૦–સામે નવું આવ્યું એને પ્રિય કરવું છે, તો જુના પ્રિયમાંથી થોડું જતું કરો, ત્યજો, તો જ નવાને પ્રિય કર્યું ગણાય. બજારમાંથી સારી વસ્તુ લઇ પ્રિય કરવી છે, તો એને ખરીદવા પ્રિય પૈસા જતા કરવા પડે છે. મેમાનને પ્રિય કરવો હોય તો એને નાસ્તો કે જમણ આપવું પડે છે. પરદેશમાં કોઇને પ્રિયમિત્ર તરીકે કરવો હોય તો એની ખાતર ભોગ આપવો પડે છે. સારાંશ, ભોગ આપ્યા વિના કે ત્યાગ કર્યા વિના બીજાને પ્રિય નથી કરી શકાતા, તો અહીં—

પૈસાને અળખામણા કરી એનો ત્યાગ કર્યા વિના વીતરાગને વહાલા શી રીતે કરી શકાય?

વાત આ હતી, **યોગી–ભક્તિથી પ્રબળ નિર્મળ અધ્યવસાય થઇને ક્ષુદ્ર ઉપદ્રવો ટળે.**

જિનભક્તિથી ઉપદ્રવો ટળે :—

પ્રબળ શુભ અધ્યવસાયની આ તાકાત છે કે એ ક્ષુદ્ર ઉપદ્રવો ટાળે. એટલા માટે તો કહ્યું

'ઉપસર્गाः क्षयं यान्ति....
पूज्यमाने जिनेश्वरे.'

જિનેશ્વર ભગવાનની પૂજા ભક્તિ કરવાથી પ્રબળ શુભ અધ્યવસાય પ્રગટે છે, ને એથી ઉપસર્ગ–ઉપદ્રવો નાશ પામે છે. અલબત્ ભક્તિ નિરાશંસભાવથી કરાવી જોઇએ, સ્વાર્થસાધુતાથી નહિ. ગમે તેવું મોટું સુકૃત કર્યું, બદલામાં શું જોઇએ છે? કશું નહિ, આત્મકલ્યાણ કરવું છે. ઊંચામાં ઊંચુ સુકૃત કરીને સન્માન લેવાની લેશમાત્ર લેશ્યા જ નહિ, એટલે બીજાને જણાવવાનું મન પણ નહિ.

તો સુકૃત કેમ કર્યું?

જીવન સુકૃત માટે જ છે તેથી સુકૃત કર્યું.

તપ કેમ કર્યો? અંતરના દોષો નષ્ટ કરવા કર્યો. બાહ્ય વાહવાહ વગેરે કશાની આશંસા જ નહિ. આવા નિરાશંસ ભાવથી તપ થાય, સુકૃત થાય, એના લાભ બહુ ઊંચા. નંદીષેણ મહાત્માએ એવા તપ તપ્યા તો આત્મામાં લબ્ધિઓ ઊભી થઈ ગઈ. કેવી? વેશ્યાને ત્યાં આંખનો મેલ તણખલાને લગાડી તણખલું ફેંકયું ત્યાં લબ્ધિથી સાડા બાર ક્રોડ સોનૈયા વરસ્યા! વેશ્યાને ત્યાં બેઠા બેઠા રોજ વચનલબ્ધિથી દશ દશને ઉપદેશ આપી બુઝવીને, ચારિત્ર લેવા મોકલી દેતા! એવી વચનલબ્ધિ! બસ એજ રીતે યોગીની ભક્તિ નિરાશંસ ભાવથી કરતાં શુભ અધ્યવસાયો ઝગમગે ને આત્મામાં હિતોદય થાય, અને ક્ષુદ્ર ઉપદ્રવો શાંત થઇ જાય, ઉપદ્રવનાં કર્મ તૂટી જાય. દા. ત. વારે વારે બિમારી આવતી બંધ થઇ જાય.

પ્ર૦–શુભ અધ્યવસાયથી મોહનીયાદિ ઘાતી કર્મ તૂટે, પરંતુ અશાતા વેદનીય જેવા અઘાતી કર્મ શી રીતે તૂટે?

ઉ૦– ભગવતી સૂત્રમાં કહ્યું છે,–'સાધુ

આધાકર્માદિ દોષવાળાં આહારપાણી ન વાપરે પણ નિર્દોષ વાપરે, તો સાતેય અશુભ કર્મોની સ્થિતિ અને રસ કષાય છે. દીર્ઘકાળની સ્થિતિ હોય એની હ્રસ્વ સ્થિતિ કરી નાખે, તીવ્રરસના અશુભ કર્મોનો રસ મંદ કરી નાખે. પછી એ જ્યારે ઉદયમાં આવે ત્યારે પીડા જ ન લાગે. એમ શુભ અધ્યવસાય પૂર્વના અશુભ કર્મોનું હમણાં બંધાતા સજાતીય શુભ કર્મમાં સંક્રમણ કરે છે, દા. ત. અશાતા વેદનીયને શાતા વેદનીયમાં સંક્રમી શાતારૂપ કરી નાખે. પછી ક્ષુદ્ર અશાતાનો ઉપદ્રવ શાનો આવે ? યોગીની ભક્તિ ગજબ કામ કરે છે. અંદરનું મળ – પ્રક્ષાલન કરી નાખે.

યોગીની ભક્તિ કોણ કરી શકે ? કામચોર ન હોય એ.

કામચોર હોય એ ભક્તિનો અવસર હોય ત્યાં આંખ-મિચામણાં કરે છે.

પરંતુ લાભો કેટલા બધા ગુમાવે ? એના ક્ષુદ્ર ઉપદ્રવો નષ્ટ ન થાય, એટલે વારે ને વારે તેવાં કર્મોથી માંદો જ પડયા કરે ! બીજા પુણ્યાનુબંધી પુણ્યોપાર્જનનો લાભ પણ ગુમાવે ! ગુણિયલના વિનય-બહુમાન વગેરે ગુમાવે ! તેથી અહંત્વ જીવતું જાગતું રહે !

વળી શાસ્ત્ર કહે છે, કે–

આ યોગીઓની ભક્તિ શિષ્ટ પુરુષોને સંમત છે.

પ્ર૦–આ કેમ કહેવું પડયું કે શિષ્ટ સંમત છે ?

ઉ૦–એટલા માટે કહ્યું, કે–

પ્ર૦–કોઇ દલીલ કરે કે ભક્તિ કરીએ એમાં સામાનો પ્રમાદ પોષાય ને ? માટે ભક્તિ ન કરાય.

ઉ૦–એને કહેવાય કે જો, પરાપૂર્વથી શિષ્ટ પુરુષો ભક્તિ આચરતા આવ્યા છે, ને ઉપદેશતા પણ આવ્યા છે, કેમકે સમજે છે કે સામો પ્રમાદી થાય એવા વિચાર કરવા બેસીએ તો તો ગુરુની ભક્તિ ય ન થાય. મહાવીર ભગવાન અનાર્ય દેશમાં પધાર્યા ત્યાં એમણે એ ન વિચાર્યું કે ' આ અનાર્યો બિચારા મને ઉપદ્રવ કરીને કર્મ બાંધશે માટે ત્યાં ન જાઉં.' એમણે તો પોતાની સાધના જ જોઇ કે અનાર્ય દેશમાં કષ્ટ ઉપદ્રવ ઘણાં, તેથી ત્યાં વિચરું તો મારે ઘણાં કર્મ ખપે.

'કષ્ટ ઉપદ્રવ ભારે આવે તેથી ભારે કર્મ ખપે.'

જગત-દયાળુ ભગવાન જેવાએ પોતાની સાધના જોવાની રાખી, ને આપણે ભગવાન કરતાં વધુ ડાહ્યા તે ભક્તિ વગેરે આપણી સાધના જોવાની મૂકી સામા યોગીસાધુની દયા વિચારીએ કે ' ભક્તિ કરીએ તો એ પ્રમાદ કરી દોષમાં પડે, માટે એમની ભક્તિ નહિ કરવી.' આ વધુ ડહાપણ છે કે દોઢ ડહાપણ ?

શિષ્ટોને પરાર્થતા ઇષ્ટ હોય છે, દુષ્ટોને સ્વાર્થમાયા ઇષ્ટ.

શિષ્ટ ન હોય એમને બીજાની ભક્તિ લેવાનું ખપે છે, બીજાના ઉપકાર લેવાનું ખપે છે, પરંતુ પોતાને બીજાની ભક્તિ કરવાનું, બીજાનું ભલું કરવાનું ખપતું નથી. અરે ! વિચારશો તો દેખાશે કે 'ભગવાન સાથે આપણો કેવો વ્યવહાર છે ?' મંદિર જાઓ, ત્યારે ભગવાનને શું કહો ? 'ભગવાન મને આપજો.' અલ્યા ? ભગવાને તને આપવામાં શું બાકી રાખ્યું છે ? રુડો ઉત્તમ માનવ જન્મ, માનવ દેહ, ઇંદ્રિયો, બુદ્ધિ-શક્તિ, અને બાનપાનાદિ કેટલીય બાબતોની પુણ્યાઇ ! આટલું બધું તો તને ભગવાને આપી દીધું. હવે તારે ભગવાનને કાંઈ આપવાનું છે બરું ?

મંદિરે શા માટે જવાનું ?

હજી પણ ભગવાન પાસેથી વધુ આંચકવા ? કે અપ્રતિમ ઉપકારી ભગવાનને દેવા માટે મંદિરે જવાનું ?

'ભગવાન મારું કાંઈ કરે' એ માટે જવાનું ? કે 'ભગવાને તો મારું ઘણું કર્યું, હવે હું ભગવાનનું કાંઇક કરું, એમનું ગૌરવ કરું, એમની શોભા વધારું, જેથી બીજાઓ ભગવાન તરફ ખેંચાય,' એ માટે જવાનું ?

મંદિરમાં પોતાનું નહિ, પણ ભગવાનનું કરવા જવાનો હિસાબ કોણ રાખી શકે ? તો કે જે પોતાનો કર્તવ્ય-આચાર માને કે 'ઉપકારીએ તો મારું ઘણું કર્યું, હવે હું એમનું કરું. હવે મારી વારી છે એમનું કરવાની.'

ભગવાનની ભક્તિ ને યોગી-સાધુપુરુષોની ભક્તિ આ હિસાબથી કરાય તો એ ભક્તિનો રંગ જુદો જ આવે. શિષ્ટપુરુષોને યોગી-ભક્તિ માન્ય છે.

હવે તારાદૃષ્ટિમાં કેટલો બધો વિકાસ છે તે માટે ગાથા ૪૫ મી કહે છે.

(મૂલ) भयं नातीव भवजं,
कृत्यहानिर्न चोचिते ।
तथानाऽभोगतोऽप्युच्चै-
र्न चाप्यनुचितक्रिया ॥४५॥

'भयं नातीव भवजं' तथाऽशुभाऽप्रवृत्तेः, 'कृत्यहानिर्न चोचिते' सर्वस्मिन्नेव धर्मादरात्, तथानाभोगतोऽप्युच्चैत्यर्थः, न चाप्यनुचितक्रिया सर्वत्रैव ॥४५॥

(ગાથાર્થ:-) અતીવ ભવભ્રમણથી ડરવાનું (એને) હોતું નથી, ઉચિતમાં કર્તવ્યકરણમાં ખામી નથી હોતી, તેમજ અજાણ્યે પણ અનુચિત આચરવાનું એનામાં મુદ્દલે ય હોતું નથી.

(ટીકાર્થ) 'ઘણા ભવ માટે ભટકવું પડશે' એવો એને ભય નથી હોતો, કેમકે તેવા (ભવ-ભ્રમણકારક) અશુભ (યોગો)માં એ પ્રવર્તતો નથી, તેમ ઉચિત કૃત્યની પ્રવૃત્તિમાં ખામી આવવા દેતો નથી; કેમકે એને બધે જ ધર્મનો આદર છે, તેમજ અજાણ્યે પણ બધે જ અનુચિતમાં પ્રવર્તવાનું 'ઉચ્ચૈઃ' એટલે કે અત્યંત મુદ્દલે ય હોતું નથી.

(વિવેચન:—)

જીવ બીજી તારા દૃષ્ટિમાં આવ્યો એટલે કેવો વિકાસ થયો હોય છે, એ અહીં બતાવે છે.

અહીં આત્મ-વિકાસ આ છે, કે એને **હવે** 'હું બહુ ભવોમાં ભટકી પડીશ તો ?' એવો ભય રહેતો નથી. એવો ભય ન રહેવાનું કારણ,-

બહુ ભવોમાં ભટકવાનાર છે એવા ભારે અશુભ કાર્યોમાં પ્રવૃત્તિ; એ એના જીવનમાં નથી.

ભારે અશુભ પ્રવૃત્તિમાં નરકના દરવાજા દેખે:—

સંસારમાં જીવો બહુ ભવોમાં કેમ ભટકયા કરે છે ? આ જ કારણ, કે શુભ કાર્યોમાં પ્રવૃત્તિનાં ઠેકાણા નથી, ને ભારે અશુભ કાર્યોમાં ઠમઠોક પ્રવૃત્તિ કર્યે રાખે છે. ભારે અશુભ કાર્યો એટલે ? તેવા તીવ્ર હિંસામય આરંભ-સમારંભો; નિઃસંકોચ જૂઠ અને અનીતિ, દંભ દ્રોહ અને વિશ્વાસઘાત, દુરાચાર અને ભારે વિષય-લંપટતા અને લક્ષ્મીની ગાઢ મૂર્છાભરી દોડધામ, શિકાર, જુગાર....વગેરે વગેરે.

બીજી યોગદૃષ્ટિનો બોધપ્રકાશ એવો મળ્યો છે, કે આવા ભારે અશુભ કાર્યોમાં આત્માનો વિનાશ દેખે છે, નરકના દરવાજા દેખે છે. પછી એમાં શાનો પ્રવર્તે ? યોગદૃષ્ટિના બોધ-પ્રકાશથી એવી ગંભીરતા આવી જાય છે કે મનને થાય છે, કે 'મારાથી આવાં ભારે અશુભ કાર્યો થાય જ કેમ ?' આમ થવાનું કારણ શું ? એને અશુભ કાર્યોની પછી દીર્ઘ ભવસંતતિ દેખાય છે, ને એની એને ભડક છે, ભય છે. એ સમજે છે, કે-

ભારે અશુભમાં પ્રવૃત્તિનાં મહા અનર્થ છે,-

(૧) શાબાશી લેવાના અવતારમાં ભારે નાલેશી ઊભી થાય !

(૨) માનવભવ સુધી ઊંચે લાવનારી પૂર્વ ભવોની તપસ્યા બરબાદ કરવાનો ધંધો થાય.

(૩) મહાન વિભાવદશા ઊભી કરવાથી આત્મસ્વભાવ પ્રગટ કરવાનો આ જનમ એળે જાય.

(૪) મળેલા દુર્લભ દેવ-ગુરુના યોગને નિષ્ફળ કરવાનું થાય.

(૫) એકેન્દ્રિયપણામાંથી નીકળી મનુષ્ય અવતારમાં આવતાં યુગના યુગ વીત્યા, પરંતુ ભારે અશુભમાં પ્રવૃત્તિ કરી એટલે અહીંથી તરત જ સીધેસીધા એકેન્દ્રિપણામાં જવાનો દેશવટો મળે !

આવી મહાભયંકર અશુભમાં પ્રવૃત્તિ જેણે નથી રાખી, એને હવે ભવમાં બહુ ભટકવાનો ભય ન હોય કે 'હાય ! મારે સંસારમાં રખડવું પડશે ?' એ તો સંસારમાં જે મોહ-માયાનો પરવશ હોય, ને અજ્ઞાન અને મૂઢ હોય, એને સંસાર-ભ્રમણ લાંબુલચક થાય. બાકી જેની ગાડી માર્ગે જ ચાલતી હોય, તે તો આમ પહોંચ્યો ધાર્યા મથકે ! એટલે જ જેને ભારે અશુભમાં પ્રવર્તવું જ ન હોય, એ તો નિશ્ચિત અને દૃઢ વિશ્વાસવાળો હોય કે 'મને મોહમાયા શું સતાવે ? મારી ધર્મસાધનાને શું ચૂકાવે ? મોહમાયાના સંસારને તો મેં ઓળખી લીધો છે. એ તો આત્માનું વિસ્મરણ કરાવે ! ને પૌદ્ગલિક પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો રાખે.

'પુદ્ગલનો અતિ પરિચય જ ભારે અશુભમાં પ્રવર્તાવી દીર્ઘ સંસારનું કારણ બને છે. મારે એ ન જોઈએ.

મેં એ રાખ્યું નથી. મારે દીર્ઘ ભવભ્રમણનો ભય શો ?' યોગની બીજી દૃષ્ટિમાં આવેલાને આ ખ્યાલ છે. એને પુદ્ગલનો અતિ પરિચય ખૂંચે છે. ભારે અશુભ કાર્ય પ્રત્યે સૂગ છે, નફરત છે, તેથી એમાં પ્રવર્તતો નથી. એટલે જ બહુ ભવમાં ભમવાનો એને ભય નહિ.

(૨) ઉચિતમાં કૃત્યહાનિ નહિ.

તારાદૃષ્ટિમાં આવેલાની આ પણ એક વિશેષતા છે, કે એને ઉચિત કાર્યોમાં પુરુષાર્થની ખામી ન હોય. અવસરોચિત બજાવવાનું એ ચૂકે નહિ, ચુકાવે નહિ. એને મનમાં નિશ્ચિત વસેલું હોય કે 'અવસરોચિત બધું મારે કરી લેવાનું.' એટલે ઉચિત કર્તવ્યનો મોકો આવ્યો કે ઝટ ઊભો થઈ જાય, ને એ બજાવવા 'આ કરી લઉં તે કરી લઉં' એમ હોંશથી કરવા લાગે. દા. ત. સાધુને મેમાન સાધુ આવ્યા દેખાયા કે બીજાની રાહ ન જુએ, પોતે તરત ઊભો થઈ જાય, મેમાન સાધુને આવકારે અને 'એમના માટે ગોચરી લઈ આવું, પાણી લઈ આવું !' એમ હોંશ ને ઘગશથી વૈયાવચ્ચમાં લાગી જાય. ગૃહસ્થ હોય અને પરગામના સાધર્મિક આવ્યા તો એની ભક્તિ એ શ્રાવકને માટે ઉચિત કૃત્ય કહેવાય. એમની ભક્તિ ચૂકે નહિ; એમને બોલાવી લાવે ઘરે, ને સેવા-સરભરા કરે.

ઉચિત કાર્યમાં કેમ ખરે પગે ?

કહો, જેમ ભવાભિનંદી જીવને સંસાર, સંસારની બાબત અને પોતાની કાયા પર અથાગ રાગ છે, એમ આ યોગદૃષ્ટિવાળાને પોતાનો આત્મા, મોક્ષ અને ધર્મ પર રાગ-પ્રેમ આદર જામ્યો છે, તેથી એ ઉચિત કાર્યમાં નિત્ય ઉત્સાહી હોય છે. એ સમજે છે, કે ધર્મ ઉચિત કર્તવ્યો સાથે સંકળાયેલો છે. ઉચિત કર્તવ્ય ભૂલીએ તો ધર્મ પ્રત્યે પ્રેમ શો ? એક સ્નેહી ઘરે આવે, અને એને પાણીનો પ્યાલો ધરવાનું ય ઉચિત કર્તવ્ય ન કરે, તો એને સ્નેહી પર પ્રેમ કેવો ? સ્નેહીને નાસ્તા-પાણી ધરતાં પોતાના હૈયામાં ય પ્રેમ ઊછળે છે, ને સ્નેહીના અંતરમાં ય પ્રેમ ઊછળે છે. એ બતાવે છે કે

સ્નેહી પર પ્રેમ બાહ્ય સરભરા સાથે સંકળાયેલો છે.

એમ, અહીં પરમાત્મા પર પ્રેમ, ધર્મ પર પ્રેમ બાહ્ય ઉચિત કર્તવ્યનાં પાલન સાથે સંકળાયેલ છે.

આત્માને સીધો સંબંધ અંતરના શુભ -અશુભ ભાવ સાથે અધ્યવસાય સાથે છે; પરંતુ એ આંતરિક ભાવ બાહ્ય નિમિત્તો સાથે સંકળાયેલા છે.

બાળક રડતું હોય ત્યારે માતા સમજે છે કે 'આના દિલમાં દુઃખ છે, ઉદ્વેગ છે;' ને જ્યાં એ બાળકને રમકડું આપે છે કે બાળક હસતું થઈ જાય છે. બાહ્ય નિમિત્તે બાળકના અંતરમાં આનંદનો ભાવ ઊભો કર્યો. એમ,

માતાપિતા બિમાર છે. દીકરો જો સમજે છે કે 'મને સેવા કરવાની તક મળી, કૃતજ્ઞતા બજાવવાનો અવસર મળ્યો,' ને સારી સેવા બજાવે, તો ત્યાં આ બાહ્ય સરભરાથી માતા-પિતાના દિલમાં અને પોતાના દિલમાં સારા ભાવ જાગે છે. ત્યાં એણે ઉચિતમાં પુરુષાર્થની હાનિ ન કરી, પુરુષાર્થ ફોરવ્યો, ઉચિત કૃત્ય કર્યું. એમ ભૂલ થઈ તો ક્ષમા માગી લે, એ પણ ઉચિત કૃત્ય કર્યું, કૃત્યહાનિ ન કરી. આમાં બાહ્ય કૃત્યકરણના આધારે જ આભ્યન્તર કૃતજ્ઞતા અને ક્ષમાયાચનાના શુભભાવ પોષાયા. આ સમજનાર તો સમજે જ છે કે

'હું જેમ જેમ બાહ્ય, ઉચિત કાર્યો બજાવતો રહીશ, તેમ તેમ મારા અંતરમાં શુભભાવ પોષાશે, અને

મનુષ્ય જન્મની ખરી કમાણી શુભ ભાવોનું શુભ અધ્યવસાયોનું પોષણ છે.'

આ સમજ હોઈ, એ સર્વત્ર સર્વ ઉચિતમાં પુરુષાર્થની હાનિ નથી થવા દેતો.

સ્નેહી કુટુંબી બિમાર છે, તો એની પાસે બેસવું એ પણ ઉચિત કૃત્ય છે. ત્યાં જો ન બેસે, તો ઉચિતમાં કૃત્યહાનિ પુરુષાર્થહાનિ કરી. વર્તમાનનો એક પ્રસંગ છે,

વૈદ્ય શેઠાણીને તડકાવે છે :-

મોટા શહેરમાં એક શેઠ બિમાર પડ્યા. ડોકટરો બોલાવ્યા પણ એમનાથી રોગ પરખાતો નથી, તે નિદાન ન કરી શકયા. બિમારી એવી કે શેઠ પથારીમાં જાતે પડખું ય ફેરવી ન શકે. આમ તો શેઠનો બહુ નિષ્ણાત અને પ્રસિદ્ધ ઉત્તર હિંદુસ્તાનનો ફેમિલી વૈદ્ય હતો, પરંતુ એની સાથે અંટસ-વાંધો પડી ગયેલો તેથી એને પડતો મૂકેલો; છતાં હવે અહીં શું કરે? બિમારી ભારે હતી, ને ડોકટરોનો ગજ લાગતો નહોતો, તેથી એને બોલાવવો પડ્યો. વૈદ્ય બહારનાં બંડમાં થઈને અંદર આવે છે, ત્યારે પુરાણા વેશમાં વૈદ્યને જોઈ ડોકટરો તુચ્છતાની દૃષ્ટિથી જોતાં મનમાં હસે છે કે 'અમારા M. D. ના ગજ ન લાગ્યા ત્યાં આ પંતુજી વૈદ્ય શું કરશે?' અહીં તો વૈદ્ય પાવરફુલ હતો. અંદર જતાંવેંત જોયું કે શેઠ પલંગમાં સૂતા છે ને પાસે એક નર્સ સેવામાં છે. તરત જ વૈદ્યે ગર્જના કરી,-

'સેઠાણી કહાં હૈ?'

પેલી નર્સ કહે 'ધીરે બોલો, શેઠ બિમાર હૈ.'

વૈદ્ય કહે 'તું કૌન બોલને વાલી? તું શેઠ કી સેવા કયા સમજે?'

ફરી વૈદ્ય ગાજ્યો 'સેઠાણી કહાં હૈ?'

શેઠાણી હફળ ફફળ આવી, ચૂપચાપ ઊભી રહે છે. ત્યાં વૈદ્ય કહે,-

તુમકો શરમ નહીં આતી હૈ? બિમારી મેં શેઠકો નોકરાણીકો સોંપ દિયા? આનંદ મંગળ મેં તો હમ શેઠ કે સાથ, ઔર દુઃખ મેં નોકરાણી શેઠ કે પાસ? યહ કયા આર્ય કુલીન નારી કા ધર્મ હૈ? જાનતે નહીં હૈ કિ ઐસી બિમારી મેં બિમાર કે પાસ બેઠને મેં બિમાર કા દિલ-દર્દ આધાસા હોતા જાતા હૈ? તુમકો કોઈ વિચાર નહીં આતા? શેઠ કી ઐસી અવસ્થા મેં ભીતર આરામસે બૈઠી હો?'

કોણ જાણે, વૈદ્ય કેટલું લેકચર કરશે તે શેઠાણીએ તરત ક્ષમા માગીને નોકરાણી નર્સને આઘી કાઢી, પોતે શેઠની પાસે બેસી ગઇ. વૈદ્યરાજને કહે 'તપાસો શેઠને.'

વૈદ્યે નાડી પકડી, જોઈને કહ્યું, 'શેઠાણી સાબ ! ગભરાના મત. ઇતને ડૉ. મુફ્તકે બૈઠે હૈ કિ રોગ પરખ સકતે નહી ? કોઈ ભારી બિમારી નહિ હૈ. એક પુડિયા દેતા હું, દર્દ કમ હો જાયગા. આધે ઘંટે મેં શેઠ ચલતે હો જાએંગે. ચિંતા મત કરના.'

શેઠાણી કહે 'તો આપો દવા.'

વૈદ્ય કહે 'એક પુડિ કે પંદરસો રૂપિયે પડેંગે.'

શેઠે પૂર્વે વૈદ્યનું અપમાન કરેલું, એટલે અત્યારે વૈદ્યે અવસર પરખ્યો, અને ડૉકટરોને બતાવવું હતું, કે આયુર્વેદિક દવાઓ સસ્તી નથી, તેમ મામુલી નહિ, પણ રામબાણ દવાઓ છે. શેઠાણી અત્યારે શું કરે ? વૈદ્ય એવો બેપરવા હતો, કે ના કહે, તો એમ જ ચાલી નીકળે એવો ! શેઠાણીએ વૈદ્ય સાથે માણસને ૧૫૦૦ રૂ. આપી મોકલ્યો, દવા આવી, શેઠને ખવરાવી, ને અડધા કલાકમાં શેઠ સ્ફુર્તિમાં આવી ગયો. સ્વયં બેઠો થયો, પલંગથી નીચે ઊતરી ચાલતો ગયો જ્યાં M. D. ડૉકટરોની પેનલ બેઠી હતી ! ડૉકટરો સ્તબ્ધ થઇ ગયા, કે 'શું વૈદ્યનું ડાયોગ્નિસીસ (નિદાન) ! અને શો આયુર્વેદીક દવાનો ચમત્કાર !'

વાત આ હતી, બિમાર કુટુંબી-સ્નેહીની પાસે બેસવું એ પણ બાહ્ય ઉચિત કૃત્ય છે, ને એનાથી બિમારને મનમાં અડધી બિમારી ઓછી થઈ જાય. સેવાના એ બાહ્ય કૃત્યથી બિમારને મનમાં શાતા ઊપજે, અને સેવા કરનારના અંતરમાં સેવા–કૃતજ્ઞતા–સહાનુભૂતિના શુભ ભાવ જાગે છે. 'બાહ્ય ક્રિયા બાહ્ય નિમિત્ત શું કરે ? શા કામના ?' એમ લવારો કરનાર ભીંત ભૂલે છે.

આર્ય સંસ્કૃતિ આ શીખવે છે, વિલાયતી સંસ્કૃતિ માબાપને હોસ્પિટલ અને નર્સને હવાલે કરે છે ! ત્યાં એ માબાપ માનસિક શી હુંફ પામે ? આર્ય સંસ્કૃતિ પ્રમાણે 'બિમારની પાસે બેસવું' એ ઉચિતકૃત્ય છે. ઉચિત કૃત્ય બજાવવામાં આત્માની ઉન્નતિ છે.

ઉન્નતિ માપવા શું જોવું ?

આપણા આત્મામાં ઉન્નતિ આવી છે કે કેમ ?' એનું આના પરથી માપ નીકળે છે કે,–

(૧) આપણે અશુભ પ્રવૃત્તિઓ ઓછી કરતા ચાલીએ છીએ ?

(૨) આપણે સર્વત્ર ઉચિત કૃત્ય બજાવવામાં ખડે પગે રહીએ છીએ ?

(૩) કયારેય અનુચિત કૃત્ય કરતા નથી ને ?

આમાં પહેલામાં અશુભ પ્રવૃત્તિ, તે ગૃહસ્થને યોગ્ય જુદી, અને સાધુને યોગ્ય જુદી. ગૃહસ્થને સ્થૂલ અશુભ પ્રવૃત્તિઓ ને સાધુને સૂક્ષ્મ અશુભ પ્રવૃત્તિઓ ઓછી કરવાની રહે છે;– દા. ત. સાધુ શાસ્ત્ર-સ્વાધ્યાયના આચાર અને પ્રતિક્રમણાદિ અનુષ્ઠાન સેવતો હોય ત્યારે, કે તે સિવાય અન્ય સમયે ડાફોળિયાં મારે, કે મફતિયું બિન જરૂરી બોલે, એ નાની અશુભ પ્રવૃત્તિ છે. જીવને એ આંતરમાંથી બાહ્યમાં તાણી જાય છે. વિચારવું જોઇએ કે 'અનંત અનંત કાળથી બહારમાં ભટકવાની જીવની આદત છે, તેમાં માંડ માંડ અહીં આત્મા તરફ દૃષ્ટિ ગઈ, તો આભ્યન્તરમાં ઠરી એ આદતને ભૂલવાનો સોનેરી અવસર મળ્યો છે, તો શા માટે ડાફોળિયાં ને મફતિયા વાતોચીતોથી બહારમાં ભટકવાની અશુભ પ્રવૃત્તિ કરીને ગોઝારી આદત દૃઢ કરું ?' આત્માર્થી મોક્ષાર્થી જીવ માટે આ યાદ રાખવા જેવું મહાન સૂત્ર છે,–

'ધર્મ પામીને બહારમાં ભટકવાના ભવોથી માંડમાંડ છૂટયો, હવે શા સારુ ડાફોળિયાં ને તુચ્છ વાતો કરી બહારમાં ભટકું? અંદરમાં ઠરું તો જ હું આત્માર્થી.'

નાની પણ અશુભપ્રવૃત્તિ મોટી કેમ :-

સાધુએ તો સમજવું જોઇએ, કે મારો દરજ્જો ઊંચો છે, તો એક પણ બાહ્યભાવની ટેસથી કરાતી નાની ય અશુભ પ્રવૃત્તિ, દા. ત. પાપના ભય વિના મરાતાં ડાફોળિયાં, મફતિયા વાતોચીતો, અને શ્રાવકની સાંસારિક બાબતોમાં માથું મારવું....વગેરે મારા માટે તો મોટી અશુભ પ્રવૃત્તિ છે; કેમકે એ તદ્દન આત્મભાવ સંયમભાવ અને પાપનો ભય ભુલાવી, જરૂર પડયે મને સીધો ભવાભિનંદી બનાવી દેનારી છે, તેથી મિથ્યાત્વ ગુણઠાણે ઉતારી દેનારી ને અશુભ અનુબંધો બંધાવી ભવના ભ્રમણ વધારનારી છે!' એટલે જ એ ઝીણી પણ અશુભ પ્રવૃત્તિથી દૂર રહેનાર હોય. તેથી એને બહુભવ ભમવાનો ભય નહિ. તેમજ કયાંય ઉચિત કર્તવ્ય ચૂકવાનું નહિ. આ બે વિશેષતા તારાદૃષ્ટિમાં આવેલાની.

(૩) તારા દૃષ્ટિની ત્રીજી વિશેષતા

આ છે, કે એ કયાંય અનુચિત ક્રિયામાં અજાણપણે પણ પ્રવૃત્ત ન થાય. આ સ્થિતિ કયારે આવે? કહો, સતત ભાન રહે કે 'તારાદૃષ્ટિ આ માગે છે કે સતત જાગૃતિ રાખો.' કાંઇપણ પ્રવૃત્તિ કરતા પહેલાં પરખી લો, કે 'આમાં મારે શું કરવાનું છે? અને એમાં લેશ પણ મારું અહિત નહિ થાય ને? ગુણસ્થાનકની પરિણતિ નહિ બગડે ને?' આ સાવધાની જોઇએ. દા. ત. કોઈએ કાંક ગુન્હો કર્યો. તો એની સામે ઉગ્ર શબ્દ બોલતાં પોતાનો ક્રોધ-કષાય ને માન-કષાય પોષાય, એમાં પોતાનું અહિત થાય; ને સામાને દુર્ભાવ વધે, દુર્ધ્યાન થાય, એ એનું અહિત થયું. તેથી આ ઉગ્ર શબ્દ એ અનુચિત કાર્ય કહેવાય.

આજે કેટલાક ગૃહસ્થો પણ શાંત સ્વભાવી હોય છે. ગમે તેવા વિષમવાતાવરણમાં પણ એમનું પેટ ઠંડી માટલી જેવું, એમની મુખાકૃતિ ઉગ્ર થાય જ નહિ! મુખેથી બોલ ઉગ્ર નીકળે જ નહિ! સમજે છે કે 'એ ઉગ્રતા અનુચિત છે!' તેથી કોઈને શિખામણ દે, તો પણ પોતાના હિતનો વિચાર રાખીને, પોતાની આ લોક પરલોકની સલામતી જાળવીને.

પોતાનું હિત આ,-

પોતાના રાગદ્વેષ પોતાના ક્રોધ-માન વગેરે કષાયો પોષાય નહિ.

પોતાની આ લોકની સલામતી આ,-

સામાને ઉગ્ર બોલથી જે દુર્ભાવ થાય; એ ન થવા દેવો. નહિંતર અવસરે જિંદગીભરના સ્નેહ-સદ્ભાવ તૂટે. જો આપણા પર એને સ્નેહ-સદ્ભાવ ટકયો રહે, તો આપણી અવસરોચિત સલાહ-સૂચના માને. તેમજ બીજું એ કે અવસરે સામાની સહાય મળે.

પોતાની પરલોકની સલામતી આ,-

ઉગ્રબોલ અટકાવ્યાથી ને દિલમાં શાંતતા-સ્નેહ-મૈત્રીભાવ ઊભો રાખ્યાથી એવા પાપકર્મ ન બંધાય, ને એવા અશુભાનુબંધ (કષાયના સંસ્કાર) ન વધે; તેમજ શુભ અધ્યવસાયથી પુણ્યકર્મ બંધાય, શુભાનુબંધ વધે. એથી ભવના ફેરા ટૂંકા થાય.

અનુચિત કૃત્ય અટકાવ્યાના કેટલા મહાન લાભ!

મહાન કેમ થવાય છે?

જીવનમાં એવા ઉગ્ર બોલ વગેરે અનુચિત પ્રવૃત્તિ અટકાવી ઉચિત વ્યવહાર જાળવ્યાથી મહાન થવાય.

અનુચિત ક્રિયા કેવી કેવી? :—

અનુચિત ક્રિયા ઘણા પ્રકારની હોય છે.

દા. ત. કોઈને માનવંતુ સંબોધન કરતાં ય

ન આવડે, તો તે અનુચિત ક્રિયા થઈ. જેમકે અંધને કહે 'એ આંધળા!' ત્યાં જો કહે 'એ પ્રજ્ઞાચક્ષુ!' તો તે અનુચિત નહિ.

એમ, માતાપિતાની કે ગુરુની સેવા તો સારી કરે, પણ જો કહે 'એમનો સ્વભાવ ઉગ્ર. વળી હું એમનું કેટલું બધું કરું છું, છતાં એમને કદર નથી. મારા બદલે બીજો હોત તો ખબર પડી જાત.' આ અનુચિત બોલ છે. એને કોણ કહે કે 'તું સેવા તો હમણાં કરે છે, પરંતુ તે પહેલાં માતાપિતાએ કે ગુરુએ તારા પર કેટલા બધા ઉપકાર કર્યા છે એ તારે જોવું છે? એમના અસીમ ઉપકાર આગળ તારી સેવા તો વિસાતમાં નથી. વળી અમૂલ્ય સેવાધર્મ બજાવીને પણ 'આ તો મારાથી તમે નભો છો, બીજો હોત તો ખબર પડી જાત,-' એ અનુચિત બોલ ડામ જેવા છે, એમના હૃદયને ઠારે નહિ, બાળે. તેથી સેવા કરવા છતાં સેવ્યનો પૂજ્યનો પ્રેમ ન મેળવી શકે.

'ધર્મમાં કેમ પાછા ફર્યા?' :-

અમેરિકામાં એક જણે 'Return to Religion' "ધર્મમાં પુનરાગમન" પુસ્તક લખ્યું છે. એમાં એણે એક ભાઇનો હાથલો ટાંકી આવા અનુચિત બોલ પર એ સેવાકારી છતાં પતિની અરુચિ પામનારી અને ઉચિત બોલ પર પતિનો અનહદ પ્રેમ મેળવનારી બતાવી છે. એ પુસ્તકનાં ઉત્થાનનું આ કારણ બોધક હોવાથી પ્રસંગવશ અહીં જોઇએ. લેખકે પુસ્તકમાં ઉત્થાન બતાવતાં લખ્યું છે, કે '૨૫ વર્ષનાં ગાળા પછી હું ધર્મમાં કેમ પાછો ફર્યો?' ખુલાસો કરતાં કહે છે, કે

"પિતાની સાથે ૨૦ વર્ષની ઉંમર સુધી દેવળમાં જતો હતો, પરંતુ એમાં કંટાળેલો કે પાદરી એની એ બાઇબલ-કડીઓ બોલે, તે પણ એક જ રાગ અને એક જ ટ્યુનમાં. આમાં શી મજા આવે? એના કરતાં ઓરચેસ્ટ્રામાં નવ-નવા રાગ નવ-નવા ગીત મળે તે સારાં! એમ કંટાળીને પિતાના મૃત્યુ પછી એણે દેવળ છોડી દીધું. તે આજે ૨૫ વર્ષના ગાળા પછી ૪૫ વર્ષની ઉંમરે ફરીથી દેવળે જવા લાગ્યો. શું કારણ હશે? તમે કહેશો 'બુઢ્ઢા થયા, યા રોગિષ્ઠ થયા. એટલે બીજું શું કરવાનું? દેવળે જઈ બેસવાનું.' 'ના, હું બુઢ્ઢો નથી, રોગિષ્ઠ નથી, ૪૫ વર્ષની ઉંમર મારે ખીલેલી યુવાની ને તાંબા જેવી કાયા છે.'

"તો કહેશો 'પૈસા ધંધો નહિ હોય તેથી દેવળ પકડ્યું હશે" 'ના, મારે ધંધો અને સારી એવી આવક છે. જેથી મારી પત્ની અને ૩ બાળકોનું મારું કુટુંબ સારી રીતે જીવીએ છીએ.'

"તો કહેશો ઘરમાં કલેશ કંકાસ હશે, તેથી શાંતિ માટે દેવળે જતા હશો, 'ના, મારા શાંત સ્વભાવી કુટુંબે તો મારા સુખમાં ઓર વધારો કર્યો છે.' તો પછી ૨૫ વર્ષના ગાળા પછી દેવળ કેમ પકડ્યું?'

એના ખુલાસામાં આગળ લખે છે કે હું માનસશાસ્ત્રીય ડાકટર છું, અને લોકોના માનસિક રોગો માનસિક વ્યથાઓ, તેવી તેવી કિંમતી સલાહો આપીને, મટાડું છું. એમાં એક વાર મારા ટેબલ પર કોઇએ બાઇબલ મૂકેલું, તે એ વખતે મારે બીજું કાંઈ કામ નહોતું એટલે ખોલીને વાંચ્યું. હું ચમકી ઊઠ્યો! એટલે આગળના પાછળના બીજા ગમે તે ગમે તે પાનાં ખોલી વાંચ્યા, તો ચમકારો વધી ગયો!

બાઇબલના ફકરા પર ચમકારો કેમ? :-

"મેં જોયું કે અરે! હું માનસિક રોગો માનસિક વ્યથાઓ કાઢવા લોકોને જે કિંમતી સલાહો આપું છું, ને એના પર અભિમાન રાખું છું કે મારું જ્ઞાનું કેટલું બધું પાવરફુલ છે! બહુ ઓછાના મગજમાં આવી સ્ફુરણાઓ ઊઠતી હશે!'-આ મારું અભિમાન કેટલું બધું

પોકળ ! કેમકે આ મારી કિંમતી સલાહો તો ૨૦૦૦ વર્ષ પૂર્વેના આ ધર્મશાસ્ત્રમાં લખેલી ભરી પડી છે. હું લોકોને શું નવું કહું છું ? બાઇબલમાં જે લખ્યું છે, તે જ હું લોકોને કહું છું. ત્યારે મૂળમાં આ ધર્મશાસ્ત્ર લોકોને શાંત સુખી જીવન જીવવા માટે કેટલું બધું અતિશય ઉપયોગી ! તો મેં મૂરખે આ ધર્મ–શાસ્ત્ર અને ધર્મની જ ઉપેક્ષા કરી ? બસ, તેજ દિવસથી હું દેવળે જવા લાગ્યો. પાદરીના કહેવાથી એ બાઇબલના ફકરા પર માનસ–શાસ્ત્રની પદ્ધતિએ ભાષણો દેવા લાગ્યો. લોકો ખૂબ જમા થતા ગયા."

આ પુસ્તકમાં માનસિક ટ્રાટમેન્ટનો એક દાખલો એવો મૂકયો છે કે–

બાઈ કેમ પતિને પ્રિય થઈ ?

એક બાઈ આ ડો. પાસે આવી કહે 'જુઓને ડો. હું મારા ધણીની કેટલી બધી સેવા કરું છું. છતાં હું એમને ગમતી નથી ! હજી બીજી બાઇઓ સાથે વાતોચીતો કરે, પણ મારી સાથે નહિ, તો આનો કોઈ માર્ગ કાઢી આપો !'

ડોકટરે પછી એનું મૂળ નિદાન શોધવા અનેક પ્રશ્નો પૂછયા, જેવા કે 'સવારે પહેલું કોણ ઊઠે છે ? તમે સેવા કાર્ય કરો તે એમના ચીંધ્યા પછી કરો ? કે ચિંધ્યા સિવાય કરો ? પતિ બહારથી આવે ત્યારે શું કહો છો ? વગેરે પૂછતાં ડોકટરે શોધી કાઢયું, કે પતિની સેવા આમન્યા તો બહુ જાળવે છે, પણ વચમાં કયાંક પતિની ભૂલ થતાં સંભળાવી દે છે કે 'આ તો હું છું તે તમારું નભાવી લઉં છું, બીજી કોઇ હોત તો તમને ખબર પડી જતે.'

એટલે હવે ડોકટર કહે છે, "તમો ન ગમવાનું કારણ તમારા કર્કશ અપ્રિય બોલ છે. હવે તમારે સુખી થવું હોય, પતિને પ્રિય થવું હોય, તો એથી ઉલ્ટું બોલો. અર્થાત્ તમારી ભૂલમાં એમ કહેતા રહો કે 'આ તો તમે છો તે મને નભાવો છો, બીજો કોઈ મને પતિ મળ્યો હોત તો મને લાત મારીને કાઢી મૂકત.' અને એમની ભૂલમાં એમ કહો, કે 'ના, ના, તમારી કશી ભૂલ નથી. ભૂલ મારી છે, કે પહેલાં મેં ધ્યાન ન રાખ્યું.' બસ, જાઓ, કરજો આ પ્રમાણે !"

એ બાઇના મગજમાં વાત ઊતરી ગઈ, એ પ્રમાણે કરવા લાગી, ને કેટલાક દિવસો બાદ ડો. ને અભિનંદન આપવા આવી; કહે છે,– 'ડો. ! કેવો સરસ ઉપાય બતાવ્યો ! મેં તમારા કહેવા પ્રમાણે કરવા માંડયું, તો હવે હું એમને એટલી બધી ગમું છું કે એ બીજીઓ સાથે વાત કરવાને બદલે કે બહાર ફરતા રહેવાને બદલે ઘરમાં જ રહી મારી સાથે ખૂબ પ્રેમ-ગોષ્ઠી કરે છે.'

અનુચિત બોલથી સ્વ–પરને નુકસાન :–

વાત આ હતી, કે માતા–પિતા કે ગુરુ વગેરેની સારી સેવા કરવા છતાં, માથે જો અનુચિત બોલ ઝીકે તો કેવું નુકસાન થાય છે ! સામાનું દિલ દુભાય, અને પોતાને પણ ઉદ્વેગ થાય, એમ બંનેને અશુભ અધ્યવસાય થાય.

સમજવું જોઈએ કે 'અત્યાર સુધી આપણે આ દુઃખદ સંસારમાં અનુચિત વ્યવહારથી આપણું અને બીજાનું ઘણું ઘણું બગાડયું છે. અહીં ઉત્તમ ભવ, ઉત્તમ બુદ્ધિ–શક્તિ, ઉત્તમ પુરુષાર્થ શક્તિ, અને ઉત્તમ દેવગુરુ તથા ઉત્તમ પૂર્વ પુરુષોના ઉત્તમ ઉચિત વ્યવહાર તથા અનુચિત ત્યાગના દૃષ્ટાન્ત મેળવવા ભાગ્ય-શાળી બન્યા છીએ, તો આપણી કિંમતી બુદ્ધિ-શક્તિ–પુરુષાર્થશક્તિ સ્વ–પર માટે શ્રાપરૂપ નહિ, કિન્તુ આશીર્વાદરૂપ બને, એવો એનો ઉપયોગ કરવો જોઇએ, અને તે સર્વત્ર ઉચિત વ્યવહાર સાચવવાની તથા નાના પણ અનુચિતનો ત્યાગ કરવાની જ બુદ્ધિ તથા ઉદ્યમથી થાય. કહેશો,

અનુચિત કેમ અટકે :–

પ્ર૦–આ બધું સમજવા છતાં અનુચિત

બોલી જવાય છે; અનુચિત આચરાઈ જાય છે, તે કેમ અટકે ?

ઉ૦–એ અટકાવવા માટે પહેલાં મન પર અંકુશ મૂકવાની જરૂર છે, ને એ માથે ભાર રાખવાથી થાય કે ' હું કોણ ? મારું કુળ કયું ? મારી ખાનદાની શી ? મારા ગુરુ કોણ ? દા. ત. હું સાધુ, અમુક મોટા ગુરુનો શિષ્ય, મારાથી અનુચિત બોલાય જ નહિ, અનુચિત વર્તાય જ નહિ. હું ભણેલો મારાથી ગુસ્સો થાય જ નહિ. હું તપસ્વી, મારાથી બીજાને તુચ્છકારાય જ નહિ. હું વીતરાગનો સેવક મારાથી અભિમાન થાય જ નહિ. હું વિરાગી, મારાથી તુચ્છ માન આદિના લોભમાં અનુચિત બોલાય જ નહિ, ચલાય નહિ. ''

આવો કોઇ ભાર રાખો તો જ અનુચિતથી બચાય. અલબત્ પરભવનાં માઠાં ફળ વિચારીને અનુચિત બોલ–ચાલ અટકાવી શકાય; પરંતુ એ માઠાં ફળ કે એનાં પાપકર્મ આંખે દેખાતા નથી, એટલો એનો એવો ભય લાગતો નથી, તેથી આ માથે ભાર રાખવાનો ઉપાય બતાવ્યો. બાકી તો પૂર્વના મહાન આત્માઓનાં જીવન નજર સામે રાખવાથી પણ અનુચિત વ્યવહારને અટકાવી શકાય.

કુમારપાળ અને અર્ણોરાજ :–

મહારાજા કુમારપાળના બનેવી અર્ણોરાજ વડે સાધુ માટે તુચ્છકારથી ' મુંડિયો ' શબ્દ બોલતાં અને ' કુમારપાળ મને શું કરી શકનાર છે ? એને રાજગાદીએ તો મેં બેસાડેલ છે ? ' એમ અભિમાન કરતાં, એ પોતાના બનેવી અર્ણોરાજ પર લશ્કર લઈને ચઢાઈ કરે છે. અર્ણોરાજે તે પૂર્વે કુમારપાળ રાજાના સૈન્યને ફોડી નાખ્યું છે, એટલે યુદ્ધભૂમિ પર હથિયાર ઉઠાવ્યા વિના લશ્કર એમજ સુમસામ ઊભેલું જોઇ કુમારપાળ ગભરાયા નહિ. માવતને ઇશારો કરતાં માવતે હાથીને એકાએક અર્ણોરાજના હાથી પર એવો કૂદાવ્યો કે અર્ણોરાજ તો હજી કુમારપાળનું લશ્કર નિષ્ક્રિય જોઈ હરખઘેલો બનેલો ગફલતમાં રહ્યો, અને કુમારપાળ મહારાજા પોતાની અંબાડી પરથી અર્ણોરાજના હાથીની અંબાડીમાં સીધા કૂદ્યા, ને હબક ખાઈ ગયેલા અર્ણોરાજને હેઠો નાખી, એની છાતી પર ચડી બેસીને તલવાર દેખાડી કહે ' બોલ હરામખોર ! સાધુની અવગણના કરનારા ! હમણાં જ તને એકેક અંગ પર તલવારના ઘા ઝીકી ઝીકી રીબાવી રીબાવીને ખતમ કરી નાખું ? '

અર્ણોરાજે કુમારપાળનો ગુસ્સો દેખી જોયું કે ' આ હમણાં તલવારથી મારા અંગેઅંગ કપાયા સમજો,' અર્ણોરાજ કંપી ઊઠ્યો, જીવવાનો મોહ હતો, આવું કરપીણ રીતે કપાઇ જવાનું દુઃખ સહન થાય એમ નહોતું, તેથી દીન–લાચાર બની કરગરતો માફી માગે છે,–

' ભાઈ સાહેબ ! ક્ષમા કરો, હું તમારી ગાય છું. બચાવો. મારી ભયંકર ભૂલ થઇ; હવે જિંદગીમાં કદી સાધુ–મહાત્માની અવગણના નહિ કરું ! '

કુમારપાળનો મહાન અનુચિત–બોલ–ત્યાગ:–

બંનેના લશ્કરે અને અમલદારોએ જ્યાં આ કુમારપાળની શૂરવીરતા અને અર્ણોરાજની દીનહીન સ્થિતિ જોઈ ત્યાં હેબતાઈ ગયા ! કુમારપાળને દયા આવી અર્ણોરાજને છોડી મૂક્યો, અને પોતે પોતાનું લશ્કર લઇ પાછા આવ્યા. ખૂબી કેવી થઇ કે કુમારપાળ મહારાજાએ આટલો જ્વલંત વિજય મેળવ્યા પછી પોતાના અમલદારોને કે લશ્કરને કશો ઠપકો આપ્યો નહિ ! રાજધાની પાટણમાં આવીને એ બધાને એમનો વિશ્વાસઘાત એણે કશો યાદ ન કરાવ્યો. મહારાજા કુમારપાળનું કેટલું બધું ઉમદા દિલ ! કેમ વારુ ? એમણે જોયું કે 'અમલદારો અને લશ્કર એ પરાક્રમ ને જ્વલંત વિજય જોઇને અંતરમાં ઘવાઈ તો ગયા છે, તો એમને હવે ઠપકાના

શબ્દના ઘા શા મારવા? ઘા મારવા અનુચિત છે. જીવનમાં અનુચિત કશું ન કરાય.'

બીજી તારા દૃષ્ટિનો આ પ્રકાશ છે,—સર્વત્ર ઉચિતમાં પુરુષાર્થ—હાનિ ન થવા દેવાનું અને અનુચિત કશું જ ન આચરવાનું દેખાડયા કરે.

પ્ર૦—૧લી મિત્રાદૃષ્ટિમાં આ ન બતાવતાં ૨જી તારા દૃષ્ટિમાં કેમ બતાવ્યું?

ઉ૦—જ્ઞાનીઓએ જોયું કે મિત્રા દૃષ્ટિમાં પ્રકાશ મંદ છે. અલબત્ ભવાભિનંદિતા ટળી મોક્ષ—દૃષ્ટિ જાગી છે, વૈરાગ્ય પ્રગટયો છે, પરંતુ મોક્ષદૃષ્ટિ અને વૈરાગ્યમાત્રથી આ પ્રકાશ ન આવે. એ માટે આ વિવેક આ જોમ પ્રગટવા જોઇએ. એ માટે અહિંસાદિ પાંચ યમની સાધનાનો અભ્યાસ જરૂરી છે, એવો 'જિનેષુ કુશલં ચિત્તં' વગેરે પાંચ યોગબીજોનો અભ્યાસ જરૂરી છે, એ થાય એટલે ઉચિત કૃત્યમાં હાનિ ને અનુચિતમાં પ્રવૃત્તિ ન થવા દે. અહીં સવાલ થાય,—

પ્ર૦—ઔચિત્ય તો ઠેઠ સહજમળનો હ્રાસ થાય ત્યાંથી જરૂરી છે, તો પછી કેમ અહીં બીજી તારા દૃષ્ટમાં ઉચિતમાં હાનિ ન થવાનું બતાવ્યું?

ઉ૦—એ જે સહજમળ—હ્રાસથી ઔચિત્ય છે, તે સ્થૂલ દૃષ્ટિથી ઔચિત્ય છે; ત્યારે અહીં સૂક્ષ્મ દૃષ્ટિથી જે ઉચિત કૃત્યો એમાં હાનિ ન થવા દેવાની વાત છે. કારણ એ છે કે જીવ યોગની બીજી દૃષ્ટિમાં ચડયો એટલે એની આત્મોન્નતિની કક્ષા વધી, તેથી હવે એનામાં આત્માના હિતોનાં પાલન અને અહિતોના ત્યાગની કક્ષા વધી, કહો કે એનાં ઉચિત કૃત્યોની કક્ષા વધી, તેમ અનુચિત—ત્યાગની પણ કક્ષા વધી. તેથી અહીં ઉચિત—અનુચિતને સૂક્ષ્મ દૃષ્ટિથી જોવા પડે; તેથી પૂર્વ કરતાં અહીં ઉચિત-આદર અનુચિત-ત્યાગ ઉચ્ચ કોટિના લેવાય. આને ૧લી મિત્રાદૃષ્ટિમાં ન મૂકતાં ૨જી તારા દૃષ્ટિમાં મૂક્યા, એ સૂચવે છે કે,—

પાંચ યમ અને પાંચ યોગબીજોની સાધનાના અભ્યાસ પછી જ આ સ્થિતિ આવે કે ઉચિત કૃત્યો કર્યા વિના રહેવાય નહિ, ને અનુચિત એક પણ ગમે નહિ.

બીજી વાત એ છે કે તારા દૃષ્ટિમાં શૌચ-સંતોષ-તપ-સ્વાધ્યાય-ઈશ્વરપ્રણિધાન એ પાંચ નિયમોનું પાલન કહ્યું છે એ પાલન નિયમોની મમતા જાગીને જ થાય, ને એ મમતા પણ આ યોગ્યતા આ સત્ત્વ ઊભું કરે છે કે ઉચિત કર્તવ્યોમાં જરાય ખામી ન આવવા દે, અને અનુચિત જરાય આચરવા ન દે. પાંચ નિયમોનું શુદ્ધ પાલન કોઇ પૌદ્ગલિક લાલસાથી નથી થતું, કિન્તુ એ સમજથી થાય છે કે આ નિયમો એ માનવ—જીવનનો સાર છે. જીવનમાં આ શૌચ-સંતોષ વગેરે નથી તો જીવન કૂચા છે; તેથી નિયમોને જીવનનો ઉત્તમ સાર સમજી એના પર મમતા થાય છે. ઓઘદૃષ્ટિના અંધકારવાળા ભવાભિનંદીને પૈસા પરિવાર પ્રતિષ્ઠા વગેરે સારરૂપ લાગી એની મમતા રહે છે, ત્યારે યોગની બીજી દૃષ્ટિના પ્રકાશવાળાને નિયમો સારરૂપ લાગી એની મમતા રહે, એ સહજ છે.

હવે એ જુઓ કે શૌચ વગેરે નિયમોને અને ઉચિતકર્તવ્યની હાનિ નહિ, એને કેવો સુમેળ છે! નિયમોની મમતા છે, તેથી પહેલા શૌચ નિયમની મમતા શિખવાડે છે કે 'અનુચિત કૃત્યથી મન-વચન-કાયાને અપવિત્ર કાં કરું? એટલે અનુચિત—ત્યાગ સરળ બને છે. એમ સંતોષની મમતા છે તેથી જીવનમાં જરૂરિયાતો અલ્પ રાખી છે, પછી ઉચિત પાલન યાને ઔચિત્ય શું કામ ચૂકે?

ઔચિત્યને ચૂકાવનાર છે વધારે પડતી જરૂરિયાતો.

માન મળવાનું જરૂરી લાગે એટલે એની પાછળ મૃદુ મુલાયમ ઉચિત વ્યવહાર ચૂકાય છે. સંતોષથી એ ઉચિત વ્યવહાર બરાબર જળ—

વાશે. એમ ખાસું ઊંઘવાનું જરૂરી લાગ્યું એટલે શ્રાવકને ઉચિત પ્રતિક્રમણ-કર્તવ્ય તે ચૂકાય છે. આમ તો મહર્ષિઓ કહે છે કે બ્રાહ્મ મુહૂર્તે ઊઠી જવું; કેમકે,

પરમાત્મામાં મન લગાડવા માટે બ્રાહ્મ મુહૂર્ત એ સુયોગ્ય સમય છે.

પરંતુ ભગવદ્ધ્યાનને જે જીવનનો સાર ન સમજે, જેને એની મમતા ન હોય, એને વધુ પડતું ઊંઘવું વગેરે બહુ જરૂરી લાગે છે, એટલે પ્રતિક્રમણ-ભગવદ્ધ્યાન વગેરેની મમતા જ નહિ ! નહિતર વિચાર આવે કે,-

જો ઊંઘવું જરૂરી છે, તો શું પ્રતિક્રમણ ભગવદ્ધ્યાન અને સ્વાધ્યાય જરૂરી નથી ?

કહો, ઊંઘ કરતાં એ વધારે જરૂરી છે. તપ અંગે તપ-નિયમની મમતા રહે એટલે પર્વતિથિએ તપ અવશ્ય કરવાનું ઔચિત્ય નહિ ચૂકે. જો તપની મમતા નથી, તો 'ખાઉં ખાઉં'ની લગનમાં અવસરે ગુરુભક્તિ સાધર્મિકભક્તિ વગેરેના ઉચિત કર્તવ્યને ચૂકવાનો. તપ-નિયમને મમતાથી પાળનાર પોતાના ખાવા-પીવાને એવું મહત્ત્વ નહિ આપે કે જેથી અવસરોચિત સત્કૃત્ય, સત્કર્તવ્ય ચૂકવું પડે. એમ સ્વાધ્યાય-નિયમની મમતા છે એટલે નકામી વાતોચીતો-કુથલી-વિકથાના અનુચિતને નહિ આચરે.

સારાંશ, પાંચ નિયમના આચારની, એમ શ્રાવક અને સાધુના આચારની મમતા ઉચિત કોઈ જ કર્તવ્યમાં ખામી નહિ આવવા દે; તેમ અનુચિત કશું આચરવા નહિ દે.

આચારો બજાવ્યા વિના બીજું કરવું એ અનુચિત છે. એટલા માટે તો અષ્ટકજી શાસ્ત્ર, ઉપમિતિ, ઉપદેશરત્નાકર વગેરે શાસ્ત્રોમાં કહ્યું છે કે 'ૐ અર્હં' આદિનું ધ્યાન પણ શ્રાવક કે સાધુપણાના દૈનિક આચારો બજાવ્યા પછી જ કરવાનું છે, આચારોને પડતા મૂકીને નહિ, શાસ્ત્રમાં રાજકુમારીનું દૃષ્ટાન્ત મૂકયું છે.

રાજકુમારીનું મન કેવી રીતે સ્થિર થયું ?

એક રાજકુમારી અધ્યાત્મપ્રેમી, તેથી જોગી સંન્યાસીને પૂછતી કે 'મન કેવી રીતે સ્થિર થાય ?' જવાબ મળતો 'અમુકનું ધ્યાન કર' 'અમુકનું ધ્યાન કર'...કુમારી એમ કરતી, પરંતુ મન ચંચળ જ રહેતું. એમાં વળી બહુ શાસ્ત્ર નહિ ભણેલા મુનિ મળ્યા, એમને પૂછયું,

તો એ કહે 'ભગવાનનું ધ્યાન કર.'

આ કહે 'ભગવાન તો કોઠે પડી ગયા, ચમકારો નથી થતો, મન સ્થિર થતું નથી.'

ત્યારે સાધુ કહે, એમ કર, 'આ અમારો દંડ છે એના પર મોગરો છે એ મોગરાનું ધ્યાન કર, મન એમાં ચોંટશે.' પરંતુ એમાંય ઠેકાણું ન પડયું. ભાગ્ય યોગે ગીતાર્થ બહુશ્રુત આચાર્ય મહારાજ પધાર્યા એમની પાસે જઈને પોતાની બધી હકીકત કહી. પૂછે છે,-

'ભગવન્ શેનું ધ્યાન કરું તો મન સ્થિર થાય ?'

આચાર્ય મહારાજ કહે, જો તારે શાસ્ત્રીય માર્ગ લેવો હોય તો ગૃહસ્થપણાના ત્રિકાળ જિનભક્તિ, ઉભયકાળ આવશ્યક; ગુરુવંદન, જિનવાણી-શ્રવણ, સાધ્વી પાસે સ્વાધ્યાય, વગેરે જેટલા દૈનિક આચારો છે એનું પાલન કર, પછી એમાં સમય મળે ત્યારે અરિહંતનું ધ્યાન કરજે. એ સાચું ધ્યાન છે. કુમારીએ એમ કર્યું, ને મન હવે સ્થિરતાનો અનુભવ કરે છે. પૂછે-

પ્ર૦-આચાર-પાલનથી મન કેમ સ્થિર થાય ?

ઉ૦-એનું કારણ એ છે કે દુનિયાની ચીજો અને મોહમય પાપ ક્રિયાઓમાં સતત પરોવાયેલું મન સીધું ધ્યાનમાં સ્થિર રહેવા સમર્થ નથી. ત્યારે શુભવસ્તુ શુભક્રિયામાં મન સહેલાઈથી સ્થિર થાય છે. કેમકે અશુભ વસ્તુઓ અને અશુભ

ક્રિયાઓની સામે શુભ વસ્તુ શુભ ક્રિયા મનને પકડી રાખે છે.

વળી બીજું કારણ એ છે કે આપણે મોટા મહાત્માની અપેક્ષાએ બાળ જીવો છીએ, તેથી આપણું મન વિવિધતાનું પ્રેમી છે, અને આચારોમાં વિવિધ ક્રિયા આવે, એટલે એક ક્રિયા પછી બીજી જુદી ક્રિયા, પછી ત્રીજી ક્રિયા, એમ મન એમાં પકડાયેલું રહે છે. એમ સ્થિરતાનો અનભવ ને અભ્યાસ થાય, પછી ધ્યાનમાં ય મન સહેલાઈથી સ્થિર રહે.

પ્ર૦—પણ ક્રિયામાં જ મન સ્થિર નથી રહેતું ને ?

ઉ૦—અહીં એટલું જરૂરી કે આચાર-ક્રિયાઓ એને વફાદાર રહીને કરવી જોઇએ. વફાદારી એટલે એને જ વળગ્યા રહેવું, એમાં જ મનનો ઉપયોગ. વિવિધ ક્રિયાને ઉપયોગ-જાગૃતિ-ખ્યાલ સાથે કરીએ તો બીજા વિચાર ન આવે.

બીજું કારણ એ છે કે આચાર-ક્રિયાઓના વિવિધ સારા અંશો આત્માના જે અનેક દોષો મિટાવે છે, એ તાકાત એકલા ધ્યાનમાં નથી; એટલે એ દોષો મનને અસ્થિર કરે છે. દા. ત. 'ગુરુજનપૂજા' અને 'પરાર્થકરણ' એ આચાર છે. એ નથી પાળવા ને ધ્યાન લઇને બેસવું છે, તો એમાં હરામ હાડકાપણાનો દોષ અને સ્વાર્થવૃત્તિનો દોષ, કે જે અનાદિથી ચાલ્યા આવે છે, એ પોષાવાના. 'હું તો નિરાંતે ધ્યાનમાં બેઠો છું વડિલજનોની સેવા તો બીજા કરી લેશે,' અથવા બીજાઓ પોતપોતાનું કરી લેશે. હું કયાં એમનું કરવા નીકળું ? મારે મારું ધ્યાન સાધવાનું રહી જાય ! આ વિચારમાં નકરી સુખશીલતા અને સ્વાર્થવૃત્ત પોષાવાની. ત્યાં હાડકાં હરામ કરે, પરાર્થકરણ ગુમાવે. સ્વાર્થમાં જ રમતો રહે, એટલે મન એનાથી પકડાયેલું રહેવાથી ધ્યાનમાં સ્થિરપણે ન ચાલી શકે એ સહજ છે. ત્યારે ગુરુજનસેવા અને 'પરાર્થકરણ' યાને બીજાઓની સેવા કરતા રહેવાથી ધ્યાનમાં મન સ્થિર ચાલી શકે. બાકી

સ્વાર્થી અને સુખશીલ મન ધ્યાનસાધનામાં સ્થિર ન બની શકે.

એવાને ખબર નથી કે 'ગુરુજનો અને મોટો સાધુ-સમુદાય મળ્યો છે તો સેવાની સોનેરી તક છે. છતાં એ ન કરતાં શરીર બેઠાડુ રાખવું છે, તો ભેંસના અવતાર મળશે, જેથી પાધરે આખો દિવસ બેસી રહેવાનું મળે. જ્ઞાનીઓએ આ જોયું છે કે એકલું ધ્યાન આખો દિવસ લઈ બેસવામાં આ સુખશીલતા ને સ્વાર્થમાયાના દોષો ન હટે. તેથી પહેલો ભાર આચાર પર મૂકયો. આચારનો રસ રાખવાથી એના પાલનમાં મન સ્થિર બને, સ્થિરતાનો અનુભવ કરી શકે. એમ પ્રતિક્રમણનો આચાર ન પાળે તો કેટલું ગુમાવે ? પ્રતિક્રમણના સૂત્રોના પદે પદે એના અર્થમાં તથા દુષ્કૃત નિંદા વગેરે ભાવમાં સ્થિરતાથી મન ચાલી શકે. સ્થિર મન એ ધ્યાન જ છે.

'ઇચ્છામિ પડિક્કમિઉં' સૂત્રમાં બે ભાગમાં ધ્યાન :-

ખરેખર જોઇએ તો એ એકાગ્ર મન એ ધ્યાન જ છે. પ્રતિક્રમણ સૂત્રની મજા જુઓ. એક સૂત્ર 'ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ' નું છે. મન એમાં કેવું કે પકડાય એ જોવા જેવું છે. એમાં દૈવસિક અતિચાર દોષોનું પ્રતિક્રમણ કરવાનું છે, તેમાં બે ભાગ છે,- એક ભાગ 'જો મે દેવસિઓ અઇયારો કઓ' થી 'સુએ સામાઇએ' સુધી, અને બીજો ભાગ 'તિણ્હં ગુત્તીણં' થી 'જં ખંડિયં જં વિરાહિયં' સુધી. આમાં પહેલા ભાગમાં 'નાણે દંસણે...' અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર-શ્રુત-સામાયિક આ પાંચના દરેકમાં જે કાંઈ કાયિક-વાચિક-માનસિક અતિચાર દોષ સેવ્યા, એમાં પણ વિસ્તારથી

'ઉસ્સુત્તો' થી 'સમણુપાઉગ્ગો' સુધી નવ પ્રકારે દોષ તેમાં ૪ બબ્બેના જોડકા અને એક સિંગલ દા. ત. 'ઉસ્સુત્તો-ઉમ્મગ્ગો', 'અકપ્પો-અકરણિજ્જો,' 'દુજ્ઝાઓ,-દુવ્વિચિંત્તિઓ' ને 'અણાયારો'-અણિચ્છિઅવ્વો,'-એમ કુલ ૮,તથા એક સિંગલ, તે શ્રાવકને 'અ-સાવગપાઉગ્ગો,' ને સાધુને 'અ-સમણુ-પાઉગ્ગો' એમ ૯ પ્રકારે દોષ જ્ઞાનાદિ પાંચમાં સેવ્યા; આ ભાગનો સંબંધ છેલ્લે 'તસ્સ મિચ્છામિ દુક્કડં' સાથે. એમ બીજા વિભાગમાં 'તિણ્હં ગુત્તીણં'થી, સાવ-ગધમ્મસ્સ' (શ્રાવકને) અને 'સમણાણં જોગાણં' (સાધુને) સુધી, એ ૩ ગુપ્તિ ૪ કષાય વગેરેમાં 'જં ખંડિયં જં વિરાહિયં' જે કોઇ ખંડના-વિરાધનાના દોષ સેવ્યા, આ વિભાગનો સંબંધ પણ છેલ્લા 'તસ્સ મિચ્છામિ દુક્કડં' પદ સાથે. ત્યારે જુઓ કે ધ્યાન ન લઈ બેસતાં પ્રતિક્રમણનો આચાર પાળે તો આ એક જ સૂત્રમાં જ પદેપદમાં મન કેટલું બધું સ્થિરતાથી ચાલે? તો જ એ અતિચાર-દોષો મન પર લાવીને પ્રતિક્રમણ કરી શકે ને? પ્રતિક્રમણમાં એવા બીજા સૂત્રોના પદ પદ મન પર લવાય, એ દરેક પદના અર્થ-ભાવ મન પર લવાય, તો સાચું પ્રતિક્રમણ થાય. એમાં મનને સ્થિરતાનો કેટલો બધો અનુભવ થાય?

પ્રતિક્રમણમાં સૂત્રોમાં મનની સ્થિરતા વળી આત્માના અનેક પ્રકારના દોષો પર ઘા પડવા સાથે થાય છે.

કેમકે દોષોના પદે પદે દિલમાં સંતાપનો ઝટકો થાય છે, અને દોષ-દુષ્કૃત્ય પર સંતાપનો હૈયે ઝટકો થવાથી એના પર ઘા પડે છે. અર્થાત્ એના અશુભ અનુબંધ નષ્ટ થાય, કુસંસ્કાર ભોળા પડી જાય. ત્યારે 'ઝૂંપ' કે 'અહ્ર્ણ' વગેરેનું એકલું ધ્યાન લઈ બેસે એમાં આ એકેક દોષનું સ્મરણ જ ક્યાં છે? પછી એનો સંતાપ ઝટકો થવાને તથા દોષો પર ઘા પડવાને અવકાશ જ ક્યાં છે?

માટે કહ્યું, 'ધ્યાન પછી, આચારોનું પાલન પહેલું કરો.'

મનની ખરેખરી સ્થિરતા આચારોના પાલનમાં થાય છે,

સાથે સાથે (૧) એકેક દોષના સંતાપનો લાભ, તેમજ (૨) ભક્તિ-સૂત્રોમાં પદે પદે નવ-નવા શુભ અધ્યવસાયનો લાભ આચાર-પાલનમાં મળે છે.

પેલી રાજકુમારીને આચાર્ય મહારાજે આ બધું સમજાવ્યું ત્યારે એ કાનપટ્ટી પકડી ગઇ, કહે છે કે 'મન સ્થિર કરવાનો અને આત્માને દોષ-મુક્ત બનાવવાનો આજ માર્ગ છે, કે ઉચિત આચારોનું ઉચિત કૃત્યોનું પાલન કરાય. આજ સુધી મને કોઇએ આ ન સમજાવ્યું, તેથી ભૂલી પડી ગઇ.' આચાર્ય મહારાજ કહે છે 'આ સમજાવનાર અનંતજ્ઞાની વીતરાગ શ્રી તીર્થંકર ભગવાનનાં વચન છે, જિનશાસન છે. એ ફરમાવે છે, 'ઉચિત એક પણ આચાર ચૂકો નહિ, અનુચિત એક પણ પ્રવૃત્તિ કરો નહિ.'

ઉચિત-આદર : અનુચિત-ત્યાગ

આ મન-વચન-કાયા વિચાર-વાણી-વર્તાવ, ત્રણેયમાં લગાડવાનું; અર્થાત્ વિચારમાં ઉચિત કશું વિચારવું ચૂકે નહિ, ને અનુચિત કશું વિચારે નહિ. એવું વાણીમાં.

સાધુનું સાધુ પ્રત્યે ઉચિત વાણીકૃત્ય:

દા. ત., સાધુ માટે કહ્યું કે સાધુ કોઈ સાધુ એને બોલાવે તો એનો જવાબ આપવો એ વાણીનું ઉચિત કૃત્ય છે. જો જવાબ ન આપે તો પ્રાયશ્ચિત લાગે. એમાં પણ ઉપરી સાધુ બોલાવે ને જવાબ ન આપે તો વધુ પ્રાયશ્ચિત, પદસ્થ બોલાવે ને જવાબ ન આપે તો એથી વધારે પ્રાયાશ્ચિત, ઉપાધ્યાય બોલાવે ને જવાબ ન આપે તો એથી વધારે પ્રાયશ્ચિત, આચાર્ય બોલાવે ને જવાબ ન આપે તો

સૌથી મોટું પ્રાયશ્ચિત લાગે. વાણીના ઉચિત કૃત્યનું આ કેવું મહત્વ બતાવે છે! એમ જવાબ તો આપે, પણ 'શું છે?' કહે તો એ તોછડાઇનો અનુચિત બોલ છે, માટે ત્યાં પણ પ્રાયશ્ચિત. એ સૂચવે છે કે જરા પણ અનુચિત બોલ પણ ન બોલાય. દા. ત. સાધુએ બીજા સાધુ પાસે કાંઈ કામ કરાવવું હોય ને કહે 'આટલું કરજો' તો તે પણ અનુચિત બોલ છે. સાધુએ 'ઇચ્છાકાર' સામાચારી પાળવાની છે, એટલે બીજાને કામ ચીંધતાં એની ઇચ્છા પૂછવાની છે કે 'આટલું કરશો?' એમ ભૂલ થાય ત્યાં 'મિથ્યાકાર' સામાચારી પાળવાની 'મિચ્છામિ દુક્કડં' બોલવાનું એ ઉચિત કૃત્ય છે. એ ન બોલે તો પ્રાયશ્ચિત્ત લાગે. સમસ્ત સામાચારી-પાલન એ ઉચિત કૃત્ય. એનો ભંગ કરે એ અનુચિત કૃત્ય. કોઇ કષાય કરતો આવ્યો ત્યાં 'મહાનુભાવ' કહીને શાંતપણે મિઠાશથી ઉત્તર દેવો એ ઉચિત કૃત્ય. એના બદલે જો કષાયથી ઉત્તર દે, તો તે અનુચિત. એમાં સામાની કષાયની આગમાં ઘીસતેલ હોમવાનું થાય, આગ વધે.

એમાંય વાણીથી મીઠું બોલે, પણ મનમાં જુદું રાખે, તો તે માનસિક અનુચિત કૃત્ય થયું.

અનુચિત કૃત્યથી બચવા આ નિર્ધાર જોઇએ કે 'અનુચિતનો ત્યાગ એ જીવનની મોટી મૂડી છે, તેથી મારી સગવડ ને મારું સન્માન ખોવા પડે તો ખોઇશ, પરંતુ અનુચિત કશું નહિ આચરું. વિચારમાં પણ નહિ; કેમકે સગવડ સ્વમાન સાચવેલા તુચ્છ છે, આત્માનું બહુ ભલું કરનારા નહિ, તેમ લાંબુ ચાલનારા નહિ. ત્યારે અનુચિત્ત કૃત્યનો ત્યાગ અને એની પાછળની શુભ ભાવના એ અહીં અને પરલોક માટે મોટી મૂડી બને છે.'

જોજો, આ સર્વ ઉચિતનું આચરણ અને નાના પણ અનુચિતનો ત્યાગ, એ સમ્યગ્દર્શન પામ્યા પહેલાની ભૂમિકામાં છે. તો પછી સમ્યગ્દર્શન પામ્યા પછી તો ઉચિત-આદર અને અનુચિતત્યાગ માટે કેટલી બધી ખબરદારી જોઈએ? વિચારમાં પણ જરાય અનુચિત ન આવવું જોઈએ.

પ્ર૦-પણ મન કાબૂમાં નથી રહેતું એટલે અનુચિતના વિચાર આવી જાય છે.

ઉ૦-આ પોતાની જાતને ન ઓળખ્યાનો સવાલ છે. સમજી રાખો, મન-વચન-કાયા એ આપણાં સાધનો છે, તેથી એના પર આપણો અધિકાર છે. આપણે ધારીએ તે રીતે એને વાપરી શકીએ, વાપરતાં ફેરવી શકીએ, ને વાપરવાનું બંધ પણ કરી શકીએ. આ અધિકારની ઓળખ નથી તેથી મન-વચન-કાયાના શેઠ બનવાને બદલે ગુલામ બનાય છે. મન પર અધિકાર બજાવીએ તો મનને ખોટા વિચારથી અટકાવી શકીએ છીએ. વાસ્તવમાં મૂળ પાયામાં આત્માની પોતાની લેશ્યા જ ખોટી છે, તેથી મન એ પ્રમાણે ખોટા વિચાર કરે છે.

આપણા મનના માલિક બનો :-

દા. ત. શેઠને દાન ન દેવાની લેશ્યા હોય એટલે સેક્રેટરીને કહી રાખ્યું હોય છે કે 'હું કોઇ માગનારને મોકલું તો એને આડા અવળા પ્રશ્નો કરી, યા ઓઠ કોઠ સમજાવીને એમજ રવાના કરજો.' પછી કોઇ ધર્મની ટીપ લઇને આવે ત્યારે શેઠ કહે 'વાહ! સરસ કામ છે. આમાં તો દેવું જ જોઇએ. તમે જુઓને સેક્રેટરીને મળો,' બસ, પછી સેક્રેટરીને મળતાં એ એવા ઊઠા ભણાવશે કે પેલા નિરાશ થઈ રવાના થશે, કહેશે 'આ સેક્રેટરી જ ખોટો લાગે છે, શેઠે તો સારો જવાબ આપેલો.' વાસ્તવમાં જેમ અંદરખાને શેઠ જ લુચ્ચો, એવું અહીં આત્માની અંદરખાને લેશ્યા જ ખોટી. તેથી

આત્મા જ લુચ્ચો છે એટલે જ મન ખોટા વિચાર કરે છે, ને એનો દોષ મનને દેવાય છે, પોતાની જાતને નહિ.

આપણે આત્માથી સારા બનીએ, સારી લેશ્યાવાળા બનીએ, ને મન પર આપણો અધિકાર સમજીએ, તો મનના ખોટા વિચાર અટકાવી સારા વિચાર કરાવી શકીએ. દા. ત. મીઠા-બોલા ભાગીદાર પર આપણું મન ઓવારી જતું હોય અને એના માટે બહુ પ્રેમ-લાગણી સહાનુભૂતિના વિચાર કરતું હોય, પરંતુ જ્યાં એમ માલુમ પડે કે ભાગીદારે ભયંકર વિશ્વાસઘાત અને આપણી મૂડીની ઉઠાંતરી કરી છે, તો આપણા આત્માની એના પ્રત્યે લેશ્યા ફરી જવાથી પછી મન એના માટે કશા પ્રેમ-લાગણીના વિચાર જ નથી કરતું. આ સૂચવે છે કે મન પર આત્માનો અધિકાર છે. એ સમજીને એક પણ અનુચિત વિચાર પણ ન કરીએ. એવું વાણી અને કાયા પર અધિકાર સમજી જીભને એક પણ અનુચિત બોલ ન બોલવા દઇએ, કાયા-અંગોપાંગ-ઇંદ્રિયોને એક પણ અનુચિત પ્રવૃત્તિ ન કરવા દઈએ, ત્યારે સમ્યગ્‌દર્શનની ભૂમિકા તૈયાર થાય.

તારા દૃષ્ટિમાં ' જિજ્ઞાસા ' ગુણ

(ટીકા) एवम्

(મૂલ) कृत्येऽधिकेऽधिकगते,
जिज्ञासा लालसान्विता ।
तुल्ये निजे तु विकले,
सन्त्रासो द्वेषवर्जितः ॥४६॥

(ટીકા) 'कृत्ये' ध्यानादौ 'अधिके' स्वभूमिकापेक्षया 'अधिकगते' आचार्यादिवर्तिनि 'जिज्ञासा'ऽस्य कथमेतदेवमिति 'लालसान्विता' अभिलाषातिरेकयुक्ता । 'तुल्ये' कृत्ये वन्दनादौ, 'निजे' त्वात्मीय एव 'विकले'-कायोत्सर्गकरणादिना, 'सन्त्रासो' भवत्यात्मनि 'हा ! विराधकोऽहम्' इति, 'द्वेषवर्जितो' ऽधिके ऽधिकृतदृष्टिसामर्थ्यादिति ॥४६॥

ગાથાર્થ :-

પોતાનાથી ઊંચા (મહાત્મા)માં રહેલા ઉચ્ચ (ધ્યાનાદિ) કૃત્યને વિષે લાલસાભરી જિજ્ઞાસા હોય, અને પોતાના બરાબરીવાળા સમાન (વંદનાદિ) કૃત્ય માટે ત્રાસ થાય, એ (પેલા ઊંચા મહાત્મા પ્રત્યે) દ્વેષ-અસૂયાથી રહિત હોય.

ટીકાર્થ :-કૃત્ય એટલે કે ધ્યાનાદિ વિષે (તે કેવા તો કે) અધિક અર્થાત્ પોતાની ભૂમિકાની અપેક્ષાએ (ઊંચા) 'અધિકગતે' અર્થાત્ આચાર્યાદિમાં રહેલાને વિષે 'જિજ્ઞાસા' એટલે કે આમને આ કેવી રીતે આવું (પ્રાપ્ત) હશે ? એવી જિજ્ઞાસા. લાલસાન્વિતા એટલે કે અત્યન્ત અભિલાષાવાળી ' તુલ્યે ' અર્થાત્ સમાન વંદનાદિ કૃત્ય વિષે 'નિજે' એટલે કે પોતાના, ' વિકલે ' અર્થાત્ કાયોત્સર્ગ-કરણ વગેરેની અપેક્ષાએ બરાબરીવાળા, 'સંત્રાસ' અર્થાત્ એવો ત્રાસ થાય કે 'હાય ! હું વિરાધક છું !' ' દ્વેષ-વર્જિત ' અર્થાત્ પોતાનાથી ઊંચા પ્રત્યે દ્વેષ-બાર-અસૂયાથી રહિત હોય; કેમકે આ દૃષ્ટિનો પ્રભાવ એવો છે.

વિવેચન :-બીજી ' તારા ' દૃષ્ટિમાં હવે 'ગુણ' તરીકે 'જિજ્ઞાસા' ગુણ હોય, એનું હવે વિવરણ કરે છે.

જિજ્ઞાસા એટલે જાણવાની ઇચ્છા. શું જાણવાની ઇચ્છા ? તો કે પોતાનામાં જે ધ્યાન-દેવદર્શન-વંદનાદિ સાધના છે એના કરતાં અધિક યાને ચડિયાતી ધ્યાનાદિની સાધના જે પોતાનાથી અધિક યાને ચડિયાતા યોગી આચાર્યાદિમાં છે એના અંગે જાણવાની ઇચ્છા. એ જિજ્ઞાસાઓથી થાય કે ' આ આચાર્યાદિ મહાન યોગી-આત્માઓની એ ધ્યાનાદિ સાધના કેવીક હોતી હશે ? એમાં એ શું કરતા હશે ? એ કઈ

રીતે થઈ શકે ? એમાં કયું બળ, કેવાં સાધન–નિમિત્તો કામ કરતા હશે ?

અહીં કોઈ દુન્યવી બાબતની જિજ્ઞાસા ન લેતાં ધ્યાનાદિની સાધના લીધી, એ સૂચવે છે કે જીવ જ્યારે ઓઘદૃષ્ટિમાંથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવ્યો છે ત્યારે એને પુદ્ગલાનંદીપણું છૂટી જઈને આત્માનંદીપણું લાધ્યું છે. પછી જેમ પુદ્ગલાનંદી જીવને પુદ્ગલ અંગે દુન્યવી પૌદ્ગલિક–ભૌતિક બાબતો અંગે જિજ્ઞાસા થાય છે; એમ આત્માનંદી જીવોને આત્માને લગતી સારી બાબતો અંગે જિજ્ઞાસા થાય એ સ્વભાવિક છે.

વ્યવહારમાં ય દેખાય છે કે માણસ એક ધંધામાં ફાવટ ન આવી, ને બીજો જ ધંધો પકડે છે ત્યારે હવે એની જિજ્ઞાસાઓ પેલા–પૂર્વના ધંધાની બાબતો અંગે નથી ઉઠતી, કિન્તુ નવા ધંધાની બાબતો અંગે ઊઠે છે. એમ અહીં પુદ્ગલાનંદીપણામાં ફાવટ ન દેખી, ને આત્માનંદીપણાની કાર્યવાહી શરૂ કરી, તો હવે પેલા પુદ્ગલાનંદીપણાની બાબતો અંગે જિજ્ઞાસા બંધ પડી જઇને આત્માનંદીપણાની ધ્યાનાદિ બાબતો અંગે જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે.

આ પરથી આપણી જાતનું માપ નીકળે છે કે આપણને જિજ્ઞાસાઓ કેવી કેવી થાય છે ? શેની શેની થાય છે ? જો આત્મહિતકર બાબતો અંગે જિજ્ઞાસાઓ થતી હોય તો તો આપણે યોગદૃષ્ટિમાં આવ્યા છીએ. પરંતુ એના બદલે જો આપણને ભૌતિક દુન્યવી બાબતો અંગે જ જિજ્ઞાસાઓ જાગતી હોય, તો તો માનવું પડે કે આપણે હજી પુદ્ગલાનંદીપણાની પકડમાં છીએ.

તારાદૃષ્ટિ–પ્રવેશનું લક્ષણ : ધ્યાનાદિની જિજ્ઞાસા.

અહીં બીજી યોગદૃષ્ટિમાં આવ્યાનું લક્ષણ ધ્યાનાદિ ઊંચી સાધનાઓની જિજ્ઞાસા થવી તે છે. પરંતુ આ જિજ્ઞાસા કોરી કોરી પોથા પંડિત જેવી નથી હોતી. પોથા પંડિતને માત્ર જાણવાની ઇચ્છા હોય, પણ જાણીને કશું લેવાની વૃત્તિ નહિ. ત્યારે અહીં ધ્યાનાદિની જિજ્ઞાસા તો લાલસાન્વિત હોય છે; અર્થાત્ પોતાને એ ધ્યાનાદિ કેમ પ્રાપ્ત થાય એની લાલસાવાળી યાને ઉત્કટ અભિલાષાવાળી હોય છે.

મધ્યમ સ્થિતિનો માણસ કોઈ શ્રીમંત વેપારીને જુએ ત્યારે એને જિજ્ઞાસા થાય છે ને કે 'આ કઈ રીતે શ્રીમંત બન્યો હશે ? એના માટે શી સાધના સામગ્રી વગેરે જોઇતું હશે ?' સાથે લાલસા ય થાય છે ને કે 'હુંય કયારે આવો શ્રીમંત બનું ?' બસ, એ રીતે તારા દૃષ્ટિનો પ્રકાશ ખૂલ્યા પછી ધ્યાનાદિની જિજ્ઞાસા અને ધ્યાનાદિની લાલસા યાને ઉત્કટ ઇચ્છા થાય છે. આને યોગ્ય આંતરિક વૃત્તિ આંતરિક પરિણતિ બને છે.

યોગદૃષ્ટિમાં આંતરિક પરિણતિની મુખ્યતા છે.

સાધના–અનુષ્ઠાનો એ પરિણતિને ઉત્પન્ન કરવામાં તથા પોષવામાં ઉપયોગી હોય છે. અથવા કહો આંતરિક પરિણતિના ફળરૂપે સાધનાઓ અનુષ્ઠાનો આવીને ઊભા જ રહે છે. મુખ્ય છે આંતરિક પરિણતિ. એ સારી છે, એટલે એને પાપારંભો ગમે નહિ, સાધના–અનુષ્ઠાન જ ગમે. આંતરિક પરિણતિ અહીં અધિક સાધનાની જિજ્ઞાસા અને લાલસા જગાડે છે.

એટલે કદાચ સાધુ થયા, પણ જો આંતરિક એવી શુભ પરિણતિ નહિ હોય, તો એ સારા વસ્ત્ર–પાત્ર–આહારાદિની સાધનાની ઊંચી જિજ્ઞાસા અને લાલસામાં પડવાનો. ત્યાં આ ધ્યાનાદિની સાધનાની ઊંચી જિજ્ઞાસા અને તીવ્ર લાલસાના ફાંફા ! ત્યાંસુધી પહોંચીજ શકે નહિ.

આ સૂચવે છે કે દિલમાં આવી પ્રશસ્ત જિજ્ઞાસાઓ લાવવી હોય તો પહેલા દિલમાંથી તુચ્છ અધમ જિજ્ઞાસાઓ કાઢી નાખી દિલને ખાલી બનાવો. તો પછી એમાં આ ઉમદા જિજ્ઞાસાઓને જગા મળે. મગજમાં ઐહિક વૈષયિક સુખની જિજ્ઞાસાઓ ને લાલસાઓ ભરી હોય ત્યાં ધ્યાનાદિ યોગની જિજ્ઞાસા શાની ઊઠે કે રહે ? અલબત્ દુન્યવી જિજ્ઞાસાઓ અને લાલસાઓ કાઢી નાખવા થોડી મહેનત પડે; પરંતુ

એ દુન્યવી બાહ્ય વિષયો–ધન માલ વગેરેથી નીપજતા ભયંકર અપાયો(અનર્થો)નું દર્શન કરાય તો એની જિજ્ઞાસાઓ પડતી મૂકવાનું સરળ છે.

દુન્યવી વિષયો ધન–માલ વગેરે બધું આત્માને માટે બાહ્ય છે, ને

બાહ્યનો ઉપભોગ તો પછી, પણ બાહ્યનાં દર્શન કે સ્મરણમાત્રમાં ય જીવને શું મળે છે ? આત્માનું વિસ્મરણ ને બાહ્યના કચરા જ મગજમાં ઘાલવાનું ને બાહ્યના રાગનાં ઝેર પીવાનું થાય છે. એના સંસ્કાર જીવને પરભવે બાહ્યમાં જ ભટકતો રાખે છે, ને બાહ્યની જિજ્ઞાસા અને બાહ્યનાં દર્શન અહીં પણ રાગાદિથી મનને વધુ મલિન કરે છે. માટે જ આ વાત છે કે,—

મનનું પ્રક્ષાલન કરવું હોય તો જિજ્ઞાસાઓ બદલો.

બાહ્યની જિજ્ઞાસાઓ પડતી મૂકો. નહિતર બાહ્ય દુન્યવી વસ્તુ કે દુન્યવી બાબતની જિજ્ઞાસાથી મનમાં ને આત્મામાં કચરો પેઠા વિના રહેશે નહિ. માટે એ પડતી મૂકી ઊંચી ઊંચી સાધનાઓ અને અનુષ્ઠાનોની જિજ્ઞાસાઓ મનમાં રમતી રાખો, તે પણ લાલસા સાથે કે ' મને એ કેમ મળે ? ' એમ જોરદાર અભિલાષા હોય. દા. ત.

મહાવીર ભગવાનને નડેલા ઉપસર્ગ ઉપદ્રવો સાંભળ્યા, ત્યાં મનને જિજ્ઞાસા થાય કે ' પ્રભુએ એ શી રીતે સહન કર્યા હશે ? મનમાં શી ભાવના ને કેવી વિચારસરણી રાખી હશે ? ' સાથે તીવ્ર ઝંખના થાય કે ' મને પણ કયારે આવા ઉપદ્રવોમાં ભગવાનના જેવી સમતા સમાધિ રહે. હું પણ એ કયારે આનંદથી વેઠું ?'

વસ્તુની તીવ્ર ઇચ્છા કરો તો તમને એની લાયકાત મળે છે.

અંગ્રેજીમાં કહે છે, you desire and you deserve, તમે ઇચ્છો અને તમે લાયક બનો છો. માટે જ

મોક્ષની લાયકાત આ છે કે મોક્ષની તીવ્ર ઇચ્છા થાય.

અભવ્યને મોક્ષની ઇચ્છા જ નથી થતી, તો એ મોક્ષ પામવાને લાયક જ નથી. આપણે પણ મોક્ષની ઇચ્છાનો દાવો રાખતા પહેલાં આ જોવું જોઈશે કે ' આપણને શું મોક્ષની ખરેખર ઇચ્છા છે ? '

મોક્ષની ખરેખર ઇચ્છા એટલે જન્મ–મરણ, કર્મ, રાગદ્વેષ–મોહ, દુન્યવી સુખ–દુઃખ–ખાનપાન–માન–અપમાન–દુન્યવી પદાર્થો–પૈસા–પરિવાર–પ્રતિષ્ઠા વગેરે સર્વ બંધનોથી છૂટકારાની ઇચ્છા છે ?

છે આ ઇચ્છા ? એ જો હોય તો શું એ બંધનોમાં દિલને વ્યાકુળતા બેચેની છે ? એમાં જાહોજલાલી નહિ, પણ ઠોળી દેખાય છે ? પૈસા કમાયા, પરિવારે હસીને બોલાવ્યા, મેવા મિઠાઈ ખાવાના આવ્યા, ત્યાં વ્યાકુળતા બેચેની છે ? ઠોળી દેખાય છે ? ત્યાં તો હૈયે ભારે ઠંડક લાગે છે ! જાહોજલાલી દેખાય છે ! તો પછી એ બંધનોથી છૂટકારો કયાં ગમ્યો ?

મોક્ષની સાચી ઇચ્છા હોય તો એની લાયકાત શી રીતે આવે ? આ રીતે, કે સાચી ઇચ્છા પછી એના ઉપાયોની જિજ્ઞાસા થાય,

ઉપાયો જાણીને એમાં યથાશક્તિ પ્રવર્તવાનું દિલ બને. સમ્યક્ત્વની સાચી ઇચ્છા હોય, તો એના ઉપાય શમ-સંવેગ-નિર્વેદ વગેરે પાંચ લક્ષણ માટે શક્ય પ્રયત્ન થાય.

આ તો આપણા કરતાં અધિક યોગીઓની આપણા કરતાં અધિક યાને ઊંચી ધ્યાનાદિની સાધનાની જિજ્ઞાસાની વાત થઈ, હવે એમની સાધનાની તુલ્ય આપણી ચૈત્યવંદનાની સાધના અંગે શું? એનો વિચાર આપે છે,--

તુલ્ય સાધનામાં ખામીનું દર્શન ને સંત્રાસ:

ચૈત્યવંદનાદિ તુલ્ય સાધનામાં પણ મહાન યોગીઓની એ લેશ પણ ક્ષતિ વિનાની આદર્શ અને નિષ્કલંક સાધના જોઈને પોતાની સાધનામાં શી ખામી છે એ જુએ.

દા. ત. પોતે એમની માફક કાયોત્સર્ગ બરાબર શુદ્ધ રીતે નથી કરતો; કાયોત્સર્ગમાં અખંડ ધ્યાનસ્થ દૃષ્ટિ નથી રહેતી, બીજા ત્રીજા વિચારથી ધ્યાનભંગ થાય છે; કેટલા લોગસ્સ વગેરે ગણ્યા એનું વિસ્મરણ થઈ જાય છે.... ઇત્યાદિ ખામીઓ પરખી કાઢે. એ પછી એને એ ક્ષતિઓ-સ્ખલનાઓ માટે ત્રાસ થાય કે 'હાય! હું વિરાધક છું! આરાધના કરવા છતાં એમાં થતી આ વિરાધનાઓથી મારું શું થશે?' પોતાની જાત પ્રત્યે ધિક્કાર તિરસ્કાર છૂટે. મનને એમ થાય કે 'એ ધન્ના અણગાર શાલિભદ્ર મહામુનિ, સ્થૂલભદ્ર સ્વામી વગેરેની તપ-સંયમ બ્રહ્મચર્યાદિની પણ કેવી ઉચ્ચ નિષ્કલંક સાધનાઓ! મારી સાધનાઓમાં હાય! ખામીઓ-દોષો વિરાધનાઓનો પાર નહિ!' હૃદયકંપે, વિરાધનાઓની હૈયે બળતરા થાય.

સમજી રાખવાનું, બીજી બીજી આરાધનાઓ ખરી, પરંતુ મહાન આત્માઓની નિષ્કલંક સાધના જોઈને પોતાની તુલ્ય સાધનામાં ખામીઓ પરખી લઈ, એનો ત્રાસ-ખેદ-બળતરા અનુભવવી, ને એના સુધારા માટે તાલાવેલી રાખવી, એ પાયાની આરાધના છે.

વર્ષોથી એની એજ સાધનાઓ કરવા છતાં સાધનામાં એના એજ દોદાર કેમ? કેમ એની એજ ભૂલો? ભૂલો ય કેવી? અર્થનો અનર્થ કરનારી! દા. ત. 'નમુત્થુણં' સૂત્રમાં 'સવ્વન્નૂણં' શબ્દ છે, એને બોલે 'સવ્વ-નૂણં' એનો અર્થ થાય ભગવાન 'સર્વથી ન્યૂન' પ્રભુની આ સ્તુતિ કરી? કે પ્રભુને ગાળ દીધી? શું અરિહંત ભગવાન સર્વથી ન્યૂન હલકા છે? ખરી રીતે 'સવ્વન્નૂ' શબ્દ છે, એના પર 'ણું' વિભક્તિ લાગી છે એનો અર્થ 'સર્વજ્ઞને.' ત્યારે વર્ષોથી 'સવ્વ-નૂણં' ચલાવ્યું એનો હવે અફસોસ પશ્ચાત્તાપ થાય ખરો? કે 'આ મેં વર્ષો સુધી શું કર્યું? પ્રભુનું ગૌરવ કરવાને બદલે હાય! પ્રભુને મેં હલકા ચીતર્યા? મેં બહુ ભૂલ કરી નાખી!' આવી તો કેટલી ય જગાએ ભૂલો! આવી વિરાધનાનો ત્રાસ ન થાય એ યોગની ૨ જી દૃષ્ટિમાં ય શે આવે? જો ખામી નજરમાં ય ન આવે, તો એને ટાળવાના પ્રયત્નની તો વાતે ય શી? જિંદગી પૂરી થાય પરંતુ સુધારો નહિ, એ શે તરે!

શુદ્ધ ભાવ કોને કહેવાય?:-

પ્ર૦-હૈયાના ભાવ શુદ્ધ હોય એટલે તો તરે ને? મૂલ તો અંતરના ભાવ પર જ આધાર છે ને?

ઉ૦-જરૂર ભાવ પર મુખ્ય આધાર છે ખરો. કિન્તુ સાચા ભાવવાળો વસ્તુનું સારા-નરસાપણું જોવા પ્રત્યે બેદરકાર ન હોય કે 'સારાપણું છે કે નહિ? કોઈ ખામી તો નથી ને?' એ જોવાની પરવા જ ન કરે. પત્ની પતિ માટે જેવી તેવી રસોઈ કરનારી હોય તો પતિ પ્રત્યે ભાવવાળી બહુમાનવાળી નથી ગણાતી. 'ભલે મારી રસોઈ ઢંગ ઘડા વિનાની, પણ મારા દિલમાં એમના માટે બહુમાન છે,' એમ પત્ની દાવો કરે તો તે દાવો પોકળ ગણાય છે. એ જ રીતે સાધનામાં ત્રૂટિ નથી જોવી, ને ક્રિયા પ્રત્યે, ધર્મ પ્રત્યે

ને ધર્મદેશક દેવાધિદેવ પ્રત્યે સદ્ભાવ બહુમાનનો દાવો રાખવો છે, તો એય પોકળ ઠરશે.

તારા-દૃષ્ટિ આ માગે છે, બીજાની ઊંચી સાધનાની જિજ્ઞાસા અને એ સાધવાની લાલસા રાખો, અને સમાન સાધનામાં પોતાની ખામી શોધી અફસોસ સંતાપ કરો કે 'હાય ! મેં વિરાધના કરી ?' પોતાને ખામી ન દેખાય તો જાણકાર પાસેથી એ જાણવાની ઇચ્છા કરો, તેમ ઊંચી સાધનાની પ્રક્રિયા જાણવાની ઇચ્છા કરો. જગતનું બીજું ત્રીજું જાણવાની ઇચ્છા શી કરવી ? કેમકે 'જગતનું જુઓ ને રુઓ' જેવો ઘાટ છે. (૧) ઉચ્ચ સાધનાની પ્રક્રિયા તથા (૨) ચાલુ સાધનાની પોતાની ભૂલો જાણવાની ઇચ્છા હોય તો લાયકાત આવે.

સારી વસ્તુને જાણવાની ઇચ્છા એ એને પામવાની લાયકાત છે, ત્યારે સારી વસ્તુનો દ્વેષ, એ એ પામવાની નાલાયકતા છે.

માટે તુલ્ય સાધનામાં આ પણ ધ્યાન રાખવાનું છે કે આપણી ખોડખાંપણવાળી સાધનાની સામે બીજાની ખામી વિનાની સારી સાધના જોઇને એના પર ઈર્ષ્યા-અસૂયા-બળતરા ન થવી જોઈએ કે 'આ કયાં અહીં આવી ચડ્યા ? એમની સારી સાધનાની સામે મારી ભૂલવાળી સાધનાથી લોકમાં હું હલકો પડું છું.' નહિતર બીજાનું સારું સહન ન કરવાનો જીવનો અનાદિનો સ્વભાવ દૃઢ થશે ! આવી ઈર્ષ્યા એ દ્વેષ છે, એથી સારી સાધના માટે પોતાની અયોગ્યતા ઊભી થાય છે. આ ખાસ ખ્યાલમાં રહે કે

વ્યક્તિ પરનો દ્વેષ વસ્તુ પર દ્વેષને ખેંચી લાવે છે. સાધક પરના દ્વેષથી સાધના પર દ્વેષ આવશે. દ્વેષ ઈર્ષ્યા ટાળવા આ વિચારવું કે,—

"મને જે ગમે-તેવી સાધના કરવાનો અધિકાર છે તો સામાને ય સારી સાધના કરવાનો અવશ્ય અધિકાર છે. મારા પર કોઈ ઈર્ષા કરે એ જો અનુચિત, તો હું બીજા પર ઈર્ષા કરું એય અનુચિત છે. માટે કદી ઈર્ષ્યા ન કરું" મુખ્ય વસ્તુ આ છે કે,-

સાધના કરવાની સાથે ઉમદા દિલ સાચવવાનું છે.

ઈર્ષ્યાથી દિલ ક્ષુદ્ર, અધમ બને છે.

યોગદૃષ્ટિનો પ્રકાશ દિલને ઉમદા બનાવે છે. એટલે દિલ જો ક્ષુદ્ર ઈર્ષ્યાળુ બીજાનું સારું સહન ન કરી શકનાર, અને ભૂલભાલવાળા કે અધમી પ્રત્યે દ્વેષિલું છે, તો ત્યાં યોગદૃષ્ટિનો પ્રકાશ જ નથી ઓઘદૃષ્ટિનું અંધારું જ છવાયેલું છે. સારાંશ,

તારા દૃષ્ટિના પ્રકાશનું આ સામર્થ્ય છે કે અનાદિના એવા દ્વેષ-ઈર્ષ્યાદિના ઉકળાટ શાંત કરી દે, અને અધિક સાધનાની જિજ્ઞાસા સળવળતી રાખે.

જિજ્ઞાસા કેમ વિકસે ?

(મૂલ) **દુઃખરુપો ભવઃ સર્વ**
ઉચ્છેદોઽસ્ય કુતઃ કથમ્ ।
ચિત્રા સતાં પ્રવૃત્તિશ્ચ,
સાઽશેષા જ્ઞાયતે કથમ્ ॥૪૭॥

(ટીકા) 'દુઃખરૂપો ભવઃ સર્વો' જન્મજરાદિરૂપત્વાત્ 'ઉચ્છેદોઽસ્ય' ભવસ્ય, 'કુતો' હેતોઃ ક્ષાન્ત્યાદિઃ 'કથં' કેન પ્રકારેણ । ચિત્રા 'સતાં' મુનીનાં, પ્રવૃત્તિશ્ચૈત્યકર્માદિના પ્રકારેણ, સાઽશેષા જ્ઞાયતે કથં તદન્યાપોહતઃ ॥૪૭॥

(ગાથાર્થ)

સમસ્ત સંસાર દુઃખ રૂપ છે. એનો ઉચ્છેદ કયા કયા સાધનોથી ને કેવી રીતે થાય ? સત્ પુરુષોની પ્રવૃત્તિ (ક્ષયોપશમની વિચિત્રતાથી) વિચિત્ર હોય છે, તે બધી જ શી રીતે જણાય ?

(ટીકાર્થ)

સમસ્ત સંસાર જન્મ-જરાદિ સ્વરૂપ હોવાથી દુઃખરૂપ છે. આવા સંસારનો કેવા ક્ષમાદિ સાધનોથી કઇ રીતે ઉચ્છેદ થાય? મુનિઓની પ્રવૃત્તિ ચૈત્યવંદનાદિના ભેદથી વિચિત્ર હોય છે. એ બધી જ, એનાથી વિરુદ્ધના ત્યાગ સાથે શી રીતે જણાય?

વિવેચન :– બીજી તારા દૃષ્ટિનો જિજ્ઞાસા ગુણ કેટલો બધો જોરદાર છે કે મહાન આત્માઓની ઊંચી ધ્યાનાદિની સાધના જોઈને 'એ કેવી કેવી રીતે થતી હશે?'–એ જાણવાની લગન સાથે 'મને એ કયારે મળે?' એવી તીવ્ર ઝંખના કર્યા કરે છે. આ ઝંખના ઊંચી સાધનામાં જવાની ઝંખના છે, એટલે પોતાની નીચેની કોટિની સાધના તો વ્યવસ્થિત જોઇએ જ ને? પરંતુ એમાં સ્ખલનાઓ દેખાય છે તેથી એને ત્રાસ થાય છે કે 'અરે! હું વિરાધક? તો આવી વિરાધનાભરી સાધનાથી ભવનો અંત કેમ થાય?' હવે એનો ત્રાસ-હૃદયખેદ આગળ વધે છે,–

ભવનો ખેદ : બે વિટંબણા :–

" ભવના સંસારનો અંત ન થયો ને સંસાર ઊભો રહ્યો, તો 'દુઃખરૂપો ભવઃ સર્વઃ' સંસાર આખો ય દુઃખરૂપ છે; કેમકે એ ફરી ફરી જનમ-જરા–મૃત્યુ કરવારૂપ છે, તેથી જો સંસાર વિરાધનાથી ઊભો રહી ગયો, તો તેમાં જન્માદિ અને વિરાધનાઓની વિટંબણા ઊભી જ છે. તો આનો ઉચ્છેદ શેનાથી અને કેવી રીતે થાય? "

સંસારમાં વિટંબણા બે જાતના દુઃખની,– (૧) દ્રવ્ય દુઃખની, અને (૨) ભાવ દુઃખની. દ્રવ્ય દુઃખોમાં,–ખાવા ન મળે, અપમાન થાય, રોગ વ્યાધિ થાય, ગરીબી ગુલામી વગેરે હોય. આ તો બધાં દ્રવ્ય દુઃખો. **સંસારમાં આ ગરીબી–રોગો–ગુલામી આદિ દ્રવ્ય–દુઃખોની વિટંબણા મોટી; પરંતુ એના કરતાં ભાવ-દુઃખોની વિટંબણા મોટી છે.**

કેવાં કેવાં ભાવદુઃખ! :-

ભાવદુઃખોમાં જીવને ધર્મ ન ગમે, પ્રમાદ ગમે, વિષયોની લંપટતા રહે, કષાયોના ઉકળાટ હોય;–આ બધા ભાવ–દુઃખ છે. કાયા કંચન કુટુંબ, બધું ય સંસાર છે. તે સંસાર પણ એવો કે કયારેક સદ્‌ગુરુના ઉપદેશથી દાનની રુચિ થઈ તો ત્યાં તરત નાણાં કોથળીનો સંસાર બ્રેક મારે કે 'જોજે, હમણાં ખરચી ન નાખીશ.' દેવ-ગુરુની સેવામાં લાગ્યા ત્યાં કુટુંબ-સંસાર બ્રેક મારે,–'જો આમાં બહુ પહોળો ન થઈશ, કુટુંબનું સંભાળવાનું છે.' તપ કરવાની ઉમેદ જાગી, તરત કાયા સંસાર બ્રેક મારશે,–'તપની એવી શક્તિ નથી, તપથી કાયા સુકાઇ જશે, તો આગળ કામ નહિ ચાલે.' આ બધા

ખોટા નમાલા વિચાર અને ધર્મના અનુત્સાહ એ ભાવદુઃખ છે. નમાલા વિચાર એ મનની ખરાબી છે. આશ્ચર્ય છે કે સંસારના કામ માટે નમાલા વિચાર નહિ આવે! ધર્મના કામમાં જ નમાલા વિચાર! મનની આવી આવી તો કેટલીય ખરાબીઓ છે. એ બધા ય ભાવ-દુઃખ છે. પૈસા મળ્યા અભિમાન થયું એ ભાવ દુઃખ; રોગમાં હતા ત્યારે 'હાય રોગ!' એવું આર્તધ્યાન એ ભાવ દુઃખ; રોગમાંથી કાયા ઊઠી મનને થયું 'હવે સારું સારું ખાઉં' એ લાલસા એ ભાવ દુઃખ; પત્ની બોલી 'તમારા વિના અમને ગમતું નથી' ત્યાં પત્ની પર રાગ વધી ગયો એ ભાવદુઃખ...સંસાર આવા દુઃખોથી ભરેલો છે. કુટિલ કાયા સંસારના કામોમાં ખડે પગે! તારણહાર ધર્મની વાત આવે ત્યાં ગલોચિયાં લે છે! એ ભાવદુઃખ છે.

કેવી વિષમતા! જે કાયા વસ્તુ ધર્મનાં સાધન તરીકે મળી, એને જ સાધ્ય બનાવી

દેવાય છે! બસ મન કહે છે 'શરીર સાચવવાનું. ધર્મની માવજત ન થાય તો કાંઈ નહિ, કાયાની માવજત બરાબર કરતા રહેવાનું; તપ કરું ધર્મનાં ધક્કા ખાઉં ને કાયા ઘસાય તો? એ ન પાલવે.' જીવની કેવી મૂઢ દશા છે? જીવનમાં સાધ્ય ધર્મ છે, તન-મન-ધન એનાં સાધન તરીકે મળ્યાં છે.

સાધ્ય સાધતાં કાયાદિ સાધન ઘસાય એની ચિંતા કરવાની હોય?

સોદા માટે મિલોમાં ફરવા મોટર રાખી હોય તો ક્યાં ચિંતા થાય છે કે 'આમ મિલોમાં મોટર ફેરવું તો મોટરને ઘસારો પડશે?' 'મોટરને ઘસારો પડીનેય સોદા મળે છે ને?' આ જ જોવાય છે. એનો આનંદ જ હોય છે. તો કાયાને ઘસારો પાડીનેય ત્યાગ-તપધર્મની કમાણી થાય છે ને? એવો આનંદ નહિ? નાણાં કોથળીને ઘસારો પાડીનેય દુઃખી દાનધર્મ તથા વીતરાગ ભક્તિનો ધર્મ કમાવાય છે ને? એનો આનંદ નહિ? એને કોણ કહે કે 'મૂઢ જીવ! કાયાનો ઘસારો શું જુએ? કાયા તો સાધના માટે જ મળી છે, ને પછી ફરીથી આવી કાયા મળવી મુશ્કેલ છે, ત્યાં ધર્મ શી રીતે સાધીશ?'

પરંતુ આ વિચાર નહિ, કુમતિ સંસાર ઊંધાજ વેતરણ મંડાવે! એવા એવા ભાવ-દુઃખથી ભરેલો આ સંસાર છે, માટે સંસાર દુઃખરૂપ છે. સંસારમાં જ્યાં નજર નાખો ત્યાં ભાવદુઃખોની હોળી છે. અસત્ ભાવોની આગો સળગતી જ રહે છે. રાગદ્વેષના સંક્લેશ ડગલે ને પગલે. સંસારનું મનગમતું મળ્યું ખૂબ પ્રસન્નતા થઈ એય સંક્લેશ. કશું અણગમતું થયું ભારે અપ્રસન્નતા થઈ એય સંક્લેશ. સંક્લેશ કરાવનાર સંસાર છે, સંસારમાં વાતે વાતે રાગથી કે દ્વેષથી મન બગાડવાનું થાય છે. **પાર વિનાના અશુભ ભાવો ને સંક્લેશો કરાવનાર સંસાર છે.** એનાથી જન્મરણની પરંપરા વધે છે. તેથી મનને વિમાસણ થાય છે કે 'આ દુઃખરૂપ સંસાર ક્યાં સુધી ચાલશે? એનો ઉચ્છેદ કેમ થાય? ક્યારે થશે?'

દૃષ્ટિ નિર્મળ થઈ હોય એને તો સંસારમાં ઠામ ઠામ ને પ્રસંગે પ્રસંગે અશુભ ભાવો દેખાય છે, ખાવા પુરુ મળ્યું, પૈસા સારા મળ્યા, કપડાં ઊજળાં થયાં, તો ય હૈયું બગાડવાનું થાય; ને ન મળ્યું, તો ય હૈયું બગાડવાનું થાય-શુભ ભાવ ક્યાં ટકાવવો? વડિલ થયા એટલે વારે વારે ગુસ્સો ને અભિમાન કરતાં આંચકો નહિ! આવું વડેરાપણું શા લાભનું? 'સંસાર દુઃખરૂપ' એટલે? આવા અસત્-અશુભ ભાવરૂપી ભાવદુઃખરૂપ છે. એનો ખેદ હોવાથી એ મુઝવણમાં છે, અને એનો કયા હેતુએ કેવી રીતે ઉચ્છેદ થાય, એવી એને આંતર જિજ્ઞાસા છે.

સુદત્ત રાજકુમારમાંથી રાજા બન્યા પછી રાજ્યના વડેરાપણામાં આવા અસદ્ ભાવ કરવાના જોયા તેથી વૈરાગ્ય પામી ગયા; બનેલું એવું કે સિપાઈઓ એક ચોરને પકડી લાવી કહે 'સાહેબ! આણે બે ગુન્હા કર્યા છે, ચોરી કરી છે, અને માલના માલિકને મારી નાખ્યો છે!' રાજાએ ત્યાં 'આને શી સજા?' એમ પંડિતોને પૂછતાં ભયંકર સજા જાણીને આ નવા રાજાએ વિચાર્યું,-"ચોર એના પાપે તો પરલોકમાં ભયંકર પીડા પામવાનો છે, પણ વરસોના રાજ્યપાટ દરમિયાન મારે લલાટે ગુનેગારોને ગોઝારી પીડાઓ આપવાની ક્રૂરતા કરવાનું લખાયું?" **સંસાર આવા અસત્ ભાવો ને મહાહિંસાદિ દુષ્કૃત્યો કરાવનારો છે.** તેથી ન જોઈએ એ,' એમ કહી રાજ્ય-સંસાર છોડી ચારિત્ર લઈ લીધું. સંસાર કેવો? તારા દૃષ્ટિમાં આવેલાને આ લાગે છે,-

'दुःखरुपो भवः सर्वः। उच्छेदोऽस्य कुतः कथम्?'

આખો સંસાર દુઃખરૂપ છે, એનો ઉચ્છેદ કયા સાધનોએ કેવી રીતે થાય?

સંસારવાસ ચીજ એવી વિચિત્ર છે, એટલે જ કહ્યું 'સમકિતી બહારથી સુખી, પણ અંતરથી દુઃખી હોય.' ડગલે ને પગલે અશુભ ભાવો, પાપ વિકલ્પો, ને પાપસ્થાનકનાં આચરણ કરાવનાર અને ભવો વધારનાર સંસારમાં ફસ્યા રહ્યાનું એને ભારે દુઃખ હોય, બહારથી ભલે વૈભવોના સુખ, પણ અંતરથી દુઃખી. ભરતજી મનહી મેં વૈરાગી "વૈરાગા" એટલે દુઃખી, કેમકે એ કિંમતી જિનશાસનને સમજતા હતા. તેથી એમને આ વાતનું ભારે દુઃખ હતું કે–

જે જિનશાસને શુભભાવો કરવાનો આપણને છૂટો દોર આપ્યો, એજ શાસનમાં રહીને જાતે જ અશુભ ભાવો કરી કરી મરવાનું!

સંસારમાં ઇષ્ટ મળ્યું તોય સુખ નથી; કેમકે એમાં આત્મા પર રાગ–મમતાના અશુભ અરતિ–દુર્ધ્યાનના અશુભ ભાવની કાળાશ છવાઈ રહે; ને ઇષ્ટ ન મળ્યું તો સુખ નથી; કેમકે ન મળ્યાની અરતિ–દુર્ધ્યાનના અશુભ ભાવની કાળાશ છવાઈ રહે. ચારિત્ર ખાંડાની ધાર તો પછી, પણ સમકિતીને સંસાર પણ ખાંડાની ધાર જેવો લાગે; કેમકે સારી–નરસી કોઈપણ સ્થિતિમાં અશુભ ભાવથી બચવું મુશ્કેલ રહે. એટલે જ એને મન સંસાર દુઃખરૂપ.

કડવા એળિયાના કોઈપણ ખૂણામાં કડવાશ ન હોય એમ નહિ,

એમ સંસારના કોઈપણ સંયોગમાં દુઃખ ન હોય એમ નહિ.

માટે જ 'સાધુ સદા સુખિયા કહ્યા, દુખિયા નહિ લવલેશ,' કેમકે એમને કોઈ જ અશુભભાવનુ ભાવ–દુઃખ નહિ, અશુભ ભાવથી થતી ભવવૃદ્ધિ નહિ. શાસ્ત્રોના ખૂબ પરિચયથી, ત્યાગ–તપથી, ને પરિસહના અભ્યાસથી અશુભ ભાવોને નામશેષ કરી નાખ્યા! ભાવોને બગાડનારી કાયાની ને મનની સુખશીલતા જ ફગાવી દીધી! પરીસહથી કાયકષ્ટ વધાવ્યા! પછી ભાવ શાના બગડે?

દેહની મમતા અને સુખશીલતા જ ચિત્તના ભાવ બગાડે છે.

એજ જીવને મારે છે, જીવને ત્યાગમાં ગળિયો બનાવે છે. એનાથી જ સારા રસ ને સારી વિગઇઓના સુખ એમ બીજા વિષયોનાં સુખ મુકાતા નથી. તેથી હૈયે ટલાય અશુભ ભાવો રમતા રહે છે. એટલે જ સાધુ એવી સુખશીલતા ફગાવી દઇ પરિસહોનાં ભારે કષ્ટ સહે છે. તેથી જ સાધુ બહારથી દુઃખ કષ્ટ વેઠનારા દુઃખી દેખાય છે. માટે કહેવાય છે કે સાધુ બહારથી દુઃખી, પણ અંતરથી સુખી. યોગની બીજી તારા દૃષ્ટિવાળો બહારથી સુખી, પણ અંતરથી દુઃખી હોય. એ વિચારે છે,—

આ સંસારનો ઉચ્છેદ કયા સાધને કેવી રીતે થાય?

આ એટલા માટે વિચારે છે કે 'ઘરવાસમાં જે કરી રહ્યો છું એનથી કાંઈ ભવોચ્છેદ થાય નહિ, કેમકે એવું તો સંસારી જીવો કરી જ રહ્યા છે, છતાં દેખાય છે એ સંસારથી મુક્ત નથી ને સંસારમાં ભટકી રહ્યા છે. તેથી 'ભવોચ્છેદના સાધન કયાં? અને એ કેવી–કેવી રીતે સધાય?' એ આ દૃષ્ટિવાળાની જિજ્ઞાસા છે, તીવ્ર લાલસા છે.

અલબત્ એ આમ તો સાધના કરે જ છે, કિંતુ એમાં અનેક ત્રુટિઓ દેખાય છે, ને ઉપરની કક્ષાની સાધનાઓ હજી જીવનમાં આવી નથી, તેથી ચિંતાતુર છે કે 'આમ શે ઉદ્ધાર થાય?'

ભવોચ્છેદ કયા સાધને?

ભવ–સંસારનો ઉચ્છેદ–અંત કયા સાધનોથી થાય? જૈન શાસન સાધનો બતાવે છે–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ, દાન–શીલ–તપ

ભાવના, ક્ષમા-મૃદુતા-ઋજુતા- નિર્લોભતા, આશ્રવત્યાગ-સંવર-નિર્જરાનો આદર, અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા-વૃત્તિસંક્ષય,....વગેરે ભવોચ્છેદનાં સાધન છે. આ '**कुतः**' કયા સાધનોથી ભવોચ્છેદ થાય એની વાત થઈ.

હવે '**कथम्**' અર્થાત્ એ સાધનોનો કેવો ઉપયોગ કરીને કેવી રીતે ભવોચ્છેદ થાય, એ પણ જાણવું જરૂરી છે. એટલે મનને એ પણ મૂંઝવણ છે કે 'પ્રભુ-ભક્તિની સાધના તો કરું છું, પરંતુ એ ખામી ભરી છે; તો કેવી રીતે એનાથી ભવોચ્છેદ થવાનો હતો ? ભક્તિ ભક્તિનું નામ લેવા માત્રથી ભવનો અંત ન આવે, એ તો પ્રભુ-ભક્તિ આદરવી જોઈએ, અને તે પણ ભક્તિ શાસ્ત્રોક્ત રીતે આદરવી પડે. હૈયામાં જિનભક્તિની ધગશ છે, તો એ કેવી રીતે આદરાય કે જેથી ભવનો ઉચ્છેદ થાય એ ખાસ જાણવું પડે. પોતાની ચાલુ સાધનાઓ કરવાના ઢંગ જોઇને એમ થાય કે 'ક્યાં પૂર્વ પુરુષોની આ સાધના ? ને ક્યાં ઢંગ વિનાની મારી સાધના ? પૂર્વ પુરુષો જે કરી ગયા ને સાધી ગયા એની આગળ મારું શી વિસાતમાં છે ? ક્યાં એ નાગકેતુની પુષ્પ-પૂજામાં પ્રભુભક્તિ ? ક્યાં મહાવીર પ્રભુ ખંધકમુનિ ગજસુકુમાર-મુનિ વગેરેની ક્ષમા ? ક્યાં સનત્કુમાર ચક્રવર્તીનો વૈરાગ્ય ? ને એમનું રોગભર્યું દેહે વિનાદ્રવાએ કેવું ક ઉગ્ર ચારિત્ર-પાલન ? ક્યાં ધન્ના--શાલિભદ્રમુનિની તપસ્યા ? અને ક્યાં મારું આ ત્યાગ-તપ-જિનભક્તિ વગેરે બધું ઢંગધડા વિનાનું ? સાધનામાં આભ્યન્તરમાં પણ એમને સક્રિયતા કેવીક ? ને ક્યાં મારી નિષ્ક્રિયતા ? સાધનામાં ક્યાં એમની વધતી જતી મનની નિર્મળતા ? ને ક્યાં મારે તદ્દવસ્થ મલિનતા ?

સાધના કરતાં કરતાં આંતરદોષો ટળે છે ?

વીતરાગના રોજ દર્શન-પૂજન આદિ કરતા રહીએ, ને શું આપણા આત્મામાં વિષયાસક્તિ -કષાયાવેશ-સ્વાર્થાંધતા તથા સુખશીલતાના મલિન ભાવો મોળા પડતા ન આવે ? એના પ્રતિપક્ષી વૈરાગ્યાદિ ગુણો પ્રગટતા ને વિકસતા ન આવે ? આહારાદિ ૧૬ સંજ્ઞાઓમાં માત્ર એક ધર્મ-સંજ્ઞાને યાને ધર્મપ્રજ્ઞાને છોડી ૧૫ સંજ્ઞાઓ પાપ સંજ્ઞાઓ છે. એની સામે ત્યાગ -તપ-વૈરાગ્ય-ઉપશમ વગેરેની ધર્મપ્રજ્ઞાઓ છે. દેવદર્શનાદિ ધર્મસાધના કર્યે જઈએ ને પંદરેય પાપ સંજ્ઞાઓનું જોર એવું ને એવું જ ઊભું રહે ? કેવું વિચિત્ર કે ધર્મપ્રજ્ઞાની પ્રવૃત્તિમાં હજી આહાર-વિષયાદિ સંજ્ઞા યાદ આવશે ! પરંતુ આહારાદિ સંજ્ઞાની પ્રવૃત્તિઓ વખતે ધર્મ-ધર્મપ્રજ્ઞા યાદ નહિ આવે ! કેવી મારી અસદ્ ભાવોમાં ડૂબાડૂબ સ્થિતિ ! આમાં શે ભવોચ્છેદ થાય ?

સંસાર દુઃખરૂપ સમજે છે એટલે એમાં ઉચિતકર્તવ્યની હાનિ નહિ થવા દે, ઉચિત કર્તવ્ય ચૂકશે નહિ, સત્પુરુષોની વિવિધ સત્પ્રવૃત્તિઓમાંથી પોતાને શક્ય સાધના શોધ્યા કરશે.

'चित्रा सतां प्रवृत्तिश्च'

પૂર્વ પુરુષોની ધર્મપ્રવૃત્તિ વિચિત્ર યાને નિરનિરાળી વિશેષતાઓવાળી હોય છે; કેમકે એમના દરેકના મોહનીયકર્મ જ્ઞાનાવરણ કર્મ અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ જુદા જુદા હોય છે. મહાવીર પરમાત્મા પ્રત્યે ગૌતમ સ્વામી મહારાજનો ભક્તિભાવ જુદો, અને શાલિભદ્ર મહામુનિનો ભક્તિભાવ જુદો. ધન્ના અણગારની તપસાધના જુદી, અને શાલિભદ્ર મહામુનિની તપસાધના જુદી. આ સાધના-પ્રવૃત્તિમાં ફરક પડવાનું કારણ વિચિત્ર ક્ષયોપશમના લીધે સાધનામાં જરૂરી તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય વગેરે આત્મદશામાં ફરક-તરતમતા હોય છે.

ધર્મ સાધનામાં તન્મન-તલ્લેશ્ય કેમ બનાય ?

પરંતુ આ તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્ય દશા આવે ક્યારે ? ચૈત્યવંદન કે પ્રતિક્રમણ આદિ કરવું છે, કિન્તુ વચ્ચે ડાફોળિયાં ય મારવા છે બીજી ત્રીજી વાતમાં માથું ય ઘાલવું છે, થઇ

ગયેલી પ્રવૃત્તિઓનાં આર્તધ્યાન યા હવે કરવાની પ્રવૃત્તિઓના વિચારરૂપ ચલાવવા છે, તો ધર્મ-સાધનામાં તચ્ચિત્ત-તન્મન દશા કયાંથી આવે ? દુન્યવી ઇષ્ટ-અનિષ્ટ વસ્તુઓની રતિ-અરતિ રાખવી છે, તો ધર્મસાધનામાં તલ્લેશ્ય દશા કયાંથી આવે ? ત્યારે

આ ડાફોડિયાં વગેરે બરાબીઓ દૂર કરવામાં આવે, તો જ પછી પૂર્વ પુરુષોની જેમ તચ્ચિત્ત-તન્મન દશા કેળવી શકાય. પૌદ્ગલિક રતિ-અરતિના અશુભ ભાવ અશુભ લેશ્યાઓ હટાવવામાં આવે ત્યારે એ પૂર્વ પુરુષોના પગલે પગલે તલ્લેશ્ય દશા આવે; અર્થાત્ જેવી વંદન-પ્રતિક્રમણાદિની સાધના, તેવી તેને અનુરૂપ લેશ્યા ઊભી થાય.

આ બધું સત્પુરુષોની પ્રવૃત્તિ જોઈને જણાય. એક પ્રશ્ન થાય,-

સાધનાર્થે સત્પુરુષોની પ્રવૃત્તિ એ પ્રેક્ટિકલ છે :-

પ્ર૦-સાધનાઓ ને એની વિધિ તો શાસ્ત્રમાં લખેલી મળે છે, પછી માર્ગ સત્પુરુષોની પ્રવૃત્તિઓમાંથી શા માટે શોધવાનો ?

ઉ૦-કારણ આ છે, કે થિયરીની સાથે પ્રેક્ટિકલ જોઈએ. સિદ્ધાન્તોની સાથે રચનાત્મક પ્રયોગ જોવા જોઈએ. પાકશાસ્ત્રની પોથી ભણી જાય, પણ રસોઈ કેવી રીતે થાય છે એ પ્રયોગાત્મક કોઈની પ્રવૃત્તિમાં ન જુએ, તો શી રસોઈ બનાવી શકે ? એ છોકરીઓ માતાની રસોઈની રચનાત્મક પ્રવૃત્તિ જુએ છે, ને એનાં સિદ્ધાન્ત સમજે છે, તો જ રસોઈમાં નિષ્ણાત થાય છે. એમ અહીં સત્પુરુષોની સાધનાની રચનાત્મક પ્રવૃત્તિ જુઓ, તો શાસ્ત્રસિદ્ધાન્ત પ્રમાણેની પ્રવૃત્તિમાં નિષ્ણાતતા આવે.

ગ્રહણશિક્ષા-આસેવનશિક્ષા :-

એટલા જ માટે સાધુને દીક્ષા લીધા પછી બે જાતની શિક્ષા પ્રાપ્ત કરવાની કહી છે,- (૧) ગ્રહણ - શિક્ષા, અને (૨) આસેવન - શિક્ષા.

ગ્રહણ-શિક્ષામાં શાસ્ત્રનાં સિદ્ધાન્ત ગ્રહણ કરવાના અર્થાત્ પઠન કરવાના સમજવાના હોય છે; અને આસેવન શિક્ષામાં સાધ્વાચારોનાં આસેવનનું (પ્રેક્ટિકલ) પ્રયોગાત્મક શિક્ષણ લેવાનું હોય છે. આ બંને શિક્ષામાંથી એકેય વિના ન ચાલે. દા. ત. વાંદણાં (બૃહદ્ગુરુવંદન)નાં શાસ્ત્ર-સિદ્ધાન્તનું જ્ઞાન તો મેળવ્યું, પરંતુ એનું પ્રેક્ટિકલ આચરણ કેવું થાય છે એ તેના જાણકારનાં આચરણ જોયા સિવાય શી રીતે આવડે ?

અરે ! શબ્દ બોલવામાં પણ જાણકારની પ્રવૃત્તિ જોવી પડે તો બરાબર આવડે, નહિતર અર્થનો અનર્થ થઈ જાય. દા.ત. ' આયરિયમપસત્થે તં નિંદે તં ચ ગરિહામિ'-એમ બોલે, તો એવો ભ્રમ થાય કે 'પ્રશસ્ત જે આચર્યું તેની નિંદા-ગર્હા કરું છું' આ અનર્થ થયો, કેમકે પ્રશસ્ત એટલે કે શુભ આચરણની નિંદા-ગર્હા કરવાની ન હોય. પદચ્છેદ ખોટો કર્યો.

અક્ષરો એના એ. પદચ્છેદમાં ફરકથી અર્થ-અનર્થ.

જો બીજાનું શુદ્ધ સાંભળે તો ' આયરિયમપસત્થે' એ પ્રમાણે બરાબર બોલતાં આવડે. 'મપસત્થે'માંથી 'અપ્રશસ્ત'નો ભાવ સમજાય.

સારાંશ, તારાદૃષ્ટિમાં પોતાની સાધનામાં ત્રુટિઓ સુધારવા સત્પુરુષોની શુદ્ધ સાધના-પ્રવૃત્તિ જોતો રહે.

(ટીકા) યત :—

(મૂલ) **नास्माकं महती प्रज्ञा,**
सुमहान् शास्त्रविस्तरः ।
शिष्टाः प्रमाणमिह तद्,
इत्यस्यां मन्यते सदा ॥४८॥

(ટીકા) 'નાસ્માકં મહતી પ્રજ્ઞા' સંવાદિની, સ્વપ્રજ્ઞાવિકલ્પિતે વિસંવાદદર્શનાત્ તથા 'સુમહાન્ શાસ્ત્રવિસ્તરઃ' તત્તત્પ્રવૃત્તિહેતુત્વાત્ । એવં 'શિષ્ટાઃ' સાધુજનસમ્મતાઃ 'પ્રમાણમ્' 'ઇહ'=વ્યતિકરે તસ્માદ્ ઇત્યેવમસ્યાં દૃષ્ટૌ 'મન્યતે સદા–' યત્તૈરાચરિતં તદેવ યથાશક્તિ સામાન્યેન કર્તું યુજ્યત ઇત્યર્થઃ ॥૪૮॥

(અર્થ–) કારણ કે

(ગાથાર્થ–) 'અમારી પ્રજ્ઞા મોટી નથી (ત્યારે) શાસ્ત્રનો વિસ્તાર મોટો છે; તેથી આ બાબતમાં (અમારે) શિષ્ટ પુરુષો પ્રમાણ છે' એવું હંમેશા માનતો હોય.

(ટીકાર્થ–) 'અમારી પ્રજ્ઞા મોટી નથી' (મોટી એટલે કે શાસ્ત્ર સાથે) સંવાદી થાય (ફેરફાર ન પડે) એવી બુદ્ધિ; કેમકે પોતાની બુદ્ધિથી કલ્પેલામાં (કેટલીક વાર) વિ-સંવાદ (ફેરફાર) દેખાય છે, તથા શાસ્ત્રનો વિસ્તાર અતિ મહાન છે. કેમકે (શાસ્ત્ર-વિસ્તાર) તે તે (ઘણી બધી) પ્રવૃત્તિનું કારણ છે. એટલે શિષ્ટ યાને સાધુ જનને સંમત (પુરુષો) આ બાબતમાં પ્રમાણભૂત છે. એથી આ દૃષ્ટિમાં આવેલો હંમેશા એવું માને છે કે 'જે તેઓએ આચર્યું તે જ યથાશક્તિ સામાન્યથી કરવું યોગ્ય છે,' એવો એનો ભાવ છે.

વિવેચન :-

પ્ર૦-સાધનાનાં સ્વરૂપને જાણવા માટે સત્ પુરુષોની પ્રવૃત્તિ જોવાનું કેમ કહ્યું ? શાસ્ત્રથી જ જાણી લે તો ન ચાલે ?

ઉ૦-ના, ન ચાલે; કેમકે માત્ર શાસ્ત્રથી જાણવા માટે પોતાની પ્રજ્ઞા યાને વિશિષ્ટ બુદ્ધિ લડાવવી પડે; કિન્તુ એ સમજે છે કે અમારી પાસે એવી મોટી પ્રજ્ઞા નથી; મોટી અર્થાત્ શાસ્ત્ર સાથે સંવાદી જ થાય એવી; શાસ્ત્રથી ક્યાંય વિરુદ્ધ ન પડે એવી અમારી બુદ્ધિ નથી. એનું એક કારણ એ છે કે અમારી બુદ્ધિથી કલ્પેલામાં કેટલીકવાર વિસંવાદ (વિરોધ) દેખાય છે; અને બીજું કારણ એ છે, કે શાસ્ત્રોનો વિસ્તાર અતિ મહાન છે; તેથી એક શાસ્ત્રના સંક્ષિપ્ત અક્ષરોથી અમે અમારી બુદ્ધિએ અમુક અર્થ તારવીએ, પરંતુ એની સાથે બીજા શાસ્ત્રોમાં એના અંગે વિસ્તારથી અને સ્પષ્ટતાથી જણાવાયું હોય એનો વિરોધ પડે, વિસંવાદ હોય એવું બને. તેની અમને ખબર નહિ હોવાથી સંક્ષિપ્ત અક્ષર પર અમારી બુદ્ધિથી લગાવેલ ભાવાર્થ પેલા બીજા શાસ્ત્રમાંના ભાવ સાથે સંવાદી ન થયો. એટલે એકલા શાસ્ત્રના આધારે ચાલવામાં કયારેક વિસંવાદનો સંભવ છે; અને એટલા બધા શાસ્ત્ર-વિસ્તારને પહોંચી વળાય એવું નથી; તેથી સત્ પુરુષોની પ્રવૃત્તિ જોવી પડે; અર્થાત્ સાધુજનને સંમત શિષ્ટ પુરુષોને પ્રમાણભૂત ગણવા પડે. શિષ્ટ પુરુષો જે કરે ને જે કહે તે પ્રમાણે અમારે કરવાનું.'

પ્ર૦-પરંતુ શિષ્ટ પુરુષો જ શાસ્ત્ર-વિરુદ્ધ કરતા હોય તો ?

ઉ૦-શાસ્ત્રવિરુદ્ધ કરતા હોય તો તે સાધુજનને સંમત જ ન થાય, એટલે એ શિષ્ટ જ ન ગણાય. બાકી, શિષ્ટ પુરુષોને અનુસરવું જ પડે. શાસ્ત્રનો ફાંકો રાખ્યે ચાલે એવું નથી. ચાર શાસ્ત્રો વાંચ્યા હોય ને બીજા ચૌદ શાસ્ત્રો જોયા જ ન હોય, ને એ ચાર શાસ્ત્રના આધારે ઉત્સર્ગ માર્ગે અમુક વિધાન કરેલું હોય તે જાણી એમ જ સમજી બેસે કે આમ જ કરાય. પરંતુ બીજા નહિ જાણેલા શાસ્ત્રમાં એ વિધાનથી અપવાદ માર્ગે વિરુદ્ધ વિધાન કરેલું એની ખબર નથી તેથી પોતાની બુદ્ધિથી જાણેલું વિધાન બીજા શાસ્ત્રથી વિસંવાદી બન્યું.

દા. ત. દશવૈકાલિક સૂત્ર ૩ જા અધ્યયનમાં સાધ્વાચારો ગણાવતાં એક આચાર કહ્યો 'હેમંતેસુ અવાઉડા' અર્થાત્ સાધુ શિયાળામાં 'અ-પ્રાવૃત' એટલે કે ઠંડીથી બચવા ઓઢવાનું

ન રાખે, ઓઢીને ન બેસે. હવે આટલું જ જાણી માની લે અને કહેતો ફરે કે સાધુથી ઠંડીથી બચવા ઓઢાય જ નહિ તો તે બીજા છેદ શાસ્ત્ર વગેરેમાં અપવાદ માર્ગે બતાવેલ ઓઢવાના વિધાન સાથે વિસંવાદી થાય.

પ્ર૦–દશવૈકાલિક શાસ્ત્રે ઓઢવાની ના પાડી છતાં ઓઢવાનું કેમ ?

ઉ૦–અપવાદ માર્ગે ઓઢવાનું વિધાન એટલા માટે છે કે ઠંડી વધારે હોય, તો અલ્પ સત્ત્વ–સંઘયણવાળા સાધુને ઓઢ્યા વિના સ્વાધ્યાયાદિમાં એકચિત્ત રહેવું મુશ્કેલ. ઠંડીથી થર–થર ધ્રૂજારીમાં ચિત્ત એમાં જાય તો ચિત્તની અસ્વસ્થતા વ્યાકુળતા થાય, અસમાધિ થાય; અસમાધિવશ એકબાજુ આર્તધ્યાનમાં કર્મ બાંધે, ને બીજી બાજુ સ્વાધ્યાયાદિ યોગમાં પ્રણિધાન યાને ચિત્તસમર્પણ રહે નહિ, તેથી યોગ સીદાય. સાધુ એ બે મહાન અપાય(અનર્થ)થી બચે અને સમાધિપૂર્વક અખંડ યોગસાધનામાં રહે, એટલા માટે જ્ઞાની ભગવંતોએ બહુ ઠંડીમાં આ ઓઢવાનો અપવાદ માર્ગ બતાવ્યો.

આ પરથી સમજાશે કે શાસ્ત્રના અતિ મહાન વિસ્તારની વાતો પૂરી જાણી ન હોય તો અમુક જ શાસ્ત્રના અક્ષરે ચાલવામાં સંભવ છે વિસંવાદ આવે. પરંતુ જો શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિનો આધાર રાખે તો 'સાધુથી બહુ ઠંડીમાં પણ ઓઢાય જ નહિ"....વગેરે એકાંત વિધાન કરવાથી બચી જવાય. પૂછો—

પ્ર૦–શિષ્ટ પુરુષો પણ શાસ્ત્રના અતિ મહાન વિસ્તારને જાણતા જ હોય એવું થોડું જ છે? તો એમ તો એમની પ્રવૃત્તિ પણ વિસંવાદી હોય એવું ન બને ?

ઉ૦–ના, શિષ્ટ પુરુષો પણ પૂર્વના શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિને પ્રમાણ રાખીને વર્તનારા હોય, એમ પૂર્વ–પૂર્વ શિષ્ટ પુરુષોની પરંપરામાં મૂળ શિષ્ટ પુરુષ શાસ્ત્રના અતિ મહાન શાસ્ત્ર વિસ્તારના જાણકાર હોઈને પ્રવૃત્તિ કરનારા હોય, તેથી એમાં વિસંવાદ ન હોય.

સારાંશ, શાસ્ત્રના અતિ મહાન વિસ્તારને આપણે જાણતા નથી, તેથી શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિ પણ જોવી પડે. એટલે જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.

'શાસ્ત્ર ઘણાં, મતિ થોડલી,
ન કરે જૂઠ ડફાણ'

અર્થાત્ યોગદૃષ્ટિના વિકાસને સાધનારો યોગી જુએ છે કે 'શાસ્ત્રો ઘણાં છે, મારી મતિ થોડી છે, એટલે બધે પહોંચી વળે એમ નથી, તેથી એ યોગી થોડા શાસ્ત્રના આધારે જાણેલી વાત વસ્તુ પર જૂઠ–ડફાણ હાંકતો નથી; એટલે કે એનાથી અપવાદ માર્ગે બીજી રીતની વાત–વસ્તુ જે બીજા શાસ્ત્રોમાં મળતી હોવા છતાં જાણેલા પર એકાંતવાદી પ્રતિપાદન ઠોકચે રાખતો નથી. નહિતર એ અસત્ય જ પ્રતિપાદન કહેવાય.

અપવાદ માર્ગનાં શાસ્ત્ર જોયા જાણ્યા વિના મતાગ્રહથી ઉત્સર્ગનાં એકાંત વિધાન કરવા એ અસત્ય ભાષણ છે;

દા. ત. શાસ્ત્રે શ્રાવક માટે ત્રિકાળ જિન–પૂજા–ભક્તિ કહી. એમાં અભિષેકાદિ અષ્ટ પ્રકારી પૂજા મધ્યાહ્ન કાળે કરવાની કહી, એ ઉત્સર્ગ માર્ગ છે; પરંતુ પોષધમાં કરવાની નથી; કિન્તુ ત્યાં કોઈ આગ્રહ રાખે કે દિવસનો પૌષધ લેવો હોય તો તે પહેલાં અષ્ટપ્રકારી પૂજા કરી જ લેવી જોઈએ, તો એ આગ્રહ મતાગ્રહ છે, એ વિધાન અસત્ય ભાષણ છે. એમ આજે જ્યારે દ્રવ્ય–ક્ષેત્ર કાળ–ભાવના સંયોગો ફરી ગયા છે, દા. ત. વેપાર ધંધા–નોકરીના સમય જ મધ્યાહ્ન કાળના થઈ ગયા, વળી મંદિરના ટ્રસ્ટીઓ અને પૂજારીઓના સામ્રાજ્યમાં પૂજારી સવારે જ અભિષેક વગેરે પતાવી દેતો હોય, તો ત્યાં અપવાદ માર્ગે અષ્ટ પ્રકારી

પૂજા સવારે જ કરવી પડે. તો શું શાસ્ત્ર આ મંજૂર કરે છે ? હા, શાસ્ત્ર કહે છે,–

" जावइया उस्सग्गा
तावइया चेव अववाया ।
मोत्तूण मेहुणभावं
जेण तं न होइ रागेण विणा "

અર્થાત્ શાસ્ત્રમાં જેટલા ઉત્સર્ગમાર્ગ છે, તેટલા જ અપવાદ માર્ગ હોય છે, સિવાય બ્રહ્મચર્ય, કેમકે બ્રહ્મચર્ય–ભંગ રાગ વિના નથી થતો; (માટે બ્રહ્મચર્યમાં અપવાદ નહિ.) એટલે કાલાદિ સંયોગવશ સવારે પણ પૂજા થાય એ અપવાદ માર્ગ. અલબત્ પોતાને ધ્યાનમાં હોવું જોઇએ કે ઉત્સર્ગથી આ પૂજા મધ્યાહ્નને જ કરવાની વિધિ છે, અને પોતાને વિધિમાર્ગ તરફ સાપેક્ષ ભાવ જોઇએ.

પ્ર૦–બ્રહ્મચર્ય સિવાય બધા ય ઉત્સર્ગ માર્ગ તે અપવાદ માર્ગ હોય તો તો જેને જેમ ફાવે તેમ અપવાદ માર્ગ ગણીને એને સ્વચ્છંદ પ્રવૃત્તિ કરવાની છૂટ નહિ મળે ?

ઉ૦–ના, અન્યયોગ–દ્વાત્રિંશિકામાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે લખ્યું છે કે–

' नान्यार्थमुत्सृष्टमपोद्यते च '

અર્થાત્ એક ઉદ્દેશથી ઉત્સર્ગમાર્ગ બતાવ્યા પછી એના પર બીજા જ ઉદ્દેશથી અપવાદમાર્ગ ન કરી શકાય. દા.ત.

પ્ર૦–વેદમાં પહેલાં ઉત્સર્ગ–માર્ગ મૂક્યો ' કોઈ પણ જીવની હિંસા નાહે કરવી. ' પછી આગળ જઇને કહ્યું ' સ્વર્ગની ઇચ્છાવાળાએ બકરાનો યજ્ઞ કરવો, રાજ્યની ઇચ્છાવાળાએ ઘોડાનો યજ્ઞ કરવો... ' ઇત્યાદિ. તો શું આ હિંસાને અપવાદ માર્ગ કહેવાય ? એટલે કે આવી હિંસા અપવાદ માર્ગે કરી શકાય ?

ઉ૦–ના, કેમકે આ હિંસા એ અપવાદ માર્ગ જ નથી. કારણ, અહિંસાનો ઉત્સર્ગ માર્ગ પરબ્રહ્મ યાને શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિના ઉદ્દેશથી કહેલો છે. એજ ઉદ્દેશથી એટલે કે શુદ્ધ બ્રહ્મ પ્રાપ્તિના ઉદ્દેશથી જો આ હિંસા કહી હોત તો તો એ એનો અપવાદ થાત; પરંતુ આ બકરા–ઘોડાદિની હિંસાનો ઉદ્દેશ તો સ્વર્ગ–પ્રાપ્તિ, રાજ્ય–પ્રાપ્તિ વગેરે કહ્યો છે. તેથી ઉદ્દેશ જુદો જ થઈ ગયો, તેથી આ હિંસા અપવાદ માર્ગની ન ગણાય, માટે એને અપવાદ તરીકે ઠરાવે એ શાસ્ત્ર પણ ખોટું.

આની સામે જૈન શાસનનો પ્રસંગ જુઓ, સંયમ ધર્મમાં સાધુના નિમિત્તે બનાવેલ આહાર જે આધાકર્મ દોષવાળો ગણાય, તે લેવાની મનાઈ કરી છે. સાધુએ આધાકર્મ આદિ ૪૨ દોષ–રહિત નિર્દોષ આહાર લેવો. જો આધાકર્મ લે તો સાધુ–નિમિત્તે એ બનાવવામાં જે અસંખ્ય જીવોની હિંસા સાધુ નિમિત્તે થઈ, એ હિંસાની અનુમોદનાનું પાપ સાધુને લાગે, અસંયમ થાય એટલે સાધુથી એવો આહાર ન લેવાય. આ ઉત્સર્ગ માર્ગ કહ્યો, પરંતુ અપવાદે કહ્યું,–

' संमत्यादि कारणे आधाकर्म नहि भंग. '

અર્થાત્ ' સંમતિતર્ક ' વગેરે શાસ્ત્ર ભણવાના કારણે જો કદાચ આધાકર્મ (સદોષ) આહાર સેવવો પડે, તો સંયમનો ભંગ નહિ.' અહીં પ્રશ્ન થાય,–

પ્ર૦–વૈદિક હિંસાને અહિંસાનો અપવાદ હોવાનો ઇનકાર કરો છો, તો જૈન શાસ્ત્રોના આધાકર્મ અસંયમને સંયમ ધર્મનો અપવાદ કેમ કહો છો ?

ઉ૦–વૈદિક યજ્ઞ–હિંસામાં ઉદ્દેશ અહિંસાના ઉદ્દેશ કરતાં જુદો છે. અહીં આધાકર્મ અસંયમમાં ઉદ્દેશ નિર્દોષ આહારના ઉત્સર્ગ–માર્ગના

ઉદ્દેશ કરતાં જુદો નથી; કેમકે નિર્દોષ આહાર લેવાનો ઉદ્દેશ પણ સંયમનું પાલન છે, તેમજ 'સંમતિ' શાસ્ત્ર અધ્યયનના નિમિત્તો આધાકર્મ આદિ સેવનનો ઉદ્દેશ પણ સંયમનું પાલન જ છે, કેમકે સંમતિ-તર્ક આદિ જૈન દર્શન-શાસ્ત્રના અધ્યયનથી સમ્યગ્દર્શન નિર્મળ થાય ઉત્તેજિત થાય, ને ઉત્તેજિત સમ્યગ્દર્શનના બળે સંયમનો વેગ વધે.

સમ્યક્ત્વ જેટલું જોરદાર, એટલો સંયમાદિ ધર્મસાધનાનો વેગ-જોશ જોરદાર.

કેમકે આરાધનાની શ્રદ્ધા વધી જતાં આરાધનામાં ફોર્સ આવે એ સહજ છે. આમ સંમતિ-અધ્યયનાદિ કારણે સદોષ આહાર-ગ્રહણમાં પણ ઉદ્દેશ તો એ જ નિર્દોષ આહાર-ગ્રહણના ઉદ્દેશ જેવો જ થયો, તેથી એને નિર્દોષ આહાર ગ્રહણના ઉત્સર્ગ-માર્ગનો અપવાદ માર્ગ કહી શકાય.

આ હિસાબે સમજાશે કે ઉત્સર્ગનો ભંગ કરનારા જે તે સ્વચ્છંદ પ્રવૃત્તિ અપવાદ માર્ગની નહિ ગણાય; કેમકે એવી સ્વચ્છંદ પ્રવૃત્તિમાં, ઉત્સર્ગ-માર્ગમાં જે જ્ઞાનાદિ-પુષ્ટિનો પવિત્ર ઉદ્દેશ, એવો ઉદ્દેશ નથી હોતો, પરંતુ સુખશીલતાદિ પ્રમાદની પુષ્ટિનો ઉદ્દેશ હોય છે. દા. ત. જો ચાલુ સંયોગમાં આધાકર્મ આદિ સદોષ આહાર નિઃસંકોચ લે છે, તો તે સંયમની પુષ્ટિ માટે નહિ, કિન્તુ સુખશીલતા રસગૃદ્ધિ રસગારવ આદિની પુષ્ટિ માટે. એમ સહેજ સહેજમાં આધાકર્મ આદિ સેવનારા આની જ પુષ્ટિ કરતા હોય છે, સંયમાદિની પુષ્ટિ કરનારા નહિ. માટે એ સ્વચ્છંદપણે દોષ સેવવાની પ્રવૃત્તિ અપવાદ માર્ગની નહિ ગણાય.

કમલપ્રભાચાર્યને ગફલતમાં સાધ્વીનો સંઘટ્ટો (સ્પર્શ) થઈ ગયો. વિરોધીઓએ વ્યાખ્યાન-સભામાં સવાલ કર્યો કે 'સાધુથી સાધ્વીને અડાય?' આચાર્ય મહારાજ સમજી ગયા કે આમ કેમ પૂછે છે? જવાબમાં આચાર્યે કેટલાક દિવસ તો ગલ્લા તલ્લા કર્યા, પરંતુ વિરોધીઓએ પછી સીધું જ પૂછયું કે 'તમે તે દિવસે કેમ સાધ્વીને અડેલા?' ત્યારે આચાર્યને 'ભીડ હતી એટલે પ્રમાદ થયો'-એમ કહેવામાં નાનમ લાગી, તેથી એમ ન બોલતાં બોલ્યા કે 'શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ ઘણા છે.' આમ કહીને એ સૂચવ્યું કે ઉત્સર્ગ માર્ગે સાધ્વીને ન અડાય, પણ અપવાદ માર્ગે અડી શકાય. એમ કહીને પોતે અડેલા. એને અપવાદ માર્ગમાં ખપાવ્યું. વાસ્તવમાં એ અડવાનું અપવાદરૂપ નહોતું, કિન્તુ અતિચારરૂપ હતું.

અપવાદ તો કયાં કે સાધ્વી નદી વગેરે ઊતરતાં લપસી કે લડથડી, ને પાણીની અંદર પડી ગઈ, તો એ વખતે કદાચ ત્યાં સાધુ ઉતરતા હોય તો 'મારાથી સાધ્વીને ન અડાય' એમ કહી જોઇ ન રહે કિન્તુ એનો હાથ પકડીને ઊભી કરે, તો જ સાધ્વી બચે, નહિતર તો એ પાણીની અંદર ગુગળાઇને મરી જાય! અહીં સાધ્વીને અડવાનો ઉદ્દેશ સાધ્વીના સંયમની રક્ષા કરી પોતાના સાધર્મિક-વાત્સલ્ય નામના સમ્યગ્દર્શનના આચારના પાલનનો છે, માટે સાધ્વીને ન અડવાના ઉત્સર્ગ-માર્ગના ઉદ્દેશથી જુદી તરેહનો ઉદ્દેશ નથી. એટલે એ અડવાનું એ અપવાદ-માર્ગ કહેવાય. પરંતુ કમલપ્રભાચાર્ય સાધ્વીને અડી ગયેલા એ એવા કોઈ સંયમ-સમ્યગ્દર્શનાચારના પવિત્ર ઉદ્દેશથી નહિ. એ તો પ્રમાદ-સેવન હતું; માટે એને અપવાદ-માર્ગે અડવાનું ન કહેવાય. કમલપ્રભાચાર્ય એને અપવાદ-માર્ગ ઠરાવવા ગયા, તો વિરોધીઓએ એમનું 'સાવદ્યાચાર્ય' નામ પાડયું, ત્યાં તીર્થંકરનામકર્મનું પુણ્ય ગુમાવ્યું, અને સંસારમાં રખડી પડયા! સ્વચ્છંદપણે જેમ તેમ વર્તન એ પ્રમાદ-સેવન છે, અપવાદ સેવન નહિ.

વાત આ હતી; શાસ્ત્રનો વિસ્તાર બહુ મોટો છે, એ સંપૂર્ણ ભણ્યા વિના માર્ગનું

પૂરુ જ્ઞાન ન થાય; કેમકે અમુક શાસ્ત્રમાં જે વિધાનો હોય એનાં સંદર્ભમાં વિશેષ વાતો બીજા શાસ્ત્રોમાં આવતી હોય, અમુકમાં ઉત્સર્ગની વાતો હોય તો બીજામાં અપવાદની વાતો હોય, અમુકમાં કોરા વિધિ-નિષેધ હોય તો એના હેતુઓ બીજા શાસ્ત્રથી જાણી શકાતા હોય; એટલે થોડા શાસ્ત્રના બોધ પરથી તારવણી કરવા જાય કે આ વસ્તુ આમ જ છે, તો તે ખોટી પડવા સંભવ, એનો બોધ વિસંવાદી બનવા સંભવ, કેમકે બીજા શાસ્ત્રોમાં અપવાદરૂપે કેટલીય ઉત્સર્ગથી જુદી વસ્તુ બતાવી હોય. ત્યારે પ્રશ્ન થાય,

પ્ર૦-થોડા શાસ્ત્રોના બોધથી જો સંવાદી બોધ યાને પ્રજ્ઞા ન થઈ શકે, તો પછી મુમુક્ષુએ શી રીતે માર્ગ-પ્રવૃત્તિ કરવાની ?

ઉ૦-શાસ્ત્રબોધની સાથોસાથ સત્ પુરુષોને માન્ય શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિનો આધાર રાખીને પ્રવૃત્તિ કરવાની. શિષ્ટોની પ્રવૃત્તિ જોઈ જોઈ ને માર્ગની સૂક્ષ્મતા અને માર્ગની ચોક્કસ પ્રકારની વિસ્તૃત વિધિનો બોધ કરી લેવો પડે. એટલે જ અહીં તારા દૃષ્ટિમાં આવેલો ભાવના કરે છે કે

नास्माकं महती प्रज्ञा....

શાસ્ત્રોનો વિસ્તાર એટલો બધો મોટો છે કે થોડા શાસ્ત્ર પરથી તારવેલો અમારો બોધ યાને પ્રજ્ઞા, સંભવ છે, બીજા નહિ ભણેલા શાસ્ત્રનાં પ્રતિપાદન સાથે ટકરાય, વિરુદ્ધ પડે, અને સંવાદી ન બનતાં વિસંવાદી થાય એવી અમારી પ્રજ્ઞા છે. તેથી અમારે 'शिष्टाः प्रमाणम्' શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિ જ પ્રમાણભૂત છે, યાને આધારભૂત છે.

ગુરુનો અનુવર્તક :—

આ સૂચવે છે કે શાસ્ત્ર કરતાં ય વધારે આધાર સત્ પુરુષોની પ્રવૃત્તિ પર રાખવાનો છે. એટલે તો શાસ્ત્રે શિષ્યનો એક અતિ આવશ્યક ગુણ 'ગુરુની અનુવર્તકતા' મૂક્યો છે. બાળક જેમ માતાનું અનુવર્તક હોય છે તો ક્રમશઃ મોટું થતાં હોંશિયાર થાય છે, તેમ શિષ્ય ગુરુનો અનુવર્તક અનુસરનારો હોય તો જ માર્ગની અધિકાધિક કુશળતા પ્રાપ્ત કરી શકે છે.

મોક્ષમાર્ગની સાધનામાં ગુરુની આ અનુવર્તકતાનો ગુણ નહિ હોય તો મોક્ષે નહિ પહોંચાય.

ગુરુની અનુવર્તકતા એટલે ગુરુની પ્રવૃત્તિ, ગુરુની ઇચ્છા, ગુરુનો અભિપ્રાય, ગુરુનો રસ વગેરે જાણી એની પૂંઠે જ ઘસડાય. જાતની પ્રવૃત્તિ-ઇચ્છા-મન-રસ વગેરેને બાજુએ મૂકી દઈ ગુરુની પ્રવૃત્તિ-ઇચ્છા વગેરેને અનુસરે એ ગુરુનો અનુવર્તક ગણાય. જન્મોજન્મ યોગ્ય ગુરુ કરવાની, ને ગુરુના અનુવર્તક બન્યા રહેવાની એક જરૂર આટલા માટે છે કે

શાસ્ત્રવચનોની ગહનતા

જિનાગમના સૂત્રો વિવિધ પ્રકારના હોય છે તે કયા કયા પ્રકારનાં છે એનું ગુરુ પાસેથી જ્ઞાન મળે.

દા.ત. (૧) કોઈ ઉત્સર્ગ-વચન તો કોઈ અપવાદ વચન, કોઈ વિધિ-વચન તો કોઇ પ્રશંસા વચન, કોઈ માત્ર ભય-વચન, તો કોઈ સામાન્ય-વચન, કોઈ વિશેષ-વચન....વગેરે. હવે જો જાતેજ શાસ્ત્ર વાંચી લેવાનું રાખ્યું હોય, ગુરુના અનુવર્તક બન્યા રહેવાનુ રાખ્યું ન હોય, તો એ એવા જુદાજુદા પ્રકારના સૂત્રને જાતે શી રીતે ઓળખી શકે ? ને એનો અર્થ લગાડવામાં સૂત્રને-આગમને ન્યાય શો આપી શકે ? કયાં ઉત્સર્ગ-માર્ગે ચાલવાનું, કયાં અપવાદમાર્ગ લેવાનો, એ ગુરુગમ વિના શે સમજાય ? એમ,

કેટલાક વાક્ય ૩ પ્રકારે.

(૧) વિધિવાદ વાક્ય, કે જે વિધિ-નિષેધ કરે.

(૨) અર્થવાદ વાકય, જે હકીકત ન બતાવતા હોય કિન્તુ જે માત્ર નિંદા–પ્રશંસા કરે અને એથી અમુક ભાવનું તાત્પર્ય દર્શાવે. અને

(૩) અનુવાદ વાકય, કે જે માત્ર અનુવાદ કરે. દા.ત. બાર માસનું સંવત્સર.

આ ૩ પ્રકારના વચનમાંથી વિધિવચન હોય તેના અનુસારે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાની હોય. પરંતુ જે અર્થવાદ વાકય અર્થાત્ પ્રશંસા–વચન તે માત્ર પ્રશંસા કે નિંદાવચન હોય, પરંતુ તે પ્રમાણે વસ્તુસ્થિતિ ન હોય. દા.ત. જૈનેતર શાસ્ત્રમાં આવે છે **'जले विष्णुः स्थले विष्णुः, विष्णुः पर्वत-मस्तके !'** આ વિષ્ણુની ને એમના જ્ઞાનની પ્રશંસાનું સૂચક છે; પરંતુ તેવી કાંઇ પરિસ્થિતિ નથી કે વિષ્ણુ પોતે બધે વ્યાપીને રહેલા હોય, અર્થાત્ જલમાં રહ્યા હોય, બધા સ્થલમાં, અને પર્વતોના શિખર પર પણ રહ્યા હોય. એવું જો હોય તો તો માણસથી કયાંય પગ જ ન મૂકાય. એટલે આ વચન વાસ્તવમાં વિષ્ણુના યાને પરમાત્માના જ્ઞાનની પ્રશંસા કરનારું છે. પરમાત્માનું જ્ઞાન સર્વત્ર વ્યાપી છે.

આમ શાસ્ત્રનાં વચન કેવા પ્રકારનાં છે એ સમજવા માટે ગુરુની દોરવણી જોઇએ. બચ્ચું માતાનું અનુવર્તક અર્થાત્ બધી વાતે માતાને અનુસરનારું બન્યું રહે છે, તોજ હોશિયાર થાય છે. ત્યારે શું મોક્ષ ગુરુના અનુવર્તક બન્યા વિના જ મળી જાય ?

ગુરુના અનુવર્તક બન્યા વિના મોક્ષે ન જ પહોચાય.

કેટલીકવાર શાસ્ત્રવચન એવાં હોય કે એના પર સહેજે સામી દલીલ થાય, અને એનું સમાધાન મળ્યા વિના એ શાસ્ત્ર–વચન હૈયે જચે નહિ; પરંતુ અહીં મનનું સમાધાન કોણ કરી આપે ? ગુરુ જ કરી આપે. ગુરુ સમજાવે કે 'જો ભાઈ ! સંમતિતર્ક–પ્રકરણમાં લખ્યું છે કે જગતમાં કેટલાક પદાર્થ 'હેતુગમ્ય' યાને તર્ક–ગમ્ય હોય છે; ત્યારે કેટલાક 'આગમ–ગમ્ય' અર્થાત્ સર્વજ્ઞ ભગવાનનાં શાસ્ત્ર કહે છે માટે જ માની લેવાના હોય છે. એમાં આગમ–ગમ્યને હેતુગમ્ય કરવા જાય તો સંભવ છે કે મિથ્યાત્વમાં ફસે. એમ કહી ગુરુ માર્ગદર્શન કરે કે સર્વજ્ઞ એટલે અનંતજ્ઞાની; એમનાં વચનમાં શંકા કરાય નહિ. વળી જે આગમગમ્ય વચન હોય તેને હેતુગમ્ય નહિ સમજવાના. દા.ત. 'સંસારમાંથી ગમે તેટલા જીવો મોક્ષે જશે, છતાં સંસાર ખાલી નહિ થાય.'–આ આગમગમ્ય વચન છે, એને હેતુગમ્ય ન કરાય, અનંતજ્ઞાની કહે છે માટે સામી દલીલ કર્યા વિના માની જ લેવાનું. એમ 'એકેક નિગોદમાં સર્વકાળના સિદ્ધ જીવોની સંખ્યા કરતાં અનંતગુણ સંખ્યા છે' એ જ્ઞાનીનું વચન દલીલ વિના સત્ય જ માની લેવાનું. પ્રશ્ન થાય,–

પ્ર૦–જ્ઞાનીનું વચન બુદ્ધિમાં ન બેસે તો ય માની લેવાનું ?

ઉ૦–હા, કારણકે જ્ઞાનીએ અનંતજ્ઞાનમાં એ પ્રમાણે પ્રત્યક્ષ જોયેલું છે ને કહે છે. આપણે જે બુદ્ધિમાં બેસાડીએ એ અનુમાન છે. અનુમાન કરતાં પ્રત્યક્ષ મોટું પ્રમાણ છે, માટે પ્રત્યક્ષ વસ્તુ પહેલી માનવી જોઇએ. શાસ્ત્ર–વચનો એ જ્ઞાનીનાં વચન છે, માટે જ એ સર્વેસર્વા માન્ય કરવા જોઇએ.

તારાદૃષ્ટિમાં આવેલો એટલે જ આ વિચારે છે કે–

શાસ્ત્ર ઘણાં, મતિ થોડલી

શાસ્ત્રોનો વિસ્તાર મોટો છે, એ બધાં શાસ્ત્રો હું ભણ્યો નથી, તેથી હું આત્મહિતની પ્રવૃત્તિમાં સ્વમતિએ ચાલું, તો સંભવ છે એમાં મેં નહિ જાણેલા શાસ્ત્રની વાત સાથે વિસંવાદ આવે. તેથી તે તે પ્રવૃત્તિમાં શિષ્ટ પુરુષો જ પ્રમાણભૂત છે. એટલે શિષ્ટોએ જે આચર્યું, સામા-

ન્યથી તે જ મારે યથાશક્તિ આચરવું જોઈએ, અર્થાત્ શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિને અનુસરવું જોઈએ. ”

શિષ્ટા: પ્રમાણમ્ –

અહીં ‘શિષ્ટ’ એટલે સાધુજનને સંમત હોય તેવા સત્ પુરુષ. એમની પ્રવૃત્તિ પર આધાર રાખી પોતે પ્રવૃત્તિ કરવી જોઈએ. આ પરથી સમજવા મળે છે કે એ શાસ્ત્રોનાં પણ રહસ્યપૂર્ણ ભાવ પૂરા જાણ્યા ન હોય, ને જકાર સાથે બોલવા યા લખવા બેસે કે આ વસ્તુ આમ જ છે, તો એ કેટલો સાચો પડે? એમ સ્વકીય કલ્પના-શક્તિથી ખૂબ બોલે, લખે, તો પણ શું એ સર્વાંશે સત્ય હોય? માટે,

પાંચ પ્રકારે પાપદેશના : એનું કારણ :–

ડહાપણનું કામ આ છે કે શાસ્ત્રો પૂરા જાણ્યા નથી ત્યાંસુધી શિષ્ટ પુરુષોને પ્રમાણ કરીને બોલવું ચાલવું જોઈએ. ઓછું બોલાય એની બહુ ચિંતા નહિ, પણ વધારે બોલવા જાય, બધું જકાર સાથે બોલવા જાય, તો સંભવ છે, એમાં

(૧) પાપોપદેશ આવે,
(૨) ઉત્સૂત્ર-ભાષણ આવે,
(૩) ઉન્માર્ગ-દેશના થાય,
(૪) પરસ્થાન દેશના બને,
(૫) સાવદ્ય ભાષણ થાય...
આ બધી પાપદેશના છે.

અણમોલ જીભ મળી છે, એનાં બે કામ,– બોલવું ને બોલવું.

જો બોલતાં ન આવડે તો માત્ર પોતાનું શરીર અને આત્મા નષ્ટ થાય.

પરંતુ જો બોલતાં ન આવડે ને બોલે તો બીજા કેટલાયનો સત્યાનાશ વાળે.

મરીચિએ ઉત્સૂત્ર એકજ વચન કાઢ્યું એના પર પરિવ્રાજકપંથ કુપંથ ચાલ્યો. એમાં પેઢી-ઉતાર કેટલા જણ મિથ્યાત્વમાં ફસાયા? કહો અસંખ્ય! એમ, ઉન્માર્ગ-દેશનાથી જીવો ઉન્માર્ગ સેવતા થઈ જાય. એમ,

પરસ્થાન દેશનાનાં નુકસાન :–

પરસ્થાન દેશનાથી શ્રોતા જીવને કક્ષા બહારનું સાંભળતાં

(૧) બહુ નીચેની કક્ષાના ધર્મની દેશના સાંભળતાં પોતે આચરી રહેલ ધર્મ માટે એમ માનવાનું થાય કે ‘ઓહો! જો આટલો જ ધર્મ છે, તો આપણે ઉપરનાં કષ્ટ નકામા કરીએ છીએ’ એમ માની એને છોડવાનું થાય; યા

એને ઉચ્ચ કક્ષાના ધર્મની દેશનાથી ધર્મ પામવાનું કે ધર્મમાં આગળ વધવાનું તો દૂર, પણ ધર્મથી ઊભગવાનું થાય કે ‘હાય! આટલી બધી માનસિકવૃત્તિ અને કાયિક-વાચિક પ્રવૃત્તિને જ ધર્મ કહેવાય? આ તે કાંઈ શકય હોતી હશે?’ અથવા,

(૩) એને ઉચ્ચ કક્ષાના ધર્મનો ચાળો કરવાનું મન થાય. પરિણામ? એમાં પોતાની કક્ષાના ધર્મને અધર્મ માની છોડી દે, અને ઉચ્ચ કક્ષા પામી શકે નહિ.

દા.ત. દેશનામાં સાંભળે કે ‘ધર્મ તો અંતરાત્માની પરિણતિ છે, બાહ્ય ક્રિયાકાંડ નહિ,’ ત્યાં સાંભળીને ક્રિયારૂપ ધર્મને છોડી દે, એટલે પછી ત્યાગ નહિ, તપ નહિ, સામાયિક-પોષધ-નહિ, એટલે પાસે શું રહ્યું? ઘર-દુકાન વેપાર-સાંસારિક પ્રવૃત્તિઓમાં રાચ્યા-માચ્યા રહેવાનું રહ્યું! આમાં શું ધર્મની આત્મપરિણતિ આવે? એમાં બાવાના બે બગડવા જેવું થાય.

એમ સાવદ્ય ભાષણ કરે એમાં પોતે સામાને પાપ કરાવવાનું પાપ બાંધે, અને સામો સમજે કે આ પણ ધર્મ હશે, ત્યારે આ બધી પાપ-દેશનાનું ફળ પાપ-પ્રવૃત્તિની પરંપરા ચાલે.

આ બધાનું મૂળ શું? ગુર્વાદિ શિષ્ટ પુરુષોને અવગણીને શાસ્ત્રના થોડા અક્ષરોનો અર્થ

પોતાની મતિકલ્પનાએ લગાડી એના આધારે બોલવા ચાલવાનું કરાય એ મૂળ છે.

હિતમાર્ગ જાણવા સમજવા માટે (૧) શાસ્ત્ર અને (૨) શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિ કેટલી બધી મહત્ત્વની છે, એ આનંદઘનજી મહારાજના શ્રી અજિતનાથ ભગવાનના સ્તવનમાં જોવા મળે છે. (સ્તવન આ છે-)

શ્રી અજિતનાથ-સ્તવનના ભાવ

પંથડો નિહાળું રે બીજા જિન તણો રે, અજિત અજિત ગુણ ધામ;
જે તેં જિત્યા રે તેણે હું જીતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ...૧

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર....૨

પુરુષ પરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય..૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય,
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય....૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર....૫

કાલલબ્ધિ લહી પંથ નિહાલશું રે; એ આશા અવલંબ,
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘન મત અંબ...૬

એમાં કહ્યું,—

હે ' અજિત ગુણધામ '-બીજાઓથી હરિફાઈ ન થઈ શકે એવા ગુણોના ધામભૂત અજિતનાથ ભગવાન ! બીજા તીર્થંકર એવા આપ કયા માર્ગે મોક્ષે ગયા એ શોધું છું. આપનો માર્ગ એટલા માટે શોધવો પડે છે કે તમે જે આંતર શત્રુઓ રાગ દ્વેષાદિને જીત્યા છે, એટલે જ તમારો માર્ગ બરાબર મોક્ષમાર્ગ છે, એ આંતર શત્રુઓથી તો હું જીતાયેલો છું, તેથી મારું ' પુરુષ ' યાને પુરુષાર્થી એવું નામ સાચું શાનું ? મારી પાસે તમે આદરેલ માર્ગનો પુરુષાર્થ કર્યા છે ? એટલે મારે તમારો માર્ગ શોધવો જ પડે. માત્ર,

(૧) બાહ્ય ચર્મચક્ષુથી માર્ગ નક્કી કરવામાં તો આખું જગત ભૂલું પડેલું છે; કેમકે માર્ગ અતીન્દ્રિય છે, યાને બાહ્ય ઇન્દ્રિયનો વિષય નથી, એટલે એ કાંઇ બાહ્ય ચક્ષુથી ન દેખાય.

(૨) ત્યારે પુરુષ-પરંપરાથી માર્ગ નક્કી કરવામાં, એ પૂર્વના પુરુષો અજ્ઞાનતાથી અંધ છે, તેથી માર્ગનું સાચું જ્ઞાન ન મેળવ્યું, પણ 'પીછે સે ચલી આતી હૈ' કહી વારસાગત ચાલી આવેલ અજ્ઞાન ક્રિયા ને મિથ્યામાર્ગને જ માન્યો. એટલે એ કેવું થયું, તો કે ' અંધેકી હાર ચલી, જય જય દાતાર ' જેવું થયું. પહેલો અંધ કૂવામાં પડ્યો એની પાછળ હારની હાર કૂવામાં ! અર્થાત્ જેમણે માર્ગ પ્રત્યક્ષ જોયો નથી અને એમજ આપમતિએ હલાવ્યે રાખ્યું છે, એની પાછળ બીજાએ, ને એની પાછળ ત્રીજાએ, એમ હલાવ્યે રાખ્યું, એ તો અંધોની પરંપરા નહિ, પણ પડંપડા છે, એથી સાચો માર્ગ કેમ નક્કી થાય ? કદાચ કહો,

(૩) આગમ-શાસ્ત્ર પરથી માર્ગ નક્કી કરી લે ને ? પણ આગમ જોવા જતાં એમાં તો એટલો બધો સૂક્ષ્મ અને કઠીન આરાધનાનો

માર્ગ દેખાય છે કે એ જોતાં ધરતી પર પગ મૂકાય એમ નથી, અર્થાત્ અમલમાં ઉતારવાની અમારી તાકાત નથી; માટે બાર વ્રતની પૂજામાં પહેલાં તો કહ્યું,—

'મને સંસાર શેરી વીસરી રે લો.'

અર્થાત્ પ્રભુ! તમને જોતાં મને સંસાર-માયા પરથી મન ઊઠી ગયું. મનને થયું 'તમે અવિનાશી મળ્યા પછી નાશવંત પાપ-પ્રપંચોમાં શું ભટકવું? મોક્ષ માર્ગ જ પકડવો,' પરંતુ પછીથી,....

'તુજ આગમ આરિસો જોવતાં રે લો,
દૂર દીઠું છે શિવપુર શહેર જો.'

અર્થાત્ તમારા આગમ અરિસામાં માર્ગ જોવા જોતાં, મોક્ષનગર તો કયાંય દૂર દેખાયું! કેમકે એવો તાકાત બહારનો અતિ સૂક્ષ્મ કપરો માર્ગ દીઠો.

(૪) તર્કથી માર્ગ નક્કી કરવામાં તો ચર્ચાના મરચાં થાય; વળી તાર્કિકોના સામસામા વાદની હારમાળા ચાલી છે, એનો કોઇ પાર જ ન પામી શકે. એમાં તર્કથી ઇષ્ટ વસ્તુને વસ્તુ-સ્થિતિએ પામનાર કોક વિરલા જ મળે. એ કયાં શોધવા? અલબત્

(૫) માર્ગ, દિવ્ય ચક્ષુથી જોઈ શકાય; પણ આજે દિવ્યજ્ઞાનનો અભાવ છે. ત્યારે,

(૬) માર્ગ નિશ્ચિત કરવા માટે સાધુજનને માન્ય શિષ્ટ પુરુષોની ધર્મયોગસાધનાની પ્રવૃત્તિ જોવી કામ લાગે. પરંતુ શિષ્ટ-પુરુષોના ધર્મયોગો-ની પ્રવૃત્તિમાં તરતમતા છે. એનું કારણ જીવોની યોગપ્રવૃત્તિ પોતાના બોધના આધારે ચાલે છે. આમ યોગપ્રવૃત્તિ પ્રત્યે કારણભૂત એમનો બોધ છે, પણ એ તરતમતાવાળો છે. જેવો બોધ હોય તેવી પ્રવૃત્તિ થાય. બોધ તરતમતાવાળો છે તો યોગપ્રવૃત્તિ સહેજે તરતમતાવાળી હોય, 'તરતમજોગે..બોધ આધાર' અર્થાત્ તરતમતા-વાળી યોગપ્રવૃત્તિ પ્રત્યે બોધ આધારભૂત છે.

આ બોધ તરતમતાવાળો એટલા માટે કે એ 'તરતમવાસના-વાસિત છે.' એટલે કે તરતમતાવાળી વાસના યાને સંસ્કારથી વાસિત છે, ભાવિત છે. અથવા વાસના એટલે કે ક્ષયો-પશમ; એનાથી વાસિત યાને જનિત હોય છે. બોધનો ક્ષયોપશમ તરતમતાવાળો, તેથી બોધ પણ તરતમતાવાળો રહે, એ સ્વાભાવિક છે.

તાત્પર્ય, શિષ્ટ પુરુષોના ક્ષયોપશમ-સંસ્કાર એક સરખા ન હોય, જુદા જુદા હોય, એટલે ક્ષયોપશમ-સંસ્કારથી જનિત એમના બોધ પણ જુદા જુદા અને તેથી એમની યોગપ્રવૃત્તિ પણ જુદી જુદી અર્થાત્ તરતમતાવાળી હોય.'

યોગદૃષ્ટિ શાસ્ત્ર પણ કહે છે 'ચિત્રા સતાં પ્રવૃત્તિશ્ચ, સત્પુરુષોની પ્રવૃત્તિ વિચિત્ર યાને જુદા જુદા પ્રકારની હોય છે.

કવિ કહે છે, હવે પ્રભુ! મારે આ તરત-મતાવાળી પ્રવૃત્તિઓ પરથી આપનો એક નિશ્ચિત માર્ગ શી રીતે નક્કી કરી શકાય?

આમ, માર્ગ નક્કી કરવાની દ્વિધામાં અંતે કવિ કહે છે,—

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું;
એ આશા અવલંબ
એ જન જીવે રે, જિનજી જાણજો,
આનંદઘન મત અંબ."

અર્થાત્ અમે આપનો માર્ગ 'કાળલબ્ધિ' પામીને નક્કી કરશું, એવી આશાને આધારે, હે આનંદઘન મત-અંબ જિનેશ્વર દેવ! આ તમારો દાસજન જીવી રહ્યો છે, એવું સમજી લેશો.

'કાળલબ્ધિ' એટલે આપણા પુણ્યે વર્ત-માન કાળે મળેલી આત્મતારક સારી સારી પ્રાપ્તિ.

એમાં શું શું આવે? તો કે આર્ય માનવ-કુળ, જિનશાસન, વીતરાગ અરિહંત પરમાત્મા, નિર્ગ્રન્થ સદ્ગુરુ, પંચાંગી જિનાગમ, ભવભીરુ અને જિનાજ્ઞાબદ્ધ આચાર્યાદિ રચિત શાસ્ત્રો દા. ત. દર્શન—શાસ્ત્રો, પ્રકરણ-શાસ્ત્રો, આચારશાસ્ત્રો,

યોગશાસ્ત્રો વગેરે-વગેરે વિવિધ વિષયક શાસ્ત્રો, શત્રુંજયાદિ જૈન તીર્થો, સુવિહિત પંચાંગી આગમ, શાસ્ત્ર-પ્રતિબદ્ધ સુવિહિત સાધુ મહાત્માઓની પવિત્ર પંચાચારની સાધના-પ્રવૃત્તિ, તીર્થંકરદેવો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો, પ્રતિવાસુદેવો, તથા અન્ય શાલિભદ્ર-સ્થૂલભદ્રાદિ મહાપુરુષો.... વગેરે બધું આપણા પુણ્યે જે સારું સારું વર્તમાન કાળે મળ્યું છે, એ બધું કાળ-લબ્ધિ કહેવાય.

'હે આનંદઘન-મત-અંબ જિનજી !'

'આનંદઘન મત' એટલે કે શાશ્વત અનંત આનંદ જેનાથી છે એવો મત, સ્યાદ્વાદમત, અનેકાંતવાદની વાણી. એ રૂપી રસના ભરેલા આંબા સમાન હે જિનેશ્વર દેવ ! કાળલબ્ધિના સહારે તમારો માર્ગ નક્કી કરશું, એ આશાના આધારે આ તમારો દાસજન જીવી રહ્યો છે.

સારાંશ, બીજી તારાદૃષ્ટિવાળો વિચારે છે, 'કેવળ શાસ્ત્રના આધારે પ્રવૃત્તિ કરવામાં, બહુ શાસ્ત્રોની અમારી જાણકારી નહિ, તેથી અમારી પ્રવૃત્તિ, ન જાણેલા શાસ્ત્રની વસ્તુ સાથે, વિસંવાદી થવા સંભવ; તેથી સત્ પુરુષોની શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિ અમારે પ્રમાણ છે, આધારભૂત છે. આ પણ એક કાળલબ્ધિ છે.

આનંદઘનજી મહારાજે આ વાત લક્ષમાં રાખી કહ્યું કાળલબ્ધિ લહી પંથ નિહાળશું. 'કાળલબ્ધિમાં આગમ-શાસ્ત્રો ઉપરાંત, દેવાધિદેવ અરિહંતાદિ સામગ્રીના આધારે ચાલતી શિષ્ટ પુરુષો-આચાર્યાદિની યોગ-સાધના પ્રવૃત્તિ પણ સમાવિષ્ટ છે, તેના આધારે મોક્ષમાર્ગ નક્કી કરી આરાધશું' એ તાત્પર્ય છે.

'શિષ્ટાઃ પ્રમાણમ્' અમારે શિષ્ટ પુરુષો પ્રમાણભૂત છે.-આ વસ્તુનું કેટલું બધું મહત્વ છે કે શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિ તો જોવાની જ, ઉપરાંત શાસ્ત્રોના અર્થ યથાર્થ સમજવા માટે પણ શિષ્ટ પુરુષોનું માર્ગદર્શન લેવાનું; એ ય જરૂરી છે. નહિતર તો એ વિના કયાંક અર્થનો અનર્થ થઈ જાય. દા. ત. શાસ્ત્રમાં આવ્યું,-

'ગુણેહિ સાહૂ, અગુણેહિ સાહૂ'

'અગુણેહિ સાહૂ' કેવી રીતે ?

શિષ્ટોના માર્ગદર્શન વિના અર્થાત્ ગુરુગમ વિના સ્વમતિએ આનો અર્થ લગાવવા જાય તો અર્થ એવો કરે કે

'ગુણોથી યુક્ત હોય તે સાધુ;

અને અ-ગુણો (અવગુણો)થી યુક્ત હોય તે (પણ) સાધુ'

આ કેવો અનર્થ ! સાધુ અને અવગુણ યુક્ત ? ત્યારે જો ગુરુગમ લે, તો એ સમજાવે કે 'અગુણેહિ સાહૂ' માં 'સાહૂ' પદ વાસ્તવમાં 'અસાહૂ' પદ છે. કિન્તુ એમાંનો 'અ' અક્ષર પ્રાકૃત વ્યાકરણના નિયમ મુજબ પૂર્વના 'હિ' અક્ષરમાં ડૂબી ગયો છે.

પ્રાકૃત ભાષામાં પાસે પાસે આવેલા બે સ્વરની સંધિ કરતાં સામાન્ય રીતે પૂર્વ સ્વર લોપાઈ ઉત્તર સ્વર ઊભો રહે છે. દા. ત. 'ભરહેરવય-વિદેહે' આમાં 'ભરહ' પછી 'એરવય' શબ્દ છે, એમાં સંધિ થતાં 'હ' માંનો 'અ' લોપાઈ ગયો, તેથી પછીના શબ્દનો આદ્ય અક્ષર 'એ', પૂર્વના 'હ' માં ભળી જતાં, 'ભરહેરવય' શબ્દ બન્યો. આ સામાન્યથી; પરંતુ વિશેષરૂપે સંધિનિયમ આ, કે કયારેક પછીનો સ્વર લોપાઈ પૂર્વનો જ ઊભો રહે છે, એ હિસાબે 'અગુણેહિ અસાહૂ'માં બીજો 'અ' લોપાઈ 'અગુણેહિ સાહૂ' એમ પદો બને.

શિષ્ટ પુરુષોના માર્ગદર્શનથી આ સમજાય. તેથી શાસ્ત્રો લગાવવા માટે પણ શિષ્ટ પુરુષોને પ્રમાણ કરવા જોઈએ. એમને આગળ કરી ચાલવું જોઈએ.

આ રીતે ૨ જી તારાદૃષ્ટિનું વર્ણન કર્યું. હવે ૩જી બલા નામની દૃષ્ટિનું વર્ણન કરે છે. એટલે અહીં કહે છે-

૩. બલાદૃષ્ટિ

(ટીકા)

उक्ता तारा । अधुना बलोच्यते, तदत्राह–

(મૂલ) सुखासनसमायुक्तं,
बलायां दर्शनं दृढम् ।
परा च तत्त्वशुश्रूषा,
न क्षेपो योगगोचरः ॥ ४९ ॥

सुखासनसमायुक्तमिति स्थिरसुखासनवत् **'बलायां'** दृष्टौ **'दर्शनं'** प्रागुक्तं **'दृढं'** काष्ठाग्निकणोपममिति कृत्वा, **'परा च तत्त्वशुश्रूषा'** जिज्ञासासम्भवेति । **'न क्षेपो योगोगचरः'** तदनुद्वेगज इति कृत्वा ॥४९॥

(ગાથાર્થ–)

તારાદૃષ્ટિ કહી, હવે બલાદૃષ્ટિ કહેવાય છે. એ કહે છે 'સુખાસન સમાયુક્તં...' બલાદૃષ્ટિમાં સુખાસનથી બરાબર યુક્ત હોય, અને (સંસ્કાર નાખે એવું) દૃઢ દર્શન હોય, ઉચ્ચ કોટિની તત્ત્વશુશ્રૂષા (સાંભળવાની લગન) હોય, તથા યોગ–સાધનાના વિષયમાં 'ક્ષેપ' વિલંબ દોષ ન હોય.

(ટીકાર્થ–)

બલાદૃષ્ટિમાં સ્થિર સુખાસનવાળું દૃઢ દર્શન હોય છે; કારણ કાષ્ઠાગ્નિના કણની ઉપમાવાળું હોવાથી. (વળી) ઉચ્ચ તત્ત્વશુશ્રૂષા, (જે) તત્ત્વ–જિજ્ઞાસામાંથી ઉદ્ભવેલી છે, (તેમજ અહીં) યોગસંબંધી અ–ક્ષેપ છે, (ક્ષેપ નામનો દોષ નથી.) કારણ, યોગના ઉદ્વેગના અભાવમાંથી જન્મેલો હોવાથી.

વિવેચન:–હવે ત્રીજી બલાનામની યોગ–દૃષ્ટિનું વર્ણન કરવામાં આવે છે. આ દૃષ્ટિમાં ૩ જો યોગાંગ 'આસન' હોય છે, ત્રીજો ગુણ 'શુશ્રૂષા' હોય છે, ને ત્રીજો દોષ–ત્યાગ તરીકે 'ક્ષેપ' દોષનો અભાવ હોય છે.

૩જો યોગાંગ આસન :–

આસન એટલે બેઠક, બેસવાની મુદ્રા. આસન અનેક પ્રકારના હોય. દા. ત. ચાલુ આસનમાં પલાંઠી માંડીને બેસીએ એ 'પર્યંસ્તિકાસન' કહેવાય. બે પગના અંગૂઠા બે ઢીંચણના વળાંકમાં આવે એ 'સ્વસ્તિકાસન, કહેવાય. બે પગના તળિયાં જાંઘ પર ઉલટાં આવે એ 'પદ્માસન' કહેવાય. ઊભા રહી ઢીંચણવાળી ખુરસીની જેમ રહેવું એ 'વીરાસન' કહેવાય. ગોવાળ ગાય હોંસ દોહતી વખતે બે પગની એડી ઊભી રાખી એના પર ઉભડક બેસે એ 'ઉત્કટાસન'–'ગોદોહિકા' આસન કહેવાય. ઊભા કાયોત્સર્ગ–મુદ્રાએ રહેવાય, એ 'જિનમુદ્રા' કહેવાય, જિનમુદ્રાનું આસન કહેવાય. એવા 'સિદ્ધાસન' વગેરે અનેક પ્રકારના આસનો હોય છે.

આમાં સામાન્ય રીતે યોગીઓ પદ્માસને રહી ધ્યાન કરે છે. એમાં મેરુદંડ – કરોડરજ્જુ ટટાર સીધી રહેવાથી શ્વાસપ્રક્રિયા ધીરી અને વ્યવસ્થિત ચાલે છે, હોજરી આંતરડા વગેરેમાં વાયુગતિ વ્યવસ્થિત રહે છે. એથી એકબાજુ આરોગ્ય સારું જળવાય છે, અને બીજી બાજુ મન એકાગ્ર રહી ધ્યાન વ્યવસ્થિત ચાલે છે. પરંતુ આ તો સામાન્ય યોગીઓની વાત; પણ પરમયોગી તીર્થંકર ભગવાન સાધના–કાળમાં હંમેશા લગભગ જિનમુદ્રાએ ઊભા ઊભા કાયોત્સર્ગ ધ્યાનમાં રહે છે.

મહાયોગી મેઘકુમાર મુનિ બાર વરસ ઉગ્ર તપસ્યા સાથે ધ્યાનમાં રહેતા; એમાં એક વરસ તો દિવસભર ઉત્કટ ગોદોહિકા આસને ! અને રાત્રિભર વીરાસને રહેતા ! આમાં થાકે નહિ ? થાકે તો ખરા જ, પરંતુ–

જ્યાં દેહાધ્યાસ – દેહમમતા તોડવી છે, ત્યાં થાક વગેરે કષ્ટ ઉપાડ્યા વિના સિદ્ધિ કયાં છે ?

અસહ્ય થાકથી પડી જવા જેવું લાગે ત્યાં સહેજવાર ઊભા કાયોત્સર્ગ–ધ્યાનમાં રહી પાછા મૂળ આસને અર્થાત્ દિવસે ઉત્કટાસને અને રાત્રે વીરાસને રહી જતા. પૂછવાનું મન થશે કે,–

પ્ર૦–મેઘકુમાર મહામુનિ પોતાની કાયા પર આટલો બધો જુલ્મ શી રીતે કરી શકયા ?

ઉ૦–એનું કારણ એ છે કે એમને દીક્ષાની પહેલી રાત્રે જતા આવતા મુનિઓના પગની રજ પોતાના સંથારામાં પડતી, તે ખૂંચવા લાગી, અને એથી ઘરની મશરૂમની મુલાયમ શય્યા યાદ આવી ને તેથી ઘેર જવાનું મન થયેલું ! પરંતુ પ્રભાતે પ્રભુની હિતશિક્ષાથી ચારિત્રમાં સ્થિર થઇ ગયા.

પ્રભુએ કહેલું ' હે મેઘકુમાર ! તેં પૂર્વના હાથીના ભવે ઘણુજ ઘણવા ઉપાડેલ એક પગ એક સસલાની દયા ખાતર નીચે ન મૂકતાં અઢી દિવસ ઊંચો રાખેલ ! અને પછી અકડાઈ જતાં ચાલી શકાયું નહિ, પડયો નીચે, ને તેથી ત્યાં જ ભૂખે તરસે મોત આવ્યું તો એ મરણાન્ત કષ્ટ પણ શાંતિથી સહી લીધું ! મોટા જનાવરના અવતારે એક નાના જનાવરની ભયંકર કષ્ટ વેઠીને ય આટલી બધી દયા તેં કરી, તો અહીં તો સંયમી માનવના અવતારે મહાપવિત્ર મુનિઓના ચરણની પવિત્ર થયેલી માત્ર રજ સહન કરવાની મળી, તે શું સહન ન કરી લેવાય ? એમાં તો મહામુનિઓ પ્રત્યે ભક્તિ–બહુમાન ભાવ વધે છે. મનને થાય કે " કેવાં મારાં અહોભાગ્ય કે મને મહાસંયમી – બ્રહ્મચારી મુનિ ભગવંતોની પવિત્ર ચરણરજ સ્પર્શવા મળે છે ! પશુના અવતારે ભયંકર કષ્ટ વેઠીને ય દયા ! તો માનવ અવતારે અતિ સામાન્ય કષ્ટ વેઠીને પવિત્ર મહામુનિઓ પ્રત્યે ભક્તિ–બહુમાનભાવ ન કેળવી શકું ?" અને તને ખબર છે કે એ દયાથી તેં શું ફળ મેળવ્યું ? પ્રભુ કહે છે,–

' एवं खलु भो मेहा ! तए पाणाणुकंपाए परित्तीकओ ते संसारो ।'

' હે મેઘકુમાર ! એ જીવની દયાથી નિશ્ચે તેં તારો સંસાર મર્યાદિત કરી દીધો !'

કેટલો મર્યાદિત ? વન–ટુ–થ્રી...મેઘકુમારનો ભવ, પછી અનુત્તર વિમાનવાસી દેવનો ભવ, અને પછી મહાવિદેહમાં મનુષ્યભવ પામી મોક્ષ થવાનો. એમ ત્રણ જ ભવમાં સમાપ્ત કરી દીધો ! '

મેઘકુમાર મુનિને મહાવીર પ્રભુનાં આ વચન સાંભળી પોતાની કાયા પર અને એની આટલી બધી સુખશીલતા પર ભારે દ્વેષ–ધિક્કાર છૂટયો કે,–" હું આ કુટિલ કાયાની સુખશીલવૃત્તિ મહાપવિત્ર મુનિઓ પ્રત્યે ભક્તિભાવ ભુલાવી દે ? અને ' હું આ મુનિઓમાં વિવેક નથી ?' એમ આશાતનાનો નીચ ભાવ કરાવે ? તોડી નાખું આ સુખશીલતાની વૃત્તિ ! " એમ અંતરમાં વિવેક અને શૂરાતન પ્રગટેલું એટલે પોતાની કાયા પર આટલો જુલ્મ કરવામાં શાનો આંચકો આવે ? રણે ચડેલા ક્ષાત્રિય બચ્ચાને શૂરાતન ચડવાથી દુશ્મનોના ઘા ઝીલીને પણ એ ખૂનખાર લડાઈ લડવાના કષ્ટ વધાવી લે છે ને ? એટલે મેઘકુમાર મુનિએ એક બાજુ ઉગ્ર તપસ્યા અને બીજી બાજુ આવા વીરાસન ઉત્કટ આસને રહેવાના ભારે કષ્ટ સહવાના રાખેલા.

યોગની ત્રીજી બલાદૃષ્ટિમાં ' આસન 'ની સાધનાનો વિકાસ થાય છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે 'સુખાસન સમાયુક્ત' અહીં હજી પ્રારંભિક યોગી છે ને ? તેથી કહ્યું સુખાસન યુક્ત હોય.

'સુખાસન' એટલે કે જે આસને સુખ પૂર્વક બેસી સ્થિરપણે એકાગ્ર મનથી સ્વાધ્યાય–ધ્યાન સંયમ–યોગસાધના કરી શકે તે. એટલે હમણાં પલાંઠી, પછી વળી તરત એક પગ ઊંચો, પછી વળી એ નીચે ને બીજો પગ ઊંચો...એમ નહિ. એ તો પલાંઠી તો પલાંઠી, પછી એમાં ચંચળ થઈ બીજું આસન નહિ કરવાનું, કારણ કે જ્ઞાનીઓ જુએ છે કે

આસનની ચંચળતામાં યોગની ચંચળતા-અસ્થિરતા થઈ યોગ-વ્યાઘાત થાય છે.

'યોગ-વ્યાઘાત' એટલે કે યોગનો ભંગ, એ મોટો દોષ છે. એટલા માટે તો વીતરાગ પરમાત્માને વંદના અર્થાત્ ચૈત્યવંદન-યોગ સાધતા પહેલાં, શાસ્ત્રે વિધિ બાંધી કે, એક પ્રભુની દિશા છોડી ત્રણ દિશા જોવાનો સંકલ્પથી ત્યાગ રાખવો કે મારે આખા ચૈત્યવંદન દરમિયાન ત્રણે દિશા તરફ બિલકુલ નજર જ નહિ લઈ જવાની; કેમકે સહેજ એક ડાફોળિયું ય મારતાં, આ વીતરાગને કરાઈ રહેલ વંદનાયોગનો ભંગ થાય કેમકે મન બીજે ગયું. એ અટકાવવા આસન-મુદ્રાની સ્થિરતા જોઈએ.

સૂત્રો યોગ મુદ્રાએ જ બોલાય :-

જૈન શાસનમાં ક્રિયા-યોગમાં સાચવવાની આ મુદ્રા, જે એક પ્રકારનું આસન છે, એનું બહુ મહત્ત્વ છે. આ નિયમ, કે કોઇ પણ સૂત્ર કે સ્તોત્ર બોલવાનું તે 'યોગમુદ્રા'એ બોલવાનું. 'યોગ-મુદ્રા' એટલે મુખની આગળ બે હાથ જોડેલા રહે, તેમાં પરસ્પર હાથની આંગળીઓ અને ટેરવા એક બીજાના આંતરે આવે, બંને હથેલી એક બીજાને ચોંટેલી નહિ, પરંતુ વચ્ચેથી સહેજ પોલી રહે. એમાં પણ ચૈત્યવંદન કરતી વખતે કે વાચના લેતી વખતે બે હાથની કોણી પેટ પર રહે, અને ઉપર યોગમુદ્રાએ હાથ જોડેલા હોય.

આ બધું વિનય અને આસનની સ્થિરતા માટે છે જેથી મન એકાગ્ર રહે. આ પહેલું જરૂરી છે. એટલા માટે કોઇ પણ યોગસાધના-ધર્મ-સાધનામાં પાયામાં મૈત્રી આદિ ચાર ભાવના સાથે આ આસન-સ્થિરતા પહેલી જરૂરી છે. એટલે જ કવિએ ૧૨ મા ભગવાન વાસુપૂજ્ય સ્વામી પ્રભુના સ્તવનમાં ગાયું—

"આવો આવો આવો રે મુજ મન મંદિરે,
સમરાવું સમકિત વાસ હો મુણિંદ.
પંચાચાર બિછાવણું, પંચરંગી રચના તાસ
હો મુણિંદ. ૧
સેજ્જા મૈત્રી ભાવના રે...
સ્થિરતા આસન આપશ્યું રે....

'પ્રભુ ! મારા મન મંદિરમાં આવો; એમાં સમકિતનું વાસઘર સજાવી દઉં છું; ને એમાં પંચાચારની પંચરંગી શેતરંજીઓ પથરાવી દઈશ. એમાં પહેલું તો પ્રભુ આપને આરામ કરવા મૈત્રી ભાવનાનો પલંગ, એના પર ગુણ-પ્રમોદની તળાઈ (ગાદી), ઉપર ઉપશમ (મધ્યસ્થ-ભાવ)ની ચાદર, તથા કરુણા ભાવનાની સુવાસ રહેશે. વળી પ્રભુ ! આપને બેસવા આસન તરીકે સ્થિરતા યાને મન-વચન-કાયયોગની સ્થિરતા આપીશ.' આમ કવિએ ગાતાં આ બતાવ્યું કે પ્રભુ આપની આગળ મારી ચિત્ત-સ્થિરતારૂપી આસન રજુ કરીશ, માટે મારા મનમંદિરમાં પધારો !...'

શું ? મનમાં પ્રભુ ? કે પ્રભુમાં મન ? આ તો પાઘડીમાં માથું, ને માથામાં પાઘડી જેવું છે. કયાં સુધી પધારો ? તો કે તમોને સ્થિરતા-આસનથી મારા મનમાં જ સ્થિર કરી દઉં. તો શું મનમાં પ્રભુ તો સ્થિર કરી દીધા, પરંતુ મનમાં સાથે બીજું ય રાખવાનું બરું ? તો કે ના,

જેમ મનમાં પ્રભુ, એમ પ્રભુમાં જ મન.

એટલી એવી સ્થિરતા કે મન બીજા કશામાં ન જતાં માત્ર પ્રભુમાં જ ઠરી જાય.

આસનની સ્થિરતા આ કામ કરે છે. એટલે જ અહીં કહ્યું કે આસન કેવું ? તો કે સુખાસન લેવું, અર્થાત્ સાધનાના લાંબા કાળ સુધી પર્યંસ્તિકાસન પદ્માસન વગેરે એક જ આસને બેસવાનું. એક જ યોગમુદ્રા આદિ જાળવી શકે એવું આસન તે સુખાસન.

'સુખાસન' શબ્દ સૂચવે છે કે પદ્માસન વગેરે કોઈ એક અમુક જ આસનનો આગ્રહ નથી,

દીર્ઘકાળ એકજ આસને સુખરૂપ બેસી રહે એ મહત્વનું છે. એના બદલે બીજા સારા ઉચ્ચકોટિના આસને બેસવા જાય તો એમાં આગળ જતાં મન આસનની ચંચળતાથી પ્રસ્તુત સાધનાને છોડી બીજામાં જતાં યોગભંગ થાય!

દૃઢ દર્શન :-

હવે કહે છે, બલાદૃષ્ટિમાં મનને આવા સુખાસન સહિત દૃઢ દર્શનનો અનુભવ થાય છે. દર્શન છે યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ. એ પ્રકાશ ત્રીજી દૃષ્ટિમાં દૃઢ હોય, સ્થિર હોય, પ્રબળ હોય. પહેલી બે દૃષ્ટિમાં કહી આવ્યા છે કે એમાં બોધ-પ્રકાશ મંદ હોય છે. તેથી એમાં બોધ-પ્રકાશ તેવા સંસ્કાર નાખી શકતો નથી કે જે પ્રયોગકાળે અર્થાત્ અનુષ્ઠાન-કાળે ઉપયોગી થાય; અર્થાત્ અનુષ્ઠાનને એ શુભ સંસ્કારથી ને ભાવનાથી વાસિત કરે, ભાવિત મઘમઘતું બનાવી શકે.

ત્યારે ત્રીજી બલાદૃષ્ટિમાં વસ્તુ-તત્ત્વદર્શન યાને બોધ-પ્રકાશ દૃઢ પ્રબળ હોય છે, ને એથી સંસ્કારનું આધાન થાય છે, જે યોગસાધના-(ધર્મસાધના)કાળે ઉપયોગી થાય છે, યાને એ સંસ્કારથી સાધના ભાવિત બને છે, સાધનાનો આત્મિક રંગ પૂર્વની બે દૃષ્ટિની સાધના કરતાં અનેરો બને છે. આને દૃષ્ટાન્તથી જોઈ એ.

પ્રારંભિક જીવ પ્રભુ-દર્શન કરશે, ભલે કોઈ સ્વાર્થ લાલસાથી નહિ, યા મૂઢતાથી સંમૂર્છિમની જેમ નહિ, પરંતુ ભાવથી કરશે, પરંતુ એના રંગ કરતાં જે આગળ વધેલો અને તત્ત્વ સાંભળવા સમજવાના તલસાટવાળો તથા આસન-મનની સ્થિરતાવાળો જીવ પ્રભુ-દર્શન કરશે, એનો રંગ કોઈ ઓર રહેવાનો. આ પ્રતાપ ત્રીજી બલાદૃષ્ટિમાં સધાતા આસન-યુક્ત દૃઢ દર્શનનો યાને બોધ-પ્રકાશનો છે.

બલાદૃષ્ટિનો આ બોધપ્રકાશ પૂર્વે કહ્યું છે તેમ કાષ્ઠના અગ્નિકણ જેવો છે.-એ પ્રકાશ અહીં દૃઢ અર્થાત્ એવો બળવાન છે કે એના સંસ્કાર ઊભા રહે છે.

બોધ-પ્રકાશ દૃઢ એટલે?

બીજી દૃષ્ટિમાં જે 'भवोऽयं दुःखरूपः' એવો સંસાર પ્રત્યે વૈરાગ્ય ભાવ હતો, તેમાં વૃદ્ધિ થવાથી વસ્તુ તરફના તદનુરૂપ-યોગ્ય વલણમાં પ્રબળતા આવે છે. અર્થાત્ તારક વસ્તુ તરફ વધુ આકર્ષણ અને ઝુકાવ થાય; ને મારક વસ્તુ તરફ વધુ નફરત-ગ્લાનિ ઊભી થાય. દૃષ્ટિનો બોધપ્રકાશ હેય-ઉપાદેય વસ્તુને એવી રીતે લેખે. નાના બાળકને મા ય રમાડતી હોય, ને માશી ય રમાડતી હોય, પરંતુ મા અને માશી તરફની બાળકની દૃષ્ટિમાં-વલણમાં ફરક હોય છે. માતા પ્રત્યે વલણ એવું કે 'આ મારી મા, મને ચોવીસે કલાક સાચવનારી,' એવું માતા પર જોરદાર મમત્વ હોય છે, અને માતા માટે પાકો વિશ્વાસ હોય છે. બસ, એ રીતે અહીં ત્રીજી દૃષ્ટિમાં તારક વસ્તુઓ તરફનું અધિક ઝુકાવવાળું અને મારક તરફ અધિક નફરતવાળું પ્રબળ વલણ, અને એવા વલણવાળો બોધ હોય છે. એનું જ નામ છે દૃઢ દર્શન.

આવા યોગ્ય પ્રબળ વલણવાળા બોધપ્રકાશનો એ પ્રભાવ પડે છે કે અહીં પ્રબળ તત્ત્વ -શુશ્રૂષા યાને તત્ત્વ સાંભળવાની તીવ્ર ઇચ્છા ઊભી થાય છે. આ ત્રીજી દૃષ્ટિનો ગુણ છે.

આત્મવિકાસનું માપ તત્ત્વશ્રવણની ઇચ્છાના જોસ પર :-

આ તત્ત્વ-શુશ્રૂષાની માત્રા પણ આત્મ-વિકાસની માપક છે. જેવી એ માત્રા તેવો વિકાસ.-તત્ત્વ-શુશ્રૂષા એટલે કે તત્ત્વ-શ્રવણનો ખપ, તત્ત્વ-શ્રવણની ગરજ, રસ, આતુરતા. એ જો જોરદાર પ્રમાણમાં છે, તો તમારો આત્મવિકાસ વધુ છે. એવી બીજી પણ તારક વસ્તુ માટે સમજી લેવાનું. એનો ખપ, એની ગરજ, એ પ્રાપ્ત કરવાની આતુરતા કેવી? જો જોરદાર, તો આત્મવિકાસ સારો; અને જો મંદ, તો આત્મવિકાસ મોળો, અલ્પ પ્રમાણનો સમજવાનો.

અહીં તત્ત્વ-શુશ્રૂષા જોરદાર હોવાનું કારણ એ છે કે એ સાચી તત્ત્વ જિજ્ઞાસામાંથી જન્મી છે. એ કેટલી માત્રામાં હોય છે એને દૃષ્ટાન્ત સાથે આગળ પર બતાવવાના છે. ૩ જી ભલાદૃષ્ટિનો (૧) યોગાંગ 'આસન,' (૨) ગુણ 'તત્ત્વશુશ્રૂષા,' એમ (૩) દોષત્યાગ તરીકે 'ક્ષેપ' નામના દોષનો ત્યાગ હોય છે.

ક્ષેપદોષનો ત્યાગ :-

તત્ત્વ સાંભળવાનો, યોગનું સાંભળવાનો રસ જોરદાર હોય છે; તેમજ યોગ-સાધના અંગે ખેદ નથી, ઉદ્વેગ નથી, તેથી યોગ અંગે હવે ક્ષેપ પણ નથી. ક્ષેપ એટલે મન બીજે ફેંકાઈ જવું, તણાઇ જવું, યા વિલંબ. અહીં યોગ-સાધના લઈને બેઠો છે એટલે મન એ સાધના-માંથી બીજે ફેંકાઈ-તણાઇ જતું નથી. ચાલુ સાધના મૂકીને મન બીજા વિચારમાં જતું નથી, મનમાં બીજા વિચાર આવતા નથી. ત્યારે એ જુઓ, કે આજે ફરિયાદ છે કે,-

પ્ર૦- ધર્મ-ક્રિયામાં અમને બીજા ત્રીજા વિચાર આવી જાય છે, એનું કેમ કરવું ?

ઉ૦- પહેલું એ તપાસો કે બીજા ત્રીજા વિચાર કેમ આવે છે ? કહો, ચાલુ ક્રિયામાં મન થાકે છે, મનનો રસ ઓછો થઈ જાય છે, એટલે બીજી ત્રીજી વસ્તુનો રસ મનને એમાં તાણી જાય છે. દા. ત. નવકારવાળી ગણતા હો, ત્યાં કોઇએ બારણું ઊઘાડ્યું, તો ઝટ મન ત્યાં જાય છે કે કોણે બારણું ઊઘાડ્યું ?' મન કેમ ગયું ? કહો, નવકાર ગણવામાં મન કાંઈક થાક્યું, મનને રસ ઓછો થયો, એટલે બીજી ત્રીજી વસ્તુનો રસ ચડી બેઠો, ને મનને એમાં તાણી ગયું. જો મન થાક્યું ન હોત, ખૂબ સ્ફુર્તિમાં હોત, અને નવકારનો રસ જવલંત હોત, તો મન એમાં લીન હોત, તરબોળ હોત. બીજી દૃષ્ટિમાં ક્રિયાનો ઉદ્વેગ ટાળ્યો એટલે ક્રિયાનો રસ જોરદાર રહ્યો, તેથી હવે ત્રીજી દૃષ્ટિમાં મન એમાં એવું ચોંટ્યું કે એ બીજે તણાઈ જાય નહિ. મનનો બીજે ક્ષેપ-ફેંકામણ ન થાય.

આસન-સ્થિરતા

(ટીકા) અમુમેવાર્થમાહ—

(મૂલ) નાસ્યાં સત્યામસત્તૃષ્ણા,
પ્રકૃત્યૈવ પ્રવર્તતે।
તદભાવાચ્ચ સર્વત્ર,
સ્થિતમેવ સુખાસનમ્ ॥૫૦॥

નાસ્યામધિકૃતદૃષ્ટૌ, સત્યામસત્તૃષ્ણા=સ્થિતિ-નિબન્ધનાતિરિક્તગોચરા પ્રકૃત્યૈવ=સ્વભાવેનૈવ પ્રવર્તતે, વિશિષ્ટશુદ્ધિયોગાત, તદભાવાચ્ચ=અસત-તૃષ્ણાઽભાવાચ્ચ, સર્વત્ર વ્યાપ્ત્યા સ્થિતમેવ સુખાસનં, તથા પરિભ્રમણાભાવેન ॥૫૦॥

(ટીકાર્થ) :- આ જ પદાર્થ કહે છે.-

(ગાથાર્થ) :- આ (પ્રસ્તુત દૃષ્ટિ) હોયે છતે સ્વભાવથી જ અસત્ તૃષ્ણા પ્રવર્તતી નથી. તે (અસત્ તૃષ્ણા) નહિ હોવાથી, સર્વત્ર સુખાસન સ્થિર રહે છે.

(ટીકાર્થ) :-પ્રસ્તુત દૃષ્ટિ હોયે છતે 'અસત્ તૃષ્ણા' એટલે કે (પોતાની જીવન) સ્થિતિમાં કારણભૂત સાધનોથી અધિક વિષયની તૃષ્ણા સ્વભાવે કરીને પ્રવર્તતી નથી, કેમકે (આ દૃષ્ટિમાં) વિશિષ્ટ શુદ્ધિ પ્રાપ્ત થઈ છે. ને તે અસત્ તૃષ્ણાના અભાવથી તેવા પ્રકારનું (મનનું) પરિભ્રમણ નહિ હોવાને લીધે સર્વત્ર અર્થાત્ વ્યાપકપણે સુખાસન સ્થિર જ રહે છે.

વિવેચન :—

હવે અહીં આસનની સ્થિરતા શાથી હોય છે તે બતાવવા કહે છે કે આ ભલા દૃષ્ટિ આત્મામાં આવ્યેથી જીવને સ્વભાવે કરીને અસત્ તૃષ્ણા થતી નથી.

અસત્ તૃષ્ણા ૩ પ્રકારે

ઉ૦-(૧) સ્થિતિ-સાધનથી અધિકની તૃષ્ણા.
(૨) પુણ્યાદિની સ્થિતિથી અધિકની તૃષ્ણા.

(૩) પોતાની લાયકાતથી અધિકની તૃષ્ણા એ અસાર તૃષ્ણા કહેવાય.

પોતાની જીવન સ્થિતિમાં સાધનભૂત સામગ્રીની તૃષ્ણા એ અસત્‌ની તૃષ્ણા 'સત્‌ તૃષ્ણા' કહેવાય. તે ઉપરાંતની વસ્તુની તૃષ્ણા એ અસત્‌ની તૃષ્ણા 'અસત્‌ તૃષ્ણા' કહેવાય.

પ્ર૦–જીવન–સ્થિતિમાં સાધનભૂત સામગ્રી એટલે ?

ઉ૦–એટલે એ જ કે દા. ત. પોતાની મધ્યમ સ્થિતિ હોય તો એ સ્થિતિ નભાવવા સાધનભૂત સામગ્રી તરીકે મધ્યમ કમાણી જોઈએ, મધ્યમ પહેરવેશ મધ્યમ રાચરચીલું, મધ્યમ–મિત્ર સ્નેહી-વર્ગ, બહારમાં મધ્યમ સત્કાર–સન્માન–પ્રતિષ્ઠા વગેરે જોઈએ. એનાથી અધિકની તૃષ્ણા રાખે તો એ અસત્‌ તૃષ્ણા કહેવાય. લલાટ સાડા ત્રણ આંગળનું હોય અને લ્હારા ચાર આંગળના લલાટવાળા જેટલા કરે, એ કેટલું વ્યાજબી ? એવી અસત્‌ તૃષ્ણાથી વળે શું ? મળવાનું પોતાના પુણ્યાનુસાર, પણ એથી અધિક ઝંખવા છતાં ન મળે એટલે હૈયું બળવાનું મળ્યું ! હૈયાની શાંતિ ગઈ !

હૈયાને શાંતિ તો જ રહે કે પોતાની પુણ્યાઈની સ્થિતિ માપીને ઈચ્છા કરે.

'સ્થિતિ' એટલે જીવનમાં બજારની સ્થિતિ, પોતાની પુણ્યાઇની સ્થિતિ, પોતાનાં સ્થાનની સ્થિતિ, ને પોતાની લાયકાતની સ્થિતિ અનુસારે તૃષ્ણા રાખે એ સત્‌ તૃષ્ણા. કેટલાય સટોરિયા કે વેપારી આ ભૂલ્યા, બજારમાં ભાવ પડતા ચાલ્યા, પરંતુ ભાવ વધવાની આશામાં બજારની સ્થિતિ જોવી ભૂલ્યા, તો અંતે મહાનુકસાનમાં ઊતર્યા ! એમ કેટલાકે એક સોદામાં ગુમાવ્યું, બીજામાં ગુમાવ્યું, ત્રીજામાં ગુમાવ્યું, હવે તો સમજી જવું જોઇતું હતું કે 'હાલમાં મારા માટે બજારમાં અનુકૂળતા નથી; તો હવે બચેલી મૂડી લઈ ઘરે બેસી જાઉં,' પરંતુ અસત્‌ તૃષ્ણા એમ શાનું સમજવા દે ? તે સોદા કર્યે ગુમાવતા ગયા, તે અંતે તારાજ થઈ ગયા. આ જીવનમાં બજારની સ્થિતિ.

(૨) **એમ જીવનમાં પુણ્યાઈની સ્થિતિથી અધિકની તૃષ્ણારૂપ અસત્‌ તૃષ્ણા** કરવામાં કેવું મહા અધઃપતન ? કે દા. ત. સુભૂમ ચક્રવર્તીને અહીંના જંબૂદ્વીપના ભરતના છ ખંડની ઠકુરાઈનું પુણ્ય હતું, પરંતુ એણે લશ્કર વગેરે સામગ્રી અને સેવામાં ૧૬૦૦૦ યક્ષ હોવાના વિશ્વાસે ધાતકી ખંડના ભરતના છ ખંડ પર ચક્રવર્તીપણું જમાવવાની અસત્‌ તૃષ્ણા કરી; તો પરિણામ ? લવણ સમુદ્ર પરથી એનું વિમાન બધે ઉંચકીને જતા સોળે હજાર યક્ષોમાંના દરેકને એકી સાથે એકસરખો વિચાર આવ્યો કે 'હું એકલો મારો બધો બખેડો લઉં તો શો વાંધો આવવાનો હતો ?' એમ કહી એકી સાથે સૌએ બધો બખેડો લેતાં સુભૂમનું વિમાન સુભૂમ તથા લ્હાવ લશ્કર સાથે પડ્યું દરિયામાં, તે ઠેઠ તળિયે જઈ બેઠું ! એક સુભૂમની અસત્‌ તૃષ્ણાના પાપે સૌ ડૂબી મર્યા. આ પુણ્યાઈની સ્થિતિ.

હજામનો તાંદળજો :—

એમ, પોતાના સ્થાનની સ્થિતિ કરતાં અધિકની તૃષ્ણા કરે, તો ય એ અસત્‌ તૃષ્ણામાં મરે. દા. ત. એક શેઠની પગચંપી કરનારો હજામ જુએ છે કે શેઠની આગળ દલાલ આડતિયા વગેરે આવીને બજારની વાતો કરે એના પર શેઠ વેપાર કરી ખૂબ કમાય છે, તેથી હજામ શેઠને વારંવાર કહે 'શેઠ સાહેબ ! મને ય આવો વેપાર કરાવો ને ?' શેઠ કહે 'ભાઈ ! તારું કામ નહિ.' હજામને અંતે અભિમાન આવ્યું તે શેઠને કહે 'તો શેઠ ! તમે ન કરાવો તો કાંઈ નહિ, એમ તો મને આવડે છે. વેપાર કરી બતાવીશ.'

શેઠે જોયું કે 'આ બિચારો પોતાનું સ્થાન સમજ્યા વિના બોદું અભિમાન કરે છે, તો એક-

વાર એને બોધપાઠ આપું. પછી બાનગીમાં ૨-૩ દલાલને વાત કરી રાખી. એક રાતે હજામના સાંભળતાં દલાલો શેઠને કહે,'શેઠ સાહેબ! દુશ્મનનુ લશ્કર ચડી આવે છે, તો તાંદળજાની ભાજીના ભાવ વધી જશે.' શેઠ કહે, એમ ? તો તો એની ખરીદી કરી લઈએ.' હજામ સાંભળીને વિચારે છે કે ' શેઠ ખરીદી કરી લે એ પહેલાં હું જ બજારનો બધો તાંદળજો હાથ કરી લઉં.' બસ, બીજી સવારે હજામે પોતાની બધી મૂડી રૂા. ૨૦૦૦) લગાવી તાંદળજો ખરીદી લીધો, ઓરડો ભર્યો. રાહ જુએ છે, ' આવ્યું લશ્કર ? ' રાતના શેઠને પૂછે ' શેઠ સાહેબ ! દુશ્મનનું લશ્કર કેટલે આવ્યું ? કોઇ સમાચાર છે ?' શેઠ કહે ' તૈયારીમાં છે.' બીજી રાતે પણ એજ સવાલ-જવાબ. ત્રીજી રાતે હજામે પૂછતાં શેઠ કહે ' ભાઈ ! અહીંના રાજાએ દિવાનને મોકલી સંધિ કરી લીધી, તેથી દુશ્મનનું લશ્કર પાછું ફરી ગયું.'

પત્યું ? હવે હજામ શું કરે ? જેટલા પૈસા બચે એટલા સહી એમ કરી બજારમાં જઈ વેપારીઓને તાંદળજો સસ્તા ભાવે ખરીદી લેવા માગણી કરે છે. વેપારીઓ માલ જોવા આવ્યા, હજામે જ્યાં ઓરડો ખોલ્યો, તો દુર્ગંધ દુર્ગંધ ! તાંદળજો બગડી ગયેલો. વેપારીઓ હજામની મશ્કરી કરે છે,-' બડો હોશિયાર વેપારી !' હજામે શેઠ પાસે જઇ પોક મૂકી 'શેઠ સાહેબ !' મરી ગયો. તાંદળજામાં મારી બે હજાર રૂપિયાની બધી મૂડી બલાસ!' શેઠ કહે તને હું કહેતો હતો તારું કામ નહિ. તારું સ્થાન સમજ્યા વિના દોડ્યો, તને પાઠ ભણાવવા આ તાકડો ગોઠવેલો. હવે શિખામણ મળી ?

શેઠ દયાળુ હતા, ' બિચારો ગરીબ માણસ મારા શબ્દે ભૂલો પડ્યો, માટે મારે દંડ ભરવો જોઇએ, એમ મનોમન વિચારી હજામને કહે "ફિકર ન કરીશ. લઈ જજે રૂ. ૨૦૦૦)" આ જીવનમાં પોતાના સ્થાનની સ્થિતિની વિચારણા થઈ. સ્થિતિ ઉપરાંતની તૃષ્ણા નહિ કરવી.

(૩) હવે જીવનમાં પોતાની લાયકાતની સ્થિતિ ઉપરાંતની તૃષ્ણા કરે તો તે પણ અસત્ તૃષ્ણા છે. શ્રીપાલકુમાર જ્યારે કોઢિયાની સ્થિતિમાં હતા અને પ્રજાપાલ રાજાએ પોતાની કન્યા મયણાસુંદરી પર ગુસ્સે ભરાઇ શ્રીપાલને કહે 'તારે કન્યા જોઇએ છે ને ? લે, આ મારી કન્યા મયણાસુંદરીને લઇ જા, પરણી લેજે,' એ વખતે શ્રીપાલ પોતાની એ વખતની લાયકાતની સ્થિતિ વિચારી કહે છે 'મહારાજ ! આ કાગડાને કોટે મોતીની કંઠી બાંધવાની રહેવા દો. હું કોઢિયો કાગડા જેવો, આ મોતીની માળા જેવી અપ્સરાશી કન્યાને લાયક નથી. કોઈ દાસી-કન્યા હોય તો આપો. નહિ આપો તો ય અમે બહાર કહેશું "પ્રજાપાલ મહારાજા બરે-બરા એક વચની અને મહાન દાનવીર." શ્રીપાળનું આ કથન પોતાની લાયકાતની સ્થિતિ પ્રમાણેનું ગણાય.એણે મયણાસુંદરી લેવાનો ઇન્કાર કર્યો એ અસત્ તૃષ્ણા નહિ હોવાને લીધે કર્યો.

સિંહગુફાવાસી મુનિ સ્થૂલભદ્રમુનિપુંગવનો ચાળો કરવા વેશ્યાને ત્યાં ચોમાસું રહેવા ગયા, એ અસત્ તૃષ્ણાને આભારી હતું, કેમકે ગુરુએ કહ્યું હતું 'એ યોગ્યતા માત્ર સ્થૂલભદ્રમુનિની, બીજાની નહિ;' એટલે સિંહગુફાવાસી મુનિ પોતાની લાયકાત ઉપરાંત કામ કરવાની તૃષ્ણા-વાળા બન્યા હતા, તો પરિણામ કેવું કે બતર-નાક આવ્યું !

આપણે આપણી જાત માટે જોવાનું છે કે આપણે આપણી પુણ્યાઈ-સ્થાન-લાયકાત વગેરેની સ્થિતિ ઉપરાંતની તો તૃષ્ણાઓ નથી કરતા ને ?

જો અસત્ તૃષ્ણાઓ કરતા હોઈએ તો ત્રીજી બલાદૃષ્ટિમાં નહિ અવાય.

સમ્યક્ત્વ પહેલાંની આ મિત્રાદિ ચાર દૃષ્ટિઓ છે, એમાં જો અસત્ તૃષ્ણાઓ ન હોવી જોઇએ,

તો અસત્ તૃષ્ણાઓ રાખીને સમ્યક્ત્વનો ફાંકો રાખી શકાય? જિનોક્ત તત્ત્વ-શ્રદ્ધારૂપ સમ્યક્ત્વમાં આવવા પૂર્વે કેટકેટલું જોઇએ? એ આ પરથી ખ્યાલમાં આવે એવું છે.

કાશીના પંડિતની અસત્ તૃષ્ણાનો ત્યાગ:-

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસરોના પગાર મોટા, ને પંડિતોના પગાર નાના; તે એક બુઝર્ગ પંડિતને લઈ પંડિત-મંડળી પગાર વધારા માટે પંડિત માલવિયાજી પાસે ગઈ. બુઝર્ગ પંડિત માલવિયાજીને કહે, 'જુઓ પંડિતજીસાબ! આ તમે મને તો પગારમાં એટલા બધા રૂપિયા આપો છો કે મારા ખોળામાં માતા નથી, તેથી કપડામાં લેવા પડે છે, અને મહિને રૂપિયા ખાતાં ખાતાં વધી પડે છે, તે વિદ્યાર્થીઓને કપડાં, પુસ્તક, દૂધ વગેરે માટે વહેંચી દેવા પડે છે. એટલે મારે તો પગાર વધારાની જરૂર નથી; પરંતુ આ બીજા પંડિતો બાળબચ્ચાવાળા, એટલે એમને ચાલુ પગારથી પુરું થતું નથી, તેથી આપે એમને પગાર વધારી આપવા જોઇએ.'

બુઝર્ગ પંડિતનો કેવો અસત્ તૃષ્ણાનો ત્યાગ! પગારમાંથી રૂપિયા વધતા, તે વિદ્યાર્થીઓને વહેંચી દેતા. અહીં પૂર્વનો કાળ યાદ આવે છે. પૂર્વે વિદ્યા વેચાતી નહોતી, ગુરુને ત્યાં વિદ્યાર્થીઓ ભણવા જાય, ને ગુરુ મફત ભણાવતા, અને પોતાનું ગુજરાન દક્ષિણા માગી લાવીને ચલાવતા.

કપિલ કેવળીના જીવનમાં આવે છે. કપિલ પોતે બ્રાહ્મણ પંડિતના પુત્ર હતા. બાપ મરી ગયા પછી એની પ્રત્યે ઈર્ષાળુ બીજા પંડિતો કપિલને ભણાવવાની ના પાડે છે; તેથી એ માતાના કહેવાથી બીજે ગામ બાપના મિત્ર પંડિતને ત્યાં ભણવા જાય છે. એ પંડિત એને ઓળખીને કહે છે, 'ભાઇ! સુખે અહીં રહે, તને ભણાવીશ; પરંતુ તને ભણવા સમય કેટલો રહેશે? કેમકે હું પોતે જ દક્ષિણા માગી લાવું છું એમાં મારું જ માંડ પૂરું થાય છે.' એ તો ત્યાં એક ઉદાર અને વિદ્યાદાનનું બહુ મૂલ્ય સમજનાર ગૃહસ્થ હાજર હતો, એણે કપિલને કહી દીધું 'ભાઈ રોજ જમવાનું મારે ત્યાં રાખજે, તું અહીં નિરાંતે વિદ્યાભ્યાસ કર,' એટલે કપિલ ત્યાં રહી ભણે છે.

શું આ? બ્રાહ્મણ પંડિતો ભણાવતા તે વિદ્યાર્થી પાસેથી ભણાવવાનો પગાર નહિ લેવાનો, અને પોતાનું ગુજરાન દક્ષિણા માગીને ચલાવવાનું, એમ કરતા; કેમકે એમને એવી અસત્ તૃષ્ણાઓ નહોતી. આજે અસત્ તૃષ્ણાઓ વધી ગઇ, તે વિદ્યાના વેચાણ થાય છે! ને એમાંય વળી શિક્ષકો પગાર પૂરો લેવા છતાં પૂરું ભણાવતા નથી, તે વિદ્યાર્થીઓને વધારામાં ટ્યુશન ક્લાસનો ખર્ચો કરવો પડે છે! આ સુધરેલો યુગ? કે બગડેલો યુગ?

ત્રીજી દૃષ્ટિમાં અસત્ તૃષ્ણાઓ ન ઊઠવાનું કારણ કોઇ ભય વગેરે નહિ કે 'વધુ પડતી તૃષ્ણા કરી દોડવા જઇશ તો માર ખાઈશ!' ના, આવો ભય નહિ, કિન્તુ સહજ સ્વભાવથી જ અસત્ તૃષ્ણાઓ ઊઠે નહિ. આ દૃષ્ટિનો બોધ-પ્રકાશ જ એવો વિકસિત છે કે અસત્ તૃષ્ણાઓ ઊઠે જ નહિ.

પ્ર૦- અહીં બોધની વિકસિતતા શું છે?

ઉ૦- શાસ્ત્રકાર કહે છે;-

અંતરના ભાવની વિશિષ્ટ શુદ્ધિ એ બોધની વિકસિતતા છે.

ધ્યાનમાં રહે, આ ભાવની વિશિષ્ટશુદ્ધિ કેવળ સારી ભાવના કરવા માત્રથી નથી આવી, કિંતુ પૂર્વની બે દૃષ્ટિમાં અહિંસાદિ પાંચ યમની તથા શૌચાદિ પાંચ નિયમોની સાધના કરી છે, ઉપરાંત પાંચ યોગબીજો (૧) જિનોપાસના, (૨) આચાર્યાદિઉપાસના, (૩) શાસ્ત્રોપાસના સાધી છે, (૪) અભિગ્રહો લઇ એનું પાલન કર્યું છે, તેમજ (૫) સંસાર પ્રત્યે સહજ ઉદ્વેગ-નફરત કેળવી છે.... ઇત્યાદિ ઇત્યાદિ સક્રિય સાધનાઓ કરી છે,-ત્યારે

અહીં ત્રીજી દૃષ્ટિમાં આવતાં અંતરાત્માના ભાવ શુદ્ધ નિર્મળ બન્યા છે. આવી ભાવશુદ્ધિના લીધે અહીં ત્રીજી દૃષ્ટિમાં અસત્ તૃષ્ણાઓ ઊઠતી નથી. એ સમજે છે કે–

'અનાદિની ઓઘદૃષ્ટિના ભવાભિનંદીપણામાં અસત્ તૃષ્ણાઓ ઇચ્છાઓ અનંતી કરી, કપાળ કોડિયા જેટલું ને રોટલો માંડ કમાઈ શકતો એવો કોડીપતિ છતાં પણ લાલસા કરોડપતિ થવાની રાખેલી! કોઈ અસત્ તૃષ્ણાઓમાં પાર વિનાના અનર્થ વહોરેલા! કયારેક પ્રાણ પણ ગુમાવેલા! હવે યોગદૃષ્ટિનો પ્રકાશ મળ્યો તો એ મૂઢ ચાલે કેમ ચલાય? અને જડની તૃષ્ણાઓથી જીવનું ભલું ય શું થાય?'

એમ કરી સત્ તૃષ્ણાઓ પણ ડરતાં ડરતાં કરતો હોય ત્યાં અસત્ તૃષ્ણા તો કરે જ શાનો?

પ્ર૦– સત્ તૃષ્ણામાં ડરવાનું શું?

ઉ૦– સત્ તૃષ્ણાઓ પણ જગતના પદાર્થોની થાય છે ને? અને–

જગત સાથેનો સંબંધ આત્મા અને પરમાત્મા સાથેના સંબંધમાં વિઘ્નભૂત છે.

જગત સાથેના સંબંધ કાપ્યા વિના આત્મા પ્રગતિ ન કરી શકે.

અસત્ તૃષ્ણાઓમાં સત્યાનાશ: —

અસત્ તૃષ્ણાઓનો કેડો પડતો મૂકયો એટલે જગત સાથેના અમુક સંબંધો કપાયા.

અસત્ તૃષ્ણાઓ માટે તો એ સમજે છે કે

અસત તૃષ્ણાઓનાં નુકસાન :– (૧) અસત્ વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી, અને (૨) મન એની ચિંતામાં માદું પડે છે, (૩) સારી ભાવનાઓ સારું તત્ત્વચિંતન વગેરે ગુમાવે છે, ને (૪) ધર્મ-ક્રિયા વખતે ય આ અસત્ તૃષ્ણાઓની પાછળની ચિંતાઓ ધર્મક્રિયાને ય અસ્થિર બનાવી દે છે! (૫) વળી અસત્ તૃષ્ણાની પાછળની ચિંતાઓ વિચારો એ નિષ્ફળ વિચારો છે; અને આજના માનસ શાસ્ત્રીઓ, કહે છે. 'જેટલા નિષ્ફળ વિચાર કરો એટલી મનની શક્તિ હણાય છે, સત્ત્વ હણાય છે, મન નિર્બળ બને છે.' સો રૂપિયાની નોટ પડી ગઇ, 'કયાં પડી ગઈ? પાછી મળશે કે નહિ? આજના ઘોળી કેવા હજામ કે ગજવાને કાણું પાડી નાખ્યું?....' વગેરે વિચાર નિષ્ફળ છે. નિષ્ફળ વિચારમાં સત્ત્વ હણાય છે. સત્ત્વ હણાયું એટલે પછી બીજા કામોમાં ય ભલીવાર ન આવે. સત્ત્વનું મોટું મૂલ્ય છે. બ્રહ્મચર્યની નવવાડ કેમ મૂકી છે? **એકેક નવ વાડનું પાલન કરતા ચાલો એટલે સત્ત્વનો વિકાસ થાય, ભંગ કરો તો સત્ત્વ હણાય.**

અરે! સત્ત્વ કયાં સુધી વિકસાવવાનું છે? તો શાસ્ત્રે કહ્યું કોઈ પણ વ્રતનો, ખાસ કરીને બ્રહ્મચર્ય વ્રતનો, અતિક્રમ પણ નહિ થવા દેતા.

કોઈ પણ પાપની ચાર કક્ષા હોય છે, (૧) અતિક્રમ, (૨) વ્યતિક્રમ, (૩) અતિચાર, (૪) અનાચાર.

(૧) અતિક્રમ એટલે 'હું પાપ કરું' એવો વિચાર આવે તે.

(૨) વ્યતિક્રમ એટલે એ માટે પગલું મંડાય.

(૩) અતિચાર એટલે ત્યાંથી આગળ વધીને ઠેઠ પાપનું સીધું આચરણ કરવાની પૂર્વક્ષણ સુધી પહોંચી જવાય તે.

(૪) અનાચાર એટલે પાપનું આચરણ.

દા. ત. રાત્રિભોજન કરું એવો વિચાર આવે તે અતિક્રમ. એ માટે પગલું માંડે એ વ્યતિક્રમ. ભાણા પર બેસે ને ઠેઠ કોળિયો મોં સુધી લાવે એ અતિચાર, અને મોંમાં મૂકે તે અનાચાર. આમાં અતિક્રમની જૈન શાસ્ત્રો જુઓ મર્યાદા કેવીક બતાવે છે! જાતે રાત્રિ-ભોજનનો વિચાર ન કર્યો, પરંતુ રાત્રિભોજન માટે કોઈ આમંત્રે છે. 'ચાલો જમવા!' ત્યાં જો ના ન પાડી કે 'મારે રાત્રે નથી જમવું!' તો ત્યાં પણ અતિક્રમ દોષ લાગ્યો.

એમ, સામે પરસ્ત્રી છે, 'હું જોઉં' એ વિચાર આવ્યો તો અતિક્રમ દોષ લાગ્યો. પછી એ તરફ પ્રવૃત્તિ માંડી એ વ્યતિક્રમ; જોવાની પૂર્વક્ષણ સુધી પહોંચે તે અતિચાર; અને જુએ તે અનાચાર. શાનો અનાચાર ? પરસ્ત્રી-દર્શનના પાપનો; અર્થાત્ આંખના દુરાચાર-પાપનો અનાચાર.

ત્યારે બ્રહ્મચર્ય અંગે શાસ્ત્રે ત્યાંસુધી કહ્યું-

सद्दा रूवा रसा गंधा फासाणं पवियारणा ।
मेहुणस्स वेरमणे एस वुत्ते अइक्कमे ॥

અર્થાત્ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની રાગ-દ્વેષભરી વિચારણા એ બ્રહ્મચર્યનો અતિક્રમ છે માત્ર વિચારણાનું આમ, તો પછી એની વાતો ને એના ભોગવટા, ઉપરાંત એની પ્રશંસા-અનુમોદના એ કેટલા દોષમાં જાય ? માત્ર સ્ત્રીના જ શબ્દ-રૂપાદિની આ વાત નથી. તે સિવાયના પણ, બીજા ગમે તે શબ્દ-રૂપાદિની પ્રવિચારણા યાને રાગભરી વિચારણા એ પણ બ્રહ્મચર્યનો અતિક્રમ દોષ છે. પૂછો,—

પ્ર૦-ગમે તે શબ્દાદિની રાગભરી વિચારણાને અને બ્રહ્મચર્યને શો સંબંધ, તે એને બ્રહ્મચર્યનો અતિક્રમ કહ્યો ? દા. ત. કપડું સારું લાગ્યું, મોટર સારી લાગી, એમાં બ્રહ્મચર્યને શો ભાંગો લાગ્યો ?

ઉ૦-પહેલું તો એ સમજો કે અનંતજ્ઞાનીનું આ વચન છે, એટલે એમણે જ્ઞાનમાં જોયું તે જ કહ્યું છે, માટે એ એ પ્રમાણે જ છે. બીજી વાત એ છે કે શબ્દ-રૂપાદિની રાગભરી વિચારણા એ બ્રહ્મચર્ય-ભંગ તરફનું પગલું છે, પ્રયાણ છે; કેમકે—

શબ્દાદિની રાગભરી વિચારણામાં મનનું સત્ત્વ હણાય છે.

પછી નિઃસત્ત્વ બનેલું મન સ્ત્રીના શબ્દ-રૂપાદિ સામે ટકી શકે નહિ.

એના શબ્દાદિમાં નિઃસત્ત્વ મન સહેજે તણાઈ જાય, ને તેથી બ્રહ્મચર્યને ભાંગો લાગે.

આમ, ઈષ્ટ શબ્દ-રૂપાદિની રાગભરી વિચારણામાં બ્રહ્મચર્ય ભંગનાં બીજ પડેલાં છે. તેથી એવી વિચારણાને બ્રહ્મચર્યનો અતિક્રમ જ્ઞાનીઓ કહે એ સહજ છે. એનું મૂળ કારણ આ બરાબર યાદ રાખી લેવાનું. સામાન્ય બાબતમાં પણ મન પર અંકુશ ન રાખતાં,

મનને ઢીલું બનાવવામાં ને નિરંકુશ યથેચ્છ પ્રવર્તવા દેવામાં મનનું સત્ત્વ હણાય છે; અને એનો પડઘો સર્વત્ર પડે છે, એટલે નિઃસત્ત્વ બનેલું મન બીજે પણ અસત્ વિચારમાં પડી જાય છે.

એટલે જ અહીં ત્રીજી દૃષ્ટિમાં અસત્ તૃષ્ણાઓનો ત્યાગ હોવાનું કહ્યું. આત્મામાં એવી વિશિષ્ટ શુદ્ધિ ઊભી થઈ છે કે મન સાત્ત્વિક બન્યું છે. તેથી પોતાની સ્થિતિ અનુસારમાં જ મન પ્રવર્તે છે; સ્થિતિ ઉપરાંતમાં મન જતું નથી. એ સમજે છે કે,

'એક તો અતિ લોભ કરવો, બહુ તૃષ્ણાઓ રાખવી, એ આત્માને ભવમાં ભટકાવનારા છે; તેમજ

'બીજું એ, કે જેમ બજારમાં નાણાં જેટલો માલ મળે, એમ અહીં ભવના બજારમાં આપણાં પુણ્ય જેટલો માલ મળે. વધુ પડતા વલખા મારવા નકામા છે. માટે અસત્ તૃષ્ણાઓ ન કરવી.'

એમ સમજથી એને અસત્ તૃષ્ણાઓ સ્વભાવે ઊઠતી નથી; કેમકે એને યોગદૃષ્ટિનો બોધ-પ્રકાશ એવો મળવાથી અને યમ-નિયમ આદિના પાલનથી આત્મામાં નિર્મળતા આવી છે, ને એ વધતી ચાલી છે.

યોગદૃષ્ટિનો વિકાસ થાય ત્યારે આત્મામાં શુદ્ધિ વધતી આવે; શુદ્ધિ વધે એમ શાંતતા આવતી જાય, નિસ્પૃહતા આવતી જાય; ને એ

વધતી જાય, એટલે સહેજે સ્વાભાવિક રીતે અસત્ તૃષ્ણાઓ ઊઠે નહિ.

પરદેશના 'Poise and Power' નામના પુસ્તકમાં આત્મામાં શાંતતા અને શક્તિ કેમ વધે એ માટે લખ્યું છે કે તમે જે વિચારનું કાંઈ સારું ફળ ન આવે એવા વિચાર કરો જ નહિ, કરશો તો મનમાં અશાંતતા અને નિર્બળતા વધી જશે.

આ બતાવે છે કે જો અસત્ તૃષ્ણાઓ કરો તો મનમાં અશાંતતા-વિહ્વળતા-અશુદ્ધિ વધે.

અસત્ તૃષ્ણાના અભાવનો આ પ્રભાવ પડે છે કે આસનની સ્થિરતા આવે છે. જે સુખાસને બેઠા કામ કરો છો એમાં ચંચળતા ન આવે. વારે વારે આસન બદલવાનું થાય છે, ઘડીકમાં પલાંઠી, પછી એક પગ ઊંચો, પછી એ નીચે મૂકીને બીજો પગ ઊંચો, પાછા ટેકે, વળી પગ લાંબા-આ બધી આસનની ચંચળતા અસત્ તૃષ્ણાને આભારી છે. મનની સ્થિરતા લાવવી હોય તો આસનની સ્થિરતા લાવો; એ લાવવી હોય તો અસત્ તૃષ્ણાઓ બંધ કરો, એ કરવા માટે અંતરાત્મામાં શુદ્ધિ વધારતા જાઓ. વિશિષ્ટ શુદ્ધિ વિશિષ્ટ નિર્મળતા ઊભી કરો.

एतदेवाह-

(मूल) **अत्वरापूर्वकं सर्वं,**
गमनं कृत्यमेव वा ।
प्रणिधानसमायुक्त-
मपायपरिहारतः ॥५१॥

अत्वरापूर्वकमनाकुलमित्यर्थः 'सर्वं'-सामान्येन किं तदित्याह 'गमनं' देवकुलादौ, कृत्यमेव वा वन्दनादि, प्रणिधानसमायुक्तं-मनः प्रणिधानपुरःसरं, अपायपरिहारतः-दृष्टयाद्यपायपरिहारेण ॥५१॥

એજ વાત કહે છે,-

(ગાથાર્થ)- બધું જ ગમન અથવા અનુષ્ઠાન ઉતાવળ વિના (કરવાનું) અને પ્રણિધાન પૂર્વક (તથા) દૃષ્ટિઆદિના અનર્થનો ત્યાગ રાખીને (કરવાનું).

(ટીકાર્થ)-'અત્વરાપૂર્વક' એટલે આકુળ વ્યાકુળ થયા વિના. 'સર્વ' સામાન્યથી બધું. શું ? તો કે 'ગમન' દેરાસર વગેરે તરફ, અથવા 'કૃત્યમ્' વંદનાદિ, 'પ્રણિધાન-સમાયુક્ત' મનના સમર્પણપૂર્વક, 'અપાય૦' દૃષ્ટિ આદિના અપાયનો ત્યાગ રાખીને.

વિવેચન :—

અહીં અસત્ તૃષ્ણાનો ત્યાગ કેટલો બધો આત્મસાત્ કરેલો છે કે એમાં આત્માની અસત્ વૃત્તિઓ એવી શાન્ત થઈ ગઈ છે કે યોગસાધનામાં સુખાસને બેઠા પછી પગ ઊંચો નીચો કરવો, કે ભીંતને અઢેલીને બેસવા જવું,.... વગેરેનું મન થાય એય એને અસદ્ વૃત્તિરૂપ દેખાય છે, ને હવે શાંત વિશિષ્ટ શુદ્ધ બનેલા મનમાં ઊઠતી નથી એટલે સુખાસને બેઠો તે તે બેઠો, એવી સ્થિરતા રહે છે. પ્રશાંત સાગરમાં તરંગો-મોજાં ન ઊછળે, એમ અહીં ત્રીજી દૃષ્ટિમાં આવેલાના શુદ્ધ-શાંત મનમાં કાયિક ચંચળતા નહિ, પણ આસનની સ્થિરતા હોય. યોગસાધના સ્થિર સુખાસને બેસીને કરે. હવે કહે છે,-સુખાસનની સ્થિરતા માત્ર બેસવામાં જ નથી સમજવાની; કિન્તુ દેરાસર વગેરે તરફ ચાલતા હોઈએ, કે દેવ-ગુરુને વંદનાદિ કરવાના અનુષ્ઠાન બજાવતા હોઈએ, બધું જ ત્વરા-ઉતાવળ-વ્યાકુળતા વિના ચલાય-કરાય, ધીરતાથી ગમન, ધીરતાથી વંદનાદિ કરવા. ઝટપટ ઝટપટ હાંફળા ફાંફળા ચાલવું, એ વિહ્વળતા છે, અસ્થિરતા છે, અશાંતતા છે.

અશાંતતા-વિહ્વળતાથી આવરદા વહેલી પૂરી થાય છે.

આરબ ૧૫૦ વર્ષ શી રીતે જીવ્યો :-

અરબ દેશમાં એક ૧૫૦ વર્ષની ઉંમરના માણસને પેપરવાળાએ પૂછ્યું 'તમે આટલું બધું લાંબું શી રીતે જીવી શકયા ?' એણે જવાબમાં કહ્યું કે 'હું બધું કામ શાંતિથી કરું છું. બેસું-ઊઠું-ચાલું કાંઈ કામ કરું તે બધું શાંતિથી. કયારેય હાંફળો ફાંફળો આકુલ વ્યાકુલ ને આકરો ઉતાવળો થવાની વાત નહિ. બધું ધીરજથી શાંતિથી કરવાનું; તેથી મારા શ્વાસોશ્વાસ નિયમિત અને વ્યવસ્થિત ચાલે છે. કોઈ અજુગતો બનાવ બને તો હું શાંતિથી જોયા કરું, ગુસ્સો નહિ, ભય નહિ, વ્યાકુળતા નહિ. તેથી આટલું બધું જીવી શકયો છું.'

સ્થિરતા કયાં કયાં જરૂરી ?

શું આ ? મનની સ્થિરતા. એ સ્થિરતા અસત્ તૃષ્ણાઓ પડતી મૂકે તો આવે; ને એ આવે એટલે આસનની પણ સ્થિરતા આવે. સ્થિરતા વિના ધર્મ-ક્રિયાઓ સારી રીતે ન થાય. સ્થિરતા બહુ અગત્યની છે, કેમકે વીતરાગતા પૂર્વે શુકલ-ધ્યાનની સ્થિરતા લાવવી પડે છે; ને અંતે મોક્ષ પામવા માટે આત્મ-પ્રદેશોની સ્થિરતા અર્થાત્ શૈલેશી કરવાની છે. પછી એ સ્થિરતા મોક્ષમાં કાયમ રહેવાની. એટલે જ મોક્ષમાં અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતચારિત્ર અને અનંતવીર્ય હોવાનું કહ્યું. એમાં અનંત ચારિત્ર શું ? તો 'જ્ઞાનસારમાં' લખ્યું કે 'ચારિત્રં સ્થિરતારૂપં' આત્મ પ્રદેશોની સ્થિરતા એ ચારિત્ર. ત્યારે જો આ સ્થિરતામાં જવાનું છે, તો પછી એનો અભ્યાસ પહેલેથી જોઇએ કે નહિ ? જોઇએ જ ને એ માટે સુખાસન જોઈએ; અને અસત્ તૃષ્ણાનો અભાવ જોઈએ.

એક નાની માળા ગણો, કે પ્રભુદર્શન કરો, એ સુખાસને સ્થિરતાથી કરો. સુખાસને એટલે એવી શરીર-મુદ્રાથી કે પછી જેમાં વારે વારે હેરફેર ન કરવો પડે. માળા ફેરવતાં કે નવકાર ગણતાં અસ્થિરતા રહે તો ક્રિયામાં મન જામે નહિ, પ્રણિધાન થાય નહિ. ત્યારે પ્રણિધાન યાને મનનું ક્રિયામાં સ્થાપન-સમર્પણ તો પહેલું જરૂરી છે. વાણિયો સો-સોની નોટો ગણતાં કેટલો બધો એકાકાર હોય છે ! કારણ, એનું મન એમાં સર્વેસર્વા સમર્પિત છે.

ધર્માનુષ્ઠાનમાં મન અર્પિત ન હોય, એકા-કાર ન હોય, તો એવાં અનુષ્ઠાનથી આત્મામાં બીજ ન પડે, સારા સંસ્કાર ઊભા ન થાય. મન સમર્પિત એકાકાર હોય તો સંસ્કારના ઊંડા મૂળિયાં નખાય.

ધર્મમાં મન ઠરે તો જ મન સ્થિર થાય:-

ધર્મક્રિયામાં સ્થિરતા અર્થાત્ મનની સમ-પિતતા કયારે આવે ? મન એમાં ઠરે તો આવે. જીવની કમનસીબી એવી છે કે જડ પુદ્ગલમાં ને પુદ્ગલની ક્રિયામાં મન હજી ઠરશે, પરંતુ આત્મામાં ને આત્મહિતની સાધનામાં મન ઠરતું નથી, ટાઢક અનુભવતું નથી કે 'હાશ ! અત્યારે જડ પુદ્ગલના તાપથી બચ્યો.' અરે ! મન એમાં ખૂંચતું નથી, પ્રવેશ પણ કરતું નથી. એટલે જો આત્મહિતની સાધનામાં મન ઠરતું હોય, મન ટાઢક-ઠંડક અનુભવતું હોય, તો જ સમજવું કે ઓઘદૃષ્ટિ-પુદ્ગલાનંદીપણું ગયું, ને યોગદૃષ્ટિ તથા આત્માનંદીપણું આવ્યું. બાકી પુદ્ગલના સુખનો અનુભવ તો, શાસ્ત્ર કહે છે, દેવસભાના પ્રમુખ-સિંહાસને બેઠેલા ઇંદ્રને જેટલો થાય છે, એટલો જ વિષ્ઠાના કીડાને વિષ્ઠામાં બેસવામાં સુખાનુભવ થાય છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ ઇંદ્રને અંતરમાં પુદ્ગલાનંદીપણુ-ભવાભિનંદીપણું નથી હોતું; તેથી અંતર તલ્લીન નથી. શું ? દિવ્ય સુખસાધનમાં ઇંદ્ર તલ્લીન નહિ ! ત્યારે વિષ્ઠાનો કીડો વિષ્ઠામાં તલ્લીન !

સારાંશ, અસત્ તૃષ્ણાઓના અભાવનો આ પ્રભાવ છે કે ચિત્ત સાધનામાં ઠરે છે દેવદર્શનાદિ અર્થે ગમનમાં તેમજ દેવવંદનાદિ-કૃત્યમાં ઠરે છે, ચિત્તનાં પ્રણિધાન પૂર્વક એ બધું થાય છે. દેવદર્શન વંદનાદિમાં ચિત્તનું આ પ્રણિધાન

જામવાનું એટલા માટે બને છે કે દૃષ્ટિ આદિના વિઘાતક તત્વોને ટાળવામાં આવે છે. આ એક મહત્ત્વની વાત કહી...

સાધનામાં દૃષ્ટિ આદિ અપાયો ન જોઇએ.

ઉપાય એ કાર્યની પુષ્ટિ કરે.

અપાય કાર્યમાં વિઘ્ન કરે, કાર્યમાં ક્ષતિ પહોંચાડે.

દૃષ્ટિ આદિ અપાયો એટલે ?

દૃષ્ટિ એટલે ડાફોળિયાં. 'આદિ' પદથી પ્રસ્તુત સિવાયની વાતોચીતો, પ્રસ્તુતને બિનલગતું ભાષણ, અપ્રસ્તુત વિચારો, પ્રસ્તુત યોગસાધનાની વચમાં બીજું ત્રીજું કામ કરવું... આ બધા યોગસાધના પ્રત્યે અપાયો છે.

દેવદર્શનાદિ ધર્મસાધનાર્થે નીકળ્યા, રસ્તામાં ગમે તે ગમે તે વાતોચીતો કરીએ, અથવા આડી અવળી નજર નાખતા ચાલીએ; તેમ દેવદર્શન ચૈત્યવંદનાદિ કરતાં ડાફોળિયાં મારીએ, યા બીજાના સવાલના ઉત્તરો આપીએ કે વાતો કરતા રહીએ; અથવા વચમાં બીજી ત્રીજી પ્રવૃત્તિ કરીએ,...એ બધા અપાય છે, પ્રસ્તુત ગમન કે ધર્મકૃત્યને ક્ષતિ પહોંચાડનારાં છે, યોગવ્યાઘાત કરનારા છે; કેમકે મનને બીજે લઈ ગયા વિના એ ડાફોળિયાં, વાતોચીતો, અપ્રસ્તુત ભાષણ, અન્ય પ્રવૃતિ વગેરે બને નહિ. અને એ લઈ ગયા એટલે મન પ્રસ્તુત યોગમાંથી ખસ્યું, પ્રસ્તુતમાં મનનું પ્રણિધાન તૂટ્યું, મનની એકાગ્રતા–એકાકારતા તૂટી, મનની સમર્પિતતા તૂટી.

પ્રણિધાનમાં રસ (interest) પણ સમાવિષ્ટ છે; એટલે દા. ત. ચૈત્યવંદન કરીએ છીએ તો ચૈત્યવંદનમાં જેમ મન લગાવવું જોઇએ એ જરૂરી છે, એમ ચૈત્યવંદનનો મનને અત્યંત રસ જોઇએ એ પણ જરૂરી છે. રસ એવો કે બીજા કશાનો રસ મનને એમાં તાણી ન જાય. હવે જો વચમાં દૃષ્ટિ બીજે લઈ જઇએ, ડાફોળિયાં મારીએ, કે બીજી ત્રીજી વાતો કરીએ, તો એનો અર્થ એ થયો કે એમાં બીજાનો ને બીજું જોવાનો રસ ઊભો છે. ત્યાં મનમાં ચૈત્યવંદનનો રસ ખૂટ્યો એટલે મનનું પ્રણિધાન ગયું.

ધર્મકૃત્યમાં ડાફોળિયાં કે વાતોચીતોથી કેટલું બધું નુકસાન !

મોટું નુકસાન આ, કે જીવની ભવાભિનંદી જેવી દશા થાય. કેમકે ભવાભિનંદી જીવને ભવનો જ આનંદ, પૌદ્‌ગલિક બાબતોમાં બહુ રસ; તે શરમાશરમી વગેરેથી ધર્મક્ષેત્રમાં ગયો હોય તોય ધર્મ જેમ તેમ પતાવે ! રસ વિના કરે, અને પૌદ્‌ગલિક વાતો બહુ રસથી કરે !– લાખ રૂપિયાનો ધર્મ કરે છતાં, ડાફોળિયાં, વાતોચીતો, આમાં મોં ઘાલ્યું, તેમાં મોં ઘાલ્યું, ...આવું રસપૂર્વક ચલાવે, તો ભવાભિનંદીપણું આવવાનો મોટો ભય છે.

ત્યારે ત્રીજી ભલાદૃષ્ટિમાં આવેલા જીવોએ સ્થિર આસનની એવી સિદ્ધિ કરી હોય છે કે એ માત્ર બેસવામાં જ શું, કોઇ પણ ધર્મસાધના કરવામાં સ્થિરતા જાળવે છે. અરે ! ધર્મસાધનાર્થે જવા–આવવામાં પણ સ્થિરતા એવી કે કોઈ અસત્ તૃષ્ણા નહિ, તે રસ્તે ચાલતાં આડું અવળું જોવાનું નહિ, વાતો નહિ, મનમાં આડાઅવળા વિચાર નહિ. મન પગ નીચે કોઇ જીવજંતુ ન કચરાય એ જ જોવામાં. આપણામાં આ ત્રીજી દૃષ્ટિનો બોધ-પ્રકાશ આવ્યો છે કે કેમ એ આના પરથી માપી શકાય. આપણું દિલ બીજી ત્રીજી વાતો માટે ધરાઈ ગયેલું હોય; કહો કે હવે એનો રસ જ ઊડી ગયો હોય; ને તેથી દરેકે દરેક ધર્મ–કૃત્યમાં મનની સ્થિરતા અખંડ ચાલે.

ત્યારે જો સ્થિર મનથી ધર્મસાધના થાય તો જ એના સંસ્કાર ઊંડા પડે.

ત્રીજી દૃષ્ટિમાં આ (૧) 'આસન' યોગાંગની વાત થઈ. હવે (૨) 'શુશ્રૂષા' ગુણની વાત. એકેક દૃષ્ટિમાં યમ-નિયમ વગેરે ૮ યોગાંગમાંથી એકેક યોગાંગ આવે છે. તેમ અદ્વેષ–જિજ્ઞાસા.... વગેરે ૮ ગુણમાંથી એકેક ગુણ આવે છે. એ હિસાબે ત્રીજી દૃષ્ટિમાં યોગાંગ 'આસન'ની વાત કર્યા પછી હવે ગુણ 'શુશ્રૂષા'ની વિચારણા કરવાની છે.

(૨) શુશ્રૂષા

(ટીકા) उक्तं दर्शनम् । अस्यैव शुश्रूषामाह-

(મૂલ) **कान्तकान्तासमेतस्य**
दिव्यगेयश्रुतौ यथा ।
यूनो भवति शुश्रूषा,
तथाऽस्यां तत्त्वगोचरा ॥५२॥

(ટીકા-)कान्तकान्तासमेतस्य कमनीयप्रियतमायुक्तस्य, दिव्यगेयश्रूतौ यथा किंनरादिगेयश्रूतावित्यर्थः, यूनो-त्रयःस्थस्य, भवति शुश्रूषा-श्रोतुमिच्छा तद्गोचरैव, तथाऽस्यां- दृष्टौ व्यवस्थितस्य सतः तत्त्वगोचरा-तत्त्वविषयैव शुश्रूषा भवति ॥ ५२ ॥

(અર્થ)- દર્શનની વાત કરી. આનો જ 'શુશ્રૂષા' ગુણ વર્ણવે છે.

(ગાથાર્થ)- મનોરમ પત્નીથી પરિવરેલા અને દિવ્ય ગીત સાંભળવામાં યુવાનને જેવી શુશ્રૂષા (સાંભળવાની તીવ્ર લગન) હોય, તે પ્રમાણે આ (દૃષ્ટિમાં) તત્ત્વ સંબંધી (શુશ્રૂષા હોય છે.)

(ટીકાર્થ)- 'कान्तकान्तासमेत' - સુંદર પ્રિયતમાથી યુક્તને, ' दिव्यगेय-श्रवणમાં '- કિંનરાદિના ગીત સાંભળવામાં, જેવી રીતે 'યુવાનને'=ઉંમરમાં આવેલાને, થાય છે, 'શુશ્રૂષા' = સાંભળવાની ઇચ્છા, (શું સાંભળવાની તો કે) તે વિષયનું જ; તેવી રીતે આ દૃષ્ટિમાં રહેલા સત્ પુરુષને તત્ત્વ-વિષયની જ શુશ્રૂષા થાય છે.

વિવેચન—

બીજી દૃષ્ટિમાં તત્ત્વ જિજ્ઞાસા થયેલી, પરંતુ તત્ત્વ જાણવાની ઇચ્છા રાખીને ઘરમાં બેસી રહે તો તત્ત્વ જાણવા ન મળે. એ માટે તો ગુરુ પાસે જઈ સાંભળવું પડે; પરંતુ એ સાંભળવા ગુરુ પાસે જાય ક્યારે ? તો કે પોતાને તત્ત્વ સાંભળવાની તાલાવેલી જાગે, અર્થાત્ તત્ત્વશુશ્રૂષા થાય ત્યારે. તેથી અહીં ત્રીજી દૃષ્ટિનો ગુણ 'તત્ત્વ-શુશ્રૂષા' કહ્યો.

તત્ત્વ 'શુશ્રૂષા' એટલે તત્ત્વ સાંભળવાની તત્પરતા-તાલાવેલી. એ કેવી હોય એ અહીં યુવાનના દૃષ્ટાન્તથી બતાવે છે,-

યુવાન માણસ હોય, અને મનોરમ પ્રિયતમાથી પરિવરેલો હોય, (આજીવિકાદિની ચિંતા નહિ એવો નિશ્ચિન્ત સુખી હોય), એને દેવતાઇ કિંનર-ગંધર્વના મધુરાં ગીત સાંભળવાની જેમ તત્પરતા હોય, સાંભળવાનો ભારે રસ હોય-લગન હોય, એવો રસ-એવી લગન, એવી તત્પરતા-તાલાવેલી, આ ત્રીજી દૃષ્ટિમાં આવેલાને તત્ત્વ સાંભળવાની હોય. આજ સુધી દુન્યવી વાતો સાંભળવાની લગન રહેતી, હવે આત્મામાં એવી વિશુદ્ધિ થઇ આવી છે કે એ લગન મોળી પડી જાય છે, એવી દુન્યવી વાતો નીરસ લાગે છે, અને તત્ત્વની વાતો રસમય લાગે છે, એટલે એ સાંભળવા મન તલસે છે.

ઉત્તરોત્તર યોગદૃષ્ટિ પ્રાપ્ત થતાં કેવો કેવો શુદ્ધ વિકાસ થતો આવે છે એ જોવા જેવું છે. પૂર્વે ઇંદ્રિયોના વિષયોનો રસ હતો, હવે આત્મહિતોનો રસ જાગ્યો છે, એટલે પૂર્વે શ્રોત્રેન્દ્રિયને વિષયોનું સાંભળવા બણજ રહેતી; કહો કે ઇંદ્રિયોના દુરુપયોગ તરફ મનનો ઝોક રહેતો, હવે ઇંદ્રિયોના સદુપયોગ તરફ ઝોક રહે છે. તેથી શ્રોત્રેન્દ્રિયને તત્ત્વોનું સાંભળવાની બણજ રહે છે, 'ક્યાં જાઉં ? ક્યાં તત્ત્વશ્રવણ મળે ?' આ તત્ત્વ-શુશ્રૂષા અમુક જ સમયે હોય એમ નહિ, પણ સતત કાયમ રહ્યા કરે.

શુશ્રૂષા પાતાળ-કૂવાની સેર

(ટીકા) इयं चैवम्भूतेत्याह--

(મૂલ) **बोधाम्भःस्रोतसश्चैषा,**
सिरातुल्या सतां मता ।

अभावेऽस्याः श्रुतं व्यर्थं-
मसिरावनिकूपवत् ॥५३॥

(ટીકા) बोधाम्भःस्रोतसो-बोधोदकप्रवाहस्य चैषा शुश्रूषा, सिरातुल्या-अवन्ध्याऽक्षयतद्बीजकल्पतया सतां मता-मुनीनामिष्टा। अभावेऽस्याः शुश्रूषायाः, किमित्याह श्रुतं व्यर्थं श्रमफलम् । किंवदित्याह असिरावनिकूपवत् असिरावनौ पृथिव्यां कूपखननं अतत्खननमेवाऽतत्फलत्वादिति ॥ ५३ ॥

(ટીકાર્થ-) આ (શુશ્રૂષા) આવા પ્રકારની હોય છે, તે કહે છે,-

(ગાથાર્થ-) બોધરૂપી પાણીની સેર-તુલ્ય આ શુશ્રૂષા મુનિઓને ઇષ્ટ છે. આ શુશ્રૂષાના અભાવમાં શ્રુત (સાંભળવું) વ્યર્થ છે, આયાસ માત્ર કરાવનારું છે. જેમ (પાણીની) સેર વિનાની પૃથ્વીમાં કૂવો ખોદવો (એ) કૂવો નહિ ખોદવા બરાબર છે, કેમકે (પાણી નીકળવા રૂપી) ફળવાળું નથી.

વિવેચન :-

હવે આ તત્ત્વશુશ્રૂષા સતત કાયમ હોય તે શેની જેમ? એ બતાવવા પાતાળ-સેરવાળા કૂવાનું દૃષ્ટાન્ત કહે છે.

પાતાલસેર જેવી શુશ્રૂષા :-

જમીનની અંદરમાં નીચે પાતાળમાં કેટલીક જગાએ પાણીની સેર વહેતી હોય છે. હવે જાણકારના માર્ગદર્શનથી જમીનમાં ચોકસ જગાએ કૂવો ખોદ્યો હોય, તો અંદરમાં ઊંડાણમાં પાણીની પાતાળસેર મળે છે, ને એ સેરમાંથી સતત પાણી વહ્યું આવતું હોવાથી કૂવામાં પાણી ભર્યું ભર્યું રહે છે. એમ અહીં પાણીના સ્થાને બોધ છે, અને સેરના સ્થાને શુશ્રૂષા છે. એ શુશ્રૂષારૂપી સેર હૈયે સતત વહેતી હોય તો એમાંથી બોધજળ સતત વહ્યું આવે છે. શુશ્રૂષા જીવનભર રહ્યા કરે, અને બોધ જીવનભર મળ્યા કરે.

ત્યારે જો જમીનમાં સેર કયાં છે એ જાણકારી નહોતી અને જ્યાં ત્યાં કૂવો તો ખોદ્યો, પરંતુ અંદરમાં પાણીની સેર ન મળી, તો કૂવો ખોદ્યો ન ખોદ્યા બરાબર છે, કૂવો ખોદવાની ક્રિયા શ્રમમાત્ર બની! કહો કે મહેનત માથે પડી; કેમકે કૂવો ખોદવાનું પ્રયોજન પાણી મેળવવાનું હતું તે સિદ્ધ ન થયું. એવા પાણી વિનાના કૂવાને લોક પણ નકામો જ ગણે છે.

એમ અહીં જેને શુશ્રૂષા અર્થાત્ તત્ત્વ જાણવા-સાંભળવાની તત્પરતા નથી, કશી તાલાવેલી નથી, એને તત્ત્વ સંભળાવ્યું, તો તેથી એને તત્ત્વબોધ નહિ થાય. એટલે એની શ્રવણક્રિયા એ આયાસમાત્ર થઈ, શ્રમમાત્ર બનીને નિષ્ફળ મહેનત થઈ.

સારાંશ, શુશ્રૂષા પાતાલસેરની માફક અવન્ધ્ય બીજ સમાન છે. બીજ 'અવન્ધ્ય' એટલે વન્ધ્ય નહિ નિષ્ફળ નહિ, પણ અવશ્ય ફળ-પાક પેદા કરનારું. શુશ્રૂષાનું ફળ શ્રવણ દ્વારા તત્ત્વબોધ થાય એ છે. વળી એ બીજ અક્ષય છે અર્થાત્ ક્ષય નહિ પામનારું, પરંતુ અવિનાશી એટલે કે કાયમ ઊભું રહેનારું છે. પાતાલસેર અક્ષય હોય છે ને? એવી સેર સતત વહ્યા જ કરનારી, તેથી સતત પાણી મળ્યા જ કરે. એમ આ અક્ષય શુશ્રૂષા અવિનાશી બીજ જેવી, જેમાંથી સતત ફળપાકરૂપે તત્ત્વબોધ મળ્યા જ કરે.

શુશ્રૂષા સતત કેમ ચાલે?

આ તત્ત્વ સાંભળવાની ઇચ્છા-શુશ્રૂષા સતત કયારે ચાલે? પહેલી યોગદૃષ્ટિથી આત્મામાં હિતવિકાસ અને વિશુદ્ધિ વધારતા અવાય, અને એ હિતકર તત્ત્વોની સાચી જિજ્ઞાસા થાય ત્યારે. ઓઘદૃષ્ટિમાં જિજ્ઞાસાઓ ઘણી હતી, પરંતુ તે જડ પદાર્થોની, આત્મહિતકર તત્ત્વોની નહિ.

કેમ જાણે જીવનમાં એની કશી જરૂર જ નહોતી લાગતી ! આજે પણ એવા માણસો છે કે એમને ખાધાપીધા વિના નથી ચાલતું, પૈસા વિના નથી ચાલતું, સગાસ્નેહીને સંભાળ્યા વિના નથી ચાલતું, દુનિયાભરનું જાણ્યા વિના નથી ચાલતું, માત્ર તત્ત્વ જાણ્યા વિના ચાલે છે ! કેવી દુર્દશા ! જેનાથી આગામી ભવોભવ સુધરી જાય, એવી તારણહાર તત્ત્વ-શુશ્રૂષાની યાને તત્ત્વ જાણવા-સાંભળવા-સમજવાની કશી તાલાવેલી નથી ! એ આત્માની એવી અશુદ્ધિ સૂચવે છે, યોગદૃષ્ટિના બોધનો અભાવ સૂચવે છે.

તત્ત્વશુશ્રૂષા ન હોય, પછી કોઈની લાજશરમે મુનિ મહારાજના વ્યાખ્યાનમાં ગયો હોય, ત્યાં શ્રવણ કેવું કરે ? અંતરમાં તત્ત્વ સાંભળવાની ભૂખ જ નથી એટલે એમ દેખાય ખરું કે સાંભળે છે, પરંતુ મન કયાંય રખડતું હોય; એટલે વ્યાખ્યાનમાં કહેવાતું કશું ધ્યાનમાં લે નહિ.

શુશ્રૂષા વિનાનું રાજાનું કથાશ્રવણ :-

આવું તત્ત્વ સાંભળવા-સમજવાની તત્પરતા વિનાનું શ્રવણ, રાજાનું નિદ્રા લાવવા માટે કરાતા કથા-વાર્તાના શ્રવણ જેવું છે. રાજાને ઊંઘ ન આવતી હોય એટલે કોઈને કથા કહેવા બેસાડે, ને પોતે સૂતો સૂતો સાંભળે; પરંતુ કહી રાખ્યું હોય કે મને ઊંઘ આવી જાય એટલે કથા કહેવાનું બંધ કરવું. આમાં કથા સાંભળવાની તાલાવેલી નથી, કથાની શુશ્રૂષા નથી, તો પછી કેમ સાંભળે છે ? કહો, ઊંઘ લાવવા માટે સાંભળે છે. એમ તત્ત્વશુશ્રૂષા વિનાનો માણસ વ્યાખ્યાન કેમ સાંભળે છે ? કહો શરમ ન તોડવા, યા ધર્મી તરીકેની છાયા પોષવા, કે પોતે ગામનો આગેવાન છે તો મહારાજને સારું લગાડવા માટે વ્યાખ્યાનમાં આવે છે ને સાંભળે છે. આવું તત્ત્વશુશ્રૂષા વિનાનું શ્રવણ એ પાણીની પાતાલસેર વિનાના કૂવા જેવું છે. કેવો પામર ! તત્ત્વનું શ્રવણ કરે કરે, ને પામે કશું નહિ ! આત્મામાં તેવી નિર્મળતા ન આવી હોય, મોહની મલિનતા ભરી પડી હોય, એટલે બિચારો શું કરે ? તત્ત્વની જિજ્ઞાસા ય નહિ, ને શુશ્રૂષા ય નહિ.

તત્ત્વ-શુશ્રૂષાનો પ્રભાવ

(ટીકા) इहैव व्यतिरेकमाह-

(મૂલ) **श्रुताभावेऽपि भावेऽस्याः,**
शुभभावप्रवृत्तितः ।
फलं कर्मक्षयाख्यं स्यात्,
परबोधनिबन्धनम् ॥५४॥

'श्रुताभावेऽपि'-श्रवणाभावेऽपि, 'भावेऽस्याः-' शुश्रूषायाः, किमित्याह 'शुभभावप्रवृत्तितः-' तद्भावस्यैव शुभत्वात् 'फलं कर्मक्षयाख्यं स्यात्-' वचनप्रामाण्येन । एतच्च 'परबोधनिबन्धनं' प्रधानबोधकारणं वचन-प्रामाण्यादेव ॥५४॥

(ટીકાર્થ)-અહીંજ આનો પ્રતિપક્ષ બતાવે છે,-

(ગાથાર્થ)-શ્રવણ ન હોય તો પણ શુશ્રૂષાના હોવામાં શુભ ભાવની પ્રવૃત્તિ હોવાથી કર્મક્ષય નામનું ફળ થાય છે, (જે) પ્રધાન બોધનું કારણ (બને છે.)

(ટીકાર્થ)-'શ્રુતાભાવેપિ' અર્થાત્ (ગુરુ ન મળવાથી) શ્રવણ ન મળ્યું હોય તો શુશ્રૂષાના હોવામાં શું ? તો કે એ શુભ ભાવની પ્રવૃત્તિ છે; કેમકે શુશ્રૂષાનો ભાવ પોતે જ શુભ છે, તેથી કર્મક્ષયરૂપી ફળ આવે છે. કારણ, એમાં આગમ પ્રમાણ છે; શુશ્રૂષા એ પ્રધાન બોધનું કારણ બને છે, એમાં આગમ પ્રમાણ છે.

વિવેચન :-

પ્ર૦-શુશ્રૂષાનું ફળ શ્રવણ દ્વારા બોધ થવાનું

કહો છો પરંતુ (૧) ગુરુના અભાવે શ્રવણ ન મળે તો તો શુશ્રૂષા નિષ્ફળ જ ગઈ ને ? વળી (૨) શ્રવણ ન મળવાનું હોય ત્યાં શુશ્રૂષા સતત ચાલુ રાખવાનો અર્થ પણ શો ? ને (૩) જો એ એમ સતત ચાલુ ન રાખવાની હોય, તો શુશ્રૂષા પાતાલસેરની માફક સતત વહેતી ક્યાં રહી ?

ઉ૦–આના ખુલાસા આ પ્રમાણે છે,–

(૧) સંયોગવશાત્ શ્રવણ ન મળે તો પણ શુશ્રૂષા એ શુભભાવની પ્રવૃત્તિ હોવાથી એનું ફળ કર્મક્ષય છે; તે એવો વિશિષ્ટ જ્ઞાનાવરણાદિ કર્મોનો જે ક્ષય અર્થાત્ ક્ષયોપશમ થાય, એ પ્રધાન બોધનું કારણ પણ છે; તેથી કર્મક્ષય અને પ્રધાનબોધ આ બે ફળ હોવાને લીધે કહેવાય કે શુશ્રૂષા નિષ્ફળ નથી જતી. એટલે હૃદયમાં એને સતત વહેતી રાખવી જોઈએ.

શુશ્રૂષાથી ૧૫૦૦ તાપસ તર્યા :–

જુઓ અષ્ટાપદજી પર ગણધર ભગવાન ગાતમસ્વામીજી મહારાજ પોતાની લબ્ધિના બળે સૂર્યનાં કિરણ ઝાલી ચડી ગયા ! એ ચમત્કાર જોઈ ત્યાં પર્વતના ૮ પગથિયામાંથી ૧લા ૨જા ૩જા પગથિયે ૧–૨–૩ ઉપવાસનો તપ તપી રહેલા ૧૫૦૦ તાપસોએ નીચે ઊતરતા ગૌતમસ્વામીજીના પગ પકડ્યા, વિનવે છે,– 'પ્રભુ ! તમે વિદ્યામંત્રવાળા છો, અમને ઉપર કૈલાસનાથનાં દર્શન કરાવો.'

ગાતમ મહારાજ પૂછે, "પહેલાં એ કહો,–

તમારે મૌન કૈલાસનાથનાં દર્શન કરવા છે ? કે બોલતા કૈલાસનાથનાં દર્શન કરવા છે ?

ઉપર તો કૈલાસનાથ મૌન અને સ્થિર બેઠેલા છે, ત્યારે બોલતા કૈલાસનાથ તો આપણને મોક્ષ–માર્ગના તત્ત્વ સંભળાવે, ને આપણા સંશયોનું નિરાકરણ કરી આપે."

તાપસો કહે "તો શું એવા કૈલાસનાથ આ જગત પર હયાત છે ?"

ગૌતમસ્વામી મહારાજે ત્યાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના અરિહંત–સ્વરૂપનું, ભગવાનના ૩૪ અતિશયોનું, સમવસરણનું, ભગવાનના વાણીના અતિશયોનું ... વગેરે વગેરે એવું વર્ણન કર્યું કે તાપસો સ્તબ્ધ થઈ ગયા ! એમના હૈયામાં ઊલટ જાગી કે 'ક્યારે આ બોલતા-ચાલતા કૈલાસનાથનાં દર્શન વંદન કરી એમની પાસે તત્ત્વ સાંભળીને પાવન થઈએ !' આ તત્ત્વ સાંભળવાની ઇચ્છા યાને તત્ત્વ–શુશ્રૂષા કેટલી બધી પ્રબળ કે એ ગૌતમ સ્વામીજીને કહે 'અમને હમણાંજ એમની પાસે લઈ ચાલો.'

ગૌતમ મહારાજ કહે 'આવા પાપવેશથી ન જવાય. સાધુવેશમાં લઈ જાઉં.'

પેલા કહે 'તો અમને હમણાં જ સાધુ બનાવી લઈ ચાલો.' એમના માથે કેશની જટાજૂંડ હતી, દાઢી મૂછના વાળ પણ વધી ગયેલા, ગૌતમ મહારાજે એનાં લોચ કરાવી નાખ્યા, સર્વવિરતિ સામાયિક પાંચ મહાવ્રત વગેરે સાધુ-ધર્મ સાધુજીવન સમજાવી દીક્ષા આપી, ખીરનું પારણું વહોરી લાવી 'અક્ષીણ-મહાનસ' લબ્ધિથી એનાથી સૌના પાત્રમાં ખીર ભરી દઈ પારણું કરવા બેસાડ્યા !

અહીં તાપસોને તત્ત્વ-શુશ્રૂષાની આગ કેવીક જાગી છે ! એ જુઓ. ૫૦૦ તાપસો તો તત્ત્વ-શુશ્રૂષા પરના ચિંતનમાં ઠેઠ અનાસક્ત યોગ પર ચડી ગયા ! તે ખીર ખાતાં ખાતાં કેવળજ્ઞાન પામી ગયા ! બીજા પાંચસો દૂરથી પ્રભુનું સમવસરણ અને એના પર પ્રભુને જોતાં ! અને ત્રીજા પાંચસો સમવસરણના પહેલે પગથિયે પ્રભુની મધુર વાણીનો ધ્વનિ સાંભળતાં તત્ત્વ-શુશ્રૂષા પરના ચિંતનમાં અનાસક્તયોગ પર ચડી કેવળજ્ઞાન પામી ગયા ! પૂછો,–

આમાં શું ચિંતવ્યું હશે ? આવું જ

કાંઇક,– 'ચાલો હવે જીવંત કૈલાસનાથ મળવાના, તેથી એમની પાસે કેવી સુંદર તત્ત્વવાણી સાંભળવા મળશે ! અને તત્ત્વ સાંભળી તત્ત્વબોધ મળ્યો એટલે તો આંતરક્ષેત્ર ખુલ્લું થઇ ગયું. પછી આત્માથી ભિન્ન બહારનાની સાથે આપણે શો સંબંધ ?' આવું ચિંતવતાં અનાસક્ત ભાવમાં ચડી ગયા હોય એ સહજ છે. પછી કેવળજ્ઞાન થતાં શી વાર ?

પ્ર૦–કેવળજ્ઞાન તો શુકલધ્યાન પર મળે, ને શુકૂલધ્યાન ચૌદ પૂર્વગત પદાર્થનાં ચિંતન પર આવે, તો અહીં તાપસો એવા ઉચ્ચ જ્ઞાન વિના શી રીતે શુકૂલધ્યાન પામ્યા ?

ઉ૦–એ જ તત્ત્વશુશ્રૂષાનો પ્રભાવ છે કે શ્રવણ ન મળે તો પણ એનાથી જ્ઞાનાવરણ-દર્શનાવરણ-મોહનીય કર્મનો એવો ક્ષય-ક્ષયોપશમ થાય છે કે એનાથી જ્ઞાન સ્ફુરી ઊઠે. મરુદેવામાતા, ભરતચક્રવર્તી વગેરેનું શું બનેલું ? એમને કશું પૂર્વોનું જ્ઞાન નહોતું, પરંતુ શુકૂલધ્યાન એમને અવશ્ય આવેલું. તો જ એ કેવળજ્ઞાન પામી ગયેલા ! ને શુકૂલધ્યાન પૂર્વગત પદાર્થોના બોધ વિના આવે નહિ; તેથી માનવું જ પડે કે તાપસોને તત્ત્વશુશ્રૂષાના શુભ ભાવથી કર્મક્ષય થયો, અર્થાત્ તત્ત્વશુશ્રૂષારૂપી અગ્નિથી એવા શ્રુતજ્ઞાનાવરણ કર્મો એમણે બાળી નાખ્યા કે એમને ચૌદપૂર્વકથિત પદાર્થોનો બોધ થઈ ગયો ! તે એના પર શુકૂલધ્યાન લાગ્યું !

અહીં સમજી રાખવાનું છે કે પ્રબળ ધર્મધ્યાન વિના શુકૂલધ્યાન આવે નહિ; કેમકે ધર્મધ્યાનથી મન શુભમાં સ્થૂલપણે સ્થિર થાય, પછી એમાં આગળ વધતાં મન શુભમાં સૂક્ષ્મપણે સ્થિર થાય. અથવા કહો, પહેલાં સ્થૂલ પદાર્થમાં સ્થિર થાય, પછી સૂક્ષ્મમાં સ્થિર થાય; ને સૂક્ષ્મમાં મન સ્થિર એજ શુકૂલધ્યાન છે.

તીવ્ર ધર્મધ્યાનથી શ્રુતજ્ઞાનાવરણ કર્મોનો નાશ :–

પ્રબળ ધર્મધ્યાન એટલે જેમાં વચ્ચે વચ્ચે તીવ્ર આર્તધ્યાનની દખલો ન હોય. ત્યારે તીવ્ર તત્ત્વશુશ્રૂષા તત્ત્વ સાંભળવાની તીવ્ર ઇચ્છા-તમન્ના વગેરે શુભ ભાવો એવું પ્રબળ ધર્મધ્યાન લાવે છે કે આર્તધ્યાનમાં મન લગભગ ન જાય. કોહિનૂર હીરા મળ્યા હોય પછી કાચના ટૂકડામાં કોણ મન ઘાલે ? એમ તાત્વિક પદાર્થના શુભ ચિંતન મળ્યા હોય ત્યાં આર્તધ્યાનમાં મન કોણ ઘાલે ? આર્તધ્યાનનાં રોદણાં શા રડવાં ?

પ્રબળ ધર્મધ્યાનમાં આ તાકાત છે કે શ્રુતજ્ઞાન વગેરેનાં આવરણો તોડી નાખે ! અને ઠેઠ ૧૪ 'પૂર્વ' શાસ્ત્ર સુધીના પદાર્થોનો બોધ પ્રગટ કરી દે ! ગણધરોને તીર્થંકર પ્રભુના શ્રીમુખે 'ત્રિપદી' યાને માત્ર ત્રણ પદ સાંભળવા મળે છે, ને એમનાં શ્રુતજ્ઞાનાવરણ તૂટીને ૧૪ પૂર્વોના પદાર્થનો બોધ પ્રગટ થઈ જાય છે ! ને એના પર સૂત્રો રચી કાઢે છે ! ત્યાં પણ ત્રણ પદના અર્થ પર મન કેન્દ્રિત થઈ જાય છે, એ પ્રબળ ધર્મધ્યાન જ છે. પ્રબળ ધર્મધ્યાનથી જંગી શ્રુતજ્ઞાનાવરણ કર્મો તૂટીને ૧૪ પૂર્વોનો પદાર્થ-પ્રકાશ ઝગમગી ઊઠે છે. ફરક એટલો કે ગણધર મહારાજોને પૂર્વોનો સૂત્રથી પણ બોધ પ્રગટ થઈ જાય છે, ત્યારે આવા મરુદેવા માતા ભરતચક્રવર્તી જેવાને પૂર્વોનો માત્ર અર્થથી બોધ પ્રગટી ઊઠે છે ! ને એ સ્ફુરી ઊઠેલા પૂર્વગત પદાર્થ પર શુકલધ્યાન લાગે છે ! જેથી પછી તરત ક્ષપકશ્રેણિ, વીતરાગતા, અને કેવળજ્ઞાન પ્રગટી જાય છે ! પૂર્વગત સૂક્ષ્મ પદાર્થનાં ચિંતન વિના શુકલધ્યાન આવે નહિ, તે વિના કેવળજ્ઞાન થાય નહિ. માટે મરુદેવા માતા જેવાને કેવળજ્ઞાન આવ્યું તે શુકલધ્યાન પર, અને એ ધ્યાન આવ્યું તે પૂર્વગત સૂક્ષ્મ પદાર્થના ચિંતન પર. ભલે સૂત્ર નથી આવડતા, પરંતુ સૂત્રોનો પદાર્થ મનમાં જળહળી ઊઠ્યો; ને તે પ્રબળ શુભ ધર્મધ્યાન છે.

મૂળ પાયામાં, પ્રબળ ધર્મધ્યાન આવવું

જોઈએ; ને એ આવે શુભ ભાવ પર ને શુભ ભાવના પર.

તત્ત્વશુશ્રૂષા યાને તત્ત્વ સાંભળવાની તીવ્ર અભિલાષા એ પણ એક શુભ ભાવ છે. પૈસા મેળવવાની તૃષ્ણા, વિષયો ભોગવવાની લાલસા, કોઇને દબાવવાની ઇચ્છા, બીજાને હાનિ પહોંચાડવા....વગેરેની ઇચ્છા, એ અશુભ ભાવ છે. એની સામે ભગવાનની ભક્તિ કરવાની અભિલાષા, ગુરુની સેવા કરવાની અભિલાષા, દયાદિ ધર્મ સાધવાની અભિલાષા, એ જેમ એક શુભ ભાવ છે, તેમ ઇષ્ટ દુન્યવી ધનમાલ પરિવાર વગેરેનું મનગમતું સાંભળવાની ઇચ્છા, 'કોણ કેટલું કમાયા? કેવા સુખસાધન વસાવ્યા?'...વગેરે, 'દુનિયાના બજાર કેમ ચાલે છે?....' વગેરે વગેરે સાંભળવાની ઇચ્છા એ અશુભ ભાવ છે. એની સામે ભગવાનનાં ચરિત્ર સાંભળવાની ને તત્ત્વ સાંભળવાની ઇચ્છા એ શુભ ભાવ છે. ત્યારે હજી તત્ત્વ–શ્રવણ તો કરતો નથી, ગામડામાં પડયો હોય, વ્યાખ્યાન તત્ત્વ-શ્રવણ ન મળે, અગર શહેરમાં હોય પણ આજીવિકાની લોથમાં વ્યાખ્યાને ન જઈ શકવાથી તત્ત્વ-શ્રવણ ન પામી શકતો હોય, છતાં દિલમાં જો તત્ત્વશુશ્રૂષા છે, તત્ત્વ-શ્રવણની તાલાવેલી છે, તો એટલો ભાવ પણ એક મહાન શુભ ભાવ છે; કેમકે દિલનો ઝુકાવ અરિહંત પ્રભુ તરફ થઇને એમની વાણી સાંભળવાની તમન્ના જાગી! અરિહંત તરફ ઝુકાવ મામુલી ચીજ નથી, પણ અદ્ભુત સંપત્તિ છે.

'શુભભાવ પ્રવૃત્તિતઃ ફલં કર્મક્ષયાખ્યં-સ્યાત્'

'શુભ ભાવની પ્રવૃત્તિથી 'કર્મક્ષય' નામનું ફળ થાય.'

કેવું સુંદર સૂત્ર! જીવ જો અશુભ ભાવોથી પાપકર્મ બાંધે છે, તો શુભભાવથી કર્મનો ક્ષય કેમ ન થાય? આ ઉપરથી માનવ ભવની અનેરી વિશેષતા ખ્યાલમાં આવે એવી છે. અહીં મહાન પુણ્યોદયે જૈનકુળ મળ્યું, દેવાધિદેવ મળ્યા, ગુરુ મળ્યા, તો એથી કેવી સુંદર આત્માની કર્મની અને ધર્મની ઓળખ મળી! એમાં ગુરુ મહારાજે ખાસ આ સમજાવ્યું,–

જીવને હાલતાં ને ચાલતાં કર્મ બંધાય છે, ને કર્મ તૂટે છે. દિલમાં અશુભ ભાવ આવે તો પાપકર્મ બંધાય છે, ને શુભની સ્થિતિ તૂટે છે. શુભ ભાવ આવે તો એક બાજુ પુણ્ય કર્મ બંધાય, ને બીજી બાજુ અશુભ કર્મ તૂટે છે.

માનવ ભવની એક વિશિષ્ટ બક્ષીસ બુદ્ધ-શક્તિ છે. એ મળી છે તો,

એ બુદ્ધિ–શક્તિને અહીં કામે લગાડો. ચાલે ત્યાં સુધી કોઈપણ સમયે કોઈપણ સંયોગ–પરિસ્થિતિમાં મન ન બગડવા દેશો, મનમાં અશુભ ભાવ, કષાયના ભાવ, પાપના ભાવ ન લાવશો. સર્વ પ્રકારના સંયોગ–પરિસ્થિતિમાં અશુભ ભાવ રોકવા અને શુભ ભાવ કેમ કેવા થઇ શકે એની કૂનેહ એની આવડત વાપરવા તમન્ના જોઇએ, અને તે પ્રમાણે શુભ ભાવ કેળવવા જોઇએ. દા. ત. કોઇએ જાણી જોઇને આપણું કાર્ય બગાડ્યું, યા બહારમાં આપણી નિંદા કરી, ત્યાં શુભ ભાવ આ લવાય કે "સવ્વે જીવા કમ્મવસ,–એ સૂત્રાનુસાર આ જીવ બિચારો તેવા મોહનીય કર્મથી પીડાઈ રહ્યો છે! માટે આમ બોલે–ચાલે છે. પ્રભુ એને સદ્બુદ્ધિ આપો. બાકી મારે તો આથી મારાં અશુભકર્મ–કચરા ભોગવાઇને ઓછા થઈ રહ્યા છે, તે સારું છે.'

આમ વિચારી સામા જીવ પર ભાવદયાનો શુભ ભાવ રહે. પોતાના કર્મક્ષય થવા પર આનંદનો શુભ ભાવ રહે. શુભ ભાવથી પાપ-કર્મના ક્ષય થવાનો લાભ મળે.

પ્રસ્તુતમાં તત્ત્વશુશ્રૂષા રાખવા છતાં તત્ત્વ-શ્રવણનો યોગ ન મળવાથી તત્ત્વશ્રવણ થઈ શકતું

નથી, તો શું તત્ત્વશુશ્રૂષા નિષ્ફળ ગઈ? ના, જો તત્ત્વશુશ્રૂષા વર્તે છે, અર્થાત્ દિલમાં તત્ત્વ-શ્રવણની ઝંખના બની રહે છે, તો એ મહાન શુભ ભાવ પ્રવર્તી રહ્યો છે, ને એનું ઈનામ તત્કાલ કર્મક્ષય લેતા જાઓ.

પ્ર૦–તત્ત્વશુશ્રૂષા કેમ બની રહે?

આનો ઉત્તર આ, કે તત્ત્વને જો બરેબરા કિંમતી સમજીએ, તત્ત્વબોધને જો આ ઉત્તમ ભવની એક ઉત્તમ કમાઈ સમજીએ, તો એ જાણવા-સાંભળવા-સમજવાની લગન રહે. આ લગન જો જોરદાર રહે તો મોહના કિલ્લા ખિન-સલામત બને! પરંતુ તત્ત્વ-શ્રવણની ઈચ્છા જ ન હોય, તો પછી તત્ત્વનું અજ્ઞાન ટળવાનું નહિ, ને મોહનો કિલ્લો સલામત રહેવાનો! મોહના કિલ્લામાં કેદ પૂરાયા રહેવું પડે! કેમકે મોહ જાણે સમજે છે કે 'આ મૂર્ખ જીવને તત્ત્વનો બોધ નથી, બોધની ઈચ્છાય નથી, તેથી એ ક્યાં જવાનો છે? આપણા હાથમાં જ પકડાયો રહેવાનો. કદાચ ક્યારેક મંદિર ઉપા-શ્રયે જશે તોય મને (મોહને) દિલમાં અકબંધ રાખીને જશે! ત્યાં પછી ધર્મરાજાની શી મજાલ છે કે એના દિલને ફેરવી શકે?'

જેના દિલમાં મોહ પાકા પાયે છે એને દુનિયાનું બધું ગમે છે, બધું સાંભળવું ગમે છે, માત્ર તત્ત્વનું જ સાંભળવું નથી ગમતું! એ મિથ્યાત્વીને ન ગમે, એને તત્ત્વ બેકાર લાગે છે, અને દુનિયા તથા દુન્યવી વિષયો સારભૂત લાગે છે!

જેને તત્ત્વ ગમે, એને તત્ત્વ સારભૂત લાગે અને વિષયો બેકાર લાગે એ જ સમ્યક્ત્વનો અધિકારી છે.

દુન્યવી વિષયોનો રાગ હટાવવા તત્ત્વશુશ્રૂષા:-

રાગનાશનો એક અદ્ભુત ઉપાય છે શ્રવણ ન મળી શકે તો પણ તત્ત્વશુશ્રૂષા રાખો. એ એક શુભ ભાવ હોવાથી એનાથી કર્મક્ષયનો લાભ થાય છે. એમાં પ્રમાણ શું? પ્રમાણ ભગવાનનું વચન પ્રમાણ, આગમ પ્રમાણ. એમ તત્ત્વશુશ્રૂષા એ પ્રધાન બોધનું કારણ છે એમાં પણ આગમ પ્રમાણ છે. ભગવાનનું વચન પ્રમાણ છે. જિન-વચન કહે છે, 'શ્રવણ વિનાની પણ તત્ત્વશુશ્રૂષા કર્મક્ષય અને પ્રધાન બોધનું કારણ છે' તત્ત્વશુશ્રૂષાનો એટલો બધો મહિમા કેમ? કહો, એ ક્યારે થાય? તત્ત્વનો અત્યંત પક્ષપાત ઊભો થાય ત્યારે; ને આ જગતમાં તત્ત્વનો પક્ષપાત આવે એ દુર્લભ ચીજ છે, બહુ કિંમતી ચીજ છે. જીવ અનંતા-નંત ભવોમાં ભટક્યો કેમ?

તત્ત્વનો પક્ષપાત જ નહિ, અતત્ત્વનો જ પક્ષપાત, એ દીર્ઘ ભવભ્રમણનું કારણ છે.

તત્ત્વનો અત્યંત પક્ષપાત ચાલે, ત્યાં દેવ-તાઈ સમૃદ્ધિ પણ કૂછ નહિ લાગે. કેમ? દિવ્ય સમૃદ્ધિ પૂરી થયા પછી ઘોર અંધારું છે. તત્ત્વના પક્ષપાત પછી ફાગ અજવાળું થવાનું છે. કેમકે તત્ત્વના પક્ષપાતવાળાને તત્ત્વ સાંભળવાની ઉત્કટ ઈચ્છા રહે, તત્ત્વશુશ્રૂષા રહે. એનાથી પ્રધાનબોધ આવે છે.

તત્ત્વશુશ્રૂષા નથી, તત્ત્વનો પક્ષપાત નથી, એ તત્ત્વથી પરાઙ્મુખ રહે છે, અને જડપુદ્ગલની સન્મુખ રહે છે.

તત્ત્વપરાઙ્મુખ હોય એનામાં પુદ્ગલ તરફ જ ઝુકાવ હોય. એનામાં આધ્યાત્મિક ભાવો ન આવે; તે વિના સંસારયાત્રા ટૂંકી ન થાય.

અહીં માર્કાની વાત આ કહી કે તત્ત્વ-શુશ્રૂષા રાખ્યા કરવી એ શુભ ભાવની પ્રવૃત્તિ છે. આમાં મોંઘુ શું? કઠીન શું? એક પૈસાનો ખર્ચ નહિ, કાયાને કશું કષ્ટ નહિ; છતાં સતત કિંમતી શુભ ભાવનો લાભ મળે! એથી કર્મક્ષય થાય, અને એ પ્રધાન-બોધનું કારણ બને.

બોધ બે જાતના (૧) ગૌણ અને (૨) પ્રધાન. ગૌણબોધ એટલે નામનો જ્ઞાન પ્રકાશ, પણ શુભ-

ભાવવાળો નહિ; માટે જ તારનારો નહિ. અભવી જેવો જીવ પણ અવસર આવ્યે ચારિત્ર લઈ લે, ગુરુને પોતાના અભવ્યત્વની ખબર ન પડવા દે, તેથી ગુરુ સારો જીવ જાણી ભણાવી આગળ વધારે, તે ઠેઠ નવપૂર્વ સુધીનું ભણી કાઢે! શું બોધ ન થયો? થયો, પણ ગૌણ બોધ, દ્રવ્યબોધ થયો; પ્રધાન બોધ યાને ભાવબોધ નહિ. માષ-તુષ મુનિ બહુ થોડું ભણેલા હતા, પરંતુ પ્રધાન બોધવાળા હતા, તો અલ્પ બોધમાંથી કેવળ-જ્ઞાન સુધી પહોંચી ગયા! પરંપરાએ કેવળજ્ઞાન સુધી પહોંચાડે તે બોધ પ્રધાનબોધ કહેવાય. રાજાના નિદ્રા લાવવા માટે કથા સાંભળવાના રસ જેવો નહિ, કિન્તુ આત્મહિતાર્થે તત્ત્વ સાંભળવાનો રસ હોય તો તે પ્રધાન બોધનું કારણ બને.

'क्षेप' दोषनो त्याग

टीका–योगेऽक्षेपगुणमाह–

(मूल) शुभयोगसमारम्भे,
न क्षेपोऽस्यां कदाचन।
उपायकौशलं चापि,
चारु तद्विषयं भवेत् ॥ ५५ ॥

'शुभयोगसमारम्भे' – तथाविधध्यानादौ, 'न क्षेपो'ऽस्यामधिकृतदृष्टौ सत्यां, कदाचन भवति। 'उपायकौशलं चापि' तथाविधदेशाध्यासनादि, 'चारु' शोभनं तद्विषयं-शुभयोगसमारम्भविषयं भवेदिति ॥ ५५ ॥

યોગમાં 'અક્ષેપ' ગુણ કહે છે, –

(ગાથાર્થ–) આ દૃષ્ટિમાં શુભ યોગના પ્રારંભમાં કયારેય કાલક્ષેપ (કે વિક્ષેપ) થતો નથી, તેમજ શુભ યોગના પ્રારંભ અંગેની ઉપાયની કુશળતા પણ સુંદર રહે છે.

(ટીકાર્થ–) શુભ યોગના અર્થાત્ તેવા પ્રકારના ધ્યાનાદિના પ્રારંભમાં 'અસ્યાં' એટલે કે પ્રસ્તુત દૃષ્ટિમાં 'ક્ષેપ' કાલક્ષેપ અથવા વિક્ષેપ કયારેય હોતો નથી; તેમજ 'તદ્વિષય' શુભયોગ–પ્રારંભ અંગેના 'ઉપાય-કૌશલ' અર્થાત્ (યોગસાધનાર્થે) તેવા પ્રકારના દેશમાં બેસવું.... વગેરે સાધનની કુશળતા સુંદર હોય છે.

વિવેચન :–

ત્રીજી 'બલા' નામની દૃષ્ટિમાં 'શુશ્રૂષા' ગુણની જેમ 'અક્ષેપ' ગુણ અર્થાત્ 'ક્ષેપ' દોષનો ત્યાગ હોય છે. પહેલી બે દૃષ્ટિમાં ખેદ-ઉદ્વેગ દોષનો ત્યાગ થયેલો, અહીં 'ક્ષેપ' અર્થાત્ (૧) કાલક્ષેપ યાને વિલંબ દોષનો, અથવા (૨) વિક્ષેપ દોષનો ત્યાગ હોય છે.

(૧) ક્ષેપ–કાલક્ષેપનો ત્યાગ.

દેવદર્શન–ચૈત્યવંદનાદિ યોગસાધના કરતાં પહેલાં કંટાળો નહિ કે 'આ કયાં કરવાની આવી?' એ ખેદદોષનો ત્યાગ પહેલી મિત્રાદૃષ્ટિમાં કર્યો. ત્યાં ખેદ વિના ઉત્સાહથી પ્રવૃત્તિ કરે; પણ પ્રવૃત્તિ ચાલુ કર્યા પછી સંભવ છે 'આમાં સમય વધુ લાગી જાય છે' એમ ઉદ્વેગ આવે, અથવા કાંઈક પીડા ઊભી થવાથી 'આ કયાં સુધી ચાલશે?' એમ ઉદ્વેગ આવી જાય. પણ બીજી તારાદૃષ્ટિમાં આ ઉદ્વેગદોષનો ત્યાગ કરાય છે. એટલે યોગ-પ્રવૃત્તિ શરુ કરી તેય ખેદ વિના ઉત્સાહથી કરી, ને પાર પાડી તે પણ ઉદ્વેગ વિના ઉત્સાહથી પાર પાડી.

પરંતુ જીવમાં એક ખામી એવી છે કે રસમય દુન્યવી પ્રવૃત્તિ કરવાની હશે, તો તે વિલંબ કર્યા વિના તરતજ કરશે! પરંતુ દેવ-દર્શનાદિ ધર્મસાધનાની પ્રવૃત્તિમાં કયારેક કયારેક વિલંબ પણ કરી નાખશે. શું એ કરવામાં ખેદ-ઉદ્વેગ છે? ના, જીવનમાં એ કર્તવ્ય તો માન્યું છે, એટલે કરવાનું મન તો છે જ; પરંતુ મન એવું બની ગયું છે કે 'होता है चलता है' નો ઘાટ છે, 'કરીએ છીએ, શી ઉતાવળ છે?

જરા થોડીવાર પછી કરીએ તો શું બગડી ગયું ?' મન આવું ઢીલું બની ગયું હોવાથી ધર્મ-સાધના કરવામાં ઢીલ થઈ જાય છે.

ઢીલ-વિલંબ એ પણ ક્રિયાનો એક દોષ છે.

ખૂબી એવી છે કે સંસારની રસભરી ક્રિયામાં એવી ઢીલ નથી થતી. કોઇની પાસેથી પૈસા લાવવાના હશે તો વાણિયો ઢીલ નહિ કરે, તરત લઈ આવશે; પરંતુ ધર્મખાતામાં દેવાની વાત હશે તો 'કાલે દઈશું, પરમે દઈશું' એમ એના મનને થાય છે ! આજે ગામેગામ દેખાય છે ને કે બોલીના પૈસા કેવી ઢીલથી ચુકવાય છે ? રાતના માળા ગણવાની રાખી હોય, પરંતુ કોઈ હરિનો લાલ વાતોડિયો આવી ગયો તો મનને થશે 'માળા ગણવાની શી ઉતાવળ છે? પછી ગણીશું.' એમાં એને બબર નથી કે આમ

ધર્મસાધનામાં ઢીલ-વિલંબ કરવામાં તું ધર્મસાધનાનો રસ ઓછો કરી રહ્યો છું, પછી ભલે માળા ફેરવ્યા વિના નહિ રહે, પરંતુ તે મંદરસથી ફેરવશે ! એમાં ભાવ કયા ઊંચા આવવાના ? વાતો તરત કરી લેવી છે ! અને માળા વિલંબે ગણવી છે ! એમાં ધર્મના ભોગે પ્રમાદ પોષવાનું થઈ રહ્યું છે.

વાતોચીતો કુશલી એ પ્રમાદ છે. એમાં આત્માને કશો લાભ નહિ, ઊલટું રાગદ્વેષ પોષાવાનું નુકસાન છે.

ત્યારે ધર્મ સાધવાનો લઇને બેસે તો ધર્મ પર, દેવાધિદેવ પર બહુમાન પોષાય.

ત્રીજી બલાદૃષ્ટિ આત્માનો આ વિકાસ માગે છે કે ' યોગસમારંભે ન ક્ષેપઃ કદાચન' ધર્મ-સાધના કરવામાં કયારેય વિલંબ ન થાય. પહેલી બે દૃષ્ટિમાંથી પસાર થતાં એવી આત્મ-વિશુદ્ધિ વધી છે કે ધર્મનો જે રસ જાગ્યો છે, તે ધર્મ સાધવામાં એને વિલંબ નથી કરવા દેતો. કહે છે ને કે 'તરત દાન ને મહાપુણ્ય !' દાનનો અવસર આવ્યો ને જો તરત દાન કરો, તો એ ઊંચા રસથી દાન કર્યું', -ને એથી મહા-પુણ્ય મળે. જો વિલંબથી દાન કરો તો રસ મંદ પડી ગયો, મંદ રસથી કરેલ દાન ઊંચું પુણ્ય ન આપે.

(૧) ધર્મસાધનામાં જેટલો રસ વધારે, એટલું પુણ્ય ઊંચું બંધાય.

(૨) ધર્મનો ઊંચો રસ હોય ત્યાં ધર્મ સાધવામાં વિલંબ ન થાય, ધર્મ સમયસર થાય. ને

(૩) ધર્મમાં વિક્ષેપ ન પડે.

ભરત-બાહુબલિ કેમ ઊંચું પુણ્ય પામેલા ? કહો, પૂર્વ ભવે બંનેએ સાધુ મહાત્માઓની ભક્તિ-વૈયાવચ્ચ ઊંચા રસથી કરેલી. માટે તો ભક્તિ-વૈયાવચ્ચનાં કાર્ય વિલંબથી નહિ કરતા હોય, સમયસર કરતા હશે, તોજ એમાં ઉચ્ચ રસ જળવાઈ રહેતો. એથી પુણ્યાઈ કેવી ઊંચી પામ્યા ! કેવી પુણ્યાનુબંધી પુણ્યાઈ પામ્યા, કે એકને આરિસાભવનમાં કેવળજ્ઞાન ! ને બીજાને યુદ્ધભૂમિ પર કેવળજ્ઞાન ! પુણ્યાઈ પાપાનુબંધી હોત, યા મંદ પુણ્યાનુબંધવાળી હોત,તો એટલી અનુકૂળ દુન્યવી વૈભવાદિની સામગ્રીની વચ્ચે તીવ્ર વૈરાગ્ય અને ઉપર ઉપરના ગુણસ્થાનકની પરિણતિ જળહળી ઊઠી ન હોત.

ઠેઠ કેવળજ્ઞાને પહોંચાડે એટલી બધી ચડતી શુભ પરિણામની ધારા શાના પ્રતાપે ? કહો, પૂર્વ ભવે સાધના **તીવ્ર રસથી કરેલી.** ધર્મ તીવ્ર રસથી કરે, તો એમાં બીજા ત્રીજા વિચાર નહિ લાવે, તેમજ ધર્મમાં કાલક્ષેપ વિલંબ નહિ કરે. કોઈ સાધુ કહે 'મારું માથું દુઃખે છે' તો પોતાનું બધું કામ પડતું મૂકીને તરત એ સાધુનું માથું દબાવવા બેસી જાય; તો એ વૈયાવચ્ચ-ધર્મની સાધના વિના-વિલંબે કરી કહેવાય. એમાં રસ ઊંચો, ભાવ ઊંચા, તો કર્મક્ષય અને પુણ્યનો લાભ પણ ઊંચો મળે.

એના બદલે જો સાધુને કહે, 'રહો, જરા કામ પતાવીને આવું છું,' તો મૂર્ખાઈ કેવી કરી કે પોતાનું કામ તો જરા પછીથી ય પતત, ને એ કામમાં કાંઈ બહુ ફરક ન પડત, પરંતુ વૈયાવચ્ચનું કામ ઢીલમાં નાખ્યું એટલે એનો રસ મંદ પડ્યો; ને પછી ભલે વૈયાવચ્ચ કરી, પરંતુ મંદ રસથી કરી, તેથી કર્મક્ષય અને પુણ્યનો લાભ પેલી તરત કરેલી વૈયાવચ્ચના જેટલો ઊંચો કોટિનો ન મળે. શું આ મૂર્ખાઈ નથી કે મળનારા ઉચ્ચ કોટિના કર્મક્ષય અને પુણ્યના લાભને ધર્મમાં વિલંબના કારણે ગુમાવે?

એને કોણ શીખવાડે? કે,-

સમયસરને માન :-

'ભલા આદમી! સારું કામ કરવું છે તો વિલંબે શા માટે કરવું? દુનિયામાં જો, કે કામ સમયસર થાય છે તો એની કિંમત છે. સ્ટેશન પર ગાડી સમયસર આવીને ઊભી રહે છે તો રેલ્વે-ખાતાની પ્રશંસા થાય છે. સૂર્ય સમયસર ઊગે છે તો એના ગુણ ગવાય છે. શેઠ મહિનો પૂરો થતાં નોકરને તરત પગાર ચુકવે છે, તો નોકર વફાદારીથી કામ કરે છે. શાળામાં પરીક્ષાનાં પરિણામ સમયસર બહાર પડે છે તો શાળાની કિંમત ગણાય છે. પત્ની ઘરમાં કામ સમયસર બજાવતી હોય, તો કુવડ નથી ગણાતી. પેટ ખોરાકનું સમયસર પાચન કરે છે, તો તંદુરસ્તી સારી જળવાય છે. જગતમાં બધે સમયસરને માન છે, ને ધર્મની જ વાતમાં ઢીલગંડી? મોટી બેંકોમાં ને ઓફિસોમાં જાઓ જુઓ કે કામો કેવા એકદમ સમયસર થાય છે? ત્યાં વિલંબ નભતો નથી, કેમકે એ કામો કિંમતી માન્યા છે. તો શું ધર્મ જ એવો કિંમતી નથી કે ત્યાં ધર્મ વિલંબે કરીએ તોય ચાલે?

ધર્મને વિલંબમાં નાખવાથી ધર્મનું મૂલ્યાંકન ઘટે છે, ધર્મની કદર ઓછી કરવાનું થાય છે.

જીવનમાં ધર્મ અને ધર્મના ભાવ, ધર્મની ઊંચી કદર કરો તો જ, વધતા ચાલે.

ધર્મની ઊંચી કદર હોય તો ધર્મ ઢીલ કર્યા વિના સમયસર થાય.

ખંભાતના ગંધાર શ્રાવકને ગુરુ આચાર્ય હીરસૂરિજી મહારાજ પધાર્યાની વધામણી મળી, તો એની કદરમાં વધામણી લાવનારને તરત જ રૂ. ૧૧ લાખ આપી દીધા! 'ના, હમણાં નહિ, પછી વધામણી દાન લઈ જજે' એવો વિલંબ ન કર્યો; કેમકે સમજતા કે એવા વિલંબમાં ગુરુની કદર ઓછી કરવાનું થાય છે. ગુરુ પધાર્યાની વધામણી તરત જોઈએ છે, ને વધામણીદાન વિલંબે કરવું છે, આ કયાંનો ન્યાય? મોટા ગૌતમસ્વામી મહારાજ પ્રભુનો બોલ તરત ઉપાડી લેતા. અંતિમ દેશનામાં પ્રભુએ ગૌતમ મહારાજને કહ્યું 'જાઓ ગૌતમ! બાજુના પરામાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ કરો', ત્યાં પ્રભુની દેશના સાંભળવાની મજા હતી છતાં ગૌતમસ્વામી એમ ન બોલ્યા 'હા પ્રભુ! થોડી વાર પછી જાઉં,' કેમ? સમજતા કે આજ્ઞાપાલન એ કર્તવ્ય છે, ને કર્તવ્યપાલનના ધર્મમાં વિલંબ ન કરાય.

ત્રીજી દૃષ્ટિમાં 'ક્ષેપ દોષનો ત્યાગ,' એનો આ એક અર્થ, કે યોગ-સાધનામાં કાલક્ષેપ યાને વિલંબ નહિ કરવાનો.

'ક્ષેપ'નો બીજો અર્થ વિક્ષેપ; યોગ સાધનાની પ્રવૃત્તિમાં મન વિક્ષિપ્ત ચંચળ ન રાખે, મનને જ્યાં ત્યાં ફેંકે નહિ. એ તો મન સાધનામાં લગાડ્યું તે લગાડ્યું, પછી બીજા-ત્રીજામાં નહિ લઈ જવાનું; અર્થાત્ બીજા ત્રીજા વિચાર મનમાં લાવવાના જ નહિ. પૂછો,-

પ્ર૦-ક્રિયામાં બીજા-ત્રીજા વિચાર તો આવી જ જાય છે, એ કેમ અટકે?

ઉ૦-ધર્મક્રિયા લઈ બેસીએ એ વખતે જો સમજીએ કે 'આ રાધાવેધ સાધીએ છીએ',

તો ક્રિયા વખતે બીજા ત્રીજા વિચાર અટકે. રાજકુમારીઓના સ્વયંવરે રાધાવેધ સધાતા. સાધનારે ઉપર ફરતી રાધા અર્થાત્ પૂતળીનું નીચે તેલમાં પડતા પ્રતિબિંબ તરફ જોવાનું, અને બરાબર લાગ આવે ત્યારે મોં નીચું જ રાખીને ઊંચા હાથે ધનુષ્યમાંથી તીર છોડી ઉપરની પૂતળીની આંખ વીંધવાની હોય છે. જો વીંધી તો તો બેડા પાર સમજે છે. હવે એ રાધાવેધ સાધનારો એ વખતે એમાં કેટલો બધો તન્મય હોય ? કશા બીજા-ત્રીજા વિચાર અને વિક્ષેપ મનને હોય ? ના. બસ, એ રાધા -પૂતળીની આંખ સમાન ક્રિયા છે,-એને મનથી વીંધવાની છે, મન એમાં આરપાર ઉતારી દેવાનું છે. સમજવાનું છે કે 'ક્રિયામાં જો મન આરપાર ઉતારી દીધું, તો બેડા પાર છે. ઉચ્ચ પરિણતિરૂપી રાજકુમારી આપણને વરવાની છે.' આ આલંબન ધરીએ તો મનના વિક્ષેપ અટકે.

આલંબન મોટી ચીજ છે.

સિદ્ધગિરિ પર હજારોને ચડતા જોઈ એના આલંબને માંદા કે ઢીલા માણસ યાવત્ બાળક પણ ગિરિરાજ ચડી જાય છે ! જો એકલો જ ચડતો હોત તો ઉપર પહોંચવું મુશ્કેલ હતું. 'આલંબન નિમિત્ત કશું કરતું નથી' એ બોલનાર બહુ બોલે છે. આલંબન કેવું ચમત્કારિક કામ કરે છે કે પ્રભવચોરને જંબુકુમારનો પ્રચંડ વૈરાગ્ય જોવાનું આલંબન મળ્યું, તો એ ચોર મટીને જંબૂકુમારની સાથોસાથ ચારિત્ર લેવા નીકળી પડ્યો ! ઉપદેશમાળામાં કહ્યું છે,-

संतेवि कोवि उज्झइ
कोवि असंतेवि अहिलसइ भोए ।
चयइ परपच्चएण वि पभवो दट्ठूण जह जंबू ॥

અર્થાત્ કોઈક છતી સમૃદ્ધિનો ત્યાગ કરે છે, ત્યારે કોઈ તો પાસે નથી એવી સમૃદ્ધિના હલ્લારા કરે છે કે 'મને ક્યારે મળે ?' જેમ પ્રભવ ચોર જંબૂનો સમૃદ્ધિ-ત્યાગ જોઈને પરના આલંબનથી ત્યાગમાર્ગે જનારો બન્યો.

માણસ નવકાર ગણે છે પણ તે ઉપલકિયો, હૃદયસ્પર્શી નહિ ! ત્યાં જો કોઈ મરવા પડેલાના નવકાર સ્મરણનું આલંબન રાખે અને વિચારે કે 'મારું બીજી ક્ષણે મોત છે,' તો પછી એવી એકાગ્રતાથી અને ગદ્ગદતાથી નવકાર ગણાય કે પેલા મરવા પડેલાની જેમ નાભિમાંથી અવાજ કાઢીને ગળગળો થઈને નવકાર ગણે. એનો મહિમા કેવોક છે ! કમઠના બળતા લાકડામાંથી પાર્શ્વકુમારે અડધા-પડધા બળેલા સાપને બહાર કઢાવી માણસ પાસે નવકાર સંભળાવ્યો, તો સાપ એ સાંભળીને મરી ધરણેન્દ્ર થયો ! એમાં મહિમા જોવા મળે છે. ત્યારે એણે કેવી રીતે નવકારને મનમાં ધાર્યો હશે ? કહો, અત્યંત તન્મય અને ગદ્ગદ થઈને નાભિમાંથી નવકારનો પ્રતિધ્વનિ ઉઠાવ્યો હશે ! ત્યારેસ્તો એ ધરણેંદ્ર થયો ને ? એ સાપનું જીવન કેવું ? જીવનમાં કશો ધર્મ બરો ? કશો જ નહિ, છતાં અંતિમ સમય પર નવકારધ્યાનનું તત્કાળ આટલું ઊંચું ઇનામ મળ્યું !

કેમ જાણે કર્મસત્તાના કારભારમાં એન્ડ ટાઇમ (અંત સમય)નો જવાબ પહેલો મળે !

ગોશાળો કેવો પાપિષ્ઠ હતો ? છતાં અંત સમયે દિલમાં પાપનો પસ્તાવો આવ્યો તો બારમા દેવલોકે ગયો ! તો શું ગોશાળાએ પૂર્વે કરેલું ઊંધું વેતરણ માફ ? ના, જાંગડ ઊભું રહ્યું; કેમકે એને પાપનો પસ્તાવો તો થયેલો, પરંતુ ગુરુ પ્રભુ પાસે જઈને એણે પાપની આલોચના-પ્રાયશ્ચિતગ્રહણ-વિધિ નહિ કરેલી !

વિક્ષેપ અટકાવવા આલંબનો :—

વાત આ ચાલે છે, કે-ક્રિયામાં ક્ષેપ-વિક્ષેપ ન આવે એ માટે કશુંક આલંબન જોઈએ. દા.ત.

(૧) રાધાવેધનું આલંબન રાખતાં વિક્ષેપ યાને બીજા ત્રીજા વિચારમાં મન ન જાય. એમ,

(૨) અંતિમ કાળની ગદ્ગદ દિલથી થતી

આરાધનાનું આલંબન રાખીને ગદ્‌ગદ દિલે સાધના-પ્રવૃત્તિ થાય, તો વિક્ષેપ ન થાય. અથવા

(૩) માથે જિનાજ્ઞાનો ભાર રાખવાથી વિક્ષેપ અટકે. જિનાજ્ઞા છે,- 'કોઈ પણ સાધના અત્યંત ઉપાદેયબુદ્ધિથી કરવાની.' અત્યંત ઉપાદેય એટલે એ વખતે બીજું કશું ઉપાદેય ન લાગે, અને મન આ સાધનાને એવું વફાદાર બની જાય કે 'તુંહી તુંહી,' અર્થાત્ પ્રસ્તુત સાધનાનો જ વિચાર.

(૪) વિક્ષેપ અટકાવવા આ એક સમર્થ વિચાર છે કે,-

સાધના એ તો વેપાર છે, અને શુભ-ભાવ એ નફો છે.

વેપારી વેપાર-સોદા બહુ થયા એટલા-માત્રથી સંતોષ નથી વાળતો, પરંતુ નફો કેટલો થયો એ જુએ છે. એમ અહીં સાધના-ક્રિયા બહુ કર્યાથી સંતોષ ન મનાય, પરંતુ એના આધારે શુભ ભાવ કેટલા જાગ્યા એ જોવું જોઈએ. સૂત્ર બોલે 'સવ્વલોએ અરિહંત ચેઇયાણ''...એનાથી સમસ્ત લોકના અસંખ્ય અરિહંત પ્રતિમાજીના વંદન-પૂજન-સત્કાર-સન્માનની અનુમોદનાર્થે કાયોત્સર્ગ કરવાનો હોય છે, પરંતુ એમાં નીચે ભવનપતિથી માંડી ઉપર ઉપરના ઠેઠ અનુત્તર વિમાન સુધીના અસંખ્ય જિનબિંબો પર કશી દૃષ્ટિ જ ન લઈ જાય, ને એમના થઈ રહેલ વંદનાદિનો કશો આલ્હાદ ન અનુભવે, માત્ર પોપટપાઠની જેમ સૂત્ર સડસડાટ બોલી જાય, ને કાયોત્સર્ગ કરી કાઢે, ત્યાં ભાવની શી કમાણી થઈ ? ધારે તો ત્યાં અસંખ્ય ભગવાન નજર સામે લાવે, ને એ નજર સામે આવતાં એમને થઈ રહેલ વંદનાદિનો આનંદ ઊછળાઊછળા થાય ! પરંતુ અહીં કેમ એમાંનું શૂન્ય ? કહો.-

સૂત્રોચ્ચારણ અને કાયોત્સર્ગની ક્રિયારૂપી વેપાર કરવો છે, પરંતુ ભાવનો નફો તાગવાની પરવા નથી.

ક્રિયા એ વેપાર : ભાવ એ નફો :-

નફાની પરવા વિના વેપારના એકલા સોદા જ કરી સંતોષ માનનારો વેપારી બુડથલ ગણાય; એમ 'ક્રિયાના પદે પદે શુભ ભાવ થાય છે ને ?' એ જોયા વિના સાધના-ક્રિયાઓ કરી સંતોષ માનનારો પણ બુડથલ ગણાય. ત્યારે સાધના-માંથી શુભ ભાવ કમાવવા હોય તો મન બીજે લઈ જ ન જવાય. ભય રહે કે 'મન જો બીજે લઈ જઈશ, તો પ્રસ્તુત શુભ ભાવ તૂટી જશે!' એમ ભયથી વિક્ષેપ અટકે.

નફાના ટકા વધારો : ભાવ વધારો :-

(૫) એક વિચાર એ છે, કે વેપારી નફાનું લક્ષ રાખે છે, એમ નફાના ટકા વધારવાનું પણ લક્ષ રાખે છે. જેમ જેમ અધિક નફો થાય તેમ તેમ ખુશી થાય છે. તો અહીં પણ ભાવ વધારતા રહેવાનું લક્ષ જોઈએ. ગઈ કાલે ચૈત્ય-વંદન કરેલું એમાં જે ભાવ ઊછળેલા, એના કરતાં આજે વધુ ભાવ ઊછળવા જોઈએ. એ માટેની લગન જોઈએ. શુભ ભાવ વધારવાની લગન હોય તો વિક્ષેપ સહેજે અટકે, કેમકે મન પ્રસ્તુત સાધનામાં સ્થિર તન્મય રહે તો જ ભાવ-વૃદ્ધિ કરી શકાય. ભરત મહારાજા એમ જ તન્મયતાથી ભાવમાં આગળ વધેલા. આમ ભાવ વધારવાની લગન હોય. જાગૃતિ હોય. તો પ્રસ્તુત સાધનાને છોડી મનને બીજા ત્રીજા વિચારમાં શાનું લઈ જવાય ? ત્યારે,

જિનશાસનમાં ક્રિયાની કિંમત અંતરના ભાવથી છે. અંતરમાં ભાવ જગાડવાની પરવા વિના ક્રિયા રાખેતા મુજબ સ્ટિરિયોટાઇપ યાને યંત્રવત્ કરી જાય તો એનું કેટલું મૂલ્ય ? કહ્યું ને,

'અક્રિય સાધે જે ક્રિયાજી
તે નાવે તિલમાત'

અંતરથી અક્રિય રહીને અર્થાત્ કશા આંતરિક ભાવ જગાવવાની ક્રિયા કર્યા વિના બહારથી ક્રિયા સાધે, તે એક તલના દાણા જેટલી કિંમત.

માં ય ન આવે. તાત્પર્ય, બાહ્ય ક્રિયામાં કાયા સક્રિયની જેમ આંતરિક ધર્મપરિણતિની ક્રિયામાં આત્માને સક્રિય રાખો. સમજી રાખો,–

જિનશાસને અંતરમાં સુંદર શુભ પરિણતિની શુભ ભાવની ક્રિયા કરવા માટે કેવી અદ્‌ભુત બાહ્ય ક્રિયાઓ બતાવી છે !

બૃહદ્ ગુરુવંદન–વાંદણા :–દા.ત. 'વાંદણા'–નાં 'બૃહદ્ ગુરુવંદન'નાં સૂત્રથી ગુરુને વંદન આપવાની ક્રિયામાં આવ્યું કે 'અહો, કાયં, કાય, સંફાસં' અર્થાત્ (ગુરુદેવ !) આપની 'અધોકાયા' અર્થાત્ ચરણને, મારી 'કાયા' અર્થાત્ મારું મસ્તક, 'સંફાસં' અર્થાત્ સ્પર્શાવું છું. એમ બોલતાં ગુરુચરણે એટલે કે ચરવળા કે રજોહરણ ઉપર દસ આંગળા સહિત માથું અડાડવાનું છે. હવે આમાં જો અંતરના ભાવ સાથે મસ્તક સ્પર્શાવાય, તો ગુરુચરણે મસ્તક (લલાટ) અડાડવાનું મહાસૌભાગ્ય મળ્યું એના આનંદની દિલમાં ઝણઝણાટી થાય, હૃદયના તાર ઝણઝણે. પરંતુ એ રીતે બાહ્ય ક્રિયા સાથે અંતરમાં ભાવ ચલાવે તો થાય ને ?

આ આનંદની ઝણઝણાટી પાછી ક્યાં સુધી ચાલે ? તો કે એની પછી ગુરુને કરાતા ૩ પ્રશ્ન સુધી, 'અહુ સુભેણ....?' 'જત્તા ભે?' 'જવણિજ્જં ચ ભે' સુધી. અર્થાત્–

(૧) આપનો દિવસ બહુ શુભથી વીત્યો ?

(૨) 'જત્તા ભે' આપની સંયમયાત્રા સુખરૂપ ?

(૩) 'જવણિજ્જં ચ ભે' આપની શારીરિક યાપનીયતા (નિર્વાહ) બરાબર ?

આમ ૩ પ્રશ્નના ગુરુના ઉત્તરથી ગુરુને બહુ શુભ, સંયમયાત્રા, અને શરીર–કુશળતા હોવ.નો શિષ્યને અતિ આનંદ અને ઝણઝણાટી થાય કે 'અહો ! મારા ગુરુને આ ત્રણ બરાબર છે ! હું એથી બહુ ખુશી.'

બૃહદ્ ગુરુવંદન 'વાંદણા'માં આટલે સુધી 'યાપનીય–પૃચ્છા' વંદન થયું; હવે પછી 'આમેમિ ખમાસમણો !'....થી 'નૈષેધિકી' વંદન ચાલે છે; અર્થાત્ ગુરુ પ્રત્યે પોતાનાથી થયેલ આશાતના (દોષો)નો નિષેધ યાને ક્ષમાયાચના કરાય છે. આમ,

ગુરુને વંદન બે પ્રકારે–(૧) સુખશાતા–(યાપનિકા) પૃચ્છા, (૨) આશાતનાની ક્ષમાયાચના (નૈષેધિકી).

એમાં હૃદયમા પશ્ચાત્તાપનો ભાવ અનુભવાય. પ્રાકૃત ભાષામાં એને 'જાવણિજ્જા' અને 'નિસીહિયા' કહેવાય. 'બૃહદ્ વાંદણા'– (વંદન)માં એ વિસ્તારથી વર્ણવાય છે, અને નાના 'ખમાસમણું'–વંદનમાં સંક્ષેપમાં 'જાવણિજ્જાએ નિસીહિયાએ' પદથી બોલાય છે. પરંતુ ત્યાં નાના ખમાસમણામાં પણ એ જ આનંદની ઝણઝણાટી અને પશ્ચાતાપનો ભાવ અનુભવવાનો.

બૃહદ્ વાંદણામાં આશાતનાના 'મણ દુક્કડાએ, વયદુક્કડાએ'....વગેરે એકેક પદ આ સંતાપના ભાવથી બોલતો જાય ત્યાં કેટલી બધી વિપુલ કર્મનિર્જરા કરતો જાય ? વળી એમાં મનનો વિક્ષેપ થવાને મોકો જ ક્યાં રહે ?

આ આશાતના પર સંતાપના ભાવ તો એટલી બધી તાકાતવાળા છે કે જો શરીર સંઘયણબળ યારી આપતું હોય, તો એ સંતાપ આગળ વધતાં સર્વ પાપોથી વિરતભાવ, અપ્રમત્ત ભાવ, અને અનાસકત ભાવમાં ચડાવીને, ઠેઠ વીતરાગ ભાવમાં પહોંચાડી કેવળજ્ઞાન અપાવે !

મૃગાવતીજીને પાપસંતાપના શુભ ભાવમાં :–

જુઓ મહાન સાધ્વીજી મૃગાવતીને પ્રમાદ વગેરે પાપોના સંતાપ ભાવમાં શું મળ્યું ? સમવસરણમાંથી એ મોડા આવ્યા ત્યારે ગુરુણી ચંદનબાળા સાધ્વીજીએ માત્ર એટલો જ ઠપકો આપ્યો, કે 'હે ભદ્રે ! કુલીન એવા તમારે આટલું મોડું આવવું ઉચિત નહિ.' એના પર એ કેવાક સંતાપ ભાવમાં ચડ્યા ? આવા જ કોઈક,–

'અરેરે ! આ મારો કેવો પ્રમાદ કે મેં સમય થઈ ગયાનું ભાન ન રાખ્યું ? ને સમવસરણમાં બેઠી રહી ? વળી કેવું મારું સાધ્વાચારનું ઉલ્લંઘન ? ત્યારે જે ગુરુણીએ મને ભવકૂપમાંથી બહાર કાઢી આટલે સુધી લાવી મૂકવાનો અવર્ણનીય ઉપકાર કર્યો, એમને મેં ચિંતામાં મૂકી અશાતા આપી ? કેવી આ ગુર્વાશાતના ?....' આ સંતાપ થયો, એના પર એ અપ્રમત્તભાવ-સામર્થ્યયોગ-સમશત્રુ મિત્ર ભાવ અને અનાસક્ત ભાવમાં ચડી વીતરાગ બનીને કેવળજ્ઞાન પામ્યા !

આટલી બધી તાકાતવાળો સંતાપભાવ વાંદણામાં ગુર્વાશાતનાના પદો બોલતાં કરવો હોય તો કરવાનો મળે છે. પરંતુ,-

ક્રિયાના વેપાર પર ભાવનો નકેા તારવવાની ગરજ ન હોય એ ગુર્વાશાતનાના પદો બોલતાં એવો સંતાપભાવ કયાંથી લાવે ?

એ ગરજ હોય તો ક્ષેપ-વિક્ષેપ કે બીજા ત્રીજા વિચારોને જગા જ ન મળે.

ધ્યાનાદિ શુભ યોગને લગતા ઉપાયો

બલાદૃષ્ટિમાં ધ્યાનાદિ શુભ યોગ-સાધનાની પ્રવૃત્તિમાં ક્ષેપ નામના દોષનો ત્યાગ બતાવ્યા પછી હવે યોગસાધનામાં જરૂરી ઉપાયની કુશળતા બતાવતાં કહે છે કે,-અહીં શુભ યોગ-પ્રવૃત્તિને લગતા ઉપાયોની સારી કુશળતા પણ હોય. શુભ યોગ ધ્યાનાદિરૂપ છે; એના ઉપાય-સાધન તરીકે ધ્યાનાદિ કરવાને યોગ્ય તેવા પ્રકારના દેશ-સ્થાનમાં અધ્યાસન-બેઠક; અર્થાત્ તેવા દેશ-સ્થાનમાં એવા સાનુકૂળ ગોઠવાઈ જવું કે જેથી કશો ક્ષેપ વિક્ષેપ થાય નહિ. ધ્યાનના સ્થળ-સ્થાન અંગે મનમાં કચવાટનો યા સ્થાનના ફેરબદલનો વિકલ્પ ન ઊઠે. શુભ યોગના ઉપાયની એવી ચાર સુંદર કુશળતા હોય. આ ઉપાયની યાને સાધના-સંબંધી કુશળતા એવી હોય કે એમાં ક્ષેપ વગેરે દોષને અવકાશ ન રહે. બદલે કર્મક્ષયથી મતિ યાને બુદ્ધિશક્તિ વિકસતી જાય; એથી ભાવોલ્લાસમાં વૃદ્ધિ થતી આવે, યોગ સાધતાં આત્મા યોગમય થઈ જાય !

બુદ્ધિ અને ભાવની બલિહારી છે. ભાવ વિના લુકૂખા હૃદયથી સાધના કરો એ ફાસકુસિયા; ને **બુદ્ધિ પૂર્વક (કુશળતા પૂર્વક) ભાવભીના હૃદયે સાધના કરો એ નક્કર માલવાળી બને. એમાં કર્મક્ષય, સુસંસ્કારો,...આદિના લાભ મોટા-થાય !**

ભાવ એ તો સાધનાના છોડવાને પાણીનું સિંચન છે.

છોડને જેમ જેમ જળસિંચન થતું જાય, તેમ તમ એ પુષ્ટ થતો જાય. એમ ભાવના સિંચનથી સાધનામાં પુષ્ટતા આવતી જાય. ઉપાય-કૌશલ્ય અને ભાવનાં લક્ષથી ક્ષેપ-વિક્ષેપ અટકી જાય. એથી ઉલટું જો મનને બીજે ત્રીજે લઈ જવાની કુટેવ ચાલુ રહે, તો ભાવ પર બ્રેક લાગી જાય. સાયકલ ગમે તેટલી દોડતી હોય પરંતુ જો એને બ્રેક લાગી જાય તો એ ઠપ અટકી જાય; એમ ભાવ તો બહુ સુંદર અને ઊછળતા કર્યા, પરંતુ જો મન બીજામાં ગયું તો ભાવ ઠપ અટકી જાય. માટે ભાવ હૈયાના ઉંડાણ સુધી લઈ જવા જોઇએ, જેથી મન ભટકતું બંધ થઈ જાય.

ભાવ અને કુશળ બુદ્ધિ એવા મહત્વનાં છે કે એના વિના અનુષ્ઠાન 'ક્લિષ્ટ'-સંકલેશવાળું થઈ જાય.

ત્યારે એ ભાવ અને કુશળ બુદ્ધિથી અનુષ્ઠાન નિર્મળ-વિશુદ્ધ ચાલે. મોક્ષ સધાવી આપનાર અસંખ્ય યોગો છે. એ એકેક યોગની મોક્ષ પમાડવાની તાકાત છે; પરંતુ કયારે ? જ્યારે એનામાં ભાવથી પુષ્ટતા આવે, પુષ્ટતા વધતી ચાલે ત્યારે. **ઉત્તરોત્તર યોગની પુષ્ટતાથી અંતે આત્મા યોગમય થઇ જાય.**

ચૈત્યવંદન કરતાં પહેલાં પ્રભુની દિશા છોડીને બાકીની ત્રણ દિશાનો ત્યાગ નક્કી કરી લેવાનો છે, એનું કારણ પણ આ જ છે કે દિશા ત્યાગથી બીજે દૃષ્ટિપાતના ક્ષેપ-વિક્ષેપ ટાળ્યા એટલે વંદના યોગ

અખંડ ધારાએ ચાલે. નહિતર જો આંખ માટે પ્રભુ સિવાયની બીજી દિશા ખુલ્લી હોય તો ત્યાં ડાફોળિયું મારતાં વંદના-યોગનો વ્યાઘાત થાય. યોગ વ્યાઘાત-વિક્ષેપ વિનાનો અખંડ ધારાએ જ ચાલે એ જ આત્મામાં દૃઢ સંસ્કાર નાખી શકે, ને એજ જુગજુના પાપ સંસ્કારોને નાબૂદ કરતો ચાલે. અહીં યોગસાધના-ધર્મસાધના શરુ કરતાં પહેલાં આ સમજી રાખવાનું છે કે અનાદિ પ્રબળ વિષય-સંસ્કારોનો સામનો કરવાનો છે, ને તે જોરદાર વિક્ષેપ-ત્યાગના નિર્ધારથી થાય. જીવને સમજાવી દેવાય કે,

'મહા કિંમતી યોગધારાને ને ભાવધારાને દુન્યવી તુચ્છ બાબતમાં મન ઘાલીને, તૂટક-ફૂટક કાં કરે ?'

યોગના ઉપાયોની સુંદર કુશળતાથી યોગ અને ભાવની ધારા અખંડ ચાલે.

ઇચ્છાનો અવિઘાત (ઇષ્ટ ફલ સિદ્ધિ)

(ટીકા) तथाऽस्यामेव दृष्टावभ्युच्चयमाह-

(મૂલ) परिष्कारगतः प्रायो,
विघातोऽपि न विद्यते ।
अविघातश्च सावद्य-
परिहारान् महोदयः ॥ ५६ ॥

'परिष्कारगतः'-उपकरणगत इत्यर्थः; 'प्रायो'-बाहुल्येन 'विघातोऽपि' इच्छा-प्रतिबन्धो, (अपि) न विद्यते-अस्यां सत्यामिति । 'अविघातश्च' किम्भूतो भवतीत्याह 'सावद्य-परिहारात्'-प्रतिषिद्धपरिहारेण, महोदयः-अभ्युदय-निःश्रेयसहेतुरित्यर्थः ॥ ५६ ॥

(ટીકાર્થ-) તથા આ જ 'ભલા' દૃષ્ટિમાં થતી ઉન્નતિ કહે છે,-

(ગાથાર્થ-) ઉપકરણ અંગેનો (ઇચ્છા) વિઘાત પણ પ્રાયઃ નથી થતો; ને એ અવિઘાત પોતે નિષિદ્ધના ત્યાગ દ્વારા મહાન ઉદયવાળો બને છે.

(ટીકાર્થ-) 'પરિષ્કારગત' એટલે ઉપકરણ સંબંધી, 'પ્રાયઃ'-બહુલતાએ, 'વિઘાત' પણ એટલે કે ઇચ્છાની અતૃપ્તિ, હોતી નથી, આ ભલાદૃષ્ટિ હોયે થકે, ઇચ્છાનો અ-વિઘાત કેવો બને છે તો કે 'સાવદ્ય પરિહારથી' યાને નિષિદ્ધના ત્યાગથી 'મહોદય' એટલે કે સ્વર્ગ અને મોક્ષનું કારણ બને છે.

વિવેચન : અહીં ઉન્નતિ કેવી ? :-

હવે આ ભલાદૃષ્ટિમાં આત્માની ઉન્નતિ કેવી થાય તે બતાવે છે,-કે અહીં જીવન-સાધનોની ઇચ્છાનો વ્યાઘાત યાને અતૃપ્તિ નથી રહેતી, ઇચ્છાની પૂર્તિ થઈ જાય છે. એટલે જો પૂછવામાં આવે કે-

પ્ર૦-અહીં યોગસાધનાના પ્રારંભમાં ક્ષેપ યાને કાલક્ષેપ ન કરવાનું તો કહ્યું પરંતુ જીવન-જરૂરી સાધનોની ચિંતા ન મટી હોય, ત્યાં એની પ્રવૃત્તિ કરવા જતાં યોગપ્રારંભ કરવામાં કાલક્ષેપ કેમ ન થાય ? સહેજે થઈ જ જાય ને ?

ઉ૦-ના, અહીં સુધી આવેલો એવું પવિત્ર જીવન જીવતો હોય છે કે એના જીવનોપયોગી ઇષ્ટ ઉપકરણો યાને જીવન-જરૂરિયાતોની ઇચ્છાઓ સહેજે સહેજે સંતોષાઈ જાય છે. ઇચ્છા ન સંતોષાય તો મન ઉત્સુક રહે, એનાથી મનને અસ્વસ્થતા વ્યાકુળતા રહ્યા કરે, ને તેથી ઉપાદેય જે યોગ-સાધના, એમાં ચિત્ત બરાબર લાગે નહિ, સ્વસ્થ ચિત્તે ઉપાદેયનો આદર ન થાય. પરંતુ ભલાદૃષ્ટિ સુધીની સાધનાને પ્રતાપે સહેજે એ ઇષ્ટની સિદ્ધિ થઈ જાય છે.

'ઇષ્ટફળ સિદ્ધિ' નું રહસ્ય

પ્રભુ પાસે ઇષ્ટફળથી આ લોકની વસ્તુ કેમ માગી ? :-

એટલા માટે તો 'જયવીયરાય' સૂત્રમાં

'ઇષ્ટફળ સિદ્ધિ' માગી ત્યાં પૂર્વાચાર્યોએ ઇષ્ટફળ સિદ્ધિનો અર્થ કર્યો 'ઇહલૌકિક અર્થ નિષ્પત્તિ' અર્થાત્ આ જીવનમાં જરૂરી પદાર્થની પ્રાપ્તિ. આ કેમ માગ્યું એના હેતુ તરીકે ત્યાં આ જ કહ્યું કે 'જો એની ઇચ્છાની પૂર્તિ ન થાય, તો મન ઉત્સુક રહે, તેથી ઉપાદેય દેવ-દર્શન-પૂજન-ધ્યાનાદિમાં મન સ્વસ્થતાથી જોડાય નહિ.

અલબત્ અહીં ઇષ્ટ તરીકે મોજશોખ અભિમાનને પોષનારી ઇચ્છિત વસ્તુ નથી લેવાની; કેમકે એ ઇચ્છિત ન મળે એની વ્યગ્રતા રહે એ અલબત્ અસમાધિ છે, પરંતુ મૂળમાં એવી વસ્તુની ઇચ્છા થાય એ તો મોટી સમાધિ છે; અને કદાચ એ ઇચ્છાની પૂર્તિ થઇ વસ્તુ મળી જાય, તો ત્યાં રંગરાગ-મોજશોખ-અભિમાન પોષાય એ વળી મહામોટી અસમાધિ છે. એટલે સમજો,-

અયોગ્યની ઇચ્છા એ અસમાધિ; અયોગ્ય-ઇચ્છાની પૂર્તિનો આનંદ એ મોટી અસમાધિ. એના પર મનમાન્યા રંગરાગ ખેલવા એ વળી મહામોટી અસમાધિ.

એટલે આવા ઇષ્ટ અહીં ઇષ્ટફલસિદ્ધિમાં નથી લેવાના. કિન્તુ ઇષ્ટ તરીકે શાંતિ-સમાધિ-મય જીવન જીવવા માટે ને ધાર્મિક જીવન નભાવવા માટે જરૂરી હોય તે વસ્તુ લેવાની છે. પ્રભુ પાસે એ માગીએ છીએ અને પ્રભુના પ્રભાવથી એ મળી જાય એટલે ઇચ્છાનો વિઘાત ન થયો, પણ ઇચ્છાની પૂર્તિ થઇ; તેથી હવે ઉપાદેય દેવદર્શનાદિમાં ચિત્ત સ્વસ્થતાથી જોડાઇ શકે.

એમ પ્રસ્તુતમાં બલાદૃષ્ટિમાં જીવન-નિર્વાહના ઉપકરણો-સાધનોની ઇચ્છાનો વિઘાત નથી થતો, અર્થાત્ ઇચ્છા સહેજે પૂરાય છે. પછી ઇચ્છિત સહજ ભાવે મળી જવાથી ઇચ્છા નિવૃત્ત થાય છે, તેથી ચિત્ત સ્વસ્થ રહે છે. એટલે હવે યોગસાધનામાં કાલક્ષેપ નથી થતો, ઢીલ નથી થતી, વિલંબ નથી થતો; કિંતુ સમયસર એ સધાય છે.

એમ સાધનામાં 'ક્ષેપ' એટલે કે વિક્ષેપો, યાને બીજા ત્રીજા વિચારો-વિકલ્પો શાથી ઊઠે છે? કહો, ઇચ્છાઓ અતૃપ્ત રહે તેથી ઇચ્છિતના વિકલ્પો ઊઠે છે. ત્યારે જો ઇચ્છાનો વિઘાત નથી પણ તૃપ્તિ છે, ઇચ્છિત પૂર્તિ થઈ જાય છે, તો એના વિકલ્પોને ઊઠવાનો અવકાશ નથી. તમે કહેશો,-

પ્ર૦-અમને જીવન જરૂરી તો મળી ગયું હોય છે, છતાં ધર્મસાધના વખતે બીજા ત્રીજા વિકલ્પો-વિચારો ઘણા આવે છે એ કેમ રોકાય?

ઉ૦-એ વિકલ્પો નિરંકુશ ઇચ્છાઓના લીધે આવે છે. જીવન-નિર્વાહ માટે જરૂરીથી અધિકની ઇચ્છા એ નિરંકુશ ઇચ્છા છે. યોગદૃષ્ટિમાં આગળ વધતાં ત્રીજી 'બલા'દૃષ્ટિમાં આવેલાને એવી ચિત્તની વિશુદ્ધિ-નિર્મળતા પ્રાપ્ત થઈ હોય છે કે એને ઇચ્છા થાય તો તે માત્ર જીવન-નિર્વાહના ઉપકરણની ઇચ્છા થાય. જો નિરંકુશ પૌદ્ગલિક ઇચ્છાઓ થતી હોય, તો એ આત્મ-તત્ત્વ શું સમજ્યો? એનું યોગદૃષ્ટિથી ભવા-નંદીપણું-પુદ્ગલાનંદીપણું ક્યાં નષ્ટ થયું?

પ્ર૦-ખેર, જીવન જરૂરીથી અધિકની ઇચ્છા ન થાય, પરંતુ જીવન-જરૂરી સાધનોની ઇચ્છા તો થવાની, તો તે ઇચ્છાઓ અહીં પૂરી જ થાય, અર્થાત્ ઇચ્છિત મળી જવાથી ઇચ્છાની નિવૃત્તિ જ થાય એવું શાથી કહો છો?

ઉ૦-આના ખુલાસામાં અહીં શાસ્ત્રકાર કહે છે,-

'અવિઘાતશ્ચ સાવદ્ય-પરિહારાત્'

અર્થાત્ સાધક-જીવનમાં સાવદ્ય એટલે કે શાસ્ત્રથી પ્રતિષિદ્ધ-નિષિદ્ધનો ત્યાગ કર્યો છે, તેથી અંતરાય કર્મ તૂટી જવાથી એને ઇચ્છિત મળી આવે છે, ને ઇચ્છાની નિવૃત્તિ થાય છે.

અહીં નિષિદ્ધ-પ્રતિષિદ્ધ એટલે શાસ્ત્રે નિષેધ કરેલ પ્રવૃત્તિઓ દા.ત. જૂઠ-અનીતિ-વિશ્વાસઘાત-દ્રોહ-ઠગાઈ વગેરેની પ્રવૃત્તિ; એનો ત્યાગ કરાય, અનીતિ વગેરે જીવનમાં ન આચરાય, એ 'સામાન્ય ગૃહસ્થ ધર્મ' છે. 'ધર્મબિન્દુ' શાસ્ત્રમાં આજ શાસ્ત્રકાર મહર્ષિએ એ બતાવીને કહ્યું છે કે એ અનીતિ વગેરેનો ત્યાગ રાખવાથી ઇચ્છિત પ્રાપ્તિમાં વિઘ્ન કરનારા અંતરાય-કર્મ તૂટી જાય છે, ને તેથી ઇચ્છિતની સહેજે પ્રાપ્તિ થાય છે.

નિષિદ્ધના ત્યાગથી વિઘ્નનાશ :—

આ પરથી સમજાશે કે 'જૂઠ અનીતિ કર્યા વિના ધંધો જ થાય નહિ, કમાઈ જ ન થાય,' એવું બોલવું-માનવું એ અજ્ઞાનતા છે, મૂઢતા છે; કેમકે સત્ય-નીતિના માર્ગે પણ વેપાર અને કમાઈ થાય છે. અલબત્ નિરંકુશ ઇચ્છાઓ તૃપ્ત ન થાય એમ બને, પરંતુ અહીં તો સામાન્ય ગૃહસ્થ-ધર્મની ભૂમિકા પર આવેલાની વાત છે; ને એ જો ન્યાય-નીતિના માર્ગ પર ચાલે તો એથી જીવન-જરૂરી સાધનની ઇચ્છા સંતોષવાની આડે નડતા અંતરાયકર્મ તૂટી જઈ ઇચ્છા સંતોષાય છે. ઇચ્છિતની પ્રાપ્તિ થાય છે, તેથી ઇચ્છાની નિવૃત્તિ થાય છે, ઇચ્છાનો વિઘાત નથી થતો.

'ઇચ્છાનો વિઘાત' એટલે ઇચ્છા તૃપ્ત ન થવી, ઇચ્છા તૃપ્ત થવા આડે અંતરાય નડવો.

જીવન-જરૂરી ઉપકરણો યાને સાધનોની ઇચ્છાનો વિઘાત હોય અર્થાત્ ઇચ્છા તૃપ્ત ન થાય, જીવન-સાધન ન મળે ત્યાંસુધી મન એ ઇચ્છિત જીવન-જરૂરી સાધનો માટે ઉત્સુક રહે, એ સહજ છે; તેથી દેવદર્શન-પૂજન-ધ્યાનાદિ સાધનામાં મન સ્વસ્થતાથી લાગતું નથી, એમાં ક્ષેપ-વિક્ષેપ વિકલ્પો આવી જાય છે, અથવા એ સાધના કરવામાં ક્ષેપ-કાલક્ષેપ-ઢીલ પણ થઇ જાય છે. તેથી અહીં કહ્યું ' બલાદૃષ્ટિ સુધી આવેલાના જીવનમાં સાવદ્ય-પરિહાર અર્થાત્ શાસ્ત્ર-નિષિદ્ધ અસત્ય-અન્યાય અનીતિ-અતિલોભ વગેરેનો ત્યાગ હોવાથી અંતરાયો તૂટે છે. એ તૂટવાને લીધે 'ઇચ્છાઓનો અવિઘાત' ઇચ્છાઓની તૃપ્તિ થાય છે. પછી સાધનામાં ક્ષેપદોષ શાનો સેવે? સાધનામાં બીજા ત્રીજા વિક્ષેપો યા વિકલ્પો શાના કરે? કે સાધના શરૂ કરવામાં વિલંબ શાનો કરે?

સમ્યક્ત્વ પૂર્વે શું શું જરૂરી? :—

આત્માનો વિકાસ-ક્રમ જોવા જેવો છે. યોગની ત્રીજી દૃષ્ટિમાં હજી સમ્યક્ત્વ નથી આવ્યું. સમ્યક્ત્વ ચાર યોગદૃષ્ટિ વટાવી પાંચમી સ્થિરાદૃષ્ટિમાં પ્રવેશ કરશે ત્યારે આવશે; એટલે પહેલી ચાર દૃષ્ટિ મિથ્યાત્વ અવસ્થાની છે; છતાં ત્યાં આત્મ-વિશુદ્ધિ એવી થતી આવે છે કે અસત્ તૃષ્ણાઓ મરી પરવારે છે! અનીતિ-અન્યાયાદિ પાપોનો ત્યાગ થઈ જાય છે! ઇચ્છાઓ માત્ર જીવન-જરૂરી સાધનોની રહે છે, ને તે ઇચ્છાઓ, અનીતિ આદિના ત્યાગના બળે અંતરાયો તૂટી જવાથી, તૃપ્ત થતી રહે છે; એટલે દેવદર્શનાદિ યોગસાધનાઓ ખેદ-ઉદ્વેગ-ક્ષેપ વિના આરાધાયે જાય છે.

જો સમ્યક્ત્વની પૂર્વભૂમિકાનું આ દિલ હોય, તો સમ્યક્ત્વ-અવસ્થાનું દિલ તો એથી ય કેટલું ઉચ્ચ-ઉમદા મહાન હોય? હજી તો આગળ ચોથી દૃષ્ટિનો વિકાસ જોવા જેવો છે, એમાં વળી આત્મવિશુદ્ધિ કેવી વિકસે છે, એ જોતાં સમ્યક્ત્વની પૂર્વભૂમિકામાં દિલની વળી વિશેષ ઉચ્ચતા, વિશાળતા ને મહાનતા કેવી વિકસાવવાની છે,—એ જોવા મળશે.

અહીં ઇચ્છાઓનો અવિઘાત કેવો પ્રભાવક છે એ બતાવતાં કહે છે.

'અવિઘાતશ્ચ સાવદ્યપરિહારાત્ મહોદયઃ'

અર્થાત્ ઇચ્છાઓનો અવિઘાત, નિષિદ્ધના ત્યાગ દ્વારા મહાન ઉદય મહાન ઉન્નતિ લાવનારો બને છે. મહાન ઉદય-ઉન્નતિ એટલે

અભ્યુદય અને નિઃશ્રેયસ, અર્થાત્ સ્વર્ગ અને મોક્ષ. પ્રશ્ન થાય,-

નિષિદ્ધના ત્યાગ અને ઇચ્છા-અવિઘાતનો શો પ્રભાવ ? :-

પ્ર૦-નિષિદ્ધનો ત્યાગ અને ઇચ્છાઓની તૃપ્તિમાં એટલી બધી શી વિશેષતા છે કે એ સ્વર્ગ અને ઠેઠ મોક્ષ સુધીની ઉન્નતિ લાવે ?

ઉ૦-અહીં મુખ્ય વાત પહેલી આ છે, કે પૂર્વે કહી આવ્યા છે, કે 'નાસ્યાં સત્યામ્ અસત્ તૃષ્ણા' પોતાની સ્થિતિમાં જરૂરી ઉપરાંતની તૃષ્ણા તે અસત્ તૃષ્ણા આ દૃષ્ટિમાં હોતી નથી,' એના અનુસંધાનમાં અહીં 'ઇચ્છાનો અવિઘાત' કહે છે એ ઇચ્છા શાની ? તો કે જીવનનિર્વાહમાં જરૂરી હોય એટલાની ઇચ્છા, પણ મોજશોખ કે શ્રીમંતાઈનું અભિમાન પોષનારી સંપત્તિ આદિની ઇચ્છા નહિ. એવી ઇચ્છાઓ પર અંકુશ આવી ગયો.

હવે ઇચ્છાઓ પર આ મોટો અંકુશ આવી ગયો એ જ આત્માની ઉન્નતિનું મોટું કારણ છે; કેમકે એમાં આત્મામાં વિશિષ્ટ વિશુદ્ધિ આવી ! પછી સંસાર ત્યજી સાધુ થાય તોય પહેલું આ જોશે કે 'સાધુ-જીવનને અત્યંત જરૂરી ઉપરાંત કશાની ઇચ્છા જ નહિ કરવાની,' 'એવી ઇચ્છાઓ કરાવનાર રાગ જ નહિ ઊઠવા દેવાનો.' દા. ત. સાધુ-જીવનને જરૂરી છે રોજ 'એગભત્તં ચ ભોયણું' નિત્ય એકાશન - એકાસણું, એકવાર ભોજન; તો બીજીવારના ભોજનનો રાગ જ નહિ, એટલે એની ઇચ્છા જ નહિ. એમાંય જીવન જરૂરી છે અશન અને પાન; તો એટલાનો જ રાગ, એટલાની જ ઇચ્છા, પણ ખાદિમ-સ્વાદિમ અર્થાત્ ફ્રૂટ-ફરસાણ-મુખવાસ વગેરે જે જીવન જરૂરી ઉપરાંતના છે, એનો રાગ નહિ, એની ઇચ્છા જ નહિ.

આવો રાગ અને ઇચ્છાઓ પર અંકુશ આવી જાય એટલે,

એક બાજુ દુર્ગતિના કર્મ બંધાતા અટકે, તેથી સ્વર્ગાદિ સદ્ગતિ સુલભ થાય; અને-

બીજી બાજુ રાગના નિગ્રહથી વીતરાગતા તરફ ડગ મંડાય. એટલે ક્રમશઃ આગળ વધતાં પરાકાષ્ઠાએ વીતરાગતા, કેવળજ્ઞાન અને મોક્ષ સુલભ થાય.

આ પરથી સમજાશે કે અહીં નિરંકુશ ઇચ્છાઓ નથી, અને જીવન જરૂરીની જે ઇચ્છાઓ છે તેનો વિઘાત નથી, અવિઘાત છે, તૃપ્તિ છે, એટલે ઉપાદેય યોગસાધનાઓ હોંશથી આદરાય છે; તેમજ એમાં ચિત્ત ઠરે છે, એટલે એવી સ્વસ્થ ચિત્તની પ્રારંભિક યોગ-સાધનાઓ જીવને ઉત્તરોત્તર ચડતા યોગની સાધનામાં આગળ વધારે એ સ્વાભાવિક છે. એમાં પરાકાષ્ઠાની યોગસાધના આવે ત્યારે વીતરાગતા યાવત્ મોક્ષ પ્રગટ થાય; અને એ ન આવે ત્યાં સુધી સ્વર્ગનાં પુણ્ય બંધાવી સ્વર્ગ અપાવે. આમ મર્યાદિત ઇચ્છાઓનો અવિઘાત યાને તૃપ્તિ એ ઉપાદેયની સ્વસ્થ-તન્મય આરાધના દ્વારા સ્વર્ગ-મોક્ષ સુધીના મહાન ઉદયને મહાન ઉન્નતિને લાવનાર બને છે.

સારાંશ, બે વાત આવી,-

(૧) જો ઇચ્છાઓ અને રાગ અંકુશિત છે, મર્યાદિત છે, તો એ વીતરાગતા તરફ પ્રયાણ છે; તેમજ

(૨) મર્યાદિત ઇચ્છાઓ પણ સહેજે પૂરાઈ આવવાથી સાધના સ્વસ્થ ચિત્તે થાય છે, એ પણ આગળની ઊંચી ઊંચી સાધના તરફ.... યાવત્ પરાકાષ્ઠાની સાધના તરફ યાને વીતરાગતા તરફ પ્રયાણ છે.

નિષિદ્ધત્યાગથી ક્રમશઃ વીતરાગતા કેવી રીતે ? :-

(૩) ત્રીજી વાત આ છે કે સાવદ્ય-પરિહાર દ્વારા સ્વર્ગ-મોક્ષસિદ્ધિ થતી હોવાથી 'સાવદ્ય' અર્થાત્ શાસ્ત્ર-નિષિદ્ધનો પરિહાર યાને ત્યાગ

કરવામાં માથા પર શાસ્ત્રનો ભાર આવે છે, આત્માને શાસ્ત્રનું બંધન ઊભું થાય છે; અને શાસ્ત્ર તો ઉત્તરોત્તર ચડતી કક્ષા માટે ચડિયાતા નિષિદ્ધ-ત્યાગ ફરમાવે છે, તેથી શાસ્ત્રભાર માથે રહેવાથી અર્થાત્ આત્માને શાસ્ત્રનું બંધન રહેવાથી નીચે નીચેના સ્થૂલ નિષિદ્ધ-ત્યાગથી ઉત્તરોત્તર ઊંચી કક્ષાએ ચડતાં ચડતાં સૂક્ષ્મ સૂક્ષ્મ નિષિદ્ધ-ત્યાગમાં આવવાનું થાય છે, અર્થાત્ દેશથી પાપત્યાગ, સર્વથા પાપત્યાગ, પ્રમાદત્યાગ, સંગ-આસક્તિ-ત્યાગ, ને વિકલ્પદશા-ત્યાગમાં આવે છે, ને એમ જીવ પરાકાષ્ઠાએ સર્વથા નિર્વિકલ્પ દશાસહિત સૂક્ષ્મ રાગત્યાગ યાને વીતરાગતામાં જઈ ઠરે છે; જે પરિણામે મોક્ષસાધક બને છે. એ સ્થિતિ ન આવે ત્યાંસુધી પણ સાવદ્ય-પરિહાર સ્વર્ગનાં પુણ્ય આપે છે. અહીં એક સવાલ થાય,–

પ્ર૦–નિષિદ્ધત્યાગથી સ્વર્ગનાં પુણ્ય મળવામાં ત્યાગની શી વિશેષતા? કેમકે ત્યાં તો પૌદ્ગલિક દિવ્ય ભોગો મળે એથી તો દિવ્ય ભોગવિલાસમાં આત્માનું વિશેષ અધઃપતન થાય.

ઉ૦–ના, એવું નથી; કેમકે અહીં જે યોગ –સાધના છે, એ નિરાશંસભાવની સાધના છે, કોઈ પૌદ્ગલિક સુખની ને સુખના વિષયોની કામના વિનાની સાધના છે. વળી સાધના સિવાયના કાળમાં ય ચિત્તની સ્વસ્થતા–પૂરતી જીવન-જરૂરિયાતો ઉપરાંત ભોજશોખ વગેરે પોષનારી કશી વસ્તુની ઇચ્છા જ નથી; એટલે અહીંની આવી સાધનાથી ભલે સ્વર્ગનાં પુણ્ય ઊભાં થાય, પણ તે અસંક્લિષ્ટ ભોગનાં પુણ્ય ઊભાં થાય છે. અહીં સાધના વખતે કોઇ રાગ–દ્વેષના સંક્લેશ નથી, અસક્લિષ્ટતાવાળી સાધના છે. તેથી જેમ સાધનાના ફળમાં પુણ્ય મળે છે, તેમ અસંક્લિષ્ટતાના ફળમાં અસંક્લિષ્ટતા અસંક્લેશ મળે છે.

આશંસાવાળી સાધનાના બે વારસા :–

ત્યારે જે પૌદ્ગલિક આશંસા રાખીને સાધના કરે છે, તે રાગના સંક્લેશવાળી સાધના કરે છે. એને ય પુણ્ય તો મળે, પરંતુ સાથે પેલા રાગના સંક્લેશનો ય વારસો મળે છે, એટલે કે એને સંક્લેશવાળા અર્થાત્ સંક્લિષ્ટ ભોગનું પુણ્ય મળે છે.

સંક્લિષ્ટ ભોગીની દુર્દશા :–

હવે સંક્લિષ્ટ ભોગનું પુણ્ય અને અસંક્લિષ્ટ ભોગનું પુણ્ય, બંને વચ્ચે તફાવત જુઓ,– જેને સંક્લિષ્ટ ભોગનું પુણ્ય મળે એ પુણ્યપ્રાપ્ત ભોગ–સામગ્રીનો ગુલામ અને ભોગનો લંપટ બને છે; કેમકે એ પૂર્વેથી ભોગ–લંપટતાનો વારસો લઇને આવ્યો છે. ભોગની લંપટતાથી એ ભોગસામગ્રીની ગુલામી ભોગવે છે. દા. ત. કૃપાળી દેવીઓ મળી, તો એ દેવીઓનું ચાટુ કરશે, એને દીનતાથી મનામણાં કરશે દા. ત. કહેશે 'અરે દેવી! તું જરા મને તારું નૃત્ય બતાવને?' નૃત્ય જોશે ત્યારે પોતે ય અંતરથી નાચવા માંડશે-'અહાહા! શું કમાલ નૃત્ય છે!' જરૂર પડ્યે દેવીના પગે પડી એનો ઉપકાર માનશે કે 'તું આવું કમાલ નૃત્ય બતાવે છે, તારો કેટલો બધો ઉપકાર!' દેવતાઇ વિમાન મળ્યા તો જોઈ જોઇને નાચશે, 'અહાહા! રત્નોથી ઝગમગતા કેવા અદ્ભુત વિમાન! પૃથ્વીલોકનાં ચૂના–માટીના બંગલા ય આની આગળ રહ્યા! ઉકરડા!' આ બધી સંક્લિષ્ટ ભોગના પુણ્યની સ્થિતિ છે.

અસંક્લિષ્ટ ભોગની વડાઇ :–

ત્યારે જેને અસંક્લિષ્ટ ભોગનું પુણ્ય છે, એ પુણ્યપ્રાપ્ત ભોગસામગ્રીનો માલિક બને છે, પેલા જેવો ગુલામ નહિ. વળી એ ભોગનો લંપટ નહિ. ભોગ મળે તો ભોગવી લે, પરંતુ ભોગ પૂરા પાડનારની ગુલામી ચાટુ ન કરે. એટલે દીનતાથી દેવીઓનું ચાટુ એ ન કરે. ઉલટું દેવીઓ એનું ચાટુ કરતી હોય! દા. ત. કહે 'સ્વામિનાથ! જરાક અમારું નૃત્ય જુઓને! ગીત સાંભળો ને!' આ ભાઇસાહેબને તો

ભોગ-સંક્લેશ નથી, ભોગની લંપટતા નથી, એટલે આંખ મીંચીને પડ્યા હોય, અને તત્ત્વ-ચિંતન કરતા હોય. વળી દેવીનું નૃત્ય જુએ, ગીત સાંભળે, તે પણ માલિક તરીકે, જોયું ન જોયું, સાંભળ્યું ન સાંભળ્યું કરીને જુએ-સાંભળે. એ વખતે ય વૈરાગ્ય ને તત્ત્વનો વિચાર જીવતો જાગતો !

બોલો, હવે આવા અસંક્લિષ્ટ ભોગના પુણ્યવાળા દેવતાનું એ ભોગવિલાસો શું અધઃ-પતન કરી શકે ? ઉલ્ટું એ ભોગોની સામે વૈરાગ્ય ઝગમગાવી આત્માની ઉન્નતિ કરે છે.

આવા અસંક્લિષ્ટ ભોગોના પુણ્ય શી રીતે ઊભા થાય છે ? કહો, **નિર્માય અને નિરાશંસભાવની નિરતિચાર અખંડ સાધનાથી અસંક્લિષ્ટ ભોગનાં પુણ્ય ઊભા થાય છે.**

શ્રી પંચસૂત્રશાસ્ત્ર ચોથા સૂત્રમાં આ જ અસંક્લિષ્ટ ભોગનું પુણ્ય બતાવે છે. 'નિર્માય' સાધના એટલે માયારહિત સાધના, માયા એટલે શક્તિ ગોપવવી; યા અંદરખાને લબ્ધિ માનપાન આદિની આકાંક્ષા રાખવી; અથવા બહારથી દેખાવ સારા આરાધકનો, પણ અંતરમાં બીજી ત્રીજી લાલસાઓ હોય....એ બધી માયા છે. લેશ માત્ર એવી કોઈ માયા નહિ ત્યાં નિર્માય સાધના હોય.

માયા શા માટે કરવી ?

માયા ભવોની માતા છે, માયા મારણહાર ઝેર છે; તો તારણહાર ધર્મમાં ઝેર શા સારુ ભેળવવું ?

સમજે કે દુન્યવી બાબતોમાં તો માયા ઘણી કરું છું, પરંતુ તારણહાર ધર્મસાધનામાં ય માયા કરીશ, તો આ ધર્મસાધના ય તારણહાર નહિ બને, તો પછી તારણહાર બીજું શું રહ્યું ?

આશંસા સાધનાકાળે પણ નહિ, ને સાધનાની પછી પણ નહિ :-

'નિરાશંસ' સાધના એટલે સાધનાથી (૧) રાગના લીધે કોઈ પણ જાતના દેવતાઈ કે મનુષ્ય લોકનાં સુખ-સત્તા-સન્માન-બલ-કીર્તિ-પ્રશંસા વગેરે પૌદ્ગલિક ફળ મળવાની અપેક્ષા રાખ્યા વિના સાધના કરાય તે. તેમ (૨) દ્વેષના લીધે 'દુશ્મનનો નાશ થાઓ, એને નુકસાન થાઓ,'-એવી એવી પણ કોઈ આશંસા ન રખાય. નિરાશંસભાવે સાધના કર્યા પછી પણ સાધનાના ફળરૂપે આવું કશું ન ઇચ્છાય. નહિતર એ નિરાશંસ સાધના આશંસાવાળી બની જાય.

વિશ્વભૂતિ મુનિએ હજાર વર્ષ તપ-સંયમની સાધના નિરાશંસ ભાવે કરેલી, એવી પ્રખર કે શરીર પણ હાડપિંજરશું કરી નાખેલું ! છતાં અંતે એ બધી સાધનાના ફળરૂપે અખૂટ કાય-બળની આશંસા કરી, તો ય તે સાધના પછીથી નિરાશંસ ભાવની ન રહી.

આશંસા ટાળવા આ વિચારો,-'હું જેની આશંસા કરું છું એ આશંસિત મળશે તો ય અંતે એ નાશવંત છે, જ્યારે ધર્મ અવિનાશી છે. નાશવંતના મોહમાં અવિનાશી ધર્મને શું કામ નાશવંત કરવો ? કેમકે ધર્મની પાસે એવું નાશવંત માગવા જતાં ધર્મ અહીં જ સમાપ્ત થઈ જાય છે.

નિરતિચાર સાધના એટલે સાધના કરતી વખતે જરા પણ દોષ-અતિચાર ન લગાડે; દા. ત. ભગવાનનાં દર્શન તો કરે, પરંતુ માથું સહેજ નમેલું અને હાથ યોગમુદ્રાએ જોડેલા ન રાખે, અથવા વચમાં ડાફોળિયું મારે; યા પ્રભુની જમણી બાજુ ન રહેતાં બીજાને દર્શનમાં અંતરાય પડે એમ વચમાં ઊભો રહી દર્શન કરે....એ બધામાં અતિચાર લાગે. '**દુનિયાની નાની પણ ચીજ જોઈતી હોય છે તો તેય દોષ વિનાની જોઈએ છે, તો પછી લાખેણા ધર્મ શા માટે દોષવાળો કરવો !**'

-એમ વિચારી અતિચાર ટાળી શકાય.

યોગ-સાધનામાં ભોગના વિચાર ટાળવા માટે ઉપાય :-

'અખંડ સાધના' એટલે સાધનાની વચમાં વચમાં બીજું ત્રીજું ન ઘાલતાં એક મનથી માત્ર શુદ્ધ સાધના જ ચલાવવી તે. સાધનાની વચમાં બીજું ત્રીજું વિચારવા જતાં, યા બોલવા જતાં, કે કરવા જતાં, સાધના ખંડિત થાય છે. એ ટાળવા સમજવું જોઇએ કે–

'ભોગસાધના તો જન્મોજન્મ અખંડ કરી, એની વચમાં કશા યોગના વિચાર ન ઘાલ્યા; હવે અહીં અથાગ પુણ્યે યોગસાધના મળી, તો એ કેમ અખંડ ન સાધવી ? શા સારુ એની વચમાં ભોગના વિષયોના વિચાર ઘાલવા ? શો માલ છે ભોગમાં ? ભોગમાં તો વિષયોના ઠીકરાં ચાટવાના છે, ને જીવને અનંત અનંત કાળથી ઠીકરા ચાટવામાં મજા આવે છે. ભોગમાં વિષયોની ભીખ માગવાની છે. જીવ અનંત અનંત કાળનો ભિખારી, તે ઇંદ્રિયોરૂપી ચપ્પણિયામાં વિષયોના એંઠવાડની ભીખ માગતો આવ્યો છે. વિષયો પૌદ્ગલિક છે. પુદ્ગલમાત્ર એંઠવાડજ શું, એકવારના વિષ્ઠાનાં પુદ્ગલ છે. કોહિનૂર હીરાનાં પુદ્ગલ પણ એકવાર વિષ્ઠાનાં પુદ્ગલ હતા. એનો શો એવો રસ રાખવો કે એના વિચાર ઉત્તમ પવિત્ર દેવદર્શન--પૂજનાદિ યોગ-સાધનાને ડહોળી નાખે ?

વિષયોનો તીવ્ર રસ તીવ્રરસવાળા પાપકર્મ બંધાવે છે. એ ઉદયમાં આવતાં જીવના ડૂચા કાઢી નાખે.

વાત આ હતી કે ઇચ્છાનો અવિઘાત અને સાવદ્ય પરિહારથી 'મહોદય' અર્થાત્ સ્વર્ગ અને મોક્ષ સુધીની મહાન ઉન્નતિ મળે છે. એમાં 'સ્વર્ગ મળે ત્યાં તો દિવ્ય ભોગ-વિલાસ મળે એથી તો આત્માની ઉન્નતિ ? કે અધઃપતન ?' આના ઉત્તરમાં બતાવ્યું કે સ્વર્ગમાં અસંક્લિષ્ટ ભોગનાં પુણ્ય લઇને ગયેલાને પૂર્વના વૈરાગ્યના સંસ્કારના બળે એ ભોગ-સુખમાં રાગાદિનો તીવ્ર સંક્લેશ નથી થતો, તેથી દિવ્ય ભોગોથી અધઃપતન નથી થતું. બાકી મોક્ષ મહોદય માટે તો પૂછવાનું જ નથી.

આમ, ત્રીજી બલાદૃષ્ટિની વિચારણા પૂર્ણ થઈ.

(હવે આગળ દીપ્રા વગેરે યોગદૃષ્ટિનું વિવેચન ત્રીજા ભાગમાં પ્રગટ થશે. —સંપાદક)

—૩ જી બલાદૃષ્ટિ સમાપ્ત—

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	કોલમ	પંક્તિ	શુદ્ધ
૧	૧	૧૨	**યોજના**
૧૦	૧	૮	આપ્યેા
૧૨	૨	૩	નાશ, એ
૨૦	૨	૨૭	ઘૃણા
૨૬	૧	૨	મૈત્રી
૪૬	૧	૩૧	કેકારવ
૫૪	૧	૧૯	વિષયેાને
૬૨	૧	૬	**દાપીતિ**
૬૭	૧	૮	તાનુપપત્તેઃ
૭૬	૨	૩૯	પ્યારુ
૭૭	૨	૫	ધર્મ
૭૭	૨	૭	નહિ
૭૮	૨	૧૦	યાને
૭૯	૨	૧૫	પ્રસંગેા
૮૦	૧	૫	વટાઈ
૮૪	૨	૬	વખતે
૮૪	૧	૧૩	ભગવાનની
૮૫	૧	૩૦	સ્વર્ગાદિ
૯૦	૧	૩૪	પૂજા શરુ
૯૧	૧	૧૩	ભટકવાના
૯૬	૨	૨૩	બુદ્ધિ
૧૦૮	૨	૨૫	વૈયાવચ્ચ
૧૦૯	૨	૩૭	જિનેશ્વર
૧૧૪	૧	૪	**પ્રતિપન્નવાન્**
૧૧૪	૧	૧૮	૦ ત્યારે મનને
૧૧૯	૨	૩૧	ગુલામી
૧૨૭	૨	૨૦	ગૌરવ
૧૩૦	૧	૩૭	ઉપદેશમાળા
૧૩૪	૧	૫	**પરિશુદ્ધો**
૧૩૬	૧	૧૫	સુલસાને
૧૪૨	૨	૨૪	જ્ઞાપક
૧૪૯	૨	૧૨	**ઽપપદ્યતે**
૧૬૧	૧	૧૦	**કહેશે**
૧૬૨	૧	૩	**ઽહાત્મનઃ**
૧૬૫	૧	૭	અત્યન્ત
૧૭૬	૧	૧૭	**હેતુશ્ચ**
૧૮૦	૨	૪	**બાધ્યતે**
૧૯૯	૨	૧૨	મનને
	૨	૧૩	મહાન
	૨	૩૦	આકુળ
૨૦૦	૨	૧૭	વસ્તુના ગુણદોષ
૨૦૨	૧	૧૦	**સમો**
૨૧૩	૨	૩૧	શૌચાદિ
૨૨૪	૧	૨૫	સન્માનાદિના
૨૨૭	૧	૧૮	**બહુમાન**
૨૩૩	૨	૧૬	ઉદ્યમ
૨૩૮	૨	૨૦	**સૌમનસ્યમ્**
૨૪૪	૧	૨૩	**પ્યુદ્ધૈરત્યર્થં**
૨૫૭	૧	૩૩	**યુક્તતા**
૨૬૪	૨	૧૧	કેટલાય
		૨૨	એનાથી
૨૬૭	૧	૪	તત્તત્પ્રવૃત્તિ૦
૨૭૭	૧	૧૦	**યોગગોચરઃ**
૨૮૨	૧	૪	એ સત્ની
૨૮૬	૨	૪	વિચાર–

—*—

પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના

પ્રેરક પ્રકાશનો

(૧) પરમતેજ—ભા. ૧-૨

'લલિતવિસ્તરા' શાસ્ત્ર એવું જટિલ છે કે ભલભલા જૈનેતર પંડિતો પણ તેનો સાર સમજવામાં નિષ્ફળ જાય. પૂજ્યશ્રીએ ગુજરાતી ભાષામાં વિસ્તારથી આ ગ્રન્થ ઉપર ૧૦ મહિના વાચના આપીને વિવેચન લખેલું છે. તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓએ ખાસ વાંચવા જેવો અદ્‌ભુત વિવેચન ગ્રંથ. કિંમત રૂા. ૨૫-૦૦

(૨) નવપદ પ્રકાશ :- અરિહંત પદ કિંમત રૂા. ૧૦-૦૦
સિદ્ધ પદ ,, ૫-૦૦
આચાર્ય ઉપાધ્યાય પદ ,, ૯-૦૦

ઉપા૦ યશોવિજયજી મહારાજે રચેલ નવપદ પૂજાની અંતર્ગત અરિહંત પદ વગેરેની પૂજાઓ ઉપર પૂજ્યશ્રીએ માર્મિક વાચનાઓ આપી કરેલ વિવેચન.

(૩) ધ્યાન અને જીવન :- ભા. ૧ કિં. રૂા. ૭-૫૦
ભા. ૨ ,, ૭-૫૦

જીવનની આજની હાડમારીઓ અને ચિંતા-સંતાપોથી વ્યાકુળ રહેનારા કેટલાયને તાત્ત્વિક શાંતિ-હુંફ-સ્ફુર્તિ આપી મહાઆશીર્વાદભૂત થનાર, તેમજ અકારણ અને સકારણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં દોડી જતા મનને અટકાવી તેને શુભધ્યાનમાં, ધર્મધ્યાનમાં શી રીતે વાળવું અને ત્યાં તેને કેમ સ્થિર કરવું તેનું આ પુસ્તકમાં વિસ્તૃત માર્ગદર્શન અપાયું છે. સાચે જ 'ધ્યાન' વિષયની આ બહુમૂલ્ય 'ગાઈડ' છે.

(૪) યશોધર મુનિ ચરિત્ર :- ભા. ૧ કિં. રૂા. ૧૨-૦૦
ભા. ૨ ,, ૯-૦૦

જીવનમાં થયેલી નાનકડી ભુલ અને પાપ, જીવની જન્મોજન્મ સુધી કેવી કેવી કાતીલ અને કરુણ કત્લેઆમ કરી નાખે છે એનું દિલધડક ચરિત્ર આ બંને પુસ્તકોમાં આલેખાયું છે. આ કહાની પથ્થરદીલને પણ મીણની જેમ ઓગાળી દે તેવી સક્ષમ છે.

: પ્રાપ્તિસ્થાન :

(૧) દિવ્યદર્શન કાર્યાલય
C/o. કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૪.

(૨) ભરતભાઈ ચતુરદાસ
૮૬૮, કાળુશીની પોળ-કાળુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

દિવ્યદર્શન ટ્રસ્ટ પ્રકાશિત

ન્યાયવિશારદ્ પૂજ્યપાદ્ આચાર્યદેવ

શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની
કલમે લખાયેલું અને લખાતું સાહિત્ય એટલે

- o નૈતિકતાને ઘડતું સાહિત્ય
- o ધાર્મિક સંસ્કારોને પોષતું સાહિત્ય
- o ત્યાગ ને વૈરાગ્ય વધારતું સાહિત્ય
- o આરાધનામાં જોમ પૂરતું સાહિત્ય
- o જટિલ સમસ્યાઓનું ઉકેલ આપતું સાહિત્ય

પૂજ્યપાદશ્રીના આજ સુધીમાં સિત્તેરથી વધુ ગ્રંથો પ્રકટ થયાં છે. વૈરાગ્યપ્રેરક અને વૈરાગ્યપોષક તલસ્પર્શી વિવેચના, પૂર્વાચાર્યોના ગ્રંથોની આજના સંદર્ભમાં તર્કબદ્ધ અનુપ્રેક્ષા, વિષયની સરળ સર્વાંગીણ છણાવટ એ પૂજ્યપાદશ્રીની આગવી અને અલગ વિલક્ષણતા છે. ઉચ્ચપ્રકાશને પંથે, ધ્યાન અને જીવન, નવપદ પ્રકાશ, પરમતેજ, યોગદ્રષ્ટિસમુચ્ચય, શાસ્ત્રવાર્તા સમુચ્ચય આદિ ગ્રંથોમાં પૂજ્યશ્રીની તાર્કિક વિવેચનાનો વિમળ સ્પર્શ થયો છે. યશોધરમુનિ, રૂકમી રાજા, મહાસતી ઋષિદત્તા, મહાસતી સીતા આદિ ચરિત્રો પણ પૂજ્યશ્રીએ પોતાના મૌલિક ચિંતનથી લખ્યાં છે.

- o પરમાત્મભક્તિમાં પ્રાણને ભીંજવવા માટે
- o ત્યાગ-વૈરાગ્યને વધુ સુદ્રઢ કરવા માટે
- o ગહન તત્ત્વોની સુસ્પષ્ટ સમજણ માટે

પરમતેજ ભા. ૧ (બીજી આવૃત્તિ)	૩૦-૦૦
પરમતેજ ભા. ૨	૨૫-૦૦
યોગદ્રષ્ટિ સમુચ્ચય વ્યાખ્યાનો ભા. ૧.	૨૫-૦૦
યોગદ્રષ્ટિ સમુચ્ચય વ્યાખ્યાનો ભા. ૨	૩૦-૦૦
ધ્યાન અને જીવન ભા.૧-૨ દરેકના	૭-૫૦
સીતાજીના પગલે ભા. ૧-૨ દરેકના	૭-૫૦
પ્રતિક્રમણ [illegible] વૃત્તિ	૨૦-૦૦

આજે જ સૂચિપત્ર
અને પૂજ્યશ્રીન[illegible]
'દિ[illegible]

પ્રાપ્ય ગ્રંથો વસાવો
[illegible]નંદ મેળવવા માટે
[illegible] સભ્ય બનો

☐ વાર્ષિક સભ્ય: રૂા. ૨૦ ☐ આજીવન સભ્ય: રૂા. ૨૫૦-૦૦

વધુ માટે મળો યા લખો: દિવ્યદર્શન કાર્યાલય

૧. કુમારપાળ વિ. શાહ, ૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪
૨. ભરતકુમાર ચતુરદાસ શાહ, ૮૬૮ કાળુશીનીપોળ, કાલુપુર, અમદાવાદ-૧

મહાવીર પ્રીન્ટર્સ o ગાંધીચોક o સુરત